

સ્વ. વિનોદકુમાર



સ્વ. પૂ. પિતાશ્રી
શ્રી. શામજી વેલજી વીરાણી



સ્વ. પૂ. માતુશ્રી
શ્રી. કડવીબાઈ વીરાણી

શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર





:છપાવી પ્રસિધ્ધ કરનાર:

શ્રી. શામજી વેલજી વીરાણી

અને

શ્રી. કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ

૬, દિવાન પરા, રાજકોટ



સ્વ. વિનોદકુમાર



સ્વ. પૂ. પિતાશ્રી
શ્રી. શામજી વેલજી વીરાણી



સ્વ. પૂ. માતુશ્રી
શ્રી. કડવીબાઈ વીરાણી

શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર





:છપાવી પ્રસિધ્ધ કરનાર:

શ્રી. શામજી વેલજી વીરાણી

અને

શ્રી. કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ

૬, દિવાન પરા, રાજકોટ

અનુક્રમણિકા

*

અધ્યયન	વિષય	ઉદ્દેશા	પૃષ્ઠ
૧	સ્વસમય (જૈનદર્શન) પરસમય (અન્યદર્શન)	૪	૧ થી ૫૧
૨	પરતીર્થિ પરત્યિાકારણુ- કથનાધિકાર	૩	૫૨ થી ૧૦૨
૩	ઉપસર્ગાધિકાર	૪	૧૦૩ થી ૧૪૬
૪	સ્ત્રી પરિજ્ઞાધ્યયનમઃ	૨	૧૪૭ થી ૧૭૩
૫	નરકાધિકાર	૨	૧૭૪ થી ૨૦૪
૬	વીરસ્તુત્ય અધિકાર	૧	૨૦૫ થી ૨૨૦
૭	કુશીલ પરિભાષા	૧	૨૨૧ થી ૨૪૧
૮	શ્રી વીર્યાધિકાર અધ્યયન	૧	૨૪૨ થી ૨૫૭
૯	ધર્મનામ	૧	૨૫૮ થી ૨૮૦
૧૦	સમાધિ	૧	૨૮૧ થી ૨૯૭
૧૧	મોક્ષમાર્ગ	૧	૨૯૮ થી ૩૧૯
૧૨	સમવસરણુનામ	૧	૩૨૦ થી ૩૩૬
૧૩	યથાતથ્યનામ	૧	૩૩૭ થી ૩૫૪
૧૪	ગ્રન્થનામ	૧	૩૫૫ થી ૩૭૪
૧૫	આદાતનામ	૧	૩૭૫ થી ૩૯૦
૧૬	ગાથાનામ	૧	૩૯૧ થી ૩૯૬

પડતર કિંમત
રૂા. ૪-૨૦

અર્ધી કિંમત
રૂા. ૨-૧૦

પ્રથમ આવૃત્તિ
વીર સંવત ૨૪૯૧
વિક્રમ સંવત ૨૦૨૧
પ્રત- ૧૦૦૦ એક હજાર

મુદ્રક :: મુદ્રણસ્થાન :
જયંતીલાલ દેવચંદ મહેતા
જ ય ભા ૨ ત પ્રે સ,
શાકમારકેટ પાસે : રાજકોટ.

મહાનુભાવો

નીચેના ધર્મકરણી કરવામાં ઉપયોગી ધાર્મિક પુસ્તકો અને ઉપકરણો પડતર કિંમત કરતાં અર્ધી કિંમતે આપવામાં આવે છે તો જેઓને જરૂરત હોય તેમણે નીચે બતાવેલ સ્થળેથી મેળવી લેવા અગર પોસ્ટથી મંગાવી લેવા. **(પોસ્ટેજ અર્ચ અલગ થશે.)**

વિગત	પડતર કિંમત	અર્ધી કિંમત
શ્રી જૈન તત્ત્વપ્રકાશ	૬-૦૦	૩-૦૦
સમ્યગ્દર્શન અને અધ્યાત્મ જ્ઞાન	૪-૦૦	૨-૦૦
મહામંત્ર આરાધના, શ્રુતજ્ઞાન-		
પ્રશ્નોત્તરી અને તત્ત્વ સંગ્રહ	૪-૦૦	૨-૦૦
શ્રી ધર્મધ્યાન અને સજ્ઝાયમાળા	૪-૦૦	૨-૦૦
શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર	૪-૨૦	૨-૧૦
શ્રી આચારાંગ સૂત્રમ્	૩-૭૫	૧-૮૭
શ્રી જૈન જ્ઞાનસાગર	૩-૫૦	૧-૭૫
શ્રી બૃહદ્ જૈન થોક સંગ્રહ	૩-૦૦	૧-૫૦
શ્રી દંડકાવ બોધ ગ્રંથ	૩-૦૦	૧-૫૦
અનિમુક્ત બા. બ્ર. શ્રી વિનોદમુનિનું		
જીવનચરિત્ર-ગુજરાતી અથવા હિન્દી	૨-૫૦	૧-૨૫
શ્રી સિદ્ધિના સોપાન	૧-૫૦	૦-૭૫
શ્રી નવતત્ત્વ અને જીવ વિચાર	૦-૫૦	૦-૨૫
ભાવના શતક તથા કર્મ અને		
આત્માનો સંયોગ	૦-૫૦	૦-૨૫
શ્રી પ્રતિક્રમણ સૂત્ર	૦-૪૨	૦-૨૧
શ્રી સામાયિક સૂત્ર	૦-૧૦	૦-૦૫
ગુચ્છા ઉનના	૪-૨૫	૨-૧૨
કંબાસણું ઉનનું	૪-૨૫	૨-૧૨
માળા (નવકારવાળી) સુખડની	૧-૦૦	૦-૫૦
પુસ્તકો મુકવા માટે લાકડાના સાપડા	૧-૦૦	૦-૫૦

: સ્થળ :
દિવાન પરા શેરી નં. ૬
રાજકોટ.

શ્રી શામજી વેલજી વીરાણી અને
શ્રી કડવીબાઇ વીરાણી સ્મારક ટ્રસ્ટ.

સ્વર્ગસ્થોની તિથિઓ,

પૂ. પિતાશ્રી,

શ્રી શામજી વેલજી વીરાણી

[સાં. ૨૦૦૨ મહા વદ ૧૨, તા. ૨૮-૨-૪૬]

❀

પૂ. માતુશ્રી,

શ્રી કડવીબાઇ વીરાણી

[સાં. ૨૦૧૦ ભાદરવા શુદ ૧૪, તા. ૧૧-૯-૫૪]

❀

બા. બ્ર. વિનોદમુનિશ્રી,

[સાં. ૨૦૧૩ શ્રાવણ શુદ ૧૨, તા. ૭-૮-૫૭]

❀

ઉપરોક્ત તિથિઓએ

કુટુંબીજનો તથા સ્નેહીઓ

પોતાના આત્માની ઉન્નતિને માટે ભવ્યાત્માઓના જીવનમાંથી અનુકરણીય વ્રત-નિયમ જેવાં કે સામાયિક, પ્રતિક્રમણ, સંવર, ચોવિહાર, ઉપવાસ, એકાસણું, આયંબિલ, ઉણોદરી આદિ તપ પોતાના ભાવ પ્રમાણે કરી તેઓની **વાસ્તવિક જીવન-સ્મૃતિ પોતાના જીવનમાં ઉતારે.**

એવી નમ્ર વિનંતી.

" આપણી જાગૃતિ એ જ એમની સ્મૃતિ બને "

આત્મબંધુ.







સમરણાંજલિ

"असंखयं जीविय मा पमायए"

પોતાના હૃદયની ચિરંતન પ્રકાશતી

ધર્મ જ્ઞાન-જ્યોતે

અમારા જીવનમાં પણ ધર્મના તેજ પાથરનાર

સ્વ. પૂ. પિતાશ્રી

શામજી વેલજી વીરાણી

તેમજ


સ્વ. પૂ. માતુશ્રી

કડવીબાઈ વીરાણી

અને

જન્મથીજ ધર્મના રંગે રંગાએલા

સ્વ. બા. બ્र. વિનોદ મુનિશ્રી નું









શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

સમર્પણ





લિ. કુલચન્દ શામજી વીરાણી

ના વંદન

નિવેદન

" असंखयं जीवियं मा पमायए "

સ્વર્ગસ્થ બા. બ્ર. **વિનોદમુનિજી** આગમોક્ત જિનવાણીના પરમ ભક્ત હતા. જિનાગમવચનો પર એમની અગાધ શ્રદ્ધા હતી અને **'असंखयं जीवियं मा पमायए'** (જીવન તૂટ્યું સંધાતું નથી માટે ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કરવો જોઇએ) આ તેમનું ધ્યેય હતું.

વીતરાગની વાણીનો વિશેષ પ્રચાર કેમ થાય એની એમના હૃદયમાં ઘણી જ ધગશ હતી. વીતરાગનાં વચનોનું શ્રદ્ધાન્ કરીને એમણે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. એમની દીક્ષા સંસ્કાર વિધિમાં અમે નિમિત્ત ન થઈ શક્યા, એ અમારી કમનસીબી છે વીતરાગ વાણીના પ્રચારની એમની જે ઉત્કૃષ્ટ ઇચ્છા હતી તે સદ્ભાવનાની પૂર્તિરૂપે વીતરાગવાણીમાંથી જે ઉત્તમ જ્ઞાન કે જે નિત્ય શ્રાવક-જીવનમાં ઉપયોગી થઈ શકે તેવા સાહિત્યનું પ્રકાશન કરીને અમુક અંશે એ દુઃખને હળવું કરવા અમારા ચિત્તને શાન્ત્વન આપવાનો સ્વલ્પ પ્રયત્ન કરી આ ગ્રંથ સ્વર્ગસ્થ બા. બ્ર. **શ્રી વિનોદમુનિજીને** શ્રદ્ધાંજલિરૂપે અર્પણ કરીએ છીએ.

સ્વર્ગસ્થ મુનિશ્રી નિર્વાણ પામ્યા પછી તેમના સ્વર્ગારોહણનું જે નિમિત્ત સરજાયું, તેનું વર્ણન તથા તેમના આદર્શ જીવનનો વૃતાંત સંક્ષિપ્તમાં આ ગ્રંથમાં આપેલ છે. તેમ જ તેમના અનુપમ જીવનને આવરી લેતો ગ્રંથ ગુજરાતી તથા હિન્દી ભાષામાં જુદા જુદા ગ્રંથ રૂપે પ્રકાશન થએલ છે. " **શ્રી સૂત્ર કૃતાંગ સૂત્ર** " નામનો

ગ્રંથ અમો શ્રી જૈન ધર્મપ્રેમી મુમુક્ષુઓ સમક્ષ મૂકીએ છીએ જેમાં શબ્દાર્થ તથા ભાવાર્થ સરળ રીતે છાપેલ છે.

મુ. શ્રી ઠાકરસીભાઇ કરસનજી શાહે શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર તૈયાર કરી આપ્યું અને અમોને છાપવાની મંજુરી આપી છે તે બદલ તેઓશ્રીનો આભાર માનીએ છીએ.

આવા ગ્રંથો સસ્તી કિંમતે મળી શકે તો તેનો લાભ સૌ કોઇ વધારે પ્રમાણમાં લીએ અને જૈન જ્ઞાનનો પ્રચાર વધે એ કારણને અંગે અને અમારા સ્વ. પૂ. પિતાશ્રીની જે ખરા અતઃકરણની ધગશ અને આકાંક્ષા હતી તેમ જ તેઓશ્રીની સૂચના હતી તે પ્રમાણે આજે આ ગ્રંથ " શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર " તેમ જ, શ્રી આચારાંગ સૂત્રમ્ પ્રથમ સ્કંધ, શ્રી જૈન તત્ત્વ પ્રકાશ, શ્રી સમ્યગ્દર્શન અને અધ્યાત્મ જ્ઞાન, મહામંત્ર આરાધના શ્રુતજ્ઞાન પ્રશ્નોત્તરી અને તત્ત્વ સંગ્રહ, શ્રી જૈન જ્ઞાનસાગર, શ્રી બૃહદ જૈન થોક સંગ્રહ, શ્રી દંડકાવ બોધ ગ્રંથ, શ્રી ધર્મધ્યાન અને સજ્ઝાય માળા, અતિમુક્ત બા. બ્ર. શ્રી વિનોદમુનિનું જીવન ચરિત્ર (ગુજરાતી) તથા (હિન્દી), શ્રી સિદ્ધિનાં સોપાન, શ્રી નવતત્ત્વ અને જીવ વિચાર, ભાવના શતક તથા કર્મ અને આત્માનો સંયોગ, શ્રી પ્રતિક્રમણ સૂત્ર, શ્રી સામાયિક સૂત્ર જેવાં ધાર્મિક ગ્રંથો અને ધાર્મિક ઉપકરણો પડતર કિંમત કરતાં અર્ધી કિંમતે આપીને તેઓશ્રીની ઇચ્છા અને ભાવનાને માન આપ્યાનો અમોને સંપૂર્ણ આનંદ થાય છે. તે સાથે આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ જૈનધર્મપ્રેમી સમાજ સમક્ષ સાદર રજુ કરવાના અમને પ્રાપ્ત થયેલા શુભ અવસર બદલ અમારી જાતને કૃતકૃત્ય માનીએ છીએ.

લિ. આત્મબંધુ,

દુર્લભજી શામજી વીરાણી

સ્વ. ધર્માનુરાગી પૂજ્ય



શ્રી શામજી વેલજી વીરાણી

પ્રસ્તાવના

સર્વજ્ઞ–જિનેશ્વરદેવ પ્રરૂપિત જૈનાગમ સૂત્ર સાગરમાં બીજું અંગસૂત્ર શ્રી સૂત્ર કૃતાંગ (સૂયગડાંગ) સૂત્રનું ઘણું ઉચ્ચ સ્થાન છે. દર્શનશાસ્ત્રના વિકાસમાં તેનો મહત્ત્વપૂર્ણ ફાળો છે. તેમાં વસ્તુતત્ત્વનું નિરૂપણ ઘણી સુંદર રીતે કરવામાં આવ્યું છે. મુમુક્ષુજીવ માટે આ આગમ પરમ ઉપયોગી છે.

આ આગમમાં બે શ્રુતસ્કન્ધ છે. પહેલામાં ૧૬ અને બીજા શ્રુતસ્કન્ધમાં ૭ અધ્યયનો છે. તેમાં મુખ્યત્વે ભગવાન મહાવીરના સમયમાં પ્રચલિત ૩૬૩ મતવાદીઓની ચર્ચા, અજ્ઞાનથી બંધાયેલા કર્મોનો નાશ કરવાનો ઉપાય, ભિક્ષુ-જીવનમાં પડતા પરિસહો, સાધુએ કઇ કઇ બાબતોથી અલગ રહેવું, સમાધિનું વર્ણન સાધુ માટે શું કર્તવ્ય–શું અકર્તવ્ય, મોક્ષમાર્ગ, જ્ઞાનની પ્રાપ્તિ કેમ થાય અને સાચા સાધુ કેવા હોય વિ. બાબતોનું સચોટ નિરૂપણ હોઇ સાધક આત્માને આનું પઠન, પાઠન અને મનન ઘણું માર્ગદર્શક અને મોક્ષમાર્ગમાં આલંબન થઇ શકે તેવું છે.

એવા આ જ્ઞાનના મહાસાગર સૂત્રના મૂળપાઠ–શબ્દાર્થ અને ભાવાર્થ સાથે તૈયાર કરવાની અને સમાજને ઉપયોગી થવાની મારા જેવા સંસ્કૃત–પ્રાકૃત વ્યાકરણના બિન અભ્યાસી–અલ્પજ્ઞને ઇચ્છા અને ભાવના થઇ અને તે કાર્યરૂપમાં પરિણમી, તેમાં હું કોઇ અદૃશ્ય શક્તિના અનંત સામર્થ્યની પ્રેરણા જ કામ કરી રહી હોય એમ માનું છું. નિહાળું છું.

આ પૂર્વે મારા હાથે આચારાંગસૂત્ર ગુજરાતી ભાષાંતરમાં તૈયાર થયેલ જેના અગાઉથી જ ત્રણ હજાર ગ્રાહકો થયા, તે જ સમાજની જ્ઞાન જિજ્ઞાસા અને આગમશ્રદ્ધાની સાક્ષી આપે છે. તે સૂત્ર રાજકોટના શ્રી દુર્લભજીભાઇ વીરાણીને બતાવતાં તેઓએ હર્ષ પૂર્વક મને બીજા સૂત્રોનું ભાષાંતર કરવા ઉત્સાહિત કર્યો અને કહ્યું જે સમાજને ઉપયોગી થાય તે રીતે સંક્ષેપમાં જો બત્રીસે સૂત્રોનું ભાષાંતર કરી આપશો તો હું તે છપાવવાની ઇચ્છા રાખું છું. આથી મારો ઉત્સાહ દ્વિગુણીત થયો અને આ સાહસ કરેલ છે.

સમાજને ઉપયોગી થવા આ મારો પ્રયાસ એકાંત નિર્જરા હેતુનો છે.

ચતુર્વિધ સંઘ આ આગમના વાંચનથી અનંતકાળે પ્રાપ્ત થયેલ દુર્લભ મનુષ્યપણું સાર્થક કરી અને તેનાથીયે દુર્લભ એવા સમ્યગ્દર્શનની પ્રાપ્તિપૂર્વક સંયમ ચારિત્રની આરાધના કરી અનંત સુખ અને શાંતિને વરો એવી પ્રભુ પ્રાર્થના.

થાનગઢ.

સંઘ સેવક

ઠાકરસી કરસનજી શાહ

આગામી ભવિષ્યના ભવના આયુષ્ય બાંધવાના કારણો

આયુષ્યના ચાર પ્રકાર દેવઆયુષ્ય, મનુષ્યઆયુષ્ય, તિર્યંચઆયુષ્ય. નરક આયુષ્ય જીવો ગત ભવમાંથી આયુષ્યના બંધ સાથે પ્રારબ્ધ બાંધીને નવો જન્મ ધારણ કરે છે શુભાશુભ પ્રારબ્ધ પ્રમાણે વર્તમાન ભવમાં સુખ દુઃખ, પ્રતિકૂળતા, અનુકૂળતા, ધનસંપતિ, સ્વજનો વગેરે પ્રાપ્ત થાય છે. ભવિષ્યનું પ્રારબ્ધ કેવું બાંધવું તે સંજ્ઞી પંચેન્દ્રિય જીવની સ્વતંત્રતા છે. વર્તમાન ભવમાં શુભ કર્તવ્યથી શુદ્ધ વિચારોથી શુભગતિ અને સુખના સાધનો પ્રાપ્ત થાય છે અશુભ કર્તવ્યથી અશુભ વિચારોથી અશુભ ગતિ અને દુઃખના સાધનો પ્રાપ્ત થાય છે.

દેવનું આયુષ્ય બાંધવાના કારણો

અહિંસા, સત્ય, અચૌર્ય. બ્રહ્મચર્યના પાલનથી, અપરિગ્રહથી દાન દેવાથી, તપસ્યા કરવાથી, અકામનિર્જરાથી શીત, તાપ, ક્ષુધા, તૃષાના કષ્ટો સમભાવે સહન કરવાથી, શુભ કાર્ય અને શુભ અધ્યવસાયોથી દેવપણું પામે.

મનુષ્ય આયુષ્ય બાંધવાના કારણો

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, દાન દેવું વગેરે શુભ કર્તવ્યથી, વિનય કરવાથી. સરળતાથી (માયાકપટ મૃષાવાદ રહિત ભાવથી) શુભ અધ્યવસાયોથી મનુષ્યપણાને પામે.

તિર્યંચ આયુષ્ય બાંધવાના કારણો

જીવોની હિંસા કરવાથી, જુઠું બોલવાથી, ચોરી કરવાથી, પરસ્ત્રી સેવનથી, તીવ્ર ક્રોધ કરવાથી, અભિમાનથી, માયા કપટથી, લોકોને છેતરવાથી, ઝેરવેર કરવાથી, અશુભ અધ્યવસાયોથી, જીવ મૃત્યુ પછીના ભવમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, કીડા, પોરા, કુંથવા, કીડી, મકોડા, વીંછી, પતંગીયા, ભમરા, કુતરા, બીલાડા, વાઘ, સિંહ, મોર, પારેવા, ગાય, ભેંશ આદિ પશુ પંખી જલચર, સ્થળચર, ઉરપર, ભુજપર, ખેચર આદિ તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે.

નરક આયુષ્ય બાંધવાના કારણો

પંચેન્દ્રિય જીવોની હિંસા કરવાથી, દારૂ માંસના ખોરાક ખાવાથી, મહા આરંભના કાર્યથી, અતિપરિગ્રહ સંચય કરવાના મમત્વથી, પરસ્ત્રી સેવનથી, અતિતીવ્રક્રોધ, માન, માયા અને લોભ (અનંતાનુબંધીના કષાયો)થી જીવો મૃત્યુ પછીના ભવે નરકગતિમાં નારકી પણે ઉત્પન્ન થાય છે જ્યાં અસીમ દુઃખો ભોગવવાં પડે છે જાણી આત્માર્થી જીવોએ અશુભ કાર્યોથી દૂર રહેવું.

" आचार्य देवो भव : "

મારા પરમ ઉપકારી, ધર્મહેતુભૂત
પરમ પૂજ્ય શાસન ભૂષણ
મહારાજશ્રી ૧૦૦૮ બાલબ્રહ્મચારી પંડિતરત્ન,
મહા પ્રભાવશાળી પ્રખર તત્ત્વજ્ઞાની ઓજસ્વી
મહાન આત્મા,

મુનિશ્રી પ્રાણલાલજી સ્વામીને

મારા અંતઃકરણના શુદ્ધ ભાવથી
કોટિ કોટિ વંદન હોજો.

ॐ शान्ति ! शान्ति ! ! शान्ति ! ! !

ગુણાનુરાગી,
દુર્લભજી શામજી વીરાણી.

બા. બ્ર. શ્રી વિનોદમુનિનું સંક્ષિપ્ત જીવન ચારિત્ર.

*

આ પુસ્તક બા. બ્ર. શ્રી વિનોદમુનિના સ્મરણાર્થે પ્રગટ કરવામાં આવેલ છે તેથી તેમના જીવન ચરિત્રના પુસ્તકમાંથી અહીં સંક્ષિપ્તમાં તેઓશ્રીનું જીવન વૃતાંત છાપવામાં આવેલ છે અને તેમને આ ગ્રંથ અર્પણ કરવામાં આવે છે.

આ પરમ વૈરાગી પુરુષનો જન્મ, વિક્રમ સંવત ૧૯૯૨ માં પોર્ટસુલ્તાન (આફ્રિકા) માં કે જ્યાં વીરાણી કુટુંબનો વ્યાપાર આજ દિવસ સુધી ચાલુ છે, ત્યાં થયો હતો.

શ્રી વિનોદકુમારના પુણ્યવાન પિતાશ્રીનું નામ શેઠશ્રી દુર્લભજી શામજી વીરાણી અને મહાભાગ્યવાન માતુશ્રીનું નામ બેન મણિબેન વીરાણી, બન્નેનું અસલ વતન રાજકોટ (સૌરાષ્ટ્ર) છે. બેન મણિબેન ધાર્મિક ક્રિયામાં પહેલેથી જ રુચિવાળા હતા, પરંતુ શ્રી વિનોદકુમાર ગર્ભમાં આવ્યા પછી વધારે દૃઢધર્મી અને પ્રિયધર્મી બન્યા હતા.

પૂર્વ ભવના સંસ્કારથી શ્રી વિનોદકુમારનું લક્ષ ધાર્મિક અભ્યાસ અને ત્યાગભાવ તરફ વધારે હોવા છતાં તેઓશ્રીએ મેટ્રીક સુધી અભ્યાસ કરી વ્યાવહારિક કેળવણી લીધેલી અને વ્યાપારની પેઢીમાં કુશળતા બતાવેલી.

તેઓશ્રીએ યુનાઇટેડ કિંગડમ, ફ્રાન્સ, બેલ્જીયમ, હોલેન્ડ, જર્મની, સ્વિઝર્લેન્ડ, તેમ જ ઇટાલી, ઇજીપ્ત વગેરે દેશોમાં પ્રવાસ કરેલ. સાં. ૨૦૦૯ ના વૈશાખ માસ, સને ૧૯૫૩ માં લંડનમાં રાણી એલીઝબેથના રાજ્યારોહણ પ્રસંગે તેઓશ્રી લંડન ગયા હતા. કાશ્મીરનો પ્રવાસ પણ તેમણે કરેલ, પરદેશ ફરવા છતાં પણ તેમણે કોઈ વખતે પણ કંદમૂળનો આહાર વાપરેલ નહીં.

ઉગતી આવતી યુવાનીમાં તેઓશ્રીએ દુનીઆનાં રમણીય સ્થળો જેવાં કે કાશ્મીર, ઇજીપ્ત અને યુરોપનાં સુંદર સ્થળોની

મુલાકાત લીધી હોવા છતાંએ તેઓને રમણીય સ્થળો કે રમણીય યુવતીઓનું આકર્ષણ થયું નહીં, એ એના પૂર્વભવનાં ધાર્મિક સંસ્કારનો રંગ હતો અને એ રંગે જ તેમને તે બધું ન ગમ્યું અને તુરત વતન પાછા ફર્યા અને સાધુ-સાધ્વીજીનાં દર્શન કરવા ઠેકઠેકાણે ગયા અને તેમના ઉપદેશનો લાભ લીધો અને વૈરાગ્યમાં જ મન લાગ્યું. હુંડા ચોવીસીના પાંચમા આરાનું વિચિત્ર વાતાવરણ જોઈ તેમને કંઈક ક્ષોભ થતો કે તુરત જ તેનો ખુલાસો મેળવી લેતા અને ત્યાગ ભાવમાં સ્થિર રહેતા. દેશ પરદેશમાં પણ સામાયિક, પ્રતિક્રમણ, ચોવિહાર આદિ પચ્ચક્ખાણ તેઓ ચૂકયા નહીં. ઊંચી કોટિની શૈયાનો ત્યાગ કરી તેઓ સૂવા માટે માત્ર એક શેતરંજી, એક ઓસીકું અને ઓઢવા માટે એક ચાદર ફક્ત વાપરતા અને પલંગ ઉપર નહીં પણ ભૂમિ પર જ શયન કરતા અને પહેરવા માટે એક ખાદીનો લેંઘો અને ઝભો વાપરતા. કોઇ વખતે કબજો પહેરતાં. બહુ ઠંડી હોય તો વખતે સાદો ગરમ કોટ પહેરી લેતા અને મુહપત્તિ, પાથરણું, રજોહરણ અને બે ચાર ધાર્મિક પુસ્તકની ઝોળી સાથે રાખતા. સંડાસમાં નહીં પણ જંગલમાં એકાંત જગ્યામાં ઘણે ભાગે શરીરની અશુચિ દૂર કરવા જતા. હાલતાં, ચાલતાં, સંડાસ અને પેશાબ સંબંધીમાં જીવદયાની બરાબર જતના કરતા.

દેશમાં કે પરદેશમાં જ્યારે તેમને કોઇની સાથે મળવાનું થતું ત્યારે તેમની સાથે અહિંસામય જૈન ધર્મનું સ્વરૂપ પ્રગટ કર્યા વગર રહેતા નહીં.

દીક્ષાર્થીઓને જલદી દીક્ષા લેવાની પ્રેરણા કરતા અને એમ જ કહેતા કે જીંદગીનો કોઇ ભરોસો નથી. "**અસંખય જીવિય મા પમાયએ**" આયુષ્ય તૂટતાં વાર લાગતી નથી, જીવન તૂટયું સંધાતું નથી માટે ધર્મકરણીમાં સમયમાત્રનો પ્રમાદ ન કરવો જોઇએ.

ગોંડલ સંપ્રદાયના ઘણાખરા પૂ. મુનિવરો અને પૂ. મહાસતીજી ઓનો તથા બોટાદ સંપ્રદાયના પૂ. આચાર્યશ્રી માણેકચંદજી મહારાજ

અને દરિયાપુરી સંપ્રદાયના ભાયચંદજી મહારાજ, શ્રમણ સંઘના મુખ્ય આચાર્યશ્રી આત્મારામજી મહારાજ વગેરે અનેક સાધુ સાધ્વીઓના ઉપદેશનો તેમણે લાભ લીધેલ. મુંબઇમાં સાં. ૨૦૧૧ની સાલમાં શ્રી ધર્મસિંહજી સંપ્રદાયના શ્રી લાલચંદજી મહારાજનો પરિચય થયો. લાલચંદજી મહારાજ પોતે, સંસારપક્ષના ત્રણ પુત્રો અને બે પુત્રીઓ એમ કુલ ૬ બલકે આખા કુટુંબે સંયમ અંગીકાર કરેલ, તે જાણી તેમને અદ્‌ભુત ત્યાગ ભાવના પ્રગટ થઇ કે જે કદી ક્ષય પામી નહીં.

આ પહેલાં તેઓ જ્યારે માતા-પિતાની સાથે પૂજ્ય આચાર્ય શ્રી માણેકચંદજી મહારાજનાં દર્શને બોટાદ ગયેલા ત્યારે તેમના ઉપદેશની જે અસર થઇ તે પણ મુખ્ય અસર પહેલી હતી અને બીજી અસર પૂજ્ય શ્રી લાલચંદજી મહારાજના સહકુટુંબની દીક્ષા એ હતી. આ બેઉ પ્રસંગોએ પૂર્વભવની બાકી રહેલી આરાધનાને પૂરી કરવાના નિમિત્તરૂપ હોઇને વખતો વખત તેઓ માતા-પિતા પાસે દીક્ષાની આજ્ઞા માગતા હતા અને તેનો જવાબ તેમના પિતાશ્રી તરફથી એક જ હતો જે 'હજુ વાર છે. સમય પાકવા દીઓ. જ્ઞાન અભ્યાસ વધારો.'

સાં. ૨૦૧૨ના અષાડ શુદી ૧૫થી શ્રી વિનોદકુમારે આચાર્યશ્રી પુરુષોત્તમજી મહારાજ સાહેબ પાસે વેરાવળ ચાતુર્માસ દરમ્યાન ખાસ નિયમીત રીતે દીક્ષાની તૈયારી કરવા માટે તેમની પાસે જ્ઞાનાભ્યાસ કર્યો. તેની સાથે શ્રી પુરુષોત્તમજી મહારાજના સંસાર પક્ષના કુટુંબીક, દીક્ષાના ભાવિક શ્રી જસરાજભાઇ પણ જ્ઞાનાભ્યાસ કરતા હતા. તેઓએ ત્યાં એવો નિર્ણય કરેલો કે શ્રી પુરુષોત્તમજી મહારાજ પાસે આપણે બંનેએ દીક્ષા લેવી. પહેલા વિનોદકુમારે અને પછી શ્રી જસરાજભાઇએ દીક્ષા લેવી. શ્રી જસરાજભાઇની દીક્ષા તિથિ પૂ. પુરુષોત્તમજી મહારાજ સાહેબે સાં. ૨૦૧૩ના જેઠ શુદ ૫ને સોમવારે માંગરોલ મુકામે નક્કી કરી. શ્રી જસરાજભાઇ, વિનોદકુમારને રાજકોટ મળ્યા. શ્રી વિનોદકુમારે

શ્રી જસરાજભાઇની યથાયોગ્ય સેવા બજાવી, માંગરોલ રવાના કર્યા અને પોતે નિશ્ચયપૂર્વક દીક્ષા માટે આજ્ઞા માગી પણ તેઓના પિતાશ્રીની એકને એક વાણી સાંભળીને તેમના મનમાં આઘાત થયો અને દીક્ષા લેવા માટેનો તેમણે બીજો રસ્તો શોધી કાઢયો.

પૂજ્ય શ્રી લાલચંદજી મહારાજ અને તેમના શિષ્યોનો પરિચય મુંબઇમાં થયેલ હતો અને ત્યારબાદ કોઇ કોઇ વખત પત્ર વહેવાર પણ થતો હતો. છેલ્લા પત્રથી તેમણે જાણેલ હતું જે પૂ. શ્રી લાલચંદજી મહારાજ, બીચન, પૂ. આચાર્ય શ્રી સમર્થમલજી મહારાજ સાહેબ પાસે જ્ઞાનાભ્યાસ અર્થે ગયા છે. પોતાને પિતાશ્રીની આજ્ઞા (દીક્ષા માટે) મળે તેમ નથી અને દીક્ષા તો લેવી જ છે. આજ્ઞા વિના કોઇ સાધુ મુનિરાજ દીક્ષા આપશે નહિ અને સ્વયમેવ દીક્ષા સૌરાષ્ટ્રમાં લઇને આચાર્ય શ્રી પુરુષોત્તમજી મહારાજ પાસે જવામાં ઘણા વિઘ્ન થશે, એમ ધારીને તેઓએ દૂર રાજસ્થાનમાં ચાલ્યા જવાનું નક્કી કર્યું.

તા. ૨૪-૫-૫૭ સાં. ૨૦૧૩ના વૈશાખ વદ ૧૦ ને શુક્રવારના રોજ સાંજના માતુશ્રી સાથે છેલ્લું જમણ કર્યું. ભોજન કરી, માતુશ્રી સામાયિકમાં બેસી ગયાં. તે વખતે કોઇને જાણ કર્યા વગર દીક્ષાનાં વિઘ્નોમાંથી બચવા માટે ઘર, કુટુંબ, સૌરાષ્ટ્ર ભૂમિ અને ગોંડલ સંપ્રદાયનો ત્યાગ કરી તેઓ બીચન તરફ રવાના થયા.

શ્રી વિનોદમુનિના નિવેદન પરથી માલુમ પડયું કે તા. ૨૪-૫-૫૭ના રોજ રાત્રે આઠ વાગ્યે ઘરથી નીકળી રાજકોટ જંકશને જોધપુરની ટિકિટ લીધી. તા. ૨૫-૫-૫૭ના સવારે ૮ વાગ્યે મહેસાણા પહોંચ્યા ત્યાં અઢી કલાક ગાડી પડી રહે છે, તે દરમ્યાન ગામમાં જઇને લોચ કરવા માટેના વાળ રાખીને બાકીના કઢાવી નાખ્યા અને ગાડીમાં બેસી ગયા, મારવાડ જંકશન તથા જોધપુર જંકશન થઇને તા. ૨૬-૫-૫૭ની સવારે ૪॥ વાગ્યે ફલોદી પહોંચ્યા ત્યાંથી પગે

સ્વ. ધર્માનુરાગી પૂજ્ય



માતુશ્રી શ્રી કડવીબાઇ વીરાણી

ચાલીને ખીચન ઉપાશ્રયમાં પહોંચ્યા અને ઉપાશ્રયમાં બિરાજતા મુનિવરોનાં દર્શન કર્યાં. વંદણા નમસ્કાર કરી સુખશાતા પૂછી, બહાર નીકળ્યા અને પોતાનાં સામાયિકનાં કપડાં પહેર્યાં અને પછી પૂજ્ય શ્રી સંતોની સન્મુખ સામાયિક કરવા બેઠા, તેમાં "જાવ નિયમ પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં" ના બદલે "જાવ જીવ પજ્જુવાસામિ તિવિહં તિવિહેણં" બોલ્યા. તે શ્રી લાલચંદજી મહારાજે સાંભળ્યું અને તેઓશ્રીએ પૂછયું કે "વિનોદકુમાર ! તમે આ શું કરો છો, તેનો જવાબ આપવાને બદલે "અપ્પાણું વોસિરામિ" બોલી પાઠ પૂરો કર્યો અને પછી વિનયપૂર્વક બે હાથ જોડી બોલ્યા કે "સાહેબ ! એલો બની ચૂકયું અને મેં સ્વયમેવ દીક્ષા લઇ લીધી, તે બરાબર જ છે અને તેમાં કાંઈ ફેરફાર થઇ શકે તેમ નથી. આ સિવાય આપશ્રીની બીજી કોઇ પણ પ્રકારની આજ્ઞા હોય તો ફરમાવો.

તે જ દિવસે બપોરના મુનિશ્રી સમર્થલાલજી મહારાજ સાહેબે શ્રી વિનોદકુમાર મુનિને પોતાની પાસે બોલાવ્યા અને સમજાવ્યા કે "તમે એક સારા ખાનદાન કુટુંબના વ્યક્તિ છો. તમારી આ દીક્ષા અંગીકાર કરવાની રીત બરાબર નથી, કારણ કે તમારા માતા–પિતાને આ હકીકતથી દુઃખ થાય અને તેથી મારી સંમતિ છે કે રજોહરણની ડાંડી ઉપરથી કપડું કાઢી નાખો જેથી તમો શ્રાવક ગણાવ અને જરૂર પડે તો શ્રાવકોનો સાથ લઇ શકો, એમ ત્રણવાર પૂજ્ય "મહારાજશ્રીએ સમજાવેલા પરંતુ તેમણે ત્રણેય વખત એક જ ઉત્તર આપેલો કે "જે થયું તે થયું. હવે મારે આગળ શું કરવું તે ફરમાવો."

શ્રી વિનોદમુનિના શ્રી સમર્થમલજી જેવા મહામુનિના પ્રશ્નના જવાબ પછી ખીચનનો ચતુર્વિધ સંઘ વિચારમાં પડી ગયો અને મુનિશ્રીઓ પર સંસારીઓનો કોઇપણ પ્રકારનો નિષ્કારણ હુમલો ન આવે તે માટે શ્રી વિનોદમુનિને જણાવવામાં આવ્યું કે "અમારી સલામતી માટે તમારે જાહેર નિવેદન બહાર પાડવાની જરૂર છે"

ત્યારે શ્રી વિનોદમુનિએ પોતાના હસ્તાક્ષરે નિવેદન શ્રી સંઘ સમક્ષ પ્રગટ કર્યું તેનો સાર નીચે મુજબ છે :–

મારા માતા–પિતા મોહને વશ થઈને દીક્ષાની આજ્ઞા આપે તેમ ન હતું અને **"असंखयं जीविय मा पमायए"** ને આધારે એક ક્ષણ પણ દીક્ષાથી વંચિત રહી શકું તેમ નથી, એમ મને લાગ્યું. શ્રી લાલચંદજી મહારાજ સાહેબ–વગેરેએ મારી દીક્ષા માટે વિચારી પછી કરવાનું કહેલ પરંતુ મને સમય માત્રનો પ્રમાદ કરવો ઠીક ન લાગ્યો, તેથી શ્રી અરિહંત ભગવંતો તથા શ્રી સિદ્ધ ભગવંતોની સાક્ષીએ મારા ગુરુ મહારાજ સમક્ષ પ્રવર્જ્યાનો પાઠ ભણીને, મારા આત્માના કલ્યાણ માટે દીક્ષા અંગીકાર કરી છે. સમાજને ખોટો ખ્યાલ ન આવે કે મારી દીક્ષા ક્ષણિક જુસ્સાથી અગર ગેરસમજથી થઇ છે તેથી તથા સમાજમાં જૈનશાસનની પ્રભાવના થાય તે હેતુથી મારે મારો વૃતાંત પ્રગટ કરવો ઉચિત છે.

ઉત્તરાધ્યયનજી સૂત્રના ૧૯ મા અધ્યયન પરથી મને લાગ્યું કે મનુષ્ય-જીવનનું ખરું કર્ત્તવ્ય, મોક્ષફળ આપનારી દીક્ષા જ છે.

છેવટ સુધી મેં મારા બાપુજી પાસે દીક્ષા માટે આજ્ઞા માગી અને તે વખતે પણ પહેલાંની જેમ વાત ઉડાવી દીધી અને અનંત ઉપકારી એવા મારા બાપુજી સમક્ષ હું તેમને કડક ભાષામાં પણ કહી શકતો નહીં અને બીજી બાજુથી મને થયું કે આયુષ્ય અશાશ્વત છે અને આવા ઉત્તમ કાર્ય માટે મારે જરાપણ પ્રમાદ કરવો ઉચિત નથી તેથી મેં વિચારીને આ પગલું ભર્યું છે અને મને પૂર્ણ વિશ્વાસ છે કે, શ્રી વીરપ્રભુ મહાવીર સ્વામીનો સકળ સંઘ મારા આ કાર્યને અનુમોદશે જ. "તથાસ્તુ"

રાજકોટમાં શ્રી વિનોદકુમારના ગયા પછી પાછળથી ખબર પડી કે વિનોદકુમાર કેમ દેખાતા નથી એટલે તપાસ થવા માંડી. ગામમાં કયાંય પત્તો ન લાગ્યો. એટલે બહારગામ તારો કર્યા. કયાંયથી પણ

સંતોષકારક સમાચાર સાંપડ્યા નહીં. અર્થાત્ પત્તો મળ્યો જ નહીં. આમ વિમાસણના પરિણામે પિતાશ્રીને બે મહિના પહેલાંની એક વાતની યાદી આવી. તે એ હતી કે તે વખતે શ્રી વિનોદકુમારે આજ્ઞા માગેલી કે "બાપુજી ! આપની આજ્ઞા હોય તો આ ચાતુર્માસ ખીચન (રાજસ્થાન) જાઉં કારણ કે ખીચનમાં પૂ ગુરુમહારાજ શ્રી સમર્થમલજી મુનિ કે જેઓ સિદ્ધાંત વિશારદ છે અને અનેકાંતવાદના પૂરા જાણકાર છે, તેઓ ત્યાં બિરાજમાન છે કે જેઓશ્રી પાસે શાસ્ત્રાભ્યાસ કરવા માટે પૂ. શ્રી લાલચંદજી મહારાજ આદિ ઠાણા ૪ જવાના છે. તો મારી ઇચ્છા પણ ત્યાં તેમની પાસે જવાની છે

આ વાતચીતનું સ્મરણ પિતાશ્રીને આવવા સાથે તેઓએ પં. પૂર્ણચંદ્રજી દક્ને પોતાની પાસે બોલાવ્યા અને વિનોદકુમાર માટેની પોતાની ચિંતા વ્યક્ત કરી. પંડિતજીનું પણ આ વાતને સમર્થન મળ્યું. તેઓશ્રીએ જણાવ્યું કે "થોડા સમય પૂર્વે શ્રી વિનોદકુમારે મારી પાસે જાણવા માગ્યું હતું કે, ખીચનમાં કેવા પ્રકારની સગવડ છે ?" આમ મારી સાથે પણ વાર્તાલાપ થયો હતો બન્નેનો આ પ્રમાણે એકમત થતાં પિતાશ્રીએ ખીચન તાર કરવા સૂચના કરી. તા. ૨૬-૫-૫૭ ના રોજ પૃથ્વીરાજજી માલુ ખીચન (રાજસ્થાન) ઉપર, તાર કર્યો

તા. ૨૮-૫-૫૭ ના રોજ જવાબ આવ્યો કે શ્રી વિનોદભાઇએ ખીચનમાં સ્વયમેવ દીક્ષા ગ્રહણ કરી છે. એટલે તેમના પિતાશ્રીએ રાવબહાદુર શ્રી એમ. પી. સાહેબ, શ્રી કેશવલાલભાઇ પારેખ અને પંડિતજી પૂર્ણચંદ્રજી દક એમ ત્રણેયને શ્રી વિનોદકુમારને પાછા તેડી લાવવા માટે ખીચન મોકલ્યા. તા. ૨૮-૫-૫૭ ના રોજ રવાના થઇ તા. ૩૦-૫-૫૭ ના રોજ સવારે ફલોદી સ્ટેશને પહોંચ્યા. બૈલગાડીમાં તેઓ ખીચન ગયા કે જ્યાં સ્થવર મુનિશ્રી શીરોમલજી મહારાજ તથા પૂજ્ય પંડિત રત્ન, શાસ્ત્ર વિશારદ શ્રી સમર્થમલજી મહારાજ આદિ ઠાણા ૮ તથા પૂજ્ય તપસ્વીજી મહારાજ શ્રી લાલચંદજી મહારાજ આદિ

ઠાણા ૪ બિરાજતા હતા કુલ સાધુ-સાધ્વીની સંખ્યા અઠ્ઠાવીસથી ત્રીસની હતી.

પૂછપરછના જવાબમાં શ્રી વિનોદમુનિએ કેશવલાલભાઇ પારેખને કહ્યું કે " મેં તો દીક્ષા અંગીકાર કરી લીધી છે, તેમાં કાંઇ ફેરફાર થાય તેમ નથી તમો અમારા વીરાણી કુટુંબના હિતૈષી છો અને જો સાચા હિતૈષી હો તો મારા પૂ. બા અને બાપુજીને સમજાવીને મારી હવે પછીની મોટી દીક્ષાની આજ્ઞા અઠવાડીઆની અંદર અપાવી દ્યો, એટલું જ નહીં પણ " સવિ જીવ કરું શાસન રસી " ની ભાવનામાં અને આજ દિવસ સુધીના મારી ઉપરના ઉપકારના બદલામાં આગમને અનુલક્ષીને મારી ભાવના એ હોય જ અને છે કે, મારી દીક્ષા, તેઓની દીક્ષાનું નિમિત્ત બને અને મારા માતા-પિતા સદ્ગતિને સાધે. અર્થાત્ મારી સાથે દીક્ષા લીએ.

આવા દૃઢ જવાબના પરિણામે તે જ સમયે શ્રી 'વિનોદકુમાર'ને પાછા લઇ જવાની ભાવનાને નિષ્ફળતા સાંપડી અને તા. ૩૧-૫-૫૭ની રાત્રિના રવાના થઈ તા. ૨-૬-૫૭ ના સવારે મહા પરીષહરૂપ ક્ષેત્રનો અનુભવ કરી, શ્રી વિનોદકુમારના પિતાશ્રીને તમામ વાતથી વાકેફ કર્યા.

થોડા વખતમાં ફલોદીના શ્રી સંઘે પૂ. શ્રી લાલચંદજી મહારાજને ફલોદીમાં ચોમાસું કરવાની વિનંતી કરી તેનો અસ્વીકાર થવાથી સંઘ ગમગીન બન્યો એટલે નિર્ણય ફેરવ્યો અને અષાડ શુદ ૧૩ ના રોજ બીચનથી વિહાર કરી ફલોદી આવ્યા.

દીક્ષા પછી અઢી મહિનાને આંતરે, ફલોદી ચોમાસા દરમ્યાન, શ્રી વિનોદમુનિને હાજતે જવાની સંજ્ઞા થઇ અને તે માટે જવા તૈયાર થયા એટલે તેમના ગુરુએ કહ્યું કે બહુ ગરમી છે, જરાવાર થોભી જાઓ એટલે શ્રી વિનોદમુનિએ રજોહરણ વગેરેની પ્રતિલેખના કરી તે દરમ્યાન ન રોકી શકાય એવી હાજત લાગી તેથી ફરી આજ્ઞા માગતાં

જણાવ્યું કે મને હાજત બહુ લાગી છે તેથી જાઉં છું, જલદી પાછો ફરીશ. કાળની ગહન ગતિને દુઃખદ રચના રચવી હતી. આજે જ હાજતે એકલા જવાનો બનાવ હતો. હંમેશાં તો બધા સાધુઓ સાથે મળીને દિશાએ જતા.

હાજતથી મોકળા થઇ પાછા ફરતા હતા, ત્યાં રેલ્વે લાઇન ઉપર બે ગાયો આવી રહી હતી. બીજી બાજુથી ટ્રેઇન પણ આવી રહી હતી તેની વ્હીસલ વાગતાં છતાં પણ ગાયો બસતી ન હતી. શ્રી વિનોદમુનિનું હૃદય થરથરી ઊઠયું અને મહા અનુકંપાએ મુનિના હૃદયમાં સ્થાન લીધું. હાથમાં રજોહરણ લઇ જાનના જોખમની પરવા કર્યા વગર ગાયોને બચાવવા ગયા. ગાયોને તો બચાવી જ લીધી, પરંતુ આ ક્રિયામાં છકાય જીવની દયાના સાધનભૂત રજોહરણ કે જે વિનોદમુનિને આત્માથી વધારે પ્યારો હતો, તે રેલ્વે લાઇન ઉપર પડી ગયો અને શ્રી વિનોદમુનિએ તે પાછો સંપાદન કરવામાં જડવાદને સિદ્ધ કરતાં રાક્ષસી એન્જીનને ઝપાટે આવ્યા અને પોતાનું બલિદાન આપ્યું. **અરિહંત....અરિહંત....**એવા શબ્દો મુખમાંથી નીકળ્યાં અને શરીર તૂટી પડયું. રક્ત પ્રવાહ છૂટી પડયો અને થોડા જ વખતમાં પ્રાણાંત થઇ ગયો. બધા લોકો કહેવા લાગ્યા કે ગૌરક્ષામાં મુનિશ્રીએ પ્રાણ આપ્યાં. અંતિમ સમયે મુનિશ્રીના ચહેરાપર ભવ્ય શાન્તિ જ દેખાતી હતી.

હંમેશાં તેઓ જે તરફ હાજતે જતા હતા તે તરફ ફલોદીથી પોકરણ તરફ જવાની રેલ્વે લાઇન હતી. આ લાઇન ઉપર રેલ્વે સત્તાવાળાઓએ ફાટક મૂકેલ નથી અને ત્યાં રસ્તો પણ છે એટલે પશુઓની અવરજવર હોય જ છે અને વખતો વખત ત્યાં ઢોરો રેલ્વેની હડફેટે ચડી જવાના પ્રસંગ બને છે.

ફલોદી સંઘે આ દુર્ઘટનાના ખબર રાજકોટ ટેલીફોનથી આપ્યા. જે વખતે ટેલીફોન આવ્યો, તે વખતે પિતાશ્રી બહાર ગયા હતા અને માતુશ્રી મણિબેન સામાયિક–પ્રતિક્રમણમાં બેઠાં હતાં. માત્ર

એક નોકર ઘરમાં હતો કે જેણે ટેલીફોન ઉઠાવ્યો પણ તે કાંઇ ટેલિફોનમાં હકીકત સમજી શકયો નહીં અને સાચા સમાચાર મોડા મળ્યા. સ્પેશ્યલ પ્લેઇનથી ફલોદી પહોંચે તે પહેલાં અગ્નિસંસ્કાર થઇ ગયો. સૂચનાનો ટેલીફોન અર્ધી કલાક મોડો પહોંચ્યો. જો સંદેશો સમયસર પહોંચ્યો હોત તો માતા-પિતાને શ્રી વિનોદમુનિના શબરૂપે પણ ચહેરો જોવાનો અને અંતિમ દર્શનનો પ્રસંગ મળત, પરંતુ અંતરાય કર્મે તેમ બન્યું નહીં.

આથી પ્લેઇનનો પ્રોગ્રામ પડતો મૂકવામાં આવ્યો અને માતા-પિતા તા. ૧૪-૮-૫૭ના રોજ ટ્રેઇન મારફત ફલોદી પહોંચ્યા. શ્રી દુર્લભજીભાઇ અને મણિબેને પૂજ્ય તપસ્વી શ્રી લાલચંદજી મહારાજ સાહેબના દર્શન કર્યા.

આ પ્રસંગે શ્રી લાલચંદજી મહારાજ સાહેબે અવસરને પિછાણીને અને ધૈર્યનું એકાએક ઐકય કરીને શ્રી વિનોદમુનિના માતા-પિતાના સાંત્વન અર્થે ઉપદેશ શરૂ કર્યો. જેનો ટૂંકામાં સાર આ પ્રમાણે છે.

"હવે તો એ રત્ન ચાલ્યું ગયું ! સમાજનો આશા દીપક ઓલવાઈ ગયો ! ઝટ ઊગીને આથમી ગયો ! હવે એ દીપ ફરીથી આવી શકે તેમ નથી." શ્રી વિનોદમુનિના સંસાર પક્ષના માતુશ્રી મણિબેનને મુનિશ્રીએ કહ્યું કે :- બેન ! ભાવિ પ્રબળ છે. આ બાબતમાં મહાપુરુષોએ પણ હાથ ઘોઇ નાખ્યા છે અને સૌને મરણને શરણ થવું પડે છે, તો પછી આપણા જેવા પામર પ્રાણીનું શું ગજું છે ? હવે તો શોક દૂર કરીને આપણે એમના મૃત્યુનો આદર્શ જોઇને માત્ર ધીરજ ધરવાની રહી."

પૂ. શ્રી સમર્થમલજી મહારાજ સાહેબનો અભિપ્રાય:-

પ્રાથમિક તેમ જ અલ્પકાળના પરિચયથી મને શ્રી વિનોદ-મુનિના વિષે અનુભવ થયો કે તેમની ધર્મપ્રિયતા અને ધર્માભિલાષા **'અટ્ઠિમિંજા પેમાણુરાગરત્તે'**નો પરિચય કરાવતી હતી. પ્રાપ્ત

સાંસારિક પ્રચૂર વૈભવ તરફ તેમની રુચિ દૃષ્ટિગોચર થતી ન હતી, પરંતુ તેઓ વીતરાગવાણીના સંસર્ગથી વિષયવિમુખ ધર્મકાર્યમાં સદા તત્પર અને તલ્લીન દેખાતા હતા. ખાસ પરિચયના અભાવે પણ તેમની વૈરાગ્ય ધારાથી તેમની ધર્માનુરાગીતા તથા જીવનાચર્યાથી કઠિન કાર્ય કરવામાં પણ ગભરાટના સ્થાને સુખાનુભવની વૃત્તિ લક્ષમાં આવતી હતી.

હવે,

શ્રી વિનોદમુનિના જીવનના બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેનો ખુલાસો કરવામાં આવે છે.

પ્ર. ૧. તેમણે આજ્ઞા વગર સ્વયમેવ દીક્ષા કેમ લીધી ?

ઉત્તરઃ– પાંચમા આરાના ભદ્રા શેઠાણીના પુત્ર એવંતા (અતિ મુક્ત) કુમારને તેની માતુશ્રીએ દીક્ષાની આજ્ઞા આપવાની તદ્દન ના પાડી એટલે તેણે સ્વયમેવ દીક્ષા લીધી. ત્યારબાદ ભદ્રા શેઠાણીએ પોતાના કુમારને ગુરુને સોંપી દીધા. તે જ રાત્રે તેણે બારમી ભિક્ષુની પડિમા અંગીકાર કરી અને શિયાળણીના પરિષહથી કાળ કરી નલીન–ગુલ્મ વિમાનમાં ગયા તેવી જ રીતે શ્રી વિનોદકુમાર સ્વયં દીક્ષિત થયા.

પ્ર. ૨. આવા વૈરાગી જીવને આવો ભયંકર પરિષહ કેમ આવે ?

ઉત્તરઃ– કેટલાક ચરમ શરીરી જીવને મારણાંતિક ઉપસર્ગ આવેલ છે. જુઓ ગજસુકુમાર મુનિ, મેતારજ મુનિ, કોશલ મુનિ, કારણ કે તેમની સત્તામાં હજારો ભવનાં કર્મ હોવા જોઇએ, ત્યારે તેમને એકદમ મોક્ષ જવું હતું. તો મારણાંતિક ઉપસર્ગ આવ્યા વગર એટલાં બધાં કર્મ કેવી રીતે ખપે ? બા. બ્ર. શ્રી વિનોદમુનિને આવો પરિષહ આવ્યો, જે ઉપરથી એમ અનુમાન થાય છે કે તે એકાવતારી જીવ હોય.

શ્રી વિનોદમુનિનું વિસ્તૃત જીવનચરિત્ર જુદા પુસ્તકથી ગુજરાતી ભાષા તથા હિન્દી ભાષામાં છપાયેલ છે. તેમાંથી અહીં સાર રૂપે સંક્ષેપ કરેલ છે.

आदर्श बताकर चले गये तुम



ओह विनोद मुनि आये आये चले गये तुम ॥

प्रेम-धार से पले हुए थे,
सुख वैभव में ढले हुए थे।
फुल गुलाबी खिले हुए थे,

ओह नव दीक्षित हँसा रूला कर चले गये तुम ॥

शीघ्र प्राप्त कर सूत्र सार तुम,
मोह माया का तोड़ तार तुम।
स्वयं दीक्षा सोल्लास धार तुम,

ओह त्यागी वीर सौर फैला कर चले गये तुम ॥

कैसा था वैराग्य तुम्हारा,
कैसा था चरित्र तुम्हारा।
कैसा था सौभाग्य तुम्हारा,

ओह आदर्श मुनि आदर्श बताकर चले गये तुम ॥

" असंखयं जीविय मा पमायए "



શ્રી વિનોદકુમાર વીરાણી

(દીક્ષા લીધા પહેલાં શાસ્ત્રાભ્યાસ કરતા)

જન્મ : પોર્ટસુદાન સાં. ૧૯૯૨

દીક્ષા	નિર્વાણ
બીચન – (રાજસ્થાન)	**ફલોદી** – (રાજસ્થાન)
સાં. ૨૦૧૩ વૈશાખ વદ ૧૨	સાં. ૨૦૧૩ શ્રાવણ શુદ ૧૨
તા. ૨૬–૫–૫૭ રવિવાર	તા. ૭–૮–૫૭ બુધવાર

सूत्र कृतांग सूत्रम्

સૂત્ર કૃતાંગ સૂત્ર

સ્વસમય (જૈન દર્શન) **પરસમય** (અન્ય દર્શન)

અધ્યયન ૧ લું.

પ્રથમ ઉદ્દેશો

બુજ્ઝિજ્જ ત્તિ તિઉટ્ટિજ્જા, બંધણં પરિજાણિયા । કિમાહ બંધણં, વીરો ! કિં વા જાણં તિઉટ્ટઇ ॥ ૧ ॥

શબ્દાર્થ : (૧) મનુષ્યોએ બોધ પ્રાપ્ત કરવો જોઇએ (૨) બંધનનું સ્વરૂપ (૩) જાણી (૪) તોડવું (૫) વીરપ્રભુએ (૬) બંધનનું સ્વરૂપ (૭) શું બતાવ્યું છે (૮) શું (૯) જાણવાથી (૧૦) બંધનને તોડી શકાય.

ભાવાર્થ :– મનુષ્યોએ બોધ પ્રાપ્ત કરવો જોઇએ. જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મનું આત્માના પ્રદેશ સાથે ખીર નીરની માફક એકમેક થવું તે કર્મબંધન, તે કર્મબંધન થવાનું કારણ શું ? તેના ઉત્તરમાં કહે છે કે છકાય જીવોની ઘાત કરવાથી, ઘાત કરવાનું પ્રયોજન શું ? તેના ઉત્તરમાં મનુષ્યના ઔદારિક શરીર ઉપરના મમત્વ ભાવથી પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન તેના વિષયરૂપ કામભોગો ભોગવવાની આસક્તિથી, કામભોગોના સાધનો પ્રાપ્ત કરવા પરિગ્રહની આવશ્યકતા રહે છે. પરિગ્રહ પ્રાપ્ત કરવામાં જીવઘાતરૂપ આરંભ થાય

છે. તેમ જ પરિગ્રહ તથા કામભોગોનાં સાધનો પ્રાપ્ત કરવામાં વિઘ્ન કરનાર ઉપર કષાય ઉત્પન્ન થાય છે અને કષાય પણ કર્મ બંધનનું કારણ છે. તથા મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, અશુભયોગ એ પણ કર્મ-બંધનના કારણો છે. તેમ જ સંસારી જીવો પાસે અનાદિ કાળથી પરંપરાએ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય આદિ આઠ કર્મો સત્તામાં રહેલાં છે. તે તે કર્મોના ઉદયે જીવોમાં જ્ઞાનની ખામી હોવાના કારણે રાગદ્વેષ કરીને નવા નવા કર્મોનું ઉપરોક્ત કારણે કર્મબંધન થયા કરે છે. આવી રીતે અશુભ કર્મબંધનથી જીવો નરક, તિર્યંચ આદિ દુર્ગતિમાં ઉત્પન્ન થઈ જન્મ મરણ કરતા થકાં તીવ્ર દુઃખો ક્ષુધા, તૃષા, શીત, તાપ પ્રતિકૂળતા, પરવશપણુ, વૃદ્ધાવસ્થા, રોગો આદિના દુઃખો ભોગવવાં પડે છે. પોતાના માટે, પરના માટે, સ્વજનાદિ માટે, માન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે જે આરંભરૂપ ક્રિયા થાય છે. તે આરંભથી જીવોને કર્મનું બંધન થાય છે અને તેના વિપાકો તે આરંભ કરનાર જીવને એકલાને જ ભોગવવાં પડે છે. તેમાં માતા, પિતા, પુત્ર, પુત્રી, બંધવ સ્ત્રી આદિ કોઇપણ તથા સોનું રૂપું આદિ ધનસંપતિ પણ સહાયક થતાં નથી. દુઃખમાં ભાગ લઈ શકતાં નથી તથા મૃત્યુથી અથવા દુર્ગતિમાં જતાં તથા રોગોની પીડા સમયે કોઇ સહાયક થતાં નથી. કર્મ કરે તે જ ભોગવે. આવા પ્રકારનું કર્મબંધનનું સ્વરૂપ શ્રી વીર-પ્રભુ મહાવીર સ્વામીએ બતાવેલ છે તેને જાણીને બોધને ગ્રહણ કરી કર્મબંધનથી જ ઉત્પન્ન થતાં સંસાર પરિભ્રમણના દુઃખોને જ્ઞાનથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી (આરંભ-પરિગ્રહના ત્યાગથી) કર્મ બંધન તોડી શકાય છે, જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપરૂપ સંયમના પાલનથી કર્મનો ક્ષય કરી મોક્ષના શાશ્વતા સુખો પ્રાપ્ત કરી શકાય છે, જ્ઞાન અને ક્રિયાના સહયોગથી મોક્ષની પ્રાપ્તિ બતાવેલ છે તેમ જાણી કર્મનો ક્ષય કરવા ધર્મ આરાધન કરવા જાગૃત રહેવું એ જ ઉપદેશ સાંભળવાનો સાર છે.

चित्तमन्त मचित्तं वा, परिगिज्झ किसामवि । अन्नं वा अणुजाणइ, एवं दुक्खा न मुच्चई ॥ २ ॥

શબ્દાર્થ : (૧) બે પગા ચોપગાપ્રાણી (૨) સોનું ચાંદી મકાનવાહનાદિ (૩) ભૂસ્સાઆદિ તુચ્છ વસ્તુ (૪) થોડો કે ઘણો પરિગ્રહ રાખે (૫) અન્યને રખાવે (૬) પરિગ્રહ રાખનારને ભલું જાણે (૭) તે જીવ દુઃખોથી (૮) મુક્ત (૯) થાય નહિ.

ભાવાર્થ: – જે કોઇ મનુષ્ય બેપગા મનુષ્યાદિ દાસ, દાસી વગેરે તથા ચોપગા ગાય, ભેંશ, હાથી, ઘોડા, બળદ વગેરે ચૈતન્ય વાળા પ્રાણીઓને તથા અચિત્ત સોના, ચાંદી, મકાન, વાહન, ધન, ધાન્ય, આદિ પદાર્થો અથવા તો તૃણ ભૂસ્સા જેવા તુચ્છ પદાર્થોને પરિગ્રહરૂપથી મમત્વથી રાખે, અન્યને પરિગ્રહ રાખવાની આજ્ઞા દે અથવા પરિગ્રહ રાખનારને અનુમોદન આપે તે જીવો દુઃખોથી મુક્ત થઇ શકે નહિ. પરિગ્રહ મમત્વ એ અનર્થનું મૂળ છે. પરિગ્રહ બે પ્રકારના છે. બાહ્ય પરિગ્રહ ઉપરોક્ત બતાવ્યો તે. બીજો આભ્યાન્તર પરિગ્રહ તે ક્રોધ, માન, માયા, લોભ, યશ, કીર્તિ સત્કાર પૂજા આદિ માન પ્રતિષ્ઠા વગેરે કષાયો જીવોને સંસારમાં સ્થિર રાખે છે. સંસારને વધારનાર છે. જ્યાં સુધી માનપ્રતિષ્ઠારૂપ દાહજ્વર હોય ત્યાં સુધી તે મનુષ્ય સમાધિને પ્રાપ્ત કરી શકતો નથી. યશ, કીર્તિ તથા વિષયાદિ સુખની ઇચ્છા રાખનારા મનુષ્યો અનર્થને જ ઉત્પન્ન કરનાર મૂઢ જીવાત્માઓ દુઃખના જ ઉત્પાદક એવા પરિગ્રહને અતિ કઠિનતાથી ઉપાર્જન કર્યા કરે છે. પરિગ્રહ કલેશનું સ્થાન, ધૈર્યતાનો નાશ કરનાર, ક્ષમાનો શત્રુ, ચિત્તવિક્ષેપ વધારનાર, અભિમાન–કષાયનું ઘર, ધ્યાનનો શત્રુ, દુઃખનો જન્મદાતા, સુખનો વિનાશક, પાપનું નિવાસસ્થાન, દુષ્ટગ્રહ સમાન ચતુર પુરુષને પણ કલેશ આપનાર અને આત્માનું અહિત કરનાર જાણી તેનાથી દૂર રહેવા શ્રી ભગવંત મહાવીરનો આ ઉપદેશ છે.

૧ ૨ ૩ ૭ ૫ ૬
सयं तिवायए पाणे, अदुवाऽन्नेहि घायए, हणन्तं
૮ ૧૦ ૧૧ ૯
वाऽणुजाणइ, वेरं वड्ढइ अप्पणो ॥ ३ ॥

શબ્દાર્થ : (૧) સ્વયં (૨) ઘાત કરે (૩) જીવોની (૪) અથવા (૫) અન્ય પાસે (૬) જીવોની ઘાત કરાવે (૭) જીવઘાત કરનારને (૮) અનુમોદન આપે (૯) પોતાના આત્માની સાથે (૧૦) વૈરની (૧૧) વૃદ્ધિ કરે છે.

ભાવાર્થ: – જે કોઇ પુરુષ પ્રાણીઓની ઘાત કરે, અન્ય પાસે જીવોની ઘાત કરાવે, જીવઘાત કરનારને અનુમોદન આપે તે મરનાર જીવોની સાથે વૈરનાં બંધન કરે છે, જ્યાં પરિગ્રહ છે ત્યાં આરંભ નિયમાં છે. આરંભ એ જ પ્રાણાતિપાત છે. પરિગ્રહ લોલુપી પુરુષ અસંતોષી બની પરિગ્રહ ઉપાર્જન કરવા માટે તથા તેના સંરક્ષણ માટે સ્વયં જીવઘાત કરે છે, કરાવે છે, જીવઘાત કરનારને અનુમોદન આપે છે આવા જીવો સંસાર પરિભ્રમણ રૂપ જન્મ મરણના આદિ દુઃખોથી મુક્ત થઈ શકતા નથી.

૧ ૨ ૩ ૪ ૫ ૬
अस्सिं कुले समुप्पन्ने, जेहिं वा संवसे नरे । ममाइ
૭ ૮ ૯ ૧૦
लुप्पई बाले, अण्णे अण्णेहिं मुच्छिए ॥ ४ ॥

શબ્દાર્થ : (૧) જે (૨) કુળમાં (૩) ઉત્પન્ન થાય (૪) જેની સાથે (૫) નિવાસ હોય (૬) ત્યાં મમત્વ બુદ્ધિથી મનુષ્ય (૭) પીડા પામે છે (૮) અજ્ઞાની (૯) એકબીજા પદાર્થોમાં (૧૦) આસક્ત રહેછે.

ભાવાર્થ: – મનુષ્ય જે કુળમાં ઉત્પન્ન થાય છે, અથવા તો જેની સાથે નિવાસ કરતો હોય તેમાં મમત્વ રાખીને અજ્ઞાની સચેતન તથા અચેતન પદાર્થોમાં અસક્ત બની પીડાય છે. દુઃખને ભોગવે છે. આવા મમત્વી જીવો માતા, પિતા, ભાઇ, બહેન, પુત્ર, પુત્રી, સ્ત્રી,

સ્વજનો, ધનસંપતિ, ધાન્ય આદિ અલગ અલગ પદાર્થોમાં મમત્વ સાથી આરંભ પરિગ્રહમાં લીન બની નરક, તિર્યંચ આદિ ચારે ગતિમાં ભ્રમણ કરતાં થકા દુઃખોને ભોગવે છે. એમ જાણી આત્માર્થી જીવોએ વિવેક રાખી મમત્વભાવ દૂર કરી આરંભ પરિગ્રહથી દૂર રહે. શ્રાવક વર્ગે અલ્પારંભી, અલ્પ પરિગ્રહી બની આત્મહિત સાધન કરી માનવભવ સફળ બનાવવો તેવો શ્રી ભગવંત મહાવીર સ્વામીનો ઉપદેશ છે.

१ २ ३ ४ ६ ५ ७
वित्तं सोयरिया चेव, सव्वमेयं न ताणइ । संखाए
८ ९ १०
जीवियं चेव, कम्मुणा उ तिउट्टई ॥ ५ ॥

શબ્દાર્થ : (૧) ધનદોલત (૨) સ્વજનો (૩) સર્વ (૪) એઓ (૫) ત્રાણુશરણ (૬) થતા નથી (૭) જાણી (૮) અલ્પકાળનું જીવન (૯) કર્મ (૧૦) નાશ કરે છે.

ભાવાર્થ:– ધન દોલત મકાનો વગેરે અચેતન પરિગ્રહ તથા માતા, પિતા, પુત્ર, પુત્રી, ભાઇ, બહેન, જ્ઞાતિ આદિ સ્વજનો વગેરે અતિકષ્ટદાયી માનસિક અથવા શારીરિક પીડા ભોગવતા અથવા તો મૃત્યુ સમયે સંસારી જીવો ને કોઇ ત્રાણ શરણ થતા નથી. દુઃખનો નાશ કરવા કે દુઃખમાં ભાગ લેવા એટલે રક્ષણ કરવા કોઇ સમર્થ થતાં નથી. વળી મનુષ્ય જીવન અલ્પકાળનું છે. એમ જાણી સર્વ દુઃખનો નાશ કરવા રૂપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ, સંયમ અનુષ્ઠાન (એ જ કર્મનો ક્ષય કરવામાં સાધન રૂપ) તેનું આરાધન. કરવું સંયમ અનુષ્ઠાન એ જ સાચો મોક્ષ માર્ગ છે. તેમ જાણી આરંભ પરિગ્રહનો ત્યાગ કરી આત્મ-કલ્યાણ પ્રાપ્ત કરવા ભગવંત મહાવીરનો ઉપદેશ છે.

१ २ ३ ४ ५ ६ ७
एए गंथे विउक्कमे, एगे समणमाहणा । अयाणंता
८ १० ९ ११
विउस्सित्ता, सत्ता कामेहि माणवा ॥ ६ ॥

શબ્દાર્થ : (૧) અર્હત્ કથિત (૨) ગ્રંથો (૩) છોડીને (૪) કેટલાએક (૫) શ્રમણ (૬) બ્રાહ્મણ (૭) અજ્ઞાનીઓ (૮) સ્વરચિત સિદ્ધાંતોમાં આસક્ત (૯) કામભોગોમાં (૧૦) આસક્ત (૧૧) મનુષ્યો.

ભાવાર્થ:– શાકયાદિ ભિક્ષુઓ તથા બ્રાહ્મણો તથા અન્ય દર્શનીઓ શ્રી અરિહંતદેવના કથિત સિદ્ધાંતોનો અસ્વીકાર કરીને પોતાની રૂચી અનુસાર રચિત ગ્રંથોમાં આસક્ત રહી અજ્ઞાનીઓ પરમાર્થને નહિ જાણનારા કામભોગોમાં આસક્ત બની સંસાર પરિભ્રમણને વધારે છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ. અશુભયોગ, કષાય, પરિગ્રહ મમત્વ તથા વિષયભોગો અને પ્રાણી હિંસા એ બધા કર્મ બંધનના હેતુઓ છે અને તે બંધનોને વિષયભોગો આદિ પાપકર્મના ત્યાગથી અને જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ સંયમ આરાધનથી તે કર્મોને તોડી શકાય છે. કર્મોનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. આવા પ્રકારના ભગવંત મહાવીરના કથિત ઉપદેશનો અસ્વીકાર કરે છે અને કામભોગોમાં આસક્ત બની જન્મ મરણના ચક્રમાં ભ્રમણ કર્યા કરે છે તેમ જાણી સાધકે અન્ય તીર્થીઓના સંગથી દૂર રહેવું.

૪ ૨ ૩ ૧ ૫ ૬ ૭
सन्ति पंच महब्भूया, इहमेगेसि माहिया। पुढवी
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
आउ तेउ वा, वाउ आगास पंचमा ॥ ૭ ॥

શબ્દાર્થ : (૧) આ લોકમાં (૨) પાંચ (૩) મહાભૂત (૪) છે (૫) કેટલાએક (૬) કરે છે (૭) પૃથ્વી (૮) પાણી (૯) અગ્નિ (૧૦) વાયુ (૧૧) આકાશ (૧૨) પાંચ.

ભાવાર્થ: – પાંચ મહાભૂતવાદીઓનું કથન છે કે આ લોકમાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ એ મહાભૂતો છે. આ પાંચ મહાભૂતોને સમસ્ત લોકવ્યાપી માને છે. આ પાંચ મહાભૂતો સિવાય અન્ય કોઇ પદાર્થ હોવાનું તેઓ માનતા નથી.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
એए પંચ મહબ્ભૂया, તેબ્ભો एगो त्ति आहिया । अह
૮ ૯ ૧૧ ૧૪ ૧૦
તેસિં विणासेणं, विणासो होइ देहिणं ॥ ૮ ॥

શબ્દાર્થ : (૧) એ (૨) પાંચ (૩) મહાભૂત (૪) તેનાથી (૫) એક આત્મા ઉત્પન્ન થાય છે (૬) કહે છે (૭) વળી (૮) તે ભૂતોના (૯) નાશથી (૧૦) આત્માનો (૧૧) નાશ (૧૨) થાય છે.

ભાવાર્થ:– વળી તેઓ કહે છે કે પાંચ મહાભૂતો શરીર રૂપથી એકત્ર થતા પરિણિત થતા તે ભૂતોથી અભિન્ન જ્ઞાન સ્વરૂપ એક ચૈતન્યવંત આત્મારૂપ પદાર્થ ઉત્પન્ન થાય છે અને તે પાંચ મહાભૂતોના નાશથી આત્માનો પણ નાશ થાય છે જેથી મરણ રૂપ વ્યવહાર થાય છે; પરંતુ આત્મા અહીંથી મૃત્યુ પામી અન્ય સ્થાને ઉત્પન્ન થાય છે અને કર્મવશાત સુખદુઃખ ભોગવે છે એમ કહેવું તે મિથ્યા છે આવી માન્યતા લોકાયતિક મતવાળાની છે. તેઓ ફક્ત પ્રત્યક્ષ પ્રમાણને જ માને છે.

૧ ૩ ૨ ૪ ૫ ૬ ૭
जहा य पुढवी थूभे, एगे नाणाहि दीसइ । एवं भो !
૮ ૧૦ ૧૧ ૧૨ ૧૩
कसिणे लोए, विन्नू नाणाहि दीसइ ॥ ૯ ॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) એક (૩) પૃથ્વી સમૂહ (૪) નાના રૂપોમાં અલગ અલગ (૫) દેખાય છે (૬) તેની માફક (૭) આત્મા (૮) સમસ્ત (૧૦) (૧૦) જગતમાં (૧૧) આત્મસ્વરૂપે (૧૨) અલગ અલગ (૧૩) દેખાય છે.

ભાવાર્થ:– જેમ એક પૃથ્વી સમૂહ અલગ અલગ રૂપોમાં દેખાય છે પૃથ્વી એક જ હોવા છતાં તેના અવયવરૂપ નદી, સમુદ્ર, પર્વત, નગરની સ્થિતિના આધારરૂપ વિચિત્ર રૂપમાં દેખાય છે, નીચા, ઉંચા, મૃદુ, કઠણ, લાલ, પીળા, આદિ ભેદથી જુદા જુદા રૂપોમાં

દેખાય છે. એવા પ્રકારે ચેતન, અચેતન રૂપ સમસ્ત લોક એક આત્મારૂપ છે. એટલે એક જ જ્ઞાનપિંડ આત્મા પૃથ્વી. જલ, અગ્નિ, વાયુ, આકાશ, મનુષ્ય, પશુ, પક્ષી આદિ ભૂતોના આકારમાં જુદા જુદા દેખાય છે. એ રીતે આત્માના સ્વરૂપમાં કોઇ ભેદ નથી. એક જ આત્મા સર્વ ભૂતોમાં સ્થિત છે જેમ જલમાં ચંદ્રમાના પ્રતિબિમ્બ જુદા જુદા દેખાય છે જગતમાં જે કોઇ પુરુષો થઇ ગયા અને ભવિષ્યકાળમાં જે થવાવાળા એ સર્વ પુરુષ આત્મા છે તે આત્માઓ તે સર્વ પ્રાણીઓના ભોગને માટે અનુક્રમથી કારણ અવસ્થાને છોડી જગતના રૂપને ધારણ કરે છે. આત્મા ગતિશીલ છે, ગતિરહિત પણ છે, દૂર છે, નિકટ પણ છે, સર્વની અંદર છે બહાર પણ છે આવા પ્રકારની આત્માદ્વૈતવાળાની માન્યતા છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
एवमेगेत्ति जपंत्ति, मंदा आरंभणिस्सिया । एवे
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
किच्चा सयं पावं , तिव्वं दुक्खं नियच्छइ ॥ १० ॥

શબ્દાર્થ : (૧) વળી કોઇ (૨) એક આત્મા (૩) બતાવે છે (૪) અજ્ઞાની (૫) આરંભમાં (૬) આસક્ત (૭) કોઇ એક પુરુષ (૮) કરીને (૯) સ્વયં (૧૦) પાપ (૧૧) તીવ્ર (૧૨) દુઃખોને (૧૩) પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ :- વળી કોઇ અજ્ઞાની મનુષ્યો સમસ્ત જગતમાં આત્મા એક જ હોવાની માન્યતા ધરાવે છે, આ રીતે આત્માને સર્વ-વ્યાપી તથા આત્માને એક જ માનવાથી તો કોઇ એક જીવ અશુભ કર્મો કરનારની માફક શુભ કર્મ કરવાવાળાને પણ તીવ્ર દુઃખ પ્રાપ્ત થવા સંભવ છે; પરંતુ તેમ દેખાતું નથી, જગતમાં કોઇ સુખી દેખાય છે તો કોઇ દુઃખી દેખાય છે. તેથી આત્માને સર્વલોકવ્યાપી એક જ માનવો એ તો એકાંત અજ્ઞાન જ છે. આવા અજ્ઞાની જીવો પરમાર્થને નહિ સમજનારા પાંચ ઇન્દ્રિયોના વિષય માટે આસક્ત બની આરંભ

કરીને આરંભમાં આસક્ત રહીને નરકાદિ અધમગતિમાં વારંવાર ઉત્પન્ન થઇ તીવ્ર દુઃખો ભોગવતાં થકાં જન્મ મરણના ચક્રમાં જ પરિભ્રમણ કર્યા કરે છે. તેથી આત્માને એક જ સર્વલોક વ્યાપી માનવો એ સિદ્ધાંત સત્ય નથી. જીવો જેવાં જેવાં કર્મો કરે તેવાં તેવાં શુભાશુભ ફળ પ્રાપ્ત થાય છે. તે સ્પષ્ટ દેખાય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
पत्तेअं कसिणे आया, जे बाला जे य पहिडया । सन्ति
૮ ૯ ૧૦ ૧૪ ૧૩ ૧૨
पिच्चा न ते सन्ति, नत्थि सत्तोववाइया ॥ ११ ॥

શબ્દાર્થ : (૧) પ્રત્યેકના (૨) સમસ્ત લોકમાં (૩) આત્મા (૪) જે કોઇ (૫) અજ્ઞાની (૬) પંડિતના પૃથક્ પૃથક્ છે. (૭) શરીર છે ત્યાં સુધી આત્માનું અસ્તિત્વ છે (૮) રહેતું નથી. (૯) શરીરનો નાશ થતા આત્માનું (૧૦) અસ્તિત્વ (૧૧) પરલોકમાં (૧૨) ઉત્પન્ન થવા રૂપ (૧૩) પદાર્થ (૧૪) દેખાતો નથી.

ભાવાર્થ:– વળી કોઇ કોઇ અજ્ઞાનીઓ કહે છે કે અજ્ઞાની અને જ્ઞાની એ સર્વના આત્મા ભિન્ન ભિન્ન છે; પરંતુ મૃત્યુ પશ્ચાત પરલોકમાં જવાવાળો અથવા તો પરલોકમાં ઉત્પન્ન થવાવાળો કોઇ નિત્ય પદાર્થ કે જીવ જણાતો નથી. એટલે મૃત્યુ પશ્ચાત આત્માનું અસ્તિત્વ રહેતું નથી. આવો મત પાંચ ભૂતોથી ઉત્પન્ન શરીરરૂપમાં ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થાય છે અને પ્રત્યેક શરીરમાં આત્મા જુદા જુદા હોવાનું માનનારાઓનો છે અને તેઓ સર્વવ્યાપી એક જ આત્મા હોવાનો નિષેધ કરે છે અને શરીરની હૈયાતી સુધી જ આત્માના અસ્તિત્વને માને છે. શરીરનો નાશ થતા આત્માનો નાશ માને છે. આવા પ્રકારનો મત જીવ અને શરીરને અભિન્ન માનવાવાળાનો છે. અહીં શાસ્ત્રકાર જણાવે છે કે જન્મતાં બાળકનો દાખલો, જન્મતાંવેંત માતાના સ્તનથી ધાવવા લાગે છે. જેથી તે જીવને પૂર્વનો અનુભવ છે તેમ નક્કી થાય છે. માટે આત્માનો નાશ થતો નથી. તેમ જ

પરલોક પણ છે. તેમ સાબિત થાય છે. અન્ય તીર્થીઓની માન્યતા અસત્ય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૭ ૬
નત્થિ પુણ્ણે વ પાવે વા, નત્થિ લોએ ઇતોવરે ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
સરીરસ્સ વિણાસેણં, વિણાસો હોઇ દેહિણો ॥ ૧૨ ॥

શબ્દાર્થ : (૧) નથી (૨) પુણ્ય (૩) પાપ (૪) નથી (૫) લોક (૬) અન્ય (૭) આલોકથી (૮) શરીરના (૯) વિનાશે (૧૦) નાશ (૧૧) થાય છે (૧૨) આત્માનો.

ભાવાર્થ:– વળી શરીરને જ આત્મા માનવાવાળા કહે છે કે પુણ્ય નથી, પાપ નથી, તેમ જ આ લોકથી અન્ય બીજો કોઇ લોક છે જ નહિ. શરીરના વિનાશની સાથે જ આત્માનો વિનાશ થાય છે. (પાંચ ભૂતોથી ઉત્પન્ન થતાં શરીરમાં જે ચૈતન્ય શક્તિરૂપ આત્મા ઉત્પન્ન થાય છે તેનો) આવા અજ્ઞાનીઓ જીવ તથા શરીરને એક માનનારા પરલોકને પણ માનતા નથી. તથા સુખદુઃખને પણ માનતા નથી. તેથી કામભોગોમાં આસક્ત રહી સંસાર પરિભ્રમણ વધારી જન્મ મરણરૂપ દુઃખોના ચક્રાવામાં જ ફસાઇ રહે છે. એમ જાણી વીતરાગમાર્ગની શ્રદ્ધા લાવી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ મોક્ષમાર્ગનું આરાધન કરવું. એ જ આત્મ કલ્યાણનો માર્ગ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
કુવ્વં ચ કારયં ચેવ, સવ્વં કુવ્વં ન વિજ્જઈ । એવં
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
અકારઓ અપ્પા, એવં તે ઉ પગબ્ભિઆ ॥ ૧૩ ॥

શબ્દાર્થ : (૧) ક્રિયા કરવાવાળા (૨) બીજા પાસે કરાવવાવાળા (૩) સર્વ (૪) ક્રિયા કરવાવાળા (૫) નથી (૬) વિદ્યમાન (૭) એવા પ્રકારે (૮) ક્રિયા રહિત (૯) આત્મા (૧૦) એ રીતે (૧૧) તે અક્રિયાવાદી (૧૨) ધૃષ્ટતા કરે છે.

ભાવાર્થ:– વળી અક્રિયાવાદીનો એક મત છે તે એવી પ્રરૂપણા કરે છે કે આત્મા સ્વયં કોઇ ક્રિયા કરતો નથી. અન્ય પાસે ક્રિયા કરાવતો નથી, એટલે આત્મા સક્રિય છે એમ અકારકવાદી સાંખ્યમતવાળા માને છે. આત્મા, અમૂર્ત નિત્ય અને સર્વવ્યાપી હોવાથી અક્રિય માને છે. આવી રીતે તે સાંખ્ય મતવાળા અક્રિયાવાદી ધૃષ્ટતા કરે છે. જીવોને ક્રિયા કરતાં જોવા છતાં અને સ્વયં ક્રિયા કરતો હોવા છતાં આત્માને અક્રિય માનવો તે એકાંત અજ્ઞાનતા જ છે. આત્માને પાંચ ભૂતોથી શરીરથી અભિન્ન માનનાર અક્રિયવાદીનો આવો મત છે.

જે[૧] તે[૧] ઉ[૧] વાઇણો[૨] એવં[૪], લોએ[૩] તેસિં[૫] કઓ[૬] સિયા ?।
તમાઓ[૧૧] તે[૧૦] તમં[૧૨] જન્તિ[૧૩], મન્દા[૭] આરમ્ભ[૮] નિસ્સિઆ[૯] ॥ ૧૪ ॥

શબ્દાર્થ : (૧) અક્રિયાવાદી (૨) એ પ્રકારે કરે છે (૩) તેના મત પ્રમાણે (૪) આલોક (૫) કેમ (૬) હોઇ શકે (૭) મૂર્ખ (૮) આરંભમાં (૯) આસક્ત (૧૦) તે અક્રિયાવાદીઓ (૧૧) અજ્ઞાની (૧૨) વિશેષ અજ્ઞાનને (૧૩) પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ:– એ અક્રિયાવાદી લોકો આત્માને અકર્તા–અક્રિય માને છે તો તેના મતે–તેના અભિપ્રાયે ચાર ગતિરૂપ સંસાર–લોક કયાંથી હોઇ શકે ? પરંતુ એ મૂર્ખ તથા આરંભમાં આસક્ત પાંચ ઇન્દ્રિયોનાં વિષયોમાં ગૃદ્ધ બનેલાં હોઇ સત્ય વસ્તુને નહિ સમજતા અજ્ઞાનમાં જ રહેલા વિશેષ અજ્ઞાન રૂપ અંધકારને પ્રાપ્ત કરી. ચાર-ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં દુઃખ ભોગવે છે.

સન્તિ[૧] પંચ[૨] મહબ્ભૂયા[૩], ઇહમેગેસિ[૪] માહિયા[૪]। આય-છટ્ઠો[૮] પુણો[૯] આહુ[૧૦], આયા[૧૧] લોગે[૧૨] ય સાસએ ॥ ૧૫ ॥

શબ્દાર્થ : (૧) છે (૨) પાંચ (૩) મહાભૂત (૪) એમ (૫) કેટલાએકનું (૬) કથન છે (૭) આત્મા (૮) છઠ્ઠો (૯) કહે છે કે (૧૦) આત્મા (૧૧) લોક (૧૨) શાશ્વત છે.

ભાવાર્થ:- વળી કેટલાએક અન્યતીર્થીઓ કહે છે કે આ લોકમાં પાંચ મહાભૂત અને છઠ્ઠો આત્મા છે અને આ જગત્માં આત્મા અને લોક બંને શાશ્વત છે-નિત્ય છે. પૃથ્વી આદિ પાંચ મહાભૂત રૂપ લોક તથા આત્માને નિત્ય તથા આકાશની માફક સર્વ વ્યાપક અને અમૂર્ત હોવાથી અવિનાશી છે. આવો વેદવાદી તથા સાંખ્ય તથા વૈશેષિકનો મત છે. આવી રીતે આ જગત્માં અજ્ઞાનતાથી જુદા જુદા અભિપ્રાયો રહેલાં છે.

૧ ૩ ૨ ૪ ૫ ૬ ૭
दुहओ ण विणस्संति, नो य उप्पज्जए असं। सव्वेऽवि
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
सव्वहा आया, नियत्ती भाव मागया ॥ १६ ॥

શબ્દાર્થ : (૧) બન્નેનો (૨) નાશ થતો (૩) નથી (૪) નથી (૫) ઉત્પન્ન થતા (૬) અવિદ્યમાન પદાર્થ (૭) સર્વ (૮) સર્વથા (૯) પદાર્થ (૧૦) નિત્ય ભાવ (૧૧) ભાવ (૧૨) પ્રાપ્ત.

ભાવાર્થ:- પૃથ્વી આદિ પાંચ મહાભૂત તથા છઠ્ઠો આત્મા કારણવશાત અથવા કારણવિના બન્ને પ્રકારથી નાશ પામતા નથી, અસત્ વસ્તુની ઉત્પત્તિ થતી નથી, સર્વ પદાર્થ સર્વથા નિત્ય છે. પોતાના સ્વભાવનો ત્યાગ કરતા નથી, આવો મત આત્મષષ્ટવાદીઓનો છે. આત્મા કોઇનો ઉત્પન્ન કરેલ નથી, આત્મા નિત્ય છે, આત્મા શસ્ત્રથી કપાતો નથી, છેદાતો નથી, અગ્નિથી ભસ્મ થતો નથી, પાણીથી ભીંજાતો નથી, વાયુથી સુકાતો નથી, કોઇથી છેદન, ભેદન થતો નથી, વિકાર રહિત, સર્વગત સ્થિર અચળ સનાતન કહેવાય છે અને સર્વ પદાર્થ સર્વથા નિત્ય છે આવા પ્રકારે કેટલાએકની માન્યતા છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
પંચ ખંધે વયંતેગે, બાલા ઉ ખણજોઇણો । અન્નો
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
અણન્નો નેવાહુ, હેઉયં ચ અહેઉયં ॥ ૧૭ ॥

શબ્દાર્થ : (૧) પાંચ (૨) સ્કંધ (૩) બતાવે છે (૪) કોઇએક (૫) અજ્ઞાની (૬) ક્ષણ માત્ર રહેવાવાળા (૭) ભૂતોથી ભિન્ન (૮) અભિન્ન (૯) નથી (૧૦) કહેતા (૧૧) હેતુક (૧૨) અહેતુક.

ભાવાર્થ:– કેટલાએક બૌદ્ધ મતવાળા ક્ષણમાત્ર રહેવાવાળા પાંચ સ્કંધ બતાવે છે. રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા તથા સંસ્કાર આદિ પાંચ સ્કંધથી ભિન્ન કોઈ આત્મા નામનો સ્કંધ આ જગત્માં નથી. ભૂતોથી ભિન્ન અથવા અભિન્ન, કારણથી કે વિના કારણે આત્માની ઉત્પતિ થતી નથી, આવા પ્રકારનો બૌદ્ધ મતનો એક સંપ્રદાય છે. અને તે સર્વ પદાર્થોને ક્ષણ અવસ્થાવાળા અને અનિત્ય માને છે. જગત્માં આવા પ્રકારના જ્ઞાનના અભાવને કારણે ઘણા જુદી જુદી માન્યતાવાળા દર્શનો રહેલા છે. તેઓ પોતાની અજ્ઞાન માન્યતામાં ફસાઇ જન્મ મરણરૂપ સંસાર પરિભ્રમણ કરતાં થકાં દુઃખોને ભોગવે છે, એમ જાણી આત્માર્થી જીવોએ શ્રી વીતરાગદેવના કથન ઉપર દૃઢ શ્રદ્ધા રાખી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ, ધર્મનું આરાધન કરવા આત્મહિત સાધનમાં જાગૃત રહેવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬
પુઢવી આઉ તેઊ ય, તહા વાઊ ય એગઓ । ચત્તારિ
૭ ૮ ૯ ૧૦
ધાઉણો રૂવં, એવ માહંસુ આવરે ॥ ૧૮ ॥

શબ્દાર્થ : (૧) પૃથ્વી (૨) જલ (૩) અગ્નિ (૪) વાયુ (૫) ચાર (૬) ધાતુ (૭) રૂપ છે (૮) એકાકાર થાય ત્યારે જીવ રૂપ સંજ્ઞા ઉત્પન્ન થાય છે (૮) તેમ (૯) અન્ય બૌદ્ધમતવાળા (૧૦) કહે છે.

ભાવાર્થ:– પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ એ ચારે ધાતુરૂપ છે, એ ચારે પદાર્થો જગત્ને ધારણ કરે છે. તેમ જ પોષણ કરે છે, જેથી

ધાતુ કહેવાય છે. આ ચારે ધાતુરૂપ પદાર્થો જ્યારે એકાકાર થઇ શરીરરૂપમાં પરિણિત થાય છે, ત્યારે તેમાં જીવરૂપ સંજ્ઞા ઉત્પન્ન થાય છે. આ ચાર ધાતુરૂપ પદાર્થોથી ભિન્ન કોઇ આત્મા છે નહિ. આવા પ્રકારનો અન્ય બૌદ્ધ મતવાદીઓનો એક મત છે, તેઓ પોતાની આવી ભ્રમપૂર્ણ માન્યતામાં આસક્ત હોવાથી તેઓને સત્ય માર્ગ પ્રાપ્ત થતો નથી.

૧ ૨ ૩ ૪ ૫
अगाभा वसन्ता वि, अरण्णा वा वि पव्व या । इम
૬ ૭ ૮ ૯ ૧૦
दरिसण मावण्णा, सव्व दुक्खा विमुच्चई ॥ १९ ॥

શબ્દાર્થ : (૧) ગૃહસ્થાશ્રમમાં (૨) રહેવાવાળા (૩) વનમાં રહેવાવાળા (૪) પ્રવ્રજ્યા ધારણ કરવાવાળા (૫) અમારા આ (૬) દર્શનને (૭) ગ્રહણ કરનારા (૮) સર્વ (૯) દુઃખોથી (૧૦) મુક્ત થઇ શકે છે.

ભાવાર્થ:– ગૃહસ્થાશ્રમમાં રહેવાવાળા ગ્રહસ્થો હોય, અથવા વનમાં રહેવાવાળા તાપસ, અથવા પ્રવ્રજ્યા ધારણ કરનારા પૈકી જે કોઇ અમારા દર્શનને ધારણ કરે તો સર્વ દુઃખોથી મુક્ત થઈ શકે છે. આ પ્રમાણે પાંચમહાભૂતવાદીઓ તથા તજ્જીવ-તચ્છરીરવાદીઓનો મત રહેલ છે.

૧ ૪ ૨ ૩ ૫ ૬ ૭
ते णावि संधिं णच्चा णं, न ते धम्मविओ जणा ।
૮ ૯ ૧૪ ૧૧ ૧૨ ૧૩ ૧૫
जे ते उ वाइणो एवं, न ते ओहंतराऽऽहिया ॥ २० ॥

ते णावि संधिं णच्चा णं, न ते धम्मविओ जणा ।
૧૮ ૧૬ ૧૭
जे ते उ वाइणो एवं, न ते संसार पारगा ॥ २१ ॥

ते णावि संधिं णच्चा णं, न ते धम्मविओ जणा ।
૧૯
जे ते उ वाइणो एवं, न ते गब्भस्स पारगा ॥ २२ ॥

તે णावि संधिं णच्चा णं, न ते धम्मविओ जणा । जे ते उ वाइणो एवं, न ते जम्मस्स[२०] पारगा ॥ २३ ॥

તે णावि संधिं णच्चा णं, न ते धम्मविओ जणा । जे ते उ वाइणो एवं, न ते दुक्खस्स[२१] पारगा ॥ २४ ॥

તે णावि संधिं णच्चा णं, न ते धम्मविओ जणा । जे ते उ वाइणो एवं न[२४] ते मारस्स[२२] पारगा[२३] ॥ २५ ॥

શબ્દાર્થ : (૧) અન્ય દર્શનીઓ (૨) સંધિને (૩) જાણતા (૪) નથી (૫) ધર્મને (૬) જાણતા (૭) એ લોકો (૮) અન્ય દર્શનીઓ (૯) અફળવાદનું સમર્થન કરવાવાળા (૧૦) પૂર્વોક્તરૂપ (૧૧) તેઓ (૧૨) સંસારરૂપ ઓઘને સમુદ્રને (૧૩) તરી શકતા (૧૪) નથી (૧૫) એમ તીર્થંકરદેવે કહેલ છે (૧૬) સંસારના (૧૭) પારને (૧૮) પામી શકતા નથી (૧૯) ગર્ભના, (૨૦) જન્મોના (૨૧) દુઃખના (૨૨) મૃત્યુના (૨૩) પારને પામતા (૨૪) નથી.

ભાવાર્થ:– પૂર્વોક્ત અન્ય દર્શનીઓ સંધિને (જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મના સ્વરૂપને કર્મ બંધન તથા કર્મ ક્ષય કરવાનો ઉપાય જાણવો તે સંધિ કહેવાય) જાણ્યા વિના ક્રિયામાં (પોતાની માન્યતા અનુસાર) પ્રવૃત્ત રહે છે. તેમ જ અફળવાદ એટલે કોઇ ક્રિયાના–કર્મના ફળ ભોગવવા પડતા નથી. કારણ કે આ મનુષ્ય શરીરનો નાશ થતાં આત્માનો નાશ માને છે તેથી મૃત્યુબાદ જીવ જેવું કોઇ સત્વ રહેતું નથી. તેથી પરલોક નથી. તેથી ક્રિયાનું ફળ ભોગવવું પડતું નથી. આવા પ્રકારની માન્યતાના દુરાગ્રહથી અન્ય તીર્થીઓ સમ્યક્ પ્રકારથી ધર્મનો સત્ય નિર્ણય કરવા સમર્થ થતાં નથી. ક્ષમા આદિ દશ પ્રકારના યતિ ધર્મને જાણ્યા વિના જ વાણીથી મોક્ષની પ્રરૂપણા કરનારા તે અન્યતીર્થીઓ સંસાર રૂપ ઓઘના, સંસારના, ગર્ભના, જન્મોના, દુઃખના, મૃત્યુના પારને પામવા સમર્થ

થતા નથી અને જન્મ મરણ રૂપ સંસાર પરિભ્રમણના ચક્રમાં દુઃખો ભોગવતા થકાં રહે છે. એમ શ્રી તીર્થંકર દેવે કહેલ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
नाणाविहाइं दुक्खाइं, अणुहोन्ति पुणो पुणो । संसार
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
चक्कबालंमि, मच्चु वाहि जराकुले ॥ २६ ॥

શબ્દાર્થ : (૧) ઘણા (૨) પ્રકારના (૩) દુઃખો (૪) અનુભવ કરતા (૫) વારંવાર (૬) સંસાર (૭) ચક્રમાં (૮) અન્યતીર્થિ (૯) મૃત્યુ (૧૦) વ્યાધી (૧૧) જરાવસ્થાથી (૧૨) આકુલ.

ભાવાર્થ:- મૃત્યુ, વ્યાધિ, વૃદ્ધાવસ્થાથી વ્યાકુળ પરિપૂર્ણ આ સંસારરૂપી ચક્રમાં અન્યતીર્થિઓ વારંવાર દુઃખોને ભોગવતાં થકાં પરિભ્રમણ કરતા રહે છે. આવા પ્રકારે મિથ્યાત્વ ભાવમાં આગ્રહ રાખવાવાળા, કેટલાએક પુનર્જન્મને નહિ માનવાવાળા, કેટલાએક પાંચ મહાભૂતોને માનવાવાળા, કેટલાએક ક્ષણિકવાદને માનવાવાળા, કેટલાએક પરલોકને નહિ માનવાવાળા, કેટલાએક સમસ્ત જગત્માં એક જ આત્મા હોવાનું માનવાવાળા, કેટલાએક પૃથ્વી, પાણી, અગ્નિ, અને વાયુ એ ચાર ધાતુના સંયોગથી શરીરરૂપે પરિણિત થતા જીવ સંજ્ઞાની ઉત્પતિ હોવાની માન્યતાવાળા, કેટલાએક પાંચ મહાભૂતો અને છઠ્ઠો આત્માને શાશ્વત નિત્ય માનવાવાળા, કેટલાએક વળી ઈંડાથી લોકની ઉત્પતિને માનવાવાળા, કેટલાએક વળી દેવથી, ઈશ્વરથી, સ્વયંભૂથી અને પ્રધાન પુરુષથી લોકની ઉત્પતિને માનનારા, આ પ્રમાણે જુદી જુદી રીતે માન્યતાવાળા પોતાની માન્યતામાં બદ્ધ આસક્ત રહી, હિંસામાં રક્ત રહી, પાંચ ઇન્દ્રિયોના વિષય ભોગોમાં આસક્ત બની. આરંભ તથા પરિગ્રહ મમત્વમાં આસક્ત રહેલાં કર્મના સ્વરૂપને તથા તેના વિપાકોને નહિ જાણનારા નરક અને તિર્યંચ ગતિઓમાં વારંવાર ઉત્પન્ન થઈ અસાતારૂપ દુઃખોને ભોગવતાં થકાં નવા નવા ભવોની વૃદ્ધિ કરતાં થકાં, સંસારભાવની વૃદ્ધિ કરતા થકાં

જન્મ મરણ રૂપ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરે છે. એમ જાણી વીતરાગ દેવના પ્રરૂપિત માર્ગની શ્રદ્ધા લાવી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ સંયમ આરાધનથી સંસાર પરિભ્રમણના હેતુરૂપ આઠ કર્મોનો ક્ષય કરી મોક્ષના શાશ્વતા સુખો પ્રાપ્ત કરી શકાય છે એમ જાણી સંયમ પાલન કરવા અપ્રમત્ત રહેવા ભગવંતનો ઉપદેશ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
उच्चावयाणि गच्छन्ता, गब्भमेसन्ति णन्तसो । नाय-
૭ ૮ ૧૦ ૧૧ ૯
पुत्ते महावीरे, एवमाह जिणुत्तमे ॥ २७ ॥

શબ્દાર્થ : (૧) ઉંચી નીચી ગતિઓમાં (૨) ભ્રમણ કરતાં (૩) ગર્ભ-વાસને (૪) પ્રાપ્ત કરે છે (૫) અનંતવાર (૬) જ્ઞાત (૭) પુત્ર (૮) ભગવાન મહાવીર (૯) જિનોમાં ઉત્તમ (૧૦) આ પ્રમાણે (૧૧) કહેલ છે.

ભાવાર્થ:- જ્ઞાત પુત્ર ભગવંત શ્રી મહાવીરસ્વામીએ ઉપરોક્ત કથન કરેલ છે જે અન્ય તીર્થીઓ સર્વે ઉંચી નીચી ગતિ-ઓમાં ભ્રમણ કરતાં થકાં અનંતવાર ગર્ભવાસરૂપ જન્મ મરણ કર્યા કરશે. આ પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશામાં સ્વસિદ્ધાંત તથા પર-સિદ્ધાંતની વ્યાખ્યા કરી છે.

પ્રથમ ઉદ્દેશો સમાપ્ત.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
आघायं पुण एगेसिं, उववन्ना पुढो जिया । वेदयंति
૮ ૯ ૧૧ ૧૦
सुहं दुक्खं, अदुवा लुप्पन्ति ठाणओ ॥ १ ॥

શબ્દાર્થ : (૧) કથન (૨) વળી (૩) કેટલાએક (૪) નારકાદિકના-ભવોમાં ઉત્પન્ન થઇને (૫) પૃથક્ પૃથક્ (૬) જીવો (૭) વેદે છે (૮) સુખ (૯) દુઃખને આયુષ્ય પૂર્ણ થતા (૧૦) સ્થાન છોડી (૧૧) અન્ય સ્થળે ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ:- વળી કેટલાએક નિયતવાદીનું એમ છે કે નરકાદિક ગતિઓમાં જીવો પૃથક્ પૃથક્ ઉત્પન્ન થઇ દેહની સ્થિતિ સુધી પૃથક્ પૃથક્ સુખ દુઃખનો અનુભવ કરતાં થકાં રહેલાં છે. તે આયુષ્ય પૂર્ણ થતા સ્થાન છોડી અન્ય સ્થળે ઉત્પન્ન થાય છે. આ અધિકારથી પંચ મહાભૂતવાદી, પાંચ સ્કંધવાદી, તજ્જીવતચ્છરીરવાદી, આત્મઽદ્વૈતવાદી, તથા બૌદ્ધમતવાદી, આદિ સર્વ મિથ્યા દૃષ્ટિ મતોનું તેમની માન્યતાનું સહેજે ખંડન થઇ જાય છે. કારણ કે જીવ એક ભવ છોડી બીજી ગતિમાં ઉત્પન્ન થવાનું તથા પૃથક્ પૃથક્ સુખ દુઃખ ભોગવવાનું નિયતવાદી પણ કબુલ કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
न तं सयं कडं दुक्खं, कओ अन्नकडं च णं । सुहं
૯ ૧૦ ૧૧
वा जइ वा दुक्खं, सेहियं वा असेहियं ॥ २ ॥
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૮ ૧૭ ૧૬ ૧૯
सयं कडं न अन्नेहिं, वेदयन्ति पुढो जिया । संगइयं
૨૦ ૨૧ ૨૨ ૨૩
तं तहा तेसिं, इह मेगेसिमाहियं ॥ ३ ॥

શબ્દાર્થ : (૧) નથી (૨) સ્વયં (૩) કૃત (૪) દુઃખ (૫) કયાંથી (૬) અન્ય (૭) કૃત (૮) સુખ (૯) દુઃખ (૧૦) સિદ્ધિથી (૧૧) અસિદ્ધિથી (૧૨) સ્વયં (૧૩) કૃત (૧૪) નહિ (૧૫) અન્ય કૃત નહિ (૧૬) જીવો (૧૭) અલગ અલગ (૧૮) ભોગવે છે સુખ દુઃખ (૧૯) નિયતિ કૃત (૨૦) એ બધા (૨૧) એમ (૨૨) કેટલાએકનું (૨૩) કહેવું છે.

ભાવાર્થ:- જે પાણી સુખ, દુઃખ, અનુભવે છે અથવા એક સ્થાનથી બીજા સ્થાનમાં ઉત્પન્ન થાય છે એ સર્વ દુઃખાદિ સ્વયંકૃત નથી તેમ જ અન્ય કૃત કે ઈશ્વર કૃત પણ નથી. વળી જે સ્વયંકૃત દુઃખ નથી ભોગવવું પડતું તો અન્ય કૃત તો કયાંથી ભોગવવું પડે ? પુરુષાર્થથી કે સ્વભાવિક કૃત સુખ દુઃખ નથી; પરંતુ જે જીવો સુખ અગર દુઃખ અલગ અલગ ભોગવે છે એ બધા નિયતિ કૃત ભોગવાય

છે એમ કેટલાએક અન્યતીર્થિઓનું કહેવું છે. આવી માન્યતા નિયતિવાદીઓની છે. વિશેષ ખુલાસો મહારાજ શ્રી જવાહરલાલજી કૃત સૂત્ર કૃતાંગ પાના ૮૬–૮૭ માં જોવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
एवमेयाणि जंपंता, बाला पंडिअ माणिणो। नियया-
૮ ૯ ૧૦ ૧૧
निययं संतं, अयाणंता अबुद्धिया ॥ ४ ॥

શબ્દાર્થ : (૧) એ પ્રમાણે (૨) પૂર્વોકત કથન (૩) કહેતા થકા (૪) અજ્ઞાનીઓ (૫) પંડિત હોવાનું (૬) માનવાવાળા (૭) નિયત (૮) અનિયત (૯) એકાંત (૧૦) અજાણ (૧૧) બુદ્ધિ રહિત.

ભાવાર્થ:– પૂર્વોક્ત કથનનું નિયતિવાદનું સમર્થન કરવાવાળા નિયતિવાદીઓ પોતે અજ્ઞાની હોવા છતાં પોતાને પંડિત માનનારા જીવોના સુખ દુઃખોને એકાંત નિયતિ કૃત હોવાની પ્રરૂપણા કરે છે. પરંતુ એ બુદ્ધિહીન નિયતિવાદીઓ નિયત તથા અનિયતના સ્વરૂપના અજાણ છે– જાણતા નથી. કોઇ પણ સુખ અગર દુઃખ નિયતિ કૃત હોય જ નહિ; પરંતુ પોતાના પ્રમાદવશથી તેમ જ અજ્ઞાનતાથી બંધાયેલ કર્મોના ઉદયથી જ શુભાશુભના ઉદય પ્રમાણે સુખ અગર દુઃખની પ્રાપ્તિ હોય છે તે તેઓ જાણતા નથી.

૧ ૨ ૩ ૪ ૫ ૬
एवमेगे उ पासत्था, ते बुज्झो विप्पगब्भिआ । एवं
૭ ૮ ૧૧ ૯ ૧૦
उवट्ठिया सन्ता, न ते दुक्ख विमोक्खगा ॥ ५ ॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) કોઇ (૩) પાસ તથા (૪) વારંવાર નિયતિ કૃત સુખ દુઃખ માનવા મનાવવાની (૫) ધૃષ્ટતા કરે છે (૬) એ રીતે સ્વમત–અનુસાર ક્રિયામાં (૭) પ્રવૃત્ત થવા (૮) છતાં (૯) દુઃખોથી (૧૦) મુક્ત થઇ શકતા (૧૧) નથી.

ભાવાર્થ:– નિયતવાદીએ, નિયતિ જ સુખ દુઃખની કર્તા છે એમ વારંવાર વૃષ્ટતા કરે છે અને પોતાના રચેલા સિદ્ધાંત અનુસાર પરલોકની ક્રિયામાં ઉદ્યમવંત થવા છતાં દુઃખોથી છૂટી શકતા નથી કારણ કે તેઓની સમજણ સત્યપંથથી વિપરીત રહેલી છે. આરંભ છે તે દુઃખની વૃદ્ધિ કરાવનાર છે તેનું તેઓને જ્ઞાન નથી.

૧ ૨ ૩ ૪ ૫ ૬
जविणो मिगा जहा सन्ता, परिताणेण वज्जिया ।
૭ ૮ ૯ ૧૦
असुंकियाइं संकन्ति, संकियाइं असंकिणो ॥ ६ ॥

૧૧ ૧૨ ૧૩ ૧૪
परियाणिआणि संकंता, पासियाणि असंकिणो ।
૧૫ ૧૬ ૧૭ ૧૯ ૧૮
अग्गाण भय संविग्गा संपलिति तहिं तहिं ॥ ७ ॥

શબ્દાર્થ : (૧) ચંચળ (૨) મૃગ (૩) જે (૪) રહેલા (૫) રક્ષણ (૬) રહિત (૭) શંકારહિત સ્થાનમાં (૮) શંકા કરે છે (૯) શંકાવાળા સ્થાનમાં (૧૦) અશંકિત રહે છે (૧૧) રક્ષણ યુકત સ્થાનમાં (૧૨) ભયની શંકા રાખે છે (૧૩) પાસલાયુકત સ્થાનમાં (૧૪) અશંકિત રહે છે (૧૫) અજ્ઞાન (૧૬) ભયથી (૧૭) ઉદ્વેગ પામેલા (૧૮) પાસલાયુકત સ્થાનમાં (૧૯) જઈ રહે છે.

ભાવાર્થ:– જેમ ચંચળ મૃગલા શંકા રહિત સ્થાનોમાં ભય હોવાની શંકા કરે છે અને જ્યાં ભયરૂપ શંકાવાળા સ્થાનો છે ત્યાં શંકા કરતા નથી, રક્ષણ રહિત મૃગલીયો રક્ષણયુક્ત સ્થાનમાં ભય હોવાનું માને છે અને ભયની શંકા રાખે છે અને જ્યાં પાસલાયુક્ત ભયવાળા સ્થાનો છે ત્યાં નિર્ભય થઈ રહે છે. આવા અજ્ઞાનીઓ ભયથી ઉદ્વિગ્ન મૃગલાઓ પાસયુક્ત સ્થાનમાં જઇ રહે છે. એવી જ રીતે અન્ય દર્શનીઓ રક્ષણયુક્ત, સ્યાદ્વાદરૂપ, સમાધિયુક્ત, ધર્મ જે આત્માને હિતકર છે ત્યાં શંકા લાવી તેનાથી દૂર રહે છે અને અનર્થયુક્ત દુઃખના કારણ સમાન આત્માને અહિતકારક એવા

આરંભ અને પરિગ્રહ યુક્ત એકાંતવાદનો આશ્રય લે છે. જે સંસાર પરિભ્રમણને વધારનાર છે.

અહં[૧] તં[૩] પવેજ્જ[૨] બજ્ઝં[૫], અહે[૪] બજ્ઝસ્સ[૬] વા વએ[૮] । મુચ્ચેજ્જ[૭] પયપાસાઓ[૯] તં[૧૦] તુ[૧૨] મંદે[૧૧] ન દેહએ ॥ ૮ ॥

શબ્દાર્થ : (૧) તે મૃગલાઓ (૨) બંધનને (૩) ઉલ્લંઘન કરી શકે (૪) એ બંધન (૫) નીચેથી (૬) છૂટી શકે તેમ છે (૭) પગ બંધન રૂપ પાશથી (૮) છૂટી શકે (૯) તે મૃગલાઓને (૧૦) મૂર્ખને તે છૂટવાના માર્ગને (૧૧) જાણી કે જોઈ શકતા (૧૨) નથી.

ભાવાર્થ:- એ મૃગલાઓ કૂદીને પાસલાને ઉલ્લંઘીને અથવા તો પાસલાના બંધન નીચેથી નીકળી શકે તેમ છે અને પાસ બંધનથી મુક્ત થઇ શકે તેમ હોવા છતાં તે મુર્ખ મૃગલાઓ ભયથી વિહવળ થયેલા બંધનથી છૂટવાના માર્ગને દેખી શકતા નથી–જાણુતા નથી એ જ પ્રમાણે અન્ય તીર્થિઓ પણ કર્મબંધન રૂપ અને સંસાર પરિભ્રમણ રૂપ આરંભ પરિગ્રહ યુક્ત પોતાના માનેલા ધર્મથી–મતથી જ્ઞાન હીનતાના કારણે છૂટી શકતા નથી અને આત્મકલ્યાણ રૂપ મોક્ષ માર્ગને પ્રાપ્ત કરી શકતા નથી.

અહિયપ્પા[૩] અહિયપન્નાણે[૪], વિસમંતેણુવાગએ[૭] । સ[૮] બદ્ધે પયપાસેણં[૧૦] તત્થ[૧૨] ઘાયં[૧૩] નિયચ્છઇ[૧૧] ॥ ૯ ॥

શબ્દાર્થ : (૧) અહિત (૨) આત્માવાળા (૩) અહિત (૪) જ્ઞાનવાળા (૫) પાશયુક્ત વિષમ સ્થાનમાં (૬) જઇને (૭) મૃગો (૮) બંધાઇને (૯) પગ (૧૦) બંધન દ્વારા (૧૧) ત્યાં (૧૨) ઘાતને (૧૩) પામે છે.

ભાવાર્થ:- એ મૃગો પોતાનું જ અહિત કરવાવાળા પોતાની અહિત બુદ્ધિના કારણે બંધનયુક્ત વિષમ સ્થાનમાં જતાં ત્યાં પાશથી બંધાઇને મૃત્યુને પ્રાપ્ત થાય છે.

एवं तु समणा एगे, मिच्छदिट्ठि अणारिआ ।
असंकियाइं संकंति, संकियाइं असंकिणो ॥ १० ॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) કેટલાએક (૩) શ્રમણો (૪) મિથ્યા-દૃષ્ટિ (૫) અનાર્ય (૬) શંકા રહિત અનુષ્ઠાનોમાં (૭) શંકા કરે છે (૮) શંકાવાળા અનુષ્ઠાનોમાં (૯) શંકા કરતા નથી.

ભાવાર્થ:- મૂર્ખ મૃગોની માફક કેટલાએક મિથ્યાત્વદૃષ્ટિવાળા અનાર્ય શ્રમણો આરંભ રહિત શંકા રહિત સુંદર ધર્મ અનુષ્ઠાનોમાં શંકા રાખે છે અને જ્યાં આત્માના અહિતરૂપ, આરંભરૂપ એકાંત પક્ષવાળા અનુષ્ઠાનો જે કર્મ બંધનના કારણરૂપ શંકાવાળાં છે. ત્યાં શંકા કરતા નથી અને આરંભમાં રક્ત રહે છે.

धम्म पण्णवणा जा सा, तं तु संकंति मूढगा । आरंभाइं न संकंति, अविउत्ता अकोविया ॥ ११ ॥

શબ્દાર્થ : (૧) જે (૨) સત્ય ધર્મની પરૂપણા છે (૩) તેમાં (૪) તે મૂર્ખ (૫) શંકા કરે છે (૬) જ્યાં આરંભ છે (૭) ત્યાં શંકા (૮) કરતા નથી (૯) અવિવેકી (૧૦) શાસ્ત્રના અજાણ.

ભાવાર્થ:- મૂર્ખ, અજ્ઞાની, અવિવેકી, શાસ્ત્રજ્ઞાનથી રહિત અન્ય તીર્થીઓ જ્યાં ક્ષમા આદિ દશ પ્રકારના સત્ય ધર્મની પ્રરૂપણા છે. ત્યાં શંકા કરે છે અને પાપના કારણ રૂપ જ્યાં આરંભ છે. ત્યાં શંકા કરતા નથી.

सव्वपगं विउक्कस्सं, सव्वं णूमं विहूणिया अपत्तिअं अकम्मं से, एयमट्ठं मिगे चुए ॥ १२ ॥

શબ્દાર્થ : (૧) સર્વાત્મક લોભ (૨) માન અહંકાર (૩) માયા (૪) ક્રોધ (૫) ત્યાગ કરવાથી (૬) કર્માંશ રહિત થવાય છે (૭) એ અર્થને (૮) મૃગ સમાન અજ્ઞાનીઓ (૯) છોડી દે છે.

ભાવાર્થ:– લોભ, માન, માયા, ક્રોધ આદિ કષાયોને છોડવાથી–ત્યાગ કરવાથી જીવ કર્મ રહિત થાય છે. એ અર્થને–ઉપદેશને મૃગ સમાન અજ્ઞાની જીવો છોડી દે છે. સત્ય ઉપદેશને ગ્રહણ કરતા નથી. મોહનીય કર્મના ત્યાગથી સર્વ કર્મનો અભાવ થાય છે. તે અર્થ ગ્રહણ કરતા નથી.

૧ ૪ ૫ ૬ ૨ ૩ ૭
જે એયં નાભિ જાણંતિ, મિચ્છ દિટ્ઠી અણારિયા । મિગા
૮ ૧૦ ૧૧ ૯
વા પાસબદ્ધા તે, ઘાયમેસ્સન્તિ ણન્તસો ॥ ૧૩ ॥

શબ્દાર્થ : (૧) જે (૨) મિથ્યાદૃષ્ટિ (૩) અનાર્ય પુરુષો (૪) ઉપર કહેલ અર્થને (૫) નથી (૬) જાણતા (૭) મૃગ સમાન (૮) પાશમાં બદ્ધ (૯) અનન્તવાર (૧૦) ઘાતને (૧૧) પ્રાપ્ત કરશે.

ભાવાર્થ:– જે કોઇ મિથ્યાદૃષ્ટિ અનાર્યો ઉપર કહેલ અર્થને–મોક્ષમાર્ગને જાણતા નથી. એ બધા મિથ્યાદૃષ્ટિઓ પોતાની પાસલારૂપ આરંભવાળી ક્રિયાઓમાં બદ્ધ રહીને અનન્તવાર ઘાતને–મરણને પ્રાપ્ત કરશે. આરંભ છે એ જ જન્મ મરણરૂપ સંસાર પરિભ્રમણના હેતુઓ છે.

૨ ૩ ૧ ૪ ૬ ૫ ૭ ૮
માહણા સમણા એગે, સવ્વે નાણં સયં વએ । સવ્વ-
૯ ૧૦ ૧૪ ૧૧ ૧૩ ૧૨
લોગેઽવિ જે પાણા, ન તે જાણંતિ કિંચણ ॥ ૧૪ ॥

શબ્દાર્થ : (૧) કેટલાએક (૨) બ્રાહ્મણો (૩) શ્રમણો (૪) સર્વે (૫) પોત પોતાનાં (૬) જ્ઞાન (૭) બતાવે છે (૮) સર્વ લોકમાં (૯) જે (૧૦) પ્રાણીઓ રહેલા છે (૧૧) તેઓને (૧૨) પ્રાયઃ (૧૩) જાણતા (૧૪) નથી.

ભાવાર્થ:– કેટલાએક બ્રાહ્મણો તથા શ્રમણો સર્વે પોતપોતાના જ્ઞાનનું કથન કરે છે, બતાવે છે; પરંતુ લોકમાં રહેલા સર્વ જીવોને જાણતા નથી. (પૃથ્વી આદિ એકેન્દ્રિયો વગેરેને જીવ જાણતા નથી) ત્રસ તથા સ્થાવરરૂપે જીવો રહેલા છે. તે સર્વ જીવોને જાણતા નથી.

मिलक्खू[1] अमिलक्खूस्स[2], जहा वुत्ताणुभासए[3][4] । णं[5] हेउं[6] से विजानाति[7], भासिअं[8] तऽणुभासए[9] ॥ १५ ॥

શબ્દાર્થ : (૧) મ્લેચ્છ પુરુષ (૨) આર્ય પુરુષના (૩) કથનને સાંભળી તેનું (૪) અનુવાદન કરે છે. બોલે છે; પરંતુ કથનના (૫) હેતુને (૬) જાણતા (૭) નથી (૮) આર્ય પુરુષના ભાષણના (૯) અનુવાદન કરનારા છે.

ભાવાર્થ:– જેમ આર્ય પુરુષો કથન કરે છે. ઉપદેશ આપે છે. એ જ પ્રમાણે મ્લેચ્છ પુરુષો કથન તો કરે છે; પરંતુ કથનના હેતુને જાણતા નથી. ફકત આર્ય પુરુષોએ કરેલ ભાષણનું અનુવાદન કરે છે. (પરંતુ તેના અર્થને જાણતા નથી).

एवमन्नाणिया[1][2] नाणं[3], वयन्ता[4] वि सयं[5] सयं[6] । निच्छयत्थं[7] न[8] याणंति[9], मिलक्खुव्व[10] अबोहिया[11] ॥ १६ ॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) જ્ઞાનહીન બ્રાહ્મણો તથા શ્રમણો (૩) પોતપોતાના (૪) જ્ઞાનનું (૫) કથન કરે છે (૬) નિશ્ચય (૭) અર્થને (૮) નથી (૯) જાણતા (૧૦) પૂર્વોકત મ્લેચ્છની માફક (૧૧) જ્ઞાન રહિત છે.

ભાવાર્થ:– એ પ્રકારે જ્ઞાન રહિત બ્રાહ્મણો તથા શ્રમણો પોતપોતાના જ્ઞાનનું કથન કરે છે; પરંતુ નિશ્ચિત અર્થને જાણતા નથી. આવા આર્ય ભાષાના અનુવાદન કરવાવાળા અર્થના જ્ઞાનથી હીન પૂર્વોકત મ્લેચ્છની માફક બોધ રહિત છે.

૧ ૨ ૩ ૫ ૪ ૬
अन्नाणियाणं वीमंसा, अन्नाणे ण विनियच्छइ । अप्पणो
૭ ૮ ૧૧ ૧૦ ૯
य परं नालं, कुत्तो अन्नाणुसासिउं ॥ १७ ॥

શબ્દાર્થ: (૧) અજ્ઞાનવાદી (૨) વિચાર (૩) અજ્ઞાનવાદ (૪) નિશ્ચય-કરવામાં (૫) સમર્થ નથી (૬) પોતે પણ (૭) અજ્ઞાનવાદનો નિશ્ચય કરવા (૮) સમર્થ નથી તો (૯) શિક્ષા–ઉપદેશ દેવામાં (૧૦) અન્યને (૧૧) કયાંથી સમર્થ થાય.

ભાવાર્થ:– અજ્ઞાનવાદીઓ એમ માને છે. જે અજ્ઞાન એ જ શ્રેષ્ઠ છે; પરંતુ એમ કહેવાવાળા અજ્ઞાનવાદીઓ જે એ પર્યાલોચનાત્મક વિચાર કરે છે અથવા પદાર્થનો નિશ્ચય કરવાની ઈચ્છા કરે છે. પરંતુ નિશ્ચયરૂપથી અજ્ઞાન વિષયમાં સંગત થઇ શકતા નથી, સમર્થ થતા નથી. જ્ઞાન સત્ય છે કે અસત્ય છે. તે નિશ્ચયથી નિર્ણય કરી શકતા નથી. ખાલી વાતોમાં અજ્ઞાન શ્રેષ્ઠ છે. તેમ કથન કરે છે; પરંતુ દૃષ્ટાંતોથી અજ્ઞાન શ્રેષ્ઠ છે. તેમ નિશ્ચય કરી શકતા નથી, અજ્ઞાનવાદીઓ પોતાને શિક્ષા દેવામાં સમર્થ થતા નથી. તો અન્યને શિક્ષા દેવામાં સમર્થ કયાંથી થઇ શકે ? અજ્ઞાન પક્ષનો આશ્રય લેતા હોઇ અજ્ઞાની જ કહેવાય છે. વિશેષ ખુલાસો મ. **શ્રી** જવાહરલાલ કૃત સૂત્ર કૃતાંગ ભા. ૧ માનું ૧૦૭–૧૦૮ માં છે.

૨ ૩ ૧ ૪ ૫ ૬ ૭ ૮ ૯
वणे मूढे जहा जन्तू, मूढे नेयाणुगामिए । दो वि ए ए
૧૦ ૧૧ ૧૨ ૧૩
अकोविया, तिव्वं सोयं नियच्छइ ॥ १८ ॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) વનમાં (૩) દિશામૂઢ (૪) પ્રાણી (૫) દિશામૂઢ (૬) નેતાની (૭) પાછળ ચાલનાર (૮) બન્ને (૯) એએ માર્ગને (૧૦) નહિ જાણનાર (૧૧) તીવ્ર (૧૨) શોકને (૧૩) પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:– જેમ કોઈ જંગલમાં–અટવીમાં–વનમાં દિશામૂઢ પ્રાણી અન્ય દિશામૂઢ પ્રાણીની પાછળ પાછળ ચાલનાર બન્ને

વ્યક્તિઓ તીવ્ર શોકને–દુઃખને પ્રાપ્ત કરે છે. કારણ કે બન્ને વ્યક્તિ, માર્ગથી અજ્ઞાન છે. જેથી અસહ્ય દુઃખને અથવા ઘોર જંગલને પ્રાપ્ત કરે છે. એ જ દૃષ્ટાંતથી અજ્ઞાનવાદીઓ પોતે જ અજ્ઞાની હોઇ તેને અનુસરનારાઓ સંસાર પરિભ્રમણરૂપ અટવીમાં જન્મ મરણ કર્યા કરે છે અને દુઃખોને ભોગવે છે.

૪ ૧ ૨ ૩ ૪ ૫ ૭ ૧૦
अंधो अंधं पहं नेन्तो, दूरं मद्धाणुगच्छइ । आवज्जे
૮ ૯ ૧૧ ૧૨ ૧૩
उप्पहं जन्तू, अदुवा पंथाणुगामिए ॥ ૧૯ ॥

શબ્દાર્થ : (૧) અંધ મનુષ્યને (૨) માર્ગમાં (૩) લઇ જતા (૪) અંધપુરુષ જ્યાં જવાનું છે ત્યાંથી (૫) દૂર (૬) માર્ગમાં (૭) લઇ જાય છે (૮) ઉત્પંથને (૯) તે જીવ (૧૦) પ્રાપ્ત કરે છે (૧૧) અથવા (૧૨) અન્ય માર્ગમાં (૧૩) લઇ જાય છે.

ભાવાર્થ:- જેમ અંધમનુષ્ય માર્ગમાં અન્ય અંધ પુરુષને લઇ જતાં થકાં જે સ્થળે જવું છે ત્યાંથી દૂર સ્થળમાં લઇ જાય છે. અગર ઉત્પંથને પ્રાપ્ત થાય છે. અથવા તો અન્ય માર્ગમાં ચાલ્યા જાય છે; પરંતુ જ્યાં જવાનું છે, ત્યાં પહોંચી શકતા નથી. આજ દૃષ્ટાંતે અજ્ઞાનીઓ સંસાર પરિભ્રમણથી છૂટી મોક્ષનાં સુખોને પ્રાપ્ત કરી શકતા નથી.

૧ ૨ ૩ ૪ ૫ ૬
एवमेगे वि नियागट्ठी, धम्ममाराहगा वयं । अदुवा
૮ ૭ ૧૩ ૧૧ ૯ ૧૦ ૧૨
अहम्ममावज्जे, ण ते सव्वज्जयं वए ॥ ૨૦ ॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) કેટલાએક (૩) મોક્ષાર્થી કહે છે (૪) ધર્મના આરાધક છીએ (૫) અમે (૬) પરંતુ (૭) પ્રાપ્ત કરે છે (૮) અધર્મને (૯) સર્વ પ્રકારથી (૧૦) સરલ માર્ગને (૧૧) તેઓ (૧૨) પ્રાપ્ત કરી શકતા (૧૩) નથી.

ભાવાર્થ:– આવા પ્રકારથી કોઇ કોઇ મોક્ષાર્થી કહે છે કે અમે ધર્મના આરાધક છીએ; પરંતુ ધર્મ આરાધના તો દૂર રહી પરંતુ અધર્મને પ્રાપ્ત કરે છે, સર્વ પ્રકારે સરલ માર્ગરૂપ સંયમને ગ્રહણ કરી શકતા નથી, ભાવ અંધકારમાં રહેલા આજીવિક આદિ અન્યદર્શનીઓ મોક્ષ તથા સદ્ધર્મને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે અને અમે ધર્મના આરાધક છીએ, એમ માની પ્રવ્રજ્યા ધારણ કરે છે; પરંતુ પ્રવ્રજિત બની પશ્ચાત્ પૃથ્વી, જલ તથા વનસ્પતિના વિનાશપૂર્વકની પચનપાચન આદિ ક્રિયાઓમાં પ્રવૃત્ત બની સ્વયં આરંભવાળાં અનુષ્ઠાનો કરે છે અને એ પ્રમાણે અન્યને પણ ઉપદેશ આપે છે. તેથી સ્વયં પોતે અને તેઓને અનુસરનારાઓ બન્ને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે, અથવા મોક્ષની પ્રાપ્તિ તો દૂર રહી; પરંતુ સાવદ્યપ્રવૃત્તિથી અશુભ કર્મને પ્રાપ્ત કરે છે અને ઇષ્ટ અર્થને પ્રાપ્ત કરી શકતા નથી; પરંતુ વિપરીત અનર્થને પ્રાપ્ત કરે છે, આવી રીતે અસત્કર્મનાં અનુષ્ઠાન કરવાવાળા તથા અજ્ઞાનને જ કલ્યાણનું કારણ માનવાવાળા અજ્ઞાનવાદીઓ તથા આજીવિક આદિ અન્યતીર્થીઓ સદ્ધર્મરૂપ સરલમાર્ગ–સંયમ માર્ગને પ્રાપ્ત કરી શકતા નથી; પરંતુ સંસાર પરિભ્રમણની વૃદ્ધિ કર્યા કરે છે.

२ ३ ४ ७ ५ ६ ८
एवमेगे वियक्काहिं, नो अन्नं पज्जुवासिया । अप्पणो
१० ११ १
य वियक्काहिं, अयमंजूहिं दुम्मई ॥ २१ ॥

શબ્દાર્થ : (૧) દુર્બુદ્ધિ (૨) એ પ્રકારે (૩) કોઇ (૪) વિતર્કના કારણે (૫) જ્ઞાનવાદીની (૬) સેવા (૭) કરી શકતો નથી (૮) પોતાના (૯) વિતર્કના કારણે (૧૦) અજ્ઞાનવાદને શ્રેષ્ઠ સરલ માર્ગ (૧૧) માને છે.

ભાવાર્થ:– કોઇ દુર્બુદ્ધિ જીવ પૂર્વોક્ત વિકલ્પના કારણે જ્ઞાનવાદીના સરલ માર્ગને અનુસરતો નથી. જ્ઞાનીઓની સેવા કરી

શકતો નથી અને પોતાના વિતર્કથી અજ્ઞાનવાદ જ સરલ માર્ગ છે, મોક્ષ માર્ગ છે, તેમ માને છે અને પોતે જ્ઞાની હોવાનો આગ્રહ રાખી અજ્ઞાનવાદને કલ્યાણનો માર્ગ માની અભિમાનથી જ્ઞાનીના ઉપદેશને ગ્રહણ કરી શકતો નથી. તેથી મોક્ષમાર્ગથી દૂર રહે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૧૧
एवं तक्काइं साहेन्ता, धम्माधम्मे अकोविया । दुक्खं ते
૭ ૮ ૯ ૧૦
नाइतुट्टेन्ति, सउणी पंजरं जहा ॥ २२ ॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) તર્કવડે પોતાના મતથી (૩) સિદ્ધપદને સિદ્ધ કરે છે (૪) ધર્મ અધર્મના સ્વરૂપને (૫) નહિ જાણનારા (૬) દુઃખથી મુકત (૭) થઇ શકતા નથી (૮) પક્ષી (૯) પાંજરાને તોડી છૂટી શકતા નથી (૧૦) જેમ (૧૧) અજ્ઞાનવાદીઓ.

ભાવાર્થ:– પૂર્વોક્ત પ્રકારે પોતાના મતથી મોક્ષપદ સિદ્ધ કરનારા ધર્મ તથા અધર્મના સ્વરૂપને નહિ જાણનારા અજ્ઞાનવાદીઓ કર્મ-બંધનને તોડી શકતા નથી. જેમ પાંજરામાં રહેલ પક્ષી પાંજરાને તોડી શકતા નથી એ જ રીતે અજ્ઞાનવાદીઓ ધર્મ તથા પાપના વિપાકોને જાણતા નહિ હોવાથી સંસારરૂપી પાંજરામાંથી મુક્ત થવા સમર્થ થતા નથી.

૧ ૨ ૫ ૩ ૪ ૬ ૭
सयं सयं पसंसंता, गरहन्ता परं वयं जे उ तत्थ
૮ ૯ ૧૦
विउस्संति संसारं ते विउस्सिया ॥ २३ ॥

શબ્દાર્થ : (૧) પોતપોતાના (૨) મતની પ્રશંસા કરતા અને (૩) પરના (૪) પ્રવચનની (૫) નિન્દા કરતા (૬) અન્યતીર્થીઓ (૭) પોતાના મતની સ્થાપના અને પરમતનું ખંડન કરનાર અન્યતીર્થીઓ (૮) પોતાની વિદ્વતા પ્રગટ કરે છે (૯) સંસારમાં (૧૦) અતિ દૃઢપણે બંધાયેલ છે.

ભાવાર્થ:– પોત પોતાના મતની પ્રશંસા અને અન્યના મતની પ્રરુપણાની નિન્દા કરનારા અન્યતીર્થીઓ પોતાના મતની

સ્થાપના અને પરમતનું ખંડન કરવામાં પોતાની વિદ્વતા બતાવે છે એ અન્ય તીર્થીઓ સત્ય સ્વરૂપને નહિ જાણનારા સંસારમાં દૃઢપણે બંધાયેલા છે.

અહાવરં પુરક્ખાયં, કિરિયાવાઇ દરિસણં । કમ્મ ચિન્તા-
પણટ્ઠાણં, સંસારસ્સ પવડ્ઢણં ॥ ૨૪ ॥

શબ્દાર્થ : (૧) વળી અન્ય (૨) પૂર્વોકત (૩) ક્રિયાવાદીના (૪) દર્શન–મત છે (૫) તેઓ કર્મચિન્તાથી રહિત (૬) સંસારને (૭) વધારનાર.

ભાવાર્થ:- વળી બીજા ક્રિયાવાદીઓના મત–દર્શન છે. તે એકાંતવાદ હોઇ અજ્ઞાનતાના કારણે કર્મચિન્તાથી રહિત છે, તેઓનો મત–ક્રિયાવાદીઓનો મત છે. તે સંસાર પરિભ્રમણને વધારનાર છે. પ્રથમ અજ્ઞાનવાદીઓનો મત અજ્ઞાનથી કલ્યાણ પ્રાપ્ત થવાનું માને છે. જ્યારે ક્રિયાવાદીઓ ફક્ત જ્ઞાન રહિત ક્રિયાથી જ મોક્ષને માનનારા છે. તેઓ કર્મની ચિન્તાથી રહિત હોઇ તથા એકાંતવાદ હોઇ મિથ્યાત્વભાવવાળા હોઈ સંસાર વૃદ્ધિના કરનારા જાણવા.

જાણં કાએણઽણાઉટ્ટી, અબુહો જં ચ હિંસતિ । પુટ્ઠો
સંવેયઇ પરં, અવિયત્તં ખુ સાવજ્જં ॥ ૨૫ ॥

શબ્દાર્થ : (૧) જો પુરુષ જાણતા થકા મનથી હિંસા કરતા હોય પરંતુ (૨) શરીરથી (૩) ન કરતા હોય (૪) નહિ જાણતા થકા શરીરથી (૫) હિંસા કરતા હોય તેનું ફળ કેવળ (૬) ભોગવટો હોય છે (૭) સ્પર્શમાત્ર (૮) સ્પષ્ટ ન હોય (૯) સાવદ્યકર્મ.

ભાવાર્થ:- જો કોઇ ક્રોધિત થઇ કોઇ પ્રાણીની મનથી હિંસા કરતા હોય; પરંતુ શરીરથી હિંસા ન કરતા હોય અને જો કદાચ શરીરથી હિંસા કરતા હોય અને મનથી હિંસા ન કરતા હોય તો

કેવળ સ્પર્શમાત્ર કર્મબંધનના ફળનો અનુભવ–ભોગવટો હોય છે. કારણ બન્ને પ્રકારથી કર્મબન્ધ સ્પષ્ટ થતો નથી. આવા પ્રકારનું ક્રિયાવાદીઓનું અજ્ઞાન જન્ય દર્શન છે.

૩ ૧ ૨ ૪ ૫ ૬
संतिमे तउ आयाणा, जेहिं कीरइ पावगं ।
૭ ૮ ૯ ૧૦
अभिक्कम्माय पेसाय, मणसा अणुजाणिया ॥ २६ ॥

શબ્દાર્થ : (૧) એ ત્રણ (૨) કર્મબન્ધના (૩) કારણ છે (૪) જેના વડે (૫) કરાય છે (૬) પાપકર્મ (૭) સ્વયં આક્રમણ કરે અથવા (૮) કોઇ પ્રાણીને મારવા માટે નોકર આદિને મોકલે (૯) મનથી (૧૦) અનુજ્ઞા આપે.

ભાવાર્થ:– ત્રણ કારણથી કર્મબન્ધન થાય છે. તે ત્રણ કારણો એ છે જે સ્વયં પ્રાણીને મારવા આક્રમણ કરે, અથવા નોકર આદિને મોકલી પ્રાણીની ઘાત કરાવે, અથવા પ્રાણીની ઘાત કરનારને અનુમોદન આપે તો કર્મબંધન થાય છે. આ પ્રમાણે આરંભથી કર્મબંધન થાય છે. એમ સૂત્રકારે અન્યતીર્થીઓને કર્મબંધનની વિગત બતાવેલ છે. અન્યતીર્થીઓના મતનો નિષેધ કરે છે.

૧ ૨ ૩ ૪ ૬ ૫ ૭
एते उ तउ आयाणा, जेहिं कीरइ पावगं । एवं
૮ ૯ ૧૦
भावविसोहीए, निव्वाणमभिगच्छई ॥ २७ ॥

શબ્દાર્થ : (૧) એ (૨) ત્રણ (૩) કર્મબન્ધનાં કારણ છે (૪) જેના વડે (૫) પાપકર્મ (૬) કરાય છે (૭) એ પ્રકારે (૮) ભાવની વિશુદ્ધિથી (૯) મોક્ષને (૧૦) પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ:– પૂર્વોક્ત એ ત્રણ કારણથી હિંસા થાય છે, એવો જિનમત છે; પરંતુ ક્રિયાવાદીઓ ચાર પ્રકારથી થતી હિંસા અવ્યક્ત અસ્પષ્ટ માને છે.

૧. કાયાથી હિંસા કરે; પરંતુ મનથી નહિ

૨. મનથી હિંસા કરે; પરંતુ કાયાથી નહિ.

૩. ઇર્યા પથિક જતાં આવતાં થતી હિંસા.

૪. સ્વપ્નાન્તિક– સ્વપ્નમાં હિંસા કરી હોય.

આ રીતે ચાર પ્રકારથી થતી હિંસાનું ફળ–વિપાક ફક્ત જીવને સ્પર્શમાત્ર ભોગવવું પડે, એટલે હિંસા કરતાં ભાવની વિશુદ્ધિ હોય અને તે પ્રાણી ઉપર દ્વેષ ન કરે અને ઉપર મુજબ હિંસા થતી હોય તો પણ મોક્ષની પ્રાપ્તિ હોવાનું ક્રિયાવાદીઓ બતાવે છે. જેના ઉપર દૃષ્ટાંત નીચે મુજબ આપે છે.

પુત્તં પિયા સમારબ્ભ અહારેજ્જ અસંજએ । ભુંજમાણો ય મેહાવી, કમ્મુણા નોવલિપ્પઇ ॥ ૨૮ ॥

શબ્દાર્થ : (૧) કોઇ ગૃહસ્થ (૨) પિતા (૩) પુત્રને (૪) મારીને (૫) આહાર કરે (૬) ખાતા થકા દ્વેષરહિત હોય તો (૭) કર્મથી (૮) લેપાય નહીં (૯) મેહાવી.

ભાવાર્થ:– કોઇ વિપત્તિ સમયે કોઈ ગૃહસ્થ પિતા પોતાના પુત્રને મારીને તેનું માંસ દ્વેષ રહિત ખાતાં થકાં કર્મથી લેપાય નહિ, એવી જ રીતે સાધુઓ પણ રાગદ્વેષ રહિત જીવ હિંસા કરતા અગર માંસ ખાતાં થકા કર્મથી લિપ્ત થતા નથી. કારણ કે પુત્ર ઉપર દ્વેષ નથી. અહીં પુત્રને મારી પિતા માંસનું ભક્ષણ દ્વેષ વિના કરે તો કર્મથી લેપાય નહિ એ કથન તદ્દન અસત્ય છે. જીવઘાત સમયે પોતાને પોતાના દેહ ઉપરનો રાગ છે અને મૃત્યુ પામનાર દુઃખ વેઠે છે. તે વૈરબંધનું કારણ છે. જેથી તેઓનું કથન તદ્દન અસત્ય છે. ઉપરોક્ત સાન્યતા ક્રિયાવાદીઓની અજ્ઞાનથી ભરેલી હોઇ, ભ્રમણાથી હિંસા કરતા છતાં મોક્ષની પ્રાપ્તિને માને છે. હવે સૂત્રકાર ક્રિયાવાદીની માન્યતાનું ખંડન નીચે મુજબ કરે છે.

મણસા જે પउस्संति, चित्तं तेसिं ण विज्जइ । अणवज्ज मतहं तेसिं, ण ते संवुड चारिणो ॥ २९ ॥

શબ્દાર્થ : (૧) જે કોઇ મનથી (૨) કોઇ પ્રાણી ઉપર દ્વેષ કરતો હોય (૩) તેનું (૪) ચિત્ત (૫) નિર્મળ હોય નહિ તેને કર્મનો (૬) ઉપચય ન હોય તે કહેવું (૭) મિથ્યા છે (૮) તેઓ (૯) સંવર સાથ (૧૦) વિચરનારા નથી.

ભાવાર્થ:- જે કોઇ મનથી કોઇ પ્રાણી ઉપર દ્વેષ કરતો હોય તેઓનું ચિત્ત નિર્મળ હોઇ શકે નહિ. મનથી દ્વેષ કરનારને જો કાયાથી હિંસા ન કરે તો પાપ લાગે નહિ આવા પ્રકારનું ક્રિયાવાદીનું કથન મિથ્યા રહેલ છે. કારણ કે તે ક્રિયાવાદીઓ સંયમ સહિત વિચરવાવાળા નથી. જે કોઇ મનુષ્ય આદિ પ્રાણીનો વધ કરવા તૈયાર થાય તેઓનું ચિત્ત નિર્મલ હોય જ નહિ. મનના સંકલ્પ વિના કાયા કે વચન વ્યાપાર સંજ્ઞી જીવોને હોઇ શકે નહિ, જેથી ક્રિયાવાદીઓનું કથન તદ્દન અસત્ય રહેલ, છે સંસાર વૃદ્ધિનું કારણ છે. જીવોના પરિણામ કલુષિત થયા વિના જીવોની ઘાત થઇ શકે નહિ.

इच्चेयाहि य दिट्ठीहिं, सायागारवनिस्सिया । सरणंति मन्नमाणा सेवंति पावगं जणा ॥ ३० ॥

શબ્દાર્થ : (૧) પૂર્વોકતએ (૨) દર્શનોના કારણે (૩) સુખભોગ તથા માન બડાઇમાં (૪) આસક્ત (૫) પોતાને શરણરૂપ (૬) માનતા થકા (૭) સેવન કરે છે (૮) પાપનું (૯) અન્ય દર્શનીઓ પોતાના દર્શનને.

ભાવાર્થ:- પૂર્વોક્ત અન્યદર્શનીઓ, પોત પોતાનાં દર્શનોને આશ્રયી સુખભોગ તથા માન બડાઇમાં અસક્ત રહેતા થકાં પોતાના દર્શનને પોતાના રક્ષક સમજીને પાપકર્મનું સેવન કરતા રહે છે અને જેવા પ્રકારના ભોજન પ્રાપ્ત થાય તેવા આધાકર્મી આદિ દોષવાળા ભોજનને પણ ખાય છે. તેમ જ પોતાના દર્શનને સંસારથી ઉદ્ધાર કરનાર માને છે. આવા પ્રકારના એકાંતવાદીઓના વ્યવહાર છે. તે બધા અસત્ય અને સંસાર વૃદ્ધિનાં કારણ સમજવા.

૧ ૩ ૪ ૨ ૫ ૬
जहा अस्साविणिं नावं जाइअंधो दुरूहिया । इच्छई
૭ ૮ ૧
पारमागन्तुं अन्तरा य विसीयई ॥ ३१ ॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) જન્માંધ પુરુષ (૩) છિદ્રવાળી (૪) નાવમાં (૫) બેસી (૬) ઇચ્છા કરે (૭) સામે પાર જવાની (૮) પરંતુ મધ્યમાં જ (૯) ડૂબી જાય છે.

ભાવાર્થ:– જેમ જન્માંધપુરુષ જે નાવ છિદ્રવાળી હોય જેમાં પાણી આવતું હોય તેવી નાવમાં બેસી સામા કાંઠે જવાની ઇચ્છા કરે છે. પરંતુ છિદ્રવાળી નાવ હોવાથી તે જન્માંધ પુરુષ પારને નહિ પામતા મધ્યમાં જ ડૂબી જાય છે અને મૃત્યુને પામે છે. એ જ રીતે જે આરંભ પરિગ્રહવાળાં દર્શનો છે તે સંસારના પારને પામી શકતા નથી; પરંતુ સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણ કરતા થકાં દુઃખો ભોગવે છે.

૧ ૫ ૨ ૩ ૪ ૬
एवं तु समणा एगे, मिच्छ–दिट्ठी अणारिया । संसार-
૭ ૮ ૯
पार–कंखी ते, संसारं अणुपरियट्टन्ति ॥ ३२

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) કેટલાએક (૩) મિથ્યાદૃષ્ટિ (૪) અનાર્યો (૫) શ્રમણો (૬) સંસારને પાર (૭) પામવાની ઇચ્છાવાળા (૮) સંસારમાં (૯) પરિભ્રમણ કર્યા કરે છે.

ભાવાર્થ:– આવા પ્રકારે કેટલાએક મિથ્યાદૃષ્ટિ અનાર્ય શ્રમણો–સાધુઓ સંસારથી મુક્ત થવાની ઇચ્છાવાળા હોવા છતાં સત્યમાર્ગ પ્રાપ્ત નહિ થવાથી, પોતાની માન્યતાવાળા આરંભથી પણ મોક્ષ પ્રાપ્તિને માનવાવાળા હોવાથી, આરંભ અને પરિગ્રહમાં આસક્ત હોવાથી છિદ્રવાળી નાવમાં બેસી પાર પામવાવાળાની ઇચ્છાવાળાની માફક સંસારના પારને નહિ પામતા સંસારમાં જન્મ મરણરૂપ પરિભ્રમણ કર્યા કરે છે.

બીજો ઉદ્દેશો સમાપ્ત

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
जं किंचि उ पूइकडं, सड्ढी मागंतु मीहियं । सहस्सं-
૮ ૯ ૧૦
तरियं भुंजे, दुपक्खं चेव सेवइ ॥ १ ॥

શબ્દાર્થ : (૧) જો આહાર (૨) થોડો પણ (૩) આધાકર્મી કણથી મિશ્રિત હોય (૪) શ્રદ્ધાવાન પુરુષે (૫) આવનાર મુનિઓ માટે (૬) બનાવેલ આહારને (૭) હજાર ઘરના અંતરે (૮) ખાય તો એ સાધુ, ગૃહસ્થ તથા સાધુ (૯) બન્ને પક્ષના (૧૦) સેવનાર જાણવા.

ભાવાર્થ:– જો આહાર, આધાકર્મી આહારના એક કણથી પણ મિશ્રિત–અપવિત્ર હોય, શ્રદ્ધાવાન ગૃહસ્થે આવનાર મુનિ માટે બનાવેલ હોય, એવા આહારને મુનિ એક હજાર ઘરના અંતર બાદ પણ સેવન કરે–ખાય, તો તે મુનિ, સાધુ તથા ગૃહસ્થ બન્ને પક્ષના સેવન કરનાર ગણાય, એટલે જે કોઇ ગૃહસ્થે મુનિને માટે (ઉદ્દેશી) બનાવેલ આહાર કર્યો હોય તે આહાર સાધુ ગ્રહણ ન કરે. એટલે તે આહાર એક હજાર ઘર છોડી જ્યાં પોતાના સ્વજનો હોય ત્યાં તે આહારને તે ગૃહસ્થ મોકલાવે ને કદાચ તે સાધુ ફરતા ફરતા ત્યાં ગયા હોય તો પણ તે આહાર સાધુજીને કલ્પી શકે નહિ, છતાં તેવા પ્રકારનો આહાર ગ્રહણ કરે તો તે સાધુ આચારથી ભ્રષ્ટ થાય ને સંસાર પરિભ્રમણ કરે.

૧ ૨ ૩ ૪
तमेव अविजाणंता, विसमंसि अकोविया । मच्छा
૫ ૬
वेसालिया चेव, उदगरसऽभियागमे ॥ २ ॥

૭ ૮ ૯ ૧૦ ૧૧
उदगस्स पभावेण, सुक्कंसि घातमेन्ति उ । ढंकेहि य
૧૨ ૧૩ ૧૪
कंकेहि य, आमिसत्थेहिं ते दुही ॥ ३ ॥

શબ્દાર્થ : (૧) આધાકર્મી આદિ આહારના (૨) દોષોને નહિ જાણનાર (૩) સંસારસ્વરૂપ અષ્ટકર્મના જ્ઞાનમાં (૪) અનિપુણ અન્યતીર્થી સમુદ્રની (૫) વૈશાલિક મત્સ્યની જેમ દુઃખી થાય છે (૬) જલની વાઢની સાથે (૭) જલના-પ્રભાવથી (૮) સૂકા અગર (૯) લીલા સ્થાનમાં (૧૦) આવીને પડનાર મત્સ્ય (વૈશાલિક) (૧૧) ઢંક અગર (૧૨) કંકક પક્ષી દ્વારા મૃત્યુને પ્રાપ્ત કરે છે દુઃખી થાય છે એની માફક આધાકર્મી દોષિત આહારના સેવન કરનાર (૧૩) માંસાર્થી (૧૪) દુઃખી થાય છે.

ભાવાર્થ:– આધાકર્મી આહારના દોષોને નહિ જાણનારા સંસાર સ્વરૂપને નહિ જાણનાર તથા આઠ પ્રકારના કર્મના જ્ઞાનમાં અનિપુણ આધા-કર્મી આહારના સેવન કરનારા, વૈશાલિક મત્સ્યની જેમ દુઃખને પામે છે. (સમુદ્રની ભરતીની સાથે જલના પ્રભાવથી તણાઈ સૂકા અગર લીલા સ્થાનમાં વૈશાલિક નામે મત્સ્ય આવી પડે છે અને તે વિશાલ જાતિવાળી માછલી પાણી ઘટી જવાથી ત્યાંથી પાછી સમુદ્રના પાણીમાં જઈ શકતી નથી અને ત્યાં માંસના અર્થી ઢંક અને કંક આદિ પક્ષીઓ દ્વારા તે મત્સ્ય દુઃખી થઈ મૃત્યુને પામે છે અને સંસારમાં જન્મ મરણરૂપ પરિભ્રમણ કરે છે એટલે જીવઘાત–આરંભ એ જ સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણના હેતુ છે. એમ જાણી આત્માર્થી-ઓએ આરંભથી મુક્ત થવા ઉપયોગવંત રહેવા જરૂર જાણવી અને શ્રમણવર્ગે નિર્દોષ આહાર ગ્રહણ કરવા ઉપયોગવંત રહેવું એ સાચા સાધકનો આચાર છે.

૧ ૫ ૪ ૨ ૩ ૭
एवं तु समणा एगे, वट्टमाण–सुहेसिणो। मच्छा
૬ ૮ ૧૦ ૧૧ ૯
वेसालिया चेव, घातमेस्संति णंतसो ॥ ४ ॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) વર્તમાનસુખની (૩) ઇચ્છાવાળા (૪) કોઈ (૫) શ્રમણ (૬) વૈશાલિક (૭) મત્સ્યની (૮) સમાન (૯ અનન્તવાર (૧૦) ઘાતને (૧૧) પ્રાપ્ત કરશે.

ભાવાર્થ:– પૂર્વોક્ત પ્રકારે વર્તમાન વિષય સુખની ઇચ્છાવાળા કોઇ શ્રમણ વૈશાલિક મત્સ્યની સમાન અનન્તવાર ઘાત–મૃત્યુને પ્રાપ્ત કરશે એટલે વર્તમાન ઇન્દ્રિયસુખની ઇચ્છાવાળાની આ પ્રકારની સ્થિતિ જાણી આત્માર્થી જીવોએ આરંભ પરિગ્રહથી મુક્ત થવા ઉપયોગી રહેવું તે આત્માના શ્રેયનું કારણ છે. વિષયો છે તે આરંભ૰ રૂપ જ છે. તે સંસાર પરિભ્રમનું કારણ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૭ ૬
इणमन्नं तु अन्नाणं, इहमेगेसिमाहियं । देवेउत्ते अयं
૮ ૯
लोए, बम्भउत्ते इ आवरे ॥ ५ ॥

શબ્દાર્થ : (૧) વળી (૨) બીજા પ્રકારનું (૩) અજ્ઞાન (૪) કોઇએ (૫) કહેલ છે જે (૬) આલોકમાં (૭) કોઇ દેવ દ્વારા ઉત્પન્ન કરેલ છે. વળી (૮) આલોક બ્રહ્માએ ઉત્પન્ન કરેલ છે (૯) અન્યનું કહેવું એમ છે જે.

ભાવાર્થ:– પૂર્વોક્ત અજ્ઞાન સિવાય બીજું અજ્ઞાન એ છે કે અન્યતીર્થી કોઇ કહે છે કે આ લોક કોઈ દેવોએ ઉત્પન્ન કરેલ છે, વળી કોઇ અન્ય એમ કહે છે, કે આ લોક બ્રહ્માએ ઉત્પન્ન કરેલ છે. આવા પ્રકારના અજ્ઞાનીઓના મતો અભિપ્રાયો જુદા જુદા અજ્ઞાનથી ભરેલા રહેલા છે. વિશેષ વિગત શ્રી જવાહરલાલજી મ. વાળા સૂત્રમાં પ્રથમ ભાગ પાના ૧૩૮ માં જોઇ લેવું.

૪ ૩ ૬ ૫ ૧
ईसरेण कडे लोए, पहाणाइ तहावरे । जीवा जीव समा-
૨
उत्ते, सुह दुक्खसमन्निए ॥ ६ ॥

શબ્દાર્થ : (૧) જીવ અજીવથી યુક્ત (૨) સુખદુઃખ સહિત (૩) આલોક (૪) ઇશ્વરકૃત છે (૫) અન્ય કહે છે જે પ્રધાનાદિકૃત છે.

ભાવાર્થ :- ઈશ્વરવાદીઓ કહે છે જે આ લોક જીવ, અજીવ, સુખ, દુઃખ, યુકત ઈશ્વરકૃત છે સાંખ્યવાદીઓ કહે છે કે આ લોક પ્રધાનાદિકૃત છે. એટલે કેટલાક અન્યતીર્થીઓ જગતના તથા સુખદુઃખના કર્તા ઈશ્વરને માને છે. (આવી રીતે એકાંતવાદીઓના જુદા જુદા અભિપ્રાયો નિશ્ચય રહિત છે.)

सयंभुणा[૧] कडे[૩] लोए[૨], इह[૪] वुत्तं[૬] महेसिणा[૫]। मारेण[૯] संथुया[૮] माया[૭], तेण[૧૦] लोए[૧૨] असासए[૧૧] ॥ ૭ ॥

શબ્દાર્થ : (૧) સ્વયંભૂએ (૨) લોકને (૩) બનાવેલ છે (૪) એમ (૫) મહર્ષિ (૬) કહે છે (૭) યમરાજે (૮) માયા (૯) રચેલ છે (૧૦) એ કારણે (૧૧) અનિત્ય છે (૧૨) લોક.

ભાવાર્થ :- કોઇ અન્યતીર્થીઓ કહે છે. કે સ્વયંભૂ-વિષ્ણુએ આ જગતની રચના કરી છે. એમ અમારા મહર્ષિ કહે છે, યમરાજે માયા રચી છે, પુનઃ કહે છે કે સ્વયંભૂએ લોકને ઉત્પન્ન કર્યા બાદ અત્યન્ત ભારના ભયથી જગતને મારનાર યમરાજને બનાવ્યા અને યમરાજે માયા રચી એ માયાથી લોકો મરે છે, આવા પ્રકારના સિદ્ધાંતો, મનો કલ્પીત (ઘડંત) રચી લોકને અશાશ્વત માને છે, પરંતુ જગત્ કોઈનું બનાવેલ નથી, તેમજ શાશ્વત છે, અનાદિ છે, જેનો અંત નથી, પરંતુ આઠ પ્રકારના કર્મોથી બદ્ધ જીવો સંસારમાં વારંવાર નવા નવા જન્મ લઇ મૃત્યુ પામી ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે એમ શ્રી કેવળજ્ઞાની ભગવંત મહાવીર સ્વામીનો ઉપદેશ છે.

माहणा[૨] समणा[૩] एगे[૧], आह[૬] अंडकडे[૫] जगे[૪]। असो[૯] तत्त-मकासीय[૭], अयाणंता[૧૦] मुसं[૧૧] वदे[૧૩] ॥ ૮ ॥

શબ્દાર્થ : (૧) કોઇ (૨) બ્રાહ્મણ (૩) શ્રમણ (૪) જગતને (૫) ઈંડાથી ઉત્પન્ન થયેલ હોવાનું (૬) કહે છે (૭) પદાર્થના સમૂહને (૮) બનાવેલ છે (૯) બ્રહ્માએ જાણનારાઓ (૧૦) વસ્તુના સ્વરૂપને નહિ (૧૧) આ રીતે મૃષા (૧૨) બોલે છે.

ભાવાર્થ:- કોઈ બ્રાહ્મણ તથા શ્રમણ કહે છે. કે આ જગત ઇંડાથી ઉત્પન્ન થયેલ છે. પ્રથમ જગત શૂન્ય હતું પશ્ચાત બ્રહ્માએ સર્વ પદાર્થોને ઉત્પન્ન કરેલ છે. વસ્તુના સ્વરુપને નહિ જાણનાર આ રીતે મન ઘડંત મૃષા બોલે છે અને પોતાના મતનું સ્થાપન કરે છે.

સ(૧)ણ્હિ પરિયા(૨)ણેહિં, લો(૩)યં બૂ(૫)યા ક(૪)ડેતિ ય (૭) । તત્તં (૮) તેણ વિયા(૯)ણંતિ, ણ વિણા(૧૨)સી કયાઇવિ (૧૧) ॥ ૯ ॥

શબ્દાર્થ : (૧) પોતાના (૨) અભિપ્રાયથી (૩) લોકને (૪) ઉત્પન કર્યાનું (૫) બતાવે છે (૬) તેઓ (૭) વસ્તુતત્ત્વને (૮) નથી (૯) જાણતા (૧૦) થવાનો નથી (૧૧) વિનાશ (૧૨) આ જગતનો કયારે પણ.

ભાવાર્થ :- પૂર્વોકત કહેવા મુજબ અન્ય દર્શનીઓ પોતાની ઇચ્છાથી, અથવા યુક્તિથી, લોકને ઉત્પન્ન કર્યાનુ, બતાવે છે કે કોઇ જગતને દેવકૃત, કોઇ બ્રહ્મકૃત, કોઇ ઈશ્વરકૃત, કોઇ પ્રધાનાદિકૃત, કોઇ સ્વયંભૂકૃત, કોઇ વળી ઇંડાથી લોક ઉત્પન્ન થયાનું બતાવે છે. કોઇ કહે છે. કે માયાને યમરાજે રચી છે. કોઇ કહે છે. જે અમારા રચેલા સિદ્ધાંતો સત્ય છે અન્યના મતો સત્ય નથી. આવા પ્રકારે વસ્તુ તત્ત્વને નહિ જાણનારા અન્યતીર્થીઓ મન ફાવે તેમ પોતાના દર્શનને જ સત્ય મનાવવા ફાવે તેમ બોલે છે. આવી રીતે અન્ય-દર્શનીઓ એકાંતવાદને પોષી રહ્યા છે. આ બાબત સૂત્રકૃતાંગ ભા ૧ પા. ૧૩૭ થી ૧૫૪ સુધીમાં મ. શ્રી. જવાહરલાલજી કૃતમાં વધારે ખુલાસો લખેલ છે.

૧ ૩ ૨ ૪ ૫
अमणुन्न समुप्पायं, दुक्खमेव वियाणिया । समुप्पाय
૬ ૮ ૯ ૭
मजाणन्ता, कहं नायंति संवरं ? ॥ १० ॥

શબ્દાર્થ : (૧) અશુભ અનુષ્ઠાનથી (૨) દુઃખ (૩) ઉત્પન્ન થાય છે (૪) એ જાણવું જોઇએ (૫) દુઃખની ઉત્પત્તિનાં કારણ (૬) નહિ જાણવાવાળા લોકો દુઃખનો નાશ કરવાના (૭) ઉપાયને (સંવરને) (૮) કયાંથી (૯) જાણી શકે.

ભાવાર્થ :– અશુભ અનુષ્ઠાનો–કાર્યો (હિંસાઆદિ) કરવાથી દુઃખની ઉત્પત્તિ હોય છે. જો લોક દુઃખની ઉત્પત્તિના કારણને જાણે નહિ તો દુઃખના નાશના કારણને કયાંથી જાણી શકે ? એટલે દુઃખની ઉત્પત્તિના અને નાશના હેતુ જાણ્યા વિનાની ક્રિયાઓ તે પણ આરંભ પરિગ્રહવાળી ક્રિયાથી દુઃખનો નાશ થતો નથી પરંતુ સંસારવૃદ્ધિરૂપ જન્મ, જરા મરણ અથવા ઇષ્ટ વિયોગ આદિ અનેક દુઃખોથી પીડિત બની અન્યતીર્થીઓ અરહટ યંત્રની (રેંટની) માફક અનન્તકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે.

૧ ૨ ૩ ૬ ૪ ૫ ૭
सुद्धे अपावए आया, इह मेगेसि माहियं । पुणो
૮ ૮ ૯
किड्डापदोसेणं, सो तत्थ अवरज्झई ॥ ११ ॥

શબ્દાર્થ (૧) શુદ્ધ (૨) પાપરહિત છે પરંતુ (૩) આત્મા (૪) કેટલા-એકના (૫) કથન છે જે (૬) આ જગતમાં (૭) પુનઃ (૮) રાગદ્વેષના કારણથી (૯) બંધાય છે.

ભાવાર્થ:– આ જગતમાં કોઇનું કથન એ છે કે આત્મા શુદ્ધ પાપ રહિત છે. પરંતુ રાગદ્વેષના કારણથી આત્મા ફરી બંધાઇ જાય છે, ગોશાલક મતાનુયાયીનો મત એવો છે જે મનુષ્યભવમાં શુદ્ધ આચરણથી નિષ્પાપ બની સર્વ કર્મોથી રહિત બની મોક્ષમાં જાય

છે. પુનઃ પોતાના શાસનની પૂજા અને પરશાસનનો અનાદર થતો દેખી મોક્ષમાં રહેલ જીવોને હર્ષ ઉત્પન્ન થાય છે અને પોતાના શાસનનો અનાદર થતો દેખી દ્વેષ ઉત્પન્ન થાય છે. આવા કારણોથી મોક્ષમાં રહેલા જીવો રાગદ્વેષથી લિપ્ત બને છે અને તે કારણે કર્મ રજથી આત્મા મલિન બને છે. જેથી કર્મના ભારથી ફરી તે આત્માઓ સંસારમાં જન્મ ધારણ કરે છે. આવા પ્રકારનાં ભ્રમપૂર્ણ કથનો અન્યતીર્થીઓનાં રહેલાં છે. સત્ય વસ્તુને સમજી શકતા નથી.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
इह संवुडे मुणी जाए, पच्छा होइ अपावए । वियडम्बु
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
जहा भुज्जो, नीरयं सरयं तहा ॥ ૧૨ ॥

શબ્દાર્થ : (૧) આ મનુષ્યભવમાં જે જીવ (૨) યમનિયમમાં રક્ત (૩) મુનિ (૪) બને છે (૫) પછી (૬) પાપરહિત (૭) બને છે પશ્ચાત્ (૮) જલ રજથી (૯) જેમ (૧૦) ફરીથી (૧૧) નિર્મલ (૧૨) મલિન બને છે તેમ (૧૩) આત્મા મલિન બને છે.

ભાવાર્થ :– જે જીવ મનુષ્યભવ પામી યમ નિયમમાં તત્પર રહેતો મુનિપદને પ્રાપ્ત કરી પાપ રહિત બને છે, પશ્ચાત્ રાગદ્વેષના કારણથી આત્મા જેમ નિર્મલ જલ, રજથી મલિન બને છે, તેમ આત્મા મલિન બને છે, આવા પ્રકારની માન્યતા અન્યતીર્થીઓની રહેલી છે, પરંતુ શ્રી જિનેશ્વરદેવના માર્ગમાં જે જીવો જ્ઞાન, દર્શન, ચારિત્રનું આરાધન કરી સંસારથી અષ્ટકર્મોથી મુક્ત થઇ સિદ્ધમાં ગયેલ છે તે આત્મા ફરી સંસારમાં આવતા નથી. આ સત્ય હકીકતને અન્યતીર્થીઓ જાણી શકતા જ નથી તેથી સંસાર પરિભ્રમણ કર્યા કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
एताणुवीति मेहावी, बंभचेरे ण ते वसे । पुढो
૭ ૮ ૯ ૧૦ ૧૧
पावाउया सव्वे, अक्खायारो सयं सयं ॥ ૧૩ ॥

શબ્દાર્થ : (૧) બુદ્ધિમાન પુરુષ (૨) એ લોકોનો વિચાર કરીને નિશ્ચય કરે કે (૩) એ અન્યતીર્થીઓ (૪) બ્રહ્મચર્યમાં (૫) સ્થિત (૬) નથી (૭) અન્યતીર્થી (૮) એ સર્વ (૯) પૃથક્ પૃથક્ (૧૦) બતાવે છે (૧૧) શ્રેષ્ઠ પોત-પોતાના સિદ્ધાંતોને.

ભાવાર્થ:– બુદ્ધિમાન પુરુષ, એ અન્યતીર્થીઓનો વિચાર કરીને નિશ્ચય કરે કે એ લોકો બ્રહ્મચર્ય પાલન કરી શકતા નથી. તથા એ સર્વ અન્યતીર્થીઓ કામભોગોમાં આસક્ત પોતપોતાના સિદ્ધાંતોને જ શ્રેષ્ઠ હોવાનું બતાવે છે અને કામભોગની આસક્તિના કારણે સત્ય માર્ગને ગ્રહણ કરી શકતા નથી.

१ २ ४ ५ ३ ६ ७
सए सए उवट्ठाणे सिद्धिमेव न अन्नहा । अहो इहेव
८ ९ १०
वसवत्ती सव्वकाम समप्पिए ॥ १४ ॥

શબ્દાર્થ : (૧) પોતપોતાના (૨) અનુષ્ઠાનોમાં સિદ્ધ હોવાનું બતાવે છે (૩) અન્ય સ્થળે (૪) સિદ્ધિ (૫) નથી (૬) મોક્ષ પ્રાપ્તિ કે પૂર્વ (૭) આ જન્મમાં (૮) જિતેન્દ્રિય બનવું જોઇએ (૯) તેઓની સર્વ કામનાઓ (૧૦) સિદ્ધ થાય છે.

ભાવાર્થ:– દરેક દર્શનવાળા પોતપોતાનાં અનુષ્ઠાનોમાં સિદ્ધિ પ્રાપ્ત થવાનું બતાવે છે, અન્ય સ્થળમાં સિદ્ધિનો નિષેધ બતાવે છે, વળી કેટલાએક એવું કથન કરે છે. કે જિતેન્દ્રિય બને તો પોતાની સર્વ કામનાની સિદ્ધિ થાય છે, શૈવ–એકદન્ડીમતવાળા કહે છે કે દીક્ષા ગ્રહણ કરવી, ગુરુચરણની સેવા કરવી, પોતાના સિદ્ધાંત મુજબ અનુષ્ઠાનો કરતાં મનુષ્ય સમસ્ત સાંસારિક પ્રપંચોથી રહિત મુક્તિને પ્રાપ્ત કરી શકે છે, બીજા પ્રકારથી નહિ, શૈવપંથી દીક્ષાથી મોક્ષ પ્રાપ્તિ માને છે, એકદન્ડી લોકો પચીસ તત્ત્વોના જ્ઞાનથી મુક્તિ બતાવે છે, વેદાંતી, ધ્યાન, અધ્યયન તથા સમાધિ માર્ગના અનુષ્ઠાનોથી

સિદ્ધિની પ્રાપ્તિ બતાવે છે, કેટલાએક બતાવે છે કે અમારાં અનુષ્ઠાનો કરવાથી મોક્ષ પ્રાપ્તિ પહેલાં આ જન્મમાં આઠ પ્રકારની ઐશ્વર્યવાળી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, (યોગવિદ્યાના પ્રભાવથી શરીરને સુક્ષ્મ બનાવવું, રૂસપાન હલકું બનાવવું, શરીરને મોટું બનાંવવું, ઇચ્છા પ્રમાણે વસ્તુને પ્રાપ્ત કરવી, શરીર તથા મનને કબજામાં રાખવા અન્ય જીવોને પોતાને વશ કરવા, ચાલવામાં કોઈ વસ્તુનો પ્રતિઘાત ન થવો, ઇચ્છિત વસ્તુ ભોગવવાની ઇચ્છા પુરી થતા સુધી તેનો નાશ ન થવો) આ રીતે સર્વે દર્શનવાળા પોતાના અભિપ્રાયવાળાં અનુષ્ઠાનોમાં મુક્તિ બતાવે છે, પરંતુ તે બધાઓ આરંભ અને પરિગ્રહમાં આસક્ત છે તો જ્યાં સુધી આરંભ અને પરિગ્રહમાં આસક્ત ભાવ છે ત્યાં સુધી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી; પરંતુ જન્મ, જરા, મરણ રૂપ સંસારચક્રમાં પરિભ્રમણ કરવું પડે છે, સ્વપરના ભેદ વિજ્ઞાન સાથે પાંચે ઇન્દ્રિયોના વિષયના ત્યાગથી તથા આરંભ પરિગ્રહના ત્યાગ અને જ્ઞાન, દર્શન ચારિત્રના સંપૂર્ણ આરાધનથી મોક્ષપ્રાપ્તિ હોવાનું જ્ઞાની ભગવંતોએ બતાવેલ છે. એ જ સત્ય છે.

सिद्धा य ते अरोगा य, इहमेगेसि माहियं सिद्धिमेव पुरोकाउं, सासए गढिया नरा ॥ १५ ॥

શબ્દાર્થ : (૧) સિદ્ધપુરુષો (૨) નિરોગ હોય છે (૩) આ લોકમાં (૪) કોઇ (૫) એમ કહે છે (૬) સિદ્ધિને (૭) સામે રાખી (૮) પોતાના દર્શનમાં (૯) મનુષ્યો (૧૦) બદ્ધ રહે છે

ભાવાર્થ:- અન્ય દર્શનીઓ કહે છે કે અમારા દર્શનનાં અનુષ્ઠાનોથી જેઓ સિદ્ધિને પ્રાપ્ત કરે છે તેઓ નિરોગી હોય છે. અન્યદર્શનીઓ સિદ્ધિને સામે રાખી પોતાના દર્શનમાં બદ્ધ-આસક્ત રહે છે.

૧ ૨ ૪ ૩ ૩
असंवुडा अणाईयं भमिहिन्ति पुणो पुणो । कप्पकाल-
૬ ૭ ૮ ૯
मुवज्जन्ति ठाणा आसुरकिव्विसिया ॥ १६ ॥

શબ્દાર્થ : (૧) ઇન્દ્રિય વિજયથી રહિત અન્યદર્શની આદિ (૨) રહિત (૩) સંસારમાં વારંવાર (૪) પરિભ્રમણ કરશે (૫) ચિરકાળ સુધી (૬) ઉત્પન્ન થાય છે (૭) સ્થાનોમાં (૮) અસુર (૯) કિલ્વિષીમાં.

ભાવાર્થ:– ઇન્દ્રિયવિજયથી રહિત અન્ય દર્શનીઓ વારંવાર સંસારમાં પરિભ્રમણ કર્યા કરશે. બાળ તપના પ્રભાવથી અસુર સ્થાનોમાં ચિરકાળ સુધી કિલ્વિષી દેવતાપણે ઉત્પન્ન થઇ પશ્ચાત્ સંસાર પરિભ્રમણ રૂપ જન્મ મરણ કરતા રહેશે. પાખંડી લોકો મોક્ષ પ્રાપ્તિ માટે સાવધાન થઇ ઇન્દ્રિયો તથા મનને વશ રાખી શકતા નથી અને એવો બકવાદ કરે છે કે ઇન્દ્રિયોના અનુરોધથી સર્વ વિષયોના ઉપભોગ કરવાથી પરલોકમાં મુક્તિની પ્રાપ્તિ થાય છે, આવા પ્રકારે ભોલા જીવોને ઉપદેશ આપી અસત્ય રસ્તે લઈ જાય છે. આવા દુરાચારના કારણે કર્મપાસમાં બંધાઇ વારંવાર નરક આદિ અધમ ગાંતઓમાં યાતના સ્થાનોમાં ઉત્પન્ન થઇ દુઃખોને ભોગવે છે. આવી રીતે અન્ય તીર્થીઓની સ્થિતિ જાણી સાધક આરંભ પરિગ્રહથી નિવૃત્ત થાય.

ત્રીજો ઉદ્દેશો સમાપ્ત.

૨ ૩ ૧ ૪ ૫ ૬ ૭
एए जिया भो ? न सरणं, बाला पण्डियमाणिणो ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
हिच्चा णं पुव्वसंजोगं, सिया किच्चोवएसगा ॥ १ ॥

શબ્દાર્થ : (૧) હે શિષ્યો ? (૨) એ અન્ય તીર્થીઓ કામક્રોધાદિથી (૩) જીતાએલ પોતાના શિષ્યોનું (૪) રક્ષણ કરવા સમર્થ નથી (૫) અજ્ઞાની પોતાને (૬) પંડિત માને છે (૭) સ્વજન આદિ (૮) છોડી (૯) પૂર્વ પરિગ્રહ (૧૦) સંબંધ (૧૧) અન્ય પરિગ્રહોમાં તથા આરંભમાં આસક્ત રહે છે ગૃહસ્થોના (૧૨) કાર્યોનો (૧૩) ઉપદેશ આપે છે.

ભાવાર્થ:– એ અન્યદર્શનીઓ કામ ક્રોધાદિકથી પરાજિત હોઇ હે શિષ્ય ? સંસારથી રક્ષણ કરવામાં સમર્થ નથી થતા, અજ્ઞાની હોવા છતાં પોતાને પંડિત માને છે. એ લોકો પોતાના પૂર્વ પરિચિત માતાપિતા બંધવ આદિ સ્વજનો તથા પરિગ્રહ વગેરેનો સંબંધ છોડી સાધુ બની પશ્ચાત્ આરંભ તથા પરિગ્રહમાં આસક્ત બની રહે છે અને ગૃહસ્થના કાર્યનો ઉપદેશ આપે છે. એમ જાણી આવા પાસત્થાઓના સંગથી આત્માથી સાધકોએ દૂર રહેવું.

૩ ૨ ૪ ૧ ૫ ૭ ૬
तं च भिक्खू परिन्नाय, वियं तसु ण मुच्छए ।
૯ ૧૦ ૧૧ ૯ ૧૨
अणुक्कसे अप्पलीणे, मज्झेण मुणि जावए ॥ २ ॥

શબ્દાર્થ : (૧) વિદ્વાન (૨) સાધુ (૩) અન્યતીર્થીઓ (૪) જાણીને તેના (૫) અનુષ્ઠાનોમાં (૬) મૂર્છિત (૭) ન બને (૮) વસ્તુના સ્વરૂપના જાણનાર મુનિ (૯) કોઇ પ્રકારનો મદ નહિ કરતા (૧૦) ગૃહસ્થોનો કોઇ વસ્તુનો સંબંધ ન રાખતાં (૧૧) માધ્યસ્થવૃતિથી (૧૨) વ્યવહાર કરે.

ભાવાર્થ:– વિદ્વાન સાધુ અન્યતીર્થીઓ, અસત્ય ઉપદેશ દેવાવાળા, તથા આરંભ પરિગ્રહમાં આસક્ત અશુભ અનુષ્ઠાનોવાળા, મિથ્યાદૃષ્ટિ મલિન ચિત્તવાળા, આત્માનું અહિત કરવાવાળાને જાણી તેનામાં મૂર્છિત ન બને, તેઓનો સંબંધ ન રાખે, અને કોઇ પ્રકારનો મદ નહિ કરતાં ગૃહસ્થી તથા અન્યતીર્થીઓના સંસર્ગ રહિત માધ્યસ્થવૃત્તિથી જીવન વ્યતીત કરી આત્મકલ્યાણના માર્ગ તરફ દૃષ્ટિ રાખી રહે અને સંયમ પાલનમાં અપ્રમાદ ભાવથી રહે.

સપરિગ્ગહા (૧) ય સારંભા (૨), ઇહમેગેસિ (૩)-માહિયં (૪)। અપરિગ્ગહા (૬) અણારંભા (૭), ભિક્ખૂ (૮) તાણં (૯) પરિવ્વએ (૧૦) ॥ ૩ ॥

શબ્દાર્થ : (૧) પરિગ્રહ રાખવાવાળા તથા (૨) આરંભ કરવાવાળા પણ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે (૩) એમ મોક્ષ વિષયમાં (૪) કોઇ (૫) કહે છે પરંતુ (૬) પરિગ્રહ તથા (૭) આરંભ રહિત પુરુષના (૮) ભાવભિક્ષુ (૯) શરણમાં (૧૦) જાય.

ભાવાર્થ:– કોઈ અન્યતીર્થી કહે છે કે પરિગ્રહ રાખવાવાળા તથા આરંભ કરવાવાળા જીવો પણ મોક્ષમાં જાય છે; પરંતુ ભાવ-ભિક્ષુએ તો પરિગ્રહ રહિત, તથા આરંભ રહિતના શરણમાં જવું તે જ આત્મકલ્યાણનો હેતુ જાણવો પરતીર્થીઓનું કહેવું અસત્ય જાણવું. કોઇ એમ પણ કહે છે કે શિર તથા મૂછ મુંડાવાની કોઇ જરૂર નથી. કેવલ ગુરુની કૃપાથી જ પરમ અક્ષરની પ્રાપ્તિ અથવા દીક્ષાની પ્રાપ્તિ થઇ શકે છે. આ વચનો બધા આસક્ત પુરુષોનાં છે એમ જાણી તેનો સંગ નહિ કરવો એ આત્માર્થીએ ઉપયોગ રાખવો. આરંભ અને પરિગ્રહને જન્મ મરણરૂપ સંસાર વૃદ્ધિના હેતુ જાણી સાધકે આરંભ પરિગ્રહથી દૂર રહેવું

કડેસુ (૧) ઘાસમેસેજ્જા (૩), વિઊ (૨) દત્તેસણં (૪) ચરે (૫)। અગિદ્ધો (૬) વિપ્પમુક્કો (૮) અ, ઓમાણં (૯) પરિવજ્જએ (૧૦) ॥ ૪ ॥

શબ્દાર્થ : (૧) ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલ આહારમાંથી (૨) વિદ્વાન મુનિ (૩) આહારની (૪) ગવેષણા કરે (૫) ગૃહસ્થોએ દીધેલ આહાર (૬) લેવાને ઇચ્છે એ રીતે (૭) આસકિત રહિત તથા (૮) રાગદ્વેષ વર્જિત બની કોઇ અન્યનું (૯) અપમાન (૧૦) ન કરે.

ભાવાર્થ:– વિદ્વાન સાધુ અન્ય દ્વારા બનાવેલ એટલે, ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલ આહારમાંથી દોષ રહિત આહારની

ગવેષણા કરે તથા ગૃહસ્થે દીધેલ આહાર ગ્રહણ કરવાની ઇચ્છા કરે આહારમાં મૂર્ચ્છા ન રાખે તથા રાગદ્વેષ કરે નહિ, તેમજ અન્ય કોઇનું અપમાન ન કરે.

લોગવાયં[૧] ણિસામિજ્જા[૨], ઇહમેગેસિ[૩] માહિયં[૪]। વિપરીય-[૫]
પન્નસંભૂયં[૬], અન્નઉત્તં[૭] તયાણુયા[૮] ॥ ૫ ॥

શબ્દાર્થ : (૧) લોકવાદ અથવા પૌરાણિકના વાદને (૨) સાંભળવા જોઇએ (૩) એમ (૪) કેટલાએકનું (૫) કહેવું છે પરંતુ એ પૌરાણિકના સિદ્ધાંતો (૬) વિપરીત (૭) બુદ્ધિથી (૮) રચિત છે (૯) અન્ય અવિવેકીઓએ કહેલ તેના (૧૦) અનુગામી છે.

ભાવાર્થ:- કેટલાએક દર્શનીઓ કહે છે કે પાખંડીઓ તથા પૌરાણિકોની વાત લોકવાદના કથનને સાંભળવું જોઇએ પરંતુ પૌરાણિકોનું કથન વિપરીત બુદ્ધિથી ઉત્પન્ન તથા અન્ય અવિવેકીઓના કથન સમાન મિથ્યા છે અને તે લોકવાદના અનુગામી છે.

અણંતે[૨] નિઇએ[૩] લોએ[૧], સાસએ[૪] ન વિણસ્સઈ[૫]। અંતવં[૬] ણિઇએ[૭]
લોએ[૮], ઇતિ ધીરોઽતિપાસઈ[૯] ॥ ૬ ॥

શબ્દાર્થ : (૧) આ લોક (૨) અનન્ત (૩) નિત્ય (૪) શાશ્વત (૫) વિનાશી (૬) નથી (૭) આ લોક (૮) નિત્ય (૯) અંતવાળો (૧૦) એમ (૧૧) ધીર પુરુષ (૧૨) અત્યન્ત દેખે છે.

ભાવાર્થ:- આ લોક અનન્ત નિત્ય તથા શાશ્વત છે. તેનો વિનાશ થવાનો નથી વળી કોઇ એમ કહે છે કે આ લોક અન્નતવાન (સીમિત) તથા નિત્ય છે. એમ વ્યાસ આદિ ધીરપુરુષો દેખે છે. તેમજ નિત્યનો અર્થ એ માને છે જે પુરુષ હોય તે મૃત્યુ પામી

પુરુષ જ થાય સ્ત્રી મૃત્યુ પામી સ્ત્રી થાય એક જ સ્વભાવવાળો લોક છે. વળી કેટલાક સાત દ્વીપવાળી પૃથ્વી હોવાનું માને છે. જેથી પરિણામવાળો લોક માને છે. કોઇ કહે છે જે પુત્ર રહિત પુરુષને માટે કોઇ લોક નથી. બ્રાહ્મણ દેવતા છે અને કુત્તા યક્ષ હોવાનું, તથા ગાયને મારવાવાળાને કોઈ લોક મળતો નથી. આવી આવી ભ્રમપૂર્ણ વાતો કરે છે, વળી પાછા કહે છે જે આવા પ્રકારના લોકવાદને સાંભળવો જોઈએ આવા મિથ્યાવાદને પોષણરૂપ અન્ય-તીર્થીઓના આચાર વ્યવહાર બધા સંસાર પરિભ્રમણની વૃદ્ધિના હેતુ સમજી તેઓના સંગથી દૂર રહેવું.

अपरिमाणं[1] वियाणाई[2], इहमेगेसि[3] माहियं[4] । सव्वत्थ[5] सपरिमाणं[6], इति धीरोऽतिपसई[7] ॥ ७ ॥

શબ્દાર્થ : (૧) પરિમાણ રહિત (૨) જાણે છે (૩) લોકમાં (૪) કેટલાએક (૫) કહે છે (૬) સર્વત્ર (૭) પરિમાણસહિત (૮) એહ (૯) ધીર-પુરુષ અત્યન્ત (૧૦) દેખે છે.

ભાવાર્થ:– કેટલાએક અન્યતીર્થીની માન્યતા એ છે કે અતીન્દ્રિય પદાર્થોને જાણવાવાળા પુરુષ અવશ્ય છે; પરંતુ સર્વ પદાર્થના જ્ઞાતા (જોવાવાળા) સર્વજ્ઞ પુરુષ છે જ નહિ. પરિમિત પદાર્થોને જાણવાવાળા પુરુષો હોય છે, એમ ધીરપુરુષો કહે છે. આશય એ છે કે અન્યતીર્થીઓના તીર્થંકર અતીન્દ્રિય પદાર્થને દેખવાવાળા છે. છતાં પરિમિત પદાર્થોને જ જોવે છે, દેખે છે, તેથી સર્વજ્ઞ નથી, એટલે અપરિમિત જ્ઞાની હોવા છતાં પરિમિત પદાર્થને જ જુએ છે, જાણે છે, એટલે ઈષ્ટ અર્થને જાણવું ને જોવું, કીડાની સંખ્યાના જ્ઞાનની શી જરૂર છે. ? તેમ તેઓ માને છે, બ્રહ્મા, દિવ્ય એક હજાર વરસ સુધી સૂઇ રહે છે, એ સમયે કિંચિત માત્ર દેખતા નથી, પણ જ્યારે જાગે છે, ત્યારે દેખે છે, આવા પ્રકારનો લોકવાદ રહેલો છે. આવા અજ્ઞાનીઓનો સંગ ન કરવો.

૧ ૨ ૩ ૫ ૪ ૬
જે કોઇ તસા પાણા, ચિટ્ઠંતિ અદુ થાવરા । પરિયાએ
૭ ૮ ૯ ૧૦ ૧૧
અત્થિ સે અંજૂ જેણ તે તસ્સ થાવરા ॥ ૮ ॥

શબ્દાર્થ : (૧) જે કોઇ (૨) ત્રસ અથવા (૩) જીવો (૪) સ્થાવર (૫) સ્થિત છે (૬) પર્યાય (૭) હોય છે (૮) તેની (૯) અવશ્ય (૧૦) જે (૧૧) ત્રસ હોય તે (૧૨) સ્થાવર અને સ્થાવર હોય તે ત્રસ થાય છે.

ભાવાર્થ:- આ લોકમાં જેટલા ત્રસ અને સ્થાવર જીવો છે. તે અવશ્ય એક બીજાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. ત્રસ હોય તે સ્થાવર થાય છે ને સ્થાવર હોય તે ત્રસમાં ઉત્પન્ન થાય છે. અન્ય તીર્થીઓની માન્યતા ગાથા છઠ્ઠીમાં બતાવેલ જીવોનું નિત્યપણું- પુરુષ મૃત્યુ પામી પુરુષ જ થાય તે હકીકત અસત્ય છે. આ ઉપદેશ તો સંપૂર્ણ જ્ઞાની ભગવંત મહાવીરનો છે. જીવોના શુભાશુભ કર્માનુસાર પર્યાય પલટતી રહે છે, એકાંત આગ્રહ ન રાખવો.

૩ ૧ ૨ ૪ ૫ ૬ ૮
ઉરાલં જગઓ જોગં વિવજ્જાસં પલેંતિ ય । સવ્વે અક્કંત
૭ ૯ ૧૦ ૧૧
દુક્ખય, અઓ સવ્વે અહિંસયા ॥ ૯ ॥

શબ્દાર્થ : (૧) ઔદારિક જીવોની (૨) અવસ્થા (૩) વિશેષ સ્થૂલ છે કારણ સર્વજીવો એક અવસ્થાને છોડી બીજી અન્ય (૪) અવસ્થામાં (૫) જાય છે તથા (૬) સર્વ જીવોને (૭) દુઃખ (૮) અપ્રિય છે (૯) તેથી (૧૦) કોઇપણ (૧૧) જીવની હિંસા નહિ કરવી.

ભાવાર્થ:- ઔદારિક જીવોની અવસ્થા વિશેષ સ્થૂલ છે, કારણ કે સર્વ પ્રાણીઓ એક અવસ્થાને છોડી અન્ય બીજી અવસ્થા (પર્યાય-વિપર્યાય)માં ઉત્પન્ન થાય છે, તેમજ સર્વ જીવોને દુઃખ અપ્રિય છે, તેથી કોઈ પણ જીવની હિંસા કરવી નહીં, સંસારી સર્વ

જીવો ભિન્ન ભિન્ન પર્યાયોમાં બદલતા રહે છે, કારણ કે ઔદારિક શરીરવાળા સર્વ જીવોના યોગ–વ્યાપાર અવસ્થા વિશેષ સ્થૂલ છે. ઔદારિક શરીરવાળા પ્રાણી ગર્ભ કલલ અથવા અર્બુદરૂપ પૂર્વ અવસ્થાને છોડી તેથી વિપરીત બાળકુમાર અથવા યૌવન વૃદ્ધાવસ્થા આદિ સ્થૂલ અવસ્થાઓને પ્રાપ્ત કરે છે આશય એ છે કે ઔદારિક શરીરવાળા મનુષ્ય આદિ પ્રાણીઓની કાલકૃત કુમાર આદિ અવસ્થાઓ પ્રત્યક્ષ ભન્નભિન્ન દેખાય છે. (પરંતુ એક સરખી અવસ્થા રહેતી નથી.) એ રીતે સ્થાવર અને જંગમ સર્વપ્રાણીઓ ભિન્ન ભિન્ન અવસ્થાઓને પ્રાપ્ત કરે છે. તેમ જ સાંસારિક સર્વ પ્રાણી શારીરિક અને માનસિક દુઃખોથી પીડિત રહેલ છે અને સર્વ પ્રાણીઓને દુઃખ અપ્રિય છે. સુખ પ્રિય છે. જાણી કોઈ જીવની હિંસા નહિ કરવી તે આત્મકલ્યાણના તથા સુખના હેતુઓ છે. એમ જાણવું. વૈકિય શરીરવાળા જીવોમાં બાળપણું યુવાનપણું વૃદ્ધાવસ્થા આદિ અવસ્થા વિશેષરૂપ નથી. એક અંતર્મુહુર્તમાં જેટલી અવગાહના થવાની હોય તે થઈ જાય છે. દેવ નારકી વૈકિય શરીરવાળા અપૂર્ણ આયુષ્યે મૃત્યુ પામતા નથી.

૧ ૨ ૩ ૪ ૭ ૬ ૫ ૮
एयं खु नाणिणो सारं, जं न हिंसइ किंचण । अहिंसा
૯ ૧૦ ૧૧
समयं चेव, एतावन्तं वियाणिया ॥ १० ॥

શબ્દાર્થ : (૧) એ જ (૨) નિશ્ચયથી (૩) વિવેકી–જ્ઞાનીઓનો (૪) ન્યાય સંગત છે (૫) કોઇ જીવની (૬) હિંસા (૭) ન કરે (૮) અહિંસા આશ્રયી સર્વ જીવો સાથે (૯) સમભાવ રાખવો (૧૦) આ પ્રમાણે (૧૧) જાણવું.

ભાવાર્થ:– કોઇ પણ જીવોની હિંસા નહિ કરવી એ જ્ઞાની પુરુષને માટે ન્યાય સંગત છે, જ્ઞાનની પ્રાપ્તિનો એ જ સાર છે, સાથોસાથ જ્ઞાન–પ્રાપ્તિનો સાર એ છે જે મૃષા ન બોલે, અદત્ત ગ્રહણ

ન કરે, મૈથુન સેવન ન કરે, પરિગ્રહ કે પરિગ્રહ મમત્વ ન રાખે, રાત્રિ ભોજન ન કરે, આ બધાં વ્રતો નિયમો જ્ઞાન પ્રાપ્તિનું ફળ સારરૂપ જાણવું, જેમ પોતાને મરણ અપ્રિય છે, એ જ રીતે સર્વ જીવોને મરણ અપ્રિય છે, એમ જાણી કોઈ જીવોને પીડા–કષ્ટ ઉત્પન્ન થાય તેવા કાર્યોથી અલગ રહેવું તે આત્મકલ્યાણનો સમાધિનો સુખનો માર્ગ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
वुसिए य विगय गेही, आयाणं सम्म रक्खए । चरिआसण
૭ ૮ ૯ ૧૦
सेज्जासु, भत्तपाणे य अंतसो ॥ ११ ॥

શબ્દાર્થ : (૧) દશ પ્રકારની સાધુ સમાચારીમાં સ્થિત આહારાદિમાં (૨) આસક્તિ રહિત સાધુ (૩) જ્ઞાન દર્શન તથા ચારિત્રની સમ્યક્ પ્રકારથી (૪) રક્ષા કરે (૫) ચાલવામાં (૬) બેસવામાં (૭) શયનમાં તથા (૮) ભોજન (૯) પાણીના વિષયમાં (૧૦) સદા ઉપયોગ રાખે.

ભાવાર્થ:– દશ પ્રકારની સાધુ સમાચારીમાં સ્થિત તથા આહારાદિમાં આસક્તિ રહિત, મુનિ જ્ઞાન, દર્શન, ચારિત્રની ઉપયોગ પૂર્વક રક્ષા કરતા થકા ચાલવા, બેસવા, તથા શયનમાં યત્ના રાખે તથા ભાત પાણીમાં ઉપયોગ રાખી રહેવા, જાગૃત રહે.

૧ ૨ ૩ ૫ ૪ ૬ ૭ ૮
एतेहिं तिहिं ठाणेहिं संजए संततं मुणी । उक्कसं जलणं
૯ ૧૦ ૧૧
णूमं, मज्झत्थं च विगिंचए ॥ १२ ॥

શબ્દાર્થ : (૧) એ (૨) ત્રણ (૩) સ્થાનોમાં (૪) સદા (૫) સંયમ રાખતા થકા (૬) મુનિ (૭) માન (૮) ક્રોધ (૯) માયા (૧૦) લોભનો (૧૧) ત્યાગ કરે.

ભાવાર્થ:- ઈર્યા સમિતિ, આદાનનિક્ષેપના સમિતિ, એષણા સમિતિ એ ત્રણે સ્થાનોમાં સદા સંયમ રાખી મુનિ ક્રોધ-માન માયા તથા લોભનો ત્યાગ કરે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
समिए उ सया साहू, पंच-संवर-संवुडे । सिएहिं
૭ ૮ ૯ ૧૦
असिए भिक्खू, आमोक्खाय परिव्वएज्जासि ॥ १३ ॥

શબ્દાર્થ : (૧) સમિતિ યુક્ત (૨) સદા (૩) સાધુ (૪) પાંચ સંવરથી (૫) ગુપ્ત રહેનારા (૬) ગૃહસ્થોમાં (૭) મૂર્ચ્છા ન રાખતા (૮) ભિક્ષુ (૯) મોક્ષની પ્રાપ્તિ થતાં સુધી (૧૦) સંયમપાલન કરે.

ભાવાર્થ:- નિર્દોષ ભિક્ષાચરી કરવામાં રક્ત સાધુ સમિતિ યુક્ત પાંચસંવરથી ગુપ્ત રહી ગૃહસ્થોમાં મૂર્ચ્છા નહિ રાખતા થકા મોક્ષની પ્રાપ્તિ થતાં સુધી સંયમ પાલન કરે અને સમસ્ત કર્મોના ક્ષય કરવા સંયમમાં અનુરક્ત રહે આ પ્રમાણે શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય શ્રી જંબૂસ્વામીને કહે છે.

પ્રથમ અધ્યયન સમાપ્ત

અધ્યયન ૨ જું.

પ્રથમ ઉદ્દેશો.

संबुज्झह किं न बुज्झह ? संबोही खलु पेच्च दुल्लहा;
नो हूवणमंति राइओ, नो सुलभं पुणरावि जीवियं ॥ १ ॥

શબ્દાર્થ : (૧) હે ભવ્યો ! તમે બોધ પ્રાપ્ત કરો (૨) કેમ બોધને પ્રાપ્ત કરતા નથી (૩) મૃત્યુ પશ્ચાત્ પરલોકમાં (૪) બોધપ્રાપ્ત થવો (૫) દુર્લભ થશે (૬) વ્યતીતરાત્રિ (૭) પાછી આવતી (૮) નથી (૯) સંયમીજીવન (૧૦) ફરી (૧૧) સુલભ (૧૨) નથી.

ભાવાર્થ:– હે ભવ્યજીવો ? તમે બોધને પામો, કેમ બોધને પ્રાપ્ત કરતા નથી ? જે રાત્રિ વ્યતીત થઈ તે ફરી પાછી આવતી નથી. તેમજ સંયમી જીવન મૃત્યુ બાદ પરલોકમાં પ્રાપ્ત થવું સુલભ નથી મહાન દુર્લભ છે, ભગવાન શ્રી ઋષભદેવસ્વામી, (ભરત ચક્રવર્તીથી તિરસ્કાર પામેલા) પોતાના અઠાણું પુત્રોને તથા સુર, અસુર, મનુષ્ય, નાગ તથા તિર્યંચોને ઉપદેશ આપે છે કે હે ભવ્યજીવો ? તમે જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપ ધર્મના બોધને પ્રાપ્ત કરો કારણ કે ફરી આવો અવસર પ્રાપ્ત થવો કઠિન છે. એક તો મનુષ્યનો જન્મ, કર્મભૂમિ, આર્યદેશ, ઉંચકુળમાં જન્મ, સર્વેન્દ્રિયો સંપૂર્ણ એ સર્વની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. વળી શ્રવણ તથા સમકિતની પ્રાપ્તિ પણ દુર્લભ છે. પૂર્વોક્ત સામગ્રી પામીને બુદ્ધિમાન પુરુષોએ તુચ્છ વિષયોના સેવનને ત્યાગી સદ્ધર્મનો બોધ પ્રાપ્ત કરવો જોઈએ, નિર્વાણ આદિ સુખોના દેનાર જૈનેન્દ્ર ધર્મથી યુક્ત મનુષ્યભવ પામી તુચ્છકામભોગોનું સેવન કરવું એ આત્માને અહિતનું કારણ જાણવું. જે પુરુષ વિષય સેવનમાં

આસક્ત થઇ એકવાર ધર્માચરણથી ભ્રષ્ટ થાય છે. તે અનંતકાળ સુધી આ સંસારમાં જન્મમરણરૂપ પરિભ્રમણ કરે છે એમ આગમમાં કહેલ છે. તેમજ આયુષ્ય વ્યતીત થયેલ પાછું પ્રાપ્ત થતું નથી. એ જ રીતે યૌવન ચાલ્યા ગયા પછી પાછું પ્રાપ્ત થતું નથી. આયુષ્ય તૂટયું સાંધી શકાતું નથી એમ જાણી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ બોધ સ્વીકાર કરવો તે ભાવ બોધ છે. તેને ગ્રહણ કરી પ્રાપ્ત સંયોગોને સફળ બનાવવા ઉપયોગી રહેવું. એ આત્મહિતનું કારણ જાણવું.

૧ ૨ ૧૩ ૩ ૫ ૪
डहरा बुड्ढा य पासह, गब्भत्था वि चयंति माणवा ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
सेणे जह वट्टयं हरे, एवं आउखयंमि तुट्टई ॥ २ ॥

શબ્દાર્થ : (૧) નાના બાલક (૨) વૃદ્ધ (૩) ગર્ભમાં રહેલા તથા મોટી ઉમરના મધ્યમ ઉમરના (૪) મનુષ્યોનાં જીવન (૫) તુટી જાય છે (૬) શ્યેનપક્ષી (૭) જેમ (૮) વર્તકપક્ષીને (૯) પકડી લે છે મૃત્યુ પમાડે છે (૧૦) એ રીતે (૧૧) આયુષ્યનો ક્ષય થયે (૧૨) જીવોના જીવન નષ્ટ થાય છે. (૧૩) તેને દેખો.

ભાવાર્થ:– શ્રી ઋષભદેવસ્વામી પોતાના અઠાણુ પુત્રોને ઉદ્દેશીને ઉપદેશ આપે છે કે હે ભવ્યજનો બાલક, વૃદ્ધ તથા ગર્ભમાં રહેલા તથા મધ્યમ વયના વગેરે મનુષ્યો પોતાના જીવનને છોડી દે છે, એ તમે દેખો, જેમ શ્યેન નામનું પક્ષી વર્તક આદિ નાના પક્ષીઓને પકડી મારી નાંખે છે એ જ રીતે આયુષ્યનો ક્ષય થયે જીવોના જીવન નષ્ટ થાય છે, પ્રાયઃ સંસારી જીવોનાં આયુષ્ય વિશેષ સોપક્રમી હોવાથી નિયત હોતાં નથી. તેથી કોઇ ગર્ભમાંથી, કોઇ બાલવયમાં, તો કોઇ યૌવનવયમાં, તો કોઇ વૃદ્ધાવસ્થામાં મૃત્યુને પ્રાપ્ત થાય છે. આ રીતે મનુષ્યોનાં જીવન અસ્થિર છે, આવી રીતે પ્રાયઃ મનુષ્યઆદિ સર્વ જીવોની એ જ સ્થિતિ રહેલ છે, આયુષ્ય વિઘ્નોથી ભરપૂર છે, સર્વ અવસ્થાઓમાં પ્રાણી પોતાના પ્રાણોને છોડે છે, આ રીતે જીવોના જીવન, મૃત્યુ નષ્ટ કરી દે છે. એમ જાણી બોધને પ્રાપ્ત કરી, પ્રાપ્ત

થયેલ સુઅવસરને સંયમગ્રહણ કરી સફળ બનાવવો એ મનુષ્યનું કર્તવ્ય છે. એમ વિચારી ધર્મ આરાધન કરવા ઉદ્યમવંત બની રહેવું.

૧ ૨ ૩ ૫ ૪ ૬ ૭
માયાહિ પિયાહિ લુપ્પઈ, નો સુલહા સુગઈ ય પેચ્ચઓ ।
૮ ૯ ૧૦ ૧૨ ૧૩ ૧૧
એયાઇં ભયાઇં પેહિયા, આરંભા વિરમેજ્જ સુવ્વએ ॥ ૩ ॥

શબ્દાર્થ[૬] (૧) માતા (૨) પિતામાં લુબ્ધ (૩) પીડા પામે છે તેના માટે (૪) સુલભ (૫) નથી (૬) સુગતિ (૭) પરલોકમાં (૮) એ (૯) ભયને (૧૦) દેખી (૧૧) સુવ્રતપુરુષ (૧૨) આરંભથી (૧૩) વિરક્ત થાય.

ભાવાર્થ:– પ્રાય–જીવો, માતા, પિતા, પુત્ર, પુત્રી, સ્ત્રી આદિ સ્વજનોના સ્નેહમાં લુબ્ધ થઇ પીડાને પામતા થકા વારંવાર સંસાર પરિભ્રમણ કરે છે. આવા આસક્ત જીવોને માટે મૃત્યુ પછી પરલોકમાં સુગતિ પ્રાપ્ત થવી સુલભ નથી, એવું જાણી સુવ્રત પુરુષો પરલોકના ભયને દેખીને આરંભથી વિરક્ત થાય, નિવૃત્ત થાય. આસક્ત જીવો ધર્મપ્રાપ્તિ માટે ઉદ્યમ કરી શકતા નથી. લોહના બંધનથી વધારે દૃઢ બંધન જીવોને સ્વજનના સ્નેહનું રહેલ હોઇ, ભલા બૂરા વિવેકથી રહિત બની સ્વજનોના પોષણ માટે નીચમાં નીચ કાર્ય કરતા ભય પામતા નથી, આવા જીવો સજ્જન વર્ગમાં નિન્દિત બને છે અને તેઓને પરલોકમાં સદ્ગતિ પ્રાપ્ત થતી નથી, એમ જાણી સુવ્રતપુરુષ જાગૃત રહી આરંભ, પરિગ્રહ, સ્વજન સ્નેહથી દૂર રહી માનવભવને સફળ બનાવે એવો ભગવંતનો ઉપદેશ છે.

૧ ૨ ૩ ૪ ૭ ૮ ૧૪
જમિણં જગતી પુઢો જગા, કમ્મેહિં લુપ્પંતિ પાણિણો ।
૫ ૬ ૯ ૧૦ ૧૩ ૧૨ ૧૧
સયમેવ કડેહિં ગાહઈ, નો તસ્સ મુચ્ચેજ્જઽપુટ્ઠયં ॥ ૪ ॥

શબ્દાર્થ : (૧) અનિવૃત્ત પુરુષની સ્થિતિ (૨) સંસારમાં (૩) અલગ-અલગ (૪) જીવ (૫) પોતાના (૬) કરેલા કર્મના કારણે (૭) કર્મોના ઉદયથી

(૮) દુઃખ પામે છે. પોતાના કરેલા કર્મોથી (૯) નરકાદિ સ્થાનોમાં જાય છે (૧૦) નથી (૧૧) ભોગવ્યા વિના (૧૨) છૂટી શકાતું (૧૩) કર્મથી (૧૪) જીવો.

ભાવાર્થઃ– જે જીવ સાવદ્ય અનુષ્ઠાનો છોડતા નથી તે જીવો સંસારમાં પોતાનાં કરેલાં કર્મના ફળ ભોગવવા માટે નરક આદિ યાતના સ્થાનોમાં ઉત્પન્ન થઇ દુઃખો ભોગવે છે. અલગ અલગ સ્થાનોમાં નિવાસ કરનારાં પ્રાણીઓ, સર્વે પોતાનાં કરેલાં શુભાશુભ કર્મના ફળોને ભોગવ્યા વિના કર્મથી મુક્ત થઈ શકતાં નથી. વળી વિશિષ્ટ તપસ્યા તથા સંયમ ગ્રહણ કર્યા વિના કર્મોનો સર્વથા ક્ષય થઇ શકતો નથી. એમ જાણી પોતાના આત્માના કલ્યાણને માટે, સુખસમાધિ પ્રાપ્ત કરવા, નિરારંભી નિષ્પરિગ્રહી બની ચારિત્ર ગ્રહણ કરવા ઉદ્યમવંત રહેવું. સર્વવિરતી થવા શક્તિ ન હોય તો અલ્પારંભી અલ્પ પરિગ્રહી બની ધર્મ આરાધન કરવા તત્પર બનવું એ જ મનુષ્યભવનું સાચું કર્તવ્ય છે.

देवा गंधव्व-रक्खसा, असुरा भूमिचरा सरीसिवा ।
राया नरसेट्ठि-माहणा ठाणा ते वि चयंति दुक्खिया ॥ ६ ॥

શબ્દાર્થ : (૧) દેવતા (૨) ગન્ધર્વ (૩) રાક્ષસ (૪) અસુર ભૂમિ પર (૫) ચાલવાવાળા (૬) સરકીને ચાલવાવાળા સર્પાદિ તિર્યંચ (૭) રાજા (૮) મનુષ્ય (૯) નગરશેઠ (૧૦) બ્રાહ્મણ (૧૧) એ સર્વ દુઃખી બની (૧૨) પોતપોતાનાં (૧૩) સ્થાનને (૧૪) છોડે છે–મૃત્યુ પામે છે.

ભાવાર્થઃ– સિદ્ધભગવંતના સ્થાન સિવાય સર્વસ્થાનો અનિત્ય છે. દેવતા, ગન્ધર્વ, રાક્ષસ અસુર, ભૂમિચર, તિર્યંચ, ચક્રવર્તી, સાધારણ મનુષ્ય, નગરશેઠ, બ્રાહ્મણ વગેરે એ સર્વ દુઃખી થતા પોતાના સ્થાનને છોડી પરલોકમાં જાય છે. સર્વ પ્રાણીઓને પ્રાણ છોડતી વખતે મહાદુઃખ હોય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
कामेहि य संथवेहि गिद्धा, कम्मसहा कालेण जन्तवो ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
ताले जह बंधणच्चुए एवं आउक्खयंति तुट्टती ॥ ६ ॥

શબ્દાર્થ : (૧) વિષયભોગની તૃષ્ણા તથા (૨) સ્વજનોમાં (૩) ગૃદ્ધ રહેનાર (૪) પોતાનાં કર્મનાં ફળ ભોગવે છે (૫) અવસર પ્રાપ્ત થયે (૬) પ્રાણી (૭) તાલફળ નીચે પડી જાય છે (૮) જેમ (૯) બંધનથી છૂટેલ (૧૦) એ માફક (૧૧) આયુષ્યનો ક્ષય થયે જીવો (૧૨) મૃત્યુને પામે છે.

ભાવાર્થ :– વિષય ભોગની તૃષ્ણાવાળા તથા માતા પિતા સ્ત્રી આદિ પરિચિત પદાર્થોમાં આસક્ત રહેનાર પ્રાણીઓ, અવસર પ્રાપ્ત થયે પોતાનાં કરેલાં કર્મોનાં ફળ ભોગવતાં ભોગવતાં આયુષ્યનો ક્ષય થતાં મૃત્યુને પ્રાપ્ત થાય છે. જેમ બંધનથી છૂટેલ તાલફળ શીઘ્ર નીચે પડી જાય છે તે ન્યાયે પર ભવમાં ચાલ્યા જાય છે. ભાવ એ છે કે ભોગની ઇચ્છાવાળો પુરુષ વિષયનું સેવન કરી પોતાની તૃષ્ણાની તૃપ્તિ કરવા ઇચ્છતા આ લોક તથા પરલોકમાં કેવળ કલેશ જ પામે છે. પરંતુ તૃષ્ણાની શાંતિ કદી થતી જ નથી. એમ જાણી સુખના ઇચ્છુક જીવોએ વિષય ભાવને દૂર કરી ધર્મ આરાધનમાં લક્ષ વધારી જીવન વ્યતીત કરવું તે આત્મહિતનું કારણ જાણવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
जे यावि बहुस्सुए सिया, धम्मिय माहण भिक्खुए
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
सिया अभिणूम-कडेहि मुच्छिए तिव्वं तेकम्मेहिं किच्चती ॥७॥

શબ્દાર્થ : (૧) જે (૨) કોઈ લોકો (૩) બહુ શ્રુત (૪) હોય (૫) ધાર્મિક (૬) બ્રાહ્મણ (૭) ભિક્ષુક (૮) હોય (૯) માયાકૃત અનુષ્ઠાનોમાં (૧૦) આસક્ત હોય તેઓ (૧૧) અત્યન્ત (૧૨) કર્મ દ્વારા (૧૩) પીડિત હોય છે.

ભાવાર્થ:– માયામય અનુષ્ઠાનોમાં આસક્ત પુરુષ ચાહે બહુ શ્રુત હોય, ધાર્મિક હોય અથવા બ્રાહ્મણ હોય ચાહે ભિક્ષુક હોય

પરંતુ માયાકૃત અનુષ્ઠાનોથી અશુભ કર્મોનું બંધન થાય છે અને તે અશુભ કર્મોના વિપાકો વડે બહુ જ દુઃખને પામે છે. એમ જાણી માયાકૃત અનુષ્ઠાનોનો ત્યાગ કરી સરલતાથી સર્વ ધાર્મિક ક્રિયા કરવા ઉપયોગવંત રહેવું.

અહ[૧] પાસ[૨] વિવેગમુટ્ઠિએ[૩], અવિતિણ્ણે[૪] ઇહ[૫] ભાસઈ[૬] ધુવં[૭] ।
ણાહિસિ[૧૨] આરં[૯] કઓ[૧૧] પરં[૧૦], વેહાસે[૧૩] કમ્મેહિં[૧૪] કિચ્ચતી[૧૫] ॥ ૮ ॥

શબ્દાર્થ : (૧) વળી પશ્ચાત્ (૨) દેખો કોઇ અન્ય તીર્થી પરિગ્રહ છોડી (૩) સંસાર અનિત્ય જાણી (૪) પ્રવ્રજિત થાય (૫) સંસારને પાર નહિ કરે (૬) લોકમાં (૭) મોક્ષનું (૮) ભાષણ માત્ર કરનાર (૯) આ લોક (૧૦) પરલોક (૧૧) કયાંથી (૧૨) જાણી શકે (૧૩) મધ્યમાં જ (૧૪) કર્મો દ્વારા દુઃખ (૧૫) પામે છે.

ભાવાર્થ:– હે શિષ્ય ! વળી પ્રશ્ચાત તમે જાણો કે કોઇ અન્યતીર્થી સંસારને અનિત્ય જાણી પરિગ્રહ આદિ જડ પદાર્થોનો તથા સ્વજનોનો ત્યાગ કરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી મોક્ષ પ્રાપ્તિ માટે સાવધાન થાય છે; પરંતુ મોક્ષ માર્ગનું જ્ઞાન નહિ હોવાથી સંયમ અનુષ્ઠાનનું યથાતથ્ય પાલન નહિ કરી શકવાથી અને માત્ર મોક્ષનું ભાષણ કરનાર, સંસારના પારને પામી શકતા નથી. મોક્ષ માર્ગનો ઉપાય જ્ઞાન, દર્શન, ચારિત્ર તપનું આરાધન છે. તે સિવાય અન્ય કોઇ મોક્ષનો માર્ગ છે જ નહિ, ભૂતકાળમાં પણ એ જ માર્ગ હતો ને ભવિષ્યકાળે પણ એ જ માર્ગ સિવાય અન્ય માર્ગ હશે નહિ. તેથી અન્યતીર્થીઓ સાવદ્ય અનુષ્ઠાનવાળાઓ તથા તેને અનુસરનારને માટે મોક્ષ પ્રાપ્તિ તો દૂર રહે છે. પરંતુ સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણ અનંતકાળ સુધી કર્યા કરે છે મોક્ષના માર્ગમાં આરંભ અને પરિગ્રહને કોઈ સ્થાન જ નથી તેના ત્યાગમાં જ મોક્ષમાર્ગ છે. એમ જાણી અન્યતીર્થીઓના સંગથી દૂર રહેવું અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આરાધનમાં ઉદ્યમવંત બની મનુષ્યજન્મને સફળ બનાવવા જાગૃત રહેવું.

૨ ૩ ૪ ૫ ૬ ૭
जइ वि य नगिणे किसे चरे, जइ वि य भुंजिय
૯ ૧ ૧૧ ૧૦
मासमंतसो । जे इह मायाई मिज्जई, आगंता गब्भाय
૮
णंतसो ॥ ९ ॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ માયા કષાયોથી યુક્ત (૨) કદાચ (૩) નગ્ન રહી (૪) કૃશ બની (૫) વિચરે અને (૬) ઉપવાસના અંતે (૭) ભોજન (૮) કદાચ માસમાસના કરે તો પણ તે કષાયયુક્ત પુરુષ (૯) અનન્તકાળ સુધી (૧૦) ગર્ભવાસને (૧૧) પ્રાપ્ત કરે.

ભાવાર્થ:- જે પુરુષ-સાધક કષાયયુક્ત હોય, ચાહે નગ્ન રહે, શરીરને કૃશ કરી વિચરે, અથવા માસમાસના ઉપવાસના અંતે ભોજન કરે પરંતુ માયાયુક્ત અનુષ્ઠાનથી અનંતકાળ સુધી ગર્ભવાસને પ્રાપ્ત કરે. તેમજ આવા ઉગ્ર તપ કરવા છતાં કષાયયુક્ત અને આરંભ પરિગ્રહ મમત્વના કારણે મોક્ષ પ્રાપ્તિ કરી શકતા નથી; પરંતુ સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણ ચક્રમાં ફસાઇ રહે છે.

૧ ૩ ૨ ૬ ૪ ૫
पुरिसो रम पाव-कम्मुणा, पलियंतं मणुयाण जीवियं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
सन्ना इह काममुच्छिया, मोहं जंति नरा असंवुडा ॥ १० ॥

શબ્દાર્થ : (૧) હે પુરુષ ! (૨) પાપકર્મ (૩) નિવૃત્ત થા (૪) મનુષ્ય (૫) જીવન (૬) નાશવાન છે (૭) આસક્ત (૮) સંસારમાં (૯) કામભોગોમાં મૂર્ચ્છિત (૧૦) મોહને (૧૧) પ્રાપ્ત કરે છે (૧૨) એ મનુષ્ય (૧૩) હિંસા આદિ પાપથી અનિવૃત્ત.

ભાવાર્થ:- હે પુરુષ ! તું પાપકર્મથી યુક્ત રહેલ છે. હવે એ પાપકર્મથી નિવૃત્ત થા કારણ કે મનુષ્યનું જીવન નાશવંત છે, જે મનુષ્ય સંસારમાં આસક્ત છે. તથા વિષયભોગોમાં મૂર્ચ્છિત છે અને

હિંસા આદિ પાપોથી નિવૃત્ત નથી તે મોહને પ્રાપ્ત કરે છે. મિથ્યા-દૃષ્ટિઓની બતાવેલ તપસ્યાથી મનુષ્યની ચતુર્ગતિરૂપ દુર્ગતિ રોકી શકાતી નથી. કારણ જે અન્ય તીર્થીઓનાં બધા અનુષ્ઠાનો અસત અને પાપકર્મથી આરંભ યુક્ત રહેલાં છે. તેથી જીવોના કલ્યાણના માટે ભગવંતનો ઉપદેશેલ (આરંભ પરિગ્રહ રહિત) માર્ગમાં સ્થિર રહેવું એ જ આત્મકલ્યાણનો માર્ગ છે. મનુષ્ય જીવન અલ્પ છે. એમ જાણી ધર્મ આરાધનમાં પ્રમાદ કરવો નહિ. અન્ય તીર્થીઓને પોતાના હિતની પ્રાપ્તિ અને અહિતના ત્યાગના ઉપાયનું જ્ઞાન નહિ હોવાથી હિંસા આદિ પાપમય અનુષ્ઠાનોથી નિવૃત્ત થતા નથી અને ઇન્દ્રિય વિષયોમાં આસક્ત બની મોહનીય કર્મનો સંચય કરી સંસાર પરિભ્રમણની વૃદ્ધિ કરતા થકા રહે છે. એવું જાણી તેઓના સંગથી દૂર રહેવું.

૧ ૩ ૨ ૫ ૪ ૬
जयं विहराहि जोगवं, अणुपाणा पंथा दुरुत्तरा ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
अणुसासणमेव पक्कमे, वीरेहिं संमं पवेइयं ॥ ११ ॥

શબ્દાર્થ : (૧) હે પુરુષ ! તું યત્ન કરતા થકા (૨) સમિતિ ગુપ્તિથી ગુપ્ત બની (૩) વિચરો (૪) માર્ગ વિના (૫) સૂક્ષ્મ પ્રાણીઓથી યુક્ત ઉપયોગ (૬) દુષ્તર છે (૭) શાસ્ત્રોકત રીતિથી સંયમ (૮) અનુષ્ઠાન કરવું. (૯) સર્વ તિર્થંકર દેવાએ (૧૦) સમ્યક્પ્રકારથી (૧૧) બતાવેલ છે.

ભાવાર્થ :- હે સાધકો ? તમે યાત્નાસહિત સમિતિ ગુપ્તિથી ગુપ્ત બની, પોતાના જીવનને અલ્પ જાણી તથા વિષયોને કલેશમય દુઃખરૂપ જાણી ગૃહબંધનને તોડી, યત્નાપૂર્વક પ્રાણીઓની દયા પાળતા થકા ઉદ્યત્તવિહારિ બની સંયમમાં ઉપયોગ રાખતા થકા વિચરો. કારણ જે સૂક્ષ્મપ્રાણીઓથી યુક્ત માર્ગ, ઉપયોગ વિના પાર થઇ શકે તેમ નથી. શાસ્ત્રોમાં સંયમપાલનની વિધિ બતાવ્યા મુજબ સંયમ-પાલન કરવા સર્વ તીર્થંકર દેવોએ કહેલ છે. આરંભ રહિત થવું

એ જ આત્મકલ્યાણનો સાચો માર્ગ રહેલ છે. આરંભ છે તે સંસાર પરિભ્રમણરુપ જન્મમરણ કરાવનાર છે. જેથી આત્માર્થી જીવોએ આરંભનો ત્યાગ કરવા સદા જાગૃત રહેવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬
विरया वीरा समुट्ठिया, कोह कायरियाइ पीसणा । पाणे
૭ ૧૧ ૮ ૯ ૧૦
ण हणंति सव्वसो, पावाओ विरयाऽभिनिव्वुडा ॥ १२ ॥

શબ્દાર્થ : (૧) હિંસાથી નિવૃત્ત કર્મનો ક્ષય કરવાવાળા (૨) વીર પુરુષ (૩) સંયમમાં ઉપસ્થિત (૪) ક્રોધાદિ કષાયોને (૫) દૂર કરનાર મન વચન કાયાથી (૬) પ્રાણીઓને (૭) હણે નહિ (૮) પાપકર્મોથી (૯) નિવૃત્ત (૧૦) મુક્ત જીવ સમાન કહ્યા છે. (૧૧) સર્વથી.

ભાવાર્થ :– હિંસા આદિ પાપકાર્યોથી નિવૃત્ત, તથા ક્રોધ, માન, માયા; લોભ આદિ રાગદ્વેષને દૂર કરનારા, આરંભથી રહિત મન, વચન, કાયાથી કોઈ પ્રાણીને હણવા નથી. તથા મૃષાવાદ આદિ સર્વ પાપોથી નિવૃત્ત સંયમમાં ઉપસ્થિત ઉપસમભાવથી શાંત બનેલા સાધકોને, મુક્ત જીવો સમાન કહ્યા છે.

૧૬ ૧૧ ૮ ૨ ૯ ૬ ૪ ૫
ण वि ता अहमेव लुप्पए, लुप्पंति लोअंसि पाणिणो ।
૨ ૧ ૩ ૧૨ ૧૪ ૧૩ ૧૫
एवं सहिएहिं पासए अणिहे से पुट्ठे अहियासए ॥ १३ ॥

શબ્દાર્થ : (૧) જ્ઞાન સંપન્ન મુનિ (૨) એમ (૩) વિચારે (૪) લોકમાં (૫) જીવો (૬) પીડાઈ રહ્યા છે (૭) સંસારી જીવોની માફક (૮) હું (૯) પરીષહથી પીડીત (૧૦) નહિ બનું (૧૧) તેમ (૧૨) સમભાવથી (૧૩) પરીષહનો સ્પર્શ થતા (૧૪) મુનિ (૧૫) સહન કરે.

ભાવાર્થ :– જ્ઞાનોદ્દિ સંપન્ન મુનિ એ વિચારે કે આ જગત્માં અન્ય મનુષ્યો તથા તિર્યંચ આદિ પ્રાણીઓ દુઃખોથી

પીડિત થઇ રહેલાં છે. કારણ કે તેઓમાં સમ્યગ્ વિવેક હોતો નથી. તેથી કષ્ટ સહન કરવા છતાં નિર્જરાના લાભને પ્રાપ્ત કરી શકતા નથી. જગતના જીવો શીત ઉષ્ણાદિના દુઃખો સહન તો કરે છે; પરંતુ સમભાવથી નહિ. કેટલાએક જીવો વિષય સુખોને ભોગવતાં નથી; પરંતુ તે વિષય સુખોની અપ્રાપ્તિના કારણે ભોગવતાં નથી. તેમ જ વિષય સુખોની પ્રાપ્તિ માટે દિવસ રાત્રિ ધન મેળવવાની ચિંતા કરતા શીત ઉષ્ણાદિના દુઃખોને સહન કરતા કઠિન કાર્યો પણ કરે છે, પરંતુ સમજણપૂર્વક સંતોષથી કે સમ્યગ્ જ્ઞાનથી કષ્ટો સહન કરતા નથી. તેમજ સમ્યક્ તપે જે નિર્જરાનું કારણ છે. તે તપ માટે પણ કષ્ટો સહન કરતા નથી. તેથી આવા દારૂણ દુઃખો ભોગવતાં છતાં તે કષ્ટોના ફળ–પરિણામો સુખને બદલે કડવા વિપાકો–દુઃખોને પ્રાપ્ત કરે છે. કારણ કે કામભોગોની આસક્તિરૂપ–મમત્વથી જીવ અશુભ કર્મબંધન કરી દુઃખ પામે છે. જ્યારે સંયમ પાલન કરવાવાળા ઉત્તમ અને વિચારશીલ સાધકો જે શીત ઉષ્ણાદિના કષ્ટો સહન કરે છે. તે બધાં ગુણ વૃદ્ધિના કારણ બને છે અને તેના ફળરૂપ વિપાકો સુખરૂપ હોય છે. એમ જાણી જ્ઞાનાદિ ગુણ સંપન્ન મુનિ આત્મકલ્યાણમાં તત્પર પૂર્વોક્ત વાતોને વિચારી ક્રોધાદિ કષાયો ઉપર વિજય મેળવી શીત ઉષ્ણાદિ જે પરિષહો પ્રાપ્ત થાય તેને સમભાવથી સહન કરે; પરંતુ મનમાં દુઃખ ધરે નહિ, તથા સંયમપાલનમાં કે પરીષહો સહન કરવામાં પોતાના બળનું ગોપન કરે નહિ. એવો સાધક આચાર છે. એક વિદ્વાન કવિએ કહેલ છે કે ભોજનની અપ્રાપ્તિથી શરીરનું કૃશ થવું, ખરાબ અન્નનું ભોજન, શીત ઉષ્ણતાના દુઃખો. તેલના અભાવથી વાળનું લુખાપણું, બીછાના વિના જમીન ઉપરનું શયન ઇત્યાદિ ગૃહસ્થોને અવનતિના ચિન્હ મનાય છે. જ્યારે સંયમધારી મુનિઓને એ બધા સંયોગો–કષ્ટો ઉન્નતિજનક બને છે. એમ જાણી સાધકે,–આત્માર્થીઓએ સમ્યગ્ ભાવથી સમજણપૂર્વક સર્વ ધર્મક્રિયા, તપ વગેરે કરવા એ શ્રેયનું કારણ બને છે.

૩ ૨ ૧ ૬ ૫ ૪
धूणिया कुलियं व लेववं, किसए देह मणासणाइहिं ।
૭ ૮ ૧૦ ૯ ૧૧
अविहिंसामेव पव्वए अणुधम्मो मुणिणा पवेदितो ॥१४॥

શબ્દાર્થ : (૧) લેપવાળી (૨) ભીંત (૩) લેપ કાઢીને ક્ષીણ કરી શકાય છે (૪) અણસણયાદિ તપ દ્વારા (૫) પોતાના શરીરને (૬) કૃશ કરવું (૭) અહિંસા ધર્મનું (૮) પાલન કરવું (૯) સર્વજ્ઞ ભગવંતે (૧૦) ધર્મ (૧૧) કહેલ છે.

ભાવાર્થ:– જેમ લેપવાળી ભીંત–દીવાલ લેપ કાઢી નાખવાથી ક્ષીણ થઇ શકે છે. એ પ્રકારે અણસણ આદિ તપ દ્વારા પોતાના કર્મોને ક્ષય કરવા શરીરને કૃશ કરવું અને અહિંસા ધર્મનું પાલન કરવું તેને સર્વજ્ઞ ભગવંતે ધર્મ કહેલ છે. શરીર કૃશ કરવાનો હેતુ સંસાર ભાવમાં દોડતી વૃત્તિઓને સ્થિર કરવા અને કષાયો તથા દેહના મમત્વભાવને મંદ બનાવવા માટે છે. દેહનું પોષણ આરંભથી થઇ શકે છે અને આરંભનું પરિણામ સંસાર પરિભ્રમણરૂપ જન્મ-મરણાદિ દુઃખોની ઉત્પત્તિ રહેલ છે. તેથી જ ભગવંતે અહિંસાપ્રધાન ધર્મ બતાવેલ છે. તેથી અહિંસાભાવે રહેવા તથા દેહના મમત્વને ઘટાડવાની જરૂર છે. જે ધર્મ મોક્ષને અનુકૂળ હોય તે અનુધર્મ કહેવાય છે.

૨ ૧ ૩ ૪ ૬ ૫
सउणी जह पंसुगुंडिया, विहुणिय धंसयई सियं रयं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
एवं दवि ओवहाणवं, कम्मं खवइ तवस्सि माहणे ॥ १५ ॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) પક્ષિણી (૩) ધૂળથી ભરેલ (૪) પોતાના શરીરને હલાવીને શરીરમાં (૫) લાગેલી ધૂળને (૬) ખંખેરી નાખે છે (૭) એવી રીતે (૮) ભવ્યપુરુષ (૯) અનશનઆદિ (૧૦) કર્મનો (૧૧) નાશ કરે છે (૧૨) તપવાળા તપસ્વી (૧૩) અહિંસક વ્રતી પુરુષ

ભાવાર્થ:– જેમ પક્ષિણી પોતાના શરીરમાં લાગેલી ધૂળને, શરીરને કંપાવી–હલાવીને ખંખેરી નાખે છે. એવા પ્રકારે અનશન આદિ તપ કરવાવાળા તપસ્વી તથા અહિંસાવ્રતી ભવ્ય પુરુષ જિન આજ્ઞાનો વિધ્વંશ કરે. પોતાના કર્મનો ક્ષય કરી મોક્ષ સન્મુખ થાય છે. પ્રાણીઓની હિંસા ન કરો એવો ઉપદેશ આપનાર માહણ કહેવાય છે. આવા અહિંસક તપસ્વી સંયમી પુરુષો જ સંસાર પરિભ્રમણનો નાશ કરી શાશ્વતા મોક્ષના સુખોને પ્રાપ્ત કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
उट्ठियमणगारमेसणं, समणं ठाणठिअं तवस्सिणं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
डहरा बुड्ढा य पत्थए, अवि सुस्से ण ग तं लभेज्ज णो ॥ १६ ॥

શબ્દાર્થ : (૧) સંયમમાં ઉપસ્થિત (૨) ઘરપરિગ્રહ રહિત સાધુ એષણા (૩) પાલન કરવામાં સાવધાન (૪) શ્રમણ–સાધુ (૫) સંયમ સ્થાનમાં સ્થિત (૬) તપસ્વી (૭) પુત્રો (૮) માતાપિતાઆદિ ગૃહવાસમાં લઇ જવા (૯) પ્રાર્થના કરતા કરતા (૧૦) થાકી જાય (૧૧) પરંતુ તે સાધુને (૧૨) પોતાને આધીન (૧૩) કરી શકે નહિ.

ભાવાર્થ:– ઘરરહિત–પરિગ્રહરહિત એષણા સમિતિ પાલનમાં તત્પર સંયમધારી સંયમસ્થાનમાં સ્થિત થયેલ તપસ્વી સાધુની પાસે આવી તે સાધુના પુત્રો, માતા, પિતા આદિ પ્રવ્રજ્યાથી ચ્યુત કરાવી ઘરે લઇ જવા માટે પ્રાર્થના કરે, પ્રાર્થના કરી કરી થાકી જાય, પરંતુ વસ્તુ–તત્ત્વના સ્વરૂપને જાણનાર મુનિને પોતાને આધીન કરવા સમર્થ થઇ શકતા નથી. વળી કહે છે કે અમારૂં પાલન પોષણ કરનાર અન્ય કોઇ નથી એવી રીતે કાકલુદી કરવા છતાં સંયમમાં સ્થિત સાધુ સ્વજનના શરણે (સંસારમાં) જાય નહિ. જે સાધક સંસારના સ્વરૂપને જાણે છે અને મોક્ષના શાશ્વતા સુખને પણ જાણે છે તે

સાંસારિક સુખોમાં લોભાય નહિ કારણ કે તે જાણે છે કે સાંસારિક વિષય સુખો પાછળ લાંબા કાળનાં દુઃખો ઉભા થાય છે એમ જાણી આત્માર્થી જીવો સંયમપાલનમાં તત્પર રહે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
जइ कालुणियाणि काहिया, जइ रोयंति य पुत्तकारणा ।
૭ ૯ ૮ ૧૨ ૧૦ ૧૧
दवियं भिक्खूं समुट्ठियं, णो लब्भंति ण संठवित्तए ॥१७॥

શબ્દાર્થ : (૧) કદાચ માતાપિતા (૨) કરુણામય વચન બોલે (૪) કદાચ (૫) રૂદન કરે (૬) પુત્રને ઘેર લઇ જવા (૭) મુક્તિગમન યોગ્ય (૮) સંયમપાલનમાં સાવધાન (૯) મુનિને (૧૦) પ્રવ્રજ્યા છોડાવી પ્રાપ્ત કરવા (૧૧) ગૃહસ્થલિંગમાં સ્થાપન કરવા (૧૨) સમર્થ થતા નથી.

ભાવાર્થ:– મુનિના માતા પિતા આદિ સ્વજનો મુનિની પાસે આવીને કરુણામય વચન બોલે, કરુણાજનક કાર્ય કરે, અથવા પુત્રને લઇ જવા રૂદન કરે, તો પણ સંયમ ભાવમાં સ્થિત, સંયમ-પાલન કરવામાં તત્પર, મુક્તિગમન યોગ્ય સાધુને સંયમથી ભ્રષ્ટ કરી શકતા નથી. તથા ગૃહસ્થલિંગમાં સ્થાપન કરવા સમર્થ થતા નથી. જેને સંસાર પરિભ્રમણના દુઃખો અને મોક્ષના શાશ્વતા સુખોનું જ્ઞાન છે અને મનુષ્યભવની મહત્તાને જાણે છે તે મુનિ સાંસારિક સુખોમાં ફસાય નહિ.

૧ ૨ ૩ ૧૨ ૬ ૪ ૫
जइ वि य कामेहि लाविया, जइ णेज्जाहि णं बंधिउं घरं ।
૭ ૯ ૯ ૧૦ ૧૧
जइ जीविय नावकंखए, णो लब्भंति णं संठवित्तए ॥१८॥

શબ્દાર્થ : (૧) કદાચ પરિવારવાળા (૨) કામભોગોના (૩) પ્રલોભન આપે (૪) બાંધી (૫) ઘરે (૬) લઇ જાય (૭) તથાપણ સાધુ (૮) અસંયમી જીવનને (૯) ઇચ્છે નહિ અને સ્વજનો પોતાને (૧૦) આધીન કરી શકે નહિ ગૃહસ્થભાવમાં (૧૧) સ્થાપન કરી શકે નહિ (૧૨) કદાચ.

ભાવાર્થ:– સાધુના સંબંધીજનો આદિ સાધુને કામભોગોના પ્રલોભન આપે, અથવા સાધુને બાંધીને ઘરે લઇ જાય, પરંતુ સંયમમાં સ્થિત સાધુ અસંયમી જીવનની ઇચ્છા કરે નહિ. તેથી સ્વજનો પોતાને આધીન કરી ગૃહસ્થવાસમાં સ્થિત કરી શકતા નથી. પરંતુ સાવધાન મુનિ અનુકૂળ પ્રતિકૂળ પરિષહોને સમભાવે વેદન કરતા થકા સંયમભાવમાં સ્થિત રહી સંયમ પાલન કરે. જેનું ઉપાદાન જોરદાર છે. તેને નિમિત્ત અસર કરી શકતું નથી.

सेहंति य णं ममाइणो, माय पिया य सुया य भारिया ।
पोसाहि ण पासओ तुमं, लोग परं पि जहासि पोसणो ॥१९॥

શબ્દાર્થ : (૧) સાધુને શિક્ષા આપે (૨) સાધુમાં મમત્વ રાખવાવાળા (૩) માતાપિતા (૪) પુત્ર–સ્ત્રી આદિ (૫) તમો સૂક્ષ્મદર્શી છો (૬) અમારું પોષણ કરો તમે અમોને ત્યાગી (૭) તમારો પરલોક પણ (૮) બગાડી રહ્યા છો (૯) માટે અમારું પોષણ કરો.

ભાવાર્થ:– કોઇ નવ દીક્ષિત સાધુમાં મમત્વ રાખવાવાળા તેમનાં માતા, પિતા, પુત્ર, સ્ત્રી વગેરે સાધુ પાસે આવી એમ કહે કે હે પુત્ર! તમે સુક્ષ્મદર્શી છો. અમો બધા તમારા વિના દુઃખી થઈ રહ્યા છીએ. તમારા સિવાય અમારું કોઇ પોષણ કરે તેમ નથી, તમો વસ્તુસ્વરૂપના જાણનાર છો, માતા પિતાને ત્યાગી–દુઃખી કરી, દીક્ષા લેનાર આ લોક અને પરલોક બન્નેથી ભ્રષ્ટ થાય છે. પરિવારના પોષણથી પુણ્ય પ્રાપ્તિ થાય છે. માતાપિતા સ્ત્રી પુત્રનું પાલન કરવું તે ગૃહસ્થોનો ધર્મ છે. માટે તમો સંયમ છોડી ઘેર આવી અમારું પોષણ કરો, આ રીતે સ્વજનો મમત્વભાવથી પ્રવ્રજિત થયેલ સાધુને સંયમથી પતિત કરવા કરુણામય વચનથી શિખામણ આપે છે. પરંતુ સંયમમાં સ્થિત થયેલ, શ્રમણ વસ્તુ સ્વરૂપને જાણનાર, સંયમથી પતિત થતા નથી. જાણે છે કે જગત આખું સ્વાર્થમય છે,

જ્યારે જીવોને રોગો કે મૃત્યુ આવે છે. ત્યારે તે સમયે કોઇ દુઃખમાં ભાગ લઇ શકનાર નથી. તેમ જ મૃત્યુથી બચાવી લેનાર પણ નથી, એમ જાણી સાધુ સંયમપાલનમાં ઉપયોગવંત રહે, એવો સાધુનો આચાર છે.

૨ ૩ ૪ ૫ ૬ ૨ ૧
अन्ने अन्नेहिं मुच्छिया, मोहं जंति नरा असंवुडा ।
૮ ૭ ૯ ૧૧ ૧૦ ૧૨
विसमं विसमेहिं गाहिया, ते पावेहिं पुणो पगब्भिया ॥२०॥

શબ્દાર્થ : (૧) સંયમથી રહિત (૨) કોઇ મનુષ્ય (૩) માતાપિતા તથા અન્ય પદાર્થોમાં (૪) મૂર્છિત બની (૫) મોહને (૬) પ્રાપ્ત કરે છે (૭) અસંયમી પુરુષ દ્વારા (૮) અસંયમ (૯) ગ્રહણ કરાયેલ પુરુષ (૧૦) ફરી (૧૧) પાપકર્મ કરવામાં (૧૨) ધૃષ્ટ બની જાય છે.

ભાવાર્થ:– કોઇ કોઇ સાધક, સંયમ અનુષ્ઠાનમાં શિથિલ રહેલા અલ્પપરાક્રમી સાધુ, અસંયમી માતાપિતા આદિ સંબંધી જનો તરફના અસદ્ ઉપદેશથી, માતાપિતા આદિમાં મૂર્છિત બની મોહને પ્રાપ્ત કરે છે. પશ્ચાત અસંયમી ગૃહસ્થોના નિમિત્ત દ્વારા, અસંયમ ગ્રહણ કરનાર પુરુષ ફરી પાપકર્મ કરવામાં ધૃષ્ટ બની જાય છે. એટલે પાપકર્મ કરવામાં લજ્જિત થતો નથી. એવા જ નિમિત્તમાં વિવેકી સાધક વિચારે કે સમ્યગ્દર્શન આદિ આત્માના ગુણો સિવાય સંસારના સર્વ પદાર્થો તથા પોતાનું શરીર પણ પોતાના આત્માથી ભિન્ન છે. તેમ જ જીવને સંસારમાં સ્થિર રાખનાર અસંયમી જીવન છે અને સંયમી જીવન તે જીવોને સંસાર સાગરથી પાર ઉતારનાર અને મોક્ષના શાશ્વતા સુખોને પ્રાપ્ત કરાવનાર છે. સંયમપાલનમાં જાગૃત રહેનારા આત્મકલ્યાણ શકે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
तम्हा दवि इक्ख पंडिए, पावाओ विरतेऽभिनिव्वुडे ।
૧૦ ૮ ૧૧ ૧૨ ૧૩ ૧૪
पणया वीरं महाविहिं सिद्धिपहं णेआउयं धुवं ॥ २१ ॥

શબ્દાર્થ : (૧) તેથી (૨) મુક્તિગમન યોગ્ય (૩) વિચારો સતઅસતના (૪) વિવેકયુક્ત (૫) પાપથી (૬) નિવૃત્ત (૭) શાન્ત–સમાધિયુક્ત કર્મના વિદારણ કરવામાં (૮) સમર્થ પુરુષ (૯) મહામાર્ગ (૧૦) પ્રાપ્ત કરે છે (૧૧) સિદ્ધિનો (૧૨) માર્ગ (૧૩) મોક્ષમાં લઇ જનાર (૧૪) ધ્રુવ છે.

ભાવાર્થ:– કોઈ કોઇ કાયર સાધક માતાપિતા આદિ સ્વજનોના સ્નેહમાં પડી જઇ સંયમથી ભ્રષ્ટ થઇ જાય છે. એમ જાણી હે શિષ્યો ! તમે મુક્તિગમનયોગ્ય રાગદ્વેષ રહિત બની પાપકર્મના પરિણામનો વિચાર કરો તથા ઉત્તમ વિવેકથી યુક્ત બની પાપકર્મવાળાં અનુષ્ઠાનોથી નિવૃત્ત થઈ, ક્રોધાદિ કષાયોને ત્યાગી, શાન્ત સમભાવી બની વિચરો–કર્મોને વિદારણ કરવામાં સમર્થ સાધકો જ મોક્ષ સન્મુખ લઇ જવાવાળા ધ્રુવ અને સિદ્ધિના માર્ગને પ્રાપ્ત કરે છે. તે માર્ગમાં વીરપુરુષો જ ચાલી શકે છે. એમ જાણી મોક્ષમાર્ગ રૂપ સંયમ અનુષ્ઠાનમાં, ઉપયોગવંત રહીને વિચરો, એ જ આત્મ શ્રેયનો સાચો માર્ગ છે.

વેયાલિય[૧] મગ્ગ[૨] માગઓ[૩], મણ[૪] વયસા[૫] કાએણ[૬] નિવ્વુડો[૭] ।
ચિચ્ચા[૮] વિત્તં[૯] ચ નાયઓ[૧૦], આરંભં[૧૧] ચ સુસંવુડે[૧૨] ચરે[૧૩] ॥ ૨૨ ॥

શબ્દાર્થ : (૧) કર્મ વિદાહરણ કરવામાં સમર્થ (૨) માર્ગમાં (૩) આવીને (૪) મન (૫) વચન (૬) કાયાથી (૭) ગુપ્ત બની (૮) છોડી (૯) ધન તથા સ્વજનાદિ (૧૦) જ્ઞાતિવર્ગ તથા (૧૧) આરંભને (૧૨) ઉત્તમસંયમી બની (૧૩) વિચરે.

ભાવાર્થ:– હે મનુષ્યો ? કર્મને વિદારણ કરવામાં સમર્થ એવા મોક્ષમાર્ગને ગ્રહણ કરી, મન વચન કાયાથી ગુપ્ત બની તથા ધનસંપત્તિ સ્વજનાદિ જ્ઞાતિવર્ગ તથા આરંભનો ત્યાગ કરી, સંયમમાં ઉપયોગવંત રહી, સંયમપાલન કરતા થકા વિચરવું, એ સાધકને શ્રેયનું કારણ છે.

પહેલો ઉદ્દેશો સમાપ્ત.

૧ ૨ ૪ ૩ ૫ ૬ ૭ ૯ ૮
तयसं व जहाइ से रयं, इतिसंखाय मुणी ण मज्जइ ।
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
गोयन्न तरेण माहणे, अहसेयकरी अनेसी इंखिणी ॥ १ ॥

શબ્દાર્થ : (૧) સર્પ જેમ ત્વચાને (૨) છોડી દે છે (૩) કર્મરજને છોડે (૪) સાધુ (૫) એમ (૬) જાણી (૭) મુનિ (૮) મદ (૯) ન કરે (૧૦) ગોત્ર તથા અન્ય મદ (૧૧) સાધુ કલ્યાણનો (૧૨) નાશ કરનાર (૧૩) અન્યની (૧૪) નિંદા

ભાવાર્થ:– સર્પ જેમ પોતાની કાંચળીનો ત્યાગ કરે છે એ પ્રકારે સાધુ પોતાના આત્માની સાથે બંધાયેલ આઠ પ્રકારના સંસાર પરિભ્રમણરૂપ કર્મરૂપી રજનો ત્યાગ કરે છે. કારણકે તે છોડવા યોગ્ય છે. કર્મો છે તે જન્મ મરણ આદિ દુઃખોના હેતુરૂપ છે. એમ જાણીને સંયમવંત મુનિ પોતાના કુળ આદિ આઠ મદ પૈકી કોઇ પણ મદ કરે નહિ તથા મદ ઉત્પન્ન થવાના કારણોને છોડે. તથા કોઇ અન્ય મનુષ્યાદિની નિંદા કરે નહિ. કારણ કે નિંદા છે તે આત્માના કલ્યાણનો નાશ કરવાવાળી છે, આઠ મદ પૈકી કોઇ મદ કરે તો ગુણોનો નાશ થઇ હીનતાને પામે છે, જેમકે–જાતિનો મદ કરવાથી ભવિષ્યના ભવમાં નીચજાતિમાં ઉત્પન્ન થવું પડે છે એમ જાણી ગોત્રાદિનો, મદ કરવો નહિ, જ્ઞાન તથા તપનો પણ મદ કરવો નહિ. કારણ કે મદથી અશુભ કર્મનો બંધ થાય છે. એમ જાણીને મોક્ષ પ્રાપ્તિના સાધનરૂપ, કલ્યાણનાં હેતુરૂપ, શાશ્વતા સુખની પ્રાપ્તિ રૂપ એવા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ સંયમનું અપ્રમાદભાવથી અને નિરાભિમાનપણાથી પાલન કરવું તે જ સાધકનો આચાર અને કલ્યાણનો હેતુ છે.

૧ ૪ ૨ ૩ ૫ ૭ ૬
जो परिभवई परं जणं, संसारे परिवत्तई महं । अदु
૯ ૧૦ ૧૧ ૧૨
इंखिणिया उ पाविया, इति संखाय मुणी ण मज्जई ॥२॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ (૨) અન્ય (૩) પુરુષ (૪) તિરસ્કાર (૫) સંસારમાં (૬) ચિરકાળતક (૭) પરિભ્રમણ કરે છે (૮) પરનિંદા (૯) પાપ ઉત્પન્ન કરાવે છે (૧૦) જાણી (૧૧) મુનિ (૧૨) મદ કરે નહિ.

ભાવાર્થ:– જે પુરુષ અન્ય કોઇ વ્યક્તિનો તિરસ્કાર કરે છે. તે લાંબા કાળ સુધી સંસારમાં જન્મમરણરૂપ પરિભ્રમણ કરે છે, પરનિંદા પાપ છે, દુઃખ ઉત્પન્ન કરાવનાર છે, એમ જાણી મુનિએ મદ કરી કોઈની નિંદા કરવી નહિ. અહંભાવ આવ્યા વિના નિંદા થાય નહિ, તેથી નિંદાનું મૂળ કારણ અહંભાવ છે, અહંભાવ તથા નિંદા અશુભ કર્મબંધન તથા અધમગતિ પ્રાપ્ત કરવામાં હેતુ છે. એમ જાણી મદનો ત્યાગ કરી અન્યની નિંદા કરવી નહિ, પરંતુ સંયમપાલન કરવામાં સદા ઉપયોગવંત રહી અપ્રમાદ ભાવે વિચરવું.

જે ૧ યાવિ ૨ અણાયગે ૩ સિયા, જે વિય ૪ પેસગપેસ ૫ એ ૬ સિયા ।
જે ૭ મોણપયં ૮ ઉવટ્ઠિએ, ૯ નો ૧૦ લજ્જે ૧૧ સમયં ૧૨ સયા ૧૩ ચરે ॥ ૩ ॥

શબ્દાર્થ : (૧) જે કોઇ (૨) નાયકરહિત (૩) ચક્રવર્તી હોય (૪) તેના દાસનો (૫) દાસ (૬) હોય (૭) સંયમગ્રહણ કરેલ (૮) હોય છતાં વંદન વ્યવહારમાં (૯) ન હોવી જોઇએ (૧૦) લજ્જા (૧૧) સમભાવથી વંદન (૧૨) વ્યવહાર કરે (૧૩) સદા.

ભાવાર્થ:– સાધુ આચારમાં વિનયનું સ્વરૂપ બતાવે છે કે નાયક રહિત એવા ચક્રવર્તીના દાસના દાસે પ્રથમ સંયમ ગ્રહણ કરેલ હોય પશ્ચાત્ ચક્રવર્તી સંયમ ગ્રહણ કરે તો તે સાધુપણામાં (ચક્રવર્તીએ સંયમ ગ્રહણ કર્યા બાદ) પોતાના દાસના દાસ રૂપ એવા વર્તમાન સાધુપણામાં હોય તેને વંદના વ્યવહારથી સમભાવથી કરવો પડે. તેવો સાધકનો આચાર જાણવો. તે સાધુને વંદના વ્યવહાર કરતાં (ચક્રવર્તીએ–વર્તમાન સાધુએ) લજ્જા ન રાખવી જોઈએ. સમભાવથી વંદના વ્યવહાર કરે આવા પ્રકારનો આચાર શ્રી વીતરાગના માર્ગમાં વિનયનો તથા અહંભાવ રહિતનો છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
सम अन्नयरंमि संजमे, संसुद्धे समणे परिव्वए । जे
૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
आवकहा समाहिए, दविए कालमकासी पंडिए ॥ ४ ॥

શબ્દાર્થ : (૧) સમભાવ (૨) કોઇપણ (૩) સંયમસ્થાન (૪) શુદ્ધ (૫) તપસ્વી સાધુ (૬) પ્રવ્રજ્યા પાલન કરે (૭) જીવનપર્યંત (૮) શુદ્ધ અધ્યવસાય (૯) મુક્તિયોગ્યમુનિ (૧૦) મરણ આવતા સુધી (૧૧) સત્‌અસત્‌ વિવેકી સંયમ અનુષ્ઠાન (૧૨) કરે.

ભાવાર્થ:- સમ્યક્‌પ્રકારથી શુદ્ધ તપસ્વી સાધુ, જીવન પર્યંત, કોઇપણ સંયમસ્થાનમાં સ્થિત થઇ, શુદ્ધ અધ્યવસાયવાળા મુનિ મુક્તિગમન યોગ્ય સત્‌ અસત્‌ના વિવેકમાં કુશળ સમભાવમાં રહેતા થકા લજ્જા તથા મદનો ત્યાગ કરીને ઇરિયા આદિ પાંચ સમિતિમાં ઉપયોગ રાખી સંયમનું પાલન કરે. એ સાધકનો આચાર મોક્ષપ્રાપ્તિનો સાચો ઉપાય છે.

૧ ૨ ૩ ૪ ૬ ૫ ૭
दूरं अणुपस्सिया मुणी, तीयं धम्ममणागयं तहा ।
૯ ૮ ૧૦ ૧૧ ૧૨ ૧૩
पुट्ठे फरुसेहिं माहणे, अवि हण्णू समयंमि रीयइ ॥ ५ ॥

શબ્દાર્થ : (૧) મોક્ષ (૨) જોતા થકા (૩) મુનિ (૪) ભૂતકાળ (૫) ભવિષ્યકાળ (૬) સ્વભાવ (૭) તથા (૮) કર્કસ આદિ પરીષહ (૯) સ્પર્શ અથવા (૧૦) મુનિને (૧૧) પ્રહાર કરે (૧૨) સંયમભાવમાં (૧૩) સ્થિત રહે.

ભાવાર્થ:- ત્રિકાળદર્શી મુનિ, મોક્ષ અભિમુખ દૃષ્ટિ રાખીને, ભૂત ભવિષ્યકાળનો વિચાર કરે કે ઉંચી નીચી ગતિઓમાં જીવો સ્વયંકૃત કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે તે જીવોનો પર્યાયરૂપ સ્વભાવ છે. એક ગતિમાંથી બીજી ગતિમાં જવારૂપ જીવોનો વિભાવ પરિણામનો તથા મોક્ષના શાશ્વતા સુખોના કારણરૂપ ત્રિરત્નો તથા ચારગતિમાં

ભ્રમણ કરતા જન્મ, જરા, મરણાદિ દુઃખોનો વિચાર કરે સંયમમાં વિચરતા કદાચ કઠિન વાક્યોનો સ્પર્શ થાય, અથવા તો કોઇ લાઠીથી પ્રહાર કરે તો તે પરીષહ–ઉપસર્ગને મુનિ સમભાવથી સહન કરે તથા ઉપયોગવંત રહી સંયમનું પાલન કરે.

૧ ૩ ૪ ૫ ૬ ૭ ૨ ૮
पण्ण समत्ते सया जए, समता धम्म मुदाहरे मुणी। सुहुमे
૯ ૧૦ ૧૦ ૧૧ ૧૨
उ सया अलूसए, णो कुज्झे णो माणि माहणे ॥ ६ ॥

શબ્દાર્થ : (૧) પૂર્ણ બુદ્ધિમાન (૨) મુનિ (૩) સદા (૪) યત્નાવંત (૫) સમતારૂપ (૬) ધર્મનો ઉપદેશ (૭) આપે (૮) સંયમવિષયમાં (૯) સદા (૧૦) અવિરાધક (૧૦) ક્રોધ ન કરે (૧૧) માનનો કરે (૧૨) મુનિ.

ભાવાર્થ:– બુદ્ધિમાન સાધુ સદા કષાયોને જીતીને સમભાવથી અહિંસા ધર્મનો ઉપદેશ આપે, કયારે પણ સંયમની વિરાધના ન કરે, ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરી સંયમભાવમાં વિચરતા સત્કાર, માન, પૂજા પ્રાપ્ત થતાં ગર્વ કરે નહિ. આ પ્રકારનો સાધુ આચાર છે. તેનો ઉપયોગ રાખી સંયમપાલન કરવું.

૧ ૨ ૩ ૪ ૬ ૫ ૭
बहु जण णमणंमि संवुडो, सव्वट्ठेहिं नरे अणिस्सिए।
૮ ૯ ૧૦ ૧૨ ૧૪ ૧૧
हदएव सया अणाविले, धम्मं पादुरकासी कासवं ॥ ७ ॥

શબ્દાર્થ : (૧) ઘણા (૨) મનુષ્યોને (૩) નમસ્કાર કરવા યોગ્ય (૪) ધર્મમાં સાવધાન રહેનાર (૫) મનુષ્ય (૬) સર્વપદાર્થોમાં (૭) અનાસક્તિ (૮) દ્રહની જેમ (૯) સદા (૧૦) નિર્મળ (૧૧) કાશ્યપગોત્રી ભગવન્ મહાવીર સ્વામીના (૧૨) ધર્મને (૧૩) પ્રગટ (૧૪) કરે.

ભાવાર્થ:– બહુ મનુષ્યોને નમન કરવા યોગ્ય ધર્મમાં સદા સાવધાન રહીને, સાધકે, ધનધાન્ય સ્વજનો આદિ બાહ્ય પદાર્થોમાં

તથા આભ્યન્તર મમત્વ આદિમાં આસક્ત નહિ રહેતાં, દ્રહ ની માફક નિર્મળ બની, કાશ્યપગોત્રી ભગવાન મહાવીર સ્વામીના પ્રગટ કરેલ દશવિધ યતિ ધર્મને પ્રગટ કરે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
बहवे पाणा पुढो सिया, पत्तेयं समयं समीहिया । जे
૮ ૯ ૧૨ ૧૧ ૧૩ ૧૦
मोणपयं उवट्ठिए, विरतिं तत्थ अकासि पंडिए ॥ ८ ॥

શબ્દાર્થ : (૧) બહુ (૨) પ્રાણી (૩) પૃથક્ પૃથક્ આ જગતમાં (૪) નિવાસ કરે છે (૫) પ્રત્યેક પ્રાણીને (૬) સમભાવ (૭) દેખી (૮) સંયમમાં (૯) ઉપસ્થિત (૧૦) પંડિત પુરુષ (૧૧) જીવહિંસાથી (૧૨) નિવૃત્ત (૧૩) થાય.

ભાવાર્થ:– દશ પ્રકારનાં પ્રાણોને ધારણ કરનાર પ્રાણીઓ (એકેન્દ્રિયો ચાર પ્રાણ, બે ઇન્દ્રિયોને છ પ્રાણ, તેઇન્દ્રિયોને સાત પ્રાણ, ચૌરેન્દ્રિયને આઠ પ્રાણ, અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને નવ પ્રાણ, અસંજ્ઞી મનુષ્યોને આઠ પ્રાણ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય, તિર્યંચ, દેવ, નારકને દશ પ્રાણ હોય છે. પાંચ ઇન્દ્રિય, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છવાસ, આયુષ્ય દશ પ્રાણ કહેવાય. આ પ્રાણોની ઘાત એ જ હિંસા છે કારણ કે સર્વ જીવોને પોતાનાં પ્રાણો અતિ પ્રિય છે. એક પણ પ્રાણ દુભાય ત્યાં જીવહિંસા સમજવી– (આરંભ સમજવો) આ જગતમાં પૃથ્વી આદિ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત આદિ ભેદથી પૃથક્ પૃથક્ જીવો સર્વ સ્થાનોમાં નિવાસ કરી રહેલા છે, પ્રત્યેક પ્રાણીઓ સુખથી સંતોષ અનુભવે છે, દુઃખથી ખેદ કરે છે. જીવન સહુને પ્રિય છે. એમ વિચારીને સર્વ પ્રાણીઓનાં વિષયમાં મધ્યસ્થવૃત્તિ ધારણ કરી, સંયમમાં ઉપસ્થિત પંડિત મુનિ, પાપ અનુષ્ઠાનોથી દૂર રહે એટલે પ્રાણીઘાતથી નિવૃત્ત થાય. આવા પ્રકારે સાધકનો આચાર છે. તે સંસાર પરિભ્રમણના નાશનો ઉપાય અને મોક્ષપાપ્તિનો સાચો ઉપાય છે. એમ જાણી સાધક આત્માએ તથા આત્માર્થીઓએ આરંભથી નિવૃત્ત થવું.

૧ ૨ ૩ ૪ ૫
धम्मस्स य पारए मुणी, आरम्भस्स य अंतए ठिए ।
૭ ૬ ૯ ૮ ૧૧ ૧૦
सोयंति य णं ममाइणो, णो लब्भंति णियं परिग्गहं ॥૯॥

શબ્દાર્થ : (૧) ધર્મના (૨) પારગામી (૩) મુનિ (૪) આરંભથી (૫) રહિત હોય છે (૬) મમત્વીપુરુષ (૭) શોક કરે છે (૮) પ્રાપ્ત (૯) થતો નથી (૧૦) પરિગ્રહ (૧૧) પોતાને.

ભાવાર્થ:– જે પુરુષ–સાધક, ધર્મનો પારગામી હોય અને આરંભ તથા પરિગ્રહથી નિવૃત્ત થયેલ હોય અને સમ્યક્‌ચારિત્ર અનુષ્ઠાનોમાં ઉપયોગવંત હોય, એને જ મુનિ કહેવાય અને ધર્માચરણ નહિ કરવાવાળા મમત્વી જીવો દુઃખ અને મરણ પ્રાપ્ત થતાં તથા અર્થનો–પરિગ્રહનો નાશ થતાં તથા સ્વજનોનો વિયોગ થતાં શોક કરે છે. તેઓ શોક કરવા છતાં સ્વજનોને કે સુવર્ણ આદિ પરિગ્રહને પ્રાપ્ત કરી શકતા નથી. પોતાની ઇચ્છાની તૃપ્તિ કરી શકતા નથી. શુભસંયોગ પ્રાપ્ત થવો તે તો શુભ કર્મોના ઉદયે જ થઇ શકે છે. એમ જાણીને હિંસામય અનુષ્ઠાનોથી નિવૃત્ત થવું અને મમત્વને દૂર કરી સમભાવમાં રહી ઉદય પ્રાપ્ત અવસ્થામાં ઉદાસીન ભાવે રહેવું તે આત્મ હતનું કારણ છે.

૧ ૨ ૩ ૧૫ ૪ ૫ ૬
इह लोग दुहावहं विऊ पर लोगे य दुहं दुहावहं ।
૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧ ૧૩ ૧૪
विद्धंसण धम्ममेव तं इति, विज्जं कोऽगारमावसे ॥ ૧૦ ॥

શબ્દાર્થ : (૧) આ (૨) લોકમાં પરિગ્રહ માત્ર (૩) દુઃખ દેનાર છે (૪) પરલોકમાં (૫) દુઃખ (૬) દુઃખના દેનાર (૭) નશ્વર (૮) સ્વભાવી છે (૯) આ રીતે (૧૦) જાણનારા (૧૧) કોણ (૧૨) પુરુષ (૧૩) ગૃહવાસમાં (૧૪) નિવાસ કરે (૧૫) તેમ જાણો.

ભાવાર્થ:– સોનું, રૂપુ, ધન, સ્વજનો આદિ જે પરિગ્રહ છે તે બધા મમત્વી પુરુષને આ લોકમાં દુઃખના દેનારા છે, પરંતુ પરલોકમાં પણ દુઃખરૂપ છે, દુઃખના દેનારા છે, કારણ કે પરિગ્રહ મેળવતાં આરંભ થાય છે, આરંભથી અશુભ કર્મોના બંધ થાય છે, તેમ જ તે જીવોની સાથે (આરંભથી) વૈરબંધન થાય છે. તેથી આરંભી જીવોને આ લોક અને પરલોકમાં તે પાપકર્મના વિપાકો દુઃખરૂપ ભોગવવાં પડે છે. વળી ધન પ્રાપ્તિ વખતે પણ કષ્ટ ભોગવવું પડે છે. તેનું રક્ષણ કરવાની પણ ચિંતા અને ઉદ્વેગ રહે છે અને તે ધનનો વિયોગ થતાં પણ દુઃખ અનુભવાય છે, જેથી પરિગ્રહ અને આરંભ બન્ને દુઃખના જ પાત્ર–દુઃખના જ હેતુઓ છે. ગૃહસ્થવાસમાં આસક્ત જીવોને સ્ત્રીઓ સાપ સમાન છે, બંધુજન બંધન સમાન છે, વિષયો વિષ સમાન છે, છતાં મનુષ્યો મોહને વશ થઇ શત્રુરૂપ સાધનોને મિત્ર માની સંસારમાં રહે છે. સ્નેહરૂપ મમત્વ એ એકાંત અનર્થ રૂપ છે એવું જાણી આરંભ પરિગ્રહથી દૂર રહેવું એ આત્મહિતનું કારણ જાણવું.

૧ ૨ ૩ ૫ ૬ ૪
महयं परिगोव जाणिया, जा वि य वंदण पूयणा इहं ।
૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
सुहुमे सल्ले दुरुद्धरे, विउमंता पयहिज्ज संथवं ॥ ११ ॥

શબ્દાર્થ : (૧) સંસારી પરિચય (૨) મહાન કીચડ સમાન (૩) જાણી (૪) આ લોકમાં (૫) વંદન તથા (૬) પૂજન (૭) સૂક્ષ્મ (૮) શલ્ય (૯) ઉદ્ધાર દુષ્કર છે (૧૦) વિદ્વાન પુરુષ (૧૧) પરિચય (૧૨) ત્યાગ કરે.

ભાવાર્થ:– સાંસારિક જીવોનો પરિચય મહાન કીચડ સમાન જાણી સાધક તેના પરિચયથી દૂર રહે. તેમ જ આ લોકમાં જે વંદન, પૂજા, સત્કાર, માન, પ્રતિષ્ઠા વગેરે કર્મના ઉપશમના ફળ જાણીને તથા વંદન પૂજા આદિની ભાવના આભ્યન્તર કષાય રૂપ જાણી વંદન, પૂજા આદિને પામી વિદ્વાન મુનિ ગર્વ ન કરે અને વંદન પૂજા

પામવાની ભાવના પણ ન રાખે, કારણ કે ગર્વ છે તે સૂક્ષ્મ શલ્ય છે. તેનો ઉદ્ધાર કરવો બહુ કઠિન છે. તેમ જ સદ્ગતિ પ્રાપ્ત કરવામાં મહાન વિઘ્નરૂપ છે. એમ જાણી તપસ્વી મુનિ કયારે પણ ગર્વ ન કરે. કષાયોમાત્ર સંસાર વૃદ્ધિના હેતુઓ છે. એમ જાણી સમભાવથી સંયમનું પાલન કરવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
एगे चर ठाणमासणे, सयणे एग समाहिए सिया।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
भिक्खू उवहाण वीरिए, वइ गुत्ते अज्झत्त संवुडो ॥ १२ ॥

શબ્દાર્થ : (૧) એકલો (૨) વિચરે (૩) કાયોત્સર્ગ (૪) આસન (૫) શયન (૬) એકલો (૭) ધર્મધ્યાન યુક્ત (૮) રહે (૯) ભિક્ષુ (૧૦) તપમાં (૧૧) બળપરાક્રમ કરે (૧૨) વચનથી ગુપ્ત (૧૩) મનથી ગુપ્ત.

ભાવાર્થ:– સાધુ મન, વચન કાયાથી ગુપ્ત રહી, તપમાં બળ પરાક્રમ ફોરવતા થકા ધર્મધ્યાન યુક્ત રહી, સ્થાન, આસન, શયનમાં એકાકી તથા સમભાવે રહે રાગદ્વેષથી રહિત થઈ એકાકી વિચરતા થકાં ઉપયોગવંત રહી સંયમનું પાલન કરતા વિચરે. એવો આચાર છે તે મોક્ષપ્રાપ્તિનો હેતુ જાણવો.

૫ ૪ ૧ ૩ ૨ ૬
णो पीहे न याव पंगुणे, दारं सुन्न-घरस्स संजए । पुट्ठे
૮ ૭ ૯ ૧૦
ण उदाहरे वय, ण समुच्छे णो संथरे तणं ॥ १३ ॥

શબ્દાર્થ : (૧) ઘરના કમાડ (૨) સાધુ (૩) સૂના ઘરનાં (૪) ઉઘાડે નહિ (૫) બંધન કરે (૬) પૂછે (૭) વચન (૮) ન બોલે (૯) મકાનનો કચરો બહાર કાઢે નહિ (૧૦) તૃણની શય્યા ન બિછાવે.

ભાવાર્થ:– શૂન્ય ઘરનાં કમાડ ઉઘાડે નહિ, તથા બંધ કરે નહિ, કોઈ પ્રતિમાધારી અથવા જિન કલ્પી સાધુને પ્રશ્ન પૂછે તો

જવાબ આપે નહિ, શૂન્ય ઘરને સાફસુફ કરી કચરો બહાર કાઢે નહિ, કઢાવે નહિ. શૂન્ય ઘરમાં તૃણ આદિની પથારી બિછાવે નહિ. પોલા ઘાસને શય્યાની વપરાશમાં ન લે, કારણ કે પ્રતિલેખન થઈ શકે નહિ, શૂન્ય ઘરમાં જીવોનો ઉપદ્રવ હોઈ કમાડ ઉઘાડતાં કે બંધ કરતાં જીવોની વિરાધના થવાનો સંભવ રહે માટે જીવ દયાના કારણે આ આચાર જિન કલ્પીનો જાણવો જ્યાં જીવ વિરાધના થાય તેવા કાર્યથી સાધુ દૂર રહે આ ધર્મમાં અહિંસાનું પાલન મુખ્ય કર્તવ્ય છે. અગર મુખ્ય અંગ છે. તેમ જાણી સાવદ્ય કાર્ય કરવું; કરાવવું અને અનુમોદન આપવું તે સંયમી સાધુને કલ્પતું નથી તૃણની શય્યા ન બિછાવે એ પ્રાયઃજિનકલ્પી–પ્રતિમા ધારીનો ઉત્કૃષ્ટ જાણવો. સ્થિવર કલ્પવાળાને માટે તદ્દન નિષેધ નથી.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
जत्थऽत्थमिए अणाउले सम विसमाइं मुणीऽहियासए ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
चरगा अदुवा वि भेरवा, अदुवा तत्थ सरीसिवा सिया ॥૧૪॥

શબ્દાર્થ : (૧) જ્યાં સૂર્ય (૨) અસ્ત થાય (૩) આકુળતારહિત (૪) સમ (૫) વિષમસ્થાન (૬) મુનિ (૭) સહન કરે (૮) મચ્છરઆદિ (૯) અથવા (૧૦) ભયંકર પ્રાણી (૧૧) અથવા (૧૨) ત્યાં (૧૩) સર્પઆદિ (૧૪) હોય.

ભાવાર્થ:– ચારિત્રવાન મુનિ વિહારમાં હોય તે સમયે જ્યાં સૂર્ય અસ્ત થાય ત્યાં, સ્થાન–વસતી સમ હોય કે વિષમ હોય ત્યાં ક્ષોભ રહિત નિવાસ કરે–રાત્રિવાસ કરે, વળી તે સ્થાને મચ્છર, ડાંસ આદિ અથવા ભયંકર પ્રાણી હોય અથવા સર્પ, નકુલ આદિ પ્રાણી-ઓના ઉપસર્ગ ઉત્પન્ન થાય તો તેને સમ્યક્‌ભાવે રાગદ્વેષ રહિત બની સહન કરે, એવો સાધુનો આચાર છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
तिरिया मणुया य दिव्वगा, उवसग्गा तिविहाऽहिसासिया ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
लोमादीगं ण हारिसे, सुन्नागार गओ महामुणी ॥૧૫॥

શબ્દાર્થ : (૧) તિર્યંચના (૨) મનુષ્યના (૩) દેવોના (૪) ત્રણ પ્રકારના (૫) ઉપસર્ગો (૬) સહન કરે (૭) રોમને (૮) હલાવ્યા (૯) સિવાય (૧૦) શૂન્ય ઘરમાં જતાં (૧૧) મહાનમુનિ.

ભાવાર્થ:– મહાનમુનિ શૂન્ય ઘરમાં નિવાસ કરતાં તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્ય, તથા દેવોના ઉપસર્ગો ઉત્પન્ન થાય તો રાગદ્વેષ રહિત બની, ભયથી રોમને ફરકાવ્યા વિના સમભાવથી તે ઉપસર્ગોને સહન કરે, આવા પ્રકારનો ઉત્કૃષ્ટ આચાર પ્રતિમાધારી સાધુનો અથવા જિનકલ્પી આશ્રી જાણવાનો છે; પરંતુ સ્થવિરકલ્પી સાધુ શક્તિશાળી હોય, તો આવા કઠિન ઉપસર્ગોને સમભાવે સહન કરે તો નિર્જરાના મહાલાભને પ્રાપ્ત કરે, પરંતુ આર્તધ્યાન થાય તેમ જણાય તો અન્ય નિરવદ્યસ્થાને શય્યા કરી નિવાસ કરે. દિવસ અસ્ત થયા બાદ શરીરની હાજતના કારણ સિવાય સાધુને બહાર નીકળવાનો કલ્પ નથી; પરંતુ સંયમ રક્ષણ માટે લાભાલાભનો વિચાર કરી પોતાની શક્તિનું માપ જાણી નિરવદ્ય સ્થાનની ગવેષણા કરે.

૩ ૨ ૧ ૪ ૫ ૬
णो अभिकंखेज्ज जीवियं, णोऽवि य पूयण पत्थए सिया ।
૧૦ ૧૧ ૯ ૭ ૮
अब्भत्थ मुवेंति भेरवा, सुन्नागार गयस्स भिक्खुणो ॥૧૬॥

શબ્દાર્થ : (૧) જીવનની (૨) ઇચ્છા (૩) ન કરે (૪) પૂજાની (૫) ભાવના (૬) ન કરે (૭) શૂના ઘરમાં ગયા થકા (૮) ભિક્ષુને (૯) ભયંકર પ્રાણીના ઉપસર્ગ સહન કરવાનો (૧૦) અભ્યાસ (૧૧) થઇ જાય છે.

ભાવાર્થ:– પૂર્વોક્ત ઉપસર્ગથી ભય પામી જીવનની ઇચ્છા કરે નહિ, તથા પૂજા, સત્કાર પામવાની ભાવના ન કરે, સાધુને શૂન્ય ઘરમાં નિવાસ કરતા ભૈરવ આદિ ભયંકર પ્રાણીઓના પ્રતિકૂળ ઉપસર્ગો તથા અનુકૂળ ઉપસર્ગોને સહન કરવાનો સહેજે અભ્યાસ થઈ જાય છે. ઉપસર્ગો સહન કરતા દેહ મમત્વને દૂર કરવો

જોઇએ. દેહ મમત્વ છૂટયા વિના પરિષહો સહન કરવા મુશ્કેલ બને. એમ જાણી આત્માર્થી સાધકે દેહ મમત્વ રાખવું નહિ. દેહને અન્ય દ્રવ્ય જાણી સંયમપાલન કરવું.

૧ ૨ ૫ ૩ ૪
उवणीयतरस्स ताइणो, भयमाणस्स विविक्क मासणं ।
૭ ૮ ૬ ૯ ૧૦ ૧૧ ૧૩ ૧૨
सामाइय माहु तस्स, जं जो अप्पाण भए ण दंसए ॥१७॥

શબ્દાર્થ : (૧) જ્ઞાન સમીપ પહોંચેલ (૨) સ્વપરનો રક્ષક સ્ત્રી પુરુષ (૩) નપુંસક રહિત (૪) શયન આસન (૫) સેવનાર (૬) મુનિના ચારિત્રને (૭) સામાયિકચારિત્ર (૮) કહેલ છે (૯) ચારિત્રવાન સાધકે (૧૦) પોતાના આત્માને (૧૧) ભય (૧૨) પ્રદર્શિત (૧૩) નહિ કરવો.

ભાવાર્થ:– જે સાધક આત્માએ, પોતાના આત્માને અતિ-શયરૂપથી જ્ઞાનમાં સ્થાપિત કરેલ હોય અને પોતાના તથા અન્યના આત્માના રક્ષણ કરવામાં સમર્થ હોય, એટલે છકાય જીવોના રક્ષક હોય, સ્ત્રી, પુરુષ, નપુંસક રહિત સ્થાનોમાં નિવાસ કરતા હોય એવા મુનિના ચારિત્રને શ્રી તીર્થંકરદેવોએ સમભાવરૂપ સામાયિકચારિત્ર કહેલ છે. એમ જાણી મુનિ પરીષહ ઉપસર્ગ પ્રાપ્ત થતા ભયભીત ન બને અને પોતાના સ્વભાવમાં સ્થિત રહી, સંયમનું પાલન કરે આવા પ્રકારનો સાધકનો આચાર જાણી તેનું સમ્યક્પ્રકારે પાલન કરે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
उसिणोदग तत्तभोइणो, धम्मट्ठियस्स मुणिस्स हीमतो ।
૮ ૧૦ ૯ ૧૧ ૧૨
संसग्गि असाहु राइहिं, असमाहीउ तहागयस्स वि ॥१८॥

શબ્દાર્થ : (૧) ગરમ (૨) પ્રાણી (૩) ઠંડું કર્યા વિના (૪) પીવાવાળા (૫) ધર્મમાં સ્થિત (૬) મુનિ (૭) લજ્જાવાનને (૮) સંગ (૯) રાજા આદિનો (૧૦) શ્રેય નથી (૧૧) અસમાધિ ઉત્પન્ન કરાવનાર (૧૨) શાસ્ત્રોકત આચાર પાળવાવાળાને.

ભાવાર્થ:– ગરમ પાણીને ઠંડુ કર્યા વિના પીવાવાળા તથા શ્રુત અને ચારિત્ર ધર્મમાં સ્થિત અને અસંયમથી લજ્જાપામવાવાળા, તથા શાસ્ત્રોક્ત આચાર પાળવાવાળા મુનિને પણ, રાજા મહારાજા આદિનો સંસર્ગ બુરો અને સંયમપાલનમાં વિઘ્નરૂપ તથા સમાધિનો ભંગ કરાવનાર છે. એમ જાણી રાજા આદિના સંસર્ગથી દૂર રહેવું. ગૃહસ્થોના આચાર હિંસામય કામભોગોની લાલસાવાળા પરિગ્રહ મમત્વવાળા હોય છે. તેથી ગૃહસ્થોના પરિચયથી દૂર રહેવું તે મુનિ સાધકને માટે હિતનું કારણ છે.

अहिगरणकडस्स भिक्खुणो, वयमाणस्स पसज्झ दारुणं।
अट्ठे परिहायती बहु अहिगरणं न करेज्ज पंडिए ॥ १९ ॥

શબ્દાર્થ : (૧) કલેશ કરતો હોય (૨) જો સાધુ (૩) પ્રગટ (૪) ભયાનક (૫) વચન બોલતો હોય (૬) મોક્ષ તથા સંયમ (૭) નષ્ટ (૮) અતિ (૯) પંડિત (૧૦) કલેશ (૧૧) નહિ (૧૨) કરે.

ભાવાર્થ:– જો કોઇ સાધુ, પ્રગટપણે કલેશ ઝઘડા કરતો હોય અને ખરાબ ભયંકર વચન બોલતો હોય તો તેનો મોક્ષરૂપીઅર્થ તથા મોક્ષના કારણરૂપ સંયમનો અતિ પ્રમાણમાં નાશ થાય છે, હીનતાને પામે છે, એમ જાણીને વિવેકી મુનિ-સાધક, કલેશ–ઝઘડા ન કરે, તથા કલેશ ઉત્પન્ન થાય તેવા વચનો બોલે નહિ, કલેશથી તથા અસભ્ય વચનથી સામી વ્યક્તિના ચિત્તમાં દુઃખ ઉત્પન્ન થાય છે. તેમ જ કલેશથી અસભ્ય વચનોથી ઘણા કાળની તપસ્યા વડે તથા બ્રહ્મચર્યપાલનથી ઉપાર્જન કરેલ પુણ્યનો નાશ થાય છે. એમ જાણી પંડિત સાધક કલેશ ન કરે અને વાણી નિરવદ્ય પ્રિય, અને સત્ય બોલે. (એ સાધુપુરુષનો આચાર છે)

સીઓદગ પડિ દુગુંછિણો અપડિણ્ણસ્સ લવાવસપ્પિણો ।
સામાઇયમાહુ તસ્સ જં જો, ગિહિમત્તેઽસણં ન ભુંજતી ॥૨૦॥

શબ્દાર્થ : (૧) સચેત્ત પાણીની (૨) ઘૃણા કરનાર (૩) કામભોગોની ઇચ્છા નહિ કરનાર (૪) કર્મબંધનરૂપ અનુષ્ઠાનોથી દૂર રહેનાર (૫) ગૃહસ્થના ભાજનમાં (૬) ભોજન (૭) ન કરતા હોય (૮) એવા મુનિના આચારને (૯) સામાયિક (૧૦) કહેલ છે.

ભાવાર્થ:– જે સાધુ કાચાપાણીની દુગુંચ્છા કરતો હોય, કાચા પાણીના આરંભથી લજ્જા પામતો હોય, તથા સાંસારિક કામ-ભોગોની ઇચ્છા રહિત હોય, કર્મબંધન થાય તેવાં અનુષ્ઠાનોથી દૂર રહેતો હોય તથા ગૃહસ્થના પાત્રમાં ભોજન ન કરતો હોય, આવા સાધુના ચારિત્રને શ્રી તીર્થંકર દેવોએ સમભાવરૂપ સામાયિક ચારિત્ર કહેલ છે. એમ જાણી સાધકે રાગદ્વેષ રહિત બની સંયમનું પાલન કરવું જોઇએ.

ણ ય સંખય માહુ જીવિયં, તહ વિ ય બાલજણો પગબ્ભઇ ।
વાલે પાવેહિં મિજ્જતી, ઇતિ સંખાય મુણી ણ મજ્જતી ॥૨૧॥

શબ્દાર્થ : (૧) જીવન (૨) સાંધી શકાય તેવાં (૩) નથી (૪) કહ્યાં (૫) તથાપિ (૬) મૂર્ખજનો પાપકરવાની (૭) ધૃષ્ટતા કરે છે (૮) અજ્ઞાની જીવોને (૯) પાપી સંબોધનથી (૧૦) બતાવાય છે (૧૧) એમ (૧૨) જાણી (૧૩) મુનિ (૧૪) મદ કરે નહિ.

ભાવાર્થ:– મનુષ્યોનાં જીવન તૂટયા પછી સાંધી શકાય તેવાં નથી. છતાં મૂર્ખજનો પાપ કરવાની ધૃષ્ટતા કરે છે. આવા અજ્ઞાની અને હિંસાના કરનારા જીવોને જગતના અન્ય મનુષ્યો, પાપી છે. તેમ સંબોધન કરી આંગળી વડે બતાવે છે. એટલે પાપી સંબોધનથી

જગતમાં ઓળખાય છે પાપી જીવો હિંસા કરતા લજ્જિત થતા નથી અને પાપ કરીને સંસાર પરિભ્રમણ કરે છે. એમ જાણી મુનિ સાધકે હું જ ધર્માત્મા છું, તપસ્વી છું, શુભઅનુષ્ઠાન કરવાવાળો છું, અન્ય પાપી જીવો છે, આવા પ્રકારનું અભિમાન–મદનું સેવન કરવું નહિ, સરલ સ્વભાવથી રહી સંયમનું પાલન કરવું.

૫ ૬ ૪ ૧ ૨ ૩
छंदेण पले इमा पया, बहुमाया मोहेण पाउडा ।
૮ ૯ ૭ ૧૦ ૧૧ ૧૨
वियडेण पलिंति माहणे, सीउण्हं वयसाऽहियासए ॥२२॥

શબ્દાર્થ : (૧) બહુમાયી (૨) મોહથી (૩) ઢંકાયેલ (૪) જીવો પોતાની (૫) ઇચ્છાથી (૬) નરકાદિ ગતિમાં જાય છે (૭) સાધુ પુરુષો (૮) કપટરહિત અનુષ્ઠાનો વડે (૯) મોક્ષ સંયમમાં લીન બની (૧૦) શીત–ઉષ્ણ આદિ પરીષહોને (૧૧) મન, વચન, કાયાથી (૧૨) સમભાવે સહન કરે.

ભાવાર્થ:– મોહથી ઢંકાયેલાં, બહુ માયા કપટ કરવાવાળાં મનુષ્યો પોતાની ઇચ્છાથી (કામભોગોમાં આસક્તિના કારણે) નરક, તિર્યંચાદિ ગતિઓમાં જાય છે. ત્યાં અસહ્ય દુઃખોને ભોગવે છે. એમ જાણી સાધુ પુરુષો કપટ રહિત અનુષ્ઠાનો દ્વારા મોક્ષપ્રાપ્તિ માટે, સંયમમાં લીન બની શીતઉષ્ણ–અનુકૂળ પ્રતિકૂળ જે કોઇ પરીષહ ઉપસર્ગ ઉત્પન્ન થાય તેને મન, વચન, કાયાથી સમભાવપૂર્વક સહન કરે અને ઉપયોગવંત રહી સંયમ પાલન કરે જગતમાં ઘણા અજ્ઞાની જીવો ઘેટાં બકરાં આદિ પ્રાણીઓની ઘાત કરી તેને ધર્મનાં સાધન માને છે વળી કોઇ મનુષ્યો પોતાના સમાજના રક્ષણ માટે ધન, ધાન્ય, દાસ, દાસી વગેરે પરિગ્રહનો સંગ્રહ કરે છે. વળી કોઇ કોઇ મનુષ્યો વારંવાર પોતાના શરીર ઉપર તથા બેસવાના સ્થાને જલ છાંટે છે, આદિ આવા સાવદ્ય અને માયા પ્રધાન કાર્યોથી જગતના ભોળા લોકોને ઠગે છે. આવી રીતે અજ્ઞાની મનુષ્યો પાપ કરી દુર્ગતિમાં જાય છે. એમ જાણી સાધકે જાગૃત રહેવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬
कुजए अपराजिए जहा, अक्खेहिं कुसलेहिं दीवयं ।
૭ ૮ ૯ ૧૧ ૧૨ ૧૦
कडमेव गहाय णो कलिं, नो तीयं नो चेव दावरं ॥२३॥

શબ્દાર્થ : (૧) જુગારી (૨) અપરાજિત (૩) જેમ (૪) કુશળ જુગારી (૫) પાસા (૬) ખેલતા (૭) કૃતસ્થાન (૮) ગ્રહણ કરે છે (૯) એક (૧૦) બે (૧૧) ત્રણ ને (૧૨) નહિ.

ભાવાર્થ:- જેનો વિજય પણ નિંદનીય છે, તેને કુજય કહેવાય છે, કુજય નામ જુગારીનું છે, જુગારીનો જુગાર રમવામાં મહાન વિજય થવા છતાં સજ્જન-પુરુષો તેની (જુગાર રમનારની) નિંદા કરે છે, કારણ જુગાર છે. તે અનર્થનું કારણ છે, તેથી નિંદનીય છે, જે જુગારી જુગારના પાસા ખેલવામાં કુશળ હોય તે અન્ય જુગારીથી જીતાતો નથી તેને અપરાજિત કહેવાય છે, આવા કુશળ જુગારી પાસાની રમત રમતાં કૃત નામના ચોથા સ્થાનને ગ્રહણ કરી વિજય મેળવે છે. પહેલા બીજા ત્રીજા સ્થાનોને છોડી દે છે. આ દૃષ્ટાંતનો સાર નીચેની ગાથાથી જાણવો.

૧ ૨ ૩ ૪ ૫ ૭ ૬ ૮
एवं लोगंमि ताइणा बुइए जे धम्मे अणुत्तरे । तं
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
गिण्ह हियंति उत्तमं कडमिव सेसऽवहाय पंडिए ॥ २४ ॥

શબ્દાર્થ : (૧) આવા પ્રકારે (૨) લોકમાં (૩) છકાયજીવોની રક્ષા કરવામાં સમર્થ (૪) કહ્યો છે (૫) જે (૬) સર્વોત્તમ (૭) ધર્મ (૮) એજ (૯) ગ્રહણ કરવા યોગ્ય છે (૧૦) હિતકારી (૧૧) ઉત્તમ ચોથા (૧૨) સ્થાનની જેમ ઉત્તમ કુપ્રાવચન (૧૩) આદિ અન્યને (૧૪) છોડી દે છે. (૧૫) પંડીત.

ભાવાર્થ:- આ મનુષ્ય લોકમાં સર્વ જીવોનાં રક્ષણ કરવામાં સમર્થ શ્રી મહાવીર સ્વામીએ ક્ષમાઆદિ શ્રુત ચારિત્રરૂપ ધર્મ જે કહેલ છે એજ ધર્મ સર્વોત્તમ જીવોને માટે એકાંત હિતકારી

છે. તે ગ્રહણ કરવા યોગ્ય છે. તેને ગ્રહણ કરવો. અન્ય કુપ્રાવચનિક આદિ દર્શનો સર્વ સંસારવૃદ્ધિના કારણરૂપ જાણી તેનો ત્યાગ કરવો જેમ જુગારી કૃતનામ ચોથા સ્થાનને ગ્રહણ કરી અન્યને છોડી દે છે એ રીતે સાધક, આ વીતરાગ કથિત, અષ્ટકર્મોનો ક્ષય કરી મોક્ષનાં શાશ્વતાં સુખો પમાડનાર મોક્ષ માર્ગને ગ્રહણ કરી અન્ય કુપ્રાવચનિક માર્ગનો ત્યાગ કરે એ આત્મહિતનું કારણ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
उत्तर मणुयाण आहिया, गामधम्मा इह मे अणुस्सुयं ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
जंसी विरया समुट्ठिया, कासवस्स अणुधम्म चारिणो ॥२५॥

શબ્દાર્થ : (૧) દુર્જેય (૨) મનુષ્યોને (૩) કહેલ (૪) શબ્દાદિ વિષયો છોડવા (૫) એમ (૬) મેં (૭) સાંભળ્યુ છે. (૮) તેનાથી (૯) નિવૃત્ત (૧૦) સંયમમાં ઉપસ્થિત શ્રી ઋષભદેવજી તથા (૧૧) શ્રી મહાવીરના (૧૨) ધર્મના (૧૩) અનુયાયીઓ છે.

ભાવાર્થ:- શ્રી સુધર્માસ્વામી શ્રી જમ્બૂસ્વામી આદિ શિષ્યોને ઉદ્દેશી કહે છે કે "શબ્દ આદિ વિષયો અથવા મૈથુન સેવન વગેરે કામભોગોને છોડવા મનુષ્યોને અતિ દુષ્કર છે, દુર્જય કહેલ છે." એમ મેં ભગવાન મહાવીર સ્વામી પાસેથી સાંભળ્યું છે; પરંતુ જે સાધકો શબ્દાદિ વિષયો તથા મૈથુન સેવનનો ત્યાગ કરી સંયમ અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત રહેલાં છે. તેઓ જ શ્રી મહાવીર સ્વામી તથા શ્રી. ઋષભદેવ સ્વામીના વીતરાગ ધર્મના સાચા અનુયાયી છે. એમ જાણવું. તેમ જ આ ઉપદેશ શબ્દાદિ વિષયોનો ત્યાગ કરવાનો ભગવાન શ્રી ઋષભદેવજીએ પોતાના પુત્રોને પણ કહેલ હતો.

૧ ૨ ૩ ૭ ૬ ૪ ૫
जे एय चरंति आहियं, नाएणं महया महेसिणा । ते
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૪ ૧૩
ते उट्ठिय ते समुट्ठिया, अन्नोन्नं सारंति धम्मओ ॥ २६ ॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ (૨) પૂર્વોક્ત ધર્મ (૩) આચરે છે (૪) મહાન (૫) મહર્ષિ (૬) જ્ઞાતપુત્રે (૭) કહેલ (૮) એ જ (૯) સાવધાન (૧૦) એ જ (૧૧) સંયમમાં ઉત્થિત (૧૨) એક બીજાને (૧૩) ધર્મથી પતિત થતાને (૧૪) ધર્મમાં પ્રવૃત્ત કહે છે.

ભાવાર્થ:- મહાન મહર્ષિ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર સ્વામી દ્વારા પ્રતિપાદન કરેલ શ્રુત ચારિત્રરૂપ દશ પ્રકારના યતિ ધર્મને ગ્રહણ કરી જે સાધક તેનું ઉપયોગપૂર્વક આચરણ કરે છે. એ જ આ ધર્મમાં સાવધાન છે. તથા સમ્યક્ પ્રકારથી ધર્મમાં સમુત્થિત છે અને તેઓ જ ધર્મથી પતિત થતા જીવોને પુનઃધર્મમાં પ્રવૃત્ત કરે છે અને આ ધર્મ જ જગતના સર્વ જીવોને આધારરૂપ છે, કલ્યાણ-રૂપ છે અને આજ ધર્મ (બાહ્ય અને આભ્યન્તર પરિગ્રહ રહિત તથા આરંભ રહિત) અષ્ટકર્મનો ક્ષય કરવા સમર્થ છે. તથા મોક્ષનાં શાશ્વતા સુખોને પમાડનાર છે. એમ જાણી ધર્મ આરાધન કરવામાં પ્રમાદ કરવો નહિ.

૪ ૩ ૧ ૨ ૭ ૫ ૬
मा पेह पुरा पणामए, अभिकङ्खे उवधिं धूणित्तए ।
૮ ૯ ૧૦ ૧૨ ૧૧ ૧૫ ૧૬ ૧૪ ૧૩
जे दूमण तेहि णो णया, ते जाणंति समाहि माहियं ॥२७॥

શબ્દાર્થ : (૧) પૂર્વે ભોગવેલા ભોગો (૨) વિષયો (૩) સ્મરણ (૪) ન કરો (૫) આઠ કર્મરૂપ ઉપાધિ (૬) નષ્ટ કરવા (૭) ઇચ્છા રાખો (૮) જે (૯) મનને દુષ્ટ બનાવનાર (૧૦) વિષયોમાં (૧૧) આસક્ત (૧૨) નથી (૧૩) આત્મામાં સ્થિત (૧૪) સમાધિને (૧૫) તે પુરુષ (૧૬) જાણે છે.

ભાવાર્થ:- મહાપુરુષો શિષ્યોને સંબોધન કરે છે કે ગૃહસ્થવાસનાં પૂર્વે ભોગવેલા કામભોગોનું સ્મરણ નહિ કરો, આઠ પ્રકારનાં કર્મોનો નાશ કરવાની ઇચ્છા રાખો. જે સાધક મનને દૂષિત કરનાર શબ્દાદિ વિષયોમાં આસક્ત નથી એ જ પોતાના આત્મામાં

સ્થિત છે, તેમ જ ધર્મધ્યાન તથા રાગદ્વેષના ત્યાગ રૂપ ધર્મને જાણે છે શબ્દાદિ વિષયો જગતના જીવોને દુર્ગતિમાં લઇ જનારા છે, તથા અનર્થના કારણરૂપ છે. એમ જાણી વર્તમાને વિષયોપભોગની ઇચ્છા ન કરવી; પરંતુ ભવિષ્યકાળમાં પણ તેની પ્રાપ્તિની ઇચ્છા કરવી નહિ.

૩ ૨ ૪ ૧ ૫ ૭ ૬
णो काहिए होज्ज संजए, पासणिए ण य संपसारए ।
૧૦ ૯ ૮ ૧૧ ૧૪ ૧૨ ૧૩
णच्चा धम्मं अणुत्तरं, कयकिरिए ण यावि मामए ॥ २८ ॥

શબ્દાર્થ : (૧) સંયમીસાધક (૨) ધર્મવિરૂદ્ધ (૩) કથા (૪) ન કરે (૫) જ્યોતિષ આદિ પ્રશ્નોના વૃષ્ટિ તથા (૬) ધન ઉપાર્જનના ઉત્તર (૭) આપે નહિ (૮) સર્વોત્તમ (૯) ધર્મને (૧૦) જાણી (૧૧) સંયમ અનુષ્ઠાન કરે (૧૨) કોઇ વસ્તુ ઉપર (૧૩) મમત્વ (૧૪) ન રાખે.

ભાવાર્થ:– સંયમીસાધક ગોચરી આદિ કે સમયે સંયમ-વિરૂદ્ધ કે ધર્મવિરૂદ્ધ કોઇ ક્રિયા અથવા કથા વાર્તા ન કરે, જ્યોતિષ આદિ પ્રશ્નોનાના ઉત્તર ન આપે, તથા વૃષ્ટિ થવાના તથા ધન ઉપાર્જન કરવાના ઉપાયો બતાવે નહિ, કારણ કે એ બધા આરંભના કારણો છે; પરંતુ લોકોત્તર શ્રુતચારિત્રરૂપ સર્વોત્તમ ધર્મના સ્વરૂપને જાણી સંયમ અનુષ્ઠાન કરે અને કોઈ વસ્તુ ઉપર મમત્વ ન રાખે, લીધેલ મહાવ્રતની પ્રતિજ્ઞાનું યથા તથ્ય પાલન કરવામાં અપ્રમાદી બની રહે

૧ ૨ ૬ ૬ ૩ ૪ ૫
छन्नं च पसंस नो करे, न य उक्कोस पगास माहणे ।
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૭ ૯ ૮
तेसिं सुविवेग माहिए, पणया जेहिं सुजोसियं धुयं ॥२९॥

શબ્દાર્થ : (૧) માયા (૨) લોભ (૩) માન (૪) ક્રોધ (૫) સાધુ (૬) ન કરે (૭) જેણે (૮) સંયમનું (૯) સેવન કરેલ છે (૧૦) તેનો (૧૧) ઉત્તમ વિવેક (૧૨) પ્રસિદ્ધ છે ધર્મમાં (૧૩) આસક્ત છે.

ભાવાર્થ:– સાધુ પુરુષો ક્રોધ, માન, માયા, લોભ કરે નહિ, જેણે આઠ કર્મોનો ક્ષય કરવારૂપ સંયમનું ભલી રીતે સેવન કરેલ છે અને જે ધર્મમાં આસક્ત છે. તથા કષાયોનો જેણે ત્યાગ કરેલ છે. તેઓનો આ જગતમાં ઉત્તમ વિવેક પ્રસિદ્ધ છે અને એઓ જ ધર્મમાં પ્રવૃત્ત છે. સંયમપાલનમાં કષાયો તથા આરંભને તથા પરિગ્રહ મમત્વને સ્થાન છે જ નહિ, આરંભ પરિગ્રહથી મુક્ત પુરુષો જ શુદ્ધ સંયમનું પાલન કરી શકવા સમર્થ બને છે.

अणिहे[૧] सहिए[૨] सुसंवुडे[૩], धम्मट्ठी[૪] उवहाणवीरिए[૫] । विहरेज्ज[૬] समाहिइंदिए[૭], अत्तहियं[૮] खु दुहेण[૯] लब्भइ[૧૦] ॥૩૦॥

શબ્દાર્થ : (૧) સ્નેહરહિત (૨) જ્ઞાનસહિત (૩) મન તથા ઇન્દ્રિયોથી ગુપ્ત (૪) ધર્મનો અર્થી (૫) તપમાં (૬) બળપરાક્રમ ફોરવનાર (૭) ઇન્દ્રિયોને વશ રાખનાર (૮) સંયમ અનુષ્ઠાન કરતા વિચરે (૯) આત્મકલ્યાણ (૧૦) દુઃખે કરી (૧૧) પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:– સાધુ પુરુષ કોઇ પદાર્થમાં મમત્વ રાખે નહિ, જેના વડે આત્માનું કલ્યાણ થાય તેવાં અનુષ્ઠાનોમાં સદા સર્વથા પ્રવૃત્ત રહે, ઇન્દ્રિયો તથા મનથી ગુપ્ત રહી ધર્માર્થી બની રહે. તપમાં પોતાનું બળપરાક્રમ ફોરવે, જિતેન્દ્રિય બની સંયમ અનુષ્ઠાન કરે. કારણ કે પોતાનું કલ્યાણ ઘણા કષ્ટે પ્રાપ્ત થઈ શકે છે. તેથી શબ્દાદિ વિષયોથી દૂર રહી, પરીષહ–ઉપસર્ગથી પરાજિત ન થતા સમભાવે સહન કરે, સંસારી જીવોને ધર્માનુષ્ઠાન કર્યા વિના આત્મહિતની પ્રાપ્તિ થઈ શકે નહિ. વિજળીના પ્રકાશ સમાન અતિ ચંચળ મનુષ્યભવ જો અગાધ સંસાર સમુદ્રમાં ફસાઇ જાય તો ફરી મનુષ્યભવ પ્રાપ્ત થવો અતિ દુર્લભ જાણવો. આર્યક્ષેત્ર આદિ સંયમના સાધનો પામવાં પણ અતિ દુર્લભ છે. પ્રાણીઓમાં જંગમ પ્રાણી શ્રેષ્ઠ છે. જંગમ પ્રાણીઓમાં પંચેન્દ્રિય પ્રાણી શ્રેષ્ઠ છે અને પંચેન્દ્રિય

જીવોમાં મનુષ્યભવ સર્વથી ઉત્કૃષ્ટ છે. તેમાં વળી આર્યદેશ, ઉચ્ચકુળ, શ્રેષ્ઠ જાતિ, ઇન્દ્રિયોની પૂર્ણતા, બળ, લાંબુ આયુષ્ય, વિજ્ઞાન, સમ્યક્ત્વ અને ચારિત્રની પ્રાપ્તિ એ બધા મોક્ષપ્રાપ્તિનાં સાધનો વારંવાર પ્રાપ્ત થવાં અતિ દુર્લભ કહેલ છે. જેમાં એક દૃષ્ટાંત આપે છે કે સમુદ્રનાં પૂર્વના કાંઠે ઘોંસરૂં નાખે ને પશ્ચિમના કાંઠે ઘોંસરાની ખીલી નાખે એ બન્ને સમુદ્રના તરંગોથી તણાઇ એકઠાં થઇ ઘોંસરામાં ખીલીનો પ્રવેશ થવો જેમ દુષ્કર છે. એવી જ રીતે ધર્માનુષ્ઠાન રહિત જીવોને ફરી મનુષ્યભવ પ્રાપ્ત થાવો અતિ દુર્લભ જાણવો, આમ વિચારી ધર્મઆરાધન કરવામાં પ્રમાદ કરવા નહિ, એ જ મનુષ્યભવની સાર્થકતા જાણવી.

૪ ૧ ૨ ૩ ૫ ૬ ૭ ૯ ૮
ण हि नूण पुरा अणुस्सुयं अदुवा तं तह णो समुट्ठियं ।
૧૨ ૧૩ ૧૪ ૧૧ ૧૦
मुणिणा सामाइ आहियं, नाएणं जग सव्वदंसिणा ॥३१॥

શબ્દાર્થ : (૧) નિશ્ચે (૨) પૂર્વે (૩) સાંભળ્યું (૪) નથી (૫) અથવા (૬) તે સાંભળી (૭) યથાર્થપણે (૮) અનુષ્ઠાન (૯) કરેલ નથી (૧૦) સર્વ-જગતને દેખનાર (૧૧) જ્ઞાતપુત્ર (૧૨) મુનિએ (૧૩) જે સામાયિકનું કથન (૧૪) કહેલ છે.

ભાવાર્થ:– સમસ્ત જગતના સર્વ પદાર્થોને તથા જીવોને તથા જીવઅજીવની ભૂતકાળની વર્તમાનકાળની તથા ભવિષ્યકાળની પર્યાયને જાણવાવાળા તથા દેખાવાવાળા જ્ઞાતપુત્ર મુનિશ્રી ભગવાન મહાવીર સ્વામીએ સામાયિક આદિ શ્રુતચારિત્રરૂપ ધર્મનાં અનુષ્ઠાનો પ્રતિપાદન કરેલાં છે, જે સર્વ દુઃખોથી છોડાવનાર તે ઉપદેશને જીવોએ નિશ્ચયથી પૂર્વે સાંભળેલ નથી. અથવા જો તેને સાંભળીને યથાર્થપણે આચરણ કરેલ નથી, તેવા જીવોને આત્મહિત પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. એમ જાણી વર્તમાન મનુષ્યભવને સફળ બનાવવા આત્માર્થી જીવોએ ધર્મ આરાધન કરવા ઉપયોગવંત રહેવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
एवं मत्ता महंतरं धम्ममिणं सहिया बहू जणा । गुरुणो
૮ ૯ ૧૦ ૧૨ ૧૧ ૧૩
छंदाणुवत्तगा विरया तिन्न महोघ माहियं त्तिबेमि ॥ ३२ ॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) માની (૩) સર્વોતમ (૪) આર્હત ધર્મ સ્વીકારી (૫) જ્ઞાનાદિ સંપન્ન (૬) બહુ મનુષ્યો (૭) ગુરુ (૮) અભિપ્રાયે (૯) વર્તનાર પાપથી (૧૦) નિવૃત્ત થઇ (૧૧) સંસારરૂપી સમુદ્ર (૧૨) પાર કરેલ છે (૧૩) ભગવંતે કહેલ છે એમ હું કહું છું.

ભાવાર્થ:– પૂર્વોક્ત કહેવા મુજબ જીવોને પોતાના હિતની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. એમ જાણીને પૂર્વકાળે આ જગતમાં સર્વથી ઉત્તમ એવા આર્હત ધર્મનો સ્વીકાર કરીને જ્ઞાનાદિ સંપન્ન ગુરુના અભિપ્રાય અનુસાર સમ્યક્ત્વ સહિત શ્રુત અને ચારિત્રરૂપ ધર્મનું પાલન કરીને સર્વ પાપોથી નિવૃત્ત થઇને બહુ પુરુષો–મનુષ્યોએ આ મહા ઓઘરૂપ સમુદ્રને તરી પાર કરી સર્વ દુઃખોનો અંતઃ કરી શાશ્વતા અનાદિ અનંત એવા સમાધિરૂપ મોક્ષનાં સુખોને પ્રાપ્ત કર્યા છે એમ હું કહું છું.

બીજો ઉદ્દેશો સમાપ્ત

૧ ૨ ૪ ૫ ૩
संवुडकम्मस्स भिक्खुणो, जं दुक्खं पुट्ठं अबोहिए ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
तं संजमओ ऽविचिज्जई, मरणं हेच्च वयंति पंडिया ॥ १ ॥

શબ્દાર્થ : (૧) કર્મોના પ્રવાહને રોકેલ છે (૨) ભિક્ષુને (૩) અજ્ઞાનવશ (૪) કર્મો (૫) બંધાએલ (૬) તે કર્મબંધન (૭) સંયમથી (૮) ક્ષય થાય છે (૯) જન્મમરણ (૧૦) છોડી (૧૧) પંડિત (૧૨) મોક્ષને પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ:– જે સાધુએ આઠ પ્રકારનાં કર્મોના આવાગમન-આશ્રવોને રોકેલા છે. તેવા સાધુને જે પૂર્વકાળે અજ્ઞાનવશે કર્મો

બંધાએલાં છે, (તે કર્મોનાં બંધન) તે અનેક જન્મના સંચિત કર્મોને, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ ઉત્કૃષ્ટ આરાધનથી ક્ષય કરીને, પંડિત પુરુષો જન્મ મરણરૂપ સંસાર પરિભ્રમણનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત કરે છે. સર્વ દુઃખો માત્રથી છૂટી જાય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
जे विन्नवणाहिऽसोजिया, संतिन्नेहिं समं वियाहिया ।
૭ ૮ ૯ ૧૨ ૧૦ ૧૧
तम्हा उड्ढं ति पासहा, अदक्खु कामाइ रोगवं ॥ २ ॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ (૨) સ્ત્રીઓથી (૩) સેવિત નથી (૪) મુક્ત પુરુષ (૫) સમાન કહેલ છે તેથી સ્ત્રી ત્યાગ (૭) પશ્ચાત્ (૮) મોક્ષની (૯) પ્રાપ્તિ થાય છે (૧૦) કામભોગોને (૧૧) રોગસમાન (૧૨) જાણ્યા છે.

ભાવાર્થ:– જે પુરુષો સ્ત્રીઓથી સેવિત નથી અને કામભોગોને રોગ સમાન જાણ્યા છે. એ પુરુષોને મુક્ત પુરુષ સમાન કહેલા છે. સ્ત્રી ત્યાગ આદિ સર્વ કામભોગોના ત્યાગથી મોક્ષની પ્રાપ્તિ કહેલ છે. કારણ કે કામભોગો માત્ર આરંભ અને પરિગ્રહમય છે. આરંભ છે તે જન્મ મરણરૂપ સંસાર પરિભ્રમણનું કારણ છે અને કામભોગોના કારણે જ આરંભ તથા પરિગ્રહ મમત્વ હોય છે. તેથી જ્યાં સુધી વિષયભોગોનું મમત્વ ન છૂટે ત્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થાય નહિ. એમ જાણી આત્માના હિત માટે વિષયભોગોથી દૂર રહી, સંયમ પાલનમાં ઉપયોગવંત રહી, અમૂલ્ય માનવ ભવને સફળ બનાવવા જાગૃત રહેવું તે સાધકનું કર્તવ્ય છે. જીવોને પાંચ ઇન્દ્રિયના વિષયોરૂપ કામભોગોની આસક્તિ સંસારમાં જન્મ અને મરણરૂપ ચારગતિમાં પરિભ્રમણ કરાવનાર છે. કારણ કે કામભોગો પ્રાપ્ત કરવા પરિગ્રહની જરૂર પડે છે અને પરિગ્રહ પ્રાપ્ત કરવામાં જીવઘાતરૂપ આરંભ રહેલ છે. તથા કષાયો ઉત્પન્ન થાય છે અને એ બધી પરક્રિયાઓ આત્માથી ભિન્ન છે. તે કામભોગોની લાલસા જીવોને સ્વઋદ્ધિરૂપ જ્ઞાન, દર્શન,

ચારિત્રાદિ સ્વગુણોને પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ છે. જીવો અજ્ઞાનવશ, પોતાના સુખરૂપ ગુણો હિતકારી છે. તેને છોડી જે શત્રુરૂપ પરભાવ-કામભોગો તેને હિતકર માની ગ્રહણ કરે છે અને તે કારણ દ્વારા અનંતાભવોથી સંસાર પરિભ્રમણ કરી દુઃખ ભોગવી રહેલ છે. તે દુઃખોનો નાશ કરવાનો મનુષ્યભવરૂપી અવસર તથા સાથે આર્યક્ષેત્ર આર્યકુળ પાંચઇન્દ્રિય સંપૂર્ણ અને જૈન ધર્મનો યોગ પ્રાપ્ત થયો છે. તેને સફળ બનાવવા જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપનું આરાધન (સંયમ આરાધન) કરવા જાગૃત બની રહો એવો શ્રી વીરપ્રભુનો હિતકારી ઉપદેશ છે.

૪ ૨ ૩ ૬ ૫
अग्गं वणिएहिं आहियं, धारंति राईणिया इहं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
एवं परमा महव्वया, अक्खाया उ सराइ भोयणा ॥ ३ ॥

શબ્દાર્થ : (૧) આ લોકમાં (૨) વ્યાપારી દ્વારા (૩) દેશાવરમાંથી લાવેલ (૪) ઉત્તમોત્તમ વસ્તુઓ (૫) રાજામહારાજા આદિ (૬) ગ્રહણ કરે (૭) એ રીતે ઉત્કૃષ્ટ (૮) મહાવ્રતો સાધુ પુરુષો જ ધારણ કરી શકે છે (૧૦) આચાર્યપ્રતિપાદિત (૧૧) રાત્રિ ભોજનના ત્યાગ સહિત.

ભાવાર્થ:– આ લોકમાં વ્યાપારી દ્વારા દૂર દેશાવરમાંથી લાવેલ ઉત્તમોત્તમ કિંમતી વસ્તુઓ રત્ન તથા શ્રેષ્ઠ વસ્ત્રાદિ મોટા રાજામહારાજા અગર શ્રીમંતો આદિ ગ્રહણ કરી શકે. એવી રીતે તિર્થંકર તથા આચાર્યો દ્વારા પ્રતિપાદિત રાત્રિભોજનના ત્યાગ સહિત પાંચ મહાવ્રતોને સાધુપુરુષો ગ્રહણ કરે છે. કાયર મનુષ્યો અગર વિષય લોલુપ્ત જીવો માટે મહાવ્રતો ગ્રહણ કરવાનું દુષ્કર હોય છે, મહાવ્રતોનું ગ્રહણ, ધૈર્યવાન મહાપુરુષો કરી શકે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
जे इह सायाणुगा नरा अज्झोववन्ना कामेहिं मुच्छिया ।
૭ ૮ ૯ ૧૨ ૧૧ ૧૦ ૧૩
किवणेण समं पगब्भिया, न वि जाणंति समाहिमाहितं ॥४॥

(૧) જે કોઈ (૨) આ લોકમાં (૩) સુખના ગવેષક છે (૪) મનુષ્યો (૫) સમૃદ્ધિ સાતા ગૌરવમાં ગૃદ્ધ છે (૬) કામભોગોમાં (૭) મૂર્ચ્છિત છે (૭) ઇન્દ્રિયલંપટ (૮) સમાન (૯) લાજરહિત બની કામભોગોનું સેવન કરે છે તેઓ (૧૦) પુરુષો ધર્મધ્યાનને (૧૧) જાણતા (૧૨) નથી (૧૩) ઉપદેશ દેવા છતાં.

ભાવાર્થ:- આ લોકમાં જે પુરુષો વિષય સુખોના ગવેષક છે, સમૃદ્ધિ તથા સાતાગૌરવમાં તથા કામભોગોમાં આસક્ત છે. મૂર્ચ્છિત છે અને લજ્જારહિત બની કામભોગોનું સેવન કરે છે. તેવા પુરુષો અતિ તૃષ્ણાવંત હોઇ તેઓને ધર્મનો ઉપદેશ આપવા છતાં સમાધિરૂપ ધર્મધ્યાનને જાણી શકતા નથી. તેમ જ કેટલાએક શિથિલ સાધુઓ શરીર સુખના ગવેષક સમિતિનું પાલન નહિ કરતા સંયમને દૂષિત કરી સંયમભાવથી ભ્રષ્ટ થાય છે.

૨ ૧ ૩ ૫ ૬ ૪
वाहेण जहा व विच्छए, अबले होइ गवं पचोइए ।
૭ ૯ ૮ ૧૦ ૧૧ ૧૨
से अंतसो अप्पथामए, नाइवहइ अबले विसीयति ॥ ५॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) ગાડીવાન દ્વારા (૩) ચાબુક મારી (૪) પ્રેરિત કરવા છતાં (૫) દુર્બળ (૬) બળદ (૭) તે (૮) અલ્પ સામર્થ્યવાળા (૯) થાકી જઈ (૧૦) ભારવહન કરી શકતા નથી (૧૧) દુર્બળ બળદ (૧૨) પીડા પામે છે.

ભાવાર્થ:- જેમ ગાડીવાન દ્વારા ચાબુક મારી પ્રેરિત કરેલ દુર્બળ બળદ કઠિન ઉંચા માર્ગને પાર કરી શકતા નથી. તે દુર્બળ બળદ અલ્પ શક્તિવાળા હોવાથી વિષમ માર્ગમાં ભાર વહન કરવા સમર્થ થતા નથી. તેથી વિષય માર્ગમાં ફસાઈ કલેશને ભોગવે છે. એવી રીતે કાયર સાધકો વિષય સુખોમાં આસક્ત બનેલા સંયમ ભારને વહન કરવા સમર્થ નહિ થતાં, સંયમથી ભ્રષ્ટ થઇ, સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણાદિની વૃદ્ધિ કરતા થકા, દુઃખો ભોગવતા, સંસાર ચક્રમાં અનંતકાળ તક પરિભ્રમણ કર્યા કરશે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
एवं कामेसणं विऊ अज्ज सुए पयहेज्ज संथवं ।
૮ ૯ ૧૧ ૧૦ ૧૨ ૧૩ ૧૪
कामी कामे ण कामए लद्धेवावि अलद्ध कण्हुई ॥ ६ ॥

શબ્દાર્થ : (૧) ઉપરોકત (૨) કામભોગ ગવેષક (૩) નિપુણ પુરુષ (૪) આજે અથવા (૫) કાલે (૬) છોડીશ (૭) કામભોગો કલ્યાણના ઇચ્છુક (૮) કામી પુરુષે (૯) કામભોગોની (૧૦) ઇચ્છા (૧૧) નહિ કરવી (૧૨) પ્રાપ્તભોગો (૧૩) નહિ મળવા સમાન (૧૪) જાણે.

ભાવાર્થ:– કામભોગોની ગવેષણા કરવામાં નિપુણ પુરુષ કામ ભોગોને આજે છોડીશ અથવા આવતી કાલે કામભોગોનો ત્યાગ કરીશ એમ ખાલી મનોરથ કરતો હોય છે, પણ આસક્ત પુરુષ કામ ભોગોને છોડી શકતો નથી. પરંતુ કામભોગો જન્મ, જરા, મરણ આદિ દુઃખોની વૃદ્ધિના કરવાનારા છે. એમ જાણીને આત્માના કલ્યાણ ઇચ્છુક પુરુષે કામભોગોની ઇચ્છાને કરવી નહિ અને પ્રાપ્ત થતાં કામ-ભોગોને અપ્રાપ્ત સમાન માની તેનો ત્યાગ કરવો. તે ત્યાગ આત્માના શ્રેયનું કારણ સમજવું.

૩ ૨ ૪ ૬ ૭ ૫
मा पच्छ असाहुया भवे अच्चेही अणुसास अप्पगं ।
૯ ૮ ૭ ૧૦ ૧૧ ૧૨ ૧૩
अहियं च असाहु सोयती, से थणति परिदेवती बहु ॥ ७ ॥

શબ્દાર્થ : (૧) પશ્ચાત (૨) અસાધુપણુ (૩) ન (૪) હોય (૫) પોતાના આત્માને અલગ રાખવા (૬) દુર્ગતિમાં જવું ન પડે વિષયસેવનથી (૭) શિક્ષા આપો (૮) અસંયમી જીવો (૯) અતિ (૧૦) શોક કરે છે (૧૧) પીડાય છે (૧૨) રૂદન કરે છે (૧૩) અતિ.

ભાવાર્થ:– અસંયમી જીવોએ–મનુષ્યોએ પોતાના મૃત્યુકાળ પશ્ચાત દુર્ગતિમાં જઇ દુઃખો ન ભોગવવાં પડે તથા પોતામાં અસા-ધુતા પ્રાપ્ત ન થાય તે માટે પોતાના આત્માને વિષય સેવનથી અલગ

રાખવો એમ પોતાના આત્માને સંબોધન કરવું જોઇએ, સાથે વિચારવું કે અસંયમી મનુષ્યો આ સંસારમાં બહુજ શોક કરતા દેખાય છે. પીડા પામી રૂદન કરી રહ્યા છે, કયાંઇ સંસારમાં સુખ દેખાતું નથી. હિંસા, અસત્ય, ચોરી આદિ અસત્યકર્મ કરવાવાળા અસંયમી મનુષ્યો મૃત્યુ બાદ દુર્ગતિમાં ઉત્પન્ન થઇ પરમાધામી દ્વારા દુઃખો ભોગવતાં ક્ષુધા, તૃષાથી વ્યાકુળ થઇ બહુજ પીડાય છે. ત્યાં કોઇ ચેતનરૂપ સ્વજનો કે જડરૂપ પરિગ્રહ-સંપતિ સહાયક થતા નથી. કરેલાં પાપ-કર્મોના વિપાકો પોતાને એકલાને જ ભોગવવાં પડે છે. એમ વિચારી આત્માર્થી પુરુષોએ વિષય સેવનનો ત્યાગ કરી, આત્મ કલ્યાણ માટે ધર્મ અરાધન કરી. મનુષ્ય જન્મને સફળ બનાવવો એ શ્રેયસ્કર છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
इह जीवियमेव पासहा तरुण एवा ससयस्स तुट्टती ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
इत्तर वासे य बुज्झह, गिद्धनरा कामेसु मुच्छिया ॥ ८ ॥

શબ્દાર્થ : (૧) આ લોકમાં (૨) મનુષ્ય જીવન (૩) દેખો (૪) યુવાન વયમાં (૫) સો વર્ષની આયુવાળાનાં જીવન (૬) નષ્ટ થાય છે (૭) થોડાકાળ (૮) નિવાસ (૯) સમજો (૧૦) ગૃહ (૧૧) મનુષ્યો (૧૧) કામભોગોમાં (૧૨) આસક્ત હોય છે.

ભાવાર્થ:– હે મનુષ્યો ? આ મૃત્યુ લોકમાં પ્રથમ તો પોતાના જીવન કાળને દેખો, અનિત્ય રહેલ છે, વળી આવીચિ મરણથી પ્રતિ-ક્ષણ વિનાશી છે, સમસ્ત આયુ ક્ષય અથવા કોઇ ઉપક્રમ લાગવાથી સો વરસનું આયુષ્ય યુવાન વયમાં તૂટી જઈ મૃત્યુ પ્રાપ્ત થાય છે, સો વરસનું આયુષ્ય પણ દેવોના સાગરોપમના આયુષ્યના હિસાબે કોઇ એક નિમેષ સમાન જાણો તેથી મનુષ્ય જીવન થોડા કાળનું હોવા છતાં ક્ષુદ્ર મનુષ્યો વિષયોમાં આસક્ત રહી, મૃત્યુ બાદ નરક આદિ ઘાતના ભરપુર સ્થાનોમાં ઉત્પન્ન થઇ દુઃખો ભોગવે છે. એમ જાણી સાધક આત્માએ વિષય ભોગોથી અલગ થવું તે આત્મ કલ્યાણનો માર્ગ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
जे इह आरंभ निस्सिया, आतदंडा एगंत लूसगा ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
गंता ते पाव लोगयं, चिरराय आसुरियं दिसं ॥ ९ ॥

શબ્દાર્થ : (૧) જે મનુષ્યો (૨) આ લોકમાં (૩) આરંભમાં (૪) આસક્ત (૫) આત્માને (૬) દંડ દેવાવાળા (૭) એકાંતથી (૮) પ્રાણીઓના હિંસક છે (૯) જાય છે (૧૦) નરકાદિ સ્થાનોમાં (૧૧) લાંબાકાળ નિવાસથી (૧૨) અસુર (૧૩) લોકમાં.

ભાવાર્થ:– જે મનુષ્યો આરંભમાં આસક્ત છે. તેઓ આત્માને દંડ દેવાવાળા સ્વયં પોતાની તથા અન્ય પ્રાણીઓની ઘાત કરવાળા છે અને હિંસા કરીને ચિરકાળના નિવાસવાળા નરકાદિ અધમગતિમાં જાય છે. ત્યાં બહુકાળ સુધી દુઃખોને ભોગવે છે, કદાચ બાળ તપસ્યા આદિ ક્રિયાઓથી દેવલોકમાં જાય તો ત્યાં અસુરજાતિના હલકી કોટીના દેવોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં દાસની માફક અધમ કિલ્વિષીદેવ પણે ઉત્પન્ન થાય છે અને ત્યાંથી ચ્યવી તિર્યંચ તથા નરકાદિ ગતિઓમાં પરિભ્રમણ કરતા દુઃખો ભોગવતા રહે છે આમ જાણી આરંભથી નિવૃત્ત થવું તે આત્મ કલ્યાણનો હેતુ સમજવો.

૪ ૨ ૩ ૧ ૫ ૬ ૭
ण य संखयमाहु जीवियं तहवि य बालजणो पगब्भई ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
पच्चुपन्नेन कारियं, को दट्ठुं परलोग मागते ॥ १० ॥

શબ્દાર્થ : (૧) મનુષ્યોનાં જીવન (૨) સંસ્કાર યોગ્ય (૩) કહ્યા (૪) નથી (૫) તથાપિ (૬) મૂર્ખજીવો (૭) પાપ કરવામાં ધૃષ્ટતા કરે છે (૮) વર્તમાન સુખ (૯) પ્રયોજન (૧૦) કોણ (૧૧) દેખેલ (૧૨) પરલોક જોઈ (૧૩) કોણ આવેલ છે.

ભાવાર્થ:– સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ કહેલ છે કે મનુષ્યોના જીવન કર્મ ભૂમિવાળાના ઔદારિક શરીર ચક્રવર્તિ

વાસુદેવ, બલદેવ તીર્થંકર તથા ચરમશરીરી આદિ શ્લાઘનીય પુરુષ સિવાયના મનુષ્યોના આયુષ્ય સોપક્રમી તથા નિરૂપક્રમી બંને પ્રકારના હોય છે. સોપક્રમી આયુષ્ય સાતપ્રકારે તુટે છે. તેમ શ્રી ઠાણાંગજી સૂત્રના સાતમાં ઠાણામાં કહેલ છે. તથા ઉપરની આઠમી ગાથામાં પણ કહેલ છે, વળી મનુષ્યોના આયુષ્ય અલ્પકાળનાં છે. તથા આયુષ્ય તુટયા પછી સાંધી શકાય તેવા નથી. છતાં આસકત જીવો એમ કહે છે કે પરલોક દેખી કોણ આવેલ છે, પરલોક સંબંધમાં કોઈ પ્રમાણ નથી, આવી માન્યતાવાળા ભ્રમાત્મક બુદ્ધિવાળા, પાપ કરીને, સંસાર પરિભ્રમણની વૃદ્ધિ કરી રહેલાં છે, એમ નિશ્ચયથી જાણો.

૧ ૨ ૩ ૪ ૫
अदक्खुव दक्खुवाहियं, (तं) सद्दहसु अदक्खु दंसणा ।
૧૧ ૭ ૧૦ ૧ ૭ ૬ ૮
हंदि हु सुनिरुद्ध दंसणे मोहणिज्जेण कडेण कम्मुणा ॥ ११ ॥

શબ્દાર્થ : (૧) હે અંધ તુલ્ય મનુષ્ય ? (૨) સર્વજ્ઞ ભગવંતના સિદ્ધાંતમાં (૩) શ્રદ્ધાશીલ બનો (૪) અસર્વજ્ઞ (૫) દર્શનવાળા (૬) સ્વયંકૃત (૭) મોહનીય (૮) કર્મથી (૯) જ્ઞાન દૃષ્ટિ (૧૦) બંધ થયેલ (૧૧) જાણો.

ભાવાર્થ:– હે અંધ તુલ્ય મનુષ્યો ? સર્વજ્ઞ ભગવંત, લોકાલોકને જાણનારાના પ્રતિપાદન કરેલા સિદ્ધાંતોમાં શ્રદ્ધાશીલ બનો, અસર્વજ્ઞોક્ત આગમોના સ્વીકાર કરનારા મનુષ્યોની જ્ઞાન દૃષ્ટિ સ્વયં કરેલ મોહનીયકર્મના પ્રભાવથી બંધ થયેલ છે, તેથી આત્માને હિતકારક એવા સર્વજ્ઞોક્ત આગમનો સ્વીકાર કરી શકતા નથી, તેથી સત્ય સ્વરૂપને સમજી શકતા નથી અને કામભોગોમાં ગૃદ્ધ જીવો આરંભમાં આસક્ત રહી જન્મ મરણાદિક સંસાર પરિભ્રમણનાં દુઃખોથી છૂટી શકતા નથી.

૧ ૩ ૨ ૬ ૪ ૫
दुक्खी मोहे पुणो पुणो, निव्विंदेज्ज सिलोग पूयणं ।
૭ ૮ ૧૨ ૧૧ ૧૦ ૯
एवं सहितेऽहिपासए, आयतुले पाणेहिं संजए ॥ १२ ॥

શબ્દાર્થ : (૧) દુઃખી જીવ (૨) વારંવાર (૩) અવિવેકને પ્રાપ્ત કરે છે (૪) સાધુ પુરુષ (૫) સ્તુતિ પૂજની ભાવના (૬) ત્યાગી દે (૭) આવા પ્રકારે (૮) જ્ઞાન સંપન્ન (૯) સાધુ (૧૦) સર્વપ્રાણીઓને (૧૧) પોતાના સમાન (૧૨) દેખે.

ભાવાર્થ:– દુઃખી જીવો દુઃખથી ઘેરાયેલ વારંવાર વિવેક શૂન્ય બની અસાતાવેદનીયના ઉદયથી પીડા પામતા મૂઢ બની આરંભાદિ અનુષ્ઠાનો વારંવાર કરી દુઃખોને પ્રાપ્ત કરે છે. એમ જાણીને જ્ઞાનાદિ સંપન્ન મુનિ સ્તુતિ, માન, પૂજા પ્રતિષ્ઠાની ભાવનાને અશુભ કર્મબંધનના હેતુ જાણી તેનો ત્યાગ કરી સર્વ પ્રાણીઓને (પોતાના કલ્યાણના અર્થે) પોતાના આત્મા સમાન માની તેની હિંસાથી દૂર રહે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
गारं पि अ आवसे नरे अणुपुव्वं पाणेहिं संजए ।
૮ ૭ ૯ ૧૦ ૧૨ ૧૧
समया सव्वत्थ सुव्वते देवाणं गच्छे स लोगयं ॥ १३ ॥

શબ્દાર્થ : (૧) ઘરમાં (૨) નિવાસ કરનાર (૩) મનુષ્ય (૪) ક્રમશઃ (૫) પ્રાણી હિંસાથી (૬) નિવૃત્ત થઇ (૭) સર્વ પ્રાણીઓમાં (૮) સમભાવ રાખનાર (૯) સુવ્રત પુરુષ (૧૦) દેવલોકમાં (૧૨) જાય છે.

ભાવાર્થ:– ગૃહસ્થવાસમાં રહેતા થકા મનુષ્ય અનુક્રમથી પ્રાણી હિંસારૂપ આરંભથી નિવૃત્ત થઇ, શ્રાવક ધર્મ અંગીકાર કરી, શ્રાવકનાં વ્રતો પાળતા થકા, સર્વ પ્રાણીઓને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે. એમ જાણી સર્વ પ્રાણીઓને પોતાના આત્મા સમાન જોતા થકા સમભાવ રાખનાર સુવ્રત પુરુષો મૃત્યુ પશ્ચાત્ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તો પછી પંચ મહાવ્રતધારી સાધુઓની સુગતિ હોય જ તેમાં શંકાને થાન છે જ નહિ.

૧ ૨ ૩ ૪ ૫ ૭ ૬
सोच्चा भगवाणुसासणं सच्चे तत्थ करेज्जुवक्कमं ।
૮ ૧૦ ૯ ૧૨ ૧૦ ૧૧ ૧૩
सवत्थ विणीयमच्छरे उछं भिक्खु विसुद्धमाहरे ॥ १४ ॥

શબ્દાર્થ : (૧) સાંભળી (૨) ભગવાનના (૩) આગમોને (૪) સત્ય (૫) સંયમમાં (૬) ઉદ્યમ (૭) કરે (૮) સર્વથા (૯) અહંભાવ રહિત (૧૦) સાધુ (૧૧) શુદ્ધ (૧૨) ભિક્ષા (૧૩) ગ્રહણ કરે.

ભાવાર્થ:– ભગવાન્‌ના આગમોને સાંભળી, લઘુકર્મા પુરુષે, સર્વ જીવોને હિતકર, આગમમાં બતાવેલ સત્ય સંયમમાં પુરુષાર્થ કરવો જોઇએ અને કોઈ જીવો ઉપર ઈર્ષા નહિ કરવી, અહંભાવ રહિત બની, શરીર, ઉપાધિ આદિ સર્વ પદાર્થોમાં અનાસક્ત રહી રાગદ્વેષ ત્યાગી એતાદ્રીશ દોષ રહિત શુદ્ધ એષણાથી આહાર ગ્રહણ કરી સંયમ યાત્રાનો નિર્વાહ કરતા થકા સંયમ પાલન કરવું. આવો સાધકનો આચાર છે.

सव्वं[૧] नच्चा[૨] अहिट्ठए[૩] धम्मट्ठी[૪] उवहाणवीरिए[૫] ।
गुत्ते[૬] जुत्ते[૭] सया[૮] जए[૯] आय[૧૦] परे[૧૧] परमायतट्ठिते[૧૨] ॥ ૧૫ ॥

શબ્દાર્થ : (૧) સર્વ પદાર્થોને (૨) જાણી (૩) સાધુ સંવરનો આશ્રય લે (૪) ધર્મનાઅર્થી બને (૫) તપમાં પરાક્રમ કરે (૬) મન વચન કાયાથી (૭) ગુપ્ત રહી (૮) સદા સ્વપરમાં (૯) યત્નાવંત (૧૦) પોતાના સમાન બીજાના વિષયમાં (૧૧) મોક્ષના માટે (૧૨) અભિલાષા રાખે.

ભાવાર્થ:– સાધુ સર્વ પદાર્થોના સ્વરૂપને જાણી સર્વજ્ઞ કથિત સંવરરૂપ માર્ગનો આશ્રય લઇ ધર્મનું પ્રયોજન સમજીને સંયમ અને તપમાં બળ પરાક્રમ ફોરવે મન, વચન, કાયાથી સદા ગુપ્ત રહી, સાધુ સદા પોતાના તથા પરના કલ્યાણના વિષયમાં યત્ન કરે, મોક્ષની અભિલાષા રાખતા થકા જ્ઞાનાદિ યુક્ત સંયમનું પાલન કરે એ સાધક કર્તવ્ય છે.

वित्तं[૨] पसवो[૩] य नाइओ[૪], तं[૫] बाले[૧] सरणं[૬] ति[૭] मन्नइ[૮] ।
एते[૯] मम तेसुवी[૧૧] अहं, नो[૧૨] ताणं[૧૦] सरणं न[૧૩] विज्जई ॥ ૧૬ ॥

શબ્દાર્થ : (૧) અજ્ઞાની જીવો (૨) ધન (૩) પશુ (૪) જ્ઞાતિજન (૫) સર્વને પોતાના શરણ (૭) માને છે (૮) એ મારાં (૯) હું એનો વસ્તુતઃ એ સર્વ (૧૦) નથી (૧૧) ત્રાણ (૧૨) શરણ (૧૩) થતા.

ભાવાર્થઃ– અજ્ઞાની જીવો ધન, પશુઓ તથા સ્વજનવર્ગ એ સર્વેને પોતાના રક્ષક માને છે અને દુઃખથી બચાવનાર સમજે છે. એ બધાં ધન, પશુઓ, જ્ઞાતિવર્ગ પરિભોગમાં ઉપયોગી થશે, એ સર્વના પાલનથી સમસ્ત ઉપદ્રવોનું નિવારણ કરી શકીશ, આમ માને છે; પરંતુ જેના માટે ધનની, વૃદ્ધિ, વગેરે કરે છે, તે શરીર તો વિનાશી છે, તે મૂર્ખ લોકો સમજતા નથી, તેમ જ સંપત્તિનો સ્વભાવ અતિ ચંચલ છે. શરીર રોગ અને જરાનું સ્થાન છે. નાશવંત છે. છતાં એ સ્વજનો ધન આદિ મારાં છે અને હું એ સર્વનો છું આવા પ્રકારના મમત્વથી રહેતા થકા પણ મૃત્યું સમયે કે રોગ સમયે કોઇ ત્રાણ શરણ થવા સમર્થ થતાં નથી, તથા નરક તિર્યંચમાં આદિગતિમાં જતાં કોઇ સ્વજનો રક્ષા કરવા સમર્થ થતાં નથી, એમ વિચારી મુમુક્ષુ આત્માઓએ આત્મ કલ્યાણ માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપરૂપ ધર્મ આરાધન કરવા ઉપયોગવંત રહી માનવભવને સફલ બનાવી રહેવું એ સંસાર પરિભ્રમણરૂપ જન્મ, જરા, મરણરૂપી દુઃખોના ચક્રમાંથી છૂટવાનો સાચો ઉપાય છે. એમ સમજો.

૨ ૧ ૩ ૪ ૫
अब्भागमितंमि वा दुहे, अहवा उक्कमिते भवंतिए ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
एगस्स गती य आगती, विदुमंता सरणं ण मन्नई ॥ १७ ॥

શબ્દાર્થ : (૧) દુઃખ (૨) ઉત્પન્ન થયે (૩) અથવા (૪) કોઇ ઉપક્રમે આયુષ્ય નષ્ટ થવાનો સમય (૫) મૃત્યુ ઉપસ્થિત થતાં વિચારવું (૬) એકલા (૭) જવાનું (૮) એકલા આવવાનું (૯) વિદ્વાન પુરૂષ ધન આદિને (૧૦) શરણ-રૂપ (૧૧) માનતા (૧૨) નથી.

ભાવાર્થ:– જ્યારે જીવોને અસાતા વેદનીય આદિ કોઇ પ્રકારનાં દુઃખ આવે છે. તે દુઃખો સ્વયં એકલાને જ ભોગવવાં પડે છે. તથા કોઇ ઉપક્રમથી આયુષ્યનો ક્ષય થતાં-મૃત્યુ ઉપસ્થિત થતાં જીવ એકલાને જ પરલોકમાં જવું પડે છે, જીવનું હરકોઇ ગતિમાં ઉત્પન્ન થવું પણ એકલાને જ હોય છે, ત્યારે કોઇ સાથી હોતું નથી, રોગો સમયે, કોઇપણ જાતના કષ્ટ સમયે, અથવા મૃત્યુ સમયે, કોઇ ધન, સ્વજન શરણ થવા સમર્થ થતાં નથી એમ જાણી વિદ્વાન્ પુરુષો કોઇ અન્યને સ્વજનો અગર પરિગ્રહને શરણરૂપ માનતા નથી જીવ એકલો દુઃખ ભોગવે છે, એકલો જન્મ લે છે, એકલો મરણ પામે છે, એકલો પરલોકમાં જાય છે એમ જાણી આરંભથી નિવૃત્ત થવું તે આત્મ શ્રેયનું કારણ જાણવું.

સવ્વે (૧) સયકમ્મકપ્પિયા (૨), અવિયત્તેણ (૩) દુહેણ (૪) પાણિણો (૫) ।
હિંડંતિ (૭) ભયાઉલા (૮) સઢા (૯), જાઇજરા (૧૦) મરણેહિઽભિદુતા (૧૧) ॥ ૧૮ ॥

શબ્દાર્થ : (૧) સર્વ પ્રાણીઓ (૨) પોતપોતાનાં (૩) કરેલ કર્મોથી અલગ અલગ અવસ્થાઓથી યુક્ત છે અને સર્વ (૪) અલક્ષિત (૫) દુઃખોથી (૬) જીવો દુઃખી રહેલ છે (૭) વારંવાર સંસારચક્રમાં (૮) ભયથી આકુળ (૯) શઠ જીવો (૧૦) જન્મ જરા મરણથી પીડિત (૧૧) ભ્રમણ કરે છે.

ભાવાર્થ:– સંસારના ઉદરરૂપી આવાસમાં નિવાસ કરવાવાળા સર્વ પ્રાણીઓ સંસારમાં પર્યટન કરતા થકા સ્વયં કરેલાં જ્ઞાનાવરણીય આદિ અષ્ટકર્મના પ્રભાવથી સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તિ, અપર્યાપ્તિ, એકેન્દ્રિયાદિ અવસ્થાઓ કર્માનુસાર પ્રાપ્ત કરે છે અને એ અવસ્થાઓમાં અલક્ષિત દુઃખોથી દુઃખી હોય છે અને અરહટ યંત્રની માફક વારંવાર યોનિઓમાં ભ્રમણ કરતા જન્મ, જરા, મરણથી પીડિત અને ભયથી વ્યાકુલ રહેલા શઠ પ્રાણીઓ વારંવાર સંસાર ચક્રમાં પરિભ્રમણ કરે

છે. એમ જાણી આત્માર્થી જીવોએ આશ્રવનાં દ્વાર બંધ કરવા ઉપયોગવંત રહેવું.

૧ ૨ ૩ ૪ ૫ ૭ ૮
इणमेव खणं विजाणिया, नो सुलभं बोहिं च आहियं ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
एवं सहिएऽहिपासए, आह जिणो इणमेव सेसगा ॥ १९ ॥

શબ્દાર્થ : (૧) આ વર્તમાન (૨) અવસર તથા (૩) જાણી (૪) નથી (૫) સુલભ (૬) જ્ઞાન પ્રાપ્તિ (૭) એમ કહેલ છે (૮) એ વાતનો વિચાર કરી (૯) જ્ઞાનાદિ સંપન્ન મુનિ (૧૦) એમ વિચારે કે (૧૧) આ કથન કરેલ છે (૧૨) શ્રી ઋષભદેવ ભગવંતે (૧૩) એ જ રીતે (૧૪) અન્ય તીર્થંકર દેવોએ પણ એ જ પ્રમાણે કથન કરેલ છે.

ભાવાર્થ:– જ્ઞાનાદિ સંપન્ન મુનિ એમ વિચારે કે આ મનુષ્ય-ભવ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, ઇન્દ્રિયોની પૂર્ણતા આદિ મોક્ષનાં બહિરંગ સાધનનો અને જ્ઞાન દર્શન ચારિત્ર બોધિ પ્રાપ્ત કરવા રૂપ અભ્યંતર સાધનનો સુઅવસર પ્રાપ્ત થયેલ છે, વળી સર્વજ્ઞ ભગવંતોએ કહેલ છે કે મોક્ષની પ્રાપ્તિના કારણરૂપ બોધ પ્રાપ્ત થવો સુલભ નથી. એમ આદિ તીર્થંકર શ્રી ઋષભદેવજીએ પોતાના અઠાણુ પુત્રોને ઉપદેશ આપેલ છે. તેમ જ અન્ય તીર્થંકર દેવોએ પણ આજ પ્રમાણે પ્રતિ-પાદન કરેલ છે. ધર્મ શ્રવણમાં ઉત્સાહ સાથ તેમાં શ્રદ્ધા એવં ચારિત્રાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન સર્વ વિરતિનો સ્વીકાર કરવાનો અનુકૂળ અવસર તથા સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ સુલભ નથી. એમ જાણી મુમુક્ષુ સાધકોએ અપ્રમત્ત રહી સંયમ પાલન કરવું. ગૃહસ્થોએ અલ્પારંભી અલ્પ પરિગ્રહી થવા અને માનવભવને સફળ બનાવવા જાગૃત રહેવું. વારંવાર આવો અવસર પ્રાપ્ત થવો દુર્લભ સમજો.

૩ ૨ ૧ ૪ ૫ ૬
अभविंसु पुरावि भिक्खुवो आएसावि भवंति सुव्वता ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
एयाइं गुणाइं आहु ते, कासवस्स अणुधम्मचारिणो ॥२०॥

શબ્દાર્થ : (૧) હે સાધુઓ ! (૨) પૂર્વકાળમાં (૩) સર્વજ્ઞ થયા (૪) ભવિષ્યકાળમાં (૫) સર્વજ્ઞ થશે (૬) એ સુવ્રત પુરુષોએ (૭) ઉપરોકત (૮) ગુણોને મોક્ષનાં સાધન (૯) કહેલ છે તેમ જ (૧૦) ભગવંતોના (૧૧) આ ધર્મના (૧૨) અનુયાયીઓએ પણ આજ સાધનો બતાવેલાં છે.

ભાવાર્થ:– જે તીર્થંકર દેવો ભૂતકાળમાં થયા, ભવિષ્ય કાળમાં જે તીર્થંકરો થશે એ સર્વે સુવ્રત પુરુષોએ ઉપરોકત ગુણોને મોક્ષના સાધનો બતાવેલ છે ને બતાવશે તથા શ્રી ઋષભદેવજી તથા શ્રી મહાવીર સ્વામીના સર્વ અનુયાયીઓએ પણ ઉપરોકત ગુણોને મોક્ષનાં સાધન બતાવેલ છે. સર્વજ્ઞ પુરુષોના કથનમાં કોઇ ભેદ હોતા નથી. સમ્યગજ્ઞાન, દર્શન, ચારિત્ર એ રત્નત્રય જ મોક્ષમાર્ગ જાણવો.

૧ ૨ ૩ ૪ ૫ ૬
तिविहेण वि पाण मा हणे, आयहिते अणियाण संवुडे ।
૭ ૮ ૯ ૧૦
एवं सिद्धा अणंतसो, संपइ जे अ अणागयावरे ॥ २१ ॥

શબ્દાર્થ : (૧) મન વચન કાયાથી (૨) પ્રાણીઓની (૩) હિંસા ન કરે (૪) પોતાના હિતમાં પ્રવૃત્ત રહે સ્વર્ગની (૫) ઇચ્છા રહિત (૬) ગુપ્ત રહી સંયમ પાલન કરી (૭) સિદ્ધ થયા (૮) અનંત જીવો (૯) વર્તમાને સિદ્ધ થાય છે (૧૦) ભવિષ્ય કાળમાં અનંત જીવો સિદ્ધ થશે.

ભાવાર્થ:– દશપ્રાણોને ધારણ કરનાર પૈકી કોઇપણ પ્રાણીની હિંસા કરે નહિ. મન, વચન, કાયાથી અહિંસક રહી અને પોતાના હિતમાં પ્રવૃત્ત રહી, સ્વર્ગાદિકની ઇચ્છા રહિત બની પાંચ સમિતિ ત્રણ ગુપ્તિથી ગુપ્ત રહી સંયમનું પાલન કરીને (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ આરાધન) ભૂતકાળમાં અનંતા–જીવોએ સિદ્ધિને પ્રાપ્ત કરેલ

છે. વર્તમાન કાળે સિદ્ધિ પ્રાપ્ત કરવા યોગ્ય મહાવિદેહક્ષેત્રરૂપ સ્થાનમાં પૂર્વોકત ઉપાયથી મનુષ્યો સિદ્ધિ પ્રાપ્ત કરે છે. ભવિષ્યકાળે પૂર્વોકત માર્ગનાં અનુષ્ઠાનોના પાલનથી અનંત જીવો સિદ્ધિ–મોક્ષને પ્રાપ્ત કરશે. આ માર્ગથી ભિન્ન સિદ્ધિનો કોઇ માર્ગ નથી.

૧ ૨ ૩ ૪ ૫ ૬
एवं से उदाहु अणुत्तरनाणी,अणुत्तरदंसी अणुत्तरणाण दंसणधरे।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
अरहा नायपुत्ते भगवं वेसालिए वियाहिए ॥ त्ति बेमि ॥२२॥

શબ્દાર્થ : (૧) આવા પ્રકારે ભગવાન્ (૨) ઋષભદેવજીએ (૩) કથન કરેલ છે (૪) ઉત્તમ જ્ઞાન (૫) દર્શનવાળા (૬) ઉત્તમ જ્ઞાન દર્શનના ધારક (૭) ઇન્દ્રાદિ દેવોને પૂજનીય જેનાથી કોઇ રહસ્ય ગુપ્ત નથી (૮) જ્ઞાતપુત્ર (૯) ભગવાન મહાવીરે (૧૦) વિશાલાનગરીમાં આ કથન (૧૧) કહેલ છે (૧૨) એમ હું કહું છું.

ભાવાર્થ:– ઉપરોકત અનંત જ્ઞાન અને અનંત દર્શનના ધરણહાર ઇન્દ્રાદિ દેવોને પૂજનીય અથવા રહસ્યની વાતના જાણનાર શ્રી ઋષભદેવ ભગવાને તથા સર્વ તીર્થંકર દેવો આદિ ભગવાન શ્રી મહાવીર પ્રભુએ પણ ઉપરોકત ઉપદેશ જીવોના કલ્યાણના અર્થે આપેલ છે. શ્રી ઋષભદેવ ભગવાને તો પોતાના પુત્રોને પણ આ પ્રમાણે ઉપદેશ કરેલ હતો. એમ જ હું તમોને સર્વ શિષ્યોને કહું છું.

અધ્યયન ૨ જું સમાપ્ત.

શ્રી સૂત્ર કૃતાંગ સૂત્ર અ. ૩ ઉ. ૧

ઉપસર્ગાધિકાર

૫ ૬ ૪ ૧ ૨ ૩
सूरं मण्णइ अप्पाणं, जाव जेयं न पस्सती ।
૭ ૮ ૧૦ ૯
जुज्झंतं दढधम्माणं, सिसुपालो व महारहं ॥ १ ॥

શબ્દાર્થ : (૧) જ્યાંસુધી (૨) વિજેતાપુરુષ (૩) દેખાય નહિ ત્યાંસુધી કાયર પુરુષ (૪) પોતાને (૫) શૂર (૬) માને છે (૭) યુદ્ધ કરતા (૮) દૃઢ ધર્મવાળા (૯) મહારથી કૃષ્ણને દેખી (૧૦) જેમ શિશુપાલ ક્ષોભને પામ્યો.

ભાવાર્થ:- કાયર પુરુષ યુદ્ધમાં ગયેા થકેા જ્યાં વિજેતા પુરુષને દેખે નહિ ત્યાં સુધી પોતાને શૂરવીર માનતો ગર્જના કરે છે. પરંતુ વિજેતાને દેખતાં જ ક્ષોભને પામે છે. જેમ મહારથી દૃઢ ધર્મવાળા શ્રી કૃષ્ણને દેખતાં જ પોતાને શૂર અને અજેય માનનાર શિશુપાલ ક્ષોભને પામ્યેા હતેા. (આ દૃષ્ટાંત શિથિલ સાધુની સ્થિતિ આશ્રયી છે)

૧ ૨ ૩ ૪ ૫
पयाता सूरा रणसीसे, संगामम्मि उवट्ठिते ।
૬ ૭ ૮ ૯
माया पुत्तं न याणाइ, जेएण परिविच्छए ॥ २ ॥

શબ્દાર્થ : (૧) ગયેા થકેા (૨) અભિમાની પુરુષ પોતાને વિજયી માનતેા થકેા વ્યગ્રતાજનક યુદ્ધમાં (૩) સંગ્રામના અગ્રભાગે (૪) સંગ્રામ

(૫) ઉપસ્થિત થતા (૬) માતાની ગોદમાંથી (૭) બાળક પડી જવા છતાં માતાને ગભરાટથી (૮) ખ્યાલ રહેતો નથી (૯) વિજેતા પુરુષ દ્વારા (૧૦) છેદનભેદન પ્રાપ્ત થતાં કાયર પુરુષ દીન બની જાય છે જેમ યુદ્ધના પ્રસંગે.

ભાવાર્થ:- યુદ્ધ ઉપસ્થિત થતાં સંગ્રામમાં કાયર પુરુષ યુદ્ધને અગ્રભાગે જતા ધૈર્યતાને નષ્ટ કરનાર યુદ્ધનો જ્યારે આરંભ થાય છે. ત્યારે શસ્ત્રોથી છેદનભેદન થતાં ગભરાટના કારણે માતાની ગોદમાંથી પડી જતાં બાળકોનો પણ માતાને ખ્યાલ રહેતો નથી. એવી રીતે કાયર પુરુષ વિજયી પુરુષ દ્વારા છેદનભેદન થતાં દીન બની જાય છે.

૧ ૨ ૩ ૪ ૫
एवं सेहे वि अप्पुट्ठे, भिक्खायरिया अकोविए ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
सूरं मण्णति अप्पाणं, जाव लूहं न सेवए ॥ ३ ॥

શબ્દાર્થ : (૧) એવા પ્રકારે (૨) શિષ્ય પણ (૩) સ્પર્શ ન થાય ત્યાંસુધી નૂતન પ્રવ્રજિત (૪) ભિક્ષાચરીમાં (૫) અનિપુણ પરીષહોના (૬) શૂર (૭) માને છે કે (૮) પોતાને (૯) જ્યાંસુધી (૧૦) રૂક્ષ સંયમનું સેવન (૧૧) કર્યું નથી.

ભાવાર્થ:- એ રીતે કાયર પુરુષ જ્યાંસુધી શત્રુ-વીરોથી ઘાયલ થતો નથી ત્યાંસુધી પોતાને વીર માને છે. એ પ્રકારે ભિક્ષાચરીમાં અનિપુણ તથા પરીષહો ઉપસર્ગો દ્વારા કષ્ટનો સ્પર્શ થતો નથી ત્યાંસુધી નૂતન પ્રવ્રજિત સાધુ પણ પોતાને વીર માને છે. કે જ્યાં સુધી રૂક્ષ સંયમનું સેવન કર્યું નથી. ત્યાં સુધી જ પ્રવ્રજ્યા પાલન કરવામાં શું કઠિનતા છે? તેમ બડાઇ મારતા હોય છે (શિશુપાલની માફક)

૧ ૨ ૩ ૪ ૫ ૬
जया हेमंत मासम्मि, सीयं फुसइ सव्वगं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
तत्थ मंदा विसीयंति, रज्जहीणाव खत्तिया ॥ ४ ॥

શબ્દાર્થ : (૧) જ્યારે (૨) હેમંતઋતુ (૩) માસમાં (૪) શીતનો (૫) સ્પર્શ (૬) સર્વાંગે થાય (૭) ત્યારે (૮) મૂર્ખ સાધક (૯) વિષાદ અનુભવે છે (૧૦) રાજ્ય ભ્રષ્ટ (૧૧) ક્ષત્રિયની માફક.

ભાવાર્થ:– જ્યારે હેમંતઋતુના માસમાં સર્વ અંગોમાં શીતનો સ્પર્શ થાય છે. ત્યારે મૂર્ખ સાધક રાજ્યભ્રષ્ટ ક્ષત્રિયની જેમ વિષાદ–ખેદનો અનુભવ કરે છે. અભિનવ પ્રવ્રજિત શિષ્યને બોધરૂપ આ દૃષ્ટાંત છે. એવું જાણી સાધકે સહન શીલતાના ગુણને દૃઢ કરવો કે જેથી ઉપસર્ગ પ્રાપ્ત થતાં પણ સંયમમાં સ્થિર રહી શકાય.

૩ ૧ ૨ ૪ ૫
पुट्ठे गिम्हाहितावेणं, विमणे सुपिवासिए ।
૬ ૭ ૧૧ ૯ ૮ ૧૦
तत्थ मंदा विसीयंति, मच्छा अप्पोदए जहा ॥ ५ ॥

શબ્દાર્થ : (૧) ગ્રીષ્મ ઋતુના (૨) તાપની ગરમીનો (૩) સ્પર્શ થતા (૪) ઉદાસ તથા (૫) તૃષ્ણાથી યુક્ત પુરુષ સાધક દીન બની જાય છે (૬) આ રીતે ગરમીનો પરીષહ પ્રાપ્ત થતા (૭) મૂઢ પુરુષ (૮) અલ્પ જલમાં (૯) માછલીની (૧૦) જેમ (૧૧) વિષાદને અનુભવે છે.

ભાવાર્થ:– કાયર સાધક ગ્રીષ્મઋતુના તાપથી ગરમીનો સ્પર્શ થતાં ઉદાસ બની જાય છે અને તૃષાથી પીડિત થયેલ અલ્પ શક્તિવાળો મૂર્ખ સાધક, જેમ થોડા પાણીમાં રહેલ માછલી વિષાદને અનુભવે છે. તેમ વિષાદને–ખેદને અનુભવે છે. આ રીતે અલ્પશક્તિ-વાળા સાધકો ચારિત્ર લઈ મેલ તથા પસીના સાથે તાપની ગરમીથી વ્યાકુલ બની સંયમભાવમાં ખેદ અનુભવે છે અને કોઈ કોઈ સંયમથી

ભ્રષ્ટ થઇ જાય છે, એમ જાણી સાધકે સંયમ પાલનમાં ધૈર્યવંત બની રહેવું.

૧ ૨ ૩ ૪ ૫
सदा दत्तेसणा दुक्खा, जायणा दुप्पणोल्लिया ।
૭ ૬ ૮ ૧૦
कम्मत्ता दुब्भगा चेव, इच्चाहंसु पुढोजणा ॥ ६ ॥

શબ્દાર્થ : (૧) હંમેશાં ગૃહસ્થો દ્વારા યાચનાથી (૨) દીધી વસ્તુઓ મેળવવા અન્વેષણ કરવું પડે છે તે જીવનભર સાધુને (૩) દુઃખનું કારણ છે (૪) ભિક્ષા માગવાનું (૫) કષ્ટ દુસહ્ય હોય છે (૬) ભાગ્યહીન છે (૭) જે આ લોકો પૂર્વકૃત પાપનાં ફળ ભોગવી રહ્યા છે (૮) એમ કહેતા હોય છે (૯) કોઈ કોઇ (૧૦) સાધારણ પુરુષો સાધુને.

ભાવાર્થ:– સાધુને ગૃહસ્થદ્વારા યાચનાથી આહારાદિ વસ્તુ મેળવવાનું કાર્ય દુઃખરૂપ છે. તથા યાચના કરવાનું કાર્ય પણ જીવનભર દુઃખરૂપ હોય છે. તથા યાચનાનો પરીષહ સહન કરવા પણ અતિ કઠિન હોય છે. વળી ભિક્ષાચરી કરતાં અન્ય અજ્ઞાન લોકો સાધુને દેખી પરસ્પર કહે છે કે આ સાધુઓ પૂર્વકૃત પાપનાં ફળ ભોગવે છે તથા ભાગ્યહીન છે. અલ્પ સામર્થ્યવાળા સાધકો માટે આવા પરીષહો અસહ્ય હોય છે વળી અજ્ઞાનીઓ કહે છે. કે કૃષિ આદિ કર્મોથી પીડિત બની સાધુ બનેલ છે, તથા પુત્ર આદિ પદાર્થો રહિત હોવાથી પ્રવર્જ્યાધારી બનેલાં છે.

૧ ૨ ૩ ૪ ૫
एते सद्दे अचायंता, गामेसु णगरेसु वा ।
૭ ૬ ૮ ૧૦ ૧૧ ૯
तत्थ मंदा विसीयंति, संगामम्मि व भीरुया ॥ ७ ॥

શબ્દાર્થ : (૧) પૂર્વોક્ત (૨) શબ્દો (૩) અસમર્થ (૪) ગામમાં (૫) નગરમાં સહન કરવામાં (૬) સાધક મંદમતિ (૭) ત્યાં શબ્દો સાંભળી (૮)

વિષાદ અનુભવે છે (૯) કાયર પુરુષ (૧૦) સંગ્રામમાં ગયો થકો વિષાદ કરતો હોય છે (૧૧) જેમ.

ભાવાર્થ:– ગામ અગર નગર આદિ સ્થાનોમાં મંદમતિ પ્રવ્રજિત સાધક ગૌચરીઆદિ માટે ફરતા થકા પૂર્વોક્ત નિંદાજનક શબ્દો સાંભળી સહન કરવામાં અસમર્થ હોઇ ઉદાસ બની વિષાદને અનુભવે છે. જેમ કાયર પુરુષ સંગ્રામમાં ગયો થકો હથિયારોના પ્રહાર થતા વ્યાકુળ બની અયયશને નહિ ગણુકારતો ભાગી જાય છે. ને ખેદને અનુભવે છે. તેની માફક કાયર સાધક ખેદ કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
अप्पेगे खुधियं भिक्खुं, सुणी डंसति लूसए ।
૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
तत्थ मंदा विसीयंति, तेउपुट्ठा व पाणिणो ॥ ૮ ॥

શબ્દાર્થ : (૧) કોઇ કોઈ ભિક્ષાર્થે ભ્રમણ કરતા (૨) ક્ષુધિત (૩) ભિક્ષુને (૪) કુત્તા આદિ (૫) કરડે છે તે (૬) ક્રૂર કરડવાના સ્વભાવવાળા (૭) તે સમયે કાયર (૮) મૂર્ખ સાધક જેમ (૯) દુઃખી થાય છે (૧૦) અગ્નિના સ્પર્શથી (૧૧) જીવ ગભરાઇ ખેદ અનુભવે છે (૧૨) તેની જેમ ખેદ અનુભવતો થકો.

ભાવાર્થ:– કોઇ કાયર સાધક ભિક્ષાચરી અર્થે ભ્રમણ કરતાં ક્ષુધિત સાધુને કોઇ ક્રૂર પ્રાણી જેને કરડવાનો સ્વભાવ છે. તવા કૂતરા આદિ કરડે–બટકા ભરે તે સમયે મૂર્ખ સાધક અગ્નિના સ્પર્શથી પ્રાણી જેમ ગભરાઇ દુઃખી થાય છે. તેની માફક અલ્પ પરાક્રમી સાધક ક્રૂર પ્રાણીઓના આક્રમણથી ગભરાઇ પીડા પામતો થકો સંયમથી ભ્રષ્ટ થાય છે. કારણ કે કંટક રૂપ કટુ વચનો સહન કરવા અતિ કઠિન છે. એમ જાણી આત્માર્થી સાધકે આવા વચનોના તથા પરીષહોના દુઃખો પ્રાપ્ત થતા ધૈર્યવાન બની જાગૃતીપુર્વક સંયમનું રક્ષણ કરવું.

૨ ૧
अप्पेगे पडिभासंति, पडि-पंथिय-मागता ।
૬ ૭ ૪ ૫
पडियारगता एते, जे एते एव जीविणो ॥ ९ ॥

શબ્દાર્થ ; (૧) સાધુના દ્વેષી (૨) કોઇ કોઇ (૩) સાધુ પ્રત્યે કહે છે (૪) જો એ લોક (૫) ભિક્ષાવૃત્તિથી જીવન ધારણ કરે છે એ લોકો પૂર્વકૃત (૬) પાપનાં ફળ ભોગવે છે.

ભાવાર્થ:– સાધુના દ્રોહી પુરુષો સાધુને દેખીને કહે છે કે આ લોકો ભિક્ષા માગીને જીવન નિર્વાહ કરવાવાળા પૂર્વકૃત પાપોનાં ફળ ભોગવી રહેલા છે. ભિક્ષાના અર્થે અન્યના ઘરોમાં જવાવાળા અન્તપ્રાન્ત ભોજન ખાવાવાળા, દીધેલ આહાર ભોગવનારા, ભોગોથી વંચિત રહી, દુઃખમય જીવન વ્યતીત કરવાવાળા છે અનાર્ય પુરુષો આ પ્રમાણે સાધુની નિંદા કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
अप्पेगे वइ जुंजति, नगिणा पिंडोलगाहमा ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
मुंडा कंडू विणट्ठंगा उज्जल्ला असमाहिता ॥ १० ॥

(૧) કોઇ કોઇ (૨) એમ બોલે છે (૩) કે આ લોકો (૪) નગ્ન છે (૫) પરપિંડ પ્રાર્થી છે (૬) અધમ છે (૭) મુંડિત છે (૮) કંડુ રોગથી નષ્ટ (૯) અંગોવાળા છે (૧૦) પસીનાથી યુક્ત (૧૧) બીભત્સ છે.

ભાવાર્થ:– કોઇ અનાર્ય પુરુષો સાધુને દેખીને એવાં નિષ્ઠુર વચનો કહે છે જે આ સાધુઓ નગ્ન છે, પરનાપિંડ–આહારના અર્થી છે. તથા અધમ છે. મળથી ભરેલા માથે મુંડિત અને કંડુરોગથી નષ્ટ અંગવાળા બીભત્સ છે, શુષ્ક પસીનાથી યુકત છે, દુષ્ટ છે, અન્ય જીવોને અસમાધિ ઉત્પન્ન કરાવે છે.

૧ ૨
एवं विप्पडिवन्नेगे, अप्पणा अजाणया ।
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
तमाओ ते तमं जंति, मंदा मोहेण पाउडा ॥ ११ ॥

શબ્દાર્થ : (૧) પૂર્વોક્ત પ્રકાર (૨) સાધુ તથા સન્માર્ગના દ્રોહી (૩) સ્વયં (૪) અજ્ઞાની જીવ (૫) અજ્ઞાનથી (૬) વિશેષ અજ્ઞાનને (૭) પ્રાપ્ત કરે છે (૮) મૂર્ખ (૯) મોહથી (૧૦) આચ્છાદિત.

ભાવાર્થ:– પૂર્વોક્ત પ્રકારે સાધુ તથા સન્માર્ગના દ્વેષી સ્વયં અજ્ઞાની જીવો મોહથી આચ્છાદિત બનેલા મૂર્ખ સત્યમાર્ગની તથા સાધુની નિંદા કરીને અજ્ઞાનરૂપ અંધકારથી યુક્ત વિશેષ અજ્ઞાનરૂપ અંધકારને પ્રાપ્ત કરે છે અને અશુભ કર્મોના બંધન કરી, અધમગતિમાં જાયછે. આવા અજ્ઞાનીઓ જ્ઞાનાવરણીયાદિ કર્મથી આચ્છાદિત અન્ધ તુલ્ય કુમાર્ગના સેવન કરનારા અનંતકાળ સુધી સંસાર પરિભ્રમણ કર્યા કરે છે એમ જાણી સાધકે સમભાવમાં રહી સંયમ પાલનમાં જાગૃત રહેવું.

૧ ૨ ૩ ૪ ૫
पुट्ठो य दंसमसएहिं, तण-फास-मचाइया ।
૯ ૭ ૮ ૬ ૧૧ ૧૦ ૧૨ ૧૩
न मे दिट्ठे परे लोए, जइ परं मरणं सिया ॥ १२ ॥

શબ્દાર્થ : (૧) ડાંસ તથા (૨) મચ્છરના તથા (૩) તૃણ (૪) સ્પર્શ-રૂપ પરીષહ (૫) સહન ન થતા કાયર સાધક એવો વિચાર કરે છે કે (૬) પરલોક (૭) મેં (૮) દીઠો (૯) નથી (૧૦) પરંતુ આવાં કષ્ટથી (૧૧) કદા-ચિત (૧૨) મૃત્યુ થવાનો (૧૩) સંભવ રહે છે.

ભાવાર્થ:– ડાંસ મચ્છરના પરીષહ, તથા તૃણની શય્યાના રુક્ષ સ્પર્શને સહન કરવા સમર્થ નહિ થવાથી કાયર સાધક એવો વિચાર કરે છે કે પરલોક તો મેં દીઠો નથી; પરંતુ આવા કષ્ટથી કદાચિત્ મરણ થવાનો તો સંભવ રહે છે. આ રીતે ખેદ કરી કાયર સાધકો અમુલ્ય મોક્ષ સાધનરૂપ સંયમને દૂષિત બનાવે છે.

૨ ૧ ૩ ૪
संतत्ता केसलोएणं, बंभचेर पराइया ।
૬ ૫ ૭ ૧૦ ૯ ૮
तत्थ मंदा विसीयंति, मच्छा विट्टा व केयणे ॥ १३ ॥

શબ્દાર્થ : (૧) કેશના લોચથી (૨) પીડિત (૩) બ્રહ્મચર્યથી (૪) પરાજિત (૫) મૂર્ખજીવ (૬) ત્યાં (૭) કલેશને અનુભવે છે (૮) જાળમાં (૯) ફસાયેલ (૧૦) માછલીની જેમ.

ભાવાર્થ:– કેશના લોચથી પીડિત અને બ્રહ્મચર્યપાલનમાં અસમર્થ પુરુષ પ્રવ્રજ્યા ગ્રહણ કરી ઉપરોક્ત પરીષહથી પરાજિત બની જાળમાં ફસાયેલી માછલીની માફક કલેશને પામે છે. આવા અલ્પ પરાક્રમી સાધકો પરીષહો પ્રાપ્ત થતાં સંયમ અનુષ્ઠાનોમાં શિથિલ બની સંયમથી ભ્રષ્ટ થઇ જાય છે. એમ જાણી સાધક આત્માએ આવા શિથિલચારીના સંગથી દૂર રહેવું અને જાગૃત બની સંયમ પાલન કરવું.

૧ ૨ ૩ ૪
आयदण्डसमायारे मिच्छासंठिय भावणा ।
૫ ૬ ૭ ૯ ૮
हरिस-प्पओस-मावन्ना, केई लूसंतिऽनारिया ॥ १४ ॥

શબ્દાર્થ : (૧) આત્મકલ્યાણ નષ્ટ થાય એવા આચાર (૨) કરવાવાળા તથા જેની (૩) વિપરીત છે (૪) ચિત્તવૃત્તિ (૫) રાગદ્વેષથી (૬) યુક્ત (૭) (૮) અનાર્ય પુરુષ (૯) સાધુઓને દુઃખ આપે છે.

ભાવાર્થ:– જે આચાર વ્યવહારથી આત્મા દંડનો ભાગી બને. આત્મા દંડાય–અશુભકર્મનો બંધ થાય, વળી જેની ચિત્તવૃત્તિ શુદ્ધ વ્યવહારથી વિપરીત છે. રાગદ્વેષથી યુક્ત છે, એવા કોઇ કોઈ અનાર્ય લોકો સાધુને પીડા આપે છે, પોતાના અસત્ આગ્રહથી, મિથ્યાત્વીઓ ચિત્તના વિનોદ માટે અથવા ક્રૂર કર્મ કરવાવાળા લાઠી આદિથી પ્રહાર કરીને અથવા ગાળો આપી સાધુને દુઃખ આપે છે.

૧ ૨ ૩ ૪ ૫
अप्पेगे पलियंतेसिं, चारो चोरोत्ति सुव्वयं ।
૬ ૭ ૮ ૯ ૧૦
बंधंति भिक्खुयं बाला, कसायवयणेहि य ॥ १५ ॥

શબ્દાર્થ : (૧) કોઇ (૨) આસપાસ વિચરતા (૩) જાસુસ અથવા (૪) ચોર છે એમ કહીને રસી આદિથી (૫) સુવ્રત સાધુઓને (૬) બાંધે છે (૭) સાધુને (૮) અજ્ઞાની પુરુષો અનાર્ય દેશ (૯) કઠોર (૧૦) વચનો કહી પીડિત કરે છે.

ભાવાર્થ:- કોઇ અજ્ઞાની પુરુષો, અનાર્ય દેશની આસપાસ વિચરતા સુવ્રત સાધુને અનાર્ય લોકો ચોર અથવા જાસુસ કહી રસી આદિથી બાંધીને કઠોર વચનો કહી પીડા આપે છે.

૧ ૨ ૩ ૪ ૫
तत्थ दण्डेण संवीते, मुट्ठिणा अदु फलेण वा ।
૬ ૭ ૮ ૯ ૧૦
नातीणं सरती बाले, इत्थी वा कुद्धगामिणी ॥ १६ ॥

શબ્દાર્થ : (૧) અનાર્ય દેશમાં વિચરતા સાધુને (૨) લાઠી (૩) તાડિત કરી મારી અજ્ઞાની પુરુષો ક્રોધિત બની પીડા આપે છે (૪) મુષ્ઠિ (૫) ફલવડે (૬) જ્ઞાતિનું (૭) સ્મરણ કરે તેની માફક (૮) અજ્ઞાની સાધક પોતાના સ્વજનોને સંભારે છે. (૯) સ્ત્રી (૧૦) ક્રોધ પામેલ ઘરમાંથી નાશી જતી.

ભાવાર્થ:- અનાર્ય દેશની આસપાસ વિચરતા સાધુને જ્યારે અનાર્ય પુરુષો ક્રોધિત બની લાઠી, મુષ્ટિ તથા ફળાદિથી માર મારે છે. ત્યારે મૂર્ખ અને કાયર સાધક સ્વજનોનું સ્મરણ કરે છે. જેમ ક્રોધિત બની ઘરમાંથી ભાગી જતી સ્ત્રી બહાર નીકળ્યા પછી. પસ્તાવો કરી જ્ઞાતિજનોનું સ્મરણ કરે છે. તેની માફક પશ્ચાતાપ કરતો દુઃખને અનુભવે છે. એમ જાણી સાધકે હિંમતવાન બની સંયમ પાલનમાં શુરવીર બની રહેવું.

૨ ૧ ૩ ૪ ૫ ૬
एते भो कसिणे फासा, फरूसा दुरहियासया ।
૮ ૭ ૯ ૧૦ ૧૨ ૧૧
हत्थी वा सरसंवित्ता, कीवा वस गया गिहं त्ति बेमि ॥ १७ ॥

શબ્દાર્થ : (૧) હે શિષ્યો ! (૨) પૂર્વોક્ત (૩) સમસ્ત (૪) સ્પર્શો (૫) કર્કશ–કઠણ (૬) દુઃસહ્ય બાણોથી (૭) પીડિત (૮) હાથીની માફક (૯) નપુંસક (૧૦) ગભરાઇ (૧૧) ઘરે (૧૨) ભાગી જાય છે.

ભાવાર્થ:– હે શિષ્યો ! પૂર્વોક્ત પરીષહો–ઉપસર્ગો સર્વ અસહ્ય અને દુઃખદાયી છે. તેનાથી પીડિત થઇ કાયર તથા અજ્ઞાન સાધક પરીષહોથી ગભરાઈને સંયમને છોડી ભારે કર્મી જીવ ગૃહસ્થ-વાસને ધારણ કરે છે. જેમ સંગ્રામમાં બાણોથી ઘાયલ થયેલ હાથી સંગ્રામને છોડી ભાગી જાય છે. એમ જાણી આત્માર્થી સાધકોએ ઉપયોગવંત રહી દૃઢતા ધારણ કરી પરીષહથી નહિ ગભરાતાં સમ-ભાવે સહન કરી સંયમ પાલન કરવું એ જ સાધક આચાર છે

પહેલો ઉદ્દેશો સમાપ્ત.

૧ ૨ ૩ ૪ ૫
अहिमे सुहुमा संगा, भिक्खुणं जे दुरुत्तरा ।
૬ ૭ ૮ ૧૧ ૧૦ ૯
जत्थ एगे विसीयंति, ण चयंति जवित्तए ॥ १ ॥

શબ્દાર્થ : (૧) પૂર્વોક્ત પશ્ચાત્ (૨) સૂક્ષ્મ ઉપસર્ગ (૩) બાંધવ આદિસ્વજનો (૪) સાધુને (૫) દુસ્તર (૬) સંબંધરૂપ ઉપસર્ગથી (૭) કેટલાએક (૮) શિથિલ બને છે (૯) સંયમ નિર્વાહ કરવા સમર્થ થતા (૧૧) નથી.

ભાવાર્થ:– સ્વજન આદિ જ્ઞાતિજનોનો સ્નેહ સંબંધ ઘણો સૂક્ષ્મ પરીષહ છે. તેને છોડવો ઘણો દુષ્કર છે, આવા સંબંધોથી

કેટલાએક સાધકો શિથિલ બની જાય છે અને સંયમ નિર્વાહ કરવા સમર્થ થતા નથી. આ સંબંધરૂપ ઉપસર્ગને સહન કરવો કઠિન છે, આ અનુકુળ ઉપસર્ગ કહેલ છે, પ્રથમનાં ઉદ્દેશામાં પ્રતિકૂળ ઉપસર્ગ બાદ આ અનુકૂળ સંબંધી વિધિ બતાવે છે. આ સૂક્ષ્મ ઉપસર્ગ બાહ્ય શરીરને નહિ પરંતુ ચિત્તને વિકૃત કરવાવાળા છે. બાહ્ય ઉપસર્ગ શરીરને વિકૃત કરનારા છે. બાહ્ય ઉપસર્ગો સહન કરવા મહાન પુરુષો મધ્યસ્થવૃત્તિ ધારણ કરી સહન કરી શકે છે. પરંતુ આવા માતાપિતા આદિ સ્વજનોનો સ્નેહરૂપ ઉપસર્ગમાં મધ્યસ્થવૃત્તિ ધારણ કરવી કઠિન છે. એમ જાણી સાધકે જાગૃત રહી સંયમપાલન કરવું.

૧ ૨ ૩ ૫ ૪
अप्पेगे नायओ दिस्स, रोयंति परिवारिया ।
૮ ૭ ૬ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
पोस णे ताय ! पुट्ठोऽसि, कस्स ताय ! जहासि णे ॥ २॥

શબ્દાર્થ : (૧) કોઇ (૨) જ્ઞાતિજનો (૩) સાધુને દેખી સાધુની નજીક આવી (૪) ઘેરીને (૫) રૂદન કરે છે (૬) કહે છે કે તાત ! (૭) તું અમારું (૮) પોષણ કર (૯) પાલન પોષણ કરેલ છે (૧૦) અમોએ તમારું (૧૧) કયા કારણે (૧૨) હે તાત ? (૧૩) છોડે છે (૧૪) અમોને.

ભાવાર્થ:– સાધુના પરિવારવાળા માતાપિતા આદિ સ્વજનો સાધુને દેખી સાધુ નજીક આવી વિટળાઇને રોવા લાગે છે. અને કહે છે કે હે તાત ? તું કયા કારણે અમારો ત્યાગ કરે છે ? અમોએ તમારું પાલન પોષણ કરેલ છે. માટે હવે તું અમારું પાલન પોષણ કર, આ રીતે દીનતાથી સાધુને પોતાના ઘેર લઈ જવા માટે કાકલુદી કરે છે કે અમારું રક્ષણ કરનાર અન્ય કોઈ નથી.

૩ ૨ ૪ ૧ ૫ ૬ ૭
पिया ते थेरओ ताय ! ससा ते खुड्डिया इमा ।
૧૧ ૮ ૯ ૧૨ ૧૦ ૧૪ ૧૫ ૧૩
भायरो ते सगा ताय ! सोयरा किं जहासि णे ? ॥ ३ ॥

શબ્દાર્થ : (૧) હે પુત્ર ? (૨) તમારા (૩) પિતા (૪) વૃદ્ધ છે (૫) બહેન (૬) તમારી (૭) નાની છે (૮) તમારા (૯) સગા (૧૦) સહોદર (૧૧) ભાઇ છે (૧૨) હે પુત્ર ? (૧૩) અમોને (૧૪) કેમ (૧૫) ત્યાગે છે.

ભાવાર્થ:– નવ દીક્ષિત સાધુના પરિવારવાળા સાધુને કહે છે કે હે પુત્ર ! તમારા પિતા વૃદ્ધ છે. તમારી બહેન નાના ઉમરની છે. તમારા સહોદર ભાઇઓ છે. તો અમો સર્વનો તું શા માટે ત્યાગ કરે છે ? આ રીતે મોહપાસને લઇ સ્વજન વર્ગ સાધુને ગૃહસ્થ-વાસમાં લઇ જવા માટે દીન બની કાકલુદી કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
मायरं पियरं पोस, एवं लोगो भविस्सति ।
૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
एवं खु लोइयं ताय ! जे पालंति य मायरं ॥ ४ ॥

શબ્દાર્થ : (૧) માતા (૨) પિતાનું (૩) પોષણ કરો (૪) માતાપિતાનું પોષણ કરવાથી (૫) સુગતિ (૬) હોય (૭) એ જ (૮) નિશ્ચયથી (૯) લોકાચાર છે કે (૧૦) હે પુત્ર ? (૧૧) માતા પિતાનું પાલન કરવું.

ભાવાર્થ– હે પુત્ર ! તમારા માતા પિતાનું પાલન પોષણ કરો, માતા પિતાના પાલન પોષણ કરવાથી પરલોકમાં સુગતિ પ્રાપ્ત થાય. તેમ જ માતા પિતા આદિ સ્વજનોનું પાલન પોષણ કરવું જોઇએ એવો જગતમાં આચાર છે.

૧ ૨ ૪ ૫ ૮ ૩
उत्तरा महुरुल्लावा, पुत्ता ते ताय ! खुड्डया ।
૬ ૯ ૧૦ ૧૪ ૧૧ ૧૨ ૧૩
भारिया ते णवा तात ! मा सा अन्नं जणं गमे ॥ ५ ॥

શબ્દાર્થ : (૧) ઉત્તરોત્તર જન્મેલ (૨) મધુર ભાષી (૩) નાની ઉંમર છે (૪) હે પુત્ર (૫) તમારા (૬) પત્ની (૭) તમારી (૮) હે પુત્ર ! (૯) નવયુવાન છે (૧૦) હે પુત્ર ? (૧૧) અન્ય (૧૨) પુરુષ પાસે (૧૩) ચાલી જાય (૧૪) કદાચિત.

ભાવાર્થ:– હે પુત્ર ! એક પછી એક એમ ઉત્તરોત્તર જન્મેલા તમારા પુત્રો મધુરભાષણ કરવાવાળા હજુ નાની ઉમરના છે. અને તમારી સ્ત્રી હજુ નવયૌવના છે. તે તમારા ત્યાગથી કદાચિત્ અન્ય પુરુષ પાસે ચાલી જાય અગર ઉન્માર્ગ ગામિણી બની જાય તો લોકમાં મહાન અપવાદ થાય.

૨ ૧ ૩ ૪ ૫ ૭ ૮ ૬
एहि ताय ! घरं जामो, माय कम्मे सहा वयं ।
૧૦ ૯ ૧૧ ૧૨ ૧૫ ૧૩ ૧૪
बितियं पि ताय ! पासामो, जामु ताव सयं गिहं ॥ ६ ॥

શબ્દાર્થ : (૧) હે પુત્ર ? (૨) આવો (૩) આપણા ઘેર (૪) ચાલો તમે કોઈ (૫) કામ ન કરશો (૬) અમે (૭ સર્વ કાર્ય (૮) કરીશું (૯) હે પુત્ર ? (૧૦) બીજી વખત (૧૧) તમો દેખો કે (૧૨) ચાલો (૧૩) આપણા (૧૪) ઘરે (૧૫) હમણાં જ.

ભાવાર્થ:– હે પુત્ર ! તમો ઘરના કાર્યથી ગભરાઇ અમોને છોડી તમે ચાલ્યા ગયા. પરંતુ હવે અમે સૌ તમારા કાર્યમાં સહાયક થશું–અગર તમો કોઇ કાર્ય ન કરશો અગર અમો સર્વ કાર્ય કરી દેશું માટે હવે હમણાં જ આપણા ઘેર આવો અમો તમારી સાથે સ્નેહ રાખી તમોને અનુરુપ રહેશું.

૨ ૧ ૩ ૪ ૭ ૫ ૬
गंतुं ताय ! पुणो गच्छे, ण तेणासमणो सिया ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
अकामगं परिक्कमं, को ते वारेउ-मरिहति ? ॥ ७ ॥

શબ્દાર્થ : (૧) હે પુત્ર ! (૨) એકવાર ઘરે આવો (૩) પશ્ચાત્ (૪) આવજો (૫) અશ્રમણ (૬) નહિ થઇએ (૭) તેમાં (૮) ઘરના કામકાજમાં ઇચ્છા રહિત (૯) તમારી રુચિ અનુસાર કાર્ય કરવામાં (૧૦) કોણ (૧૧) તમોને (૧૨) નિષેધ (૧૩) કરી શકે છે.

ભાવાર્થ:– હે પુત્ર ! એકવાર ઘરે આવો ફરી અહીં આવજો એમ કરવામાં તું અશ્રમણ નહિ થઈ જા ઘરનાં કાર્યમાં ઇચ્છારહિત બની તમારી રુચિ અનુસાર કાર્ય કરતા તમોને કોણ નિષેધ કરી શકે તેમ છે ? તમો સ્વજનોને મળીને ફરી આવજો અથવા વૃદ્ધાવસ્થા આવેથી તમારી ભોગેચ્છા નિવૃત્ત થવાથી સંયમ અનુષ્ઠાન કરવામાં તમોને કોણ રોકી શકે તેમ છે ?

૧ ૨ ૩ ૪ ૫ ૬
जं किंचि अणगं तात ! तं पि सव्वं समीकतं ।
૮ ૭ ૧૧ ૧૦
हिरण्णं ववहाराइ, तंपि दाहामु ते वयं ॥ ८ ॥

શબ્દાર્થ : (૧) જે કાંઇ (૨) તમારૂં દેવું હતું (૩) હે પુત્ર ! (૪) તે (૫) સર્વ (૬) ભરી આપેલ છે (૭) તમારા વ્યવહાર માટે (૮) દ્રવ્ય (૯) તમોને (૧૦) અમો (૧૧) આપીશું.

ભાવાર્થ:– હે પુત્ર ! તમારા ઉપર જે કાંઈ ઋણ દેવું હતું તે સર્વ અમોએ બરાબર પતાવી દીધેલ છે અને તમારા વ્યવહારમાં જે કાંઇ દ્રવ્યની જરૂર હશે. તે સર્વ અમો તમોને દઇશું માટે તમે આપણે ઘેર આવો.

૧ ૪ ૨ ૩
इच्चेव णं सुसेहंति, कालुणीय समुट्ठिया ।
૬ ૫ ૭ ૮ ૯
विबद्धो नाइसंगेहिं, ततोऽगारं पहावइ ॥ ९ ॥

શબ્દાર્થ : (૧) આ પ્રકારે (૨) કરુણાયુક્ત (૩) બંધવ આદિ (૪) સાધુને શિખામણ દે છે (૫) જ્ઞાતિસંગથી બંધાયેલ (૬) કાયર સાધક (૭) તે સમય (૮) ઘરતરફ (૯) જાય છે.

ભાવાર્થ:– કરુણાથી યુક્ત સ્વજનો બંધવ આદિ સાધુને ઉપરોક્ત મુજબ શિખામણ દેતા પશ્ચાત્ જ્ઞાતિના સંગમાં બંધાયેલ

રાગવાળા અલ્પ પરાક્રમી ગુરુકર્મી સાધક પ્રવ્રજ્યાને છોડીને માતા-પિતા આદિમાં મોહિત બની ગૃહસ્થવાસમાં ઘરે ચાલ્યો જાય છે અને માનવભવને નિરર્થક બનાવે છે.

१ ४ २ ३ ५ ६
जहा रुक्खं वणे जायं, मालुया पडिबंधई ।
७ १० ८ ९
एवं णं पडिबंधंति, णातओ असमाहिणा ॥ १० ॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) વનમાં (૩) ઉત્પન્ન (૪) વૃક્ષને (૫) લતા (૬) બાંધી લે છે (૭) એવા પ્રકારે (૮) જ્ઞાતિજનો (૯) અસમાધિદ્વારા (૧૦) બાંધી લે છે.

ભાવાર્થ:- જેમ જંગલમાં-વનમાં ઉત્પન્ન વૃક્ષને લતા ચોતરફ વીંટાઇ બાંધી લે છે. એવી રીતથી સાધુને જ્ઞાતિજનો અસમાધિદ્વારા મોહપાસથી બાંધી લે છે. આવા પ્રકારે સંસારી જીવો સાધુને સંયમથી પતિત કરવામાં સહાયક બને છે. પરિવાર વર્ગ મિત્ર નહીં પરંતુ શત્રુનું કાર્ય કરે છે અને પોતાને તથા સાધુને બંન્નેને દુર્ગતિ પ્રાપ્ત કરવામાં સહાયક થાય છે.

१ २ ३ ४ ५
विबद्धो नातिसंगेहिं, हत्थी वा वी नवग्गहे ।
८ ९ ६ ७
पिट्ठतो परिसप्पन्ति, सुय गो व्व अदूरए ॥ ११ ॥

શબ્દાર્થ : (૧) બંધાયેલ સાધુની (૨) માતાપિતા આદિ સ્વજન (૩) અનુકૂળ સંબંધ દ્વારા (૪) હાથીની સમાન અનુકૂળ (૫) નવીન ગ્રહણ કરેલ (૬) નવી વિયાણેલ ગાય (૭) જેમ વાછરૂની પાસે જ રહે છે (૮) પાછળ પાછળ સ્વજન વર્ગ (૯) આચરણ કરે છે.

ભાવાર્થ:- જે સાધુ માતાપિતા આદિ સ્વજનવર્ગના મોહમાં પડી પ્રવ્રજ્યાને છોડી ઘરે ચાલ્યો જાય છે. તેનો પરિવાર વર્ગ નવીન

ગ્રહણ કરેલ હાથીની સમાન એ સાધુને અનુકૂળ વર્તન રાખે છે. અને સાધુની પાછળ પાછળ ફરે છે. જેમ નવી વિયાણેલ ગાય પોતાના વાછરૂની પાસે જ રહે છે. એની માફક પરિવાર વર્ગ સાધુની પાસે જ રહે છે.

૧ ૨ ૩ ૪
एते संगा मणूसाणं पाताला व अतारिमा ।
૮ ૫ ૯ ૬ ૭
कीवा जत्थ य किस्संति, नाइ संगेहिं मुच्छिया ॥ १२ ॥

શબ્દાર્થ : (૧) માતાપિતા આદિનો સંગ (૨) મનુષ્યોને માટે (૩) સમુદ્ર સમાન (૪) દુસ્તર છે (૫) જેમાં (૬) જ્ઞાતિસંગમાં (૭) મૂર્છિત (૮) અસમર્થ પુરુષ (૯) કલેશને પામે છે.

ભાવાર્થ:– માતાપિતા આદિ સ્વજન વર્ગનો સંબંધ સમુદ્રની સમાન દુસ્તર રહેલ છે. જ્ઞાતિ સંગનાં સ્નેહમાં પડેલ શક્તિહીન જીવો કલેશ ભોગવે છે. જીવ મોહરૂપ પાસમાં બંધાય તેને સંગ કહેવાય સંગ–સ્નેહ છે. તે કર્મબંધનના હેતુ છે, જેમ સમુદ્રને હાથથી તરવો મનુષ્યોને દુર્લભ છે. એની માફક અલ્પ પરાક્રમી જીવોને સ્વજનોના સંગથી છૂટવું મુશ્કેલ છે અને તેઓ આત્મ સંબંધમા કાંઈ પણ વિચાર કરી શકતા નહિ હોવાથી સંસાર પરિભ્રમણ કર્યા કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
तं च भिक्खू परिन्नाय, सव्वे संगा महासवा ।
૧૦ ૧૨ ૧૧ ૭ ૯ ૮
जीवियं नावकंखिज्जा सोच्चा धम्म–मणुत्तरं ॥ १३ ॥

શબ્દાર્થ : (૧) જ્ઞાતિ સંબંધના સ્વરૂપને (૨) સાધુ (૩) જાણી (૪) સર્વ સંસારીઓના (૫) સંબંધ મહાન કર્મના (૬) આશ્રવ દ્વારા છે (૭) સાંભળી સાધુ (૮) સર્વોત્તમ (૯) ધર્મને (૧૦) અસંયમી જીવનની (૧૧) ઇચ્છા (૧૨) ન કરે.

ભાવાર્થ:– સાધુ પુરુષ જ્ઞાતિજનના સંસર્ગને સંસાર વૃદ્ધિનું પ્રધાન કારણ જાણી તેનો ત્યાગ કરે, કારણ કે સ્નેહ છે. તે કર્મ-બંધનનું મહાન્ આશ્રવદ્વાર છે. જ્ઞાતિ સંબંધ છે તે અનુકૂળ પરીષહ છે. જેથી સાધુ સર્વોત્તમ આર્હત ધર્મને સાંભળી અસંયમી જીવનની ઇચ્છા કરે નહિ.

अहिमे[1] संति[3] आवट्टा[2], कासवेणं[4] पवेइया[5] ।
बुद्धा[6] जत्थावसप्पंति[7], सीयंति[9] अहा[8] बुजहिं[10] ॥ १४ ॥

શબ્દાર્થ : (૧) પશ્ચાત્ કાશ્યપ (૨) આવર્ત (૩) પ્રાપ્ત થતાં (૪) ગોત્રી ભગવાન્ મહાવીર સ્વામી (૫) દ્વારા બતાવેલ (૬) જ્ઞાની સાધકો તેનાથી (૭) દૂર રહે છે (૮) અજ્ઞાની પુરુષ (૯) આસક્ત બને છે (૧૦) જેમાં.

ભાવાર્થ:– ઉપરોક્ત અધિકાર પશ્ચાત ભગવાન્ મહાવીર સ્વામી દ્વારા બતાવેલ આવર્ત–સંસાર પરિભ્રમણ, તે ભાવ આવર્ત. મહા મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન વિષયભોગની ઇચ્છાને સિદ્ધ કરવાવાળી સંપત્તિ વિશેષની પ્રાર્થના તે ભાવ આવર્ત, તેને સંસારનો હેતુ ભગવંત મહાવીરે કહેલ છે. જ્ઞાની પુરુષ, એ આવર્તોના ફળ વિપાકને જાણતા હોવાથી પ્રમાદને વશ નહિ થતા તેનાથી દૂર રહે છે. પરંતુ જે અજ્ઞાની છે. તે આવર્તમાં ફસાઇ પડે છે અને મહાન દુઃખો ભોગવે છે.

रायाणो[1] रायऽमच्चा[2] य, माहणा[3] अदुव खत्तिया[4] ।
निमंतयंति[5] भोगेहिं[7], भिक्खुयं[6] साहुजीविणं[8] ॥ १५ ॥

શબ્દાર્થ : (૧) રાજા મહારાજા (૨) રાજમંત્રી (૩) બ્રાહ્મણ અથવા ક્ષત્રિય (૪) ઉત્તમ આચારથી (૫) સાધુને (૬) જીવન નિર્વાહ કરવાવાળા (૭) શબ્દાદિ વિષયભોગો ભોગવવા માટે (૮) ભિક્ષુને (૯) આમંત્રણ કરે છે.

ભાવાર્થ:– રાજા તથા ચક્રવર્તી મહારાજા તથા રાજમંત્રી–પ્રધાન તથા બ્રાહ્મણ તથા પુરોહિત અથવા ક્ષત્રિય એ સર્વે ઉત્તમ આચારથી જીવનનિર્વાહ કરવાવાળા યૌવન સંપન્ન સાધુને–ભિક્ષુને, શબ્દાદિ વિષયભોગોને ભોગવવાનું આમંત્રણ કરે છે. (આમંત્રણનો હેતુ ત્યાગનો મહિમા છે, ત્યાગની પૂજા છે.) સંસારીઓને ભોગો પ્રિય હોઈ ભોગોનું આમંત્રણ આપે છે.

૬ ૭ ૮ ૯ ૧૦
हत्थऽस्सरह जाणेहिं, विहार-गमणेहि य ।
૫ ૪ ૩ ૧ ૨
भुंज भोगे इमे सग्घे, महरिसी ! पूजयामु तं ॥ १६ ॥

શબ્દાર્થ : (૧) હે મહર્ષિ ! (૨) તમારી પૂજા કરવાને ઇચ્છીએ છીએ (૩) ઉત્તમ (૪) ભોગોને (૫) ભોગવો (૬) હાથી, (૭) ઘોડા (૮) રથ (૯) પાલખીનો ઉપભોગ કરો (૧૦) બાગ બગીચામાં વિચરો.

ભાવાર્થ:– પૂર્વોક્ત ચક્રવર્તી આદિ મુનિની પાસે ઉપસ્થિત થઇ કહે છે કે હે મહર્ષિ ! તમે હાથી, ઘોડા, રથ, પાલખી આદિ વાહનોનો ઉપભોગ કરો અને ચિત્ત વિનોદ રૂપ ક્રીડાને માટે બાગ-બગીચા આદિ સ્થાનોમાં વિચરતા થકા ઉત્તમ ભોગોને ભોગવો. અમે તમારી પૂજા સત્કાર કરીએ છીએ, વિષયભોગોની સામગ્રી આપી સત્કારીએ છીએ.

૧ ૨ ૩ ૪ ૫
वत्थ-गंध-मलंकारं, इत्थीओ सयणाणि य ।
૭ ૮ ૬ ૧૦ ૧૧ ૯
भुंजाहिमाइं, भोगाइं आउसो ! पूजयामु तं ॥ १७ ॥

શબ્દાર્થ : (૧) વસ્ત્ર, (૨) ગંધ, (૩) અલંકાર–ભૂષણ, (૪) સ્ત્રીઓ તથા (૫) શય્યા (૬) ભોગોને (૭) આપ ભોગવો (૮) આવા પ્રકારના (૯) આપની પૂજા (૧૦) હે આયુષ્યમન્ ? (૧૧) કરીએ છીએ.

ભાવાર્થ:– હે આયુષ્મન્ ! વસ્ત્ર, ગંધ, અલંકાર-ભૂષણ, સ્ત્રીઓ, શય્યા આદિ ભોગોને આપ ભોગવો. અમે આપની પૂજા કરવા આમંત્રણ આપીએ છીએ મનને પ્રસન્ન કરે તેવા ભોગોને ભોગવતા થકા વિચરો ! અમો ભોગોપભોગની સામગ્રી દઈને આપનો સત્કાર કરીએ છીએ.

૪ ૩ ૫ ૬ ૨ ૧
जो तुमे नियमो चिण्णो, भिक्खुभावम्मि सुव्वया ।
૭ ૮ ૯ ૧૧ ૧૦
अगार-मावसंतस्स, सव्वो संविज्जए तहा ॥ १८ ॥

શબ્દાર્થ : (૧) હે સુંદરવ્રતવાળા મુનિવર (૨) ભિક્ષુભાવમાં (૩) તમે (૪) જે (૫) વ્રત નિયમના (૬) અનુષ્ઠાન કર્યા છે (૭) તે ગૃહવાસમાં (૮) નિવાસ કરતા (૯) સર્વે (૧૦) પુર્વભાફક (૧૧) બની રહેશે.

ભાવાર્થ:– હે સુંદરવ્રત ધારણ કરનાર મુનિ ? પ્રવ્રજ્યા સમયે ઇન્દ્રિય તથા મનને શાંત કરીને ભિક્ષુભાવથી તમોએ જે મહાવ્રત આદિ નિયમોનાં સદ્અનુષ્ઠાન કર્યાં છે, તે સર્વ ગૃહસ્થવાસમાં રહેતા અને ભોગોને ભોગવતાં થકા પણ પાલન કરી શકાશે. કારણ કે મનુષ્ય દ્વારા કરેલા પુણ્ય અગર પાપના ફળ ભોગવ્યા વિના તેનો નાશ થતો નથી. આવા પ્રકારે અજ્ઞાની અસંયમી જીવો સાધુ મહા-પુરુષોને સંયમથી પતિત કરવા પોતાના અજ્ઞાનના વશે વિષયભોગો ભોગવવાને આમંત્રણ આપે છે. તેથી સાધકે જાગૃત રહી સંયમ પાલન કરવું.

૧ ૨ ૬ ૪ ૫ ૩
चिरं दूइज्जमाणस्स, दोसो दाणिं कुतो तव ? ।
૭ ૮ ૧૦ ૯
इच्चेव णं निमन्तेन्ति, नीवारेण व सूयरं ॥ १९ ॥

શબ્દાર્થ : (૧) હે મુનિ ? દીર્ઘકાળથી (૨) સંયમના અનુષ્ઠાન પૂર્વક વિહાર કરતા (૩) આપને (૪) ભોગો ભોગવતા સમય (૫) કેમ (૬) દોષ

લાગે ! (૭) આવા પ્રકારે (૮) આમંત્રણ કરી ફસાવે છે (૯) જેમ લોકો સુઅરને ફસાવે છે એ પ્રકારે મુનિને ભોગો ભોગવવા (૧૦) ચાવલના દાણાનું પ્રલોભન આપી.

ભાવાર્થ:– હે મુનિવર ! આપે ઘણા દીર્ઘકાળ સુધી સંયમનાં અનુષ્ઠાનો કર્યા છે. તો હવે ભોગો ભોગવતાં આપને કયાંથી દોષ લાગે ? એટલે દોષ લાગે નહિ. આવા પ્રકારે ચક્રવર્તી આદિ તરફથી સાધુને આમંત્રણ આપીને જેમ લોકો સુઅરને ચાવલના દાણાનું પ્રલોભન આપી ફસાવી મારે છે. એજ પ્રકારે સાધુઓને ભોગોનું આમંત્રણ આપી સાધુઓને ફસાવી સંયમ ભાવથી ભ્રષ્ટ કરાવે છે. એમ જાણી સંસારી જીવોના સંસર્ગથી–સંબંધથી સાધુઓએ (ભોગોના કડવા વિપાકોને જાણી) દૂર રહેવું તે હિતકર છે.

૨ ૧ ૪ ૩
चोइया भिक्खायरियाए, अचयंता जवित्तए ।
૫ ૬ ૭ ૮ ૯
तत्थ मंदा विसीयंति, उज्जाणंसि व दुब्बला ॥ २० ॥

શબ્દાર્થ : (૧) ભિક્ષુચર્યા આદિ સમાચારી પાલન માટે આચાર્ય આદિદ્વારા (૨) પ્રેરિત કર્યા થકા (૩) સમાચારી પૂર્વક નિર્વાહ કરવામાં (૪) અસમર્થ (૫) મૂર્ખજીવ (૬) શિથિલ બને છે (૭) સંયમ પાલનમાં–ઉંચા માંર્ગમા (૮) જેમ (૯) દુર્બળ બળદ થાકી જાય છે.

ભાવાર્થ:– સાધુ સમાચારી પાલન કરવા માટે આચાર્ય આદિ તરફથી પ્રેરિત કરવા છતાં મૂર્ખ સાધકો સાધુ સમાચારીનું પાલન કરવામાં શિથિલ બની સંયમને છોડી દે છે. જેમ ઉંચા માર્ગે જતા દુર્બળ બળદ થાકી જાય છે. પડી જાય છે. એમ શિથિલાચારીઓ દશપ્રકારની સાધુ સમાચારીપૂર્વક સંયમપાલન કરવામાં અશક્ત બની મોક્ષ પ્રાપ્તિનું પ્રધાન સાધન, જે અનેક ભવોની પશ્ચાત પ્રાપ્ત થયેલ, મહાપુરુષો દ્વારા આચરિત ચિંતામણિ રત્ન સમાન, અચિંતનીય, પ્રભાવવાળા એવા સંયમથી પતિત થાય છે. પાંચ

મહાવ્રત રૂપ ભારને વહન કરવામાં અસમર્થ જીવ સંસાર પરિભ્રમણ-રૂપ આવર્તમાં ફસાઇ જાય છે.

अचयंता व लूहेणं, उवहाणेण तज्जिया ।
तत्थ मंदा विसीयंति, उज्जाणंसि जरग्गवा ॥ २१ ॥

શબ્દાર્થ : (૧) રૂક્ષ સંયમપાલન (૨) નહિ કરી શકવાથી અને (૩) તપકર્મથી (૪) પીડિત થઇ (૫) મૂર્ખજીવ–સાધક (૬) બૂઢો બળદ (૭) ઊંચા માર્ગમાં કલેશ પામે છે (૮) સંયમમાં (૯) કલેશને પામે છે.

ભાવાર્થ:– સંયમના પાલન કરવામાં અસમર્થ તથા તપસ્યાથી ભય પામતો કલેશ પામતો મૂર્ખ સાધક સંયમ માર્ગમાં કલશને પામે છે. જેમ ઉંચા માર્ગમાં બૂઢો બળદ કલેશને પામે છે.

एवं निमंतणं लद्धुं, मुच्छिया गिद्ध इत्थीसु ।
अज्झोववन्ना कामेहिं, चोइज्जंता गया गिहं ॥२२॥त्ति बेमि ॥

શબ્દાર્થ : (૧) પૂર્વોકત પ્રકારથી ભોગો ભોગવવા માટે (૨) નિમંત્રણ (૩) પ્રાપ્ત થતાં (૪) કામભોગોમાં આસકત (૫) મોહિત અને (૬) સ્ત્રીઓમાં (૭) દત્તચિત્ત પુરુષ સંયમપાલન માટે (૮) કામભોગોમાં (૯) પ્રેરિત કરવા છતાં (૧૦) ગૃહસ્થવાસમાં (૧૧) જાય છે.

ભાવાર્થ:– વિષયભોગોનાં સાધન ભૂત હાથી, ઘોડા, રથ, પાલખી આદિમાં તથા સ્ત્રીઓમાં મોહિત કામભોગોમાં દત્તચિત્ત પુરુષને પૂર્વોકત પ્રકારથી ભોગો ભોગવવાનું આમંત્રણ પ્રાપ્ત થતાં સંયમપાલન માટે આચાર્યો આદિ તરફથી પ્રેરણા મળવા છતાં ભોગોમાં આસકત મૂર્ખ સાધક સંયમને છોડી ગૃહસ્થપણાને ધારણ કરી ગૃહસ્થ બની જાય છે અને આત્માને સંસાર, પરિભ્રમણરૂપ આવર્તમાં ધકેલી દે છે. એમ જાણી આત્માર્થી જીવોએ કામભોગોથી દૂર રહેવાને સંયમપાલનમાં જાગૃત રહેવું એ જ શ્રેયસ્કર છે.

અધ્યયન ૩ જું સમાપ્ત.

૧ ૨ ૪ ૩ ૮
जहा संगामकालम्मि, पिट्ठतो भीरु वेहइ ।
૫ ૬ ૭ ૯ ૧૦
वलयं गहणं णूमं, को जाणइ पराजयं ? ॥ १ ॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) યુદ્ધના સમયે (૩) કાયર પુરુષ (૪) પીઠની પાછળ (૫) ખાઇ જેવા (૬) ગહનસ્થાન (૭) ગુપ્તસ્થાન (૮) જોઇ રાખે છે તેમ જ વિચાર કરે છે કે કોનો (૯) કોણ જાણે છે ? (૧૦) પરાજય થશે.

ભાવાર્થ:– જેમ કાયર પુરુષ યુદ્ધના સમય પહેલાં પોતાના રક્ષણ માટે ખાઇ અથવા કોઇ ગહન ગુપ્ત સ્થાનો ગુપ્ત રહી શકાય તેવાં સ્થાનો જોઇ રાખે છે અને વિચાર કરે છે કે આ યુદ્ધમાં કોનો પરાજય થશે. એ કોણ જાણી શકે ? જેથી સંકટ પ્રાપ્ત થતાં પોતાનું રક્ષણ થઈ શકે તેવાં સ્થાનો તપાસી રાખવા જરૂરી છે. એમ માનતો શત્રુઓથી બચવા માટે પર્વતની ગુફાઓ આદિ સ્થાનોનું નિરીક્ષણ કરી રાખે છે.

૧ ૨ ૩ ૪ ૫
मुहुत्ताणं मुहुत्तस्स, मुहुत्तो होइ तारिसो ।
૬ ૭ ૮ ૯ ૧૦
पराजियाऽवसप्पामो, इति भीरू उवेहई ॥ २ ॥

શબ્દાર્થ: (૧) ઘણા મુહૂર્તોની (૨) એક મુહૂર્તમાં (૩) અવસર (૪) આવે (જેમાં જય અથવા પરાજયનો સંભવ) (૫) કોઇ એવો (૬) શત્રુથી હારી જવાય (૭) ગુપ્ત રહી શકાય (૮) એવા સ્થાનોની (૯) કાયર પુરુષ (૧૦) ગવેષણા કરી રાખે છે.

ભાવાર્થ :– ઘણા લાંબા સમયે અથવા એક જ મુહૂર્તમાં કોઈ એવો સમય–અવસર વિશેષ આવી જાય કે જેમાં જય અથવા પરાજયની સંભાવના રહે શિથિલો વિચારે કે કદાચિત પરાજય પામું તો

ગુપ્ત રહી શકાય તેવા સ્થાનનું ગવેષણ અગાઉથી કાયર પુરુષો શોધી રાખવા પ્રયત્ન કરે છે. અથવા તો શોધી રાખે છે.

૧ ૨ ૩ ૫ ૬ ૪
एवं तु समणा एगे, अबलं नच्चाणं अप्पगं ।
૭ ૮ ૯ ૧૧ ૧૦
अणागयं भयं दिस्स, अविकप्पंतिमं सुयं ॥ ३ ॥

શબ્દાર્થ : (૧) ઉપરોકત પ્રકારથી (૨) શ્રમણ (૩) કોઇ (૪) પોતાને સંયમપાલનમાં (૫) અસમર્થ (૬) જાણી (૭) ભવિષ્યકાળના (૮) ભય (૯) દેખી (૧૦) જ્યોતિષ અથવા વ્યાકરણ ભણી પોતાના નિર્વાહનું (૧૧) સાધન બનાવી રાખે છે.

ભાવાર્થ:– આવા પ્રકારથી કોઇ શ્રમણ જીવનભર સંયમ પાલન કરવામાં પોતાને અસમર્થ માની ભવિષ્યકાળના નિર્વાહની ચિંતાથી બચવા માટે વ્યાકરણ અથવા જ્યોતિષ આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરી રાખે છે. જેમ કાયર પુરુષ લડાઇમાં–યુદ્ધમાં જતાં પહેલાં પરાજિત થવાના ભયથી ગુપ્ત સ્થાનો શોધી રાખે છે. તે રીતે કાયર સાધક આવી વિદ્યાઓને શીખી નિર્વાહનું સાધન માનીને તેને પોતાનું રક્ષણ માને છે.

૧ ૨ ૫ ૩ ૪
को जाणइ विऊवातं, इत्थीओ उदगाउ वा ।
૯ ૧૦ ૮ ૬ ૮ ૭
चोइज्जंता पवक्खामो, ण णो अत्थिपकप्पियं ॥ ४ ॥

શબ્દાર્થ : (૧) કોઈ (૨) જાણી શકે કે (૩) સ્ત્રીઓથી અથવા (૪) કાચા જલના સ્થાનથી મારો (૫) સંયમ ભ્રષ્ટ થઈ જાય (૬) મારી પાસે પૂર્વ ઉપાર્જિત (૭) દ્રવ્ય પણ નથી (૮) તેથી હસ્તશિક્ષા, ધનુર્વેદ આદિ વિદ્યા કોઇએ (૯) પૂછવાથી (૧૦) બતાવી શકાય.

ભાવાર્થ:– સંયમ પાલન કરવામાં અસ્થિર ચિત્ત પુરુષ એમ ચિંતા કરે છે. કે સ્ત્રી સેવનથી અથવા કાચાજલના સ્નાનથી કોઈ

પ્રકારથી કદાચિત્ હું સંયમથી પતિત થાઉં તે કેમ જાણી શકાય ? તેમ જ મારી પાસે પૂર્વોપાર્જિત દ્રવ્ય પણ નથી. તેથી હસ્ત શિક્ષા તથા ધનુર્વેદ આદિ વિદ્યાઓનું શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તો તે વિદ્યાથી સંકટ સમયે મારો નિર્વાહ થઇ શકે. આવા સંકલ્પો કરી અલ્પ પરાક્રમી સાધકો સંયમરૂપ ધનને સાચવી શકતા નથી (ગુમાવી દે છે.) અને સંસાર પરિભ્રમણની વૃદ્ધિ કરી જન્મ, જરા, મરણાદિના ચક્કરમાં ભ્રમણ કર્યા કરે છે અને દુઃખોને ભોગવતા કલેશ પામે છે.

૧ ૮ ૬ ૭
इच्चेव पडिलेहंति, वलया पडिलेहिणो ।
૨ ૩ ૪ ૫
वितिगिच्छसमावन्ना, पंथाणं च अकोविया ॥ ૬ ॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) સંયમનું પાલન થશે કે નહિ એવા સંસય (૩) કરવાવાળા (૪) માર્ગને (૫) નહિ જાણનાર છૂપાઇ રહેવાની (૬) સ્થાનનું (૭) ગવેષણ કરનારા પુરુષની સમાન (૮) વિચાર કરનાર.

ભાવાર્થ:– કોઇ અલ્પ પરાક્રમી સાધક સંયમ ગ્રહણ કર્યા પશ્ચાત્ સંયમ પાલનનો અનુભવ થતાં પ્રવ્રજિત સાધકને સૂકા તથા ઠંડા આહાર પ્રાપ્ત થાય, કદાચિત પ્રાપ્ત ન થાય, ભોજનના સમય પશ્ચાત્ આહાર પ્રાપ્ત થાય, ભૂમિ ઉપર શયન કરવું પડે, લોચ કરવો પડે, સ્નાન થાય નહિ, બ્રહ્મચર્ય પાલન આદિ કઠિન આચારો જીવન પર્યંત પાલન કરવાના હોય છે. તેથી આ પ્રકારે સંયમનું પાલન થઇ શકશે કે નહિ થઇ શકે ? આવા પ્રકારની શંકા કરવાવાળા કાયર સાધકો આ વીતરાગ માર્ગના અજાણ, જેમ યુદ્ધમાં જનાર કાયર પુરુષ યુદ્ધમાં જતા પેલા શંકિત થઇ, કદાચ પરાજય થાય તો તેમાંથી બચાવ કરવા માટે છૂપાવાનાં સ્થાનો શોધી રાખે છે. એ પ્રકારે કાયર સાધકો સંયમ પાલનની શંકાથી નિમિત્ત શાસ્ત્ર આદિ વિદ્યાઓથી પોતાનો જીવન નિર્વાહ ચલાવી શકાય એમ માની સાંસારિક જ્ઞાનનો આશ્રય લે છે.

૨ ૧ ૫ ૩ ૪
जे उ संगामकालम्मि, नाया सूरपुरङ्गमा ।
૭ ૬ ૧૧ ૧૦ ૮ ૯
णो ते पिट्ठमुवेहिंति, किं परं मरणं सिया ॥ ६ ॥

શબ્દાર્થ : (૧) પરંતુ (૨) જે પુરુષ (૩) જગત્ પ્રસિદ્ધ (૪) વીર પુરુષોમાં અગ્રેસર (૫) યુદ્ધ સમય પ્રાપ્ત થયે (૬) પાછા હઠવાની વાતપર (૭) ધ્યાન દેતો નથી (૮) મરણથી (૯) હોઇ શકે (૧૦) વધારે (૧૧) શું.

ભાવાર્થ:– જે પુરુષ સંસારમાં પ્રસિદ્ધ તથા વીરપુરુષોમાં અગ્રેસર હોય એવા પુરુષો યુદ્ધ ઉપસ્થિત થતા, યુદ્ધમાં જતાં, પરાજય થવાની, કે છૂપાવાનાં સ્થાન ગવેષણના વિચારો કરતાં જ નથી. પરંતુ એમ માને છે કે બહુ બહુ તો મોત થશે એથી વિશેષ બીજું શું થવાનું છે ? એમ માની યશની ઇચ્છાવાળા મરણનો ભય રાખતા જ નથી. સાધક પુરુષોએ પણ સંયમપાલનમાં ધૈર્ય રાખી પ્રાપ્ત થતા પરીષહોને સમભાવે સહન કરવા જાગૃત રહેવું તે આત્માને માટે શ્રેયનું કારણ છે.

૧૦ ૭ ૮ ૩ ૧ ૨
एवं समुट्ठिए भिक्खू, वोसिज्जाऽगार-बंधणं ।
૪ ૫ ૬ ૯
आरंभ तिरियं कट्टु. अत्तत्ताए परिव्वए ॥ ७ ॥

શબ્દાર્થ : (૧) ગૃહ (૨) બંધનનો (૩) ત્યાગ કરી (૪) આરંભને (૫) છોડી (૬) મોક્ષ પ્રાપ્તિ માટે (૭) સંયમમાં સાવધાન (૮) સાધુ (૯) સંયમઅનુષ્ઠાન કરે (૧૦) એ રીતે.

ભાવાર્થ:– ઉપરોક્ત વીરપુરુષોની માફક સંયમમાં સાવધાન બનેલ સાધક ગૃહ બંધનનો ત્યાગ કરી, આરંભનો ત્યાગ કરી, સંયમપાલનમાં તત્પર થયેલ સાધુ મોક્ષની પ્રાપ્તિ માટે સંયમ અનુષ્ઠાન કરતો થકો વિચરે. કષાયો તથા ઇન્દ્રિયો ઉપર વિજય

મેળવવો મનુષ્યો માટે દુષ્કર રહેલ છે. પરંતુ એક આત્માને વશ કરતાં કષાયો તથા ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવો દુષ્કર નથી.

૩ ૪ ૨ ૧
तमेगे परिभासंति, भिक्खूयं साहु-जीविणं ।
૬ ૫ ૮ ૬ ૭
जे एवं परिभासंति, अंतए ते समाहिए ॥ ८ ॥

શબ્દાર્થ : (૧) ઉત્તમ આચારથી જીવન નિર્વાહ કરનાર (૨) ભિક્ષુના વિષયમાં (૩) કોઇ અન્ય દર્શની (૪) આક્ષેપ વચન કહે છે એ આક્ષેપ (૫) વચન કહેનારા (૬) અન્ય દર્શનીઓ (૭) સમાધિથી (૮) દૂર છે.

ભાવાર્થ:- ઉત્તમ અને નિરવદ્ય આચારથી પોતાનો જીવન નિર્વાહ કરવાવાળા સાધુના વિષયમાં કોઈ આગળ કહેવાશે તેવા આક્ષેપ વચનો કહેનારા અન્ય તીર્થીઓ સુસાધુઓની નિંદા કરનાર સમાધિરૂપ મોક્ષથી દૂર રહેલા છે. કારણ કે તેઓ સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રરૂપ અનુષ્ઠાનોથી દૂર છે. તેમ જ મોક્ષમાર્ગના અજાણ છે.

૧ ૨ ૩ ૪ ૫
संबद्धसमकप्पा उ, अन्न मन्नेसु मुच्छिया ।
૭ ૬ ૮ ૯
पिंडवायं गिलाणस्स, जं सारेह दलाह य ॥ ९ ॥

શબ્દાર્થ : (૧) ગૃહસ્થની (૨) માફક (૩) વ્યવહાર કરો છો પરસ્પર (૪) એક બીજામાં (૫) આસક્ત રહો છો (૬) રોગી સાધુ માટે (૭) આહાર (૮) લાવો છો (૯) આપો છો.

ભાવાર્થ:- અન્યતીર્થી સમ્યગ્દૃષ્ટિ સાધુઓના વિષયમાં એવો આક્ષેપ કરે છે કે તમારા સાધુઓનો વ્યવહાર ગૃહસ્થોની સમાન છે, જેમ ગૃહસ્થ પોતાના સ્વજનોમાં આસક્ત રહે છે, એવી રીતે તમો સાધુઓ પણ પરસ્પર આસક્ત રહો છો. તથા રોગી સાધુને માટે તમો આહાર લાવીને આપો છો

૧ ૨ ૩ ૪ ૫
एवं तुब्भे सरागत्था अन्नमन्नमणुव्वसा ।
૮ ૯ ૬ ૭ ૧૦
नट्ठसप्पहसब्भावा, संसारस्स अपारगा ॥ १० ॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) તમે લોકો (૩) રાગ સહિત છો (૪) પરસ્પર એકબીજાને (૫) વશ રહો છો (૬) સત્પથ તથા (૭) સદ્‌ભાવથી (૮) હીન છો (૯) સંસારના પારને (૧૦) પામનારા નથી.

ભાવાર્થ:– અન્ય તીર્થી, સમ્યગ્ દૃષ્ટિ સાધુઓ પર આક્ષેપ કરતા કહે છે કે તમે લોકો પૂર્વોક્ત પ્રકારથી રાગ સહિત એક બીજાના વશમાં રહો છો. તેથી તમો સત્ય માર્ગ તથા સદ્ ભાવથી રહિત હોઇ સંસારના પારને પામી શકશો નહિ.

૧ ૪ ૫ ૩ ૨
अह ते परिभासेज्जा, भिक्खु मोक्खविसारए ।
૬ ૭ ૮ ૯ ૧૦
एवं तुब्भे पभासंता, दुपक्खं चेव सेवह ॥ ११ ॥

શબ્દાર્થ : (૧ પશ્ચાત્ (૨) મોક્ષવિશારદ (૩) સાધુ (૪) અન્યતીર્થીને (૫) કહે છે (૬) એ પ્રકારે (૭) તમે (૮) કહો છો તે (૯) બે પક્ષનું (૧૦) સેવન કરો છો.

ભાવાર્થ:– અન્ય તીર્થી ઓએ પૂર્વોક્ત પ્રકારે આક્ષેપ કરવાથી મોક્ષની પ્રરૂપણા કરવામાં વિદ્વાન મુનિ અન્યતીર્થીઓને કહે છે કે જો તમો પૂર્વોકત આક્ષેપયુકત વચન કહો છો. તો તમે અસત્ય પક્ષનું સેવન કરો છો. રાગ અને દ્વેષરૂપ બે પક્ષોનું સેવન કરો છો. આપનો પક્ષ દોષ સહિત છે, આપના પક્ષમાં રાગને કારણે અમારા સિદ્ધાંત દોષ રહિત હોવા છતાં આપ દૂષિત બતાવો છો. જેથી અમારા પક્ષ પર આપનો દ્વેષ છે વળી તમે લોકો બીજ તથા સચેત પાણી તથા ઉદ્દિષ્ટ આહારનું સેવન કરો છો. તેથી આપ ગૃહસ્થસમાન છો. ને

વેષ રાખતા હોવાથી સાધુ કહેવડાવો છો, તેથી આપ બે પક્ષને સેવો છો. અસત્ અનુષ્ઠાન કરો છો અને સત્ અનુષ્ઠાન કરવાવાળાની નિંદા કરો છો. તેથી તમો જ સંસારના પારને પામનારા નથી.

૧ ૩ ૨ ૪ ૫
तुब्भे भुंजह पाएसु, गिलाणो अभिहडंमि या ।
૬ ૭ ૮ ૯ ૧૦
तं च बीओदगं भोच्चा, तमुद्दिसादि जं कडं ॥ १२ ॥

શબ્દાર્થ : (૧) તમે ધાતુના (૨) પાત્રોમાં (૩) ભોજન કરો છો અને (૪) રોગીને માટે (૫) ગૃહસ્થ દ્વારા ભોજન મગાવો છો (૬) સચિત્ત બીજ વાળા આહાર તથા (૭) કાચા પાણીને (૮) ભોગવો છો (૯) ઉદ્દેશિકાદિ (૧૦) બનાવેલા.

ભાવાર્થ:– તમે લોકો કાંસાં આદિના ગૃહસ્થના પાત્રોમાં ભોજન કરો છો. તથા રોગી સાધુઓને માટે ગૃહસ્થો દ્વારા આહાર મંગાવો છો. આ પ્રમાણે તમે લોકો બીજ અને કાચા પાણીનો ઉપભોગ કરો છો. તેમ જ ઉદ્દેશિક આદિ આહાર પાણીનો ઉપયોગ કરો છો.

૧ ૨ ૩ ૪ ૫
लित्ता तिव्वाभितावेणं उज्झिआ असमाहिया ।
૮ ૬ ૭ ૯ ૧૦
नातिकण्डूइयं सेयं, अरुयस्सावरज्झती ॥ १३ ॥

શબ્દાર્થ : (૧) ઉપલિપ્ત (૨) તીવ્ર (૩) અભિતાપ સહિત કર્મ બંધનથી (૪) વિવેકથી રહિત શુભ (૫) અધ્યવસાયથી રહિત છો (૬) ખણવાથી (૭) શ્રેય (૮) નહિ (૯) વ્રણ–ઘાવને (૧૦) કેવલ પીડા (૧૦) ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ:– મોક્ષ વિશારદ સુસાધુ અન્યતીર્થીઓને કહે છે કે તમે લોકો કર્મ બંધનથી ઉપલિપ્ત તીવ્ર અભિતાપ સહિત તથા સદ્‌વિવેકથી

રહિત છો. તથા શુભ અધ્યવસાયોથી રહિત છો. વ્રણને ખણવાથી શ્રેય નહિ પરંતુ બમણી પીડા ઉત્પન્ન થાય છે. તમારા જ માટે તમોને ઉદ્દેશીને ગૃહસ્થ લોકો છકાય જીવની ઘાત કરી આહાર બનાવે છે. તે આહારને તમો ભોગવો છો. કાચું પાણી તથા બીજ આદિ વનસ્પતિનો ઉપભોગ કરો છો તેથી તમો કર્મબંધનથી લિપ્ત બનો છો. છતાં શુદ્ધ આચાર પાળવાવાળા સાધુઓનો દ્વેષ કરી નિંદા કરો છો. જેથી કર્મબંધનથી બમણા લેપાઓ છો.

૪ ૫ ૩ ૧ ૨
तत्तेण अणुसिट्ठा ते, अपडिन्नेण जाणया ।
૬ ૮ ૭ ૧૧ ૧૦ ૧૨
ण एस णियए मग्गे, असमिक्खा वती किती ॥ १४ ॥

શબ્દાર્થ : (૧) મિથ્યા અર્થ બતાવવાની પ્રતિજ્ઞા નથી ગ્રહણ યોગ્ય (૨) ત્યાગ યોગ્ય પદાર્થોના જાણનાર સાધુ (૩) અન્યદર્શનીને (૪) સત્યઅર્થની (૫) શિક્ષાદે છે (૬) આપ લોકોએ સ્વીકાર કરેલ (૭) માર્ગ (૮) યુક્તિ સંગત નથી (૯) આપે સમ્યગ્ દૃષ્ટિ સાધુ માટે (૧૦) આક્ષેપ વચન કહ્યા તે (૧૧) વગર વિચાર્યે કહ્યા છે (૧૨) આપનાં કાર્યો પણ વિવેક શૂન્ય છે.

ભાવાર્થ:- સત્ય અર્થ બતાવવાળા તથા હેય જ્ઞેય ઉપાદેય સ્વરૂપને જાણવાવાળા સમ્યગ્દૃષ્ટિ મુનિ ઉપરોક્ત અન્યતીર્થીઓને યથાર્થ વાતની શિક્ષા દેતાં કહે છે કે આપ લોકોએ જે માર્ગનો સ્વીકાર કરેલ છે. તે ન્યાય યુક્ત નથી. તથા આપ સમ્યગ્દૃષ્ટિ સાધુઓ ઉપર જે આક્ષેપ કરો છો. તે વિના વિચારે કરો છો. તેમ જ આપના આચાર વિચાર વ્યવહાર કાર્યો બધાં વિવેકથી રહિત છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
एरिसा जा वई एसा, अग्गवेणु व्व करिसिता ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૩ ૧૨
गिहिणो अभिहडं सेयं, भुंजिउं ण उ भिक्खुणं ॥ १५ ॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) જે (૩) કથન (૪) હકીકત (૫) વાંસના અગ્રભાગની (૬) સમાન (૭) દુર્બળ છે (૮) ગૃહસ્થ દ્વારા (૯) લાવેલ આહાર (૧૦) કલ્યાણકારી સાધુને (૧૧) ખાવો (૧૨) પરંતુ સાધુ દ્વારા લાવેલ આહાર (૧૩) નહિ.

ભાવાર્થ:– તમારું કથન જે ગૃહસ્થ દ્વારા લાવેલ આહાર સાધુને ખાવો કલ્યાણકારી છે અને સાધુ દ્વારા લાવેલ આહાર સાધુને ખાવો અકલ્યાણકારી, એવું જે તમારું (અન્યતીર્થીઓનું) કથન છે તે વાંસના અગ્રભાગ સમાન દુર્બળ છે એ કથન સત્ય નથી, માન્ય થાય તેમ નથી, કારણ કે ગૃહસ્થ દ્વારા લાવેલ આહાર છકાયજીવની ઘાત સહિતનો હોય છે. તેમ જ ઉદ્ગમનાદિ દોષ સહિત છે.

धम्मपन्नवणा जा सा, सारंभा ण विसोहिआ ।
ण उ एयाहिं दिट्ठीहिं, पुव्वमासिं पगप्पिअं ॥ १६ ॥

શબ્દાર્થ : (૧) ધર્મની દેશના છે (૨) એવી જે (૩) તે (૪) ગૃહસ્થોને (૫) શુદ્ધ કરવાવાળી છે સાધુઓને નહિ (૬) આવી (૭) દૃષ્ટિથી (૮) પૂર્વે (૯) દેશના (૧૦) આપેલ (૧૧) નથી.

ભાવાર્થ:– તમો (અન્યતીર્થી) કહો છો કે સાધુઓએ દાન આપી ઉપકાર કરવો જોઇએ. અને સાધુની રોગાદિ અવસ્થામાં ગૃહસ્થોએ દાન આપી ઉપકાર કરવો જોઇએ. પરંતુ સાધુઓએ રોગી સાધુને આહારાદિ લાવી આપવા ન જોઈએ તેમ કરવાથી રાગ બંધન થાય છે, આ તમારું કથન અયુક્ત છે. કારણ સાધુઓ તો પોતાના અણારંભી અપરિગ્રહી (બાહ્ય અને અભ્યંતર ગ્રંથી રહિત બની) શુદ્ધ અનુષ્ઠાનોથી જ શુદ્ધ બને છે. જેથી સાધુઓએ આહારાદિ દાન અસંયમીને દેવું તે સાધુનો આચાર નથી. તેમ જ ગૃહસ્થ દ્વારા લાવેલ આહારાદિ સાધુને કલ્પનીય નથી. પરંતુ રોગાદિ

સાધુની વૈયાવચ્ચ કરવી, આહારાદિ લાવી આપવાનો સાધુ આચાર છે. તે જ સાધુને કલ્પનીય છે. તમારી ધારણા પ્રમાણે પૂર્વે સર્વજ્ઞોએ ઉપદેશ આપેલ નથી. આહારાદિ વગેરેનો દાન આપવાનો ધર્મ ગૃહસ્થનો છે. અને તે દાન ગૃહસ્થને પવિત્ર કરનાર છે. સર્વજ્ઞોએ એવી તુચ્છ દેશના આપેલ નથી કે એષણા આદિમાં ઉપયોગ નહિ રાખનાર અસંયત પુરુષ રોગી સાધુની વૈયાવચ્ચ કરે અને એષણા આદિમાં ઉપયોગ રાખનાર સાધુ, રોગી સાધુની વૈયાવચ્ચ કરે નહિ તેવો ઉપદેશ સર્વજ્ઞનો નથી. અન્યતીર્થીના આક્ષેપ જૈન શાસ્ત્રથી વિરૂદ્ધ છે. સત્ય નથી.

१ २ ४ ३
सव्वाहिं अणुजुत्तीहिं, अचयंता जविन्तए ।
५ ६ ७ ८ ९
ततो वायं निराकिच्चा, ते भुज्जोवि पगब्भिया ॥१७॥

શબ્દાર્થ : (૧) સર્વ (૨) યુક્તિદ્વારા (૩) પોતાના પક્ષની સિદ્ધિ (૪) નહિ થવાથી (૫) અન્યતીર્થી (૬) વાદને (૭) પુનઃ છોડી (૮) પોતાના પક્ષનું સ્થાપન કરવા (૯) ધૃષ્ટતા કરે છે.

ભાવાર્થઃ- અન્યતીર્થીઓ સમ્પૂર્ણ યુક્તિદ્વારા પોતાના પક્ષનું સ્થાપન કરવામાં અસમર્થ બને છે. પશ્ચાત્ વાદને છોડી, પોતાના પક્ષની સિદ્ધિ કરવા ધૃષ્ટતા કરે છે. અને ખાલી વિવાદ કરે છે અને ખાલી વચનથી પોતાના ધર્મને શ્રેષ્ઠ બતાવે છે.

१ २ ३ ४
रागदोसाभिभूयप्पा, मिच्छत्तेण अभिद्दुता ।
५ ६ ७ ८ ९ १०
आउस्से सरणं जंति, टंकणा इव पव्वयं ॥ १८ ॥

શબ્દાર્થ : (૧) રાગ અને દ્વેષથી પરાભવ પામેલ (૨) જેનો આત્મા છે (૩) મિથ્યાત્વથી (૪) ભરપુર અન્યતીર્થી શાસ્ત્રાર્થથી વાદ કરવામાં હારી

જતા (૫) ગાળી આદિનો (૬) આશ્રય (૭) લે છે પહાડ પર્વતોમાં રહેનારા (૮) મ્લેચ્છજાતિ યુદ્ધમાં હાર પામતા (૯) જેમ (૧૦) પહાડનો આશ્રય લે છે.

ભાવાર્થ:– રાગ અને દ્વેષથી જેનું હૃદય ઘેરાયેલ છે–દબાયેલ છે. તથા મિથ્યાત્વથી ભરપૂર અન્યતીર્થી જ્યારે શાસ્ત્રાર્થ કરવામાં હારી જાય છે–થાકી જાય છે. ત્યારે ક્રોધિત બની ગાળી તથા મારકુટ કરવાનો આશ્રય લે છે. જેમ પહાડમાં રહેનાર મ્લેચ્છ નામની જાતિ, યુદ્ધમાં હાર પામતાં પહાડનું શરણ લે છે.

૨ ૩ ૧
बहुगुणप्पगप्पाइं, कुज्जा अत्तसमाहिए ।
૪ ૬ ૫ ૭ ૮ ૯
जेणऽन्ने णो विरुज्झेज्जा, तेण तं तं समायरे ॥ १९ ॥

શબ્દાર્થ : (૧) જેની ચિત્તવૃત્તિ પ્રસન્ન રહેલ છે એવા મુનિ પરતીર્થીની સાથે વાદને સમય જેમ (૨) બહુગુણ ઉત્પન્ન થાય એવાં અનુષ્ઠાનો સાથ (૩) વાદ કરે જેથી (૪) પ્રતિપક્ષી પોતાના (૫) વિરોધી (૬) ન બને (૭) તેવાં (૮) અનુષ્ઠાનો (૯) કરે.

ભાવાર્થ:– પરતીર્થી સાથે વાદ કરતા મુનિ, પોતાની ચિત્તવૃત્તિને પ્રસન્ન રાખી સ્વપક્ષની સિદ્ધિ અને પરપક્ષની અસિદ્ધિ થાય એવા પ્રકારે પ્રતિજ્ઞા, હેતુ તથા ઉદાહરણ આદિ પ્રતિપાદન કરે અને વાદ કરતા ભાષણ કરતા અન્ય પુરુષ પ્રતિપક્ષી પોતાના વિરોધી ન બને એવી રીતે ભાષણ કરે–વાદ કરે–એવાં દૃષ્ટાંતો આપે મધ્યસ્થ વચનોથી પ્રતિપક્ષીને દુઃખ ઉત્પન્ન ન થાય એવા ઉપયોગથી વાદ કરે.

૧૦ ૩ ૪ ૧ ૨
इमं च धम्ममादाय, कासवेण पवेइयं ।
૯ ૫ ૬ ૭ ૮
कुज्जा भिक्खू गिलाणस्स, अगिलाए समाहिए ॥२०॥

શબ્દાર્થ : (૧) કાશ્યપગોત્રી ભગવાન્ મહાવીર સ્વામી દ્વારા (૨) પ્રતિપાદન કરેલ (૩) ધર્મનો (૪) સ્વીકાર કરી (૫) સાધુ (૬) રોગી સાધુની (૭) ગ્લાનિ રહિત બની (૮) પ્રસન્ન ચિત્ત (૯) વૈયાવચ્ચ કરે (૧૦) એ પ્રમાણે

ભાવાર્થ:– કાશ્યપગોત્રી ભગવાન્ મહાવીર સ્વામી દ્વારા પ્રતિપાદન કરેલ ધર્મનો સ્વીકાર કરી પ્રસન્નચિત્તથી મુનિ, રોગી સાધુની ગ્લાનિ રહિત બની વૈયાવચ્ચ કરે.

૧ ૩ ૪ ૫ ૨
संखाय पेसलं धम्मं, दिट्ठिमं परिनिव्वुडे ।
૬ ૭ ૮ ૯
उवसग्गे नियामित्ता, आमोक्खाए परिव्वएज्जासि ॥२१॥
त्ति बेमि ॥

શબ્દાર્થ : (૧) જાણી (૨) રાગદ્વેષ રહિત શાન્તમુનિ (૩) ઉત્તમ (૪) ધર્મને (૫) પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણનાર (૬) ઉપસર્ગોને (૭) વશ કરી (૮) મોક્ષ પ્રાપ્તિ પર્યંત (૯) સંયમ અનુષ્ઠાન કરે.

ભાવાર્થ:– પદાર્થોના યથાર્થ સ્વરૂપને જાણનારા શાન્ત મુનિ આ ઉત્તમ ધર્મને જાણી અનુકૂળ–પ્રતિકૂળ ઉપસર્ગોને સમભાવથી સહન કરતાં થકાં મોક્ષની પ્રાપ્તિ થતાં સુધી સંયમ અનુષ્ઠાન કરે.

ત્રીજો ઉદ્દેશો સમાપ્ત

૧ ૨ ૩ ૪
आहंसु महापुरिसा, पुव्विं तत्ततवोधणा ।
૫ ૬ ૭ ૯ ૮ ૧૦
उदएण सिद्धिमावन्ना, तत्थ मंदो विसीयति ॥ १ ॥

શબ્દાર્થ : (૧) કોઇ અજ્ઞાનીઓ એમ કહે છે કે (૨) મહાપુરુષો (૩) પૂર્વ સમયમાં (૪) તપરૂપી ધન સંચય કરવાવાળા (૫) કાચા જલનું સેવન કરીને (૬) મુક્તિને (૭) પ્રાપ્ત કરેલ છે (૮) મૂર્ખ પુરુષ (૯) આ વાત સાંભળી શીતળ જલનું (૧૦) સેવન કરવામાં પ્રવૃત્ત બને છે. સંયમમાં વિષાદ પામે છે.

ભાવાર્થઃ– કોઈ અજ્ઞાની પુરુષો કહે છે કે, પૂર્વકાળે તપરૂપી ધન સંચય કરવાવાળા મહાપુરુષોએ, શીતલ જલનો ઉપભોગ કરી સિદ્ધિને પ્રાપ્ત કરેલ છે, આ પ્રકારે વચનો સાંભળી, મૂર્ખ સાધક શીતલ જલનો ઉપભોગ કરવામાં પ્રવૃત્ત બની સંયમ ભ્રષ્ટ થાય છે. પરમાર્થને નહિ જાણવાવાળાનું આ કથન છે.

૩ ૨ ૧ ૪ ૫
अभुंजिया नमी विदेही, रामगुत्ते य भुंजिया ।
૬ ૭ ૮ ૧૦ ૯
वाहुए उदगं भोच्चा, तहा नारायणे रिसी ॥ २ ॥

શબ્દાર્થ : (૧) વિદેહ દેશના રાજા (૨) નમિરાજે (૩) આહારનો ત્યાગ કરી (૪) રામગુપ્તએ (૫) આહાર ખાઈને (૬) બાહુકએ (૭) શીતલ જલનો (૮) ઉપભોગ કરી (૯) તારાગણુઋષિએ એ પ્રકારે જલનો ઉપભોગ કરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

ભાવાર્થઃ– કોઇ અજ્ઞાની પુરુષો સાધુઓને ભ્રષ્ટ કરવા માટે કહે છે કે વિદેહ દેશના રાજા નમિરાજે આહારનો ઉપભોગ નહિ કરીને તથા રામગુપ્તે આહારનો ઉપભોગ કરીને અને બાહુકે શીતલ કાચું જલ પીને, તથા તારાગણુઋષિએ પણ સચિત્ત જલ પીને, મુક્તિને–સિદ્ધિને પ્રાપ્ત કરેલ છે, આ રીતે અન્ય તીર્થીઓ ધર્મના સ્વરૂપને નહિ જાણનારા આવું અસત્ય કથન કરે છે.

૧ ૨ ૩
आसिले देविले चेव, दीवायण महारिसी ।
૪ ૫ ૮ ૬ ૭
पारासरे दगं भोच्चा, बीयाणि हरियाणि य ॥ ३ ॥

શબ્દાર્થ : (૧) આસિલ ઋષિ તથા (૨) દેવલ ઋષિ તથા મહર્ષિ-દ્વૈપાયન તથા (૪) પરાશર ઋષિએ સર્વેએ (૫) શીતલજલ (૬) બીજ તથા (૭) હરી વનસ્પતિનો (૮) આહાર કરી મુક્તિને–સિદ્ધને પામ્યા હતા.

ભાવાર્થ:- અસિલ, દેવલ, મહર્ષિદ્વૈપાયન તથા પારાસર ઋષિએ શીતલજલ તથા બીજ તથા હરિત વનસ્પતિનો આહાર કરી મુક્તિ સિદ્ધિને પ્રાપ્ત કરેલ છે. એમ સાંભળ્યું છે. આવા પ્રકારે અન્ય તીર્થીઓ કામભોગમાં આસક્ત હોવાથી ઉપરોકત અસત્ય પ્રચાર કરે છે.

एते पुव्वं महापुरिसा, आहिता इह संमता ।
भोच्चा बीओदगं सिद्धा, इति मेयमणुस्सुअं ॥ ४ ॥

શબ્દાર્થ : (૧) પૂર્વકાળમાં (૨) એ મહાપુરુષો (૩) સર્વ જગત્પ્રસિદ્ધ થયા હતા (૪) એમ જૈન આગમમાં પણ (૫) માનેલ છે (૬) એ લોકોએ બીજ તથા (૭) શીતલ જલનો (૮) ઉપભોગ કરી (૯) સિદ્ધિગતિના લાભને પ્રાપ્ત કરેલ છે (૧૦) એ પ્રમાણે (૧૧) મેં મહાભારત આદિ પુરાણોમાં (૧૨) સાંભળ્યું છે.

ભાવાર્થ:- કોઇ અન્યતીર્થી, સાધુઓને ભ્રષ્ટ કરવાની ભાવનાથી, એમ કહે છે કે, પૂર્વકાળમાં જે મહા-પુરુષો પ્રસિદ્ધ થઇ ગયા છે. તેમાંથી કેટલાએકને જૈન આગમમાં માનેલ છે. કે એ લોકોએ શીતલજલ તથા બીજના ઉપભોગ કરીને સિદ્ધગતિના લાભને પ્રાપ્ત કર્યો છે, આવું મેં મહાભારત આદિ પુરાણોમાં સાંભળ્યું છે, આવા પ્રકારના અસત્ય ઉપદેશ કરી પોતે સંસાર સાગરમાં ડૂબે છે. અન્યને ડૂબાડે છે; જૈન આગમોમાં તો પાણીને સચેત્ત માનેલ છે. અને જૈન સાધુઓ કાચા જલનો તો સ્પર્શ પણ કરતા નથી. તો પીવાની વાત તો કયાં રહી.

तत्थ मंदा विसीअंति, वाहच्छिन्ना व गद्दभा ।
पिट्ठतो परिसप्पंति, पिट्ठसप्पी य संभमे ॥ ५ ॥

શબ્દાર્થ : (૧) ઉપરોકત ખરાબ શિક્ષાનો ઉપસર્ગ પ્રાપ્ત થયે (૨) મૂર્ખ પુરુષ (૩) સંયમ પાલનમાં દુઃખ અનુભવે છે. (૪) ભાર--વજનથી પીડિત (૫) ગર્દભની માફક (૬) જેમ અગ્નિ આદિનો ઉપદ્રવ થતાં ભયભીત થઇ (૭) લાકડીના ટુકડાની સહાયથી ચાલવાવાળો પગે લુલો પુરુષ તેની માફક (૮) પાછળ રહે છે (૯) ભાગ્યા જતાં લોકોની પાછળ પાછળ ચાલતા થકા મૂર્ખપુરુષ સંયમ પાલનમાં સર્વથી પાછળ રહી જાય છે.

ભાવાર્થ:– મિથ્યાત્વ દૃષ્ટિઓની પૂર્વોકત વાતોને સાંભળી, કોઇ મૂર્ખ સાધક, સંયમપાલન કરવામાં શિથિલ બનીને એ પ્રકારે દુઃખનો અનુભવ કરે છે. કે જેમ ભારથી–વજનથી પીડિત ગર્દભ ભારને લઇ ચાલવામાં દુઃખ અનુભવે છે! અથવા લાકડીના ટુકડાને હાથમાં લઇ ચાલવાવાળો લંગડો પુરુષ અગ્નિ આદિના ભયથી ભાગતા મનુષ્યોની પાછળ પાછળ જાય છે. પરંતુ આગળ જવા અસમર્થ બની નાશને પામે છે. એ પ્રકારે સંયમપાલન કરવામાં દુઃખ અનુભવ કરવાવાળા શિથિલ સાધકો મોક્ષ સુધી નહિ પહોંચતા જન્મ મરણ-રૂપ દુઃખોને ભોગવતા થકા સંસારમાં જ પરિભ્રમણ કરતા રહે છે.

૧ ૨ ૩ ૪ ૫
इहमेगे उ भासंति, सातं सातेण विज्जती ।
૬ ૭ ૮ ૯ ૧૦
जे तत्थ आरियं मग्गं, परमं च समाहिए (यं) ॥ ६ ॥

શબ્દાર્થ : (૧) મોક્ષપ્રાપ્તિના વિષયમાં (૨) કોઇ કહે છે કે (૩) સુખથી (૪) સુખપ્રાપ્ત થાય છે (૫) પરંતુ તે મૂર્ખ છે કારણ કે (૬) મોક્ષવિષયમાં તીર્થંકર પ્રતિપાદિત જે જ્ઞાન દર્શન તથા (૭) ચારિત્રરૂપ (૮) જે મોક્ષમાર્ગ છે તેને તો તેઓ છોડી દે છે (૯) પરમશાંતિને (૧૦) આપનાર.

ભાવાર્થ:– કોઇ મિથ્યાત્વ દૃષ્ટિ મોક્ષમાર્ગ સંબંધમાં એમ કહે છે કે આ સંસારમાં અહીં સુખ ભોગવીએ તો પરભવમાં સુખ પામીએ પરંતુ તે મૂર્ખ જીવો સમજતા નથી કે પરમ શાન્તિને આપનાર તો શ્રી તીર્થંકર પરૂપિત જે જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા

તપરૂપ સંયમ આરાધન એ જ મોક્ષમાર્ગ છે. તેને તો તેઓ છોડી દે છે અને આરંભ પરિગ્રહવાળા અસત્ય દર્શનને ગ્રહણ કરી સંસાર પરિભ્રમણ કરે છે.

१ २ ३ ५ ४
मा एयं अवमन्नंता, अप्पेणं लुंपहा बहुं ।
६ ७ ८ ९
एतस्स(उ)अमोक्खाए, अओहारिव्व जूरह ॥ ७ ॥

શબ્દાર્થ : (૧) આ જૈનમાર્ગનો તિરસ્કાર કરનારા (૨) તમો લોકો (૩) અલ્પ અને તુચ્છ વિષય સુખના લોભે અતિ મૂલ્યવાન (૪) મોક્ષના સુખનો (૫) નાશ કરનાર એવા તમો (૬) સુખથી સુખની પ્રાપ્તિ હોવાના **અસત્ય પક્ષને** નહિ છોડનારા (૭) લોહ વણિકની જેમ પશ્ચાતાપ કરશો.

ભાવાર્થ:- અન્ય તીર્થીઓને જ્ઞાનીજનો કહે છે કે તમો સુખ ભોગવવાથી સુખની પ્રાપ્તિ થાય છે. એવા તમારા અસત્ પક્ષનો આગ્રહ રાખી જૈન શાસનનો તિરસ્કાર કરો છો અને તુચ્છ અને અલ્પ વિષય સુખને માટે વિષયસુખના લોભથી અતિ દુર્લભ અને સમાધિમય એવા શાશ્વતા મોક્ષના સુખને બગાડો નહિ. જો તમારા **અસત્** પક્ષને નહિ છોડો તો (સોનાને છોડી લોઢાને પકડી રાખનાર) લોહ વણિકની જેમ તમારે પશ્ચત્તાપ કરવો પડશે અને સંસાર પરિભ્રમણ ઉભું રહેશે.

१ २ ७
पाणाइवाते वट्टंता, मुसावादे असंजता ।
३ ६ ४ ५
अदिन्नादाणे वट्टंता, मेहुणे य परिग्गहे ॥ ८ ॥

શબ્દાર્થ : (૧) જીવહિંસા (૨) મિથ્યાભાષણ (૩) અદત્તવસ્તુ લેવામાં (૪) મૈથુન સેવનમાં તથા (૫) પરિગ્રહ સંચયમાં તમે લોકો (૬) રક્ત છો જેથી તમે (૭) સંયમી નથી.

ભાવાર્થ:- સુખથી સુખની પ્રાપ્તિ થવાના મિથ્યા સિદ્ધાંતને માનવાવાળા શાકયાદિ સાધુને જ્ઞાનીજનો કહે છે. કે તમે લોકો જીવહિંસા કરો છો, અસત્ય બોલો છો, વિના દીધેલ વસ્તુને ગ્રહણ કરો છો, મૈથુન અને પરિગ્રહમાં વર્તમાન રહેલ છો, એ કારણથી તમે લોકો સંયમી નથી–પચનપાચન આદિ ક્રિયાઓમાં વર્તમાને રહેલ હોઇ જીવહિંસા કરો છો. તથા ગાય ભેંશ ઉંટ આદિ પશુઓ રાખી મૈથુનને અનુમોદન આપો છો, તમે લોકો પોતાને પ્રવ્રજિત હોવાનું કહો છો અને ગૃહસ્થને યોગ્ય સાવદ્ય અનુષ્ઠાન કરો છો, જેથી તમે લોકો ગૃહસ્થ સમાન જ છો, તેથી મોક્ષના સુખો પ્રાપ્ત કરવા તમે સમર્થ નથી, જગતના જીવોને ઉન્માર્ગ તરફ લઇ જઇ સંસારવૃદ્ધિ કરો છો. ને અન્યને કરાવો છો. તે તમોને જ અહિતનું કારણ છે. એમ જાણો.

૪ ૫ ૬ ૭
एवमेगे उ पासत्था, पन्नवंति अणारिया ।
૧ ૩
इत्थीवसं गया बाला, जिणसासणपरम्मुहा ॥ ९ ॥

શબ્દાર્થ : (૧) સ્ત્રીઓના વશમાં રહેવાવાળા (૨) અજ્ઞાની (૩) જૈન શાસનથી પરાઙમુખ છો (૪) કોઇ (૫) પાર્શ્વસ્થ નીચે મુજબ (૬) કહે છે (૭) અનાર્ય.

સ્ત્રીઓના વશમાં રહેવાવાળા અજ્ઞાનીઓ જૈનશાસનથી વિમુખ રહેલા કોઇ કોઇ પાર્શ્વસ્થ–પતિત અન્યતીર્થી ધર્મના સ્વરૂપને નહિ જાણનારા હવે પછી કહેવાશે તે પ્રમાણે બોલે છે.

૧૦ ૨ ૩ ૪ ૫
जहा गंडं पिलागं वा, परीपीलेज्ज मुहुत्तगं ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
एवं विनवणित्थीसु, दोसो तत्थ कओ सिआ ? ॥ १० ॥

શબ્દાર્થ : (૧) જેમ કોઇને (૨) ગુમડું ફોડકો (૩) થયેલ હોય તેને (૪) દબાવાથી પરુ લોહી–બગાડ નીકળી જાય છે. (૫) મુહૂર્ત સમય (૬) એ રીતે (૭) સમાગમની પ્રાર્થના કરનારી (૮) સ્ત્રી સાથે સમાગમ કરવામાં (૯) દોષ (૧૦) કયો (૧૧) હોઈ શકે.

ભાવાર્થ:– કોઇ કોઇ અન્યતીર્થીઓ કહે છે કે, જેમ કોઇ ફોડલો અથવા ગુમડું થયેલ હોય, તેને દબાવીને બગાડ કાઢી નાખવાથી થોડા સમય બાદ પીડા દૂર થઇ શાંતિ થાય છે, એ રીતે સમાગમની પ્રાર્થના કરવાવાળી સ્ત્રીથી સમાગમ કરતાં થોડા સમય બાદ એની શાંતિ થાય છે, તો તે કાર્યમાં દોષ કયાંથી હોઇ શકે ? આવા અજ્ઞાનીઓનાં કથન સંસારવૃદ્ધિરૂપ જન્મ, જરા, મરણના વધારનાર છે. એમ જાણી તેઓના સંગથી દૂર રહેવું એ જ શ્રેય છે.

१ २ ३ ४ ६ ५
जहा मंधादए नाम, थिमिअं भुंजती दगं ।
७ ८ ९ ११ १० १२ १३
एवं विन्नवणित्थीसु, दोसो तत्थ कओ सिआ ? ॥ ११ ॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) ભેડ (૩) નામનું પશુ–બકરી (૪) વિના-હલાવ્યા (૫) જલને (૬) પીવે છે (૭) એ પ્રકારે સમાગમ કરવાની (૮) પ્રાર્થના કરવાવાળી (૯) સ્ત્રીની સાથ (૧૦) સમાગમ કરવામાં (૧૧) દોષ (૧૨) કયાંથી (૧૩) હોય શકે.

ભાવાર્થ:– જેમ ભેડ–બકરા તથા ગાડર પાણીને હલાવ્યા વિના પાણી પીએ છે. એ રીતે પાણી પીવાથી પાણીના જીવોને પીડા થતી નથી. તેથી તેને દોષ લાગતો નથી, એ પ્રકારે સમાગમ કરવા માટે પ્રાર્થના કરનાર સ્ત્રીની સાથ સમાગમ કરવાથી બંન્ને વ્યક્તિ પૈકી કોઇને પીડા થતી નથી. જેથી કોઇ દોષ લાગતો નથી. આવું કથન વિષયોમાં આસક્ત જીવોનું સંસાર વૃદ્ધિરૂપ જાણવું.

૧ ૩ ૨ ૪ ૬ ૫
जहा विहंगमा पिंगा, थिमिअं भुंजती दगं ।
૭ ૮ ૯ ૧૧ ૧૩ ૧૦ ૧૧
एवं विन्नवणित्थिसु, दोसो त कओ सिआ ॥ १२ ॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) પિંગ નામની (૩) પક્ષિણી (૪) વિનાહલાવ્યે (૫) જલને (૬) પીએ છે. (૭) એ પ્રકારે સમાગમ કરવા માટે (૮) પ્રાર્થના કરવાવાળી (૯) સ્ત્રીની સાથ (૧૦) કયાંથી (૧૧) દોષ (૧૨) હોઈ શકે ? (૧૩) સમાગમ કરવાથી તેમાં

ભાવાર્થ:– કામ ભોગોમાં આસક્ત અન્યતીર્થીઓ કહે કે પિંગ નામની પક્ષિણી જેમ વિના હલાવ્યે જલને બાધા પીડા ઉત્પન્ન કર્યા સિવાય જલને પીએ છે. એ પ્રકારે સમાગમ કરવા માટે પ્રાર્થના કરનારી સ્ત્રીની સાથે સમાગમ કરવાથી તેમાં કયાંથી દોષ હોઈ શકે ? આવા પ્રકારે અન્યતીર્થીઓ કામ ભોગોમાં આસક્ત હોઇ અસત્ય પ્રરૂપણા કરી જગતના જીવોને જન્મ મરણરૂપ ચક્રના દુઃખોની વૃદ્ધિ કરાવામાં સહાયક થાય છે. પોતે સંસાર સમુદ્રમાં ડૂબે છે. અન્યને ડૂબાડે છે જાણી આવા અજ્ઞાનીઓના સંગથી દૂર રહેવું તે સાધકને શ્રેયસ્કર છે.

૨ ૧ ૩ ૪ ૫
एवमेगे उ पासत्था, मिच्छदिट्ठी अणारिया ।
૬ ૭ ૮ ૯ ૧૦
अज्झोववन्ना कामेहिं, पूयणा इव तरुणए ॥ १३ ॥

શબ્દાર્થ : (૧) કોઇ (૨) પૂર્વોક્ત રૂપથી મૈથુનને નિરવદ્ય માનવાવાળા (૩) પાર્શ્વસ્થ (૪) મિથ્યાદૃષ્ટિ (૫) અનાર્ય (૬) મૂર્ચ્છિત છે (૭) કામભોગોમાં (૮) પૂતના નામક ડાકિની (૯) જેમ (૧૦) બાલકો પર આસક્ત રહેતી હોય છે.

ભાવાર્થ:– પૂર્વોક્ત પ્રકારથી મૈથુનને નિરવદ્ય બતાવવાવાળા અન્યતીર્થી પાર્શ્વસ્થ–પતિત છે, મિથ્યાદૃષ્ટિ છે, તથા અનાર્ય અને

કામભોગોમાં અતિ આસક્ત છે. જેમ પૂતના ડાકિની સ્તનપાન કરનારા બાલકો પર આસક્ત રહે છે.

१ २ ३ ४
अणागयमपस्संता, पच्चुप्पन्नगवेसगा ।
५ ६ ७ ८ ९ १०
ते पच्छा परितप्पंति, खीणे आउंमि जोव्वणे ॥१४॥

શબ્દાર્થ : (૧) ભવિષ્યકાળમાં ઉત્પન્ન દુઃખને (૨) નહિ જાણનારા (૩) વર્તમાન કાળનાં સુખો પ્રાપ્ત કરવાના (૪) પ્રયત્નમાં રહે છે (૫) તેઓ (૬) પશ્ચાત (૭) પશ્ચાત્તાપ કરે છે (૮) નષ્ટ થયે (૯) આયુ તથા (૧૦) યૌવન.

ભાવાર્થ:- અસત્ કર્મ અનુષ્ઠાનો સાવદ્યકાર્યોથી ભવિષ્યકાળમાં ઉત્પન્ન થવાનાં દુઃખો નહિ જોતાં જાણતા કામભોગોમાં આસક્ત લોકો વર્તમાન સુખની ગવેષણામાં રક્ત રહે છે. પરંતુ યુવાવસ્થા તથા આયુષ્ય ક્ષીણ થતાં, તેને પશ્ચત્તાપ કરવો પડે છે. અને કહે છે કે મનુષ્ય જન્મ પામી મેં શુભ અનુષ્ઠાનો કર્યા નહિ મૃત્યુ સમયે એ રીતે પશ્ચાત્તાપ કરે છે.

१ २ ३ ६ ४ ५
जेहिं काले परिक्कंतं, न पच्छा परितप्पए ।
७ ८ ९ १०
ते धीरा बंधणुम्मुक्का, नावकंखंति जीविअं ॥ १५ ॥

શબ્દાર્થ : (૧) જે પુરુષોએ (૨) ધર્મોપાર્જન કાળમાં (૩) ધર્મોપાર્જન કરેલ છે (૪) તેને પાછળથી (૫) વૃદ્ધાવસ્થામાં (૬) પશ્ચાતાપ કરવો પડતો નથી. (૭) ધીર પુરુષ (૮) બંધનથી છૂટેલ (૯) જીવનની ઇચ્છા કરતા નથી (૧૦) અસંયમ

ભાવાર્થ:- ધર્મઉપાર્જન સમયમાં જે પુરુષોએ ધર્મઉપાર્જન કરેલ છે, તેને પાછળથી વૃદ્ધાવસ્થામાં પશ્ચાત્તાપ કરવો પડતો નથી, તેમ જ કર્મબંધનથી છૂટેલા ધીર પુરુષો, અસંયમી જીવનની ઇચ્છા કરતા નથી. પરંતુ જીવન અને મરણમાં નિઃસ્પૃહ રહીને સંયમ અનુષ્ઠાનોમાં જ ઉપયોગ રાખી સંયમપાલન કરે છે.

૧ ૪ ૩ ૫ ૨ ૬
जहा नई वेयरणी, दुत्तरा इह संमता ।
૭ ૮ ૯ ૧૧ ૧૦
एवं लोगंसि नारीओ, दुरुत्तरा अमईमया ॥ १६ ॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) આ લોકમાં (૩) વૈતરણી (૪) નદી (૫) દુસ્તર (૬) મનાય છે (૭) એવી રીતે (૮) આ લોકમાં (૯) સ્ત્રીઓથી છૂટવું (૧૦) અજ્ઞાની મનુષ્યો માટે (૧૧) દુસ્તર મનાય છે.

ભાવાર્થ:– જેમ અતિ વેગવાળી વૈતરણી નદી તરવી દુસ્તર છે, એવી જ રીતે વિવેકહીન, પરાક્રમહીન, અજ્ઞાની–પુરુષોને સ્ત્રીઓનો સંગ છૂટવો દુષ્કર કહેલ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
जेहिं नारीण संजोगा, पूयणा पिट्ठतो कता ।
૭ ૮ ૧૦ ૯
सव्वमेयं निराकिच्चा, ते ठिया सुसमाहिए ॥ १७ ॥

શબ્દાર્થ : (૧) જે પુરુષોએ (૨) સ્ત્રીઓના (૩) સંબંધને તથા (૪) કામભોગોને (૫) ત્યાગી દીધા છે (૬) તે પુરુષો (૭) સમસ્ત ઉપસર્ગોને સમભાવે (૮) સહન કરતા થકા (૯) પ્રસન્નચિત્તથી (૧૦) રહે છે.

ભાવાર્થ:– જે પુરુષોએ સ્ત્રીઓનો સંસર્ગ તથા પાંચ ઇન્દ્રિયના વિષયરૂપી કામભોગોના કડવા વિપાકોને જાણીને તેનો ત્યાગ કર્યો છે. તે સર્વ પરીષહ–ઉપસર્ગોને જીતીને ઉત્તમ સમાધિ સાથ નિવાસ કરે છે.

૧ ૨ ૩ ૫ ૪
एते ओघं तरिस्संति, समुद्दं ववहारिणो ।
૫ ૬ ૭ ૯ ૮
जत्थ पाणा विसन्नासि, किच्चंती सयकम्मुणा ॥ १८ ॥

શબ્દાર્થ : (૧) ઉપસર્ગોને જીતવાવાળા પૂર્વોક્ત પુરુષો (૨) સંસારને (૩) તરી શકે છે (૪) વ્યાપારી જેમ વહાણ વડે (૫) સમુદ્રને તરી જાય છે (૫) સંસારમાં (૬) જીવો (૭) પડેલા (૮) સ્વયંકર્મથી (૯) પીડિત થાય છે.

ભાવાર્થ:– અનુકૂળ તથા પ્રતિકૂલ પરીષહો તથા ઉપસર્ગોને સમભાવથી સહન કરી–જીતીને મહાપુરુષો દ્વારા સેવિત માર્ગમાં ચાલવાવાળા ધીર પુરુષ, સંસારના પારને પામે છે અને સંસારમાં પડેલા સ્વયંકૃત કર્મોના ઉદયથી પીડા પામી રહેલા જીવોને સંસાર સમુદ્રથી પાર થવામાં સહાયક બને છે. જેમ વ્યાપારી વહાણથી સમુદ્રને તરી જાય છે. એ રીતે શ્રુત અને ચારિત્રરૂપ સંયમ પ્રાલનથી સાધુ સંસાર સમુદ્રને તરી જાય છે અને મોક્ષનાં શાશ્વતાં અનાદિ અનંત સુખોને પ્રાપ્ત કરે છે.

तं च भिक्खू परिण्णाय, सुव्वते समिते चरे ।
मुसावायं च वज्जिज्जा, अदिन्नादाणं च वोसिरे ॥ १९ ॥

શબ્દાર્થ : (૧) સાધુ (૨) પૂર્વોક્ત વાતોને (૩) જાણી (૪) ઉત્તમ-વ્રતોયુક્ત (૫) સમિતિસહિત રહી (૬) સંયમમાં વિચરે (૭) મૃષાવાદ તથા (૮) ત્યાગ કરે (૯) અદત્તાદાનનો

ભાવાર્થ:– પૂર્વોક્ત હકીકતને જાણીને, સાધુ પુરુષ ઉત્તમવ્રત તથા સમિતિયુક્ત રહી, મૃષાવાદ તથા અદત્તાદાન આદિ સાવદ્ય ક્રિયાનો ત્યાગ કરી સંયમ અનુષ્ઠાનમાં ઉપયોગવંત રહી વિચરે. એવો સાધકનો આચાર છે.

उड्ढमहे तिरियं वा, जे केई तसथावरा ।
सव्वत्थ विरतिं कुज्जा, संति निव्वाणमाहियं ॥ २० ॥

શબ્દાર્થ : (૧) ઉર્ધ્વ (૨) નીચે (૩) તિર્છા (૪) જે કોઈ (૫) ત્રસ તથા (૬) સ્થાવર પ્રાણી છે તેના આરંભથી (૭) સર્વથા સર્વકાલ (૮) નિવૃત્તિ (૯) કરવી એમ કરવાથી (૧૦) નિર્વાણપદની પ્રાપ્તિ (૧૧) કહેલ છે (શાંતિરૂપી).

ભાવાર્થ:– ઉર્ધ્વદિશામાં તથા અધોદિશામાં તથા તિરચ્છિ-દિશામાં જે કોઇ ત્રસ અને સ્થાવર જીવો રહેલ છે. તેની હિંસાથી આરંભથી સર્વથા સર્વકાળે નિવૃત્ત થવાથી સમાધિરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. આવું કથન ભગવાન શ્રી મહાવીર સ્વામીનું છે. એમ જાણી હિંસાથી નિવૃત્ત થવું તે આત્માને સુખનું કારણ છે.

इमं च धम्ममादाय, कासवेण पवेदितं ।
कुज्जा भिक्खू गिलाणस्स, अगिलाए समाहिए ॥ २१ ॥

શબ્દાર્થ : (૧) ધર્મનો (૨) સ્વીકાર કરી સમાધિયુક્ત (૩) ભગવાન મહાવીર સ્વામી દ્વારા (૪) કથિત (૫) સાધુ (૬) ગ્લાન સાધુની (૭) અગ્લાન-ભાવથી (૮) સેવા કરે.

ભાવાર્થ:– કાશ્યપગોત્રી ભગવાન મહાવીર સ્વામી દ્વારા કથિત શ્રુતચારિત્રરૂપ આ જૈન ધર્મનો સ્વીકાર કરી, સમાધિયુક્ત સાધુ અગ્લાનભાવથી રોગી સાધુની સેવા વૈયાવચ્ચ કરે. એ સાધુનો ધર્મ છે.

संखाय पेसलं धम्मं, दिट्ठिमं परिनिव्वुडे ।
उवसग्गे नियामित्ता, आमोक्खाए परिव्वएज्जासि
त्तिबेमि ॥ २२ ॥

શબ્દાર્થ : (૧) બરાબર જાણીને (૨) સુંદર (૩) ધર્મને (૪) સમ્યગ્-દૃષ્ટિ (૫) શાન્ત પુરુષ મુક્તિ પ્રાપ્ત કરાવનાર (૬) ઉપસર્ગોને (૭) સહન કરીને (૮) મોક્ષની પ્રાપ્તિ થતાં સુધી સંયમ (૯) અનુષ્ઠાન કરે.

ભાવાર્થ:– સમ્યગ્દૃષ્ટિ સાધક–શાન્ત મુનિ મોક્ષની પ્રાપ્તિ કરાવવામાં કુશળ ધર્મને બરાબર જાણીને પ્રતિકૂળ અનુકૂળ પરીષહ ઉપસર્ગોને સમભાવે સહન કરતા થકા મોક્ષ પ્રાપ્તિ થતાં સુધી ઉપયોગ સહિત સંયમ અનુષ્ઠાન કરે એમ હું કહું છું.

અધ્યયન ૩ જું સમાપ્ત.

અધ્યયન ૪ થું

પ્રથમ ઉદ્દેશો.

સ્ત્રી પરિજ્ઞાધ્યયનમઃ

જે[૧] માયરં[૨] ચ પિયરં[૩] ચ, વિપ્પજહાય[૪] પુવ્વસંજોગં[૫] ।
એગે[૬] સહિતે[૭] ચરિસ્સામિ[૮], આરતમેહુણો[૯] વિવિત્તેસુ ॥ ૧ ॥

શબ્દાર્થ : (૧) જે કોઇ સાધક માતા (૨) પિતા (૩) પૂર્વસંયોગ છોડી (૪) સંયમ ગ્રહણ કરી (૫) જ્ઞાનાદિયુકત (૬) એકાકી (૭) વિચરીશ (૮) મૈથુનથી નિવૃત્ત (૯) સ્ત્રી પશુ પંડક રહિત સ્થલ.

ભાવાર્થ:– જે કોઇ સાધક માતા, પિતા, આદિ પૂર્વ સંયોગોનો ત્યાગ કરી મૈથુનથી નિવૃત્ત થઇ સંયમ ગ્રહણ કરી સ્ત્રી, પશુ, નપુંશકથી રહિત આસન શયનની ગવેષણા કરી, જ્ઞાન સહિત એકાકી વિચરીશ. આ રીતે નિર્ણય કરી, સંયમ પાલન કરનાર સાધકને સ્ત્રી પરીષહથી પોતાના આત્માનું રક્ષણ કરવા, શ્રી ભગવંતે હવે પછી કહેવાશે તેવો ઉપદેશ આપેલ છે. તે ધારણ કરી જાગૃત રહેવા સાધકે સતત ઉપયોગવંત રહેવું જેથી પરીષહથી બચી શકાય છે.

સુહુમેણં[૧] તં[૨] પરિક્કમ્મ[૩], છન્નપએણ[૪] ઇત્થિઓ[૫] મંદા[૬] ।
ઉવ્વાયંપિ[૭] તાઉ[૮] જાણંસુ[૯] જહા[૧૦] લિસ્સંતિ[૧૧] ભિક્ખુણો[૧૨] એગે[૧૩] ॥૨॥

શબ્દાર્થ : (૧) છૂપી રીતે (૨) સાધુની પાસે (૩) જઇને (૪) કપટથી (૫) સ્ત્રી (૬) મૂર્ખ (૭) ઉપાય (૮) એ (૯) જાણે (૧૦) જેમ (૧૧) ભ્રષ્ટ બને (૧૨) સાધુ (૧૩) કોઇ એક.

ભાવાર્થ:– ઉપરોક્ત સાધુની પાસે મૂર્ખ સ્ત્રીઓ હરકોઇ કાર્યના બહાના તળે કપટથી સાધુ પાસે આવી ધીરે ધીરે ગુપ્ત

કથાવાર્તાઓ કરી સાધુઓને સંયમથી ભ્રષ્ટ કરે છે અને સંયમથી ભ્રષ્ટ કરવાના ઉપાયને જાણતી હોય છે. એમ જાણી સાધકે સ્ત્રીનો વિશ્વાસ નહિ કરવો અને તેનાથી દૂર રહેવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬
पासे भिसं णिसीयंति अभिक्खणं पोसवत्थं परिहिंति ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
कायं अहेवि दंसंति, बाहू उद्धट्टु कक्खमणुव्वजे ॥३॥

શબ્દાર્થ : (૧) વિશેષ નજીકમાં આવીને (૨) સાધુની (૩) બેસે છે (૪) વારંવાર (૫) સુંદર વસ્ત્ર (૬) પહેરીને (૭) કાયાના (૮) નીચેના ભાગ (૯) બતાવે (૧૦) ભુજાને (૧૧) ઊંચી કરીને (૧૨) કુક્ષીને (૧૩) બતાવે છે.

ભાવાર્થ:- સાધુને મૂર્ખ સ્ત્રીઓ કેમ ભ્રષ્ટ કરે છે તે બતાવે છે. સાધુની અત્યન્ત નજીકમાં આવીને બેસે છે, સુંદર વસ્ત્રો પહેરી વારંવાર આવજાવ કરે અને કાયાના અધોભાગરૂપ જંઘાદિકને બતાવતી અંગોને મરકતી ભુજાઓ ઊંચી કરી કુક્ષીના ભાગને બતાવતી સાધુની સન્મુખ બેસી કામવિકાર ઉત્પન્ન થાય તેવાં આચરણ કરે છે.

૧ ૨ ૩ ૪ ૫
सयणासणेहिं जोगेहिं इत्थिओ एगता णिमंतंति ।
૬ ૧૧ ૮ ૯ ૧૦
एयाणि चेव से जाणे, पासाणि विरूवरूवाणि ॥ ४ ॥

શબ્દાર્થ : (૧) શયન (૨) આસન (૩) યોગ્ય વસ્તુઓનું (૪) સ્ત્રી (૫) કોઇ સમય (૬) નિમંત્રણ કરે છે (૭) એ બધા વર્તનને (૮) જાણે (૯) પાસ (૧૦) વિવિધ પ્રકારના (૧૧) સાધુ.

ભાવાર્થ:- કોઈ સ્ત્રીઓ સાધુને એકલા દેખીને પાટ પાટલા આદિ સાધુઓને યોગ્ય વસ્તુઓ દેવા આવવાનું સ્નેહ વચનોથી

નિમંત્રણ કરે, પરંતુ સાધુ તે નિમંત્રણ આદિને પાસરૂપ તથા સંયમ બાધક જાણે અને સંયમ રક્ષણમાં ઉપયોગવંત રહે.

૧ ૨ ૩ ૪ ૭ ૫ ૬
નો તાસુ ચક્ખુ સંધેજ્જા, નોવિ ય સાહસં સમભિજાણે ।
૧૦ ૮ ૯ ૧૧ ૧૨ ૧૩
णो सहियंपि विहरेज्जा, एवमप्पा सुरक्खिओ होइ ॥ ૫ ॥

શબ્દાર્થ : (૧) નહિ (૨) સ્ત્રીના (૩) ચક્ષુ સામે પોતાના ચક્ષુને (૪) મિલાવે (૫) તેના નિમંત્રણરૂપ સાહસને (૬) જાણી (૭) ન રૂડું (૮) તે સ્ત્રીઓનો સહવાસ (૯) કરે (૧૦) નહિ (૧૧) આ પ્રમાણે રહેવાથી સાધુ પોતાના સંયમનું (૧૨) રક્ષણ કરી (૧૩) શકે.

ભાવાર્થ:– પાટપાટલાનું આમંત્રણ આપનાર સ્ત્રીનાં ચક્ષુ સાથે સાધુ પોતાનાં ચક્ષુ મિલાવે નહિ, તેમ જ મૈથુન સેવનરૂપ અકાર્ય કરે નહિ, તથા તેના સ્નેહરૂપ આમંત્રણનાં વચનોને શ્રેય ન જાણે, તેની સાથે ગ્રામાદિક વિચરે નહિ, આ રીતે ઉપયોગથી વર્તન રાખનાર સાધુ પોતાના આત્માનું, સંયમનું, રક્ષણ કરી શકે છે.

૧ ૨ ૩ ૪ ૫
आमंतिय उस्सविया भिक्खुं आयसा निमंतंति ।
૮ ૭ ૬ ૯ ૧૦
एताणि चेव से जाणे, सद्दाणि विरूवरूवाणि ॥ ૬ ॥

શબ્દાર્થ : (૧) આમંત્રણ કરી (૨) વિશ્વાસ ઉપજાવી (૩) સાધુને (૪) ભોગનું (૫) આમંત્રણ દે (૬) જ્ઞાનથી જાણી પ્રત્યાખ્યાનથી તેનો ત્યાગ કરે તેનાથી દૂર રહે (૭) સાધુ (૮) તે સ્ત્રીના આમંત્રણના (૯) શબ્દોને (૧૦) વિવિધ પ્રકારના.

ભાવાર્થ:– કેટલીક સ્ત્રીઓ સાધુને સંકેત કરી, વિશ્વાસ ઉપજાવી, ભોગ ભોગવવાનું આમંત્રણ કરે, પરંતુ સાધુ પુરુષ તે

સ્ત્રીના વિવિધ પ્રકારના આમંત્રણનાં વચનોના રહસ્યને પાસબંધ જાણી, સંયમને બાધક અને આત્માને પતિત કરાવનાર, તે સ્ત્રીના આમંત્રણનો સ્વીકાર ન કરે.

મણબંધણેહિં ણેગેહિં, કલુણ વિણીયમુવગસિત્તાણં ।
અદુ મંજુલાઇં ભાસંતિ, આણવયંતિ ભિન્નકહાહિં ॥ ૭ ॥

શબ્દાર્થ : (૧) મનને બંધન કરે (૨) અનેક પ્રકારના પ્રપંચો કરનાર સ્ત્રીઓ (૩) કરુણા જનક (૪) વિનયપૂર્વક (૫) સાધુની પાસે જઈ (૬) મધુર-વચન (૭) બોલતી (૮) આજ્ઞામાં પ્રવર્તાવે (૯) ભિન્ન ભિન્ન વાતોથી.

ભાવાર્થ:– મનને બંધન કરાવે તેવા અનેક પ્રકારના પ્રપંચ કરવાવાળી સ્ત્રીઓ વિનયપૂર્વક સાધુની પાસે જઈને કરુણાજનક તથા મનોહર વચનોથી બોલતી મૈથુન સંબંધી રહસ્ય વાર્તાલાપ કરી સાધુને પોતાની આજ્ઞામાં પ્રવર્તાવે છે.

સીહં જહા વ કુણિમેણં, નિબ્ભયમેગચરંતિ પાસેણં ।
એવિત્થિયાઉ બંધંતિ, સંવુડં એગતિયમણગરં ॥ ૮ ॥

શબ્દાર્થ : (૧) સિંહ (૨) જેમ (૩) માંસ માટે (૪) નિર્ભય (૫) એકલા (૬) વિચરતા (૭) પાસથી બંધાય છે (૮) એ રીતે (૯) સ્ત્રીઓ (૧૦) બાંધે (૧૧) સંવૃત (૧૨) એકલા વિચરતા (૧૩) સાધુને.

ભાવાર્થ:– જેમ પારધી લોકો નિર્ભયપણે જે એકલા વિચરનાર સિંહને માંસના ટુકડા નાખીને પ્રલોભન પાસમાં બાંધી પશ્ચાત અનેક પ્રકારથી દુઃખી કરે છે. એવા પ્રકારે એકલા વિચરતા સંવૃત અણગારને સ્ત્રીઓ ભોગો ભોગવવાનું પ્રલોભન આપી પોતાના વશમાં કરી લે છે–બાંધી લે છે. એટલે પોતાના મોહમાં ફસાવી લે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
अह तत्थ पुणो णमयंति, रहकारो व णेमि आणुपुव्वीए ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૩ ૧૨ ૧૪
बद्धे मिए व पासेणं, फंदंते वि ण मुच्चए ताहे ॥૯॥

શબ્દાર્થ : (૧) વળી (૨) તહાં (૩) ફરી (૪) નમાવે (૫) રથકાર (૬) ચક્રને (૭) અનુક્રમથી (૮) બંધાયેલ (૯) મૃગ (૧૦) પાસમાં (૧૧) ચલાયમાન (૧૨) મુક્ત થતા (૧૩) નથી (૧૪) પાસથી.

ભાવાર્થ:– જેમ રથના હાંકનાર સારથી પેડાના ભાગને નમાવે છે એવા પ્રકારે સ્ત્રીઓ સાધુઓને પ્રથમ નમ્રતાથી કોમલ વચનોથી પ્રલોભન આપી પોતાના વશમાં કરી પશ્ચાત્ તે સ્ત્રીને વશ થયેલ આસક્ત સાધુ મૃગ પાશમાં બંધાયેલ મૃગની જેમ છૂટી શક્તો નથી તેની માફક સ્ત્રીના પાસમાં બંધાયેલ સાધુ પાસથી છૂટી શક્તો નથી અને પશ્ચાત્ તે સાધુને અનેક વિટંબનાઓ ભોગવતાં પશ્ચાતાપ કરવો પડે છે.

૪ ૬ ૫ ૩ ૨ ૧
अह सेऽणुतप्पई पच्छा, भोच्चा पायसं व विसमिस्सं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
एवं विवेगमादाय, संवासो नवि कप्पए दविए ॥૧૦॥

શબ્દાર્થ : (૧) વિષમિશ્રિત (૨) દૂધને (૩) ભોગવીને (૪) પશ્ચાત્ જેમ (૫) પશ્ચાત્ (૬) પશ્ચાત્તાપ કરે છે (૭) એ રીતે સ્ત્રીઓના પાસમાં બંધાયેલ સાધુ પશ્ચાત્તાપ કરે છે એમ જાણી (૮) વિવેક ગ્રહણ કરી (૯) સ્ત્રી સંવાસ (૧૦) નહિ (૧૧) કરે (૧૨) મોક્ષાર્થી સાધુ.

ભાવાર્થ:– જેમ કોઈ મનુષ્ય વિષમિશ્રિત દૂધનો ઉપભોગ કરી પશ્ચાત્ પશ્ચાત્તાપ કરે છે એવી રીતે સ્ત્રીઓના પાસથી બંધાએલ સાધુને પાછળ પશ્ચાત્તાપ કરવો પડે છે, એમ જાણી વિવેક ગ્રહણ કરી મોક્ષાર્થી સાધુએ સ્ત્રી સંસર્ગ કરવો નહિ.

૧ ૨ ૩ ૪ ૫ ૬
तम्हा उ वज्जए इत्थी, विसलित्तं व कंटगं नच्चा ।
૯ ૭ ૮ ૧૦ ૧૨ ૧૧
ओए कुलाणि वसवत्ती, आघाते ण सेवि णिग्गंथे ॥११॥

શબ્દાર્થ : (૧) તેથી કરી (૨) તેના સહવાસને છોડે (૩) સ્ત્રીઓને (૪) વિષલિપ્ત (૫) કંટકસમાન (૬) જાણી (૭) સ્ત્રીઓને ગૃહસ્થના ઘેર અગર સ્ત્રી સાથે (૮) વશ થઇ (૯) એકલા (૧૦) વાર્તાલાપ કરે (૧૧) તો તે નિર્ગ્રંથ (૧૨) ન કહેવાય.

ભાવાર્થ:– ઉપરોક્ત હકીકતને જાણી સ્ત્રીઓને વિષલિપ્ત કાંટા સમાન જાણી સાધુ સ્ત્રી સંસર્ગને છોડે, તેમ જ એકલા વિચરતા સાધુએ સ્ત્રી સંસર્ગ તથા તેની સાથેનો વાર્તાલાપ સંયમ પાલનમાં વિઘ્નરૂપ જાણી છોડી દેવો તેમ જ સ્ત્રીઓને વશથઇ જો ગૃહસ્થને ઘેર એસી વાર્તાલાપ અથવા ધર્મ કથા કરે તો તે સાધુને નિર્ગ્રંથ ન કહેવાય.

૧ ૨ ૩ ૪ ૫ ૭ ૬
जे एयं उंछं अणुगिद्धा, अन्नयरा हुंति कुसीलाणं ।
૮ ૧૩ ૧૨ ૧૧ ૧૦ ૯
सुतवस्सिएवि से भिक्खू, नो विहरे सह णमित्थीसु ॥१२॥

શબ્દાર્થ : (૧) જે સાધુએ (૨) સ્ત્રી સહવાસ અથવા નિન્દનીયરૂપ (૩) કથામાં (૪) આસક્ત રહે તો તે સાધુથી (૫) અન્ય (૬) કુશીલ (૭) છે (૮) તપસ્વી (૯) સ્ત્રી (૧૦) સાથ (૧૧) વિચરવું (૧૨) નહિ (૧૩) સાધુએ પણ

ભાવાર્થ:– જો સાધુ સ્ત્રીની નિન્દનીયરૂપ કથામાં અથવા સ્ત્રી સહવાસમાં આસક્ત રહે તો તે સાધુ નથી પરંતુ તેથી વિપરીત કુશીલ છે. એમ જાણી સુતપસ્વી સાધુએ પણ સ્ત્રી સહવાસમાં નહિ રહેવું, તેની સાથે વિચરવું નહિ, સ્ત્રીની સાથ કથા વાર્તા પણ ન કરવા.

अवि धूयराहि सुण्हाहिं, धातीहिं अदुव दासीहिं ।
महतीहि वा कुमारीहिं, संथवं से न कुज्जा अणगारे ॥१३॥

શબ્દાર્થ : (૧) વળી પુત્રી (૨) પુત્રવધૂ (૩) ધાવમાતા (૪) દાસી અથવા (૫) વડી (૬) કુમારીકા સાથ (૭) પરિચય કરવો (૮) નહિ (૯) ભિક્ષુએ

ભાવાર્થ:– સાધુએ પોતાની પુત્રી, પુત્રવધૂ, ધાવમાતા, દાસી, અથવા મોટી કુમારિકા સાથે પરિચય કરવો નહિ તેનો સહવાસ કે વાર્તાલાપ આદિ સંસર્ગ રાખવો નહિ.

अदु णाइणं च सुहीणं वा, अप्पियं दट्ठु एगता होति ।
गिद्धा सत्ता कामेहिं, रक्खणपोसणे मणुस्सोऽसि ॥१४॥

શબ્દાર્થ : (૧) અથવા જ્ઞાતિજન (૨) અથવા સ્ત્રીનો પતિ (૩) એકદા સહવાસમાં (૪) બેઠા દેખે (૫) અપ્રીતિ (૬) હોય (૭) આસકત (૮) ગૃદ્ધ (૯) કામભોગોમાં (૧૦) રક્ષણ (૧૧) પોષણ (૧૨) મનુષ્ય (૧૩) છું.

ભાવાર્થ:– કદાચ કોઇ સમય ગૃહસ્થના ઘેર સ્ત્રી સાથે સાધુને વાર્તાલાપ કરતા તે સ્ત્રીના પતિ અથવા કુટુમ્બીજનો અગર જ્ઞાતિજનો કોઇ દેખે તો તેઓને સાધુ ઉપર દ્વેષ ઉત્પન્ન થાય અને એમ માને કે આ સાધુ કામભોગોમાં આસકત જણાય છે, એમ માની સાધુને આક્રોશ વચન કહે, અપમાન કરે અને એમ કહે કે તું એનું રક્ષણ પોષણ કરે છે કે, અહીં ગૃહસ્થને ઘેર બહુ સમય બેસે છે, એમ અપમાનજનક વચનો કહે, એમ જાણી સાધકે ગૃહસ્થના ઘેર એકલી સ્ત્રી સાથે વાર્તાલાપ નહિ કરવો. તેમ જ ગૃહસ્થના ઘેર બેસવું નહિ.

૨ ૩ ૧ ૪ ૫ ૬ ૭
समणंपि दट्ठुदासीणं, तत्थवि ताव एगे कुप्पंति ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
अदुवा भोयणेहिं, पत्थेहिं, इत्थीदोसं संकिणो होंति ॥१५॥

શબ્દાર્થ : (૧) ઉદાસીન (૨) સાધુને (૩) દેખી (૪) ત્યાં (૫) તે સમય (૬) કોઇ (૭) ક્રોધિત બને (૮) અથવા ભોજન (૯) સાધુને દેતા દેખી (૧૦) સ્ત્રીમાં (૧૧) દોષ (૧૨) શંકા (૧૩) ઉત્પન્ન થાય.

ભાવાર્થ:- કોઇ ઉદાસીન-રાગદ્વેષ રહિત સાધુને ગૌચરીએ જતા ગૃહસ્થના ઘરે સ્ત્રી સાથ એકાંતમાં વાર્તાલાપ કરતા દેખી અગર સાધુને ભોજન દેતા થકા જોઇને ગૃહસ્થ ક્રોધિત બને અને સ્ત્રીમાં દોષ હોવાની શંકા લાવે અને એમ માને જે આ સાધુ માટે જ આહાર બનાવે છે ને આહારમાં ગૃદ્ધ સાધુ સદૈવ આવતા હશે, એમ માની આ સ્ત્રી કુશીલ હોવાનું ગૃહસ્થ માને એમ જાણી ગૃહસ્થના ઘેર સાધુએ એકલી સ્ત્રી સાથે ઉભુ રહેવું નહિ, વાર્તાલાપ કરવો નહિ.

૧ ૨ ૩ ૪ ૫ ૬
कुव्वंति संथवं ताहिं, पब्भट्ठा समाहिजोगेहिं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
तम्हा समणा ण समेंति, आयहियाए सण्णिसेज्जाओ ॥१६॥

શબ્દાર્થ : (૧) કરે છે (૨) પરિચય (૩) સ્ત્રીથી (૪) ભ્રષ્ટ (૫) સમાધિ (૬) યોગથી (૭) તેથી (૮) સાધુ (૯) ન (૧૦) જાય (૧૧) આત્મ હિતાર્થી સ્ત્રીના (૧૨) સમીપ (૧૩) સ્થાને.

ભાવાર્થ:- જે સાધુ મન, વચન, કાયાના શુભયોગરૂપ-વ્યાપારરૂપ સંયમથી ભ્રષ્ટ થયેલ હોય તે સ્ત્રી સાથ પરિચય કરે, સંસર્ગ રાખે પરંતુ સુસાધુ હોય તે પોતાના આત્માના હિતના અર્થે સ્ત્રીની સાથ સહવાસ કરે નહિ, વાર્તાલાપ કરે નહિ, સ્ત્રી રહેતી

હોય ત્યાં તેની નજીક બેસે નહિ, સ્ત્રીનો સંસર્ગ અનર્થનું કારણ જાણી ત્યાગ કરે.

બહવે[૧] ગિહાઇં[૨] અવહટ્ટુ[૩], મિસ્સીભાવં[૪] પત્થુ[૫] ા ય[૬] એગે[૮] ।
ધુવમગ્ગમેવ[૯] પવયંતિ[૭], વાયા[૮] વીરિયં[૯] કુસીલાણં[૧૦] ॥૧૭॥

શબ્દાર્થ : (૧) ઘણાં (૨) ઘર (૩) છોડી (૪) મિશ્ર ભાવમાં (૫) રહેલા (૬) કેટલાક (૭) કહે છે કે (૮) મિશ્ર માર્ગ જ (૯) મોક્ષ માર્ગ છે એ તેમનું કથન માત્ર છે કાર્યરૂપ નથી (૮) વચન (૯) બળ (૧૦) કુશીલરૂપ છે.

ભાવાર્થ:– કોઇ એક ઘરવાસ ત્યાગી મિશ્રભાવમાં રહેલા (કાંઇક સાધુ આચાર કાંઇક ગૃહસ્થ આચાર) મિશ્ર માર્ગને મોક્ષ-માર્ગ બતાવે છે. અથવા અનેક પ્રકારથી પોતાની વિદ્વતા દેખાડી કુશીલતાનું પ્રતિપાદન કરે છે, અથવા પોતાનો શિથિલાચાર છુપાવવા ખાલી વાણીમાં જ પોતાનું વીર્ય બતાવે છે. એ કથન માત્ર છે પરંતુ કાર્યરૂપ નથી. આવા વેષધારી સાધુ સંસાર પરિભ્રમણની વૃદ્ધિ કરી જન્મ મરણરૂપ ચક્રમાં ભ્રમણ કરનારા જાણવા.

સુદ્ધં[૧] રવતિ[૨] પરિસાએ[૩], અહ રહસ્સંમિ[૪] દુક્કડં[૫] કરેંતિ[૬] ।
જાણંતિ[૭], ય ણં તહાવિહા[૮], માઇલ્લે[૫] મહાસઢેઽયંતિ[૧૦] ॥૧૮॥

શબ્દાર્થ : (૧) શુદ્ધ (૨) બોલે છે (૩) પરિષદમાં (૪) એકાંતમાં (૫) દુષ્કૃત્ય (૬) કરે છે (૭) જાણે છે (૮) કુશલ પુરુષ (૯) માયાવી (૧૦) મહાશઠ છે.

ભાવાર્થ:– કુશીલ સેવન કરવાવાળા પુરુષો પરિષદોમાં પોતાનો આત્મા ! શુદ્ધ (દોષ રહિત) હોવાનો પ્રલાપ કરે છે પરંતુ એકાંતમાં દુષ્કર્મ કરે છે, પોતાના દુષ્ટ આચારને છુપાવવા પ્રયત્ન

કરવા છતાં જ્ઞાની પુરુષો તે કુશીલની અંગ ચેષ્ટાથી તેના દુષ્કર્મને જાણી લે છે, આવા સાધકો માયાવી મહાશઠની પંક્તિમાં ગણાય છે અને માયા કપટના ભાવો સેવી અધમગતિના કર્મ ઉપાર્જન કરી સંસાર પરિભ્રમણ વધારે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
सयं दुक्कडं च न वदति, आइट्ठोवि पकत्थति बाले ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
वेयाणुवीइ मा कासी, चोइज्जंतो गिलाइ से भुज्जो ॥१९॥

શબ્દાર્થ : (૧) ઉપરોકત દ્રવ્યલીંગી સાધુઓ સ્વયં (૨) દુષ્કૃત્ય (૩) કહેતો નથી (૪) પૂછ્યા થકા પોતાની (૫) પ્રશંસા કરે છે (૬) અજ્ઞાની (૭) વેદોદયકાર્ય (૮) નહિ (૯) કરો (૧૦) આચાર્યે પ્રેરાયા થકા (૧૧) ગ્લાનિ અનુભવે છે (૧૨) વારંવાર.

ભાવાર્થ:- દ્રવ્યલીંગી કુશીલ સાધુને આચાર્યાદિએ પૂછવાથી પોતાના દુષ્કર્મને ગુરુ સમક્ષ જાહેર કરતો નથી અને ઉપરાંત પોતાની પ્રશંસા કરવા લાગે છે આચાર્યાદિ તે કુશીલ સાધુને મૈથુન સેવનરૂપ દુષ્કર્મ નહિ કરવાનું કહેતા શિખામણ આપતા તે સાધુ વારંવાર ગ્લાનિને અનુભવે છે, ખિન્ન થાય છે અને આચાર્યની શિક્ષાને સાંભળી ન સાંભળી કરે છે. આવા કુશીલો સત્ય શિખામણને ગ્રહણ કરી શકતા નથી, જેથી સંસાર અટવીમાં લાંબાકાળ સુધી પરિભ્રમણ કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
ओसियावि इत्थिपोसेसु, पुरिसा इत्थिवेयखेदन्ना ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
पण्णासमन्निता वेगे, नारीणं वसं उवकसंति ॥ २० ॥

શબ્દાર્થ : (૧) ભુકતભોગી (૨) સ્ત્રી (૩) પોષણ (૪) સત્પુરુષ (૫) સ્ત્રી વેદ (૬) જાણનાર (૭) પ્રજ્ઞાવંત (૮) બુદ્ધિવંત (૯) કેટલાએક (૧૦) સ્ત્રીના (૧૧) વશ (૧૨) દાસત્વ સ્વીકારે છે.

ભાવાર્થ:– સ્ત્રી પોષક વ્યાપારોના અનુષ્ઠાનોનો અનુભવ કરેલ સ્ત્રી વેદોદય રૂપ મૈથુનના સ્વરૂપના જાણનારા સ્ત્રી વેદ માયા પ્રધાન હોવાનું તથા સ્ત્રી રક્ષણ કરવામાં પણ દોષોની ઉત્પત્તિનું કારણ જાણવા છતાં સ્ત્રીના ભોગોનો અનુભવ કરનાર સ્ત્રી સંસર્ગથી સંસારની વૃદ્ધિ હોવાનું જાણનાર ઔત્પાતિકી બુદ્ધિ આદિથી યુક્ત (કોઇ કોઇ પુરુષો ભુક્ત ભોગીઓ) ત્યાગી સાધક પુરુષો મહામોહથી અંધ બનીને સંસારમાં ઉતરવાના માર્ગ સ્વરૂપ સ્ત્રીઓના પાસલામાં ફસાઈ સ્ત્રીઓના વશ થઈને પોતાના સ્થાનથી પતિત થઇ જાય છે.

૧ ૨ ૩ ૪
अवि हत्थपादछेदाए, अदुवा वद्धमंसउक्कंते ।
૫ ૬ ૭ ૮
अवि तेयसाभितावणाणि, तच्छियखारसिंचणाइं च ॥ २१ ॥

શબ્દાર્થ : (૧) વળી સ્ત્રી–ગમનથી (૨) હાથપગ (૩) છેદાવાના તથા શરીરની ચામડી તથા (૪) માંસ કાપી લેવાના અથવા (૫) અગ્નિથી જલાવાના (૬) અંગોના છેદન શરીર ઉપર (૭) ખાર (૮) છાંટવાનાં તીવ્ર દંડોને પાત્ર થાય છે.

ભાવાર્થ:– જે કોઇ પરસ્ત્રી સેવન કરે છે તેને હાથ તથા પગના છેદનના તથા ચામડી ઉતરડી લેવાના તથા માંસ કાપી લેવાના તથા અગ્નિમાં જલાવાના તથા અંગોને છેદીને ઉપર ખાર છાંટવાના આવા તીવ્ર દંડ ભોગવવા પડે છે અને આવા અતિ ઉત્કૃષ્ટ દુઃખો ભોગવવાં પડે છે આવા તીવ્ર દંડના દુઃખોથી મૃત્યુ થવાનો સમય કદાચિત પ્રાપ્ત થાય છે

૧ ૪ ૫ ૬ ૭
अदु कण्णणासच्छेदं, कंठच्छेदणं तितिक्खंती ।
૮ ૩ ૨ ૧૩ ૧૨ ૯ ૧૦ ૧૧
इति इत्थ पावसंतत्ता, नय विंति पुणो न काहिति ॥ २२ ॥

શબ્દાર્થ : (૧) અથવા સ્ત્રી-સંગ કરનાર (૨) પાપી પુરુષને (૩) આ લોકમાં (૪) કાનનો છેદ (૫) નાક છેદ (૬) કંઠ છેદ (૭) સહન કરવા પડે છે (૮) છતાં (૯) ફરીથી હું હવે આવું પાપ (૧૦) નહિ (૧૧) કરુ (૧૨) તેમ કહેતો (૧૩) નથી.

ભાવાર્થ:– આવા પાપી પુરુષો પરસ્ત્રી ગમન કરનારા કાનના, નાકના, તથા કંઠના છેદ, ને સહન કરતા થકા પણ એમ નથી બોલતા કે હવે હું ફરી આવાં પાપો પરસ્ત્રી ગમનરૂપ કરીશ નહિ અને આ લોકના તથા પરલોકના દુઃખનો સ્વીકાર કરે છે. પરંતુ પાપકર્મથી નિવૃત્ત થતા નથી.

सुतमेवमेगेसिं, इत्थीवेदेति हु सुयक्खायं ।
एवंपि ता वदित्ताणं, अदुवा कम्मुणा अवकरेंति ॥ २३ ॥

શબ્દાર્થ : (૧) સાંભળ્યું છે કે સ્ત્રીસંપર્ક ખરાબ છે (૨) એમ (૩) એ રીતે (૪) કેટલાક (૫) કામશાસ્ત્ર પણ કહે છે કે (૬) સ્ત્રીઓ કહે છે કે હવે હું અકાર્ય કરીશ નહિ (૭) એમ (૮) સ્ત્રીઓ (૯) બોલીને (૧૦) ફરી એવા અકાર્ય (૧૧) કરે છે.

ભાવાર્થ:– અમોએ એમ સાંભળ્યું છે કે સ્ત્રી સંપર્ક ઘણો ખરાબ છે, વળી કોઇ એમ કહે છે કે, વૈશિક કામશાસ્ત્રમાં પણ કહેલ છે કે સ્ત્રીઓ અકાર્ય કરી એમ કહે છે કે, હવે આવું અકૃત્ય હું કરીશ નહિ, એમ બોલીને ફરી એવા અકાર્ય કરતી થકી અપકાર કરે છે, એટલે સ્ત્રીઓના વચન ઉપર આત્માર્થીએ વિશ્વાસ રાખવો નહિ સ્ત્રીઓનું ચિત જાણવું દુષ્કર છે. વળી ચંચળ સ્વભાવવાળી હોય છે. તુચ્છ સ્વભાવવાળી તથા અહંભાવવાળી અને માયા કપટ-વાળી હોઇ તેનું હૃદય ગુઢ જાણી શકાય નહીં. જેથી સાધકે સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિ,

૧ ૨ ૩ ૪ ૫ ૬
अन्नं मणेण चिंतेति, वाया अन्नं च कम्मुणा अन्नं ।
૧૧ ૧૨ ૧૦ ૭ ૯ ૮
तम्हा ण सद्दह भिक्खू, बहुमायाओ इत्थिओ णच्चा ॥२४॥

શબ્દાર્થ : (૧) સ્ત્રીઓ મનથી અન્યનું (૨) ચિંન્તવન કરતી હોય તેથી (૩) વચનથી બોલતી હોય છે અને (૪) વિપરીત (૫) કાયાથી (૬) અન્ય કરતી હોય છે (૭) બહુ માયાવાળી (૮) જાણી (૯) સ્ત્રીઓને (૧૦) સાધુ સ્ત્રીઓમાં (૧૧) ન રાખે (૧૨) વિશ્વાસ.

ભાવાર્થ:– સ્ત્રીઓ મનમાં અન્ય વિચારતી હોય છે, વાણીમાં અન્ય કહેતી હોય છે, અને કાર્ય અન્ય કરતી હોય છે, તેથી સાધુ પુરુષ બહુ માયા કપટ કરનારી સ્ત્રીઓને જાણી, તેના ઉપર વિશ્વાસ ન રાખે, સ્ત્રીઓ પાતાલના ઉદર સમાન, અતિ ગંભીર, મનમાં કાંઇ વિચારતી હોય અને વચનમાં મધુર–પ્રતીતવાળી દેખાય અને વિપાકમાં દારૂણ હોય છે જાણી, સાધક આત્માએ સ્ત્રી સહવાસથી દૂર રહેવું.

૧ ૬ ૭ ૨ ૩ ૪ ૫
जुवती समणं बूया विचित्तलंकारवत्थगाणि परिहित्ता ।
૮ ૧૦ ૯ ૧૩ ૧૪ ૧૨ ૧૧
विरता चरिस्सहं रुक्खं, धम्ममाइक्ख णे भयंतारो ॥२५॥

શબ્દાર્થ : (૧) કોઇ યુવતી સ્ત્રી (૨) સુંદર (૩) અલંકાર (૪) વસ્ત્ર (૫) પહેરી (૬) સાધુને (૭) કહે (૮) સંસારથી વિરકત (૯) સંયમ (૧૦) ગ્રહણ કરીશ (૧૧) ભયથી રક્ષા કરનાર હે સાધો ! (૧૨) મને (૧૩) ધર્મ (૧૪) સંભળાવો.

ભાવાર્થ:– કોઇ યુવતી સ્ત્રી વિચિત્ર વસ્ત્ર અલંકાર પહેરીને સાધુ પાસે આવી એમ કહે કે ભયથી બચાવનાર હે સાધો ! હું ગૃહ બંધનથી વિરક્ત બની છું, તેથી સંયમ ગ્રહણ કરીશ આપ મને ધર્મ સંભળાવો, મારો પતિ મને અનુકૂળ નથી અથવા મને

પસંદ નથી. અથવા તો મને છોડી દેવા ઇચ્છે છે, આવી કપટ જાળ મુનિને ભોળવવા રચે છે તે હવે પછીની ગાથામાં જણાવે છે.

૧ ૨ ૩ ૪ ૬ ૫
अदु साविया पवाएणं, अहमंसि साहिम्मिणी य समणाणं ।
૮ ૯ ૭ ૧૦ ૧૧ ૧૨
जतुकुंभे जहा उवज्जोई संवासे विदू विसीएज्जा ॥२६॥

શબ્દાર્થ : (૧) અથવા (૨) શ્રાવિકા હોવાના (૩) બહાને સાધુની પાસે આવે (૪) હું (૫) શ્રમણોની (૬) સાધર્મિણી છું કહી નિકટ આવે (૭) અગ્નિ (૮) લાખનો ગોળો ઓગળી જાય એવી રીતે સ્ત્રી પાસે રહેવાથી (૯) જેમ (૧૦) પાસે (૧૧) સાધુ સંયમ (૧૨) પ્રતિત થાય.

ભાવાર્થ:– સ્ત્રીઓ શ્રાવિકા હોવાના બહાનાથી સાધુ પાસે આવીને હું શ્રમણોની સાધર્મિણી છું એમ કહીને સાધુની નજીક આવી (કુલવાલુકની જેમ) સાધુને ધર્મથી ભ્રષ્ટ કરે છે જેમ લાખનો ઘડો અગ્નિની પાસે ગળી જાય એમ સ્ત્રી સહવાસમાં રહેવાથી વિદ્વાન સાધુ પણ શિથિલ વિહારી બની જાય છે. સ્ત્રીનો સહવાસ બ્રહ્મચારીને માટે અનર્થનું કારણ જાણવું. તેથી સ્ત્રી સહવાસ સાધકે કરવો નહિ.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
जतुकुंभे जोइउवगूढे, आसुऽभितत्ते णासमुवयाइ ।
૯ ૧૦ ૧૨ ૧૧ ૧૩
एवित्थियाहिं अणगारा, संवासेण णासमुवयंति ॥ २७ ॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) લાખનો ઘડો (૩) અગ્નિના (૪) સ્પર્શથી (૫) શીઘ્ર (૬) તપ્ત થઇ (૭) નાશને (૮) પામે છે (૯) એવી રીતે (૧૦) સ્ત્રીઓના (૧૧) સંસર્ગથી (૧૨) સાધુ પુરુષ સંયમના નાશને (૧૩) પામે છે– સંયમથી ભ્રષ્ટ થાય છે.

ભાવાર્થ:– જેમ અગ્નિના સ્પર્શથી લાખનો ઘડો તપ્ત થઇ શીઘ્રપણે નાશને પામે છે એવી જ રીતે સંયમી સાધુ સ્ત્રીઓના પરિચયથી શીઘ્રતાથી સંયમભાવથી પતિત થાય છે, કઠિન વ્રતોનો ત્યાગ કરી દે છે. એમ જાણી સાધકે સ્ત્રીઓનો વિશ્વાસ ન કરવો.

૩ ૧ ૨ ૪ ૧૧ ૧૨
कुव्वंति पावगं कम्मं पुट्ठा वेगेवमाहिंसु ।
૮ ૫ ૭ ૬ ૯ ૧૧ ૧૦
नोऽहं करेमि पावंति, अंकेसाइणा ममेसत्ति ॥ २८ ॥

શબ્દાર્થ : (૧) પાપ (૨) કર્મ (૩) કરનારને (૪) પૂછ્યા થકા એમ કહે છે (૫) હું (૬) પાપકર્મ (૭) કરતો નથી (૮) એ સ્ત્રી બાલ્યાવસ્થામાં (૯) ખોળામાં (૧૦) મારા (૧૧) બેસતી હતી.

ભાવાર્થ:– કોઈ સાધક પુરુષ ભ્રષ્ટાચારી પાપકર્મ કરતો થકો આચાર્ય આદિના પૂછ્યા થકા ઉત્તરમાં કહે કે હું પાપકર્મ કરતો નથી. પરંતુ એ સ્ત્રી બાલ્યાવસ્થામાં મારા ખોળામાં બેસતી હતી, સૂતી હતી. આ રીતે આ લોક તથા પરલોકના ભય રહિત બની કેટલાએક સાધકો અસત્ય આચરણ કરી સ્ત્રીઓથી ભ્રષ્ટ થઇ સંયમરૂપ ધનનો નાશ કરી સંસાર પરિભ્રમણની વૃદ્ધિ કરે છે જાણી સ્ત્રી સહવાસથી દૂર રહેવું.

૧ ૩ ૨ ૪ ૫
बालस्स मंदयं बीयं, जं च कडं अवजाणई भुज्जो ।
૬ ૮ ૯ ૭ ૧૦ ૧૧
दुगुणं करेइ से पावं, पूयणकामो विसन्नेसी ॥ २९ ॥

શબ્દાર્થ : (૧) અજ્ઞાની પુરુષ (૨) બીજી (૩) મૂર્ખતા (૪) કરેલા પાપનો પૂછ્યા થકા (૫) ઇનકાર કરે છે (૬) ડબલ (૭) પાપ (૮) બાંધે છે (૯) એ પુરુષ (૧૦) પોતાની પૂજાને ઇચ્છે છે (૧૧) અસંયમની ઇચ્છા કરે છે.

ભાવાર્થ:- મૂર્ખ પુરુષની બીજી મૂર્ખતા એ છે કે પાપકર્મ કરીને તેનો ઇન્કાર કરે છે તેથી પાપકર્મનો બમણો બંધ કરે છે, વળી પાપકર્મ કરતા છતાં માયાવી સંસારમાં પોતાની પૂજાને ચાહે છે, તેમ જ અસંયમ જીવનની ઇચ્છા કરે છે આવી રીતે અજ્ઞાનીઓ પોતાની નિંદા થશે એ ભયથી કરેલ પાપોને છુપાવી અસંયમભાવને પોષે છે, સંયમભાવથી પતિત થાય છે. આવા માયાવી સાધકોની ગતિ અધમ હોય છે જાણી આત્માર્થી સાધકે આવા માયાવી સાધકોના સંગથી દૂર રહેવું.

१ ३ २ ४ ५
संलोकणिज्जमणगारं, आयगयं निमंतणेणाहंसु ।
७ ६ ८ ९ १० ११
वत्थं च ताइ ! पायं वा, अन्नं पाणगं पडिग्गाहे ॥ ३० ॥

શબ્દાર્થ : (૧) દેખવામાં સુંદર (૨) આત્મજ્ઞાની (૩) સાધુને સ્ત્રીઓ (૪) નિમંત્રણ આપી (૫) કહે કે હે ભવસાગરથી રક્ષા કરનાર (૬) હે સાધો ? (૭) વસ્ત્ર (૮) પાત્ર (૯) અન્ન તથા (૧૦) પાનને આપ (૧૧) સ્વીકારો.

ભાવાર્થ:- દેખવામાં સુંદર ઉત્તમ આકૃતિવાળા આત્મજ્ઞાની સાધુને કોઇ વ્યભિચારિણી સ્ત્રીઓ આમંત્રણ આપતી થકી એમ કહે કે ભવસાગરથી રક્ષણ કરનાર હે સાધો ? વસ્ત્ર, પાત્ર, અન્ન, પાણી આદિ આપને જે પ્રયોજન હોય તે સર્વ હું આપને આપીશ; આપ મારા ઘરે પધારી ગ્રહણ કરો, આવી રીતે પ્રપંચો કરી ફંડા સાધુઓને સ્ત્રીઓ ફસાવી સંયમથી પતિત કરાવે છે જાણી સાધુ વર્ગે સ્ત્રીનો વિશ્વાસ નહિ કરવો અને તેના સહવાસથી દૂર રહેવું.

२ १ ३ ४ ५ ६
णीवारमेवं बुज्झेज्जा, णो इच्छे अगारमागंतुं ।
७ ८ ९ १० ११ १२
बद्धे विसयपासेहिं, मोहमावज्जइ पुणो मंदे त्ति बेमि ॥ ३१ ॥

શબ્દાર્થ : (૧) પ્રલોભનને સાધુ સૂઅરને ફસાવા (૨) ચાવલના દાણા સમાન (૩) જાણે (૪) ન કરે (૫) ઇચ્છા (૬) ઘરે જવાની (૭) બંધાએલ (૮) વિષય (૯) પાસમા (૧૦) મોહને (૧૧) પ્રાપ્ત કરે છે (૧૨) મૂર્ખ પુરુષ.

ભાવાર્થ:- પૂર્વોક્ત પ્રકારના પ્રલોભનોને સાધુ, સુઅરને લોભાવનાર ચાવલના દાણા સમાન સમજે વિષયરૂપી પાસમાં બંધાયેલ મૂર્ખ પુરુષ પુનઃ મોહને પ્રાપ્ત કરે છે એમ જાણી સાધુ પુરુષ સ્ત્રીના આમંત્રણથી ફસાઈ ન જવાય તે ઉપયોગ રાખી રહે, સંયમ-રૂપ સાધન પુનઃ પુનઃ પ્રાપ્ત થવું દુર્લભ જાણી, સંયમપાલનમાં ઉપયોગવંત રહે એ જ સાધક આચાર જાણવો.

પહેલો ઉદ્દેશો સમાપ્ત.

શ્રી સૂત્ર કૃતાંગ સૂત્ર અ. ૪ ઉ. ૨

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
ओए सया ण रज्जेज्जा, भोगकामी पुणो विरज्जेज्जा ।
૮ ૯ ૧૦ ૧૩ ૧૨ ૧૧
भोगे समणाणं सुणेह, जह भुंजंति भिक्खुणो एगे ॥१॥

શબ્દાર્થ : (૧) વિરક્ત (૨) સદા (૩) નહિ (૪) આસક્ત બને (૫) કામભોગી (૬) પુનઃ (૭) વિરમે (૮) ભોગો ભોગવવા (૯) સાધુને માટે આશ્ચર્ય ઉત્પન્ન કરાવે છે (૧૦) તે સાંભળો (૧૧) કોઇ (૧૨) સાધુ (૧૩) ભોગો ભોગવે છે.

ભાવાર્થ:- સાધુ રાગદ્વેષ રહિત બની ભોગોમાં કયારે પણ ચિત્તને ન જવા દે, કદાચિત ભોગોમાં ચિત્ત જાય તો જ્ઞાનદ્વારા કામભોગોના કડવા વિપાકો જાણી મનને પાછુ હટાવી લે, ભોગ ભોગવવા એ સાધુને આશ્ચર્ય ઉત્પન્ન કરાવનાર છે, છતાં પણ કોઇ કોઇ શિથિલ સાધુ ભોગો ભોગવે છે. તે સાંભળો ગૃહસ્થોને પણ ભોગો વિટંબના રૂપ છે, તો સાધુને માટે તો શું કહેવું.

૧ ૨ ૩ ૫ ૪
अह तं तु भेदमावन्नं, मुच्छितं भिक्खुं काममतिवट्टं ।
૬ ૭ ૮ ૯ ૧૦
पलिभिंदिया णं तो पच्छा, पादुद्धट्टु मुद्धि पहणंति ॥२॥

શબ્દાર્થ : (૧) વળી (૨) ચારિત્રથી ભ્રષ્ટ (૩) સ્ત્રીમાં આસક્ત (૪) વિષય ભોગોમાં દત્તચિત્ત (૫) સાધુને (૬) એ સ્ત્રી પોતાને વશીભૂત જાણી (૭) પશ્ચાત્ (૮) પોતાના પગથી (૯) સાધુના શિર પર (૧૦) પ્રહાર કરે છે.

ભાવાર્થ:– ચારિત્રથી ભ્રષ્ટ અને સ્ત્રીમાં આસક્ત, વિષય-ભોગોમાં દત્તચિત્ત સાધુને પોતાને વશીભૂત જાણી તે સ્ત્રી સાધુના શિર પર પોતાના પગ વડે પ્રહાર કરે છે, છતાં આસક્ત સાધક તેને સહન કરે છે, આસક્ત સાધુની આવી દુર્ગતિ કરે છે. કફોડી સ્થિતિ બનાવી દે છે.

૧ ૨ ૩ ૪ ૬ ૫ ૭ ૬
जइ केसिआ णं मए भिक्खू, णो विहरे सह णमित्थीए ।
૮ ૭ ૯ ૧૩ ૧૧ ૧૦ ૧૨
केसाणविह लुंचिस्सं, नन्नत्थ मए चरिज्जासि ॥३॥

શબ્દાર્થ : (૧) વળી (૨) કેશવાળી હોય (૩) મારા (૪) સાથે હે સાધો ? (૫) વિહાર (૬) ન કરી શકતા હોતો (૭) અહીં જ (૮) કેશનો (૯) લોચ કરીશ (૧૦) મારા વિના (૧૧) અન્ય સ્થાનપર (૧૨) વિહાર (૧૩) ન કરો.

ભાવાર્થ:– સ્ત્રી આસક્ત અને પોતાને વશીભૂત થયેલ સાધુને સ્ત્રીઓ કહે છે કે હે સાધો ! કેશવાળી સ્ત્રી સાથે વિહાર ન કરી શકો અગર શરમ લાગતી હોય તો હું અત્રે આજ જગ્યાએ મારા કેશોને ઉખાડીને ફેંકી દઈશ, પરંતુ મારા વિના તમે અન્ય કોઇ સ્થળે વિહાર નહિ કરશો અને વિદેશગમનમાં જે કષ્ટ આવશે તે સહી લઈશ, આપ જે આજ્ઞા કરશો તે પ્રમાણે કરીશ પરંતુ મારાથી દૂર નહિ જવા પ્રાર્થના કરું છું.

૧ ૨ ૩ ૪
अह णं से होई उवलद्धो, तो पेसंति तहाभूएहिं ।
૫ ૬ ૭ ૮ ૯
अलाउच्छेदं पेहेहि, वग्गुफलाइं आहराहित्ति ॥४॥

શબ્દાર્થ : (૧) પશ્ચાત્ તે સ્ત્રી સાધુને પોતાને (૨) વશ થયેલ જાણી લે છે (૩) પશ્ચાત સાધુને દાસની માફક (૪) કાર્યમાં પ્રેરિત કરે છે, (૫) તુંબી–દુધી (૬) સુધારવા છરી લાવો (૭) મારા માટે (૮) શ્રીફલ (૯) લાવો.

ભાવાર્થ:– સાધુની ચેષ્ટા તથા આકાર આદિ દ્વારા જ્યારે સ્ત્રી જાણી લે છે કે આ સાધુ મને વશ થઈ ગયેલ છે, પશ્ચાત પોતાના દાસની માફક કાર્ય કરવાને પ્રેરિત કરે છે, અને કહે છે કે તુંબી કાપવા માટે છુરી લાવો તથા મારા માટે ઉત્તમોત્તમ શ્રીફલ આદિ ફળ લાવો, ઉપયોગી વસ્તુ લાવવા માટે કાર્યમાં જોડે છે.

૩ ૧ ૨ ૪ ૫ ૬
दारूणि सागपागाए, पज्जोओ वा भविस्सती राओ ।
૬ ૭ ૮ ૯
पताणि य मे रयावेहि, एहि ता मे पिट्ठओमद्दे ॥ ५ ॥

શબ્દાર્થ : (૧) શાક આદિ (૨) પકાવવા (૩) કાષ્ટ લાવો (૪) પ્રકાશ માટે (૫) તેલ લાવો (૬) રાત્રિમાં (૬) મારા પાત્રો તથા પગને (૭) રંગી દો (૮) અહીં આવો (૯) મારી પીઠને કચરો.

ભાવાર્થ:– શાક આદિ પકાવવા કાષ્ટ લાવો, રાત્રિએ પ્રકાશ કરવા તેલ લાવો, મારાં પાત્રોને તથા મારા પગને રંગી આપો, અહીં આવી મારી પીઠને દાબો, મારા અંગોનું મર્દન કરો, વગેરે દાસની માફક કાર્યો કરાવે છે, સ્ત્રીમાં આસકત પુરુષની આવી દુર્દશા થાય છે.

१ २ ३ ४ ५
वत्थाणि य मे पडिलेहेहि, अन्नं पाणं च आहराहित्ति ।
६ ७ ८ ९
गंधं च रओहरणं च, कासवगं च मे समणुजाणाहि ॥६॥

શબ્દાર્થ : (૧) હે સાધો ? મારા માટે વસ્ત્ર (૨) લાવો (૩) અન્ન (૪) પાણી (૫) લાવો (૬) સુગંધી પદાર્થ (૭) સાવરણી લાવો (૮) નાપિતને (૯) લાવો.

ભાવાર્થ:– હે સાધો ! મારાં કપડાં જુનાં થઈ ગયાં છે તેથી નવાં કપડા લાવો, તથા અન્ન પાણી લાવો, તથા કપુર આદિ સુગંધી પદાર્થો લાવો, તથા મકાન સાફસૂફ કરવા રજોહરણ સાવરણી લાવો તેમ જ લોચની પીડા સહન થતી નથી, જેથી નાપિત–વાળંદને મારા બાલ કાટવા માટે લાવો.

१ २ ३ ४
अदु अंजणिं अलंकारं, कुक्कयं मे पयच्छाहि ।
५ ६ ७ ८
लोद्धं च लोद्धकुसुमं च, वेणुपलासियं च गुलियं च ॥ ७ ॥

શબ્દાર્થ : (૧) મારે માટે અંજનની ડબ્બી તથા (૨) ભૂષણ તથા (૩) ઘુઘરુવાળી (૪) વીણા લાવો (૫) લોધ્રના ફળ, (૬) લોધ્રના ફૂલ, (૭) વાંસની લાકડી તથા પૌષ્ટિક (૮) ઔષધની ગોળી લાવો.

ભાવાર્થ:– સ્ત્રીમાં આસક્ત વશ કરેલ સાધુને સ્ત્રી કહે છે કે હે સાધો ? મારા માટે અંજનનું પાત્ર તથા ભૂષણ તથા ઘુઘરાવાળી વીણા લાવો, તથા લોધ્રના ફળ તથા ફૂલ લાવો તથા વાંસની લાકડી તથા પૌષ્ટિક ઔષધની ગોળી લાવો કે જેથી સદા યુવાન યુવતી બની રહું.

१ २ ३ ४ ५ ६
कुट्ठं तगरं च अगरुं, संपिट्ठं सम्मं उसिरेणं ।
८ ७ ९ १०
तेल्लं मुहभिलिंजाए, वेणुफलाइं सन्निधानाए ॥ ८ ॥

શબ્દાર્થ : (૧) કોષ્ટ (૨) તગર (૩) અગર (૪) ચંદન પીસીને (૫) તૈયાર કરી (૬) ઉશીરનીસાથ પીસીને (૭) તથા મુખને લગાવવાનું (૮) તેલ (૯) તથા વાંસની પેટી લાવો (૧૦) કપડા રાખવાની.

ભાવાર્થ:– સ્ત્રી કહે છે કે હે પ્રિય ? ઉશીરના જલ સાથે પીસેલા કોષ્ટ, તગર, અગર, ચંદન, તૈયાર કરી લાવો તથા મુખને લગાડવાનું તેલ તથા વસ્ત્રો રાખવા માટે એક વાંસની પેટી લાવો (ઉશીર જલનો અર્થ સ્પષ્ટ થી)

નંદીચૂણ્ણગાइं[૧] પાहराहि[૨], छत्तोवाणहं[૩] च[૪] जाणाहि[૫] ।
सत्थं[૬] च सूवच्छेज्जाए[૭], आणीलं[૮] च वत्थयं[૯] रयावेहि[૧૦] ॥૯॥

શબ્દાર્થ : (૧) હોઠ રંગવા માટે ચૂર્ણ (૨) લાવો (૩) છત્ર તથા પગના રક્ષણ માટે (૪) જૂતા (૫) લાવો (૬) શાક કાટવા માટે (૭) છરી લાવો (૭) મારા માટે નીલરંગનું (૮) વસ્ત્ર (૯) રંગાવી લાવો.

ભાવાર્થ:– સ્ત્રી કહે છે કે હે પ્રિય ? મારા હોઠ રંગવા ચૂર્ણ લાવો છત્ર તથા જૂતા લાવો તથા શાક કાટવા છરી આદિ શસ્ત્ર લાવો તથા નીલું વસ્ત્ર રંગાવી લાવો.

सुफणिं[૨] च सागपागाए[૧], आमलगाइं[૩] दगाहरणं[૪] च ।
तिलगकरणिमंजणसलागं[૫], घिसु[૬] मे[૭] विहूणयं[૮] विजाणेहि[૯] ॥૧૦॥

શબ્દાર્થ : (૧) હે પ્રિયતમ ! શાક પકાવવા (૨) તપેલી લાવો (૩) આંબળા તથા જલ રાખવા (૪) વાસણ લાવો (૫) તિલક કરવા તથા (૬) અંજન માટે (૭) સળી લાવો (૮) ગરમીના સમયમાં (૯) હવા માટે (૧૦) પંખા લાવો.

ભાવાર્થ:– શીલ ભ્રષ્ટ પુરુષને સ્ત્રી કહે છે કે શાક પકાવવા માટે તપેલી તથા આંબળા તથા પાણી રાખવા વાસણ, તિલક કરવા તથા અંજન માટે સળી લાવો, તથા ગરમીમાં હવા નાખવા પંખા લાવો.

संडासगं च फणिहं च, सीहलिपासगं च आणाहि ।
आदंसगं च पयच्छाहि, दंतपक्खालणं पवेसाहि ॥११॥

શબ્દાર્થ : (૧) કાંખના કેશ ઉખેડવા ચિપીયો કેશ સમારવા (૨) કાંકશી અગર દાંતિયો કેશ બાંધવા માટે ઉનની (૩) દોરી (૪) લાવો (૫) દાંત સાફ કરવા (૬) દંતમંજન લાવો (૭) દર્પણ (૮) લાવો.

ભાવાર્થ:– કાંખલીના તથા નાકના કેશો દૂર કરવા ચિપીયો લાવો, કેશ સમારવા કાંગસી લાવો, કેશ બાંધવા માટે ઉનની દોરી લાવો, મુખ જોવા માટે દર્પણ લાવો, દાંત સાફ કરવા દંત–મંજન લાવો, આ રીતે ભ્રષ્ટ થયેલ સ્ત્રીમાં આસક્ત પુરુષને સ્ત્રીના કાર્યો કરવા પડે છે. દાસના જેવી સ્થિતિ બને છે.

पूयफलं तंबोलयं, सूईसुत्तगं च जाणाहि ।
कोसं च मोयमेहाए, सुप्पुक्खलगं च खारगालणं च ॥१२॥

શબ્દાર્થ : (૧) સોપારી (૨) પાન (૩) સોય (૪) દોરા (૫) લાવો (૬) ભાજન (૭) લઘુનીતિ માટે (૮) સૂપડું તથા ધાન ખાંડવા (૯) ઉખલ તથા ખાર ગાળવા માટે (૧૦) પાત્ર લાવો.

ભાવાર્થ:– સ્ત્રી કહે છે કે પ્રિયતમ ! પાન, સોપારી, સોય, દોરા, પેશાબ કરવા માટે વાસણ, ધાન સાફ કરવા સૂપડું તથા ધાન ખાંડવા માટે ઉખલ તથા ખાર ખાર ગાળવા માટે વાસણ લાવો.

चंदालगं च करगं च, वच्चघरं च आउसो ! खणाहि ।
सरपायगं च जायाए, गोरहगं च सामणेराए ॥१३॥

शब्दार्थ : (१) देवनुं पूजन करवा माटे तांबानुं भाजन (२) जल अथवा मधु राखवानुं भाजन लावो (३) तथा पाखानानी सगवड करावो (४) हे आयुष्यमन (५) ओ सर्व मारा माटे लावो–अनावो पुत्रने रमवा माटे (६) धनुष्य (७) लावो (८) पुत्रने बेसवा गाडी तेना वहन माटे (९) बळद लावो.

भावार्थः– स्त्री कहे छे के देव पूजन माटे तांबानुं पात्र, जल तथा मधु राखवानुं पात्र लावो तथा पायखानुं तैयार करावो, पुत्रने रमवा माटे एक धनुष्य लावो पुत्रने बेसवानी गाडी वहन करवा माटे एक बळद लावो.

घडिगं च सडिडिमयं च, चेलगोलं कुमारभूयाए ।
वासं समभिआवण्णं, आवसहं च जाण भत्तं च ॥१४॥

शब्दार्थ : (१) गुडिया (२) डमरु–वाजु (३) दडो गोळ (४) कुमारने रमवा माटे (५) वर्षाकाल (६) आवे छे (७) मकान (८) धान्य (९) लावो.

भावार्थः– स्त्री, शीलभ्रष्ट साधुने कहे छे के राजकुमार समान मारा पुत्रने रमवा माटे माटीनी गुडिया तथा डमरु–वाजु तथा गोळ दडो तथा गेडी लावो, वर्षाऋतु निकट आवे छे तो निवास करवा माटे योग्य मकान बनावो तथा वर्षाऋतु सुखपूर्वक व्यतीत थाय तेटलुं अनाज चोखा वगेरे वस्तुओ लावो आठ मासमां एवुं कार्य करवुं जोईओ के वर्षाकाळना चार मास सुखरूप निर्गमन थाय, आयुष्यना पूर्वभागमां मनुष्योओ एवुं कार्य करवुं जोईओ के पाछळनी जींदगीमां सुख प्राप्त थाय. आ छेल्लुं वाकय सर्व गृहस्थोने धारण करवा योग्यने वर्तनमां मूकवा योग्य छे.

૨ ૧ ૪ ૩
आसंदियं च नवसुत्तं, पाउल्लाइं संकमट्ठाए ।
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
अदू पुत्तदोहलट्ठाए, आणप्पा हवंति दासा वा ॥१५॥

શબ્દાર્થ : (૧) નવા સૂત્રથી ગુંથેલી (૨) બેસવા માટે માંચી લાવો તેમ જ (૩) બહાર જવા આવવા માટે (૪) પાદુકા લાવો (૫) મારા પુત્રના (૬) દોહદ માટે (૭) અમુક વસ્તુઓ લાવો આવા પ્રકારે (૧૦) સ્ત્રી દાસની માફક (૮) પુરુષો પર આજ્ઞા (૯) કરે છે.

ભાવાર્થ:– નવા સૂત્રથી ભરેલ બેસવા માટે માંચી લાવો, જવા આવવા માટે પગમાં પહેરવાની પાદુકા લાવો, મને ગર્ભનો દોહદ ઉત્પન્ન થયો છે તે માટે અમુક વસ્તુ લાવો આવા પ્રકારે સ્ત્રીઓ દાસની માફક ભોગોમાં આસક્ત પુરુષો ઉપર આજ્ઞા કરે છે.

૧ ૩ ૨ ૪ ૫
जाए फले समुप्पन्ने, गेण्हसु वा णं अहवा जहाहि ।
૭ ૮ ૬ ૯ ૧૦ ૧૧
अहं पुत्तपोसिणो एगे, भारवहा हवंति उट्टा वा ॥१६॥

શબ્દાર્થ : (૧) પુત્ર જન્મ (૨) ઉત્પતિ થવી તે (૩) ગૃહસ્થતાનું ફળ છે સ્ત્રી કુપિત બની પુરુષને કહે છે કે (૪) આ મારા પુત્રને ખોળામાં લો (૫) નહિતર છોડી દો, (૬) કોઇ કોઇ પુરુષ (૭) પુત્રના (૮) પોષણ કરવા માટે (૯) ભાર વહન (૧૦) કરે છે (૧૧) ઉંટની માફક.

ભાવાર્થ:– પુત્રનો જન્મ થવો તે ગૃહસ્થપણાનું ફળ છે. એ ફળ ઉત્પન્ન થયે સ્ત્રી કુપિત બની પોતાના પતિને એમ કહે કે મારા પુત્રને ખોળામાં લો, અથવા છોડીદો, કોઇ કોઇ પુરુષ પુત્રના પોષણ માટે ઊંટની માફક ભાર વહન કરે છે.

૧ ૨ ૪ ૫ ૩
રાઓવિ ઉટ્ઠિયા સંતા, દારગં ચ સંઠવંતિ ધાઈ વા ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
સુહિરામણા વિ તે સંતા, વત્થધોવા હવંતિ હંસા વા ॥૧૭॥

શબ્દાર્થ : (૧) રાત્રીના સમયે (૨) ઉઠીને (૩) ધાત્રીની માફક (૪) પુત્રને (૫) ગોદમાં લે છે (૬) અત્યન્ત લજ્જાશીલ (૭) થતા (૮) પુત્રના વસ્ત્રને (૯) ધોવે (૧૦) છે (૧૧) ધોબી સમાન.

ભાવાર્થ:- સ્ત્રીને વશીભૂત પુરુષ રાત્રિમાં ઉઠી ધાત્રીની માફક પુત્રને ગોદમાં લે છે અને અત્યન્ત લજ્જાશીલ થતા ધોબીની માફક પુત્રના વસ્ત્રોને ધોવે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
એવં બહુહિં કયપુવ્વં, ભોગત્થાએ જેઽભિયાવન્ના ।
૭ ૮ ૯ ૧૦
દાસે મિઇવ પેસે વા, પસુભૂતેવ સે ણ વા કેઈ ॥૧૮॥

શબ્દાર્થ : (૧) ઉપરોક્ત પ્રકાર (૨) બહુ મનુષ્યોએ (૩) પૂર્વે કરેલ છે જે પુરુષ (૪) ભોગને (૫) માટે સાવદ્યકાર્યમાં (૬) આસક્ત છે એ પુરુષ (૭) દાસ, (૮) મૃગ, (૯) પ્રેષ્ય, (૧૦) તથા પશુની સમાન છે અથવા (૧૧) સર્વથી અધમ છે.

ભાવાર્થ:- સ્ત્રીને વશીભૂત બનીને ઉપરોકત બહુ મનુષ્યોએ સ્થાન ભ્રષ્ટ થઇ સ્ત્રીની આજ્ઞાને પાળેલ છે જે પુરુષ ભોગોને નિમિત્ત સાવદ્યકાર્યમાં આસકત છે. એ પુરુષ દાસ, મૃગ, નોકર, તથા પશુ સમાન છે અથવા તો એ સર્વથી પણ અધમ છે.

૨ ૧ ૩ ૫ ૪ ૬
એવં ખુ તાસુ વિન્નપ્પં, સંથવં સંવાસં ચ વજ્જેજ્જા ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
તજ્જાતિભા ઇમે કામા, વજ્જકરા ય એવમક્ખાए ॥૧૯॥

શબ્દાર્થ : (૧) સ્ત્રીઓના વિષયમાં (૨) ઉપરોકત વાતો (૩) કહી બતાવી તેથી સાધુ સ્ત્રીઓના (૪) સહવાસને (૫) પરિચયને છોડી દે (૭) સ્ત્રી સંસર્ગથી ઉત્પન્ન થવાવાળા (૮) કામભોગો (૯) પાપોને ઉત્પન્ન કરે છે (૧૦) એમ (૧૧) શ્રી તીર્થંકર દેવે કહેલ છે.

ભાવાર્થ:– સ્ત્રીના વિષયમાં પૂર્વોક્ત શિક્ષા અપાએલ છે તેથી સ્ત્રી સાથ પરિચય તથા સહવાસ સાધુ ન કરે સ્ત્રી સંસર્ગથી ઉત્પન્ન થવાવાળા કામભોગો પાપને ઉત્પન્ન કરે છે. એમ શ્રી તીર્થંકર દેવે કહેલ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
एयं भयं ण सेवाय, इइ से अप्पगं निरुभित्ता ।
૭ ૮ ૯ ૧૩ ૧૦ ૧૧ ૧૨
णो इत्थि णो पसुं भिक्खू, णो सयं पाणिणा णिलिज्जेज्जा ॥२०॥

શબ્દાર્થ : (૧) સ્ત્રી સંસર્ગથી પૂર્વોકત (૨) ભય તથા (૩) અકલ્યાણનું કારણ જાણી (૪) સ્ત્રી સંસર્ગથી સાધુ (૫) પોતાના આત્માને (૬) દૂર રાખે (૭) સ્ત્રી તથા (૮) પશુઓને (૯) સાધુ (૧૦) પોતાના (૧૧) હાથનો (૧૨) સ્પર્શ (૧૩) ન કરે.

ભાવાર્થ:– સ્ત્રી સંસર્ગથી પૂર્વોકત ભય રહેલ છે. તથા સ્ત્રી સંસર્ગ એ આત્માના કલ્યાણનો નાશ કરનાર છે. એમ જાણી સાધુ સ્ત્રી સંસર્ગથી પોતાના આત્માને રોકીને સ્ત્રીઓ તથા પશુઓને પોતાના હાથનો સ્પર્શ પણ કરે નહિ. સ્ત્રી સંસર્ગ નરકના દ્વાર સમાન જાણી તેનો ત્યાગ કરવો એ હિતનું કારણ છે.

૧ ૨ ૬ ૭ ૮
सुविसुद्धलेसे मेहावी, परकिरिअं च वज्जए नाणी ।
૩ ૪ ૫ ૯ ૧૦
मणसा वयसा कायेणं, सव्वफाससहे अणगारे ॥२१॥

શબ્દાર્થ : (૧) વિશુદ્ધ ચિત્ત (૨) પંડિત (૩) મન (૪) વચન (૫) કાયા (૬) અન્યની ક્રિયાનો (૭) ત્યાગ કરે (૮) જ્ઞાની (૯) શીત ઉષ્ણ-સર્વ સ્પર્શોને (૧૦) સહન કરે (૧૧) મુનિ.

ભાવાર્થ:- વિશુદ્ધ ચિત્તવાળા તથા મર્યાદામાં સ્થિત જ્ઞાની સાધુ મન, વચન, કાયાથી સ્ત્રીઆદિ મૈથુન સેવન આદિ પરક્રિયાનો ત્યાગ કરે અને શીત ઉષ્ણ આદિ સર્વસ્પર્શોને પરિષહો સમભાવે સહન કરે એ જ સાચા સાધુ કહેવાય.

૧ ૩ ૨ ૫ ૬ ૪ ૬
इच्चेवमाहु से वीरे, धुअरए धुअमोहे से भिक्खू ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
तम्हा अज्झत्थविसुद्धे, सुविमुक्के आमोक्खाए परिव्वज्जासि
૧૩
त्तिबेमि ॥२२॥

શબ્દાર્થ : (૧) આ પ્રમાણે (૨) વીર પ્રભુએ (૩) કહેલ છે (૪) જેણે સ્ત્રી સંસર્ગજનિત કર્મોને (૫) દૂર કર્યા અને (૬) રાગદ્વેષ રહિત છે (૭) સાધુ (૮) તેથી (૯) નિર્મળ ચિત્ત (૧૦) સ્ત્રી સંસર્ગ વર્જિત (૧૧) મોક્ષ પર્યંત (૧૨) સંયમ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહે (૧૩) એમ હું કહું છું.

ભાવાર્થ:- જેણે સ્ત્રી સંસર્ગજનિત પાપકર્મોનો ત્યાગ કર્યો છે, જે રાગદ્વેષ રહિત છે, એવા નિર્મલ ચિત્તવાળા તથા સ્ત્રી સંસર્ગથી વર્જિત સાધુ મોક્ષ પર્યંત સંયમ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહે. એમ શ્રી વીર પ્રભુએ પૂર્વોક્ત વાતો-શિક્ષા ફરમાવેલ છે એમ જાણી આત્માર્થી સાધક મુનિએ તથા આત્માર્થી જીવોએ સ્ત્રી સહવાસ-પરિચયથી દૂર રહેવું તે આત્મ કલ્યાણનું કારણ છે.

અધ્યાય ૪ થો સમાપ્ત.

અધ્યયન ૫ મું

પ્રથમ ઉદ્દેશો.

નરકાધિકાર

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
પુચ્છિસ્સऽહં કેવલિયં મહેસિં, કહં ભિતાવા णरगा पुरत्था ?।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
अजाणओ मे मुणि बूहि जाणं, कहिं नु बाला नरयं उविंति ॥૧॥

શબ્દાર્થ : (૧) પુછ્યું હતું (૨) કેવલજ્ઞાની (૩) મહાવીર સ્વામીને (૪) કેવી (૫) પીડા (૬) નરકમાં (૭) પ્રથમ પહેલા (૮) જાણતો નથી (૯) મને (૧૦) હે મુનિ (૧૧) કહો (૧૨) આપ જાણો છો (૧૩) કેવી રીતે (૧૪) મૂર્ખ-જીવો (૧૫) નરકને (૧૬) પામે છે.

ભાવાર્થ:– શ્રી સુધર્માસ્વામીને શ્રી જંબૂસ્વામી પૂછે છે કે નારકીના જીવો નરક સ્થાનમાં કેવા દુઃખોને ભોગવે છે અને કયા કારણથી નરકમાં ઉત્પન્ન થાય છે. તેના ઉત્તરમાં શ્રી સુધર્માસ્વામી કહે છે કે મેં પૂર્વ સમયમાં કેવલજ્ઞાની શ્રી મહાવીર સ્વામીને પૂછ્યું હતું કે જીવોને નરકમાં કેવા દુઃખો હોય છે અને અજ્ઞાની જીવો કયા કારણથી નરકને પ્રાપ્ત કરે છે, એ હકીકત હું જાણતો નથી, આપ જાણો છો, તો તે હકીકત મને કહો.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
एवं मए पुट्ठे महाणुभावे, इणमोऽब्बवी कासवे आसुपन्ने ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
पवेदइस्सं दुहमट्ठदुग्गं, आदीणियं दुक्कडियं पुरत्था ॥૨॥

શબ્દાર્થ : (૧) એ પ્રમાણે (૨) મારા (૩) પૂછવાથી (૪) મહાત્મ્યવાળા (૫) આ પ્રમાણે (૬) કહ્યું હતું (૭) કાશ્યપગોત્રી (૮) શીઘ્રપ્રજ્ઞાવંત ભગવંત મહાવીર સ્વામી (૯) બતાવું છું (૧૦) નરકદુઃખદાયી છે (૧૧) દીનજીવોના નિવાસસ્થાન (૧૨) પાપી જીવો રહે છે (૧૩) તે હવે તમોને આગળ કહું છું.

ભાવાર્થ:– શ્રી સુધર્માસ્વામી જંબૂસ્વામી આદિ શિષ્યોને કહે છે કે ઉપરોક્ત મારા પૂછવાથી અતિશય માહાત્મ્યવાળા સર્વ વસ્તુમાં સદાઉપયોગ રાખવાવાળા કાશ્યપગોત્રી ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું કે નરકના સ્થાનો અતિ દુઃખદાયી છે, તે અજ્ઞાની જીવો જાણતાં નથી, ત્યાં તે નરક સ્થાનોમાં પાપી અને અત્યંત દીન જીવો નિવાસ કરે છે, તે હવે પછી હું તમોને કહું છું.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
જે કેઇ બાલા ઇહ જીવિયટ્ઠી, પાવાઇં કમ્માઇં કરંતિ રુદ્દા ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
તે ઘીરરૂવે તમિસંધયારે, તિવ્વાભિતાવે નરએ પડંતિ ॥૩॥

શબ્દાર્થ : (૧) જે કોઇ (૨) અજ્ઞાની (૩) આ લોકમાં (૪) જીવન માટે (૫) હિંસાદિ પાપ (૬) કર્મ (૭) કરે છે (૮) પ્રાણીઓને ભય ઉત્પન્ન કરનાર (૯) તે જીવો (૧૦) ઘોર ભયંકર રૂપવાળા (૧૧) મહાન અંધકાર યુક્ત (૧૨) તીવ્રદુઃખવાળા (૧૩) નરકમાં (૧૪) ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ:– પ્રાણીઓને ભય ઉત્પન્ન કરવાવાળા જે અજ્ઞાની જીવો પોતાના જીવનના રક્ષણ માટે અન્ય પ્રાણીઓની હિંસા, પરિતાપ આદિ પાપકર્મ કરે છે, તે જીવો તીવ્ર દુઃખવાળા તથા ઘોર અંધકાર યુક્ત મહા દુઃખદ નરકમાં ઉત્પન્ન થાય છે, રાગ અને દ્વેષથી યુક્ત મનુષ્યો તથા તિર્યંચો વગેરે મહા આરંભી તથા મહા પરિગ્રહી જીવો પંચેન્દ્રિય જીવોની હિંસામાં તત્પર, માંસ ભક્ષણ કરનારા, તથા સાવદ્ય અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત જીવો, નરકમાં ઉત્પન્ન થાય અને ત્યાં લાંબા કાળ સુધી દુઃખોને ભોગવે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
તિવ્વં તસે પાણિણો થાવરે ય, જે હિંસતી આયસુહં પડુચ્ચા ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
જે લૂસએ હોઇ અદત્તહારી, ણ સિક્ખતી સેયવિયસ્સ કિંચિ ॥૪॥

શબ્દાર્થ : (૧) તીવ્રતાથી (૨) ત્રસ (૩) જીવોની (૪) સ્થાવર (૫) જે જીવો (૬) ઘાત કરે છે (૭) પોતાના સુખ ને (૮) માટે (૯) જે જીવો (૧૦) જીવોના (૧૧) નાશ કરનારા (૧૨) ચોરી કરનારા (૧૩) નથી (૧૪) સંયમનું (૧૫) સેવન (૧૬) થોડું પણ કરી શકતા

ભાવાર્થ:- જે કોઇ જીવો પોતાના સુખને માટે ત્રસ અને સ્થાવર જીવોની અતિ નિર્દયતાથી રૌદ્ર પરિણામથી ઘાત કરે છે, પ્રાણીઓનો નાશ કરે છે, લુટે છે, અદત્તને ગ્રહણ કરે છે, એ જીવો આત્માના કલ્યાણરૂપ સેવન કરવા યોગ્ય સંયમનું થોડું પણ સેવન કરી શકતા નથી.

પાગબ્ભિ પાણે બહુણં તિવાતિ, અતિવ્વતેઘાતમુવેતિ બાલે ।
ણિહો ણિસં ગચ્છતિ અંતકાલે, અહોસિરં કટ્ટુ ઉવેઇ દુગ્ગં ॥૫॥

શબ્દાર્થ : (૧) પાપકરવામાં લજ્જા રહિત (૨) પ્રાણીઓ (૩) બહુ (૪) ઘાતકરનારા (૫) કષાયથી અનિવૃત્ત (૬) હિંસાથી (૭) નરકમાં જાય છે (૮) અજ્ઞાની જીવો (૯) અધોગતિમાં (૧૦) અંધકારવાળા સ્થાનમાં (૧૧) જાય છે (૧૨) મરણકાલે (૧૩) માથું (૧૪) નીચે કરી (૧૫) નરકના સ્થાનમાં ઉત્પન્ન થાય છે. (૧૬) અતિ પીડાવાળા.

ભાવાર્થ:- જે જીવો પ્રાણીઓની હિંસા કરવામાં લજ્જા રહિત ધીઠ છે અને રૌદ્ર પરિણામથી ધૃષ્ટતાની સાથે ઘણા જીવોની હિંસાના કરનારા, સદાક્રોધાગ્નિથી બળતા, જીવોની ઘાતથી અનિવૃત્ત જીવો નરકમાં જાય છે, અને મૃત્યુ સમયે અતિ અંધકારવાળા નરક સ્થાનમાં નીચે માથું અને પગ ઉંચા એવા ભયંકર યાતનાવાળા દુઃખમય સ્થાનમાં નરક કુંભીમાં ઉત્પન્ન થાય છે.

હણ છિંદહ ભિંદહ ણં દહેતિ, સદે સુણિતા પરહમ્મિયાણં ।
તે નારગાઓ ભયભિન્નસન્ના, કંખંતિ કન્નામ દિસં વયામો ॥૬॥

શબ્દાર્થ : (૧) મારો (૨) છેદન કરો (૩) ભેદન કરો (૪) બાળો (૫) શબ્દો (૬) સાંભળી (૭) પરમાધામીના (૮) તે (૯) નારકીજીવો (૧૦) ભયથી (૧૧) સંજ્ઞાહીન (૧૨) ઇચ્છે છે (૧૩) કઇ (૧૪) દિશામાં (૧૫) ભાગી જઇએ.

ભાવાર્થ:– પાપીજીવો તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યના ભવ છોડીને નરકમાં ઉત્પન્ન થનારાના શરીર ઉત્પત્તિ સમયે અન્તર્મુહૂર્ત સુધી માંસના લોચા જેવા હોય છે. ઈંડાથી નીકળેલ રોમ તથા પાંખો વિનાના પક્ષીના બચ્ચાના શરીર જેવા) અપર્યાપ્ત દશામાં ઉત્પન્ન થયા બાદ પર્યાપ્તી થયા પછી અતિ ભયંકર પરમાધાર્મિકોના શબ્દ સાંભળે છે. મારો, તલવારથી છેદન કરો. ભાલાથી ભેદો, અગ્નિમાં બાળો આદિ પરમાધાર્મિકોના શબ્દ સાંભળી નારકીના જીવો ભયથી સંજ્ઞાહીન થઇ જાય છે, અને વિચારે છે કે અમો કઇ દિશામાં ભાગી છૂટીએ, અથવા આ મહાઘોર દુઃખથી રક્ષણને પ્રાપ્ત કરીએ.

૧ ૨ ૩ ૪ ૫ ૬
इंगालरासिं जलियं सजोतिं, तत्तोवमं भूमिमणुक्कमंता ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
ते डज्झमाणा कलुणं थणंति, अरहस्सरा तत्थ चिरट्ठितीया ॥७॥

શબ્દાર્થ : (૧) અંગારાનીરાશી (૨) જલતી (૩) જ્યોતિસહિત (૪) ભૂમિનાસમાન (૫) ભૂમિપર (૬) ચાલતા (૭) દાઝતા (૮) કરૂણ શબ્દથી (૯) રૂદન કરતા હોય છે (૧૦) બહુ જ જોરથી પ્રગટ પણે (૧૧) ત્યાં (૧૨) લાંબાકાળ સુધી નિવાસ કરે છે.

ભાવાર્થ:– તે નરકની પૃથ્વી બળતાં અંગારા સમાન જ્યોતિ સહિત તપ્ત ભૂમિપર ચાલતા થકા નારકીના જીવો બળતાં દાઝતાં બહુ જોરથી પ્રગટ શબ્દોથી અતિ કરૂણ રૂદન કરતાં થકાં લાંબાકાળ સુધી ત્યાં રહેતા થકાં દુઃખોને ભોગવે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
जइ ते सुया वेयरणी भिदुग्गा, णिसिओ जहा खुर इव
૮
तिक्खसोया ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
तरंति ते वेयरणीं भिदुग्गां, उसुचोइया सत्तिसु हम्ममाणा ॥८॥

શબ્દાર્થ : (૧) હે શિષ્ય તમે (૨) સાંભળ્યું છે (૩) વૈતરણી નદી (૪) અતિ દુર્ગમ (૫) અસ્ત્રાની (૬) માફક (૭) તીક્ષણ ધારવાળી (૮) તીક્ષણ પ્રવાહવાળી (૯) નદીમાં પડે છે (૧૦) વૈતરણીમાં (૧૧) અતિ દુર્ગમ (૧૨) ચલાવ્યા થકા શસ્ત્રથી ભેદી (૧૪) નારકીઓ નદીમાં કુદી પડે છે.

ભાવાર્થ:- અસ્ત્રાના સમાન તીક્ષણ પ્રવાહવાળી વૈતરણી નદીને હે શિષ્યો તમોએ સાંભળી હશે ? એ નદી અતિ દુર્ગમ છે. ત્યાં નારકીઓને ભાલાથી ભેદીને પ્રેરિત કર્યા થકાં નારકીઓ લાચાર બની ભયથી ભાગી એ ભયંકર નદીમાં કૂદીને પડે છે, પરંતુ તે નદી ઉષ્ણ અને લોહી સમાન વહતી હોય છે, તેમાં નારકીના અંગો છેદાઇ કટકા થઇ જાય છે, આવા દુઃખો નરકમાં સહન કરવા પડે છે, ત્યાં નરકની ભૂમિ બળતા અંગારા સમાન હોઇ નારકીના જીવોને એક ક્ષણમાત્ર સુખ નથી. જેથી દુઃખથી ગભરાઇ રુદન કર્યા કરે છે, પાપી જીવો આવા નરકના સ્થાનમાં ઉત્પન્ન થાય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
कीलेहिं विज्झंति असाहुकम्मा, नावं उविंते सइविप्पहूणा ।
૮ ૧૦ ૧૧ ૯ ૧૨ ૧૩
अन्ने तु सूलाहिं तिसूलियाहिं, दीहाहिं विधूण अहेकरंति ॥९॥

શબ્દાર્થ : (૧) ગળામાં ખીલા (૨) નાખે છે (૩) પરમાધામી (૪) નાવ ઉપર (૫) ચડતા (૬) સ્મૃતિ (૭) રહિત (૮) અન્ય નરકપાલો (૯) લાંબા (૧૦) શૂલથી (૧૧) ત્રિશૂલથી (૧૨) ભેદીને (૧૩) નાવઉપરથી નીચે પાડે છે.

ભાવાર્થ:– વૈતરણી નદીમાં પડેલ નારકી ત્યાં છેદાતા થકા દુઃખથી ગભરાઈ ખેદિત થઇ પરમાધામીએ વિકુર્વેલ નાવ ઉપર ચડવા જતાં નાવમાં બેઠેલાં પરમાધામિકો ત્રિચારા નારકી જીવોના ગળામાં લોખંડના ગરમ કરેલાં અણીદાર ખીલા નાખે છે. આવા દુઃખોથી સંજ્ઞાહીન થયેલાં નારકી આવા દુઃખોથી વધારે સંજ્ઞાહીન બને છે એ સમયે ત્રાણ શરણનો કોઇ માર્ગ નહિ દેખાતાં કર્તવ્યમૂઢ બની જાય છે. વળી કોઈ નરકપાલ ચિત્ત વિનોદને માટે નારકીઓને શૂલ તથા ત્રિશૂલથી વીંધીને પૃથ્વી ઉપર પછાડે છે.

૧ ૪ ૨ ૩ ૬ ૭ ૫
केसिं च बंधित्तु गले सिलाओ, उदगंसि बोलंति महालयंसि ।
૯ ૮ ૧૦ ૧૨ ૧૧ ૧૪ ૧૩
कलंबुयावालुय मुम्मुरे य, लोलंति पच्चंति अ तत्थ अन्ने ॥१०॥

શબ્દાર્થ : (૧) કોઇ નારકીજીવો (૨) ગળે (૩) પથ્થરની શીલા (૪) બાંધી (૫) ઉંડાપાણીમાં (૬) ડૂબાડે છે (૭) અન્ય (૮) તપ્ત (૯) રેતીમાં તથા (૧૦) અગ્નિમાં નાંખી (૧૧) પકાવે છે (૧૨) ચલાવે છે ત્યાં (૧૩) પરમાધામી (૧૪) તૃપ્ત ભૂમિ ઉપર.

ભાવાર્થ:– નરકપાલો કોઇ નારકી જીવોના ગળે પથ્થરની શીલા બાંધી અગાધ ઉંડા પાણીમાં બૂડાડે છે. અન્ય પરમાધામી અતિ તૃપ્ત રેતીમાં નારકી જીવોને આમતેમ ચલાવે છે. કોઇ અગ્નિમાં નાંખી પકાવે છે. વળી અન્ય પરમાધામી નારકી જીવોને શૂલથી વીંધી અગ્નિમાં પકાવે છે. જીવોની હિંસા કરનારાઓ આવા નરકસ્થાનોમાં ઉત્પન્ન થઈ દુઃખો ભોગવે છે.

૧ ૨ ૩ ૪ ૫
आसूरियं नाम महाभितावं, अंधंतमं दुप्पतरं महंतं ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
उड्ढं अहेअं तिरियं दिसासु, समाहिओ जत्थऽगणी झियाई॥११॥

શબ્દાર્થ : (૧) સૂર્ય રહિત (૨) મહાનતાપયુકત (૩) અતિ અંધકાર યુકત (૪) દુસ્તર (૫) મહાન (૬) ઉંચે (૭) નીચે (૮) તિર્ચ્છ (૯) દિશામાં (૧૦) રહેલ (૧૧) જ્હા (૧૨) અગ્નિ (૧૩) પ્રજ્વલિત.

ભાવાર્થ:- આ સુરિય નામની એટલે જ્યાં સૂર્યનો પકાશ નથી, અતિ અંધકારવાળા મહાન તાપયુકત દુઃખથી પાર થઇ શકે તેવા મહાન વિશાલ કુંભીના આકારવાળા સ્થાનોમાં જ્યાં ઊંચે, નીચે, તિર્ચ્છ દિશામાં અગ્નિ જાજલ્યમાન બળતી હોય છે, તેવા કષ્ટવાળા નરકસ્થાનોમાં પાપી જીવો ઉત્પન્ન થાય છે અને ત્યાં લાંબા કાળ સુધી દુઃખોને ભોગવતા થકા રહે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
जंसी गुहाए जलणेऽतिउट्टे, अविजाणओ डज्झइ लुत्तपण्णो ।
૧૦ ૮ ૯ ૧૧ ૧૩ ૧૨ ૧૪
भया य कलुणं पुण घम्मठाणं, गाढोवणीयं अतिदुक्खधम्मं॥१२॥

શબ્દાર્થ : (૧) જે નરકમાં (૨) ગુફાના આકારમાં સ્થાપિત (૩) અગ્નિમાં પોતાના પાપ કૃત્યથી અજ્ઞાન (૪) અજાણથી પડતા થકાં (૬) બળતા થકાં (૭) બુદ્ધિહીન (૮) દીન (૯) પુનઃ (૧૦) સદા (૧૧) તાપનું સ્થાન (૧૨) અત્યન્ત દુઃખ રૂપ સ્થાન (૧૩) તીવ્ર તાપવાળા (૧૪) સ્વભાવવાળા.

ભાવાર્થ:- જે નરકમાં ઊંટના આકારવાળી ગુફાની સમાન આકારવાળી નરકમાં સ્થાપિત કરેલ બળતી અગ્નિવાળા સ્થાનમાં પ્રવેશી અગ્નિથી બળતા થકા નારકી જીવો સંજ્ઞાહીન બની રહે છે. આ નરકસ્થાન કરુણાયુક્ત તાપનું સ્થાન છે. જેનો અત્યન્ત દુઃખ આપવાનો સ્વભાવ છે એવા દુઃખમય સ્થાનો પાપકર્મોના ફળરૂપે પ્રાપ્ત થાય છે. જ્યાં નેત્રના નિમેષ માત્ર જેટલા કાળ સુધી પણ દુઃખોથી વિશ્રામ મલતો નથી. નિરંતર નારકી જીવોને કષ્ટો ભોગવવાં પડે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
चत्तारि अगणीओ समारभिता जहिं कुरकम्माऽभितविंति बालं
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
ते तत्थ चिट्ठंतऽभितप्पमाणा मच्छा व जीवंतुवजोतिपत्ता॥१३॥

शब्दार्थ : (१) चारे दिशाओमां (२) अग्नि (३) सळगावी (४) जे नरक भूमिमां क्रूर कर्म करवावाळा (६) तपावे छे अज्ञानी जीवने (८) नारकी जीवो (९) त्यां (१०) रहे छे (११) बळतां थका (१२) माछलीनी जेम (१३) जीवती (१४) अग्नि (१५) पासे.

भावार्थ:- उपरोक्त नरकस्थानोमां परमाधामी चारे दिशाओमां अग्निने सळगावी, अज्ञानी नारकी जीवोने तपावे छे; जेम जीवती माछला अग्निमां बळे अने दुःख पामे छतां त्यां ज स्थिर रहे छे, तेम बिचारा नारकीओ अग्निमां बळतां थकां (सर्व दिशाओमां जलती अग्नि होवाना कारणे) त्यां ज नरकस्थानमां लांबा काळ सुधी निवास करे छे अने तीव्र दुःखोने भोगवे छे.

१ २ ३ ६ ४ ५
संतच्छणं नाम महाहितावं, ते नारया जत्थ असाहुकम्मा ।
७ ८ ९ १० २ ११
हत्थेहि पाएहि य बंधिऊणं, फलगं व तच्छंति कुहाडहत्था॥१४॥

शब्दार्थ : (१) संतक्षण (२) नामनी (३) महान ताप देनारी (४) जेमां (५) बुरा कर्म करवावाळा परमाधार्मिको (६) नारकी जीवोना (७) हाथ (८) पग (९) बांधीने (१०) काष्टनी माफक (११) हाथमां कुहाडो लइ (१२) कापे छे.

भावार्थ:- संतक्षण नामनुं एक नरकस्थान छे ते त्यां उत्पन्न थता जीवोने महाताप देवावाळुं छे, एे नरकस्थानमां क्रूरकर्म करवावाळा दयारहित परमाधार्मिको पोताना हाथमां कुहाडा लइ नारकी जीवोना हाथ-पग बांधी, काष्टनी माफक कुहाडाथी कापे छे, छेदन-भेदन करे छे.

૨ ૧ ૩ ૪ ૫ ૬ ૭
रुहिरे पुणो वच्चसमुस्सिअंगे, भिन्नुत्तमंगे वरिवत्तयंता ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
पयंति णं णेरइए फुरंते, सजीवमच्छे व अयोकवल्ले ॥१५॥

શબ્દાર્થ : (૧) વળી નારકી જીવોના (૨) લોહી (૩) મળ દ્વારા (૪) સુજી ગયેલ (૫) શરીરવાળા (૬) મસ્તક ભાંગી નાખેલ શરીરને (૭) ઉંચે–નીચે કરે છે અગ્નિમાં (૮) પકાવે છે (૯) નારકીજીવો (૧૦) તરફડી રહ્યા છે (૧૧) જીવતી માછલીની જેમ (૧૨) લોઢાની કડાઇમાં.

ભાવાર્થ:– પરધામી નારકી જીવોના શરીરમાંથી લોહી કાઢી કડાઇમાં ગરમ કરી નારકી જીવોને તેમાં પકાવે છે, (જીવતી માછલીની જેમ) નારકીઓ તરફડાટ કરે છે. એ નારકી જીવોના મસ્તકના ચુરેચુરા કરે છે, જેથી તેના શરીરો સુજી જાય છે. આવી રીતે પરમાધામી નારકી જીવોને અસહ્ય પીડા આપે છે, આવા સ્થાનોમાં પાપી જીવો ઉત્પન્ન થાય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૭ ૬ ૮
नो चेव ते तत्थ मसीभवंति, ण मिज्जती तिव्वभिवेयणाए ।
૯ ૧૦ ૧૩ ૧૨ ૧૧
तमाणुभागं अणुवेदयंता दुक्खंति दुक्खी इह दुक्कडेणं ॥१६॥

શબ્દાર્થ : (૧) નથી (૨) નારકીજીવો (૩) ત્યાં નરકમાં અગ્નિમાં બળતા છતાં (૪) ભસ્મ (૫) થતા (૬) મૃત્યુ પામતા (૭) નથી (૮) તીવ્ર પીડા હોવા છતાં પાપોના ફળરૂપ (૯) પીડા (૧૦) ભોગવતાં રહે છે (૧૧) પૂર્વભવોમાં કરેલ પાપ કર્મોના કારણથી (૧૨) દુઃખ (૧૩) પામી રહેલા છે.

ભાવાર્થ:– નારકીના જીવો નરકસ્થાનમાં અગ્નિમાં છતાં બળીને ભસ્મ થતાં નથી તથા તીવ્ર વેદના ભોગવવા છતાં મૃત્યુને પામતા નથી. આ લોકના પૂર્વના ભવોમાં તિર્યંચ પંચેન્દ્રિયના ભવમાં તથા મનુષ્યના ભવમાં હિંસા આદિ પાપકાર્યો કરવાના કારણથી નરકમાં ઉત્પન્ન થઇ નરકની તીવ્ર પીડા ભોગવતાં ઓછામાં ઓછા દશ હજાર

વરસ સુધી અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ કાળ સુધી તીવ્ર અને મંદ પાપકર્મોને આશ્રયી ઓછો કે વધારે સમય નરકસ્થાનમાં રહે છે. નરકની વેદનાનું વિશેષ વર્ણન મ. શ્રી જવાહરલાલજી કૃત સુયગડાંગ સૂત્રમાં જોવું. આ લોકની વેદના કરતાં નરકસ્થાનોમાં અનંતગુણી વેદના કહેલ છે.

१ २ ३ ४ ५ ६
तहिं च ते लोलणसंपगाढे, गाढं सुतत्तं अगणिं वयंति ।
७ ८ ९ १० ११ १२ १३ १४
न तत्थ सायं लहती भिदुग्गे,अरहियाभितावा तहवी तविंति॥१७॥

શબ્દાર્થ : (૧) એ નરકમાં (૨) વિશેષગાઢ અગ્નિ વિશાલક્ષેત્રમાં (૩) અત્યન્ત (૪) તપ્ત (૫) અગ્નિ પાસે (૬) નારકીઓ જાય છે (૭) નથી (૮) ત્યાં લેશમાત્ર નારકીના જીવો (૯) સુખ (૧૦) પામતા (૧૧) અતિદુર્ગમ (૧૨) તાપથી યુકત હોવા છતા (૧૩) તથાપી (૧૪) તપાવે છે.

ભાવાર્થ:– જે નરકસ્થાનમાં શીતનો ઉપદ્રવ વધારે છે ત્યાં શીતથી પીડિત નારકીઓ પોતાને લાગતી તીવ્ર ઠંડી દૂર કરવા માટે બળતા અગ્નિ પાસે જાય છે. પરંતુ ત્યાં પણ લેશમાત્ર નારકીના જીવો સુખ પામતા નથી. વળી ત્યાંની અગ્નિ અતિ ભયંકર હોવાથી ત્યાં દાહની પીડાથી બળતા દુઃખ પામતા તેઓને પરમાધામીઓ વિશેષ તપાવી વધારે બાળે છે અને ગરમ તેલ છાંટી વધારે પીડા ઉત્પન્ન કરાવે છે.

१ २ ३ ४ ६ ७ ५
से सुचई नगरवहे व सद्द, दुहोवणीयाणि पयाणि तत्थ ।
८ १० १६ ११ १२
उदिण्णकम्माण उदिण्णकम्मा पुणो पुणो ते सरहं दुहेंति॥१८॥

શબ્દાર્થ : (૧) પશ્ચાત (૨) સંભળાય છે (૩) નગર વધના સમાન (૪) શબ્દો (૫) નરકમાં (૬) કરુણામય (૭) મહાન શબ્દો (૮) મિથ્યાત્વ આદિ ઉદયથી

કર્મોનો (૯) ઉદય પ્રાપ્ત થયેલ નારકીઓને (૧૦) વારંવાર (૧૧) ઉત્સાહથી નરકપાલો (૧૨) દુઃખ આપે છે

ભાવાર્થ:– જેમ કોઇ નગરનો નાશ થતો હોય તે સમયે કરુણાજનક શબ્દો સંભળાય એની માફક એ નરકમાં પરમાધામીઓ તરફથી અશુભ કર્મોનો ઉદય થયેલ નારકી જીવોને છેદન, ભેદન તથા અગ્નિમાં બાળવા આદિ ત્રીજી નરક સુધીમાં વિવિધ પ્રકારનાં દુઃખો પ્રાપ્ત થાય છે અને ચોથી નરકથી સાતમી નરક સુધી અન્યોઅન્ય નારકી જીવો એકબીજાને વૈક્રિય રૂપો બનાવી દુઃખો આપે છે, જેથી ત્યાં તે નરકમાં નારકી જીવો હે માત, હે તાત મારૂં રક્ષણ કરો આદિ કરુણાજનક શબ્દથી કોલાહલ તથા પ્રગટપણે રૂદન કરતા હોવાના શબ્દો સંભળાય છે. વળી ત્યાં પરધામીઓ નારકીઓને દુઃખ આપવામાં આનંદ માની ઉત્સાહપૂર્વક નારકીઓને દુઃખ આપે છે.

પાણેહિ ણં પાव વિઓજયંતિ, તં ભે પવક્ખામિ જહાતહેણં ।
દંડેહિ તત્થા સરયંતિ બાલા, સવ્વેહિં દંડેહિ પુરાકએહિં ॥૧૯॥

શબ્દાર્થ : (૧) પરમાધામી (૨) નારકી જીવોના (૩) અંગોપાંગકાપી અલગ કરે છે (૪) તેના કારણ (૫) તમોને (૬) જેમ છે તેમ કહી (૭) બતાવું છું (૮) અજ્ઞાની પરમાધામી (૯) પાપકાર્યોને (૧૦) પૂર્વ (૧૧) કૃતસર્વ (૧૨) યાદ કરાવી (૧૩) નારકીઓને પીડા આપે છે

ભાવાર્થ:– પાપી પરમાધામી નારકીના જીવોને દુઃખો શા માટે આપે છે તે કારણ તમોને બતાવું છું. નારકી જીવોએ પૂર્વના ભવમાં અન્ય જીવોને આપેલ દુઃખો (હિંસા કરીને, પ્રતિકૂળતા આપી, અન્યની સંપત્તિને લૂંટીને, પરસ્ત્રી સેવન આદિ પાપકાર્યોથી અન્યને ઉપજાવેલ દુઃખોના કારણે)ના કારણો યાદ કરાવીને અંગોનું છેદન

કરીને અંગોને જુદા જુદા કરી આદિ ઘણા પ્રકારે નારકીઓને દુઃખો આપે છે. મનુષ્યના ભવમાં માંસ ખાનારા, દારૂ પીનારા જીવોને આવા પ્રકારના દુઃખો પ્રાપ્ત થાય છે.

૧ ૨ ૩ ૪ ૬ ૫ ૭
ते हम्ममाणा णरगे पडंति, पुन्ने दुरूवस्स महाभितावे ।
૮ ૧૧ ૯ ૧૦ ૧૪ ૧૨ ૧૩
ते तत्थ चिट्ठंति दुरूवभक्खी, तुट्टंति कम्मोवगया किमीहिं॥२०॥

શબ્દાર્થ : (૧) નારકીના જીવો પરમાધામી વડે (૨) હણાતા (૩) અન્ય નરકમાં (૪) પડે છે (૫) વિષ્ટા તથા (૬) મૂત્રથી ભરેલ (૭) મહાન કષ્ટ વાળા (૮) ત્યાં (૯) વિષ્ટા મૂત્રાદિના (૧૦) ભક્ષણ કરતા થકા (૧૧) લાંબા કાળ સુધી રહે છે (૧૨) કર્મને વશીભૂત (૧) મોટા કીડા દ્વારા (૧૪) શરીરો છેદાય છે.

ભાવાર્થ:– પરધામી દ્વારા હણાતા, માર ખાતા, નારકીના જીવો ત્યાંથી ભાગીને, કૂદીને અન્ય બીજા નરકસ્થાનમાં જઇ પડે છે. તે નરકસ્થાન પણ વિષ્ટા તથા મૂત્રથી પૂર્ણ ભરેલ હોય છે. ત્યાં તે અશુભ પુદ્ગલોનું ભક્ષણ કરતા થકા લાંબા કાળ સુધી રહે છે. વળી ત્યાં અન્ય નારકીઓ કીડાના રૂપો બનાવી, તે નારકીઓના શરીરને બટકા ભરી તોડી નાંખે છે. પાપી જીવો આવા દુઃખમય સ્થાનમાં ઉત્પન્ન થઇ દુઃખોને ભોગવે છે.

૧ ૨ ૪ ૩ ૫ ૬ ૭
सया कसिणं पुण घम्मठाणं, गाढोवणीयं अतिदुक्खधम्मं ।
૮ ૧૧ ૧૦ ૧૩ ૧૨ ૧૪
अंदूसु पक्खिप्प विहत्तु देहं, वेहेण सीसं सेऽभितावयंति ॥२१॥

શબ્દાર્થ : (૧) સદા (૨) સંપૂર્ણ સ્થાન (૩) ઉષ્ણ રહે છે (૪) વળી એ સ્થાન (૫) નિધત્ત નિકાચિત્ત કર્મો દ્વારા પ્રાપ્ત (૭) અતિદુઃખ આપવાના

(૭) સ્વભાવવાળા નારકીને (૮) બેડીમાં (૯) નાંખે છે (૧૦) દેહને (૧૧) કાપે છે (૧૨) મસ્તકમાં (૧૩) છિદ્ર કરી (૧૪) પીડા આપે છે.

ભાવાર્થ:– નારકીના જીવોના રહેવાના સ્થાનો પ્રાયઃ સદા સંપૂર્ણ ગરમ રહે છે, આ સ્થાનો નિધત્ત, નિકાચિત્ત આદિ તીવ્રકર્મો દ્વારા નારકીના જીવોને પ્રાપ્ત થાય છે, આ સ્થાનોનો સ્વભાવ નારકી જીવોને અત્યન્ત દુઃખ રૂપ હોય છે, તેમ જ આ સ્થાનોમાં પરમાધામીઓ નારકી જીવોના શરીરને બેડીમાં નાંખી શસ્ત્રે કરી તોડી મરડી, મસ્તકમાં છિદ્ર પાડી નારકીઓને પીડા આપે છે.

૧ ૨ ૪ ૩ ૫ ૮ ૬ ૭
छिंदंति बालस्स खुरेण नक्कं, उट्ठेवि छिंदंति दुवेवि कण्णो ।
૯ ૧૧ ૧૦ ૧૨ ૧૩
जिब्भं विणिक्कस्स विहत्थिमित्तं, तिक्खाहिं सूलाहि-
૧૪
ऽभितावयंति ॥૨૨॥

શબ્દાર્થ : (૧) છેદે છે (૨) અજ્ઞાની નારકીજીવોની (૩) નાસિકાને (૪) અસ્ત્રાથી (૫) હોઠ (૬) બંને (૭) કાન (૮) કાપીલે છે (૯) જીભ (૧૦) વેંત-ભર (૧૧) બહારકાઢી (૧૨) તીક્ષ્ણ (૧૩) શૂલથી વીંધીને (૧૪) દુઃખ આપે છે.

ભાવાર્થ:– પરમાધામી–નરકપાલ નિર્વિવેકી નારકી જીવોની તીક્ષ્ણ અસ્ત્રાથી નાસિકા, બંને હોઠ તથા બંને કાનને કાપી લે છે અને જીભને વેંત જેટલી બહાર કાઢી તીક્ષ્ણ શૂલથી વીંધીને નારકીઓને દુઃખ આપે છે

૨ ૧ ૩ ૪ ૫ ૬ ૭
ते तिप्पमाणा तलसंपुडंव, राइंदियं तत्थ थणंति बाला ।
૧૦ ૧૩ ૮ ૯ ૧૧ ૧૨ ૧૪
गलंति ते मोणिअपूयमंसं, पज्जोइया खारपइद्धियंगा ॥૨૩॥

શબ્દાર્થ : (૧) અંગોમાંથી લોહી ટપકે છે (૨) નારકી (૩) સુકા તાડ પત્ર સમાન (૪) રાત્રિ દિવસ (૫) એ નરક સ્થાનમાં (૬) રૂદન કરે છે (૭) અજ્ઞાની નારકીના અંગોમાંથી (૮) પરુ (૯) માંસ (૧૦) ઝરતા રહે છે (૧૧) અગ્નિમાં બળતા (૧૨) ખાર છાંટે છે (૧૩) લોહી (૧૪) શરીર પર.

ભાવાર્થ:- અજ્ઞાની નારકી જીવોના શરીરના અંગોમાંથી લોહી પરુ ટપકતાં ઝરતાં થકાં તાલ નામના વૃક્ષના સુકા પાંદડા જેવા દુર્બળ નારકીઓ રાત્રિ દિવસ નરકસ્થાનમાં કરુણાયુકત રૂદન કરતાં રહે છે. વળી તે નારકીઓને અગ્નિમાં બાળી પશ્ચાત તેના શરીર ઉપર ખાર છાંટે છે, તેથી તેના શરીરમાંથી લોહી, પાસ, ઝરતાં રહે છે, આવી તીવ્ર પીડા નારકીઓ પૂર્વે કરેલ ક્રુર કર્મોના વિપાકોથી ભોગવી રહેલા છે.

૧૦ ૧૧ ૧૬ ૧ ૨ ૩ ૪ ૫ ૬
जइ से सुता लोहितपूअपाई, बालागणी तेअगुणा परेणं ।
૯ ૮ ૭ ૧૫ ૧૨ ૧૩ ૧૪
कुंभी महंताहियपोरसीया, समूसिता लोहियपूयपुण्णा ॥२४॥

શબ્દાર્થ : (૧) લોહી તથા (૨) પરૂને (૩) પકવનારી નવીન (૪) અગ્નિના તાપ સમાન (૫) જેનો ગુણ છે (૬) અતિતાપયુકત (૭) પુરુષ પ્રમાણથી અધિક (૮) બહુમોટી (૯) કુંભી નામની નરકની ભૂમિ (૧૦) કદાચિત્ (૧૧) તમે (૧૨) લોહી (૧૩) પરુથી (૧૪) ભરેલી (૧૫) ઉંચી (૧૬) સાંભળી હશે.

ભાવાર્થ:- લોહી તથા પાસને પકવનારી નવીન અગ્નિના સમાન તેજથી યુકત હોવાથી અત્યન્ત તાપ યુકત પુરુષ પ્રમાણથી અધિક મહાન મોટી તથા ઉંચી લોહી અને પરુથી ભરેલી કુંભી નામની નરક તમોએ કદાચ સાંભળી હશે. વળી ઉંટના જેવા આકારવાળી અને ચારે તરફ અગ્નિ હોવાથી ઘૃણાસ્પદ છે.

૩ ૧ ૪ ૨ ૫ ૬ ૭
पक्खिप्प तासुं पयर्यंति बाले, अट्टस्सरे ते कलुणं रसंते ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
तण्हाइया ते तउतंबतत्तं, पज्जिज्जमाणाऽट्टतरं रसंति ॥२५॥

શબ્દાર્થ : (૧) લોહી તથા પરુથી ભરેલી કુંભીમાં પરમાધામીઓ (૨) અજ્ઞાની નારકીને (૩) નાંખીને (૪) પકાવે છે (૫) ત્યાં આર્તનાદથી (૬) કરુણાયુક્ત (૭) રૂદન કરેછે (૮) તૃષાથી (૯) વ્યાકુળ તે નારકીઓને પરમાધામી (૧૦) સીસા (૧૧) તાંબા (૧૨) ગરમ (૧૩) પીવરાવે છે (૧૪) આર્તસ્વરે (૧૫) રૂદન કરે છે.

ભાવાર્થ:– લોહી તથા પરુથી ભરેલી ઉપરોક્ત કુંભીમાં નારકીઓને નાંખી પકાવે છે, ત્યાં આર્તનાદથી કરુણાયુક્ત રૂદન કરતા નારકીઓ તૃષાથી વ્યાકુળ થતા પરમાધામીઓ સીસા તથા તાંબાને ગરમ કરીને તે રસ નારકીઓને પીવરાવે છે, તેથી ત્યાં વિશેષ રૂદન કરે છે, પૂર્વભવમાં દારૂ પીધેલનું સ્મરણ કરાવીને ધખધખતા સીસા તાંબાના રસોને પીવરાવે છે. આવા તીવ્રદુઃખો નરકમાં નારકીઓ ભોગવે છે.

૧ ૩ ૧ ૪ ૮ ૫ ૬ ૭
अप्पेण अप्पं इह वंचइत्ता, भवाहमे पुव्वसते सहस्से ।
૧૧ ૧૦ ૯ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
चिट्ठंति तत्था बहुकूरकम्मा, जहा कडं कम्म तहासि भारे ॥२६॥

શબ્દાર્થ : (૧) મનુષ્યભવમાં (૨) પોતે (૩) પોતાને (૪) વંચિત કરી (૫) પૂર્વજન્મમાં (૬) સેંકડો (૭) હજારો (૮) અધમભવો પ્રાપ્ત કરી (૯) બહુ કુરકર્મી જીવો (૧૦) ઉપરોક્ત નરકમાં (૧૧) રહે છે (૧૨) જેવા (૧૩) કર્યા (૧૪) કર્મ (૧૫) હોય તે અનુસાર નરકની (૧૬) પીડા પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:– મનુષ્યભવનાં થોડા સુખના લોભે આસક્ત જીવો પોતે પોતાને વંચિત કરી પોતાના જ આત્માને ઠગી પૂર્વ જન્મોમાં

સેંકડો હજારોવાર અધમ ભવો પ્રાપ્ત કરી ઘણા ક્રૂર કર્મો કરીને એ ક્રૂર કર્મી જીવો, ઉપર કહેલ મુજબ દુઃખમય નરકમાં ઉત્પન્ન થઇ લાંબા કાળ સુધી જેવાં જેવાં તીવ્ર કે મંદ કર્મો કર્યા હોય, તેને અનુસાર પીડા પામે છે, ભોગવે છે. ગાઢ કર્મો કરવાવાળા અતિ દુઃખરૂપવાળા નરક સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. પ્રથમની નરક કરતાં બીજી નરકના દુઃખો વધારે તીવ્ર હોય છે, એ રીતે અનુક્રમે સાતમી નરક સુધી વધારે વધારે દુઃખો હોય છે. જે વ્યક્તિ અન્યને ઠગે છે તે પોતે જ ઠગાય છે, અન્ય જીવોની ઘાત કરનાર પોતાના આત્માની જ ઘાત કરે છે તેનું અજ્ઞાની જીવોને જ્ઞાન હોતું નથી.

૩ ૨ ૧ ૪ ૫ ૬
समज्जिणित्ता कलुसं अणज्जा, इट्ठेहि कंतेहि य विप्पहूणा ।
૭ ૮ ૯ ૧૧ ૧૦ ૧૨
ते दुब्भिगंधे कसिणे य फासे, कम्मोवगा कुणिमे आवसंति॥२७॥

શબ્દાર્થ : (૧) અનાર્ય પુરુષ (૨) પાપ (૩) ઉપાર્જન કરી (૪) ઇષ્ટ (૫) પ્રિય (૬) રહિત (૭) દુર્ગંધ (૮) ભરેલ (૯) અશુભ સ્પર્શવાળા (૧૦) માંસ લોહીથી પૂર્ણ નરકમાં (૧૧) કર્મવશીભૂત (૧૨) નિવાસ કરે છે.

ભાવાર્થ:– અનાર્ય પુરુષો પાપ ઉપાર્જન કરીને ઇષ્ટ તથા પ્રિયથી રહિત દુર્ગંધવાળી અશુભ સ્પર્શવાળા માંસ તથા લોહીથી પૂર્ણ ભરેલ દુઃખમય નરકસ્થાનમાં કર્મને વશીભૂત ઉત્પન્ન થઇ દુઃખો ભોગવતાં નિવાસ કરે છે. જીવો માતા, પિતા, પુત્ર, સ્ત્રી આદિ સ્વજનો માટે તથા પોતાના શરીરના મમત્વથી હિંસા આદિ પાપનું ઉપાર્જન કરીને સડી ગયેલા મુડદાંથી પણ ખરાબ ગંધવાળા તથા કર્કશ સ્પર્શવાળા ઉદ્વેગ જનક તથા હાહાકાર શબ્દ જ્યાં થતા હોય છે, એવા તીવ્ર દુઃખોવાળા નરકસ્થાનોમાં પાપી જીવો ઉત્પન્ન થાય છે અને ત્યાં ઘણા લાંબાકાળ સુધી દુઃખો ભોગવતાં થકાં રહે છે. એમ જાણી આત્માર્થી જીવોએ આરંભ પરિગ્રહના

મમત્વને દૂર કરી મનુષ્ય ભવને સફલ બનાવવા જાગૃત રહેવું એ શ્રેયનું કારણ છે.

પ્રથમ ઉદ્દેશો સમાપ્ત

★

સૂત્ર કૃતાંગ સૂત્ર અ૦ ૫ ઉ૦ ૨

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૯ ૮
अहावरं सासयदुक्खधम्मं, तं मे पवक्खामि जहातहेणं ।
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૫ ૧૪
बाला जहा दुक्कडकम्मकारी, वेदंति कम्माइं पुरेकडाइं ॥१॥

શબ્દાર્થ : (૧) પશ્ચાત (૨) અન્ય નરક વિષયમાં (૩) નિરન્તર (૪) દુઃખદેવાનો (૫) સ્વભાવ (૬) નરક સંબંધમાં (૭) તમોને (૮) જેમ છે તેમ (૯) કહું છું (૧૦) અજ્ઞાનીજીવો (૧૧) જે રીતે (૧૨) પાપ કર્મો (૧૩) કર્યા હોય (૧૪) પૂર્વજન્મમાં કરેલા (૧૫) કર્મોના ફળ (૧૬) ભોગવે છે.

ભાવાર્થ:- શ્રી સુધર્માસ્વામી જમ્બૂસ્વામી આદિ પોતાના શિષ્યવર્ગને કહે છે કે નિરંતર દુઃખ દેવાવાળા અન્ય નરકસ્થાનના સંબંધમાં તમોને ત્યાંના દુઃખોની હકીકત કહું છું. જે અજ્ઞાની પુરુષો પરમાર્થને નહિ જાણવાવાળા કર્મોના વિપાકનો-ફળનો વિચાર નહિ કરીને જીવહિંસા આદિ પાપકર્મો કરે છે. તેના તથા પૂર્વોપાર્જિત કર્મોના બુરા વિપાકો દુઃખરૂપ કેવી રીતે ભોગવે છે તે તમે સાંભળો.

૧ ૨ ૩ ૬ ૭ ૪ ૫
हत्थेहि पाएहि य बंधिऊणं, उदरं विकत्तंति खुरासिएहिं ।
૯ ૮ ૧૧ ૧૦ ૧૨ ૧૩ ૧૪ ૧૫
गिण्हित्तु बालस्स विहत्तु देहं, वद्धं थिरं पिट्ठतो उद्धरंति ॥२॥

શબ્દાર્થ : (૧) હાથ (૨) પગ (૩) બાંધી (૪) અસ્ત્રાથી (૫) તલવારથી નારકીના (૬) પેટને (૭) ફાડે છે (૮) અજ્ઞાની નારકીને (૯) પકડીને (૧૦) તેના શરીરને ભેદી (૧૧) ઘાયલ કરી (૧૨) શરીરની ચામડીને (૧૩) બળાત્કારથી (૧૪) પીઠની ચામડીને ઉખેડી (૧૫) નાંખે છે.

ભાવાર્થ:- પરમાધામીઓ નારકીના જીવોના હાથ તથા પગ બાંધીને અસ્ત્રાથી તથા તલવારથી તેના પેટને ચીરી ફાડી નાંખે છે, તથા તે અજ્ઞાની નારકીઓને લાઠી આદિથી પ્રહાર કરી તેના શરીરના ચુરેચુરા કરી નાંખે છે અને તેને પકડી પીઠની ચામડીને ઉખાડી લે છે, આવા દુ ખો નરકમાં હોય છે.

૧ ૩ ૨ ૪ ૬ ૫ ૭
बाहू पकत्तंति य मूलतो से, थूलं विगासं मुहे आडहंति ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૫ ૧૩ ૧૪
रहंसि जुत्तं सरयंति बालं, आरुस्स विज्झंति तुदेण पिट्ठे ॥३॥

શબ્દાર્થ : (૧) નારકીજીવોની ભુજાને (૨) મૂલમાંથી (૩) કાપીલે છે (૪) લોઢાના તપાવેલગોળા (૫) નારકીના મોઢાને (૬) ફાડી તેમાં નાખીને (૭) નારકીને બાળે છે (૮) તપ્ત રથમાં (૯) જોડીને પૂર્વજન્મોમાં કરેલાં પાપ કાર્યો (૧૦) સ્મરણ કરાવે છે (૧૧) અજ્ઞાની નારકી જીવોને (૧૨) ક્રોધ કરી (૧૩) ચાબુકવડે (૧૪) તેની પીઠમાં (૧૫) પ્રહાર કરે છે.

ભાવાર્થ:- પરમાધામીઓ નારકીના જીવોની ભુજાઓ મૂળમાંથી કાપી લે છે તથા તે અજ્ઞાની નારકીના મોઢાને ફાડીને ગરમ કરેલા લોઢાના ગોળા નાંખીને બાળે છે, લોઢાના તપ્ત રથમાં જોડીને તેના પૂર્વભવોના પૂર્વકૃત પાપકર્મોનું સ્મરણ કરાવી વિના કારણ ક્રોધિત થઇ નરકપાલ નારકી જીવોની પીઠ ઉપર ચાબુકથી તાડન કરે છે. મારે છે.

૧ ૪ ૩ ૨ ૫ ૬
अयंव तत्तं जलियं सजोइ, तऊवमं भूमिमणुक्कमंता ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
ते डज्झमाणा कलुणं थणंति, उसुचोइया तत्तजुगेसु जुत्ता ॥४॥

શબ્દાર્થ : (૧) તપ્ત લોઢાના ગોળા સમાન (૨) જ્યોતિસહિત (૩) જલતી (૪) તપ્તભૂમિ (૫) ઉપમા યોગ્ય (૬) ભૂમિમાં (૭) ચાલતા (૮) નારકી

ના જીવો (૯) બળતાં થકા (૧૦) કરુણાયુક્ત (૧૧) રૂદન કરે છે (૧૨) ચાબુક મારી પ્રેરિત કરી (૧૩) તપ્ત (૧૪) ઘોંસરાવાળા (૧૫) રથે જોડયા થકા દાઝતા રૂદન કરે છે.

ભાવાર્થ:– તપ્ત લોઢાના ગોળાસમાન જ્યોતિસહિત જલતી ભૂમિમાં ચાલતા થકા નારકીના જીવો બળતા થકા કરુણાયુક્ત આક્રન્દ કરે છે, (આ નરકમાં સર્વ સ્થળે આવી તૃપ્ત જમીન રહેલ છે) અને બળદની માફક ચાબુક મારીને પ્રેરિત કરી તપ્ત ગરમ ઘોંસરાવાળા રથમાં જોડયા થકા નારકીના જીવો અતિ રુદન કરે છે.

૧ ૨ ૬ ૭ ૫ ૩
बाला बला भूमिमणुक्कमंता, पविज्जलं लोहपहं च तत्तं ।
૮ ૯ ૧૦ ૧૨ ૧૧ ૧૩ ૪
जंसीऽभिदुग्गंसि पवज्जमाणा, पेसेव दंडेहिं पुराकरंति ॥५॥

શબ્દાર્થ : (૧) અજ્ઞાની નારકીના જીવોને (૨) બલાત્કારથી બળતા (૩) લોહમય માર્ગ સમાન (૪) તપેલી (૫) લોહી તથા પરૂના કીચડવાળી (૬) ભૂમિ ઉપર (૭) ચલાવતાં થકાં તથા (૮) શાલ્મલીવૃક્ષઆદિ (૯) કઠિન સ્થાનપર (૧૦) ચાલવા પ્રેરિત કરીને (૧૧) લાકડીથી મારતા થકાં (૧૨) દાસની માફક અથવા બળદની માફક (૧૩) આગળ (૧૪) ચલાવે છે.

ભાવાર્થ:– પરમાધામીઓ નારકી જીવોને તપ્ત લોહમય માર્ગની સમાન તપ્ત ભૂમિ ઉપર બલાત્કારથી ચલાવતા, લોહી અને પરુના કાદવવાળી તપેલ ભૂમિ ઉપર ચાલતા પીડા પામતા કરુણાયુક્ત રુદન કરતા હોય છે તથા કાંટા અને કાંકરાવાળા માર્ગમાં ચાલતા નારકીના જીવો વીંધાતા થકા રોકાઇ જતા પરમાધામીઓ બળદની માફક લાકડી આદિથી પ્રહાર કરી તપ્ત ભૂમિ ઉપર ચલાવતા આગળ આગળ લઇ જાય છે. નારકી જીવો પોતાની ઇચ્છાનુસાર કયાંય જઇ શકતા નથી અને પરમાધામીઓ દ્વારા પીડા પામતા થકા રહે છે.

૧ ૨ ૩ ૫ ૬ ૪
ते संपगाढंसि पवज्जमाणा, सिलाहि हम्मंति निपातिणीहिं ।
૭ ૮ ૯ ૧૨ ૧૦ ૧૧
संतावणी नाम चिरट्ठितीया, संतप्पती जत्थ असाहुकम्मा ॥६॥

શબ્દાર્થ : (૧) તે નારકીજીવો (૨) અતિવેદનાયુક્ત નરકમાં (૩) ગયાથકાં (૪) સન્મુખ પડતી (૫) શિલાદ્વારા હણાય છે (૭) સંતાપની (૮) નામની નરક લાંબાકાળ (૯) પર્યંતની સ્થિતિવાળી (૧૦) જેમાં (૧૧) પાપકર્મ કરવાવાળા જીવો (૧૨) દુઃખોને ભોગવે છે.

ભાવાર્થ:– તીવ્ર વેદનાયુક્ત નરકમાં રહેલાં નારકી જીવોની સન્મુખ પડતી શિલાઓથી હણાઈને હણાય છે, પીડા પામે છે, આવી સંતાપ–દુઃખ આપનારી સંતાપની નામની નરકમાં ઉત્પન્ન થયેલા નારકી જીવોની સ્થિતિ પણ ઘણાં લાંબા કાળની હોય છે. ત્યાં પાપી જીવો ચિરકાળ સુધી તીવ્ર દુઃખોને ભોગવે છે.

૧ ૩ ૪ ૨ ૬ ૫ ૭ ૮
कंदूसु पक्खिप्प पयंति बालं, ततोविदड्ढा पुण उप्पयंति ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૪ ૧૩
ते उड्ढकाएहिं पखज्जमाणा, अवरेहिं खज्जंति सणप्फएहिं ॥७॥

શબ્દાર્થ : (૧) ગેડીના આકારવાળી નરકમાં (૨) નારકીના જીવોને (૩) નાંખી (૪) પકાવે છે (૫) તેમાં બળતા થકાં નારકીના જીવો (૬) ત્યાંથી (૭) પુનઃ (૮) ઉંચે ઉછળે છે (બહુ પીડા થતા) ત્યાં ઉંચે (૯) નારકીના જીવોના શરીરના માંસને વૈક્રિય રૂપ વાળા (૧૦) દ્રોણ કાક પક્ષીઓ (૧૧) તોડીને ખાય છે (૧૨) અન્ય સિંહ (૧૩) વ્યાઘ્ર આદિ નારકીના (૧૪) શરીરોને ફાડીખાય છે.

ભાવાર્થ:– નરકપાલ-પરમાધામી નારકીના જીવોને ગેડીના આકારવાળી કુંભીમાં નાંખી પકાવે છે, ત્યાંથી ભુંજાતા ચણાની માફક ઉછાળી ઊંચા જાય છે, ત્યાં ઊંચે દ્રોણકાક આદિ પક્ષીઓ નારકીના શરીરને તોડીને તેના માંસને ખાય છે, તે સિવાય પરમાધામીએ વિકુર્વેલ સિંહ, વાઘ આદિ નારકીના શરીરોને ફાડી ખાય છે, નરકના આવા દુઃખો પાપી જીવોને ભોગવવાં પડે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
समूसियं नाम विधूमठाणं जं सोयतत्ता कलुणं थणंति ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
अहेसिरं कट्टु विगत्तिऊणं अयंव सत्थेहिं समोसवेंति ॥८॥

શબ્દાર્થ : (૧) ઉંચી ચિતા સમાન (૨) સમૂસિયનામનું (૩) ધૂમાડા રહિત (૪) એક અગ્નિસ્થાન છે (૫) એ સ્થાનને પ્રાપ્ત થનારા (૬) શોકતપ્ત (૭) કરુણાયુક્ત (૮) રૂદન કરે છે (૯) તે સ્થાનમાં નારકીના જીવોના મસ્તક નીચા (૧૦) રાખી (૧૧) તેના દેહને કાપે છે (૧૨) લોઢાના (૧૩) શસ્ત્રથી નારકીજીવના શરીરના (૧૪) ખંડ ખંડ ટુકડા કરે છે.

ભાવાર્થ:– ઊંચી ચિતા સમાન ધુમાડા રહિત અગ્નિનું એક સ્થાન છે, ત્યાં ઉત્પન્ન થયેલા અગર ત્યાં ગયેલા નારકી જીવોને પરમાધામીઓ નારકીના મસ્તક નીચે કરી તેના મસ્તક તથા તેના શરીરને કાપી નાંખી લોખંડના શસ્ત્રથી નાના નાના ટુકડા કરે છે, તેથી તે નારકીઓ શોકથી તૃપ્ત બની કરુણાયુક્ત રુદન કરે છે.

૨ ૧ ૩ ૪ ૫ ૬
समूसिया तत्थ विसूणियंगा, पक्खीहिं खज्जंति अओमुहेहिं ।
૮ ૯ ૧૦ ૧૨ ૧૧
संजीवणी नाम चिरट्ठितीया, जंसी पया हम्मइ पावचेया ॥९॥

શબ્દાર્થ : (૧) એ નરકમાં (૨) ઉંધા મુખે લટકાવેલ શરીરની (૩) ચામડી ઉખાડી લીધેલ નારકી જીવોના સુજી ગયેલા શરીરને (૪) પક્ષીઓ (૫) ફાડી ખાય છે (૬) લોઢાના જેવા મુખવાળા (૭) એ નરક સંજીવની કહેવાય છે તેના આયુષ્ય પણ (૮) લાંબા કાળના હોય છે (૯) તે નરકમાં (૧૦) નારકીજીવો (૧૧) પાપીજીવો (૧૨) હણાય છે.

ભાવાર્થ:– જેમ કસાઈ લોકો મૃતક બકરાના શરીરને ઊંચે બાંધી તેના ચામડાને ઉખાડી લે છે, એવી રીતે પરમાધામીઓ નારકીના જીવોને ઉંધે મસ્તકે લટકાવીને શરીરની ચામડી ઉખાડી લે છે. એવા

ચામડી રહિત નારકીના સુજી ગયેલા શરીરોને લોઢાના જેવા મુખવાળા વજ્ર જેવી ચાંચવાળા પક્ષીઓ ફાડી ખાય છે, એ નરકની ભૂમિ સંજીવની નામની કહેવાય છે, કારણ કે મરણ સમાન કષ્ટો પ્રાપ્ત થતાં પણ શેષ આયુષ્ય હોવાથી નારકીના જીવો મરતા નથી. જીવો મરતા નથી. તેના શરીરના નાના ટુકડા કરવા છતાં પારાની જેમ દેવ અને નારકીના જીવોના આયુષ્ય નિરૂપક્રમી હોય છે. જેથી આયુષ્ય હોય ત્યાં સુધી ગમે તેવાં તીવ્ર ઉપક્રમ લાગવા છતાં તે જીવો અધુરા આયુષ્યે મરતા નથી. તેમ જ એ નરકના નારકીઓના આયુષ્યો પણ દીર્ઘ હોય છે. મુદ્ગર આદિથી હણાતા, પીડાથી સંજ્ઞારહિત-વિકલ થવાથી મરવા ઈચ્છતાં છતાં તે નારકીના શરીરોના ટુકડા ભેગા મળી મૂળ માફક શરીર બની રહે છે.

४ २ ५ ६ १ २ ३
तिक्खाहिं सूलाहि निवाययंति, वसोगयं सावययं व लद्धं ।
८ ७ ९ १० ११ १२ १३ १४
ते सूलविद्धा कलुणं थणंति, एगंतदुक्खं दुहओ गिलाणा ॥१०॥

શબ્દાર્થ : (૧) વશમાં આવેલ (૨) જંગલી જનાવર જેવા (૩) પ્રાપ્ત થતા નારકીજીવોને પરમાધામીઓ (૪) તીક્ષ્ણ (૫) શૂલોથી ભેદે છે (૬) મારે છે (૭) શૂલોથી વીંધાએલા (૮) નારકીજીવો (૯) કરૂણાયુકત (૧૦) રૂદન કરે છે (૧૧) એકાંત (૧૨) દુઃખી (૧૩) આભ્યંતર તથા બહારથી (૧૪) ગ્લાન.

ભાવાર્થ:– પરમાધામીના વશમાં આવેલા જંગલી જનાવર જેવા અજ્ઞાની સંજ્ઞાહીન પ્રાપ્ત થતા નારકીજીવોને, પરમાધામીઓ તીક્ષ્ણ શૂલોથી વિંધે છે. આભ્યંતર તથા બાહ્યથી ગ્લાન બની એકાન્ત દુઃખી નારકીના જીવો કરુણાયુક્ત આક્રંદ કરે છે.

१ २ ३ ४ ५ ६ ८ ९ १०
सया जलं नाम निहं महंतं, जंसी जलंतो अगणो अकट्ठो ।
१२ ११ १० १४ १३ १५
चिट्ठंति बद्धा बहुकूरकम्मा करहस्सरा केइ चिरट्ठितीया ॥११॥

શબ્દાર્થ : (૧) સદૈવ (૨) બળતા (૩) સ્થાન (૪) પ્રાણીઓના ઘાત સ્થાન (૫) મહાન છે (૬) જેમા (૭) કાષ્ટવિના (૮) બળતી (૯) અગ્નિ (૧૦) બહુ ક્રૂર કર્મ કરવાવાળા (૧૧) બંધાએલા (૧૨) રહે છે (૧૩) કોષ (૧૪) આક્રંદ કરવાવાળા (૧૫) ચિરસ્થિતિવાળા.

ભાવાર્થ:– આવા નરકસ્થાનોમાં સદાય બળતું, પ્રાણીઓને વધ કરવાનું એક સ્થાન છે, જેમાં કાષ્ટ વિના સદાય અગ્નિ બળતી રહે છે, ત્યાં તે સ્થાનમાં બહુ ક્રૂર કર્મો કરવાવાળા નારકીઓ બંધાએલા રહે છે. તથા પાપના ફળ ભોગવવાં લાંબા કાળ સુધી નિવાસ કરવાવાળા હોય છે. અતિ તીવ્ર વેદનાને લઇ નારકીઓ સદા કરુણ રૂદન કરતા રહે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
चिया महंतीउ समारभित्ता, छुब्भंति ते तं कलुणं रसंतं ।
૧૩ ૧૪ ૧૫ ૯ ૧૦ ૧૨ ૧૧
आवट्टती तत्थ असाहुकम्मा, सप्पी जहा पडियं जोइमज्झे ॥
॥ ૧૨ ॥

શબ્દાર્થ : (૧) ચિતા (૨) મહાન (૩) તૈયાર કરી તેમાં (૪) નાંખે છે (૫) પરમાધામી (૬) નારકી (૭) કરુણાયુકત (૮) વિલાપ કરે છે (૯) ઘી (૧૦) માફક ગળીજાય છે (૧૧) ત્યાં અગ્નિમાં (૧૨) પડયા થકા (૧૩) ઓગળી જાય છે (૧૪) તેમાં (૧૫) પાપીજીવ.

ભાવાર્થ:– પરમાધામી દેવો એક મોટી ચિતા બનાવી તેમાં રૌદ્ર આક્રંદ કરતાં નારકી જીવોને તે ચિતામાં ફેંકે છે. જેમ અગ્નિમાં ઘી, તેમ અગ્નિ સળગતી ચિતામાં પડતા તે નારકી જીવોના શરીરો ઓગળી જઇ પાણી માફક થઇ જાય છે. છતાં તે નારકી જીવો મરણ પામતા નથી. પરંતુ તીવ્ર વેદનાનો અનુભવ કરે છે. નારકી જીવોના શરીરોના ટુકડા થઇ જાય અગર અગ્નિમાં પડતા ઘી માફક ગળી જાય પશ્ચાત થોડા જ સમયમાં શરીર રૂપે પરિણુત થઇ જાય છે, પરંતુ આયુષ્ય હોય ત્યાં સુધી મૃત્યુને પ્રાપ્ત થતા નથી.

૧ ૨ ૩ ૪ ૫ ૬
सदा कसिणं पुण घम्मठाणं, गाढोवणीयं अइदुक्खधम्मं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
हत्थेहिं पाएहि य बंधिऊणं, सत्तुव्व डंडेहिं समारभंति ॥१३॥

શબ્દાર્થ : (૧) સદૈવ (૨) સંપૂર્ણ (૩) ગરમસ્થાન (૪) નિધત્તનિકાચિત્ત કર્મોથી પ્રાપ્ત (૫) અત્યન્ત દુઃખદેવાનો (૬) સ્વભાવ છે (૭) હાથ (૮) પગ (૯) બાંધી (૧૦) શત્રુની માફક (૧૧) લાકડીઓથી (૧૨) માર મારે છે.

ભાવાર્થ:– સદા બળતું થકું એક ગરમ સ્થાન નરકમાં છે. ત્યાં નિધત્ત નિકાચિત કરેલા અશુભ કર્મોવાળાં જીવો ઉત્પન્ન થાય છે, જે સ્થાનનો સ્વભાવ નારકી જીવોને અતિ દુઃખરૂપ હોય છે, એ સ્થાનમાં નારકી જીવોના હાથ પગ બાંધી પરમાધામીઓ શત્રુની માફક લાકડીઓથી માર મારે છે. જીવોની હિંસાથી, અતિપરિગ્રહ મમત્વથી તથા દારૂ માંસના ભોજન આદિ પાપકાર્યોવાળા જીવો આવા દુઃખવાળાં નરક સ્થાનોમાં ઉત્પન્ન થાય છે, તથા મૃષાવાદીઓ, ચોરી કરનારાઓ, મૃત્યુ પામી તિર્યંચગતિમાં ઉત્પન્ન થઇ દુઃખો ભોગવે છે, લોભના વશે પરિગ્રહ સંગ્રહ બુદ્ધિથી, એકેન્દ્રિય જીવોની હિંસાના કરનારા, મૃત્યુ બાદ એકેન્દ્રિય યોનીમાં ઉત્પન્ન થઈ ત્યાં દુઃખો ભોગવે છે.

૪ ૧ ૩ ૨ ૭ ૮ ૬
भंजंति बालस्स वहेण पुट्ठी सीसंपि भिंदंति अओघणेहिं ।
૯ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
ते भिन्नदेहा फलगंव तच्छा, तत्ताहिं आराहिं णियोजयंति ॥१४॥

શબ્દાર્થ : (૧) અજ્ઞાની નારકી જીવની (૨) પીઠ (૩) લાઠીથી મારમારી (૪) ભાંગી નાખે છે (૫) લોહના ઘણથી (૬) માથું ભાંગે છે (૭) તેના (૧૦) અંગોનું (૧૧) ચૂર્ણ કરીદે છે (૧૨) કાષ્ટના પાટીયાની જેમ (૧૩) ચીરે છે (૧૪) તપ્ત (૧૫) આરાથી (૧૬) ગરમસીસુ પાવાને પ્રવૃત્ત કરે છે.

ભાવાર્થ:- નરકપાલ-પરમાધામી લાઠી આદિથી માર મારી નારકી જીવોની પીઠ ભાંગી નાખે છે-તોડી નાંખે છે તથા લોખંડના ઘણથી મસ્તકના ચૂરેચૂરા કરી દે છે, એ જ રીતે નારકીના શરીરના પણ ચૂરેચૂરા કરી દે છે, તેમ જ કાષ્ટની જેમ તેના શરીરને ચીરી નાખે છે તથા ગરમ સીસાના રસ પાવાને માટે પ્રવૃત્ત કરે છે.

૩ ૨ ૧ ૪ ૫ ૬
अभिजुंजिया रुद्द असाहुकम्मा, उसुचोइया हत्थिवहं वहंति ।
૭ ૧૦ ૮ ૯ ૧૧ ૧૨ ૧૩
एंगं दुरूहित्तु दुवे ततो वा, आरुस्स विज्झंति ककाणओ से ॥
॥૧૫॥

શબ્દાર્થ : (૧) પાપી નારકી જીવોને પૂર્વે કરેલ (૨) જીવ હિંસાદિનું (૩) સ્મરણ કરાવી બાણના પ્રહારથી (૪) પ્રેરિત કરી (૫) હાથીની માફક ભાર (૬) વહન કરાવે છે (૭) એક (૮) બે (૯) ત્રણ જીવોને નારકીની પીઠ પર (૧૦) બેસાડી ચલાવે છે (૧૧) ક્રોધકરી (૧૨) મર્મસ્થાનને (૧૩ વિંધે છે.

ભાવાર્થ:- નરકપાલ નારકી જીવોને તેના પૂર્વકૃત પાપનું સ્મરણ કરાવી બાણથી પ્રહાર કરી પ્રેરિત કરીને હાથીની માફક ભાર વહન કરાવે છે અને નારકીની પીઠ ઉપર એક, બે, ત્રણ આદિ અન્ય નારકીઓને બેસાડીને ચલાવવા પ્રેરિત કરી ચલાવે છે અને ક્રોધ કરી તેના મર્મ સ્થાનોમાં પ્રહાર કરે છે ને વીંધે છે.

૧ ૨ ૬ ૭ ૩ ૪ ૫
बाला बाला भूमिमणुक्कमंता पविज्जलं कंटइलं महंतं ।
૯ ૧૦ ૧૧ ૮ ૧૨ ૧૩
विवद्धतप्पेहिं विवण्णचित्ते समीरिया कोट्टबलिं करिंति ॥૧૬॥

શબ્દાર્થ : (૧) અજ્ઞાની (૨) બલાત્કાર (૩) કીચડવાળી (૪) કાંટાવાળી (૫) વિસ્તૃત્ત (૬) પૃથ્વીપર (૭) ચલાવે (૮) પાપકર્મથી પ્રેરિત નરકપાલ (૯) નારકીને બાંધી (૧૦) વિવેધતાપથી (૧૧) મૂર્ચ્છિત-સંજ્ઞાહીન થયેલાના ખંડ ખંડ (૧૨) ટુકડા કરી (૧૩) જ્યાં ત્યાં ફેંકે છે.

ભાવાર્થ:– પાપથી પ્રેરિત પરમાધામીઓ, બાલકની સમાન અજ્ઞાની તથા પરાધીન નારકી જીવોને, કીચડથી ભરેલી તથા કાંટા-યુક્ત પૂર્ણ વિશાળ પૃથ્વી ઉપર ચાલવાને પ્રેરિત કરે છે, વળી તે નારકીઓને બાંધીને વિવિધ તાપોથી–કષ્ટોથી સંજ્ઞાહીન થયેલા નારકીના શરીરના ખંડખંડ ટુકડા કરી આમતેમ દિશામાં ફેંકે છે.

૩ ૧ ૪ ૫ ૨
वेतालिए नाम महाभितावे, एगायते पव्वयमंतलिक्खे ।
૧૧ ૬ ૭ ૮ ૯ ૧૦
हम्मंति तत्था बहुकूरकम्मा, परं सहस्साण मुहुत्तगाणं ॥१७॥

શબ્દાર્થ : (૧) મહાન તાપયુક્ત (૨) આકાશમાં (૩) વૈક્રિય (૪) એક શિલાનો લાંબો (૫) પર્વત (૬) તેના ઉપર રહેવાવાળા (૭) બહુ ક્રૂર કર્મ કરેલ નારકી જીઓ (૮) ઘણા (૯) હજારો (૧૦) મુહૂર્તોથી અધિક કાળ સુધી પરમાધામી દ્વારા (૧૧) માર ખાય છે.

ભાવાર્થ:– મહાન તાપથી યુક્ત આકાશમાં પરમાધામી દ્વારા બનાવેલ વૈક્રિય એક શિલાનો પર્વત અતિ અંધકારયુક્ત છે. નારકીના જીવો પરમાધામીઓના ત્રાસથી ભાગતા એ પર્વત ઉપર હાથના સ્પર્શથી ચડતાં ત્યાં પર્વત ઉપર હજારો મુહૂર્તોથી અધિક કાળપર્યંત પરમાધામીઓ દ્વારા માર ખાતા રહે છે. ત્યાં દીર્ઘકાળ પર્યંત મારને સહન કરતાં રહે છે.

૧ ૨ ૫ ૩ ૪
संबाहिया दुक्कडिणो थणंति, अहो य राओ परितप्पमाणा ।
૬ ૯ ૭ ૧૦ ૮ ૧૧
एगंतकूडे नरए महंते, कूडेण तत्था विसमे हता उ ॥१८॥

શબ્દાર્થ : (૧) નિરન્તર દુઃખ આપે (૨) પાપીજીવ (૩) દિવસરાત્રિ (૪) દુઃખ ભોગવતા (૫) રૂદન કરે છે (૬) એકાંત દુઃખના સ્થાન (૭) વિશાલ (૮) કઠિન (૯) નરકમાં રહેલ જીવ (૧૦) ગળામાં ફાંસી નાખી (૧૧) મારતા થકા રૂદન કરે છે.

ભાવાર્થ:- પરમાધામીઓ નારકી જીવોને નિરન્તર દુઃખ આપતા હોવાથી નારકી જીવો દિવસ-રાત્રિ કરુણ રુદન કર્યા કરે છે, જે સ્થાનમાં એકાંત દુઃખ છે તથા વિસ્તૃત તથા કઠિન એવા નરક સ્થાનમાં રહેલા નારકીઓને ગળામાં ફાંસી નાંખી પરમાધામી માર મારે છે. તેથી નારકી જીવો સદા રૂદન કરતા રહે છે.

૬ ૪ ૫ ૧ ૨ ૩
भंजंति णं पुव्वमरी सरोसं, समुग्गरे ते मुसले गहेतुं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
ते भिन्नदेहा रुहिरं वमंता, ओमुद्धगा धरणितले पडंति ॥१९॥

શબ્દાર્થ : (૧) મુદ્ગર તથા (૨) મુસલ (૩) હાથમાં લઈ નરકપાલ (૪) પહેલાના શત્રુ સમાન (૫) ક્રોધસહિત નારકીજીવોનાં અંગોને (૬) તોડી દે છે (૭) જેની દેહ તુટી ગઈ છે (૮) નારકીજીવ લોહી (૯) વમન કરે છે (૧૦) ઉંધા મુખે (૧૧) પૃથ્વી તલમાં (૧૨) પડી જાય છે.

ભાવાર્થ:- પરમાધામી પૂર્વનાશ શત્રુસમાન હાથમાં મુદ્ગર તથા મુસલ લઈ નારકીઓને પ્રહાર કરી નારકીના શરીરના ચૂરેચૂરા કરી નાખે છે. ગાઢ પ્રહાર પામતા નારકી જીવો મુખથી લોહીનું વમન કરતા થકા ઊંધા મુખથી ધરતી ઉપર પડી જાય છે.

૩ ૫ ૪ ૧ ૨
अणासिया नाम महासियाला, पागब्भिणो तत्थ सयायकोवा ।
૧૦ ૬ ૯ ૭ ૮
खज्जंति तत्था बहुकूरकम्मा, अदूरगा संकलियाहि बद्धा ॥२०॥

શબ્દાર્થ : (૧) એ નરકમાં (૨) સદા ક્રોધિત (૩) ક્ષુધાતુર (૪) ઢીંઢ (૫) મોટામોટા શિયાળ જન્માંતરમાં (૬) પાપ કરેલ (૭) જંજીરમાં (૮) બાંધેલા (૯) નિકટમાં સ્થિત નારકી જીવોને (૧૦) ખાય છે.

ભાવાર્થ:– એ નરકસ્થાનોમાં હંમેશ ક્રોધિત રહેલા મોટા ઢીંઠ (વિશાલ શરીરવાળાં) ભૂખ્યાં શિયાળ રહે છે, તે શિયાળો જંજીરમાં બાંધેલા નિકટમાં રહેલા પાપી નારકી જીવોને ફાડી ખાય છે.

१ २ ४ ३ ५ ६ ७
सयाजला नाम नदी भिदुग्गा, पविज्जलं लोहविलीणतत्ता ।
९ ८ १० ११ १२ १३
जंसी भिदुग्गंसि पवज्जमाणा, एगायडताणुक्कमणं करेंति ॥२१॥

શબ્દાર્થ : (૧) સદાજલા (૨) નામક (૩) મોટી વિષમ (૪) એક નદી છે. (૫) તેનું જલ ખાર પીવ તથા રકતથી મલિન રહે છે અગ્નિથી ગળી ગયેલ (૬) લોહના રસ (૭) સમાન ઉષ્ણ જલવાળી (૮) અતિવિષમ (૯) જેમાં નદીમાં (૧૦) ગયેલ નારકી જીવ (૧૧) એકલા (૧૨) રક્ષક રહિત (૧૩) તરતા હોય છે.

ભાવાર્થ:– સદાજલા નામની એક નદી નરકમાં છે, તેમાં હંમેશાં જલ રહેતું હોવાથી સદાજલા કહેવાય છે, એ નદી બહુ કષ્ટદાયી છે. તેનું જલક્ષાર, પીવ (રસ્સી) તથા લોહીથી સદા મલિન રહે છે, તેમાં અગ્નિથી ઓગળી ગયેલ લોઢાના રસ સમાન અને અતિ ઉષ્ણ જલ રહેલ છે, આવી નદીમાં પરમાધામીઓથી ત્રાસ પામી નદીમાં પડેલા નારકી જીવો રક્ષક રહિત એકલા તરે છે. અતિ દુઃખોને ભોગવતા રહે છે.

१ २ ५ ३ ६ ४
एयाइं फासाइं फुसंति बालं, निरंतरं तत्थ चिरट्ठितीयं ।
१० ७ ९ ८ ११ १२ १४ १३
ण हम्ममाणस्स उ होइ ताणं, एगो सयं पच्चणुहोइ दुक्खं ॥२२॥

શબ્દાર્થ : (૧) પૂર્વોકત (૨) સ્પર્શ અથવા દુઃખ (૩) સદા (૪) લાંબા કાળસુધી નિવાસ કરવાવાળા (૫) અજ્ઞાની નારકી જીવો (૬) એ નરક સ્થાનમાં

દુઃખો ભોગવી રહ્યા છે પૂર્વોક્ત દુઃખોથી (૭) રીબાતા હણાતા નારકી જીવોને (૮) કોઇ ત્રાણશરણ (૯) હોતા (૧૦) નથી (૧૧) એકલો (૧૨) પોતે (૧૩) દુઃખો (૧૪) ભોગવે છે.

ભાવાર્થ:– પૂર્વોક્ત જે કઠિન દુઃખોનું વર્ણન કર્યું તે સર્વ દુઃખો નારકીના જીવોને સદૈવ ભોગવવાનાં હોય છે, તથા નારકી જીવોનાં આયુષ્ય પણ લાંબાં હોય છે, એ દુઃખો ભોગવતા સમયે કોઈ નારકીના જીવોને ત્રાણ શરણ હોતા નથી. જીવોને પોતાનાં કર્યા કર્મોના વિપાકો કરનારને એકલાને જ સ્વયં ભોગવવાં પડે છે. પ્રથમથી ત્રીજી નરક સુધીના નારકી જીવોને પરમાધામી દેવો તરફથી પરીષહ–ઉપસર્ગ હોય છે, અથવા પરસ્પર દ્વારા પણ દુઃખો હોય છે તથા સ્વભાવથી એટલે ત્યાંની પૃથ્વી આશ્રી એટલે ત્યાંની ભૂમિ ઉષ્ણ તથા શીતને આશ્રી તથા શબ્દ, રસ, ગંધ, સ્પર્શ, રૂપ આદિ પ્રતિકૂળ હોવા આશ્રી દુઃખો શરણ રહિત ભોગવવાનાં હોય છે અને ચોથીથી સાતમી નરક સુધીના નારકીના જીવોને પૂર્વના સેંકડો હજારો ભવના વૈરબંધનના કારણે પરસ્પર એકબીજાને દુઃખ આપતા હોવાથી તથા પૃથ્વીના સ્પર્શ, રસ, ગંધ, શબ્દ, રૂપ આદિ પ્રતિકૂળ હોવાથી તથા ક્ષુધા, તૃષા, દાહ, જ્વર, શીત, ઉષ્ણ, ભય, ચિંતા, ખુજલી, પરાધીનતા આ દશ પ્રકારની અનંતી વેદના હોય છે. પહેલી નરકથી બીજીમાં અનંત ગુણી, એમ ત્રીજી ચોથી, પાંચમી છઠ્ઠી, સાતમીમાં અનુક્રમે વધતી અનંતગુણી વેદના–પીડા હોય છે. ૧-૨-૩ માં પરમાધામી કૃત તથા ઉપર મુજબ સ્વાભાવિક તથા પરસ્પર અને ચોથી નરકથી નારકી નારકીવૈક્રિય રૂપો બનાવી પૂર્વ જન્માતરના વૈરભાવ આશ્રયી નવા નવા મોટા કીડાના તથા સિંહ, વાઘ આદિના વૈક્રિય રૂપો બનાવી પરસ્પર એકબીજાને દુઃખો ઉત્પન્ન કરે છે તથા કુંભીમાં ઉત્પન્ન થતા કુંભીના સ્પર્શનું દુઃખ વગેરે તીવ્ર દુઃખો ભોગવવાનાં હોય છે. મહા આરંભનાં કરનારા, મહાપરિગ્રહના મમત્વવાળા તથા અનંતાનું બંધીના કષાયવાળાં જીવો નરકમાં ઉત્પન્ન થાય

છે. ૧–૩ નરકની કુંભીઓ શીતસ્પર્શવાળીને બહારની જમીન ઉષ્ણ સ્પર્શવાળી અને ચોથીમાં શીત ઉષ્ણ બંને જાતની કુંભીઓ ૫-૬–૭ ઉષ્ણતાવાળી કુંભીઓ છે અને બહાર શીતસ્પર્શવાળા સ્થાનો હોય છે તે આશ્રી પણ નારકીની પીડા અતુલ દુઃસહ્ય કહેલ છે.

१ २ ३ ५ ४ ६ ८ ७
जं जारिसं पुव्वमकासि कम्मं, तमेव आगच्छति संपराए ।
९ १० ११ १३ १२ १४
एगंतदुक्खं भवमज्जणित्ता, वेदंति दुक्खी तमणंतदुक्खं ॥२३॥

शब्दार्थ : (१) જે (२) જેવા (૩) પૂર્વ જન્મમાં (૪) કર્મ (૫) કર્યા હોય (૬) તે અનુસાર (૭) સંસારમાં (૮) ભવ પ્રાપ્ત થાય જેમાં (૯) એકાંત દુઃખરૂપ કર્મો કર્યા હોય તો તેવા (૧૦) ભવને (૧૧) પ્રાપ્ત કરી (૧૨) એકાન્ત દુઃખી જીવ (૧૩) ભોગવે (૧૪) અનંત દુઃખરૂપ નરક.

भावार्थ:– પૂર્વભવોમાં જીવોએ જેવાં જેવાં તીવ્ર અથવા મંદ કર્મો કર્યા હોય તેવાં કર્મોના ઉદય વર્તમાન ભવમાં–જન્મમાં સુખરૂપ કે દુઃખરૂપ પ્રાપ્ત થાય છે અને જે જીવોએ એકાંત દુઃખરૂપ નરકનો ભવ પ્રાપ્ત થાય તેવાં અશુભ કર્મો કર્યાં હોય તેવા જીવો નરકમાં ઉત્પન્ન થઈ, અનંત દુઃખરૂપ નરકસ્થાનમાં નારકીપણે દુઃખોને ભોગવે છે એટલે શુભાશુભ કર્માનુસાર ભવિષ્યમાં શુભાશુભ ગતિમાં જન્મ લઇ ત્યાં શુભાશુભ કર્મો ભોગવવાનાં હોય છે, શુભ કર્મથી દેવ અથવા મનુષ્યની ગતિ અને અશુભ કર્મથી નરક અથવા તિર્યંચની ગતિ પ્રાપ્ત થાય છે. તે તે ગતિઓમાં સુખદુઃખનો ભોગવટો પણ કર્માનુસાર પ્રાપ્ત થાય છે.

४ ३ १ ८ ७ ६ ५
एताणि सोचा णरगाणि धीरे, न हिंसए किंचण सव्वलोए ।
९ १० १२ ११ १३ १४
एगंतदिट्ठी अपरिग्गहे उ, बुज्झिज्ज लोयस्स वसं न गच्छे ॥२४॥

શબ્દાર્થ : (૧) વિદ્વાન પુરુષ (૨) એ (૩) નરકના ભાવ (૪) સાંભળી (૫) સર્વ લોકમાં (૬) કોઇ જીવની (૭) હિંસા (૮) ન કરે જીવાદિતત્ત્વોમાં (૯) વિશ્વાસ રાખી (૧૦) પરિગ્રહ રહિત બની અશુભ કર્મો કરવાવાળા તથા તેના ફલ ભોગવવાવાળા (૧૧) જીવોને સમજે અથવા કષાયના સ્વરૂપને (૧૨) જાણે અને કષાયના (૧૩) વશમાં ન (૧૪) જાય.

ભાવાર્થ:– વિદ્વાન પુરુષ નરકસ્થાનના ભાવો સાંભળીને સર્વ લોકમાં કોઇ પણ પ્રાણીની હિંસા ન કરે, તેમ જ જીવાદિ તત્ત્વોમાં સમ્યક્ શ્રદ્ધા રાખી પરિગ્રહ મમત્વ ઘટાડી પરિગ્રહરહિત થઇ કષાયના સ્વરૂપને જાણી કષાયોને વશ ન થાય અને સાવદ્ય અનુષ્ઠાનથી દૂર રહી સાધકે સંયમ અનુષ્ઠાનનું ઉપયોગવંત રહી પાલન કરવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
एवं तिरिक्खे मणुयासु (म)रेसुं, चतुरन्तऽणंतं तयणुव्विवागं ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
स सव्वमेयं इति वेदइत्ता, कंखेज्ज कालं धुयमायरेज्ज ॥२५॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) તિર્યંચ (૩) મનુષ્ય (૪) દેવતાઓમાં પણ (૫) ચારગતિ અથવા (૫) અનંત સંસાર (૬) વિપાકને જાણે (૭) તથા તેને અનુરૂપ (૮) બુદ્ધિમાન પુરુષ (૯) એ (૧૦) સર્વ વાતોને (૧૧) જાણી (૧૨) પ્રતીક્ષા કરે (૧૩) મરણકાળની (૧૪) સંયમનું પાલન કરે.

ભાવાર્થ:– જેમ પાપી પુરુષની નરકગતિ તથા નરકસ્થાનના દુઃખોની હકીકત કહી એ પ્રકારે તિર્યંચગતિ (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, સંજ્ઞી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય) મનુષ્યગતિ તથા દેવગતિને પણ જાણવી ચારગતિ-યુક્ત અનંત સંસાર તથા કર્માનુસાર વિપાક ફળ દેવાવાળો જાણવો. બુદ્ધિમાન પુરુષ સંસારનું, કર્મનું સ્વરૂપ જાણી મરણપર્યંત આરંભ પરિગ્રહનો ત્યાગ કરી, કષાયનો ત્યાગ કરી અનંતા સુખને પ્રાપ્ત કરાવનાર એવા સંયમનું શુદ્ધ પાલન કરે એમ હું કહું છું.

અધ્યયન ૫ મું સમાપ્ત.

સૂત્ર કૃતાંગ સૂત્ર

અધ્યયન ૬ ઠું.

વીરસ્તુત્ય અધિકાર

૧ ૨ ૩ ૪ ૫
पुच्छिस्सु णं समणा माहणा य, अगारिणो या परतित्थिआ य।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
से केइ णेगंतहियं धम्ममाहु अणेलिसं साहु समिक्खयाए ॥१॥

શબ્દાર્થ : (૧) પૂછ્યું (૨) સાધુ (૩) બ્રાહ્મણ (૪) ગૃહસ્થ (૫) અન્ય દર્શનીક (૬) એ (૭) કયો (૮) એકાંત (૯) હિતકારી (૧૦) ધર્મ (૧૧) કોને કહ્યો છે (૧૨) ઉત્તમ (૧૩) શ્રેષ્ઠ (૧૪) સમ્યક્ પ્રકારથી (૧૫) કહ્યો છે.

ભાવાર્થ:– પૂર્વોકત પાંચમા અધ્યયનમાં નરકનાં તીવ્ર દુઃખોની હકીકત સાંભળીને સંસારના ભયથી ભયભીત બનેલ શ્રમણ, બ્રાહ્મણ, ગૃહસ્થ તથા અન્ય દર્શનીઓએ શ્રી જમ્બુસ્વામીને પૂછયું કે એકાંત હિતકર્તા પ્રધાન ધર્મને વિચાર કરી કહેલ છે, તે કોણ છે? જે ધર્મ દુર્ગતિમાં જતા જીવોને ધારણ કરી સદ્ગતિ પ્રાપ્ત કરાવે તેવા ધર્મના પ્રતિપાદક કોણ હતા.

૧ ૨ ૩ ૪ ૬ ૫ ૭ ૮
कहं च णाणं कहं दंसणं से, सीलं कहं नायसुतस्स आसी ? ।
૧૧ ૯ ૧૦ ૧૨ ૧૩ ૧૬ ૧૪ ૧૫
जाणासि णं भिक्खु जहातहेणं, अहासुतं बूहि जहा णिसंतं॥२॥

શબ્દાર્થ : (૧) કેવું (૨) જ્ઞાન (૩) કેવું (૪) દર્શન (૫) કેવું (૬) ચારિત્ર (૭) જ્ઞાતપુત્ર (૮) કેવા હતા (૯) હે મુનિ? (૧૦) યથાતથ્ય (૧૧) જાણો છો (૧૨) જેમ (૧૩) સાંભળ્યું (૧૪) જે રીતે (૧૫) નિશ્ચય કર્યો હોય (૧૬) કહો.

ભાવાર્થ:– શ્રી જ્ઞાતપુત્ર ભગવાન્ શ્રી મહાવીર સ્વામીનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર કેવાં હતાં, હે મુનિ! આપ જાણો છો, તો જે પ્રમાણે આપે નિશ્ચય કર્યો હોય તે પ્રમાણે અમોને બતાવો–કહો.

૧ ૨ ૩ ૪ ૫ ૬
खेयन्ने से कुसलासुपन्ने (ब्ले महेसी), अणंतनाणी य अणंतदंसी।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
जसंसिणो चक्खुपहे ठियस्स, जाणाहि धम्मं च धिइं च पेहि ॥३॥

શબ્દાર્થ : (૧) જીવોના દુઃખોના જાણનાર (૨) ભગવાન્ મહાવીર (૩) નિપુણ (૪) મહર્ષિ (૫) અનંતજ્ઞાની (૬) અનંતદર્શી (૭) યશસ્વી જગત્ જીવોના (૮) ચક્ષુપથમાં (૯) સ્થિત (૧૦) જાણો (૧૧) શ્રુતચારિત્રરૂપ ધર્મ (૧૨) ધૈર્યતા (૧૩) કહો.

ભાવાર્થ:– શ્રી સુધર્માસ્વામી, જમ્બુસ્વામી આદિ શિષ્યવર્ગને કહે છે કે જ્ઞાતપુત્ર ભગવાન્ મહાવીર સ્વામી સંસારના સર્વ જીવોનાં કર્મોથી ઉત્પન્ન થયેલ દુઃખોને જાણતા હતા તથા આઠ પ્રકારનાં કર્મોનો નાશ કરવાવાળા સદા સર્વત્ર ઉપયોગ રાખવાવાળા અનંતજ્ઞાની તથા અનંતદર્શી તથા યશસ્વી હતા તથા છદ્મસ્થ કેવળી અવસ્થામાં જગતના લોચન માર્ગમાં સ્થિત ભગવાન્ના શ્રુત ચારિત્રરૂપ ધર્મને તમે જાણો તથા તેમની ધૈર્યતા દૃઢ હતી તે જાણો, ભગવાન્ મહાવીર જીવોનાં દુઃખોનો નાશ કરવાના ઉપાયનો ઉપદેશ કરતા હતા, લોક અલોકના સ્વરૂપના જાણનાર હતા, પ્રાણીઓના આઠ પ્રકારનાં કર્મનું છેદન કરવામાં કુશળ હતા. જેમની બુદ્ધિ શિઘ્ર હતી. તેથી આશુપ્રજ્ઞ કહેવાતા હતા, અત્યન્ત ઉગ્ર તપસ્યા કરવામાં તથા પરીષહ–ઉપસર્ગો સહન કરવા સમર્થ હતા. તેમના જ્ઞાન, દર્શન અક્ષય હતા, સંયમભાવમાં સ્થિત હતા, ક્ષાયક સમ્યક્ત્વ સાહત યથાખ્યાત ચારિત્રવાન હતા. સ્વપરના હિત કરનાર હતા.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
उड्ढं अहेयं तिरियं दिसासु, तसा य जे थावर जे य पाणा।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૪ ૧૩ ૧૫
से णिच्चणिच्चेहि समिक्ख पन्ने, दीवे व धम्मं समियं उदाहु॥४॥

શબ્દાર્થ : (૧) ઉર્ધ્વ–(૨) અંધો (૩) તિરછી (૪) દિશાઓમાં (૫) ત્રસ અને (૬) સ્થાવર (૭) પ્રાણીઓને (૮) નિત્ય અને (૯) અનિત્ય (૧૦) જાણી (૧૧) કેવલજ્ઞાની ભગવાને (૧૨) દીપકસમાન (૧૩) સમ્યક્ (૧૪) ધર્મનું (૧૫) કથન કરી બતાવેલ છે.

ભાવાર્થ:– કેવળજ્ઞાની ભગવાન્ મહાવીર સ્વામીએ ઉપર નીચે તથા તિરછી દિશામાં રહેલા ત્રસ તથા સ્થાવર પ્રાણીઓને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય બન્ને પ્રકારના જાણીને, દીપક સમાન પદાર્થોને પ્રકાશિત કરનાર સમ્યક્ ધર્મનો ઉપદેશ જીવોના હિત માટે આપેલ છે. આ લોક (ચૌદ રજ્જુ પ્રમાણમાં) સૂક્ષ્મ અને બાદર ત્રસ અને સ્થાવર જીવોથી ભરેલ છે, જે એકેન્દ્રિયોથી પંચેન્દ્રિય સુધીના જીવો રહેલ છે. તેઓના હિતને માટે શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ (જીવોના દુઃખોનો નાશ કરવાનાં ઉપાયરૂપ) બતાવ્યો છે

से सव्वदंसी अभीभूयनाणी, णिरामगंधे धिइमं ठितप्पा।
अणुत्तरे सव्वजगंसि विज्जं, गंथा अतीते अभए अणाऊ ॥५॥

શબ્દાર્થ : (૧) ભગવાન્ મહાવીર (૨) સર્વપદાર્થોને દેખવાવાળા (૩) કેવળજ્ઞાની (૪) પરીષહો જીતી પ્રાપ્ત કરેલ વિશુદ્ધ સંયમી (૫) ધૈર્યતાવાળા (૭) સંયમમાં સ્થિત આત્મા (૮) સર્વથી ઉત્તમ (૯) સંપૂર્ણ જગતમાં (૧૦) વિદ્વાન કર્મરૂપ (૧૧) ગ્રંથી (૧૨) રહિત (૧૩) નિર્ભય (૧૪) નવા આયુષ્ય રહિત.

ભાવાર્થ:– ભગવાન્ મહાવીર સ્વામી સમસ્ત જગતના જીવા-જીવરૂપ સર્વ પદાર્થોને દેખવાવાળા, બાવીશ પરીષહોને સહન કરી પરીષહોને જીતી પ્રાપ્ત કરેલ, કેવળજ્ઞાની કેવળદર્શની મૂળ તથા ઉત્તર ગુણોથી વિશુદ્ધ સંયમ–ચારિત્રના પાલન કરવાવાળા, ધૈર્યતાવાળા, આત્મસ્વરૂપમાં સ્થિતિ તથા જગતમાં સર્વોત્તમ વિદ્વાન, બાહ્ય તથા અભ્યન્તર ગ્રન્થિથી રહિત, નિર્ભય અને આયુષ્યના નવા બંધ-રહિત હતા.

૧ ૨ ૩ ૪ ૫ ૬
से भूइपण्णे अणिएअचारी, ओहंतरे धीरे अणंतचक्खू ।
૭ ૯ ૮ ૧૦ ૧૧ ૧૨
अणुत्तरं तप्पति सूरिए वा, वइरोयणिंदे व तमं पगासे ॥६॥

શબ્દાર્થ : (૧) ભગવાન્ મહાવીર સ્વામી (૨) અનંતજ્ઞાની અપ્રતિબદ્ધ વિહારી (૪) સંસાર સાગરને તરનારા (૫) ધીરજવાન બુદ્ધિમાન (૬) કેવળજ્ઞાની (૭) સર્વથી વિશેષજ્ઞાની (૮) જેમ સૂર્ય સર્વથી (૯) વધારે તપે છે (૧૦) જેમ અગ્નિ (૧૧) અંધકારનો નાશ કરે છે (૧૨) પદાર્થોને પ્રકાશિત કરનાર.

ભાવાર્થ:- ભગવાન્ મહાવીર સ્વામી અનંતજ્ઞાની, ઇચ્છાનુસાર વિચરનાર, સંસારસાગરને પાર કરવામાં સમર્થ, પરીષહ-ઉપસર્ગોને સમ્યક્‌પ્રકારે સહન કરવાવાળા, કેવળજ્ઞાની ભગવાન્ સમસ્ત જગતમાં સર્વથી વિશેષ જ્ઞાની જેમ સૂર્ય સર્વથી વધારે તપે છે તેમ ભગવાન સર્વથી વધારે જ્ઞાની હતા, જેમ અગ્નિ અંધકારનો નાશ કરી પ્રકાશ કરે છે, એવી રીતે ભગવાન્ અજ્ઞાનને દૂર કરી પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રકાશિત કરનારા જગતના હિતને માટે ઉપદેશ આપતા હતા.

૧ ૭ ૫ ૪ ૮ ૩ ૨ ૧
अणुत्तरं धम्ममिणं जिणाणं, णेया मुणी कासव आसुपन्ने ।
૧૧ ૧૩ ૧૨ ૧૦ ૯ ૧૪
इंदेव देवाण महाणुभावे, सहस्सणेता दिवि णं विसिट्ठे ॥७॥

શબ્દાર્થ : શીઘ્ર બુદ્ધિમાન (૨) કાશ્યપ ગોત્રી (૩) મુનિશ્રી વર્ધમાન સ્વામી (૪) ઋષભાદિ જિનવરો (૫) એ સર્વ સર્વ ધર્મોમાં પ્રધાન એવા (૬) ઉત્તમ (૭) ધર્મના (૮) નેતા જેમ (૯) સ્વર્ગ લોકમાં (૧૦) હજારો દેવતાઓમાં (૧૧) ઇંદ્ર અધિક (૧૨) પ્રભાવશાળી (૧૩) દેવતાઓમાં પ્રધાન છે એમ ભગવાન શ્રી મહાવીર સ્વામી જગતમાં સર્વથી (૧૪) શ્રેષ્ઠ હતા.

ભાવાર્થ:- શીઘ્ર બુદ્ધિવાળા કાશ્યપગોત્રી ભગવાન્ મુનિશ્રી મહાવીર સ્વામી તથા ઋષભાદિ જિનવરોએ બધા તીર્થંકરો ઉત્તમ-ધર્મના નેતા હતા, સ્વર્ગલોકમાં સર્વ દેવતાઓમાં ઇંદ્ર જેમ શ્રેષ્ઠ છે,

એવી રીતે ભગવાન્ શ્રી મહાવીર સ્વામી જગતમાં સર્વ જ્ઞાનીઓમાં સર્વથી શ્રેષ્ઠ હતા.

१ ३ ४ २ ५ ६
से पन्नया अक्खयसागरे वा, महोदही वावि अणंतपारे ।
७ ८ ९ १० ११ १२
अणाइले वा चकसाइ मुक्के, सकेव देवाहिवइ जुइमं ॥८॥

शब्दार्थ : (१) ભગવાન્ મહાવીર સ્વામી (૨) સમુદ્ર સમાન (૩) પ્રજ્ઞાથી (૪) અક્ષય (૫) સ્વયમ્ભૂરમણ સમુદ્રની સમાન અપાર (૬) પ્રજ્ઞાવાળા જેમ સમુદ્ર જલ નિર્મલ તેમ ભગવાન્ની (૭) પ્રજ્ઞા નિર્મલ–(૮) કષાયોથી (૯) રહિત (૧૦) ઇંદ્રની માફક (૧૧) દેવતાઓના અધિપતિ (૧૨) તેજસ્વી.

ભાવાર્થ:– ભગવાન્ શ્રી મહાવીર સ્વામી સમુદ્રની સમાન અક્ષય પ્રજ્ઞાવાળા તથા સ્વયમ્ભૂરમણ સમુદ્રની માફક ભગવાન્ની પ્રજ્ઞા અપાર, તથા કષાયોથી રહિત હોવાથી ભગવાન્ની પ્રજ્ઞા નિર્મળ, તેમ જ ઇંદ્રની માફક ભગવાન્ સર્વ દેવોના અધિપતિ તથા સમસ્ત જગતના પૂજ્ય ભિક્ષાવૃત્તિથી જીવન નિર્વાહ કરવાવાળા, કોઇ પણ લબ્ધિનો ઉપયોગ કરતા નહિ. સર્વથા આરંભ પરિગ્રહથી મુક્ત હતા. તથા તેજસ્વી હતા, યશસ્વી હતા, અપાર ગુણવાળા હતા.

१ २ ३ ६ ५ ४ ७
से वीरिएणं पडिपुन्नवीरिए, सुदंसणे वा णगसव्वसेट्ठ ।
९ ८ १० ११ १३ १२
सुरालए वासिमुदागरे से, विरायए णेगगुणोववेए ।९॥

शब्दार्थ : (१) ભગવાન્ મહાવીર સ્વામી (૨) વીર્યથી (૩) પ્રતિપૂર્ણ-વીર્યવાળા (૪) સર્વ (૫) પર્વતોમાં (૬) સુમેરુ પર્વતની જેમ (૭) સર્વથી શ્રેષ્ઠ હતા (૮) નિવાસ કરવાવાળાને (૯) સ્વર્ગસમાન (૧૦) હર્ષ ઉત્પન્ન કરાવનાર (૧૧) તે પર્વત (૧૨) અનેક ગુણોથી સહિત (૧૩) શોભાયમાન.

ભાવાર્થઃ- ભગવાન્ મહાવીર સ્વામી પ્રતિપૂર્ણ વીર્યવાળા હતા, જેમ મેરૂપર્વત સ્વર્ગમાં નિવાસ કરનારા દેવોને હર્ષ ઉત્પન્ન કરાવનાર અને સર્વ પર્વતોમાં (મેરૂપર્વત) શ્રેષ્ટ છે. અને અનેક ગુણોથી સુશોભિત છે એમ ભગવાન મહાવીર સ્વામી સર્વ ગુણોથી સુશોભિત હતા.

सयं सहस्साण उ जोयणाणं, तिकंडगे पंडगवेजयंते ।
से जोयणे णवणवते सहस्से, उद्धुस्सितो हेट्ठ सहस्समेगं ॥१०॥

શબ્દાર્થ : (૧) એ મેરૂ પર્વત એકસો (૨) હજાર (૩) યોજનનો ઉંચો છે (૪) ત્રણ વિભાગ છે પર્વત ઉપર (૫) સર્વથી ઉપર પંડક વન પતાકાની માફક શોભા આપે છે (૬) એ પર્વત (૭) નવાણુ (૮) હજાર (૯) યોજન પૃથ્વી ઉપર (૧૦) ઉંચો છે પૃથ્વીની (૧૧) અંદર (૧૨) એક હજાર યોજન છે.

ભાવાર્થઃ- મેરૂ પર્વત એક લાખ યોજનનો ઊંચાઈમાં છે. તેમાં નવાણુહજાર યોજન પૃથ્વી ઉપર ઊંચાઈમાં છે અને એક હજાર યોજન પૃથ્વીની અંદર છે. પૃથ્વી ઉપરના ભાગમાં ત્રણ વિભાગ છે. તેનાં ઉપરના ભાગમાં સર્વથી ઊંચું પંડગ નામનું વન મેરૂ પર્વત ઉપર પતાકાની માફક મેરૂને ચોફરતું વીંટીને રહેલ છે. ત્રણ વિભાગમાં ૧ ભૂમિમય ૧ સુવર્ણમય ૧ વડુર્યમય છે તથા સર્વ નીચે ભદ્રશાલ વન છે.

पुट्ठे णभे चिट्ठइ भूमिवट्ठिए, जं सूरिया अणुपरिवट्टयंति ॥
से हेमवन्ने बहुनंदणे य, जंसी रतिं वेदयंति महिंदा ॥११॥

શબ્દાર્થ : (૧) સુમેરુપર્વત (૨) આકાશને (૩) સ્પર્શીને (૪) પૃથ્વીપર સ્થિત રહેલ છે (૫) જેને (૬) સૂર્ય (૭) પ્રદક્ષિણા કરે છે (૮) સુવર્ણરંગવાળો

(૯) બહુ નંદનવનોથી યુકત છે (૧૦) જેનાપર (૧૧) મહેન્દ્રલોક (૧૨) આનંદનો (૧૩) અનુભવ કરે છે.

ભાવાર્થ:- એ સુમેરુ પર્વત આકાશને સ્પર્શીને પૃથ્વીને અવગાહન કરી પૃથ્વી ઉપર તથા અંદર સ્થિત રહેલ છે તે પર્વતને સૂર્યગણ ચારે બાજુ પ્રદક્ષિણા કરતા ભ્રમણ કરે છે. વળી તે પર્વતનો રંગ સુવર્ણ સમાન છે. બહુ નંદનવનાદિથી યુક્ત છે, ત્યાં ઈંદ્ર સહિત દેવતાઓ પર્વત ઉપર આવી આનંદનો અનુભવ કરે છે પ્રથમ ભાગમાં ભદ્રશાલ વન છે તેના ઉપર નંદન નામનું વન છે. તેના ઉપર સોમનસ નામનું વન છે અને સૌથી ઉપર પંડક નામનું વન છે. એ ચારે વનો મેરૂ પર્વતને ફરતાં ચારે દિશામાં રહેલાં છે. ઘણાં શોભાયમાન હોવાથી દેવોને પણ ક્રીડાનું સ્થાન છે.

૧ ૨ ૪ ૩
સે પવ્વએ સદ્દમહપ્પગાસે, વિરાયતી કંચણમટ્ઠવન્ને ।
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
અણુત્તરે ગિરિસુ ય પવ્વદુગ્ગે, ગિરીવરે સે જલિએવ ભોમે ॥૧૨॥

શબ્દાર્થ : (૧) સુમેરુ પર્વત જગતમાં (૨) અનેક નામોથી પ્રસિદ્ધ છે (૩) સુવર્ણની માફક શુદ્ધ વર્ણવાળો (૪) સુશોભિત છે (૫) સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ છે (૬) સર્વ પર્વતોમાં (૭) ઉપપર્વતોમાં દુર્ગમ છે (૮) એ શ્રેષ્ઠ પર્વત મણિ તથા ઔષધિઓથી (૯) પ્રકાશિત (૧૦) ભૂમિ પ્રદેશની માફક પ્રકાશ કરે છે.

ભાવાર્થ:- સુમેરુ પર્વત જગતમાં અનેક નામોથી પ્રસિદ્ધ છે. સુમેરુ, પર્વત, મન્દર, સુદર્શન, સુરગિરિ, આદિ અનેક નામો છે. તે પર્વતનો રંગ સુવર્ણ સમાન શુદ્ધ છે, સર્વ પર્વતમાં શ્રેષ્ઠ છે, ઉપપર્વતો દ્વારા દુર્ગમ છે, મણિ તથા ઔષધિયોથી પ્રકાશિત ભૂમિ પ્રદેશની જેમ પ્રકાશ કરે છે.

૨ ૩ ૪ ૧ ૮ ૫ ૬ ૭
મહીઇ મજ્ઝંમિ ઠિતે ણગિંદે, પન્નાયતે સૂરિયસુદ્ધ લેસે ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૪ ૧૩
એવં સિરિએ ઉ સ ભૂરિવન્ને, મણોરમે જોયઇ અચ્ચિમાલી ॥૧૩॥

શબ્દાર્થ : (૧) પર્વતરાજ (૨) પૃથ્વીના (૩) મધ્યભાગમાં (૪) સ્થિત છે (૫) સૂર્યની સમાન (૬) શુદ્ધ (૭) કાંતિવાળો (૮) પ્રતીત છે (૯) એ રીતે (૧૦) પોતાની શોભાથી (૧૧) અનેક વર્ણવાળો (૧૨) મનોહર છે (૧૩) સૂર્યની માફક સર્વ દિશાઓમાં (૧૪) પ્રકાશ કરે છે.

ભાવાર્થ:– એ પર્વતરાજ પૃથ્વીના મધ્યભાગમાં સ્થિત છે, સૂર્યની સમાન કાન્તિવાળો છે. અનેક વર્ણવાળો તથા મનોહર છે. સૂર્યની સમાન સર્વ દિશાઓમાં પ્રકાશ કરે છે.

૩ ૫ ૪ ૬ ૧ ૨
सुदंसणस्सेव जसो गिरिस्स, पवुच्चई महतो पव्वयस्स ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
एतोवमे समणे नायपुत्ते, जातीजसोदंसणनाणसीले ॥૧૪॥

શબ્દાર્થ : (૧) મહાન્ (૨) પર્વત (૩) સુદર્શન (૪) ગિરિના (૫) યશ (૬) પૂર્વોક્ત પ્રકારે કહ્યા (૭) એ પ્રકારની ઉપમાએ (૮) શ્રમણ ભગવાન્ (૯) મહાવીર સ્વામીની (૧૦) જાતિ, (૧૧) યશ, (૧૨) દર્શન, (૧૩) જ્ઞાન, (૧૪) શીલ–ચારિત્રમાં સર્વમાં પ્રધાન હતા.

ભાવાર્થ:– પર્વતોમાં મેરુપર્વતના યશ આદિ પૂર્વોક્ત બતાવ્યા એ ઉપમાની માફક શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી સર્વ ગુણોથી યુક્ત જાતિ, યશ, દર્શન, જ્ઞાન તથા ચારિત્રમાં સર્વથી ઉત્તમ પ્રધાન હતા.

૨ ૩ ૧ ૫ ૬ ૪
गिरीवरे वा निसहाऽऽयताणं, रुयए व सेट्ठे वलयायताणं ।
૯ ૭ ૧૦ ૧૧ ૧૨ ૧૩
तओवमे से जगभूइपन्ने, मुणीण मज्झे तमुदाहु पन्ने ॥૧૫॥

શબ્દાર્થ : (૧) જેમ લાંબા (૨) પર્વતોમાં શ્રેષ્ઠ (૩) નિષધ પર્વત છે (૪) ગોળપર્વતોમાં (૫) રુચક પર્વત (૬) શ્રેષ્ઠ છે (૭) જગત્માં સર્વથી વિશેષ

(૮) બુદ્ધિમાન્ મહાવીરસ્વામી (૯) એ ઉપમાં (૧૧) મધ્યમાં ભગવાન્ શ્રેષ્ઠ (૧૨) કહેલ છે (૧૩) પ્રજ્ઞાવંત.

ભાવાર્થ:- લાંબા પર્વતોમાં નિષધ પર્વત શ્રેષ્ઠ છે. ગોળ પર્વતોમાં રૂચક પર્વત શ્રેષ્ઠ છે. એ ઉપમાએ જગતમાં સર્વથી અધિક બુદ્ધિમાન્ ભગવાન્ મહાવીર સ્વામી હતા અને સમસ્ત મુનિઓમાં પણ સર્વથી શ્રેષ્ઠ પ્રજ્ઞાવંત ભગવાન્ મહાવીર સ્વામી હતા.

અણુત્તરં ધમ્મમુઈરઇત્તા, અણુત્તરં ઝાણવરં ઝિયાઇ ।
સુસુક્કસુક્કં અપગંડસુક્કં, સંખિંદુએગંતવદાતસુક્કં ॥૧૬॥

શબ્દાર્થ : (૧) સર્વોત્તમ (૨) ધર્મબતાવી (૩) સર્વોત્તમ (૪) ધ્યાન (૫) ધ્યાતા હતા (૬) અત્યન્ત શુકલ (૬) વસ્તુ (૭) સમાન શુકલ દોષવર્જિત (૮) શુકલ (૯) શંખ (૧૦) ચંદ્ર સમાન (૧૧) એકાંત (૧૨) શુકલ.

ભાવાર્થ:- ભગવાન્ મહાવીર સ્વામી જગતના જીવોને સર્વોત્તમ ધર્મ બતાવી, સર્વોત્તમ ધ્યાન ધ્યાતા હતા. તેમનું ધ્યાન અત્યન્ત શુકલ વસ્તુ સમાન દોષ વર્જિત શુકલ શંખ તથા ચંદ્રમા સમાન શુદ્ધ હતું.

અણુત્તરગ્ગં પરમં મહેસી, અસેસકમ્મં સ વિસોહઇત્તા ।
સિદ્ધિં ગતે સાઇમણંતપત્તે, નાણેણ સીલેણ ય દંસણેણ ॥૧૭॥

શબ્દાર્થ : (૧) મહર્ષિ ભગવાન્ મહાવીર સ્વામી (૨) જ્ઞાન (૩) દર્શન (૪) ચારિત્રદ્વારા (૫) સમસ્ત કર્મોનો (૬) ક્ષય કરીને (૭) સર્વોત્તમ (૮) પરમ (૯) સિદ્ધિ (૧૦) પ્રાપ્ત કરી (૧૧) સાદિ (૧૨) અનંત પામ્યા.

ભાવાર્થ:- મહર્ષિ ભગવાન્ મહાવીર સ્વામી જ્ઞાન, દર્શન, ચારિત્રના શુદ્ધ પાલનથી જ્ઞાનાવરણીય આદિ સમસ્ત કર્મોનો ક્ષય

ઊરીને, સર્વોત્તમ સિદ્ધિપદને પ્રાપ્ત કરી જેની આદિ છે પરંતુ અન્ત નથી, એવી પાંચમી ગતિનાં શાશ્વતા સુખોને પામ્યા.

૨ ૩ ૧ ૪ ૫ ૭ ૮ ૬
रुक्खेसु णाते जह सामली वा, जस्सिं रतिं वेययती सुवण्णा ।
૨ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
वणेसु वा णंदणमाहु सेट्ठं, नाणेण सीलेण य भूतिपन्ने ॥૧૮॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) વૃક્ષોમાં (૩) જગત્ પ્રસિદ્ધ (૪) શાલ્મલી વૃક્ષ છે. (૫) જેના ઉપર (૬) સુવર્ણકુમાર દેવો (૭) આનંદ (૮) અનુભવે છે (૯) વનોમાં જેમ (૧૦) નંદનવન (૧૧) શ્રેષ્ઠ છે (૧૨) જ્ઞાન (૧૩) ચારિત્ર આ શ્રી ભગવાન્ મહાવીર (૧૪) ઉત્તમ જ્ઞાની શ્રેષ્ઠ શીઘ્રપ્રજ્ઞાવાળા હતા.

ભાવાર્થ:- જેમ વૃક્ષોમાં જગત્પ્રસિદ્ધ શાલ્મલી નામનું વૃક્ષ શ્રેષ્ઠ છે. જેના ઉપર સુવર્ણકુમાર નામના દેવો આનંદનો અનુભવ કરે છે અને વનોમાં નંદનવન સર્વ વનોમાં શ્રેષ્ઠ છે, એવી રીતે જ્ઞાન અને ચારિત્રમાં ભગવાન્ મહાવીર સ્વામી શ્રેષ્ઠ હતા, એટલે કેવળ જ્ઞાન આશ્રી સર્વથી ઉત્તમ જ્ઞાની તથા શીઘ્ર પ્રજ્ઞાવાળા હતા.

૨ ૧ ૩ ૬ ૪ ૫
थणियं व सदाण अणुत्तरे उ, चंदो व ताराण महाणु भावे ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
गंधेसु वा चंदणमाहु सेट्ठं, एवं मुणीणं अपडिन्नमाहु ॥૧૯॥

શબ્દાર્થ : (૧) શબ્દમાં (૨) મેઘગર્જના (૩) સર્વ શબ્દોમાં પ્રધાન (૪) તારાઓમાં (૫) મહાનુભાવ (૬) ચંદ્રમા શ્રેષ્ઠ છે (૭) ગંધમાં (૮) ચંદન (૯) શ્રેષ્ઠ છે (૧૦) એમ (૧૧) સર્વ મુનિઓમાં (૧૨) કામના રહિત ભગવાન્ મહાવીર સ્વામી શ્રેષ્ઠ હતા.

ભાવાર્થ:- જેમ સર્વ શબ્દોમાં મેઘગર્જન શબ્દ પ્રધાન છે અને સર્વ તારાગણમાં ચંદ્રમા પ્રધાન છે તથા સર્વ ગંધવાળા

પદાર્થોમાં ચંદન પ્રધાન છે, એવી રીતે સર્વ મુનિઓમાં કામના રહિત ભગવાન્ મહાવીર સ્વામી પ્રધાન હતા.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૮ ૭
जहा सयंभू उदहीण सेट्ठे, नागेसु वा धरणिंदमाहु सेट्ठे ।
૧૦ ૯ ૧૧ ૧૨ ૧૩ ૧૪
खोओदए वा रस वेजयंते, तवोवहाणे मुणिवेजयंते ॥२०॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) સમુદ્રોમાં (૩) સ્વયમ્ભૂરમણ સમુદ્ર (૪) શ્રેષ્ઠ છે (૫) નાગ દેવોમાં (૬) ધરણેન્દ્રને (૭) શ્રેષ્ઠ (૮) કહેલ છે (૯) રસવાળા સમુદ્રોમાં (૧૦) ઇક્ષુરસોદક સમુદ્ર (૧૧) શ્રેષ્ઠ છે (૧૨) તપઉપધાનમાં (૧૩) મુનિભગવાન્ને (૧૪) શ્રેષ્ઠ કહેલ છે.

ભાવાર્થ:– જેમ સર્વ સમુદ્રોમાં સ્વયમ્ભૂરમણ સમુદ્ર પ્રધાન છે. નાગદેવોમાં ધરણેન્દ્ર શ્રેષ્ઠ છે. સર્વરસવાળા સમુદ્રોમાં ઇક્ષુરસોદક સમુદ્ર શ્રેષ્ઠ છે. એ રીતે તપસ્વીઓમાં શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીને શ્રેષ્ઠ કહેલ છે. (સ્વયમ્ભૂરમણ સમુદ્ર બધા સમુદ્રોમાં છેલ્લો સમુદ્ર છે અને બધા સમુદ્રો ચુડીના આકારે ગોળ રહેલા છે.)

૧ ૩ ૪ ૨ ૬ ૫ ૭ ૮
हत्थीसु एरावणमाहु णाए, सीहो मिगाणं सलिलाण गंगा ।
૯ ૧૦ ૧૧ ૧૨
पक्खीसु वा गरुले वेणुदेवो, निव्वाणवादीणिह णायपुत्ते ॥२१॥

શબ્દાર્થ : (૧) હાથીઓમાં (૨) જગત્ પ્રસિદ્ધ (૩) ઐરાવણ હાથીને (૪) શ્રેષ્ઠ કહેલ છે (૫) મૃગોમાં (૬) સિંહ પ્રધાન છે (૭) નદીઓમાં (૮) ગંગાનદી પ્રધાન છે (૯) પક્ષીઓમાં (૧૦) ગરુડ પ્રધાન છે (૧૧) મોક્ષવાદિઓમાં (૧૨) ભગવાન મહાવીર સ્વામી પ્રધાન કહેલ છે.

ભાવાર્થ:– હાથીઓમાં ઐરાવણ, પશુઓમાં સિંહ, નદીઓમાં ગંગા નદી, પક્ષીઓમાં ગરુડ–વેણુદેવ શ્રેષ્ઠ છે એવી રીતે મોક્ષવાદિઓમાં ભગવાન મહાવીર શ્રેષ્ઠ છે.

૪ ૨ ૧ ૩ ૬ ૮ ૭ ૯
जोहेसु णाए जह वीससेणे, पुप्फेसु वा जह अरविंदमाहु ।
૧૦ ૫ ૧૧ ૧૨ ૧૪ ૧૫ ૧૩
खत्तीण सेट्ठे जह दंतवक्के, इसीण सेट्ठे तह वद्धमाणे ॥२२॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) જગત્ પ્રસિદ્ધ (૩) વિશ્વસેનને (૪) યોદ્ધાઓમાં (૫) શ્રેષ્ઠ કહેલ છે (૬) ફૂલોમાં (૭) અરવિંદને (૮) જેમ (૯) શ્રેષ્ઠ કહે છે (૧૦) ક્ષત્રિઓમાં (૧૧) ચક્રવર્તીઓને શ્રેષ્ઠ કહેલ છે (૧૨) ઋષિઓમાં (૧૩) ભગવાન્ મહાવીર સ્વામી (૧૪) શ્રેષ્ઠ કહેલ છે. (૧૫) એ રીતે.

ભાવાર્થ:– જેમ યોદ્ધાઓમાં વિશ્વસેન પ્રધાન હતા. ફૂલોમાં જેમ અરવિંદ કમળ પ્રધાન છે, ક્ષત્રિઓમાં દાન્તવાકય ચક્રવર્તીઓને પ્રધાન કહેલ છે, એવા પ્રકારે ઋષિઓમાં શ્રી વર્ધમાન સ્વામી ભગવાન્ મહાવીરને શ્રેષ્ઠ કહેલ છે.

૧ ૩ ૨ ૪ ૫
दाणाण सेट्ठं अभयप्पयाणं, सच्चेसु वा अणवज्जं वयंति ।
૬ ૮ ૭ ૯ ૧૧ ૧૦
तवेसु वा उत्तम बंभचेरं लोगुत्तमे समणे नायपुत्ते ॥२३॥

શબ્દાર્થ : (૧) દાનોમાં (૨) અભયદાન (૩) શ્રેષ્ઠ છે (૪) સત્ય વચનમાં (૫) નિરવદ્ય વચન ઉત્તમ છે (૬) તપમાં (૭) બ્રહ્મચર્ય (૮) ઉત્તમ છે (૯) એવી રીતે આ લોકમાં (૧૦) શ્રી મહાવીર સ્વામીને (૧૧) ઉત્તમ કહેલ છે.

ભાવાર્થ:– સર્વ દાનોમાં અભયદાન ઉત્તમ છે. સત્યમાં નિરવદ્ય વચન ઉત્તમ છે, તપમાં બ્રહ્મચર્ય ઉત્તમ છે. એવી રીતે લોકમાં જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીને ઉત્તમ કહેલ છે પ્રધાન કહેલ છે. સર્વથી ઉત્તમ શક્તિ તથા ક્ષાયક જ્ઞાન દર્શન તથા ચારિત્ર અપેક્ષાએ ભગવાન્ મહાવીર સ્વામીને ઉત્તમ કહેલ છે.

૧ ૩ ૨
ઠિईण सेट्ठा लवसत्तमा वा, सभा सुहम्मा व सभाण सेट्ठा ।
૧૦ ૧૧ ૮ ૯ ૧૪ ૧૩ ૧૨
निव्वाणसेट्ठा जह सव्वधम्मा, ण णायपुत्ता परमत्थि नाणी ॥२४॥

શબ્દાર્થ : (૧) લાંબી સ્થિતિવાળામાં (૨) પાંચ અનુત્તર (૩) વિમાનના દેવો પ્રધાન છે (૪) સર્વ સભાઓમાં (૫) સુધર્મા (૬) સભા (૭) ઉત્તમ છે (૮) સર્વ (૯) ધર્મોમાં (૧૦) નિર્વાણ ધર્મ (૧૧) ઉત્તમ છે (૧૨) જ્ઞાનીઓમાં (૧૩) સર્વથી ઉત્તમ (૧૪) ભગવાન્ મહાવીર સ્વામીને કહેલ છે.

ભાવાર્થ:– જેમ સર્વ સ્થિતિવાળામાં પાંચ અનુત્તર વિમાનવાસી દેવતા પ્રધાન છે અને સર્વ સભાઓમાં સુધર્મા સભા ઉત્તમ છે, સર્વ ધર્મોનાં નિર્વાણ (મોક્ષ) ધર્મ ઉત્તમ છે, એમ સર્વ જ્ઞાનીઓમાં ઉત્તમોત્તમ ભગવાન્ મહાવીર સ્વામીને કહેલ છે. એટલે ભગવંત મહાવીર સ્વામી સમાન અન્ય કોઇ જ્ઞાની ભરત ક્ષેત્રમાં ન હતા.

૧ ૨ ૩ ૭ ૫ ૬ ૪
पुढोवमे धुणइ विगयगेही, न सण्णिहिं कुव्वति आसपन्ने ।
૧૧ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૪
तरिउं समुद्दं व महाभवोघं, अभयंकरे वीर अणंतचक्खू ॥
॥ ૨૫ ॥

શબ્દાર્થ : (૧) પૃથ્વીસમાન (૨) આઠ કર્મોને દૂર કરવાવાળા (૩) બાહ્ય તથા અભ્યન્તર વસ્તુમાં અનાસક્ત (૪) શિઘ્ર પ્રજ્ઞાવંત (૫) ધનધાન્ય સંચય (૬) કરવાવાળા (૭) નહિ (૮) સમુદ્ર (૯) સમાન (૧૦) મહાન સંસાર (૧૧) પાર કરી મોક્ષને પ્રાપ્ત કરનાર (૧૨) પ્રાણીઓને અભય કરનાર (૧૩) ભગવાન્ મહાવીર (૧૪) અનંતજ્ઞાની.

ભાવાર્થ:– શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી જગત્ના સમસ્ત જીવોને પૃથ્વીની સમાન આધારભૂત હતાં. વળી સ્વયં આઠ પ્રકારનાં કર્મોને દૂર કરવાવાળા તથા અન્ય જીવોને આઠ કર્મોથી છોડાવનારા તથા સર્વ પદાર્થોનાં ગૃદ્ધિપણા રહિત, શીઘ્ર બુદ્ધિમાન, ક્રોધાદિક

કષાયોથી રહિત તથા ધન ધાન્યાદિકના સંચય નહિ કરવાવાળા, સમુદ્ર સમાન ગંભીર અનન્ત સંસારને પાર કરી ભગવાન મહાવીર મોક્ષ પ્રાપ્ત કરનારા તથા અનંત જ્ઞાની તથા સર્વ પ્રાણીઓને અભય કરનારા હતા.

૩ ૪ ૫ ૬ ૭ ૮
कोहं च माणं च तहेव मायं, लोभं चउत्थं अज्झत्थदोसा ।
૯ ૧ ૨ ૧૦ ૧૧ ૧૨
एआणि वंता अरहा महेसी, ण कुव्वई पाव ण कारवेइ ॥२६॥

શબ્દાર્થ : (૧) અરિહંત (૨) મહર્ષિ (૩) ક્રોધ (૪) માન (૫) માયા (૬) લોભ (૬) ચાર (૮) આધ્યાત્મ દોષો (૯) ત્યાગ કર્યો (૧૦) ન કરતાં (૧૧) સ્વયં પાપ (૧૨) અન્ય પાસે પાપ કરાવતા નહિ.

ભાવાર્થ:- ભગવાન્ મહાવીર સ્વામી મહર્ષિએ ક્રોધ, માન, માયા, લોભ, એ ચારે કષાયો–અધ્યાત્મ દોષોનો ત્યાગ કરી કષાયોને જીતી સ્વયં પાપ કરતા નહિ, અન્ય પાસે પાપ કરાવતા નહિ અને અનુમોદન પણ આપતા નહિ.

૧ ૨ ૩ ૪ ૭ ૬
किरियाकिरियं वेणइयाणुवायं, अण्णाणियाणं पडियच्च ठाणं ।
૯ ૫ ૧૦ ૧૩ ૧૨ ૧૧
से सव्ववायं इति वेयइत्ता, उवट्ठिए संजमदीहरायं ॥२७॥

શબ્દાર્થ : (૧) ક્રિયાવાદી (૨) અક્રિયાવાદી (૩) વિનયવાદી (૪) અજ્ઞાનવાદી (૫) એ પ્રકારે (૬) પક્ષ-સ્થાન (૭) જાણી (૮) એને (૯) સર્વવાદી (૧૦) જાણી (૧૧) જીવનપર્યંત (૧૨) સંયમમાં (૧૩) સ્થિર થયા.

ભાવાર્થ:- ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી તથા અજ્ઞાનવાદી એ સર્વ મતવાદીઓના મતોના સ્વરૂપને–મંતવ્યને જાણીને ભગવાન્ મહાવીર સ્વામી યાવત્ જીવન સંયમમાં સ્થિત રહ્યા હતા.

૧ ૫ ૪ ૩ ૬ ૭
से वारिया इत्थी सराइभत्तं, उवहाणवं दुक्खखणट्ठयाए ।
૯ ૧૧ ૮ ૧૦ ૧૩ ૧૨ ૧૪ ૧૫
लोगं विदित्ता आरं परं च, सव्वं पभू वारिय सव्ववारं ॥२८॥

શબ્દાર્થ : (૧) તે ભગવાન્ (૨) મહાવીર (૩) રાત્રિભોજન તથા (૪) સ્ત્રીનો (૫) ત્યાગ કરી (૬) તપસ્યામાં પ્રવૃત્ત થયા (૭) દુઃખનો ક્ષય કરવા માટે (૮) આ લોક તથા (૯) એ લોકના (૧૦) પરલોક (૧૧) સ્વરૂપને જાણી (૧૨) ભગવાન્ (૧૩) સર્વ પાપોનો (૧૪) ત્યાગ કર્યો (૧૫) સર્વ આશ્રવદ્વારથી નિવૃત્ત.

ભાવાર્થ:– ભગવાન મહાવીરે રાત્રિ ભોજન સહિત હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મચર્ય, પરિગ્રહ, એ સર્વ દોષોનો ત્યાગ કરી પાપથી નિવૃત્ત થયા હતા. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ રીતે પાંચે પ્રકારથી લોકના સ્વરૂપને જાણી, આઠે કર્મનો ક્ષય કરવા માટે ભગવાન મહાવીર સ્વામી તપસ્યામાં પ્રવૃત્ત રહી સર્વ આશ્રવોથી નિવૃત્ત થઈ કર્મનો ક્ષય કર્યો હતો.

૮ ૭ ૧ ૪ ૨ ૩ ૪ ૫ ૬
सोच्चा य धम्मं अरहंतभासियं, समाहितं अट्ठपदोवसुद्धं ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
तं सद्दहाणा य जणा अणाऊ, इंदा व देवाहिव आगमिस्संति
त्तिबेमि ॥२९॥

શબ્દાર્થ : (૧) શ્રી અરિહંતદેવ દ્વારા (૨) કથિત (૩) યુક્તિયુક્ત (૪) અર્થ તથા (૫) પદોથી (૬) શુદ્ધ (૭) ધર્મ (૮) સાંભળી (૯) શ્રદ્ધા રાખવાવાળા (૧૦) જીવો (૧૧) મોક્ષને પ્રાપ્ત કરે છે (૧૨) ઇન્દ્રની માફક (૧૩) દેવતાના અધિપતિ (૧૪) બને છે.

ભાવાર્થ:– અરિહંત દેવ દ્વારા ભાષિત યુક્તિ સંગત તથા શુદ્ધ અર્થ તથા પદવાળા આ ધર્મને સાંભળીને જે જીવો આ ધર્મમાં શ્રદ્ધા કરે છે અને શ્રદ્ધા કરી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપનું

આરાધન કરે છે તે જીવો મોક્ષને પ્રાપ્ત કરે છે, અથવા શેષ કર્મો રહી જાય તો ઇન્દ્રની માફક દેવસ્તાના અધિપતિ સમાન દેવોમાં ઉત્પન્ન થાય છે. શ્રી સુધર્મા સ્વામી શ્રી તીર્થંકરના ગુણોને બતાવી પોતાના શિષ્યને કહે છે કે દુર્ગતિમાં પડતાને બચાવવા માટે શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ જે શ્રી તીર્થંકર દ્વારા કહેલ છે તે યુક્તિ તથા હેતુથી શુદ્ધ છે, સંગત છે તથા દોષ રહિત છે એ ધર્મમાં શ્રદ્ધા રાખી જે આચરણ કરે છે, તે આયુ-કર્મ રહિત બને છે, સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે, શેષ કર્મ રહી જાય તો ઇંદ્ર આદિ દેવાધિપતિ બને છે.

અધ્યયન ૬ ઠું સમાપ્ત.

સૂત્ર કૃતાંગ સૂત્ર
અધ્યયન ૭ મું.
કુશીલ પરિભાષા

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
पुढवी य आऊ अगणी य वाऊ, तण रुक्ख बीया य तसा य पाणा।
૧૦ ૧૧ ૧૪ ૧૨ ૧૩
जे अंडया जे य जराउ पाणा, संसेयया जे रसयाभिहाणा ॥१॥
૧૫ ૧૬ ૧૭ ૧૮ ૨૦ ૨૧ ૧૯
एयाइं कायाइं पवेदिताइं, एतेसु जाणे पडिलेह सायं ।
૨૨ ૨૩ ૨૪ ૨૬
एतेण कएण य आयदंडे, एतेसु या विप्परियासुविंति ॥२॥

શબ્દાર્થ : (૧) પૃથ્વી (૨) જલ (૩) અગ્નિ (૪) વાયુ (૫) ઘાસના તૃણા (૬) વૃક્ષ (૭) બીજ (૮) ત્રસ (૯) પ્રાણી જીવ (૧૦) ઇંડા (૧૧) જરાયુજ (૧૨) સ્વેદજ (૧૩) રસમાં ઉત્પન્ન થવાવાળા (૧૪) પ્રાણી-જીવો (૧૫) એ સર્વને સર્વજ્ઞ ભગવંતે (૧૬) જીવોના પિંડ (૧૭) કહ્યા છે (૧૮) એ સર્વ જીવોને (૧૯) સુખની ઇચ્છા છે (૨૦) જાણો (૨૧) વિચારો (૨૨) એ (૨૩) જીવોનો જે નાશ કરે છે (૨૪) તે પોતાના આત્માને જ દંડ આપે છે અને ઘાત કરનારા (૨૫) એ જ પ્રાણીની યોનીમાં (૬) જન્મ ધારણ કરે છે.

ભાવાર્થ:– પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, તૃણ, વૃક્ષ, બીજ તથા ત્રસ પ્રાણીઓ ઇંડાથી ઉત્પન્ન થનારા પક્ષીઆદિ તથા જરાયુજ– મનુષ્ય, ગાય, બળદ આદિ સ્થળચર તથા પરસેવાથી ઉત્પન્ન થનારા જૂ, માંકડ આદિ તથા રસમાં ઉત્પન્ન થનારાં નાના નાના કીડા આદિ એ સર્વને શ્રી તીર્થંકર દેવોએ જીવો કહેલ છે જીવના શરીર–પિન્ડ કહ્યા છે. સર્વ જીવોને સુખની ઇચ્છા રહેલી છે. એમ જાણો. જે કોઇ જીવો ઉપરોક્ત જીવોની હિંસા કરે છે, તેઓ પાપનો કર્મોનો સંચય કરીને ચારગતિ ચોવીશ દંડકરૂપ સ્થાનમાં એ જ પ્રાણીઓમાં

વારંવાર જન્મ ધારણ કરે છે, અને મૃત્યને પામે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ પાંચે એકેન્દ્રિય–એટલે જેને શરીર રૂપ એક જ ઇન્દ્રિ છે. તેઓમાં સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના ભેદ છે. અને પ્રર્યાપ્તિ અને અપર્યાપ્તિ એવા બે ભેદો સર્વ શરીરવાળા જીવોમાં રહેલાં છે. આ જીવોને પીડા ઉત્પન્ન કરનાર– ઘાત કરનારા પોતે પોતાના આત્માના દંડના ભાગી બને છે–એટલે તેઓ ઘાત કરનારા પોતાના આત્માને જ દંડ આપે છે. પૃથ્વી આદિ પાંચે એકેન્દ્રિયોની ઘાત કરનારા–પીડા દેનારા જીવો એ જ એકેન્દ્રિય જીવોની યોનિમાં વારંવાર ઉત્પન્ન થઇને જન્મમરણ કર્યા કરે છે. જીવો પોતાના સુખની ઇચ્છાથી જીવોની હિંસા કરે છે. પરંતુ તે હિંસાના કરનારાઓને સુખને બદલે દુઃખની પ્રાપ્તિ પરમાર્થથી થાય છે એમ જાણો.

૧ ૨ ૪ ૫ ૬
जाईपहं अणुपरिवट्टमाणे, तसथावरेहिं विणिघायमेति ।
૩ ૭ ૮ ૧૦ ૧૨ ૧૧ ૯
से जति जातिं बहुकूरकम्मे, जं कुव्वती मिज्जति तेण बाले ॥३॥

શબ્દાર્થ : (૧) એકેન્દ્રિય આદિ જાતિમાં (૨) જન્મ-મરણ કરતા થકા (૩) એ જીવ (૪) ત્રસ અને (૫) સ્થાવરમાં ઉત્પન્ન થઇ (૬) મૃત્યુને પામે છે (૭) વારંવાર જન્મ લઇ (૮) અતિ ક્રૂર કર્મ કરવાવાળા (૯) અજ્ઞાની જીવ (૧૦) જે પાપકર્મો કરે છે (૧૧) તેના વિપાકોથી (૧૨) મૃત્યુને પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:– એકેન્દ્રિય આદિ પૂર્વોકત પ્રાણીઓની હિંસા કરવાવાળા જીવો વારંવાર એ જ એકેન્દ્રિ આદિ જાતિમાં–યોનિઓમાં જન્મ લે છે અને મરણ પામે છે. ત્રસ અને સ્થાવર બંને પ્રકારના જીવોમાં ઉત્પન્ન થઇ મૃત્યુને પામે છે. પાપી જીવો વારંવાર જન્મ પામી અતિ ક્રૂર કર્મો કરી કર્મનો સંચય કરી વારંવાર મૃત્યુને પામે છે. એકેન્દ્રિય આદિ જાતિઓના માર્ગને 'જાતિપથ' કહેવાય છે

અથવા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને જાતિ કહેવાય છે. જન્મ મરણને જાતિ વધ કહેવાય છે. હિંસક જીવો સત્‌અસતના વિવેકથી રહિત બાળકસમાન અજ્ઞાનીજીવો, જીવોની હિંસા કરીને જન્મમરણ રૂપ સંસાર પરિભ્રમણ કરે છે.

અસ્સિ (૧) ચ (૨) લોએ (૩) અદુવા (૪) પરત્થા (૫), સયગ્ગસો (૬) વા તહ (૭) અન્નહા વા (૮)।
સંસારમાવન્ન (૯) પરં પરં તે (૧૦), બંધંતિ (૧૧) વેદંતિ (૧૨) ય દુન્નિયાણિ ॥૪॥

શબ્દાર્થ : (૧) આ (૨) લોકમાં (૩) અથવા (૪) પરલોકમાં (૫) સેંકડો જન્મોમાં (૬) જે પ્રકારે કર્મો બાંધ્યાં હોય તેવા જ પ્રકારે (૭) અથવા અન્ય પ્રકારે ભોગવવાં પડે (૮) સંસાર પરિભ્રમણ કરતા થકાં (૯) કુશીલજીવો બહુ બહુ દુઃખો ભોગવે છે (૧૦) આર્તધ્યાનથી (૧૧) નવા કર્મો બાંધે છે (૧૨) ભોગવે છે.

ભાવાર્થ:– જીવોએ બાંધેલા કર્મો ભૂતકાળના બાંધેલ કર્મો કે વર્તમાન ભવમાં બાંધેલા કર્મો પૈકી કોઇ કર્મ ચાલુ ભવમાં કર્તાને વિપાક–ફળ આપે છે. વળી કોઇ કર્મ પાસેના બીજા ભવમાં ફળ આપે છે અને કોઈ કર્મો એક ભવમાં અગર સેંકડો ભવમાં ફળ આપે છે અને સેંકડો ભવે પણ ભોગવવાં પડે છે. કોઇ કર્મ ચાલુ ભવમાં અને કોઇ કર્મ બીજા ત્રીજા ભવમાં કે સેંકડો ભવમાં ઉદય આવતાં ભોગવવાં પડે છે. કોઇ કર્મ જે પ્રમાણે કરેલ હોય–બાંધ્યા હોય, એવા જ પ્રકારે ભોગવવાં પડે છે તો કોઇ કર્મ અન્યથા પ્રકારે ભોગવવાં પડે છે. કોઇ કર્મના ફળ એકવાર ભોગવવાં પડે છે તો કોઇ કર્મના ફળ વિશેષવાર ભોગવવાં પડે છે, કર્મના બંધ જીવના પરિણામ મુજબ તીવ્ર કે મંદ, દીર્ઘ સ્થિતિ કે અલ્પ સ્થિતિના પડે છે. કુશીલ મનુષ્યો હિંસા કરીને લાંબા કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરતા રહે છે. એક કર્મના ફળ ભોગવતાં રાગદ્વેષ કરીને આર્ત ધ્યાન કરીને નવા નવા કર્મના બંધ બાંધે છે.

આવી રીતે પોતાના કરેલા કર્મોના ફળ સૌ કોઇ ભોગવે છે. જે કર્મો શીઘ્ર ફળ દેનારા હોય તે ચાલુ ભવમાં જ ભોગવવાં પડે છે. વળી કોઇ કર્મો અન્ય ભવોમાં નરક તિર્યંચ આદિ ભવોમાં ભોગવવાં પડે છે. જે પ્રકારે શુભ અથવા અશુભ કર્મો કરે એ પ્રમાણે તેના વિપાકો-ફળો ભોગવવાં પડે છે. પરંતુ કોઇ પણ કર્મોના ફળ ભોગવ્યા વિના છૂટકારો થાય તેમ નથી. તેમ જાણો.

१ २ ३ ४ ५ ६ ७
जे मायरं वा पियरं च हिच्चा, समणव्वए अगणिं समारभिज्जा ।
१४ ११ १२ १३ ९ १० ८
अहाहु से लोए कुसीलधम्मे, भूताइं जे हिंसति आयसाते ॥
॥ ५ ॥

શબ્દાર્થ : (૧) જે મનુષ્ય (૨) માતા (૩) પિતા (૪) છોડી (૫) પ્રવ્રજ્યા ગ્રહણ કરી (૬) અગ્નિ (૭) આરંભ કરે છે (૮) પોતાના સુખ માટે (૯) જીવોની (૧૦) હિંસા કરે છે (૧૧) એ (૧૨) લોકો (૧૩) કુશીલ ધર્મવાળા છે (૧૪) એમ તીર્થંકર દેવો કહે છે.

ભાવાર્થ:- જે જીવો માતા, પિતા, સ્વજન, પરિગ્રહનો ત્યાગ કરી પ્રવ્રજ્યાને ગ્રહણ કરીને અગ્નિનો આરંભ કરે છે તથા પોતાના સુખને માટે જીવોની હિંસા કરે છે, તેઓને તીર્થંકર દેવોએ કુશીલ ધર્મવાળાં કહ્યા છે પરમાર્થને નહિ જાણનારા ધર્માચરણને માટે પ્રવૃત્ત બને છે પરંતુ કર્મના તથા ધર્મના સ્વરૂપને નહિ જાણતા હોવાથી અથવા જીવ અજીવના જાણપણાની હીનતા હોવાથી તથા આરંભના તથા પાંચ ઇંન્દ્રિયોના વિષયોના ભોગવટાના કડવા વિપાકોને નહિ જાણતા હોવાથી પ્રવ્રજ્યા ગ્રહણ કરવા છતાં શરીર સાતાના ગવેષક આશ્રવ દ્વારોને રોકી સંવર ભાવમાં રહી શકતા નથી. આરંભવાળી ક્રિયા અનુષ્ઠાનોથી ધર્મમાની, મનાવી, સંસાર પરિભ્રમણની વૃદ્ધિ કરતા થકા સંસાર ચક્રાવામાંથી છૂટી શકતાં નથી.

૧ ૨ ૩ ૪ ૫ ૬
उज्जालओ पाण निवातएज्जा, निव्वावओ अगणि निवायवेज्जा ।
૭ ૮ ૧૧ ૧૦ ૧૪ ૯ ૧૨ ૧૩
तम्हा उ मेहावि समिक्ख धम्मं, ण पंडिए अगणि समारभिज्जा
॥ ૬ ॥

શબ્દાર્થ : (૧) અગ્નિ પ્રદીપ્ત કરનાર (૨) પ્રાણીઓની (૩) ઘાત કરે છે (૪) બુઝવવાવાળો (૫) અગ્નિના જીવોની (૬) ઘાત કરે છે (૭) તેથી (૮) બુદ્ધિમાન (૯) પંડિત (૧૦) ધર્મને (૧૧) જાણી (૧૨) અગ્નિકાયનો (૧૩) આરંભ (૧૪) કરે નહિ.

ભાવાર્થ:– અગ્નિકાયને સળગાવનાર મનુષ્ય–પુરુષ છકાય જીવોની ઘાત કરે છે, પૃથ્વી આદિને આશ્રિત ત્રસ અને સ્થાવર જીવોના પ્રાણોનો નાશ કરે છે અને પાણી આદિ દ્વારા અગ્નિકાયને બુઝાવનાર અગ્નિકાયના જીવોની વિશેષ ઘાત કરે છે અને તેને આશ્રયી રહેલા જીવોનો પણ નાશ થાય છે. અગ્નિકાયનો આરંભ જીવ હિંસાનું કારણ છે તેમા સંશય નથી. એમ જાણી બુદ્ધિમાન સાધક ધર્મનો વિચાર કરી અગ્નિકાયનો આરંભ કરે નહિ.

૧ ૨ ૪ ૩ ૫
पुढवीवि जीवा आऊवि जीवा, पाणा य संपाइम संपयंति ।
૬ ૭ ૧૧ ૧૦ ૧૧ ૮ ૯
संसेचया कट्ठसमस्सिया य एते दहे अगणि समारभंते ॥૭॥

શબ્દાર્થ : (૧) પૃથ્વી જીવ છે (૨) પાણી જીવ છે (૩) સંપાતિય (૪) જીવો (૫) અગ્નિમાં પડી (૬) સ્વેદથી ઉત્પન્ન (૭) કાષ્ટને આશ્રયી રહેલા (૮) નવો અગ્નિકાયનો (૯) આરંભ કરનાર (૧૦) ઉપરોક્ત જીવોને (૧૧) બાળે છે.

ભાવાર્થ:– જે જીવો અગ્નિનો આરંભ કરે છે, તે પૃથ્વીકાય જીવોને, પાણી જીવોને તથા પતંગીયા આદિ ઉડતા જીવોને તથા

સ્વેદજ–પરસેવાથી ઉત્પન્ન થયેલ જીવોને તથા કાષ્ટમાં રહેનારા સર્વ જીવોને બાળે છે, મૃત્યુ પમાડે છે, ત્રસ અને સ્થાવર બંને પ્રકારના જીવોની ઘાત અગ્નિ આરંભમાં થાય છે. અગ્નિકાયનો આરંભ મહાન કર્મ બંધનું કારણ છે, તેથી અગ્નિકાયનો આરંભ મહાન દોષનું–પાપનું કારણ છે.

૧ ૨ ૩ ૭ ૮ ૪ ૫
हरियाणि भूताणि विलंबगाणि, आहार देहा य पुढो सियाई ।
૬ ૧૧ ૯ ૧૦ ૧૨ ૧૪ ૧૩ ૧૫
जे छिंदती आयसुहं पडुच्च, पागब्भि पाणे बहुणं तिवाती ॥८॥

શબ્દાર્થ : (૧) લીલી વનસ્પતિ (૨) વૃક્ષ આદિ જીવ (૩) જીવના આકારને ધારણ કરે છે (૪) અલગ અલગ (૫) જીવો છે (૬) જે પુરુષ (૭) આહાર માટે (૮) શરીર પુષ્ટિ માટે (૯) પોતાના (૧૦) સુખ માટે (૧૧) વનસ્પતિને છેદે છે (૧૨) ધૃષ્ટ પુરુષ (૧૩) ઘણા (૧૪) પ્રાણીઓનો (૧૫) નાશ કરે છે.

ભાવાર્થ:– હરિત વનસ્પતિ, અંકુર, વૃક્ષની શાખા, પ્રશાખા, પત્ર, ફુલ, ફળ, મૂળ, સ્કંધ આદિમાં સર્વમાં અલગ અલગ જીવો રહેલાં છે, જીવના આકારને ધારણ કરે છે, આહાર મળવાથી પુષ્ટ થાય છે, આહારના અભાવથી સૂકાય છે, મૂળથી તે પાંદડા પર્યંત સમસ્ત વૃક્ષમાં એક જીવ હોય અને તેને આશ્રયી અનેક જીવો એક વૃક્ષને આશ્રી રહેલાં હોય છે, વનસ્પતિમાં રહેલા જીવો સંખ્યાત, અસંખ્યાત, અનંત હોય છે, વનસ્પતિ છેદાવાથી સુકાય છે, લગભગ મનુષ્ય શરીર સમાન વનસ્પતિના શરીરો બાલ, વૃદ્ધ, યુવાન વગેરે સ્થિતિવાળા હોય છે, પોતાના શરીર સુખના માટે જે કોઈ પુરુષ વનસ્પતિનું છેદન કરે છે, એ દયાહીન પુરુષ ઘણા વનસ્પતિ આદિ પ્રાણીઓનો નાશ કરે છે, રોગોને શાંત કરવા–મટાડવા માટે કેટલા-એક મનુષ્યો વનસ્પતિનું છેદન કરે છે, તે તે જીવો સાથે છેદન

કરનારને વૈર બંધન થાય છે, જેથી રોગને શાંત કરવા જતાં ઘણા અશુભ કર્મોનું બંધન થાય છે, જેના વિપાકો-ફળો દુઃખરૂપ હિંસાના કરનારાને ભોગવવાં પડે છે, એમ જાણી આત્માના હિતેચ્છુ જીવોએ વનસ્પતિ આદિ જીવોના આરંભથી નિવૃત્ત થવું તે પોતાના આત્માને કલ્યાણનું, સુખનું કારણ છે.

१ २ ३ ४ ५ ६
जातिं च वुद्धिं च विणासयंते, बीयाइ अस्संजय आयदंडे ।
१० ७ ८ ९ ११।१३ १२
अहाहु से लोए अणज्जधम्मे, बीयाइ जे हिंसति आयसाते ॥९॥

શબ્દાર્થ : (૧) ઉત્પત્તિ (૨) વૃદ્ધિ (૩) નાશ કરે છે (૪) બીજ (૫) અસંયમી પુરુષ (૬) આત્મ દંડી (૭) એ (૮) લોકમાં (૯) અનાર્યધર્મી (૧૦) કહે છે (૧૧) બીજ (૧૨) ઘાત કરે છે (૧૩) સુખ માટે.

ભાવાર્થ:- જે અસંયમી પુરુષ પોતાના આત્માના સુખ માટે બીજરૂપ વનસ્પતિનો નાશ કરે છે તે બીજમાંથી ઉત્પન્ન થનારા વૃક્ષનાં થડ, સ્કંધ, શાખા, પ્રશાખા, પત્ર, ફુલ, ફળ, આદિ અંકુર તથા તેની વૃદ્ધિનો નાશ કરે છે અને તે બીજનો નાશ કરનાર એ પાપને આશ્રયી પોતાના જ આત્માનો ઘાતક બને છે, આવા બીજના ઘાત કરનારાઓને શ્રી તીર્થંકર દેવોએ અનાર્ય ધર્મવાળાં કહ્યા છે. વનસ્પતિ આદિ જીવોની ઘાત કરનાર કદાચ સાધુ હોય તો તેને ગૃહસ્થ સમાન જાણવા. સાધુ હોય તે જીવનો આરંભ કરે જ નહિ.

१ १४ २ ३ ९ ४ ५
गब्भाइ मिज्जंति बुयाबुयाणा, णरा परे पंचसिहा कुमारा ।
६ ७ ८ ११ १० १२
जुवाणगा मज्झिम थेरगा य, चयंति ते आउखए पलीणा ॥१०॥

શબ્દાર્થ : (૧) ગર્ભમાંથી (૨) તો કોઈ બોલતા શીખેલા (૩) બોલવા નહિ શીખેલા (૪) પંચશિખાવાળા (૫) કુમારવયમાં (૬) યુવાનવયમાં (૭) મધ્ય-

વયમાં (૮) વૃદ્ધાવસ્થાએ (૯) મનુષ્યો સર્વે (૧૦) આયુષ્યનો ક્ષય થતા (૧૧) મૃત્યુને પામે છે (૧૨) શરીરને છોડી દે છે (૧૪) મૃત્યુને પામે છે.

ભાવાર્થઃ- હરિત વનસ્પતિના અથવા બીજના નાશ કરનારા જીવો કોઇ ગર્ભમાંથી જ મૃત્યુને પામે છે. વળી કોઇ બોલવા શીખેલા, કોઇ બોલવા નહિ શીખેલા બાળ વયમાં, તો કોઇ પાંચ શીખાવાળા કુમારવયમાં, કોઇ યુવાનવયમાં, કોઇ મધ્યમવયમાં, કોઇ વૃદ્ધાવસ્થામાં સર્વ અવસ્થામાં જીવો કર્મોના ઉદયે મૃત્યુને પામે છે, આ રીતે વનસ્પતિના ઘાત કરનારા જીવો આયુષ્યનો ક્ષય થયે શરીરને છોડી મૃત્યુને પામી પરલોકમાં-પરભવમાં અધમગતિમાં ઉત્પન્ન થઇ હિંસાથી બંધાએલા અશુભ કર્મના ઉદયે પાપી જીવોને દુઃખો ભોગવવાં પડે છે. સાર એ છે જે વનસ્પતિના છેદનથી જીવો દુંકા આયુષ્ય બાંધી વારંવાર જન્મ મરણના દુઃખો ભોગવે છે. જેથી વનસ્પતિ આદિ જીવોની ઘાત કરનારા પોતાના આત્માને દંડ આપે છે, એમ જાણી જીવ હિંસાથી દૂર રહેવું તે શ્રેયનું કારણ છે.

१ ३ ४ ५ ६ ७
संबुज्झह जंतवो ! माणुसत्तं, दट्ठुं भयं बालिसेणं अलंभो ।
८ १० ९ १२ ११ १२
एगंतदुक्खे जरिए व लोए, सकम्मुणा विप्परियासुवेइ ॥११॥

શબ્દાર્થ : (૧) બોધ પામો (૨) જીવો (૩) મનુષ્યત્વ (૪) દુર્લભ (૫) નરકતિર્યંચના ભયને (૬) અજ્ઞાનીઓ (૭) બોધના લાભથી વંચિત રહે છે (૮) એકાંત દુઃખથી (૯) લોકોમાં રહેલા જીવો (૧૦) પિડિત છે (૧૧) સ્વકૃત કર્મના આશ્રયી (૧૨) સુખની ઇચ્છા હોવા છતાં દુઃખને પામે છે.

ભાવાર્થઃ- હે જીવો ! તમે બોધને પ્રાપ્ત કરો, મનુષ્ય ભવ-મનુષ્યત્વ ફરી પ્રાપ્ત થવું દુલભ છે તથા ધર્મની પ્રાપ્તિ થવી પણ અતિ દુર્લભ છે તેમ જ ઉત્તમ ક્ષેત્ર, આર્યકુલ, ઉત્તમ જાતિ, આરોગ્યતા, દીર્ઘ આયુષ્ય, બુદ્ધિ, શાસ્ત્ર શ્રવણ, વ્રત નિયમનું ગ્રહણ,

શ્રદ્ધા અને સંયમ પ્રાપ્ત થવા દુર્લભ છે, જેણે ધર્માચરણ પૂર્વે કરેલ નથી તેઓને મનુષ્ય ભવ આદિ ઉપરોક્ત કહ્યા તે આત્મ કલ્યાણના સાધનો પ્રાપ્ત થવા દુર્લભ છે તેમ જ નરક અને તિર્યંચયોનીમાં રહેલા દુઃખોને જાણી બોધને ગ્રહણ કરો, વિવેકહીન અજ્ઞાનીઓને બોધ પ્રાપ્ત થતો નથી વળી આ લોક-લોકમાં રહેલા જીવો પ્રાય એકાંત દુઃખથી પીડાઇ રહેલાં છે, જીવો અજ્ઞાનતાથી સુખ પ્રાપ્ત કરવા જીવોની હિંસા કરે છે, પરંતુ તે હિંસાથી તો સુખના બદલે જન્મ મરણ રૂપ સંસાર પરિભ્રમણની, વૃદ્ધાવસ્થાના, રોગોના આદિ દુઃખોની વૃદ્ધિ થાય છે આવા પ્રકારની સંસારીઓની સ્થિતિ જાણી બોધને પામો.

૧ ૨ ૩ ૪ ૭ ૫ ૪ ૬
इहेग मूढा पवयंति मोक्खं, आहारसंपज्जणवज्जणेणं ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૪ ૧૩ ૧૬ ૧૫
एगे य सीओदगसेवणेणं, हुएण एगे पवयंति मोक्खं ॥१२॥

શબ્દાર્થ : (૧) આ જગતમાં (૨) કેટલાએક (૩) મૂર્ખ મનુષ્યો (૪) મીઠું-લોણ (૫) ખાવું (૬) છોડી દેવાથી (૭) મોક્ષની (૮) પ્રાપ્તિ બતાવે છે વળી (૯) કેટલાએક (૧૦) શીતલ (૧૧) જલ (૧૨) સેવનથી (૧૩) કેટલાએક (૧૪) અગ્નિહોમથી (૧૫) મોક્ષની પ્રાપ્તિ (૧૬) બતાવે છે.

ભાવાર્થ:- આ જગતમાં કેટલાએક મૂર્ખ મનુષ્યો લોણ-મીઠું ખાવું છોડી દેવાથી મોક્ષની પ્રાપ્તિ બતાવે છે, વળી કેટલાએક શીતલ જલના સેવનથી મોક્ષની પ્રાપ્તિ બતાવે છે, જ્યારે કેટલાએક અગ્નિહોમ કરવાથી મોક્ષની પ્રાપ્તિ બતાવે છે, જગતમાં આવી રીતે અજ્ઞાનીઓને કુશીલ મનુષ્યોના જુદા જુદા અસત્ય અભિપ્રાયો રહેલાં છે. આ રીતે સાવદ્ય અનુષ્ઠાનોથી ધર્મ માનવાવાળાં અને મનાવવા-વાળાં સંસાર પરિભ્રમણ વધારતા રહે છે, જાણી આવા અજ્ઞાની જીવોના સંગથી દૂર રહેવું.

૧ ૨ ૬ ૮ ૭
पाओसिणाणादिसु णत्थि मोक्खो,
૩ ૪ ૫
खारस्स लोणस्स अणासएणं ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
ते मज्जमंसं लसुणं च भोच्चा,
૧૪ ૧૫ ૧૬
अनत्थ वासं परिकप्पयंति ॥ ૧૩ ॥

શબ્દાર્થ : (૧) પ્રભાતકાળના (૨) સ્નાન આદિથી (૩) નિમક–(૪) મીઠાના (૫) ત્યાગ કરવાથી (૬) અગ્નિહોત્રથી (૭) મોક્ષની પ્રાપ્તિ (૮) થતી નથી (૯) અન્ય તીર્થીઓ વિષયોમાં ગૃદ્ધ બની (૧૦) મદ્ય (૧૧) માંસ તથા (૧૨) લસણ આદિના (૧૩) ખોરાક ખાઇને (૧૪) મોક્ષથી વિપરીત (૧૫) અન્ય સ્થાનોમાં–અધમગતિઓમાં (૧૬) સંસાર પરિભ્રમણ કરે છે.

ભાવાર્થ:– સ્નાનથી, શીતલ જલ સેવનથી કે અગ્નિ હોત્રથી મોક્ષની પ્રાપ્તિ હોઇ શકે નહિ. અન્ય તીર્થીઓ વિષયમાં ગૃદ્ધ બની મદ્ય, માંસ, તથા લસણ આદિના જીવઘાત રૂપ આહારનાં સેવન કરી મોક્ષથી વિપરીત સ્થાનો અધોગતિ રૂપ નરક અને તિર્યંચ યોનિ સ્થાનોમાં ઉત્પન્ન થવા રૂપ અસત્ય ઉપદેશો આપી આરંભરૂપ ઉપદેશો આપી–જેવા કે પ્રભાતના સ્નાનથી, શીતલ જલ સેવનથી, અગ્નિ હોત્રથી, અથવા મીઠું છોડી દેવાથી મોક્ષની પ્રાપ્તિ બતાવી અશુભ કર્મોનો સંચય કરી નરક તિર્યંચની ગતિમાં ઉત્પન્ન થઇ સંસાર પરિભ્રમણને વધારી રહ્યા છે જાણી આત્માર્થીએ આવા અજ્ઞાનીઓના સંગથી દૂર રહેવું.

૫ ૬ ૭ ૧ ૨ ૩ ૪
उदगेण जे सिद्धिमुदाहरंति, सायं च पायं उदगं फुसंता ।
૮ ૯ ૧૧ ૧૦ ૧૫ ૧૩ ૧૪ ૧૨
उदगस्स फासेण सिया य सिद्धो, सिज्झिंसु पाणा बहवे दगंसि
॥ ૧૪ ॥

શબ્દાર્થ : (૧) સાંજના (૨) સવારના (૩) જલ (૪) સ્પર્શથી (૫) જલસ્નાનથી (૬) મોક્ષની (૭) પ્રાપ્તિ બતાવે છે (૮) એમ જે જલ–(૯) સ્નાનથી (૧૦) મુક્તિ (૧૧) પ્રાપ્ત થાય (૧૨) જલમાં રહેનારા (૧૩) જીવો (૧૪) ઘણા (૧૫) મોક્ષને પ્રાપ્ત કરે.

ભાવાર્થ:– સાંજના તથા સવારના જલ સ્નાનથી જે મનુષ્યો મોક્ષની પ્રાપ્તિ બતાવે છે એ તદ્દન અસત્ય છે જો જલ સ્નાનથી–સ્પર્શથી મોક્ષની પ્રાપ્તિ થતી હોય તો જલમાં રહેનારા પ્રાણીઓને પણ મોક્ષની પ્રાપ્તિ થવી જોઇએ, પરંતુ તેમ તો બનતું નથી. વળી બ્રહ્મચારીઓને માટે તો સ્નાન કરવાનો સર્વથા નિષેધ છે. સ્થાનથી મદ તથા દર્પ ઉત્પન્ન થાય છે. વળી જલથી શરીરની વિશુદ્ધિ થાય તે પણ અલ્પકાળ માટે થાય છે. જેથી અન્ય તીર્થીઓનું કથન અસત્ય છે, ન્યાય સંગત નથી. વળી જલ સ્નાનથી તો જીવોની ઘાત થાય છે અને તે ઘાતથી રબંધન રૂપ અશુભ કર્મોના બંધન થાય છે. જેના વિપાકમાં જન્મ-મરણની વૃદ્ધિ થાય છે જાણી સાધકે સ્નાન કરવું નાહ જોઇએ.

मच्छा य कुम्मा य सिरासिवा य, मग्गू य उट्टा दगरक्खसा य।
अट्टाणमेयं कुसला वयंति, उदगेण जे सिद्धिमुदाहरंति ॥१५॥

શબ્દાર્થ : (૧) મત્સ્ય (૨) કાચબા (૩) સરીસૃપ (૪) ઊંટ નામનું જલચર (૫) જલકાગ અથવા પેડક (૬) જલમનુષ્ય (૭) જલસ્પર્શથી (૮) મુક્તિ (૯) પ્રાપ્ત કરે (૧૦) એ કથન (૧૧) અસત્ય છે (૧૨) એમ તીર્થંકર દેવો (૧૩) કહે છે.

ભાવાર્થ:– જો જલસ્પર્શથી મુક્તિ પ્રાપ્ત થતી હોય તો માછલાં, કાચબા, સરીસૃપ, જલમનુષ્ય, જલકાગ, દેડકા આદિ ઘણા જલચર જીવો સર્વથી પહેલાં મોક્ષને પ્રાપ્ત કરી શકે, પરંતુ તેમ તો

થતું નથી જેથી જલસ્પર્શથી મોક્ષ બતાવનાર અન્ય તીર્થીઓનું કથન અસત્ય છે, એમ મોક્ષતત્ત્વના જાણનાર શ્રી તીર્થંકરદેવો કહે છે, સ્નાનથી તો જીવહિંસારૂપ આરંભ થાય છે. આરંભથી મરનાર જીવો સાથે વૈરબંધન થાય છે. વૈરબંધનથી નવા નવા જન્મ ધારણ કરવા પડે છે. જન્મ ધારણ થાય ત્યાં મૃત્યુ તો અવશ્ય રહેલ છે. જન્મ-મરણ છે ત્યાં દુઃખો રહેલાં જ છે એમ જાણી જલના આરંભથી આત્માર્થી જીવોએ દૂર રહેવું જોઇએ

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
उदयं जह कम्ममलं हरेज्जा, एवं सुहं इच्छामित्तमेव ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૮
अंधं व णेयारमणुस्सरित्ता, पाणाणि चेवं विणिहंति मंदा ॥१६॥

શબ્દાર્થ : (૧) જલ (૨) જો (૩) કર્મ મળને (૪) દૂર કરે (૫) તો એ રીતે (૬) પુણ્યને પણ દૂર કરે જલ કર્મમલને દૂર કરે (૭) એ કથન તો ઇચ્છાપાત્ર છે (૮) મૂર્ખ મનુષ્ય (૯) અંધ નેતાની (૧૦) પાછળ (૧૧) ચાલી (૧૨) જલસ્નાન દ્વારા પ્રાણીઓની (૧૩) હિંસા કરે છે.

ભાવાર્થ:– જલસ્નાનથી જો પાપકર્મ દૂર થતું હોય તો પુણ્યને પણ દૂર કરે, પાણી જેમ અશુભ લેપને દૂર કરે છે તેમ ચંદન જેવા શુભ લેપને પણ દૂર કરે છે. જલસ્પર્શથી–સ્નાનથી મોક્ષને માનવું એ તો ખાલી મનના મનોરથો છે મૂર્ખ મનુષ્યો અજ્ઞાની નેતા પાછળ ચાલી જલસ્નાન દ્વારા પ્રાણીઓની હિંસા કરી અશુભ કર્મબંધન કરે છે, જેથી જલસ્નાનથી મોક્ષ પ્રાપ્તિ માનવી એ તો તદ્દન અસત્ય છે. જેમ જન્માંધ મનુષ્ય અંધ નેતાની પાછળ ચાલતા માર્ગને છોડી કુમાર્ગમાં જાય છે અને ઇષ્ટ સ્થાનને પ્રાપ્ત કરી શકતો નથી, એ રીતે જલસ્નાનથી મોક્ષની પ્રાપ્તિ માનવી તે તો તદ્દન અસત્ય છે અને આત્માના અહિતનું કારણ છે.

૧ ૨ ૩ ૬ ૫ ૭
पावाइं कम्माइं पकुव्वतो हि सिओदगं तू जइ तं हरिज्जा ।
૧૧ ૧૦ ૮ ૯ ૧૫ ૧૬ ૧૨ ૧૩ ૧૪
सिज्झिंसु एगे दगसत्तघाती, मुसं वयंते जलसिद्धिमाहु ॥૧૭॥

શબ્દાર્થ : (૧) પાપ (૨) કર્મ (૩) કરવાવાળા (૫) પાપ જો (૬) શીતલ જલ (૭) દૂર કરે તો (૮) જલચર જીવોની (૯) ઘાત કરનારા (૧૦) કેટલાએક માછલાં, કાચબા, મગર આદિ જીવો પણ (૧૧) મુક્તિના લાભને પ્રાપ્ત કરે (૧૨) જલસ્નાનથી (૧૩) મુક્તિ (૧૪) બતાવનાર (૧૫) મૃષા (૧૬) બોલે છે.

ભાવાર્થ:– પાપી મનુષ્યોનાં પાપ કર્મનો જો જલસ્નાનથી નાશ થતો હોય તો જલચર જીવોની ઘાત કરવાવાળાં મગર, માછલાં, કાચબા, આદિ સદા જલમાં રહેનારા કેટલાએક જીવો મોક્ષને શીઘ્ર પ્રાપ્ત કરી શકે; પરંતુ એ કથન તેઓનું અસત્ય છે. જલસ્નાનથી મુક્તિ બતાવનાર મૃષા બોલે છે. મિથ્યાત્વી છે.

૫ ૬ ૭ ૨ ૧ ૩ ૪
हुतेण जे सिद्धि मुदाहरंति, सायं च पायं अगणिं फुसंता ।
૧૦ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
एवं सिया सिद्धि हवेज्ज तम्हा, अगणिं फुसंताण कुकम्मिणंपि ॥
॥ ૧૮ ॥

શબ્દાર્થ : (૧) પ્રાતઃકાળ તથા (૨) સાયંકાળ (૩) અગ્નિના (૪) સ્પર્શ કરનારા (૫) જેઓ અગ્નિહોમથી (૬) મોક્ષની પ્રાપ્તિ (૭) બતાવે છે તેઓ મૃષાવાદી છે (૮) મુક્તિ (૯) પ્રાપ્ત થતી હોય તો (૧૦) જો અગ્નિ સ્પર્શથી (૧૧) અગ્નિ (૧૨) સ્પર્શ કરવાવાળા (૧૩) લુહાર આદિ કુકર્મીઓને મોક્ષની પ્રાપ્તિ થવી જોઇએ.

ભાવાર્થ:– પ્રાતઃકાળ તથા સાયંકાળ અગ્નિ સ્પર્શ કરનારા જે લોકો અગ્નિહોમથી મોક્ષની પ્રાપ્તિ બતાવે છે, તેઓ મૃષાવાદી

છે, જો એ રીતે અગ્નિસ્પર્શથી–અગ્નિ હોમથી જો મોક્ષની પ્રાપ્તિ થતી હોય તો અગ્નિનો સ્પર્શ કરનારા લુહાર આદિ ઘણા કુકર્મિઓને પણ મોક્ષની પ્રાપ્તિ થવી જોઇએ. જેથી અગ્નિકાયના સ્પર્શથી મોક્ષ પ્રાપ્તિ માનવી એ તો મૂર્ખ મનુષ્યોના અસત્ય કથન જાણવાં. અજ્ઞાનીઓ પોતાની ઇચ્છાનુસાર સ્વર્ગની તથા મોક્ષની પ્રાપ્તિ બતાવનારાઓને સત્ય મોક્ષ માર્ગનું જ્ઞાન જ નથી. જેથી સત્ય માર્ગ તેઓને પ્રાપ્ત થતો નથી. આરંભથી સંસાર વૃદ્ધિરૂપ જન્મ મરણની જ પ્રાપ્તિ હોય. મોક્ષની કે સદ્ગતિની પ્રાપ્તિ ન હોઇ શકે.

अपरिक्ख दिट्ठं ण हु (एव) सिद्धि, एहिंति ते घायमबुज्झमाणा।
भूएहिं जाणं पडिलेह सातं, विज्जं गहायं तसथावरेहिं ॥१९॥

શબ્દાર્થ : (૧) પરીક્ષા કર્યા વિના (૨) સ્વીકાર કરેલ છે (૩) એ પ્રકારે (૪) મુક્તિ (૫) મળતી નથી (૬) તત્ત્વને નહિ સમજનાર (૭) સંસારને (૮) પ્રાપ્ત કરે છે (૯) ત્રસ (૧૦) સ્થાવર (૧૧) સર્વ જીવોને (૧૨) સુખની ઇચ્છા છે (૧૩) જ્ઞાનને (૧૪) ગ્રહણ કરી (૧૫) જાણો (૧૬) વિચારો.

ભાવાર્થ:– જે મનુષ્યો, અગ્નિ હોમથી–અગ્નિ સ્પર્શથી તથા જલ સ્નાનથી–જલ સ્પર્શથી અથવા મીઠુ–લુણ નહિ ખાવાથી મુક્તિની પ્રાપ્તિ થયાનું કહે છે. તેઓએ પરીક્ષા કર્યા વિના ઉપરોક્ત સિદ્ધાંતનો સ્વીકાર કરેલ છે. જલસ્નાનથી કે અગ્નિહોમ આદિ આરંભવાળી ક્રિયાથી મુક્તિની પ્રાપ્તિ હોઇ શકે જ નહિ. એ માન્યતાવાળા વિવેક રહિત છે, જ્ઞાન રહિત છે. જેથી જલસ્નાનથી તેમ જ અગ્નિહોમથી તો સંસાર પરિભ્રમણ રૂપ જન્મ મરણની વૃદ્ધિ કરી સંસારને સ્થિર કરે છે, જીવ હિંસાથી મોક્ષની પ્રાપ્તિ હોય જ નહિ. જગતના સર્વ ત્રસ અને સ્થાવર જીવો સુખની ઇચ્છા રાખે છે, સુખ પ્રીય છે દુ ખ અપ્રિય છે જાણી જ્ઞાનની પ્રાપ્તિ કરી

વિચાર કરી આરંભથી નિવૃત્ત થઇ સર્વ જીવો સાથે મૈત્રી ભાવ વધારી રહેવું તે શ્રેયનું કારણ છે જીવ ઘાતથી તો સંસાર પરિભ્રમણ રૂપ જન્મ-મરણ આદિ દુઃખોનો ભોગવટો જાણી જીવોની દયા પાળવી.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
थणंति लुप्पंति तस्संति कम्मी, पुढो जगा परिसंखाय भिक्खू ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
तम्हा विऊ विरतो आयगुत्ते, दट्ठुं तसे या पडिसंहरेज्जा ॥२०॥

શબ્દાર્થ : (૧) રૂદન કરે છે (૨) પરમાધામીઓ શસ્ત્રથી છેદન કરે છે (૩) ત્રાસ પામે છે (૪) પાપકર્મ કરવાવાળા (૫) અલગ અલગ (૬) પ્રાણી (૭) જાણી (૮) મુનિ (૯) તેથી (૧૦) વિદ્વાન મુનિ (૧૧) પાપથી નિવૃત્ત (૧૨) આત્મરક્ષક (૧૩) દેખીને (૧૪) ત્રસ સ્થાવર (૧૫) ઘાતથી નિવૃત્ત થાય.

ભાવાર્થ:- સાવદ્ય અનુષ્ઠાન કરવાવાળા પાપી જીવો નરકાદિ ગતિમાં દુઃખો ભોગવે છે જે લોક અગ્નિકાય તથા વનસ્પતિ આદિની હિંસા કરી સુખ પામવાની ઇચ્છા રાખે છે-કરે છે તે લોક હિંસાથી સુખ પ્રાપ્ત નહિ કરતા, નરકાદિ અધમગતિમાં ઉત્પન્ન થઇ અસહ્ય વેદનાથી સંતપ્ત થઇ કરુણ વિલાપ કરે છે, તલવાર આદિ શસ્ત્રોથી છેદાય છે, ભાલાથી ભેદાય છે. આ રીતે દુઃખોને પામે છે. એમ જાણી આત્મરક્ષક વિદ્વાનમુનિ ત્રસ અને સ્થાવર જીવોને અલગ અલગ જાણી તેની હિંસાથી નિવૃત્ત થઇ સંયમ પાલન કરતા વિચરે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
जे धम्मलद्धं विणिहाय भुंजे, वियडेण साहट्टु य जे सिणाइं ।
૮ ૯ ૧૦ ૧૩ ૧૧ ૧૨
जे धोवती लूसयतीव वत्थं, आहाहु से णागणियस्स दूरे ॥२१॥

શબ્દાર્થ : (૧) જે સાધુઓ (૨) ધર્મથી પ્રાપ્ત થયેલ અથવા દોષ-રહિત આહાર (૩) છોડીને (૪) સ્વાદિષ્ટ આહાર ખાય છે (૫) અચિત જલથી (૬) અંગોને સંકોચ કરી (૭) જે સ્નાન કરે છે (૮) વસ્ત્ર તથા પગને ધોવે છે

(૯) નાનું-મોટું કરે છે (૧૦) શોભાઆશ્રી વસ્ત્રને (૧૧) તેઓ સંયમથી (૧૨) દૂર છે (૧૩) શ્રી તીર્થંકર દેવોએ કહેલ છે.

ભાવાર્થ:- જે સાધુ નિર્દોષ આહારને છોડી અન્ય સ્વાદિષ્ટ ભોજન ખાય છે. અને અચિત પાણીથી અંગોનો સંકોચ કરીને જે સ્નાન કરે છે અને શોભાને માટે વસ્ત્ર ધોવે છે, હાથ પગ ધોવે છે તેમ જ શણગાર આશ્રી નાના વસ્ત્રને મોટું કરે, મોટા વસ્ત્રને ટુંકું કરે છે તેઓ સંયમથી દૂર છે અથવા સાધુપણાથી દૂર છે. એમ શ્રી તીર્થંકર દેવોએ કહેલ છે. પૂર્વોક્ત કુશીલના આચારનું વર્ણન કર્યું હવે સુશીલ સાધુના આચારને બતાવે છે.

૨ ૩ ૧ ૪ ૫ ૬ ૭
कम्मं परिन्नाय दगंसि धीरे, वियडेण जीविज्ज य आदिमोक्खं ।
૧૩ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
से बीयकंदाइ अभुंजमाणे, विरते सिणाणाइसु इत्थियासु ॥२२॥

શબ્દાર્થ : (૧) જલસ્નાનથી (૨) કર્મબંધનને (૩) જાણી (૪) ધીર-પુરુષ (૫) પ્રાસુકજલથી (૬) જીવન ધારણ કરે (૭) મોક્ષપર્યંત (૮) બીજ, કંદ આદિ (૯) ભોજન નહિ કરતા થકા (૧૦) અલગ રહે (૧૧) સ્નાન તથા (૧૨) સ્ત્રીઓથી (૧૩) સાધુ.

ભાવાર્થ:- બુદ્ધિમાન મુનિ જલસ્નાનથી અશુભ કર્મ બંધન થાય છે એમ જાણી મોક્ષ પ્રાપ્ત થતાં સુધી પ્રાસુકજલથી પણ સ્નાન ન કરે, તેમ જ પ્રાસુક જલથી જીવન ધારણ કરે અને બીજ-કાય મૂળપત્ર આદિ તથા કંદ આદિ દોષિત આહારના ભોજન કરે નહિ અને સ્નાન તથા મૈથુન સેવનથી દૂર રહે, તેલથી અંગ મર્દન, પીઠી આદિથી લેપ આદિ ક્રિયાઓથી દૂર રહી, શરીરનું પરિશોધન નહિ કરતા, સંયમ પાલન કરે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
जे ममायं च पियं च हिच्चा, गारं तहा पुत्तपसुं धणं च ।
૧૧ ૧૦ ૯ ૧૪ ૧૨ ૧૩
कुलाइं जे धावइ साउगाइं, अहाहु से सामणियस्स दूरे ॥२३॥

શબ્દાર્થ : (૧) જે (૨) માતા (૩) પિતાને (૪) છોડી (૫) ઘર તથા (૬) પુત્ર (૭) પશુ (૮) ધન છોડી દીક્ષા ગ્રહણ કરી (૯) સ્વાદિષ્ટ ભોજનવાળા (૧૦) દોડે છે (૧૧) ઘરમાં (૧૨) શ્રમણભાવથી (૧૩) દૂર (૧૪) કહેલ છે.

ભાવાર્થ:- જે મુનિ માતા, પિતા, પુત્ર, પશુ, ઘર તથા ધનસંપત્તિ છોડીને દીક્ષા ગ્રહણ કરીને સ્વાદિષ્ટ ભોજનના લોભથી સ્વાદિષ્ટ ભોજનવાળા ઘરોમાં આહાર ગ્રહણ માટે જાય છે. તેઓ સાધુપણાથી દૂર છે. એમ શ્રી તીર્થંકરદેવોએ કહેલ છે.

૨ ૩ ૧ ૬ ૫ ૪
कुलाइं जे धावइ साउगाइं, आघाति धम्मं उदराणुगिद्धे ।
૧૨ ૧૦ ૧૧ ૯ ૭ ૮
अहाहु से आयरियाण सयंसे, जे लावएज्जा असणस्स हेऊ ।२४।

શબ્દાર્થ : (૧) સ્વાદિષ્ટ ભોજનવાળા (૨) ઘરોમાં (૩) જાય છે (૪) પેટ ભરવામાં તત્પર (૫) ધર્મકથા (૬) કહે છે (૭) ભોજનના (૮) લોભથી (૯) પોતાના ગુણોનું વર્ણન કરે (૧૦) તે આર્યોના (૧૧) સોમા ભાગે પણ નથી (૧૨) એમ શ્રી તીર્થંકર દેવોએ કહેલ છે.

ભાવાર્થ:- જે મુનિ પેટ ભરવામાં ગૃદ્ધ બની સ્વાદિષ્ટ ભોજન માટે આહારાદિ દાનમાં શ્રદ્ધાવાળા ઘરોમાં જઇને ત્યાં ગૃહસ્થને રુચિકર ધર્મકથાઓ કહે છે અને ભોજનના લોભથી પોતાના ગુણોની પ્રશંસા કરે છે, એવા મુનિઓ આચાર્યના ગુણોના સોમા ભાગે પણ નથી, આ આચાર કુશીલપણાના જાણવા.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
णिक्खम्म दीणे परभोयणंमि, मुहमंगलीए उदराणुगिद्धे ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૩ ૧૨
नीवारगिद्धेव महावराहे, अदूरए एहिइ घातमेव ॥२५॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ ઘરથી નીકળીને (૨) દીન બની (૩) અન્યના ઘરોમાં જઇ (૪) ભોજન માટે (૫) ભાટની માફક ગૃહસ્થોની પ્રશંસા કરે છે

(૬) ઉદર પોષણમાં (૭) આસક્ત (૮) તે ચાવલના દાણામાં (૯) આસક્ત (૧૦) સુઅરની માફક (૧૧) શીઘ્રતાથી (૧૨) સંયમના નાશને (૧૩) પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ:- જે પુરુષ પોતાનાં ઘરબાર તથા ધનધાન્ય, સ્વજન આદિનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરીને અન્યના ઘરોમાં જઇ ભોજન માટે જીવ્હાને વશ થઇ દીન બની ભાટની માફક ગૃહસ્થોની પ્રશંસા કરે છે. તેઓ ચાવલના દાણામાં આસક્ત મહાન સુઅર શીઘ્રતાથી ઘાતને પામે છે. તેની માફક ભોજનમાં આસક્ત કુશીલ સાધક સંયમથી ભ્રષ્ટ થઇ સંસારમાં પરિભ્રમણ કરતો થકો અધમગતિઓમાં જન્મો ધારણ કરતા થકા વારંવાર મૃત્યુને પ્રાપ્ત થાય છે.

अन्नस्स[૧] पाणस्सिहलोइयस्स[૨], अणुप्पियं भासति सेवमाणे[૩]।
पासत्थयं चेव[૭] कुशीलयं च[૮], निस्सारए होइ[૯] जहा पुलाए[૧૦] ॥२६॥

શબ્દાર્થ : (૧) અન્ન તથા (૨) પાણી વસ્ત્ર આદિ (૩) આ લોકના પદાર્થ નિમિત્ત (૪) સેવકની માફક જે સાધક (૫) પ્રિય (૬) ભાષણ કરતો હોય તો તે (૭) શિથિલતાને તથા (૮) કુશીલભાવને પ્રાપ્ત થાય છે (૯) સંયમસારરહિત (૧૦) બની જાય છે (૧૧) ભુસ્સાની (૧૨) સમાન.

ભાવાર્થ:- જે સાધક અન્ન, પાણી, વસ્ત્ર, આદિ લોકમાં રહેલ પદાર્થમાં આસક્ત બની લોભથી દાતાર ગૃહસ્થની રુચિ અનુસાર ધર્મ વિરૂદ્ધ બની રાજાના સેવકની માફક પ્રિય ભાષણ કરે છે. તે પાર્શ્વસ્થ તથા કુશીલભાવને પ્રાપ્ત કરે છે તથા ભુસ્સાની માફક સારરહિત સંયમને બનાવે છે. સાધુના લિંગ માત્ર ધારણ કરે છે અને સંસાર વૃદ્ધિ તે કરે છે.

૧ ૨ ૪ ૩ ૫
अण्णातपिंडेणऽहियासएज्जा, णो पूयणं तवसा आवहेज्जा ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
सद्देहिं रूवेहिं असज्जमाणं, सव्वेहि कामेहि विणीय गेहिं ॥२७॥

શબ્દાર્થ : (૧) સાધુ અજ્ઞાત પિંડ દ્વારા (૨) પોતાનો નિર્વાહ કરે (૩) તપસ્યા દ્વારા (૪) પૂજાની (૫) ઇચ્છા ન કરે (૬) શબ્દ (૭) રૂપ આદિમાં (૮) આસક્ત ન બનતા થકા (૯) સર્વ (૧૦) વિષય કામનાઓની (૧૧) આસક્તિ (૧૨) દૂર કરી સંયમ પાલન કરે.

ભાવાર્થ:– સાધુ અજ્ઞાત કુળની ગૌચરીથી પોતાનો નિર્વાહ– સંયમ પાલન માટે કરે, તપસ્યા દ્વારા માનપૂજા પ્રાપ્ત કરવાની ઇચ્છા ન કરે, તથા શબ્દ, રૂપ આદિ સર્વ પ્રકારના વિષય ભોગોની આસક્તિ દૂર કરે અને સમભાવ રાખી શુદ્ધ સંયમપાલન કરતા વિચરે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
सव्वाइं संगाइं अइच्च धीरे, सव्वाइं दुक्खाइं तितिक्खमाणे ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
अखिले अगिद्धे जणिएगचारी, अभयंकरे भिक्खु अणाविलप्पा
॥ २८ ॥

શબ્દાર્થ : (૧) સર્વ (૨) સંબંધો (૩) ત્યાગી (૪) ધીર પુરુષ (૫) સર્વ (૬) દુઃખો (૭) સહન કરતા થકા (૮) જ્ઞાન દર્શન ચારિત્રમાં (૯) સંપૂર્ણ ભોગોમાં અનાસક્ત (૧૦) અપ્રતિબંધ વિહારી (૧૧) અભય દેનાર (૧૨) ભિક્ષુ– સાધુ (૧૩) વિષયકષાયથીઅનાકુળ બની વિચરે.

ભાવાર્થ:– બુદ્ધિમાન સાધુ, બાહ્ય પરિગ્રહ સ્વજન, ધન, દ્રવ્ય આદિ આભ્યંતર પરિગ્રહ કષાયો, માન, પૂજા આદિ સર્વ સાંસારિક સંબંધોને છોડતા સર્વ પ્રકારના પરીષહો ઉપસર્ગો આદિ સર્વ દુઃખોને સમભાવથી સહન કરતા થકા સંપૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્રયુક્ત, સર્વ કામભોગોમાં અનાસક્ત અને અપ્રતિબદ્ધ વિહારી

રહેતા થકા સર્વ પ્રાણીઓને અભય દેતા થકા વિષય કષાયથી આકુળ નહિ થતાં, ઉપયોગવંત રહી, સાધુ સમાચારી મુજબ સંયમ પાલન કરતા વિચરે.

૧ ૨ ૩ ૪ ૮ ૬ ૭ ૫
भारस्स जाता मुणि भुंजएज्जा, कंखेज्ज पावस्स विवेग भिक्खू ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
दुक्खेण पुट्ठे धुयमाइएज्जा, संगामसीसे व परं दमेज्जा ॥२९॥

શબ્દાર્થ : (૧) પાંચ મહાવ્રત રૂપ (૨) સંયમયાત્રાના નિર્વાહ માટે (૩) મુનિ (૪) ભોજન કરે (૫) ભિક્ષુ (૬) પાપકર્મના (૭) ત્યાગને (૮) ઇચ્છે (૯) દુઃખનો (૧૦) સ્પર્શ થતાં સંયમ અથવા (૧૧) મોક્ષ તરફ ધ્યાન રાખે (૧૨) યુદ્ધભૂમિમાં સુભટ પુરુષ (૧૩) જેમ શત્રુનું (૧૪ દમન કરે એ પ્રકારે સાધુ કર્મરૂપી શત્રુનું દમન કરે.

ભાવાર્થ:- મુનિ સંયમ યાત્રાના નિર્વાહ માટે આહાર ગ્રહણ કરે, તથા વ ઉપાર્જિત કર્મને દૂર કરવા-ક્ષય કરવાની ઇચ્છા રાખે, પ્રયત્ન કરે, પરીષહ ઉપસર્ગ આદિ કષ્ટો ઉત્પન્ન થયે તે દુઃખોને સમભાવે સહન કરે, સંયમ ભાવમાં તથા મોક્ષમાં ધ્યાન રાખે, જેમ સુભટ પુરુષ યુદ્ધ ભૂમિમાં શત્રુનું દમન કરે એમ સાધક મુનિ કર્મરૂપ શત્રુનો નાશ કરવા સતત ઉપયોગવંત રહી સંયમ પાલન કરતા તપરૂપ શસ્ત્રથી કર્મશત્રુનો ક્ષય કરે.

૧ ૨ ૫ ૪ ૩
अवि हम्ममाणे फलगावतट्ठी, समागमं कंखति अंतकस्स ।
૭ ૬ ૮ ૯ ૧૦
णिधूय कम्मं ण पवंचुवेइ, अक्खक्खए वा सगडं तिबेमि ॥३०॥

શબ્દાર્થ : (૧) સાધક મુનિ પરીષહ ઉપસર્ગ દ્વારા પીડા પામતા થકા (૨) સમભાવે સહન કરે જેમ કાષ્ટના પાટીયાને છોલવા છતાં રાગદ્વેષ ન

કરે એ પ્રકારે અભ્યંતર તપથી કષ્ટ પામતા છતાં રાગદ્વેષ કરે નહિ (૩) મૃત્યુની (૪) કરતા રહે (૫) પ્રતીક્ષા (૬) એ પ્રકારે કર્મને (૭) દૂર કરી (૮) જન્મ-મરણ શોકાદિને પ્રાપ્ત ન કરે (૯) ગાડાની ધરી તૂટતાં (૧૦) ગાડું આઘે જઇ શકે નહિ એ પ્રકારે સાધુ ફરી સંસારને પ્રાપ્ત કરે નહિ.

ભાવાર્થ:– સાધક મુનિ પરીષહ ઉપસર્ગ દ્વારા દુઃખ પામતા થકા કાષ્ટના પાટીયાની માફક (પાટીયાને બંન્ને બાજુ છોલતા થકા રાગદ્વેષ કરતા નથી) રાગદ્વેષ નહિ કરતા સમભાવથી સહન કરે અને મૃત્યુના આગમનની પ્રતીક્ષા કરતા રહે, આ પ્રકારે સાધુ સંયમ પાલન દ્વારા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આરાધન કરતા થકા દુઃખોને સમભાવે સહન કરી પરભાવોથી અલગ રહી, પરભાવનું વિસ્મરણ કરી, આત્માથી દેહને ભિન્ન જાણી દેહ મમત્વને દૂર કરી, સર્વ કર્મનો ક્ષય કરી, શુકલ ધ્યાન ધ્યાતા થકા સ્વચિંતનની એકાગ્રતાથી (નવીન આયુષ્યનું બંધન નહિ કરતા) શ્રેણી પ્રાપ્ત કરી કેવલજ્ઞાન તથા કેવલદર્શન પ્રાપ્ત કરી સંસારનો અંત કરે છે. જેઓને ફરીથી જન્મ, મરણ, શોક આદિ સંસારમાં આવવાનું રહેતું જ નથી. જેમ ગાડાની ધરી ભાંગી જવાથી ગાડું આઘે જઇ શકતું નથી. એ જ રીતે અષ્ટ કર્મનો ક્ષય થવાથી સિદ્ધ ગતિને પ્રાપ્ત થતા જીવોને ફરી સંસારમાં આવવાનું રહેતું નથી અને મોક્ષનાં શાશ્વતાં સાદિ અનંત સુખ ભોગવતા સમાધિ ભાવમાં જ સિદ્ધ ક્ષેત્રમાં બિરાજમાન રહે છે.

અધ્યયન ૭ મું સમાપ્ત.

સૂત્ર કૃતાંગ સૂત્ર
અધ્યયન ૮ મું.
શ્રી વીર્યાધિકાર અધ્યયન

૭ ૧ ૨ ૩ ૪
દુહા વેયં સુયક્ખાયં, વીરિયંતિ પવુચ્ચઈ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
કિં નુ વીરસ્સ વીરત્તં, કહં ચેયં પવુચ્ચઈ ॥૧॥

શબ્દાર્થ : (૧) બે પ્રકાર (૨) કહેલ છે (૩) વીર્ય (૪) કહે છે (૫) પરંતુ (૬) વીરપુરુષ (૭) વીર્ય (૮) કયા કારણથી (૯) બે (૧૦) કહેવાય.

ભાવાર્થ:- શ્રી તીર્થંકર દેવોએ વીર્યના બે ભેદ કહ્યા છે, તે જીવની શક્તિ વિશેષ જાણવી, વીર પુરુષનું વીર્ય કેવા પ્રકારે છે અને કેવા પ્રકારે વીર કહેવાય છે. ઓછા વત્તા અંશે સર્વ જીવોમાં વીર્ય હોય છે તે વીર્ય શુભાશુભ કર્માનુસાર અલ્પ કે વિશેષ પ્રાપ્ત થાય છે.

૧ ૨ ૩ ૫ ૪
કમ્મમેગે પવેદેંતિ, અકમ્મં વાવિ સુવ્વયા ।
૬ ૭ ૮ ૨ ૧૦ ૯
એતેહિં દોહિ ઠાણેહિં, જેહિં દીસંતિ મચ્ચિયા ॥૨॥

શબ્દાર્થ : (૧) કોઈ એક (૨) કર્મને (૩) વીર્ય કહે છે (૪) સુવ્રતો (૫) અકર્મને વીર્ય કહે છે (૬) બે (૭) બે પ્રકારના (૮) સ્થાનોમાં (૯) મનુષ્યો (૧૦) જણાય છે.

ભાવાર્થ:- શ્રી સુધર્મા સ્વામી જંબૂસ્વામીને કહે છે કે હે સુવ્રતો ! સકર્મક અને અકર્મક એમ વીર્યના બે ભેદ છે. આ બે ભેદોમાં સર્વ મનુષ્ય વ્યવસ્થિત રહેલાં દેખાય છે. કોઇ પ્રવૃત્તિપ્રિય

કર્મને વીર્ય કહે છે. જ્યારે કોઇ કર્મના ત્યાગરૂપ નિવૃત્તિ (સ્વસ્વભાવમાં પ્રવૃત્ત હોય) ને વીર્ય કહે છે. વીર્યાન્તરાયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ વીર્ય જીવનું સ્વભાવિક વીર્ય જાણવું. આઠ પ્રકારના કર્મોને પણ વીર્ય કહેવાય છે. ઔદયિક ભાવથી ઉત્પન્ન કર્મના ઉદયથી ઉત્પન્ન બાલવીર્ય કહેવાય છે. એ સકર્મક વીર્ય કહેવાય છે. ચારિત્ર મોહનીયના ઉપશમ કે ક્ષયોપશમથી ઉત્પન્ન નિર્મલ ચારિત્રને પણ વીર્ય કહેવાય છે. તેને પંડિત વીર્ય કહેવાય છે. ઘણા પ્રકારની ક્રિયાઓમાં ઉત્સાહ તથા બલસાથ પ્રવૃત્ત મનુષ્યોને જોઈ લોકો કહે છે કે આ પુરુષ વીર્ય સમ્પન્ન છે, વીર્યાન્તરાય કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ વીર્યવાળાને લોકો બલવંત કહે છે, સકર્મક વીર્ય સર્વ સંસારી જીવોને હોય છે અને અકર્મક વીર્ય તો કોઇ કોઇ સંસારભાવોથી નિવૃત્ત, આરંભ પરિગ્રહથી નિવૃત્ત અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ સ્વસ્વભાવમાં પ્રવૃત્ત કોઇ વિરલ આત્મામાં હોય છે.

૧ ૨ ૩ ૪ ૬ ૫
पमायं कम्ममाहंसु, अप्पमायं तहाऽवरं ।
૭ ૮ ૯
तब्भावादेसओ वावि, बालं पंडियमेव वा ॥३॥

શબ્દાર્થ : (૧) પ્રમાદને (૨) કર્મ (૩) કહેલ છે (૪) અપ્રમાદને (૫) અકર્મ (૬) કહેલ છે (૭) એ બંનેની સત્તાથી (૮) બાલવીર્ય (૯) પંડિતવીર્ય હોય છે.

ભાવાર્થ:- શ્રી તીર્થંકર દેવોએ પ્રમાદને કર્મ કહેલ છે. અપ્રમાદને અકર્મ કહેલ છે. પ્રમાદી જીવોનું બાલવીર્ય કહેવાય છે, અપ્રમાદી જીવોનું પંડિત વીર્ય કહેવાય છે, પ્રાણી વર્ગ જેના દ્વારા ઉત્તમ અનુષ્ઠાનથી રહિત બને એને પ્રમાદ કહેવાય, મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને ચારિત્રને દૂષિત કરે તેવી વિકથા એ પાંચ કર્મના કારણ રૂપ પ્રમાદોને કર્મ કહેલ છે, અપ્રમાદને અકર્મ કહેવાનો

પરમાર્થ એ છે કે પ્રમાદના કારણથી જીવ ભાન રહિત આરંભમાં આસક્ત બની કર્મ બાંધે છે, કર્મ બંધનવાળા જીવોના અનુષ્ઠાનો બાલવીર્યવાળા કહેવાય, પ્રમાદ રહિત પાંચ મહાવ્રતના પાલન રૂપ જીવોના કર્તવ્યોમાં કર્મ બંધનનો અભાવ હોય છે, એ પુરુષોના કાર્યો પંડિત વીર્યવાળા કહેવાય છે,

सत्थमेगे तु सिक्खंता, अतिवायाय पाणिणं ।
एगे मंते अहिज्जंति, पाणभूयविहेडिणो ॥४॥

શબ્દાર્થ : (૧) કેટલાએક (૨) શસ્ત્રો બનાવવાના (૩) શાસ્ત્રોને શીખે છે (૪) પ્રાણીઓના (૫) વધ કરવા (૬) કેટલાએક (૭) મંત્રોને (૮) શીખે છે (૯) જીવોને (૧૦) ભૂતોને (૧૧) મારવા માટે.

ભાવાર્થ:– કેટલાએક બાલ જીવો પ્રાણીઓના વધને માટે શસ્ત્રો તથા ધનુર્વેદાદિ શસ્ત્રોનો અભ્યાસ કરે છે અને કેટલાએક પ્રાણીઓના વિનાશક મંત્રોનો અભ્યાસ કરે છે, આવા કાર્યો કરવાવાળાનું બાલવીર્ય જાણવું. અર્થશાસ્ત્ર, ધનુર્વેદ, આયુર્વેદ, વિતશાસ્ત્ર, લોકનીતિ, રાજ્યનીતિ, કામશાસ્ત્ર, પાકશાસ્ત્ર એ બધા પ્રાણીઓની ઘાતાના હેતુએ શીખે છે, કેટલાએક શાસ્ત્રો મંત્રોના ઉપદેશ આપે છે, જેનાથી પ્રાણી ભૂતની હિંસા થાય છે તેથી ઉપરોક્ત શાસ્ત્રોના અભ્યાસ કરનારાનું બાલવીર્ય કહેવાય છે.

माइणो कट्टु माया य, कामभोगे समारभे ।
हंता छेत्ता पगब्भित्ता, आयसायाणुगामिणो ॥५॥

શબ્દાર્થ : (૧) માયા–છલકપટ (૨) કરી (૩) માયા કરવાવાળા પુરુષ (૪) કામભોગના (૫) સેવન કરે છે (૬) પોતાના સુખની (૭) ઈચ્છા કરવાવાળા પ્રાણીઓ (૮) હનન (૯) છેદનભેદન વગેરે (૧૦) કરે છે.

ભાવાર્થ:- માયા કપટી જીવ કપટ દ્વારા અન્યોનાં ધનાદિ લૂંટીને વિષય સેવન કરે છે તથા પોતાનાં સુખોને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મનુષ્યો પ્રાણીઓનાં અંગોના છેદન ભેદન આદિ કરે છે, માયા કપટવાળા ક્રોધ, માન, લોભ, વગેરે અવગુણોથી ભરેલ હોય છે, એક અવગુણની ઉપેક્ષા કરતા અનેક અવગુણોની વૃદ્ધિ થાય છે અને કષાય છે તે જીવોને અધમ ગતિમાં લઇ જવામાં સહાયક બને છે. અધમગતિમાં જ ઉત્પન્ન કરાવે છે. અનંતાનુબંધી કષાયી જીવોની ગતિ નરકની કહેલ છે અને અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભવાળાની ગતિ તિર્યંચની કહેલ છે. પાપી જીવો મૃત્યુ બાદ આવી અધમ ગતિઓમાં ઉત્પન્ન થઇ દુઃખો ભોગવે છે.

मणसा वयसा चेव, कायसा चेव अंतसो ।
आरओ परओ वावि, दुहावि य असंजया ॥६॥

શબ્દાર્થ : (૧) મન (૨) વચન (૩) કાયાથી (૪) કાયાની શક્તિ ન હોય તો મનથી (૫) આ લોક અને (૬) પરલોક (૭) બંને માટે જીવોની ઘાત કરે છે કરાવે છે (૮) અસંયમી જીવો.

ભાવાર્થ:- અસંયમી જીવો મન, વચન, કાયાથી અથવા કાયાની શક્તિ ન હોય તો મન, વચનથી આલોક તથા પરલોકનાં સુખોની ઇચ્છાથી સ્વયં પ્રાણીઓની ઘાત કરે છે, અન્ય પાસે જીવોની ઘાત કરાવે છે. આવી રીતે ભ્રમણાત્મક બુદ્ધિથી અજ્ઞાની જીવો કર્મ બંધન કરે છે અને પાપાનુષ્ઠાન વડે સંસાર ભાવને સ્થિર કરે છે.

वेराइं कुव्वई वेरी, तओ वेरेहिं रज्जती ।
पावोवगा य आरंभा, दुक्खफासा य अंतसो ॥७॥

શબ્દાર્થ : (૧) જીવઘાત કરવાવાળા પુરુષો અનેક જન્મને માટે જીવોની સાથે (૨) વૈરબંધન (૩) કરે છે (૪) નવાં વૈર (૫) કરે છે (૬) પુનઃ (૭) જીવહિંસા (૮) પાપ ઉત્પન્ન કરનારી છે (૯) અંતમાં (૧૦) દુઃખને દે છે.

ભાવાર્થ:– જીવહિંસા કરવાવાળા પુરુષો મૃત્યુ પામનાર જીવોની સાથે અનેક જન્મને માટે વૈર બંધન બાંધે છે. અને એ ભવમાં કે બીજા ભવમાં એ જીવો ઘાત કરનારા જીવોને મારે છે. ત્રીજા જન્મમાં ફરી મરનાર જીવ મારનારને મારે છે આવા પ્રકારે વૈરની પરંપરા ચાલતી રહે છે. જીવહિંસા પાપને ઉત્પન્ન કરનારી છે તેના વિપાકો દુઃખ રૂપ હોય છે અસાતારૂપ હોય છે જાણી હિંસાથી દૂર રહેવા સજ્જન પુરુષોએ ઉપયોગ રાખવો તે શ્રેયનું કારણ છે.

૧ ૨ ૩ ૪ ૫
संपरायं णियच्छिंति, अत्तदुक्कडकारिणो ।
૬ ૭ ૮ ૯ ૧૦
रागदोसस्सिया बाला, पावं कुव्वंति ते बहुं ॥૮॥

શબ્દાર્થ : (૧) સાંપરાયિક (૨) કર્મ બાંધે છે (૩) સ્વયં (૪) પાપ (૫) કરવાવાળા જીવ (૬) રાગદ્વેષવાળા જીવો (૭) અજ્ઞાની (૮) પાપ (૯) કરે છે (૧૦) બહુ.

ભાવાર્થ:– સ્વયં પાપ કરવાવાળા જીવો સાંપરાયિક કર્મ બાંધે છે તથા રાગદ્વેષથી અજ્ઞાની બહુ પાપ કરે છે. કષાય યુક્ત (ક્રોધ, માન, માયા, લોભી જીવો) જીવો સાંપરાયિક કર્મનો બંધ બાંધે છે. રાગદ્વેષથી યુક્ત મલીન આત્માવાળા જીવો સદસદ્ વિવેકથી હીન હોવાથી બાલકની માફક અજ્ઞાની છે. આવા મૂર્ખ જીવો જ્ઞાનની હીનતાના કારણે પાપ કાર્યમાં રત રહે છે. આવા જીવો બધા બાલવીર્યવાળા જાણવા.

૧ ૨ ૩ ૪
एयं सकम्मवीरियं, बालाणं तु पवेदितं ।
૫ ૬ ૧૦ ૭ ૮ ૯
इत्तो अकम्मवीरियं, पंडियाणं सुणेह मे ॥૯॥

શબ્દાર્થ : (૧) આવા (૨) સકર્મવીર્ય (૩) અજ્ઞાનીઓના (૪) કહી બતાવ્યા (૫) હવે (૬) અકર્મ વીર્ય ઉત્તમ સાધુઓના (૭) સાંભળો (૮) મને

ભાવાર્થ:– અજ્ઞાનીઓના, પ્રમાદીઓના સકર્મ વીર્યની વ્યાખ્યા જણાવી (અજ્ઞાનીઓનું બાલવીર્ય) હવે પંડિતોના અકર્મવીર્યની વ્યાખ્યા જણાવે છે. તેને હે શીષ્યો ! તમે ધ્યાન આપી સુણો.

१ २ ३ ५ ४
दविए बंधणुम्मुक्के, सव्वओ छिन्नबंधणे ।
७ ६ ९ १० ८
पणोल्ल पावकं कम्मं, सल्लं कंतति अंतसो ॥१०॥

શબ્દાર્થ : (૧) મુક્તિ જવાને યોગ્ય પુરુષ (૨) બંધનથી મુક્ત (૩) સર્વ પ્રકારના (૪) બંધનને (૫) છેદીને (૬) પાપ કર્મને (૭) છોડી (૮) પોતાના સમસ્ત (૯) કર્મોનો (૧૦) ક્ષય કરે છે.

ભાવાર્થ:– મુક્તિ જવાને યોગ્ય પુરુષ સર્વ પ્રકારના કર્મ-બંધનોને છેદીને આશ્રવદ્વાર રોકીને સર્વ પાપોથી નિવૃત્ત થઇ સર્વ કર્મોનો ક્ષય કરે છે રાગદ્વેષ રહિત પુરુષ વીતરાગ કહેવાય છે અને એવા પુરુષો જ મુક્તિ જવા યોગ્ય હોય છે અને એવા પુરુષો અકર્મવીર્યવાળા કહેવાય છે.

१ २ ४ ३ ४
नेयाउयं सुयक्खायं, उवादाय समीहए ।
५ ६ ८ ७
भुज्जो भुज्जो दुहावासं, असुहत्तं तहा तहा ॥११॥

શબ્દાર્થ : (૧) સમ્યગ્ જ્ઞાનદર્શન ચારિત્ર મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે તેને મોક્ષના નેતા (૨) કહેલ છે (૩) ગ્રહણ કરી મોક્ષને માટે ઉદ્યમ કરે છે (૪) વિદ્વાન પુરુષ તેને સમિતિયુક્ત (૫) બાલવીર્ય વારંવાર (૬) દુઃખ આપે છે બાલવીર્યવાળા જેમ જેમ દુઃખો ભોગવે છે (૭) તેમ તેમ તેને અશુભ (૮) કર્મબંધનની વૃદ્ધિ થાય છે.

ભાવાર્થ:– સમ્યગ્ જ્ઞાન દર્શન તથા ચારિત્ર મોક્ષને પ્રાપ્ત કરાવનાર હોઇ શ્રી તીર્થંકર દેવોએ મોક્ષ માર્ગના નેતા કહેલ છે તેથી બુદ્ધિમાન સાધક સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રને સમિતિ યુક્ત ગ્રહણ કરી મોક્ષને માટે ઉદ્યમવંત બને છે. પંડિત વીર્યવાળા સાધક જ સત્ય પ્રવૃત્તિમાં રહી આશ્રવને રૂંધી શકે છે. બાલવીર્ય દુઃખ રૂપ છે. બાલવીર્યવાળા જીવો નરક આદિ સ્થાનોમાં ઉત્પન્ન થઇ ભ્રમણ કરતા દુઃખો ભોગવતા જેમ જેમ દુઃખો ભોગવે છે તેમ તેમ અશુભ અધ્યવસાયથી કર્મ બંધન કરતા થકા અશુભ કર્મોની વૃદ્ધિ કરે છે. જે પુરુષ સંસાર દુઃખમય સ્વરૂપ વિચારતા હોય તેઓ ધર્મ ધ્યાનમાં આગળ વધી શકે છે. સ્થિર થઇ શકે છે. સાંસારિક દરેક કાર્યો આરંભમય છે જાણી વિદ્વાન પુરુષો ભવિષ્ય-કાળને જોતા થકા આરંભ પરિગ્રહથી દૂર રહી આત્મકલ્યાણ સાધી શકે છે.

૧ ૨ ૩ ૪
ઠાણી વિવિહઠાણાણિ, ચઇસ્સંતિ ણ સંસઓ ।
૫ ૭ ૬ ૮ ૯
અણિયતે અયં વાસે, ણાયઓ હિ સુહીહિ ય ॥૧૨॥

શબ્દાર્થ : (૧) ઉચ્ચ પદ પર રહેલા સર્વ (૨) પોતપોતાના સ્થાનો (૩) છોડે છે (૪) તેમાં સંદેહ નથી (૫) અનિત્ય છે (૬) વાસ છે તે પણ (૭) જે (૮) જ્ઞાતિ તથા (૯) મિત્રોની.

ભાવાર્થ:– દેવલોકના ઇંદ્રો તથા સામાનિક દેવો આદિ ઉંચ સ્થાનવાળાઓ તથા મનુષ્યોનાં ચક્રવર્તી તથા બળદેવ, વાસુદેવ, મહામંડલિક રાજા આદિ ઉચ્ચપદ પર રહેલા તથા ભોગ ભૂમિમાં રહેલાં યુગલો આદિ ઉચ્ચ સ્થાનવાળા તથા સાધારણ મનુષ્યો તિર્યંચો વગેરેને પોતપોતાના સ્થાન એક દિવસ છોડવા જ પડે છે એટલે મૃત્યુ પામી પરલોકમાં જવું પડે છે તેમાં લેશ માત્ર સંદેહ નથી–સંશય નથી જેથી સ્વર્ગલોકના અથવા આ લોકનાં સાંસારિક

સર્વ સુખો અશાશ્વત જાણી, તથા થોડા કાળના જાણી, અહંકાર, મમત્વને દૂર કરવા, વળી જ્ઞાતિ તથા સ્વજન તથા પ્રિય મિત્ર સાથેના સહવાસ પણ અનિત્ય છે, ઘણા કાળ સુધી બંધવો સાથે રહેવા છતાં અંતમાં સહાને માટે વિયોગ થાય છે, બહુ કાળ સુધી ભોગોને ભોગવવા છતાં તૃપ્તિ થતી જ નથી, બહુ કાળ સુધી શરીરનું પોષણ કરવા છતાં શરીર પણ એક દિવસ નાશને પ્રાપ્ત થાય છે. પરંતુ જો પ્રેમથી ધર્મની ચિંતા કરી હોય, ધર્મનું સેવન કરેલ હોય તો તે ધર્મ આ લોકમાં તથા પરલોકમાં અન્ય ભવોમાં સહાયક થાય છે, સુખ પ્રાપ્ત કરાવે છે, જ્યારે ભોગોપભોગના સુખના ભોગવટા પાછળ દુઃખ રૂપ વિપાકો લાંબા કાળ સુધી ભોગવવાં પડે છે, તેમ જ ભોગોના સાધનો કદાચ ભોગી જીવોને છોડીને ચાલ્યા જાય છે (ધનસંપત્તિ દુપદ ચઉપદ વગેરે) અગર તો ભોગોના સાધનો છોડી ભોગી જીવ ચાલ્યો જાય છે–મૃત્યુને પામે છે અને અધમ ગતિમાં ઉત્પન્ન થાય છે એમ જાણી ધર્મ આરાધન કરી પ્રાપ્ત થયેલ અમૂલ્ય માનવ ભવને સફળ બનાવવા જાગૃત રહો.

१ २ ३ ४ ५
एवमादाय मेहावि, अप्पणो गिद्धिमुद्धरे ।
६ १० ७ ८
आरियं उपसंपज्जे, सव्वधम्ममकोवि यं ॥१३॥

શબ્દાર્થ : (૧) પૂર્વોક્ત કથનનો (૨) વિચાર કરી (૩) બુદ્ધિમાન મુનિ (૪) પોતાની (૫) મમત્વ બુદ્ધિને (૬) છોડે (૭) કુતીર્થિક ધર્મોથી (૮) દુષિત ન થયેલ (૯) આર્ય ધર્મને (૧૦) ગ્રહણ કરે.

ભાવાર્થ:– સાંસારિક સર્વ જીવોને ઉંચ કે નીચ સ્થાનોવાળાને પોતાના સ્થાનો છોડી પરલોકમાં જવું જ પડે છે એમ વિચાર કરીને પોતાની મમત્વ બુદ્ધિને દૂર કરે, સર્વ કુતીર્થિક ધર્મથી દુષિત નહિ થયેલ એવા આર્યધર્મ શ્રુત અને ચારિત્રરૂપ

ધર્મને ગ્રહણ કરે, જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ જે મોક્ષમાર્ગ છે જેને શ્રી તીર્થંકર દેવોએ આચરેલ માર્ગ એ આર્યધર્મ છે અને એ જ માર્ગથી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે.

१ ४ ३ २
सह संमइए णच्चा, धम्मसारं सुणेत्तु वा ।
५ ६ ८ ७
समुवट्ठिए उ अणगारे, पच्चक्खायपावए ॥१४॥

શબ્દાર્થ : (૧) શુદ્ધબુદ્ધિથી (૨) ધર્મ સાંભળી (૩) ધર્મના સ્વરૂપને (૪) જાણી (૫) આત્મઉન્નતિ માટે તત્પર (૬) સાધુ (૭) પાપના (૮) પ્રત્યાખ્યાન કરે.

ભાવાર્થ:- નિર્મલ બુદ્ધિ દ્વારા અથવા ગુરુદેવ પાસેથી ધર્મને સાંભળીને, ધર્મના સત્ય સ્વરૂપને જાણી જ્ઞાનાદિ ગુણોના ઉપાર્જનમાં પ્રવૃત્ત સાધુ પાપને છોડી નિર્મલ આત્માવાળાં બને છે, ચારિત્રને પ્રાપ્ત કરી બાંધેલા કર્મોનો ક્ષય કરવા પંડિત વીર્યથી યુક્ત બની રાગાદિ બંધનોથી મુક્ત સાધુ ઉત્તરોત્તર ગુણોની વૃદ્ધિ કરતા થકાં પાપના પ્રત્યાખ્યાન કરી નિર્મલ બને છે.

१ ४ ५ ३ २
जं किंचुवक्कमं जाणे, आउक्खेमस्स अप्पणो ।
६ ७ ८ ९ १० ११
तस्सेव अंतरा खिप्पं, सिक्खं सिक्खेज्ज पंडिए ॥१५॥

શબ્દાર્થ : (૧) જે (૨) પોતાના (૩) આયુષ્યના (૪) ઉપક્રમને (૫) જાણે (૬) એ જ (૭) સમયે (૮) શિઘ્ર (૯) સંલેખના (૧૦) ગ્રહણ કરે (૧૧) પંડિત.

ભાવાર્થ:- વિદ્વાન સાધક કોઇપણ પ્રકારથી પોતાના આયુષ્યના ક્ષયકાળને જાણે તો તરત જ સંલેખના-અણસણ રૂપ ધર્મને ગ્રહણ કરે, આકુળતાને દૂર કરી જીવનની ઇચ્છારહિત બની ભક્ત પરિજ્ઞા (અન્ન તથા પાણીના ત્યાગ રૂપ પરની સેવા લઈ શકાય

હલન ચલનની છૂટ હોય છે) અથવા મર્યાદિત મરણુ મર્યાદિત જગ્યામાં રહી અન્ન પાણીના તથા પરથી સેવા કરાવવાના ત્યાગરૂપ આદિ શિક્ષા ગ્રહણ કરી મરણુવિધિને જાણી આસેવન શિક્ષાથી સેવન કરે–અનશનને ગ્રહણ કરે.

१ २ ३ ४ ५ ६
जहा कुम्मे सअंगाई, सए देहे समाहरे ।
७ ८ ९ १० ११
एवं पावाइं मेधावी, अज्झप्पेण समाहरे ॥१६॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) કાચબા (૩) પોતાના અંગોને (૪) પોતાના (૫) શરીરમાં (૬) ગોપવે છે (૭) એ પ્રકારે (૮) પાપોને (૯) બુદ્ધિમાન મુનિ (૧૦) ધર્મધ્યાન ભાવનાથી (૧૧) ત્યાગ કરે.

ભાવાર્થ:– જેમ કાચબા પોતાના અવયવો (હાથ, પગ, મુખ આદિ) ને સંકુચિત કરી પોતાના દેહમાં ગોપવે છે, એ પ્રકારે વિદ્વાન મુનિ ધર્મ ધ્યાનની ભાવનાથી પોતાના પાપોનો ત્યાગ કરે, પાપ પુણ્યોનો, ભલા બુરાનો વિચાર કરવાવાળા સાધક મર્યાદામાં રહેનારા પાપરૂપ અનુષ્ઠાનોનો ત્યાગ કરી ધર્મધ્યાનની ભાવના સાથ મરણકાળ પ્રાપ્ત થતાં સંલેખના દ્વારા પંડિત મરણથી શરીરને છોડે.

१ २ ३ ४ ५
साहरे हत्थपाए य, मणं पंचेंदियाणि य ।
६ ७ ८ ९ १०
पावकं च परीणामं, भासादोसं च तारिसं ॥१७॥

શબ્દાર્થ : (૧) સંકુચિત કરે (૨) હાથ તથા (૩) પગને (૪) મનને (૫) પાંચ ઇન્દ્રિયને વશ રાખે (૬) પાપરૂપ (૭) પરિણામ (૮) ભાષાના (૯) દોષોને (૧૦) દૂર કરે.

ભાવાર્થ:– સાધુ પોતાના હાથ, પગ આદિ અવયવોને સંકુચિત્ત રાખે તથા સ્થિર રાખવા ઉપયોગ રાખે જેથી અન્ય કોઇ

જીવોને દુઃખ ન થાય એ રીતે રહીને અન્ન તથા પાણી આદિ આહાર વિના ત્યાગરૂપ અનશન ગ્રહણ કરીને ઇંગિત મરણરૂપ અનશનમાં મર્યાદિત ક્ષેત્રમાં રહેતા થકાં થાક લાગે તો સેવા કરાવતા થકાં પાંચ ઇન્દ્રિયો તથા મનના વિષયોથી નિવૃત્ત રહીને પાપરૂપ પરિણામને છોડે. તથા ભાષાના દોષો દૂર કરી કોઇપણ પ્રાણીને દુઃખ થાય તેવા વ્યાપારથી રહિત બની મનના સંકલ્પો–બૂરા વ્યાપારોનો ત્યાગ કરીને અનુકૂળ કે પ્રતિકૂળ પરીષહો ઉત્પન્ન થાય તો સમ્યગ્‌ભાવે સહન કરતા થકાં રાગદ્વેષ છોડી ઇન્દ્રિયોને સંકુચિત્ત બનાવી રહે. દુર્લભ એવા સંયમના યોગને પામી સમસ્ત કર્મોનો ક્ષય કરવા પંડિત મરણની પ્રતીક્ષા કરતા અનશન અનુષ્ઠાનમાં વિચરે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
अणु माणं च मायं च, तं परिन्नाय पंडिए ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
सायागारवणिहुए, उवसंते णिहे चरे ॥१८॥

શબ્દાર્થ : (૧) થોડી પણ (૨) માન (૩) માયા (૪) કડવા વિપાક (૫) જાણી (૬) પંડિત પુરુષ (૭) સુખશીલપણાથી (૮) રહિત (૯) ઉપશાંતપણે (૧૦) રાગદ્વેષરહિત (૧૧) વિચરે.

ભાવાર્થ:– સંયમમાં ઉપયોગવંત રહેનાર ઉત્તમ સાધુને દેખી ચક્રવર્તી આદિ કોઇ પૂજા સત્કાર કરે તથા ભોગોપભોગોના સુખો ભોગવવાનું આમંત્રણ કરે તો અહંકાર કરે નહિ. કષાયોના વિપાકો દુઃખમય જાણી થોડા પણ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ કરે નહિ તેમ જ સુખભોગની તૃષ્ણા રાખે નહિ તપસ્યા કરી [illegible] ઉદય થાય તો ઉપયોગ રાખી તેને સફળ કરે અને જ્ઞાન, દર્શન, ચારિત્રના આરાધનને મોક્ષમાર્ગના દેનાર જાણી, [illegible] ઉપયોગવંત રહી ક્રોધાદિ કષાયોને જીતીને જિતેન્દ્રિય બની સંયમ અનુષ્ઠાનમાં જાગૃત રહી પંડિત વીર્ય યુક્ત રહી ઉપશાંતપણે વિચરે

૧ ૩ ૨ ૪ ૫
पाणे य णाइवाएज्जा, अदिन्नंपि य णादए ।
૬ ૯ ૭ ૮ ૧૨ ૧૧ ૧૦
सादियं ण मुसं बूया, एस धम्मे वुसीमओ ॥१९॥

શબ્દાર્થ : (૧) પ્રાણીઓના પ્રાણને (૨) નહિ (૩) હણે (૪) અદત્ત (૫) લે નહિ (૬) માયા કપટથી (૭) અસત્ય (૮) બોલે (૯) નહિ (૧૦) સાધુનો (૧૧) ધર્મ (૧૨) એ છે.

ભાવાર્થ:– સાધુ કોઇપણ નાના કે મોટા જીવોના પ્રાણની ઘાત કરે નહિ. અદત્ત વસ્તુને ગ્રહણ કરે નહિ. માયાકપટ કરી જુઠું બોલે નહિ. જિતેન્દ્રિય સાધુનો આવો શ્રુત ચારિત્રરૂપ ધર્મ રહેલ છે. તેને પોતાના આત્માના શ્રેયને માટે ઉપયોગરાખી પાલન કરે.

૩ ૨ ૧ ૫ ૪
अतिक्कमंति वायाए, मणसा वि न पत्थए ।
૬ ૭ ૮ ૯ ૧૦
सव्वओ संवुडे दंते, आयाणं सुसमाहरे ॥२०॥

શબ્દાર્થ : (૧) મનથી (૨) વચનથી કોઈ જીવને (૩) પીડા દેવાને (૪) (૪) ઇચ્છે (૫) નહિ (૬) બાહ્ય તથા (૭) અભ્યંતર ગુપ્ત રહે (૮) ઇન્દ્રિય દમન કરે (૯) સંયમમમાં ઉપયોગ રાખી (૧૦) રૂડી રીતે પાલન કરે.

ભાવાર્થ:– સાધુ પંચ મહાવ્રતોનું ઉલ્લંઘન કરી અથવા અહંકારથી કોઇપણ પ્રાણીને પીડા દેવાની ઇચ્છા કરે નહિ. મન વચન કાયાથી કોઇનો તિરસ્કાર કરવા ઇચ્છે નહિ. ઇન્દ્રિયોનું દમન કરતા થકાં બાહ્ય અભ્યંતર ગુપ્ત રહી મોક્ષની પ્રાપ્તિ કરાવનાર એવા જ્ઞાન દર્શન ચારિત્રાદિ રૂપ સંયમનું પાલન રૂડી રીતથી કરતા થકાં વિચરે. એવો સાધુ આચાર છે.

૧ ૨ ૩ ૪
कडं च कज्जमाणं च, आगमिस्सं च पावगं ।
૫ ૭ ૬ ૮
सव्वं तं णाणुजाणंति, आयगुत्ता जिइंदिया ॥२१॥

શબ્દાર્થ : (૧) પાપ કરેલ (૨) કરાતા હોય (૩) ભવિષ્યમાં કરવાના (૪) પાપ (૫) સર્વનું (૬) અનુમોદન (૭) કરે નહિ (૮) આત્મગુપ્ત (૯) જિતેન્દ્રિય.

ભાવાર્થ:– જે સાધુ પોતાના આત્માને ગુપ્ત રાખનાર અને જિતેન્દ્રય હોય તે અન્ય દ્વારા કરાયેલા પાપકર્મો તથા વર્તમાને કરતા પાપકર્મો તથા ભવિષ્યમાં કરવાના પાપકર્મો એ સર્વ પાપકાર્યોનું અનુમોદન કરે નહિ સ્વયં પાપમય વસ્તુઓને ભોગવે નહિ. પાપકારી કાર્યો સર્વને રૂડું માને નહિ, ભલુ જાણે નહિ

૧ ૨ ૩ ૪ ૫
जे यावुद्धा महाभागा, वीरा असम्मत्तदंसिणो ।
૮ ૬ ૭ ૧૦ ૧૧ ૯
असुद्धं तेसि परक्कंतं, सफलं होइ सव्वसो ॥૨૨॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ (૨) ધર્મના રહસ્યોને જાણતો નથી (૩) જગતમાં પૂજનીય ગણાતો હોય (૪) વીર પુરુષ (૫) સમ્યગ્ દર્શન રહિત (૬) તેઓના (૭) વ્રતનિયમ તપ આદિ (૮) અશુદ્ધ હોય છે (૯) તે સર્વ (૧૦) કર્મબંધનને માટે (૧૧) હોય છે.

ભાવાર્થ:– જે પુરુષ લોકોમાં પૂજનીય હોય, મહા ભાગ્યવાન ગણાતો હોય શત્રુની સેનાનું વિદારણ કરવામાં સમર્થ હોય, શાસ્ત્રોમાં તથા વ્યાકરણ આદિમાં અવગાહન કરનાર હોય, કુશળ હોય, પંડિત કહેવાતો હોય, બાહ્ય તપ ત્યાગ આદિ વ્રતોના ગ્રહણથી જગતમાં પ્રશંસનીય હોય, પરંતુ ધર્મના સ્વરૂપને જાણતો ન હોય, સમ્યક્ત્વ રહિત હોય, મિથ્યાત્વી હોય, સાંસારિક સુખોની ઇચ્છારૂપ નિદાન સહિત હોય તેવા સાધકના સંયમવ્રતો, તપ, જપ, નિયમ આદિ ધર્મક્રિયાઓ અશુભ અને કર્મબંધન વધારનાર તથા સંસારપરિભ્રમણની વૃદ્ધિના કારણ જાણવા. એટલે મિથ્યાત્વ દૃષ્ટિઓના પરાક્રમ બધા કર્મબંધન આશ્રયી હોય છે, પરંતુ સાંસારિક સુખની ઇચ્છા રહિતની ભાવનાથી કરેલ ધર્મક્રિયાઓ ધર્મપ્રાપ્તિ કરાવવામાં સહાયભૂત થાય છે. એમ જાણી મુમુક્ષુ

આત્માઓએ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે શુદ્ધ આચાર, વ્યવહાર, વિચારો અને સત્યની જરૂર ગણવી.

૧ ૨ ૩ ૪ ૫
જે ય બુદ્ધા મહાભાગા, વીરા સમ્મત્તદંસિણો ।
૮ ૭ ૬ ૯ ૧૦ ૧૧
સુદ્ધં તેસિં પરક્કંતં, અફલં હોઇ સવ્વસો ॥૨૩॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ (૨) ધર્મના સ્વરૂપના જાણનાર (૩) મહા ભાગ્યવાન (૪) વીર પુરુષ હોય (૫) સમ્યક્ દૃષ્ટિ હોય (૬) સંયમ વ્રત, તપ આદિ (૭) તેઓનો (૮) ઉદ્યમ (૯) કર્મબંધનોમાં અફલ (૧૦) હોય છે (૧૧) સર્વ.

ભાવાર્થ:– જે પુરુષ તત્ત્વના સ્વરૂપને જાણકાર–ધર્મના રહસ્યને જાણનાર હોય, પૂજનીય હોય આઠ કર્મોનો ક્ષય કરવા સમર્થવીર હોય અને સમ્યક્દૃષ્ટિ હોય તેના સંયમ, તપ આદિ સર્વ ધર્મક્રિયાઓ નિદાનરહિત શુદ્ધ નિર્મલ અને કર્મના નાશ માટે હોય છે, મોક્ષને માટે હોય છે, સમ્યક્ત્વદૃષ્ટિની થોડી પણ ધર્મક્રિયા કર્મક્ષય કરવા અર્થે જ–નિર્જરાના અર્થે જ હોય છે, સંસારપરિભ્રમણને ઘટાડનાર અને સદ્ગતિ તથા મોક્ષના કારણ માટે જ હોય છે.

૪ ૩ ૬ ૫ ૨ ૧
તેસિંપિ તવો ણ સુદ્ધો, નિક્ખંતા જે મહાકુલા ।
૭ ૮ ૧૧ ૯ ૧૦
જન્ને વન્ને વિયાણંતિ, ન સિલોગં પવેજ્જએ ॥૨૪॥

શબ્દાર્થ : (૧) મોટા કુળના પુરુષો (૨) પ્રવ્રજ્યા ગ્રહણ કરી (૩) પૂજા સત્કાર માટે (૪) તપ કરે (૫) તેના (૬) શુદ્ધ (૭) નથી (૮) કોઇ લોકો (૯) જાણે નહિ (૧૦) પ્રશંસા (૧૧) કરે નહિ.

ભાવાર્થ:– જે સાધકો મોટા કુળમાં–ઊંચ કુળમાં ઉત્પન્ન થઇ પ્રવ્રજ્યા ગ્રહણ કરી પોતાની પૂજા કરાવા અથવા સત્કાર પામવા

તપ આદિ ધર્મ અનુષ્ઠાનો કરે અને પોતાના તપની પ્રશંસા કરે તેના તપ આદિ અનુષ્ઠાનો અશુદ્ધ જાણવા. એનો અર્થ એ થાય છે કે કોઇ પણ ક્રિયા નિષ્ફળ તો હોતી જ નથી પરંતુ અલ્પપુણ્ય બંધરૂપ ફળ પ્રાપ્ત થાય પરંતુ કર્મની નિર્જરારૂપ ધર્મનો લાભ થતો નથી, જે તપનું ફળ નિર્જરારૂપ મહાન ધર્મના લાભનું ફળ પ્રાપ્ત થવું જોઇએ તેનાથી વંચિત રહે છે એમ જાણી સાધકે અથવા શ્રાવકવર્ગે પોતાના તપ આદિ ધર્મ અનુષ્ઠાનો સર્વ ગુપ્ત રાખવા તેમ જ પોતાની પ્રશંસા પોતે કરવી નહિ, ઉગ્ર તપસ્યાઓને પ્રશંસા માટે પ્રગટ કરી નિઃસાર ન બનાવવા મહાન કષ્ટ વેઠી તપ, લોચ, વિહાર, ગૌચરી આદિ ક્રિયા અનુષ્ઠાનો માન પ્રતિષ્ઠાની ભાવના રાખી નિઃસાર ન બનાવવા, એમ જાણી સાધકે, આત્માર્થીઓએ ઉપયોગ રાખી પોતાના ધર્મ અનુષ્ઠાનો દાન, તપ, સામાયિક, પોષા, સંવર, સંયમ વગેરે ગુપ્ત રાખી સફળ બનાવવા જાગૃત રહેવું તે શ્રેયનું કારણ જાણવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬
अप्पपिंडासि पाणासि, अप्पं भासेज्ज सुव्वए ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
खंतेऽभिनिव्वुडे दंते, वीयगिद्धी सदा जए ॥૨૫॥

શબ્દાર્થ : (૧) થોડો (૨) આહાર કરે (૩) થોડું જલ પીવે (૪) થોડું (૫) બોલે (૬) સુવ્રતસાધક (૭) ક્ષમાશીલ હોય (૮) લોભાદિરહિત (૯) જિતેન્દ્રિય (૧૦) અનાસક્ત (૧૧) સદા (૧૨) યત્નાવંત.

ભાવાર્થ:– સાધુ સંયમ યાત્રા તથા ક્ષુધા નિવારણ માટે તથા પ્રાણોના નિભાવ માટે અલ્પ આહાર પાણી ભોગવે, અલ્પ બોલે, ક્ષમાશીલ રહે, લોભાદિ રહિત, જિતેન્દ્રિય બની વિષયભોગોમાં અનાસક્ત રહેતા થકાં, નિદ્રા થોડી કરે, ઉપકરણ થોડા રાખે, ઉણોદરી આદિ તપ કરતા યત્નાવંત રહી સંયમ પાલન કરે.

૧ ૨ ૪ ૩ ૫
झाणजोगं समाहट्टु, कायं विउसेज्ज सव्वसो ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
तितिक्खं परमं णच्चा, आमोक्खाए परिव्वएज्जासि,
त्तिबेमि ॥२६॥

શબ્દાર્થ : (૧) ધ્યાનયોગને (૨) ગ્રહણ કરે (૩) શરીરને (૪) વોસિરાવે (૫) સર્વથા (૬) સહન કરવા (૭) ઉત્કૃષ્ટ છે (૮) જાણી (૯) મોક્ષ થાય ત્યાં સુધી (૧૦) સંયમનું પાલન કરે.

ભાવાર્થ:– સાધુ ધ્યાન યોગને સમ્યગ્પ્રકારે ગ્રહણ કરી, સર્વ અશુભ વ્યાપારોથી, મન, વચન તથા કાયાને રોકી પરીષહ–ઉપસર્ગ ઉત્પન્ન થાય તેને સમભાવે સહન કરે, તે આત્મહિતનું કારણ જાણી મોક્ષની પ્રાપ્તિ થતાં સુધી સાવધાન રહી સંયમનું પાલન કરે એમ હુ કહું છું.

આઠમું અધ્યયન સમાપ્ત.

સૂત્ર કૃતાંગ સૂત્ર
અધ્યયન ૯ મું.
ધર્મનામ

૧ ૨ ૩ ૫ ૪
कयरे धम्मे अक्खाए, माहणेण मतीमता ? ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
अंजु धम्मं जहातच्चं, जिणाणं तं सुणेह मे ॥१॥

શબ્દાર્થ : (૧) કયો (૨) ધર્મ (૩) બતાવેલ છે (૪) કેવળ જ્ઞાની (૫) ભગવંત મહાવીર (૬) સરલ (૭) ધર્મ (૮) યથાતથ્ય (૯) જિનવરોનો (૧૦) ધર્મ (૧૧) મારા વડે (૧૨) સાંભળો.

ભાવાર્થ:– શ્રી જંબુસ્વામી શ્રી સુધર્માસ્વામીને પૂછે છે કે પ્રાણીઓને મારો નહિ તેવો તથા દુર્ગતિમાં પડતા જીવોને બચાવે એવો કેવળજ્ઞાની ભગવંત મહાવીરસ્વામીએ પ્રતિપાદન કરેલ ધર્મ કેવા પ્રકારનો છે ? તેના ઉત્તરમાં શ્રી સુધર્માસ્વામી કહે છે કે રાગ અને દ્વેષને જીતે તે જિન કહેવાય, તેવા શ્રી જિનેશ્વરનો પ્રતિપાદન કરેલ માયા કપટ રહિતનો સરલ ધર્મ તમોને હું કહું છું, તે તમે એકાગ્ર ચિત્તથી સાંભળો.

૧ ૨ ૩ ૪ ૫
माहणा खत्तिया वेस्सा, चंडाला अदु बोक्कसा ।
૬ ૭ ૮ ૯ ૧૦
एसिया वेसिया सुद्दा, जे य आरंभणिस्सिया ॥२॥

૧૧ ૧૨ ૧૪ ૧૩ ૧૫
परिग्गहनिविट्ठाणं, वेरं तेसिं पवड्ढई ।
૧૬ ૧૭ ૧૮ ૨૧ ૧૯ ૨૦
आरंभसंभिया कामा, न ते दुक्खविमोयगा ॥३॥

શબ્દાર્થ : (૧) બ્રાહ્મણ (૨) ક્ષાત્રય (૩) વૈશ્ય (૪) ચાંડાલ (૫) બોક્કસ (૬) એષિક (૭) વૈશિક (૮) શુદ્ર (૯) આરંભમાં (૧૦) આસક્ત (૧૧) જેઓ પરિગ્રહમાં (૧૨) આસક્ત (૧૩) અન્ય જીવો સાથે (૧૪) વૈર (૧૫) વધારે છે. (૧૬) આરંભમાં (૧૭) આસકત (૧૮) વિષય લોલુપ્ત જીવ (૧૯) દુઃખથી (૨૦) છૂટી શકતા (૨૧) નથી.

ભાવાર્થ:– બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ચંડાલ, બોકસ, વૈશિક તથા શુદ્ર એ બધા જીવો આરંભમાં આસક્ત રહેનારા, પરિગ્રહ મમત્વવાળાં જીવોને આરંભ કરતા જે જે જીવોની ઘાત થાય છે, તે તે જીવોની સાથે વૈર બંધન થાય છે. વૈર બંધનથી નવા નવા જન્મ ધારણ કરવા પડે છે, જન્મ છે ત્યાં મૃત્યુ, જરા, રોગ, પ્રતિકૂલતા આદિ દુઃખો રહેલાં છે. દ્વિપદ, ચતુષ્પદ, ધન, ધાન્ય તથા સોનું રૂપું આદિમાં મમત્વવાળા જીવો પરિગ્રહમાં આસક્ત હોય છે, પરિગ્રહ એટલે ચારે બાજુથી ગ્રહણરૂપ ક્રિયા તે પરિગ્રહ કહેવાય, અથવા તો પર વસ્તુમાં મુંઝાવું તે પરિગ્રહ, યન્ત્ર પીલન, કોલસા બનાવવા, ચુનાઆદિની ભઠ્ઠીઓ ક્રિયાઓથી–વેપારથી ઘણા જીવોની ઘાત થતાં મૃત્યુ પામનાર જીવોની સાથે વૈરની વૃદ્ધિ અને અશુભ કર્મોનો સંચય થાય છે અને અશાતા વેદનીય કર્મનો બંધ કરી અશાતા વેદનીયની વૃદ્ધિ કરે છે, જેનો સેંકડો–હજારો જન્મમાં તે તે કર્મોના વિપાકો ભોગવવાં પડે છે–દુઃખો ભોગવવાં પડે છે, જેમ જમદગ્નિ અને કૃતવીર્યની માફક પુત્ર પૌત્રો સુધી ચાલનારા વૈરના બંધન જીવહિંસાથી બંધાય છે, વિષય લોલુપ્ત જીવો આરંભમાં આસક્ત હોય છે, જેથી તેઓ ભવોભવની વૃદ્ધિ કરાવનાર ને દુઃખના હેતુ રૂપ આઠ કર્મોથી મુક્ત થઇ શકતાં નથી, એમ જાણી આત્માર્થી જીવોએ આરંભ અને પરિગ્રહ મમત્વથી દૂર રહેવા ઉપયોગી બની રહેવું તે આત્માને સુખનું કારણ છે.

१ २ ३ ४ ५
आघायकिच्चमाहेउं, नाइओ विसएसिणो ।
८ ९ ६ ७ १० ११ १२
अन्ने हरंति तं वित्तं, कम्मी कम्मेहिं किच्चती ॥४॥

શબ્દાર્થ : (૧) મૃત્યુ બાદ (૨) દાહ સંસ્કાર આદિ (૩) ક્રિયાઓ કરીને (૪) જ્ઞાતિવર્ગ (૫) સાંસારિક સુખના ઇચ્છુક (૬) મૃત્યુ પામનારના (૭) દ્રવ્યને (૮) સ્વજન વગેરે (૯) હરણ કરે છે–લે છે (૧૦) કર્મનો કરનાર જીવ (૧૧) બાંધેલ પાપના વિકલ્પરૂપ (૧૨) દુઃખો ભોગવે છે.

ભાવાર્થ:– પ્રાણીઓના દશ પ્રકારના પ્રાણોનો નાશ–ઘાત થાય તેને આઘાત–મૃત્યુ કહેવાય છે, મૃત્યુ બાદ અગ્નિસંસ્કાર તથા પિતૃપિન્ડ આદિ ક્રિયાઓને આઘાત કૃત્ય કહેવાય, તે આઘાત કૃત્ય કર્યા બાદ વિષયલોલુપ જીવો મૃત્યુ પામનારના પુત્ર, સ્ત્રી, બંધવ આદિ સ્વજનો, જ્ઞાતિવર્ગ વગેરે દુઃખવડે કપાયેલ-પ્રાપ્ત કરેલ (મૃત્યુ પામનારના) દ્રવ્યને સૌ લઇ જાય છે. ભાગ પાડી લે છે. અને ધન સંચય કરતાં બાંધેલા પાપકર્મના વિપાકો–ફળરૂપ દુઃખો કર્મ કરનારાઓને જ ભોગવવાં પડે છે. એકેન્દ્રિય જીવોને ચાર પ્રાણ હોય, બે ઇન્દ્રિયોને છ પ્રાણ હોય, ત્રણ ઇન્દ્રિયવાળા જીવોને સાત પ્રાણ હોય, ચઉઇન્દ્રિયવાળા જીવોને આઠ પ્રાણ હોય, પંચેન્દ્રિય ગર્ભ જ જીવો મનુષ્ય, તિર્યંચ, દેવ, નારકી જીવોને દશ પ્રાણ હોય છે, સમુચ્છિમ મનુષ્યોને આઠ પ્રાણ હોય છે, સમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયને નવ પ્રાણ હોય છે. પાંચ ઇન્દ્રિયના પાંચ પ્રાણ મન-બલ, વચનબલ, કાયબલ, શ્વાચ્છોશ્વાસ, આયુષ્ય એ દશ પ્રાણ કહેવાય.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
माया पिता णुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૩ ૧૨
नालं ते तव ताणाय लुप्पंतस्स सकम्मुणा ॥૬॥

શબ્દાર્થ : (૧) માતા (૨) પિતા (૩) પુત્રવધૂ (૪) બંધવ (૫) સ્ત્રી (૬) પુત્ર (૭) અંગ જાત (૮) નથી સમર્થ (૯) તે સ્વજનો (૧૦) તને દુઃખ ભોગવતાં સમયે (૧૧) રક્ષણ કરવા (૧૨) પોતાના કર્મે (૧૩) પીડા પામતા.

ભાવાર્થ:– માતા, પિતા, પુત્ર, પુત્ર, અંગ-જાત, આદિ સ્વજનો કે જ્ઞાતિવર્ગ તથા ધન દોલત વગેરે પોતાના કરેલા કર્મના વિપાકો–ફળરૂપ દુઃખોથી વર્તમાન ભવમાં કે પરભવમાં દુઃખોથી પીડાતા તે જીવને કોઇપણ ત્રાણ શરણ થવા સમર્થ થતાં નથી, દુઃખમાં ભાગ લઇ શકતાં નથી. એમ જાણી આત્માર્થી જીવોએ, સાધક જીવોએ, આશ્રવો હિંસાથી, અશુભ વિચારોથી, અશુભ વચનોથી ત્રણે યોગના અશુભ વ્યાપારથી દૂર રહેવા જાગૃત બની ધર્મ આરાધન કરી પરભવનું ભાતું બાંધી ભવિષ્યકાળના ભવને સુખરૂપ બનાવવા ઉદ્યમવંત બની રહેવું એ પોતાના આત્માને શ્રેય છે.

१ २ ३ ४
एयमट्ठं सपेहाए, परमट्ठाणुगामियं ।
५ ६ ९ ८ ७
निम्ममो निरहंकारो, चरे भिक्खू जिणाहियं ॥६॥

શબ્દાર્થ : (૧) પૂર્વોક્ત અર્થ (૨) વિચારી (૩) મોક્ષના હેતુરૂપ (૪) અનુષ્ઠાનમાં ઉપયોગવંત (૫) મમત્વ (૬) અહંકાર દૂર કરી (૭) જિનભાષિત ધર્મમાં (૮) મુનિ (૯) વિચરે.

ભાવાર્થ:– સાધુ પૂર્વોક્ત અર્થને વિચારી, (જીવોએ કરેલા કર્મો પોતાને એકલાને જ ભોગવવાં પડે છે. દુઃખોને ભોગવતાં જીવોને અન્ય કોઇ સ્વજન આદિ ત્રાણ શરણ થતા નથી એ વિચારીને) ભગવંત મહાવીરે મોક્ષ પ્રાપ્તિમાં સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ ધર્મ આરાધન બતાવેલ છે. તે ધર્મ આરાધનમાં જાતિમદ, ઐશ્વર્ય આદિ આઠ પ્રકારના મદ–અહંકાર તથા બાહ્ય પરિગ્રહ રૂપ સોનું, રૂપું, ધન, ધાન્ય મકાન આદિ અને આભ્યન્તર પરિગ્રહરૂપ પૂજા, સત્કાર, પ્રતિષ્ઠા આદિ સોળ પ્રકારના કષાયો તથા નવ પ્રકારના નોકષાયો રૂપ પરિગ્રહ બાધક તત્ત્વોનો ત્યાગ કરીને, રાગ દ્વેષ રહિત બની, મુનિ સંયમનું પાલન કરે. સયમ પાલનમાં શિથિલતા

સેવનારની ગતિ શ્રી દશવૈકાલિક સૂત્ર અ. ૫ ઉદ્દેશો ૨ બીજાની ગાથા ૪૬-૪૭-૪૮ માં અધમગતિ કહેલ છે. વિચારી સાધકે જાગૃત રહી સંયમનું પાલન કરવું.

१ २ ३ ४ ५
चिच्चा वित्तं च पुत्ते य, णाइओ य परिग्गहं ।
६ ७ ८ ९
चिच्चा णं णंतगं सोयं, निरवेक्खो परिव्वए ॥७॥

શબ્દાર્થ : (૧) ત્યાગ કરી (૨) ધન (૩) પુત્રાદિ (૪) જ્ઞાતિજનો (૫) પરિગ્રહ (૬) ત્યાગ કરી (૭) અભ્યંતર કષાયો (૮) શોકાદિ (૯) નિરપેક્ષ (૧૦) વિચરે.

ભાવાર્થ:- આત્માર્થી સાધક ધન, પુત્રાદિ સ્વજનો, જ્ઞાતિજનો, પરિગ્રહ તથા આભ્યંતર, રાગદ્વેષ, શોક વગેરેનો ત્યાગ કરી-છોડીને બાહ્ય પરિગ્રહ તથા આભ્યંતર મમત્વાદિ કષાયો, તૃષ્ણા વગેરેને દૂર કરીને-છોડીને મોક્ષની પ્રાપ્તિ માટે સંયમ અનુષ્ઠાનમાં ઉપયોગવંત રહીને સંયમ પાલન કરતા વિચરે. એ જ આત્માને જન્મ-મરણાદિ દુઃખોનો નાશ કરવાનો અને મોક્ષના શાશ્વતા સુખોની પ્રાપ્તિ કરવાનો ઉપાય શ્રી ભગવંત મહાવીર સ્વામીએ બતાવેલ છે.

१ २ ३ ४ ५ ६ ७
पुढवी उ अगणी वाऊ, तणरुक्खसबीयगा ।
८ ९ १० ११ १२ १३
अंडया पोयजराऊ, रससंसेयउब्भिया ॥८॥

શબ્દાર્થ : (૧) પૃથ્વી (૨) પાણી (૩) અગ્નિ (૪) વાયુ (૫) તૃણ (૬) વૃક્ષ (૭) બીજ (૮) ઇંડા (૯) પોતજ (૧૦) જરાયુ (૧૧) રસજ (૧૨) સ્વેદજ (૧૩) ઉદ્ભિજ,

ભાવાર્થ:- પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, તૃણ, બીજ, વૃક્ષ આદિ એકેન્દ્રિય એટલે એક જ ઇન્દ્રિય તે ફકત શરીરવાળા

તથા ઈંડાથી ઉત્પન્ન થતાં પક્ષીઓ, પોતથી ઉત્પન્ન થતાં હાથી વગેરે, જરાયુથી ઉત્પન્ન થતાં ગાય, ભેંશ, બળદ આદિ ચારપગવાળા તથા મનુષ્યો વગેરે સ્થળચર, રસોમાં ઉત્પન્ન થતાં કીડા વગેરે બેઇંદ્રિયાદિક, પરસેવામાં ઉત્પન્ન થતાં જૂ, માકડ વગેરે, પૃથ્વી ફોડીને ઉત્પન્ન થતા તીડ આદિ બધા જીવરૂપ છે–જીવ છે જેમાં પ્રથમના એકેન્દ્રિયના પાંચ ભેદમાં સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે છે તથા પ્રર્યાપ્ત અને અપર્યાપ્ત એવા પણ ભેદ એ સર્વ જીવોમાં રહેલા છે, જીવોને જાણવાથી જ તે જીવોની દયા પાળી શકાય.

एतेहिं छहिं काएहिं, तं विज्जं परिजाणिया ।
मणसा काय वक्केणं, णारंभी ण परिग्गही ॥९॥

શબ્દાર્થ : (૧) આ પ્રકારે (૨) છ (૩) જીવકાય (૪) તેને (૫) વિદ્વાન પુરુષ (૬) જીવ જાણીને (૭) મન (૮) વચન (૯) કાયાથી (૧૦) આરંભ (૧૧) પરિગ્રહ (૧૨) ન કરે.

ભાવાર્થ:– પંડિત સાધક ઉપરોકત છ પ્રકારના, છકાયના જીવોને જાણીને મન, વચન, કાયાથી તેનો આરંભ કરે નહિ. તેની ઘાત કરે નહિ, તેને પરિતાપ ઉત્પન્ન થાય તેવા કાર્યોથી અલગ રહે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ સ્થાવર જીવો છે. જેને ફકત એક શરીરરૂપ એક જ સ્પર્શ ઈન્દ્રિય છે. તેમાં સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદ છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌઇન્દ્રિય અને પંચેન્દ્રિય એ ત્રસ જીવો છે. તે સર્વ જીવોના પ્રર્યાપ્તા અને અપર્યાપ્તા એવા બબે ભેદ રહેલ છે, તે સર્વ જીવોને જ્ઞાનથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેના આરંભનો–હિંસાનો ત્યાગ કરવો તથા પરિગ્રહનો પણ ત્યાગ કરવો, એવો સાધુ ધર્મનો આચાર છે. જીવની દયા પાળવી તે આત્માને મહાન સુખનું કારણ છે. તે વર્તમાન ભવમાં

પણ સુખનું કારણ છે. જાણીને આત્માર્થી જીવોએ જીવહિંસાથી દૂર રહેવું તે આત્મશ્રેયનો માર્ગ છે.

મુસાવાયં બહિદ્ધં ચ, ઉગ્ગહં ચ અજાઇયા ।
સત્થાદાણાઇં લોગંસિ, તં વિજ્જં પરિજાણિયા ॥૧૦॥

શબ્દાર્થ : (૧) જૂઠ બોલવું (૨) મૈથુન સેવન (૩) પરિગ્રહ (૪) અદત્તાદાન (૫) સર્વ લોકમાં (૬) શસ્ત્ર તથા (૭) કર્મ ગ્રહણસમાન (૮) જાણવા (૯) વિદ્વાન સાધક.

ભાવાર્થ:- અસત્ય વચન બોલવું, મૈથુન સેવન કરવું, પરિગ્રહ ગ્રહણ કરવો, કોઇ વસ્તુને અદત્ત ગ્રહણ કરવી, તે આ સર્વ લોકમાં-જગતમાં શસ્ત્ર સમાન તથા આઠ પ્રકારના કર્મ બંધનના કારણરૂપ છે. એમ જાણીને વિદ્વાન મુનિએ જ્ઞાનથી જાણી પ્રત્યાખ્યાનથી તેનો સર્વથા ત્યાગ કરવો અને પાંચ મહાવ્રતરૂપ સંયમ પાલનમાં જાગૃત બની વિચરવું તે આત્મશ્રેયનું કારણ છે.

પલિઉંચણં ચ ભયણં ચ, થંડિલ્લુસ્સયણાણિ યા ।
ધૂણાદાણાઇં લોગંસિ, તં વિજ્જં પરિજાણિયા ॥૧૧॥

શબ્દાર્થ : (૧) માયા કપટ (૨) લોભ (૩) ક્રોધ (૪) માન (૫) ત્યાગ કરવો (૬) કર્મબંધનના કારણ છે (૭) સર્વલોકમાં (૮) તેને (૯) વિદ્વાન મુનિ (૧૦) જાણે.

ભાવાર્થ:- માયા કપટ, લોભ, ક્રોધ, માન એ સર્વ કષાયો સર્વ લોકમાં કર્મ બંધનના કારણ જાણી વિદ્વાન મુનિ તેનો ત્યાગ કરે, જે સાધકમાં પ્રથમના બાર કષાયો ન હોય તેના પાંચ મહાવ્રતો સફળ જાણવા. તેથી મહાવ્રતોને સફળ બનાવવા કષાયોનો ત્યાગ

કરવાં ઉપયોગવંત રહેવું. સાધકની સર્વ ધાર્મિક આદિ ક્રિયાઓને માયાકપટ કષાય નિષ્ફળ બનાવે છે, લોભ આત્માને વિવેક શુન્ય બનાવે છે, ક્રોધથી જ્ઞાનની હાની થાય છે, માન આત્માને અધમ-ગતિમાં લઇ જાય છે એમ જાણી ચારે કષાયોને દૂર કરવા, કષાયોથી સંસારની (જન્મ મરણ) વૃદ્ધિ થાય છે, સંસારમાં જીવોને સ્થિર રાખે છે, કષાયોથી જીવો હિંસા, અસત્ય, અદત, મૈથુન સેવન, પરિગ્રહ મમત્વમાં લીન બની અમૂલ્ય માનવભવને વ્યર્થ બનાવે છે. એમ જાણી સાધક તથા આત્માર્થી જીવોએ કષાયથી દૂર રહેવું તે સમાધિ સુખનું કારણ છે.

૧ ૨ ૩ ૪
धोयणं रयणं चेव, वत्थीकम्मं विरेयणं ।
૫ ૬ ૭ ૮ ૯
वमणंजण पलीमंथं, तं विज्जं परिजाणिया ॥१२॥

શબ્દાર્થ : (૧) હાથ-પગ, વસ્ત્રાદિ ધોવા (૨) રંગવા (૩) બસ્તિકર્મ– (૪) જુલાબ લેવો (૫) વમન કરવું (૬) આંખમાં અંજન કરવું (૭) સંયમને નષ્ટ કરવારૂપ કાર્યો (૮) તેને (૯) વિદ્વાન મુનિ (૧૦) જાણે.

ભાવાર્થ:– હાથ, પગ, વસ્ત્રાદિને ધોવાં વસ્ત્રોને રંગવા, બસ્તિ કર્મ એટલે ગુદા દ્વારા બળ વધારવાની ક્રિયા, વિરેચન લેવો, દવા લઇ વમન કરવું, આંખમાં અંજન કરવું, એ બધાં કાર્યો તથા હરકોઇ શરીર સંસ્કાર શોભા નિમિત્તે કરવા તે બધાં સંયમનો ઘાત કરનારા અને અશુભ કર્મ બંધનના કારણ રૂપ તથા તેના વિપાકો દુઃખરૂપ જાણીને વિદ્વાન મુનિએ એ સર્વ કાર્યોનો ત્યાગ કરવો. એ સાધકને કલ્યાણરૂપ છે.

૧ ૨ ૩ ૪
गंधमल्लसिणाणं च, दंतपक्खालणं तहा ।
૫ ૬ ૭ ૮
परिग्गहित्थिकम्मं च, तं विज्जं परिजाणिया ॥१३॥

શબ્દાર્થ : (૧) સુગંધી પદાર્થો (૨) ફૂલની માળા (૩) સ્નાન (૪) દંતમંજન (૫) પરિગ્રહ (૬) સ્ત્રી સેવન (૭) કાર્યો (૮) કર્મબંધનના કારણ જાણવા.

ભાવાર્થ:– શરીરમાં કે વસ્ત્રમાં સુગંધી પદાર્થો લગાડવા, ફૂલની માળા પહેરવી, સ્નાન કરવું, દાંતને ધોવા, પરિગ્રહ રાખવો, સ્ત્રી સેવન કરવું, એ બધા કાર્યો સાધકને અશુભ કર્મ બંધનના કારણો જાણવા, એ બધા સાવદ્ય અનુષ્ઠાનો સંસાર વૃદ્ધિ રૂપ જન્મ મરણના હેતુ જાણી વિદ્વાન મુનિએ તે સર્વનો ત્યાગ કરવો તેમ જ ગૃહસ્થોને માટે પણ આત્મહિતનું કારણ જાણવું.

૧ ૨ ૩ ૪
उद्देसियं कीयगडं, पामिच्चं चेव आहडं ।
૫ ૬ ૭ ૯ ૮
पूयं अणेसणिज्जं च, तं विज्जं परिजाणिया ॥१४॥

શબ્દાર્થ : (૧) ઉદ્દેશીક આહારાદિ (૨) વેચાણ લાવેલ (૩) ઉધાર લાવેલ (૪) સન્મુખ લાવેલ (૫) આધાકર્મી આહારથી મિશ્ર થયેલ (૬) દોષયુક્ત અશુદ્ધ આહાર (૭) તે બધા આહાર (૮) સાધકને કર્મબંધનના કારણ જાણી ત્યાગ કરે (૯) વિદ્વાન મુનિ.

ભાવાર્થ:– સાધુને દાન આપવાની ભાવનાથી સાધુને ઉદ્દેશીને બનાવેલ આહાર, વેચાણ લાવેલ હોય, ઉધાર લાવેલ હોય, આધાકર્મી આહારથી મિશ્ર થયેલ આહાર હોય તથા સામે લાવેલ આહારાદિ સાધુને આશ્રીને ઉત્પન્ન થયેલા સર્વ પ્રકારના દોષયુક્ત આહારાદિ સંસારવૃદ્ધિના તથા અશુભ કર્મબંધનના કારણ જાણી વિદ્વાન મુનિ દોષયુક્ત આહારાદિને ગ્રહણ કરે નહિ. સંયમના ઘાતક જાણી દોષયુક્ત આહારાદિ ગ્રહણ કરે નહિ. આવા પ્રકારનો સાધુ આચાર છે. નિર્દોષ આહાર ગ્રહણ કરે.

आसूणिमक्खिरागं च, गिद्धुवघायकम्मगं ।
उच्छोलणं च कक्कं च, तं विज्जं परिजाणिया ॥१५॥

શબ્દાર્થ : (૧) બળવૃદ્ધિ માટે રસાયનાદિ આહાર (૨) શોભા માટે આંખમાં અંજન લગાડવું (૩) વિષયોમાં આસક્ત રહેવું (૪) જેનાથી જીવઘાત થાય તેવા (૫) કાર્યો કરવા (૭) અયત્નાથી હાથ-પગ ધોવા (૮) પીઠી આદિ લગાડવાં (૯) કર્મબંધનના કારણો (૧૦) જાણવા.

ભાવાર્થ:– શરીરને પુષ્ટ બનાવવા અથવા બળવાન બનવા રસાયન આદિ બલિષ્ટ આહારને ભોગવવો, શોભાને માટે આંખમાં અંજન લગાડવું, શબ્દાદિ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહેવું, જીવ ઘાત થાય તેવા કાર્યો કરવાં, અયત્નાથી અશુચી દૂર કરવા હાથ પગ ધોવા, શરીરમાં પીઠી આદિ દ્રવ્યોના લેપ કરવાં, એ સર્વ કાર્યો અશુભ કર્મ બંધનના, સંસાર પરિભ્રમણ જન્મ મરણાદિ દુઃખ ઉત્પતિના કારણો જાણીને વિદ્વાન મુનિઓએ તે સર્વનો ત્યાગ કરવો તે શ્રેયનું કારણ છે.

संपसारी कयकिरिए, पसिणायतणाणि य ।
सागारियं च पिंडं च, तं विज्जिं परिजाणिया ॥१६॥

શબ્દાર્થ : (૧) અસંયતો સાથે સંસારની વાર્તા કરવી (૨) સંસારના સાવદ્ય કાર્યોની પ્રશંસા કરવી (૩) જ્યોતિષ પ્રશ્નના (૪) ઉત્તર આપવા (૫) શય્યાંતરનો (૬) આહાર લેવો (૭) તે બધા કર્મબંધનાં કારણ (૮) જાણી (૯) મુનિ ત્યાગ કરે.

ભાવાર્થ:– વિદ્વાન મુનિ અસંયતો સાથે સાંસારિક વાતો કરે નહિ, સાંસારિક સાવદ્ય અનુષ્ઠાનો–કાર્યોની પ્રશંસા કરે નહિ,

સાવદ્ય કાર્યો–અનુષ્ઠાનો કરવાનો ઉપદેશ આપે નહિ, જ્યોતિષ-પ્રશ્નોના ઉત્તર આપે નહિ, શય્યાંતરના ઘરના આહારાદિ ગ્રહણ કરે નહિ, પાપમય વ્યાપારવાળાના તથા દારૂમાંસ આદિ વેચનારના તેવા હલકી જાતિના ઘરના આહાર ગ્રહણ કરે નહિ, એ સર્વ વિધાન કર્મ બંધનના કારણ, સંસાર વૃદ્ધિના કારણ જાણી વિદ્વાન મુનિ તેનો ત્યાગ કરે.

૧ ૩ ૨ ૪ ૬ ૫
अट्ठावयं न सिक्खिज्जा, वेहाईयं च णो वए ।
૭ ૮ ૯ ૧૦
हत्थकम्मं विवायं च, तं विज्जं परिजाणिया ॥१७॥

શબ્દાર્થ : (૧) જુગારનો (૨) અભ્યાસ (૩) કરે નહિ (૪) ધર્મ વિરુદ્ધ વાર્તા (૫) કરે (૬) નહિ (૭) હસ્તકર્મ (૮) વાદવિવાદ ન કરે (૯) કર્મ-બંધન (૧૦) જાણે.

ભાવાર્થ:– વિદ્વાન મુનિ જુગાર ખેલવાનો, ધન ઉપાર્જનનો, જીવોની ઘાત થાય તેવા પાપ કાર્યોનો અભ્યાસ કરે નહિ, તેમ જ અન્યને એવા પ્રકારની શિક્ષા આપે નહિ, ધર્મ વિરૂદ્ધ વાર્તા કરે નહિ, હસ્ત કર્મ કરે નહિ, કોઇ સાથે વાદવિવાદ કરે નહિ, આ બધા કાર્યો કર્મ બંધનના તથા સંસાર વૃદ્ધિના કારણો જાણીને વિદ્વાન મુનિ તેવા કાર્યોથી અલગ રહે.

૧ ૨ ૩ ૪
पाणहाओय छत्तं च, णालीयं वालवीयणं ।
૬ ૫ ૭ ૯ ૮
परकिरियं अन्नमन्नं च, तं विज्जं परिजाणिया ॥१८॥

શબ્દાર્થ : (૧) પગરખા પહેરવા (૨) છત્ર ઓઢવું (૩) જુગાર રમવો (૪) પંખાથી પવન લેવો (૫) અન્યોઅન્ય (૬) ક્રિયા કરવી (૭) તે સર્વ કર્મ-બંધનના કારણ (૮) જાણે (૯) મુનિ.

ભાવાર્થ:– સાધુએ પગરખાં પહેરવાં, તાપથી બચવા છત્ર ઓઢવું, જુગાર રમવો, પંખાથી પવન લેવો, અન્યોઅન્ય પરસ્પર ક્રિયા કરવી, એ બધા કાર્યો અશુભ કર્મ બંધનના તથા સંસાર પરિભ્રમણ રૂપ જન્મ મરણાદિના દુઃખની ઉત્પતિના કારણ જાણીને વિદ્વાન મુનિ તેનો ત્યાગ કરે.

૧ ૨ ૩ ૪ ૫
उच्चारं पासवणं, हरिएसु ण करे मुणी ।
૬ ૭ ૮ ૯
वियडेण वावि साहट्टु, णावमज्जे कयाइवि ॥१९॥

શબ્દાર્થ : (૧) ઝાડો (૨) પેશાબ (૩) હરિ વનસ્પતિ ઉપર (૪) કરે નહિ (૫) સાધુ (૬) અચિત્ત પાણીથી તેના ઉપર (૭) બીજ આદિ સચિત વનસ્પતિ હોય તો તેને યત્નાથી દૂર કરીને પણ (૮) આચમન કરે નહિ (૯) કયારે પણ.

ભાવાર્થ:– સાધુ હરિતવનસ્પતિવાળાં સ્થાનમાં અગર તો બીજ આદિ પડયાં હોય તો તેને દૂર કરીને પણ ઝાડો પેસાબ કરે નહિ, તેમ જ તેના ઉપર અચિત્ત જલથી પણ આચમન કરે નહિ, પરંતુ અચિત્ત ભૂમિને પુંજીને જીવ રહિત સ્થાન તપાસી ઝાડા પેશાબને વોસરાવે અને અચિત્ત જલ વાપરી અશુચિની શુદ્ધિ કરે, વનસ્પતિના જીવોને પોતાના અંગનો સ્પર્શ કરવાથી પણ તેને પીડા ઉત્પન્ન થાય છે, તેથી તેને સ્પર્શ કરવાનો પણ સાધકને નિષેધ છે.

૧ ૨ ૩ ૪ ૫
परमत्ते अन्नपाणं, ण भुंजेज्ज कयाइवि ।
૭ ૬ ૧૦ ૯
परवत्थं अवेलोऽवि, तं विज्जं परिजाणिया ॥२०॥

શબ્દાર્થ : (૧) ગૃહસ્થના પાત્રમાં સાધુ (૨) અન્ન તથા (૩) પાણી (૪) ન ભોગવે (૫) કયારે પણ (૬) તેમ જ વસ્ત્રરહિત હોય તો પણ (૭) ગૃહસ્થના

વસ્ત્ર ભોગવે નહિ એ બધાં સંસાર ભ્રમણનાં કારણો (૮) વિદ્વાન મુનિ (૯) જાણી (૧૦) તેનો ત્યાગ કરે.

ભાવાર્થ:- વિદ્વાન મુનિ ગૃહસ્થના પાત્રમાં ભોજન કરે નહિ, પાણી પણ ગૃહસ્થના પાત્રથી પીએ નહિ અને સાધુ વસ્ત્ર રહિત હોય તો પણ ગૃહસ્થનું વસ્ત્ર વાપરે નહિ, કારણ જે ગૃહસ્થના પાત્ર વાપરવાથી પૂર્વકર્મ અગર પશ્ચાત કર્મનો દોષ લાગવા સંભવ છે, કારણ જે તે પાત્ર ગૃહસ્થ કાચા પાણીથી ધોવે, એ જ રીતે વસ્ત્રને માટે સમજવું, જેથી ગૃહસ્થના પાત્રથી સંયમની વિરાધના થવાના ભયથી તથા અશુભ કર્મબંધનનું કારણ જાણી પરપાત્રમાં સાધુ આહાર પાણી ન ભોગવે એટલે તેનો ત્યાગ કરે (પરપાત્રનો તથા પર વસ્ત્રનો).

आसंदी पलियंके य, णिसिज्जं च गिहंतरे ।
संपुच्छणं सरणं वा, तं विज्जं परिजाणिया ।।२१।।

શબ્દાર્થ : (૧) માંચી (૨) પલંગ ઉપર તથા (૩) ગૃહસ્થના ઘરમાં અથવા ઘર આસપાસમાં ગલીમાં (૪) સાધુ બેસે નહિ (૫) ગૃહસ્થને ક્ષેમકુશળ પૂછે નહિ (૬) પૂર્વની ક્રિયાનું સ્મરણ ન કરે (૭) આ બધાં કાર્યો સંસાર ભ્રમણનાં કારણો (૮) જાણી (૯) વિદ્વાન મુનિ તેનો ત્યાગ કરે.

ભાવાર્થ:- વિદ્વાન મુનિ માંચી અથવા પલંગ ઉપર અથવા ગૃહસ્થના કોઇપણ આસન ઉપર બેસે નહિ, તેમ જ ગૃહસ્થના ઘરમાં અથવા બે ઘર વચ્ચેના આંતરામાં કે શેરીમાં બેસે નહિ તેમ જ ગૃહસ્થને ક્ષેમકુશળ ઘરના સમાચાર ન પૂછે, તથા પૂર્વની ગૃહસ્થાવાસની કામભોગોની ક્રિડાઓનું સ્મરણ કરે નહિ. આ સર્વે કાર્યો અનર્થનાં મૂળ અને સંસાર ભ્રમણનાં કારણો જાણી વિદ્વાન મુનિ તેનો ત્યાગ કરે.

૧ ૨ ૩ ૪ ૫
जसं किर्त्तिं सलोयं च, जा य वंदणपूयणा ।
૬ ૭ ૮ ૯
सव्वलोयंसि जे कामा, तं विज्जं परिजाणिया ॥२२॥

શબ્દાર્થ : (૧) યશ (૨) કીર્તિ (૩) શ્લાઘા (૪) વંદન (૫) પૂજન (૬) સમસ્ત લોકમાં જે (૭) કામભોગો છે (૮) તેને વિદ્વાન મુનિ સંસાર પરિભ્રમણનું (૯) કારણ જાણી ત્યાગ કરે.

ભાવાર્થ:– યશ, કીર્તિ, શ્લાઘા, વંદન, પૂજન તથા સમસ્ત લોકમાં જે જે કામભોગો છે તે બધા સંસાર પરિભ્રમણનાં કારણો જાણી વિદ્વાન મુનિ તેનો ત્યાગ કરે. બહુ દાન દેવાથી પ્રસિદ્ધિ થાય તે કીર્તિ કહેવાય, હરકોઇ કાર્યમાં વિજય પ્રાપ્ત કરે તે યશ કહેવાય, ઉત્તમ જાતિમાં જન્મ, તપ કરવો, તથા શાસ્ત્ર ભણવાથી જગત્માં પ્રસિદ્ધિ થાય તે શ્લાઘા કહેવાય, દેવેન્દ્ર, અસુરેન્દ્ર, ચક્રવર્તી, બલદેવ તથા વાસુદેવ આદિ નમસ્કાર કરે તે વંદન કહેવાય, સત્કાર સહિત વસ્ત્ર આદિ આપે તે પૂજા કહેવાય, આ બધાનો કામભોગોમાં, વિષયોમાં સમાવેશ જાણવો આ બધાં કાર્યોની ભાવના કરવી કે ભોગવટો કરવો તે બધા આત્માને સંસાર વૃદ્ધિના કારણ જાણી વિદ્વાન મુનિએ તથા આત્માર્થી જીવોએ તેનો ત્યાગ કરવો.

૧ ૨ ૩ ૪ ૫ ૬
जेणेहं णिव्वहे भिक्खू, अन्नपाणं तहाविहं ।
૮ ૭ ૧૦ ૯
अणुप्पयाणमन्नेसिं, तं विज्जं परिजाणिया ॥२३॥

શબ્દાર્થ : (૧) જે (૨) સંયમની ઘાત થાય (૩) સાધુના (૪) અન્ન (૫) જલથી (૬) તેવા પ્રકારના અશુદ્ધ અન્ન પાણી સાધુએ (૭) અન્ય સાધુને (૮) આપવા (૯) તે સંસાર ભ્રમણનું કારણ જાણી (૧૦) વિદ્વાન મુનિ ત્યાગ કરે.

ભાવાર્થ:– જે અન્ન તથા પાણી વડે સાધુના સંયમ નષ્ટ થાય તેવા પ્રકારનાં અશુદ્ધ અન્ન પાણી ગ્રહણ કરવાં નહિ, છતાં તેવાં અન્ન પાણી કદાચ ગ્રહણ થઈ ગયાં હોય તો તે અન્ન પાણી અન્ય સાધુઓને આપવા કે પોતાએ ભોગવવાં તે સંસાર પરિભ્રમણના કારણ જાણી, વિદ્વાન સાધુ સંયમ નષ્ટ થાય તેવા અશુદ્ધ અન્ન પાણી ગ્રહણ કરે નહિ તથા ગ્રહણ થઈ ગયા હોય તો તેવા આહારાદિ પોતે ભોગવે નહિ અને અન્ય સાધુને આપે નહિ અને આહાર લેવામાં ઉપયોગ રાખે, સંયમનો નિર્વાહ થાય અને સંયમ દૂષિત ન થાય તેવા નિર્દોષ આહારને ગ્રહણ કરે.

૪ ૭ ૫ ૩ ૨
एवं उदाहु निग्गंथे, महावीरे महामुणी ।
૧ ૬ ૮ ૯
अणंतनाणदंसी से, धम्मं देसितवं सुतं ॥२४॥

શબ્દાર્થ : (૧) અનંતજ્ઞાન દર્શન યુક્ત (૨) ભગવંત (૩) શ્રી મહાવીર સ્વામીએ (૪) પૂર્વોક્ત પ્રકારનો (૫) નિગ્રન્થ (૬–૮) ધર્મોપદેશ (૭) આપેલ છે (૯) શ્રુત ધર્મ તથા ચારિત્ર ધર્મ રૂપ સંયમના રક્ષણ માટે.

ભાવાર્થ:– અનંતજ્ઞાન અનંતદર્શન યુક્ત, બહાર તથા આભ્યન્તર ગ્રન્થિ રહિત, નિર્ગ્રંથ મહામુનિ ભગવાન્ **શ્રી મહાવીર** સ્વામીએ ઉપરોક્ત શ્રત તથા ચારિત્રરૂપ ધર્મપાલનના આચારનો ઉપદેશ આપેલ છે જે ઉપદેશ સંસારને પાર કરવામાં સમર્થ શ્રુત ચારિત્ર રૂપ ધર્મ છે તે તથા જીવાદિ પદાર્થોના સ્વરૂપ જાણવા યોગ્ય શાસ્ત્ર જીવોના હિત માટે કહી બતાવેલ છે.

૧ ૨ ૫ ૪ ૩
भासमाणो न भासेज्जा, णेव वंफेज्ज मम्मयं ।
૬ ૭ ૮ ૯
मातिट्ठाणं विवज्जेज्जा, अणुचिंतिय वियागरे ॥२५॥

શબ્દાર્થ : (૧) ભાષા સમિતિયુક્ત સાધુ ભાષણ કરતા થકા પણ (૨) તેઓને મૌનપણાનો ગુણલાભે તેમ જ (૩) મર્મકારી (૪) વચન (૫) બોલે નહિ (૬) માયા કપટ યુક્ત ભાષાને (૭) વર્જિદે (૮) વિચાર કરી (૯) ભાષા બોલે.

ભાવાર્થ:– જે સાધુ ભાષા સમિતિયુક્ત ભાષા બોલનાર સાધુ વચન વિભાગ જાણવામાં નિપુણ વાણીના સર્વ ભેદોને જાણનાર, ઉપદેશ–ભાષણ આપતા છતાં મૌનભાવના રૂપ ગુણને પ્રાપ્ત કરે છે. અન્ય કોઇ વ્યક્તિને દુઃખ ઉત્પન્ન થાય, ધ્રાસકો પડે, તેવી ભાષા સાધુ બોલે નહિ, સત્ય વચન હોય પરંતુ સામી વ્યક્તિને આઘાત લાગે તેવા વચન ન બોલે, કપટયુક્ત વચન બોલે નહિ, બહુ જ વિચાર કરી સત્ય, નિરવદ્ય તથા પ્રિય વચન બોલે તેવો સાધકનો આચાર છે.

૧૦ ૧ ૨ ૩ ૪
तत्थिमा तइया भासा जं वदित्ताऽणुतप्पती ।
૫ ૬ ૭ ૮ ૯
जं छन्नं तं न वत्तव्वं, एसा आणा णियंठिया ॥२६॥

શબ્દાર્થ : (૧) ત્રીજી (૨) મિશ્ર ભાષા સાધુ ન બોલે તેમ જ (૩) જે ભાષા બોલવાથી (૪) પોતાને પશ્ચાતાપ કરવો પડે તેવી ભાષા ન બોલે તેમ જ (૫) જે વાતને જગતમાં લોકો ગુપ્ત રાખતા હોય તેવી મર્મભેદક (૬) ભાષા ન બોલે (૭) આવી (૮) આજ્ઞા છે (૯) નિગ્રંથોની. (૧૦) ભાષાના ચાર પ્રકાર પૈકી.

ભાવાર્થ:– ભાષાના ચાર પ્રકાર છે. સત્ય, અસત્ય. મિશ્ર, ચોથી વ્યવહાર ભાષા (સત્ય નહિ મૃષા નહિ તે વ્યવહાર ભાષા કહેવાય) એ ચાર ભાષા પૈકી ત્રીજી મિશ્રભાષા પણ સાધુ ન બોલે, ત્રીજી ભાષામાં કાંઇક સત્ય હોય, કાંઇક અસત્ય હોય તેવી મિશ્રભાષા સાધુ ન બોલે, તો પછી–બીજી અસત્ય ભાષા તો કેમ બોલાય ? ન જ બોલાય, વળી જે ભાષા બોલવાથી બોલનારને જ પશ્ચાતાપ

કરવાનો સમય આવે, તેવી ભાષા પણ ન બોલે, વળી જગતના લોકો જે વાતને છુપાવતાં હોય તેવી ભાષા પણ બોલે નહિ, સત્ય ભાષા પણ સાધુ વિચારીને બોલે, સત્ય હોય પરંતુ સત્ય ભાષા બોલતાં કોઈને આઘાત થતો હોય, લાગણી દુભાતી હોય, તેવી ભાષા પણ સાધુ ન બોલે, તેવી નિર્ગ્રંથ મહાપુરુષોની આજ્ઞા છે. ભાષા સમિતિયુક્ત ઉપયોગ રાખી ભાષા બોલાય તો કર્મ બંધન ન થાય. માટે ભાષા બોલતા પ્રથમ તેના પરિણામનો વિચાર કરી સત્ય નિરવદ્ય અને પ્રિય ભાષા બોલવી તેવો સાધુ આચાર જાણવો.

૧ ૨ ૩ ૪
હોલાવાયં સહીવાયં, ગોયાવાયં ચ નો વદે ।
૫ ૬ ૭ ૮ ૯
તુમં તુમંતિ અમણુન્નં, સવ્વસો તં ણ વત્તએ ॥૨૭॥

શબ્દાર્થ : (૧) હલકા સંબોધનથી કોઇને બોલાવવું (૨) મિત્ર કહી સંબોધન કરવું (૩) ગોત્રના સંબોધનથી સંબોધન કરવું (૪) આવી ભાષાથી બોલવું નહિ (૫) વડીલોને તું તું કહી સંબોધન ન કરવું (૬) અપ્રિય લાગે તેવી ભાષા (૭) સાધુ સર્વથા (૮) આવાં વચનો (૯) ન બોલે.

ભાવાર્થ:– સાધુ નિષ્ઠુર તથા નીચ સંબોધનથી અન્યને બોલાવે નહિ, તેમ જ હે મિત્ર ! એમ પણ ન બોલાવે, તેમ જ ખુશામત આશ્રી ગોત્રના સંબોધનથી ન બોલાવે, તેમ જ વડિલોને તું તું શબ્દથી એવા અપમાનજનક શબ્દથી ન બોલાવે, આવા પ્રકારથી સામાને અપ્રિય લાગે તેવી ભાષાથી સાધુ પુરુષ કોઇને બોલાવે નહિ, પરંતુ ભાષા સમિતિયુક્ત વિચારી પ્રિય નિરવદ્ય તથા સત્ય ભાષાથી સાધુ બોલવાના સમયે જ કારણ ઉત્પન્ન થયે જ બોલે.

૨ ૩ ૧ ૫ ૪ ૫
અકુમીલે સયા ભિક્ખૂ, ણેવ સંસગ્ગિયં ભએ ।
૬ ૮ ૭ ૯ ૧૦
સુહરૂવા તત્થુવસ્સગ્ગા, પડિબુજ્ઝેજ્જ તે વિઊ ॥૨૮॥

શબ્દાર્થ : (૧) સાધુ (૨) અકુશીલ રહે (૩) સદા (૪) દુરાચારીઓની સોબત (૫) ન કરે (૬) સુખરૂપ (૭) ઉપસર્ગો હોય છે. (૮) કુશીલોની સંગતમાં (૯) સમજે (૧૦) વિદ્વાનમુનિ.

ભાવાર્થ:– સાધુ સદાને માટે કુશીલોની સોબતથી દૂર રહી સ્વયં કુશીલ બને નહિ. સુશીલ રહે. કુશીલોની સોબતમાં સુખરૂપ ઉપસર્ગો હોય છે, જેનાથી સંયમ નષ્ટ થાય તેવા ઉપસર્ગોને વિદ્વાન મુનિ જાણી સમભાવે સહન કરે, કુશીલો પ્રાસુક જલથી હાથપગ ધોવામાં તેમ જ શરીર રક્ષા માટે આધાકર્મી આહાર વાપરવા આદિ દોષ સેવનમાં આસક્ત હોય છે. એ રીતે બીજાને તેવા દોષ સેવનમાં જોડવા ઉપદેશક બને છે. જેથી સુશીલ સાધુઓએ કુશીલોની સંગત કરવી નહિ.

૪ ૧ ૨ ૩
नन्नत्थ अंतराएणं, परगेहे, ण णिसीयए ।

૫ ૬ ૧૦ ૭ ૮ ૯
गामकुमारियं किड्डं, नातिवेलं हसे मुणी ॥२९॥

શબ્દાર્થ : (૧) અંતરાયના કારણ વિના (૨) સાધુ ગ્રહસ્થના ઘરમાં (૩) બેસે (૪) નહિ (૫) ગામના બાળકોની સાથે (૬) સાધુ રમત બેસે નહિ (૭) મર્યાદા મુકી (૮) હસે (૯) સાધુ (૧૦) નહિ.

ભાવાર્થ:– સાધુ ભિક્ષાચરી આદિ કાર્યો માટે ગામમાં પ્રવેશ કરતા રોગોના કારણે અગર તપના કારણે અશક્ત થયેલ હોય તથા વૃદ્ધાવસ્થાના કારણ સિવાય ગ્રહસ્થના ઘરમાં બેસે નહિ, ગામનાં બાળકો સાથે રમત બેસે નહિ, મર્યાદા છોડી સાધુ અતિ હસે નહિ, કામ ઉત્પાદક હાસ્ય કરે નહિ, સાધુ સમાચારીમાં ઉપયોગવંત રહી સંયમ પાલન કરે.

૨ ૧ ૩ ૪
अणुस्सुओ उरालेसु, जयमाणो परिव्वए ।
૬ ૫ ૬ ૭
चरियाए अप्पमत्तो, पुट्ठो तत्थऽहियासए ॥३०॥

શબ્દાર્થ : (૧) મનોહર શબ્દાદિ વિષયોમાં (૨) સાધુ ઉત્કંઠિત ન બને (૩) યત્નાપૂર્વક (૪) સંયમ પાલન કરે (૫) પ્રમાદસેવન ન કરે (૬) ભિક્ષાચરી આદિમાં (૬) પરીષહ ઉપસર્ગોથી પીડિત થતા (૭) સમભાવે સહન કરે.

ભાવાર્થ:- સાધુ મનોહર શબ્દાદિ વિષયોમાં ઉત્કંઠિત ન બને, ઉલ્લાસ ન લાવે, યત્નાપૂર્વક સંયમનું પાલન કરે, પરીષહ ઉપસર્ગનો સ્પર્શ થતા દુઃખ ઉત્પન્ન થાય તો સમભાવે સહન કરે, ભિક્ષાચરી આદિ કાર્યોમાં પ્રમાદ સેવન કરે નહિ, ઉપસર્ગોમાં દીન બને નહિ, પરીષહ ઉપસર્ગોને નિર્જરાનું કારણ જાણી ચિત્ત પ્રસન્નતાથી સમભાવે સહન કરે.

૧ ૨ ૩ ૫ ૪
हम्ममाणो ण कुप्पेज्ज, वुच्चमाणो नं संजले ।
૬ ૭ ૧૦ ૮ ૯
सुमणे अहियासिज्जा, ण य कोलाहलं करे ॥३१॥

શબ્દાર્થ : (૧) સાધુને કોઇ વ્યક્તિ લાઠી આદિથી માર મારે (૨) ક્રોધ ન કરે (૩) અસત્યવચનથી આક્રોશ કરે (૪) મનથી પણ ક્રોધ (૫) ન કરે (૬) ચિત્તપ્રસન્નતાથી (૭) મારને ગાળોને સહન કરે (૮) વિપરીત વચન તેમ જ સામનો ન કરે (૯) કરે (૧૦) ના.

ભાવાર્થ:- કોઇ વ્યક્તિ સાધુને લાઠી મુઠી આદિથી માર મારે, અથવા તો ગાળો આપે, વચનથી આક્રોશ કરે, તો પણ સાધુ ક્રોધ કરે નહિ, મનથી પણ દ્વેષ ન કરે, તથા વિપરીત વચન ન કહે, સામનો ન કરે, પરંતુ પ્રસન્ન ચિત્તથી સમભાવ રાખી સહન કરે.

૧ ૨ ૪ ૩ ૬ ૫
लद्धे कामे ण पत्थेज्जा, विवेगे एवमाहिए ।
૧૦ ૧૧ ૭ ૮ ૯
आयरियाइं सिक्खेज्जा, बुद्धाणं अंतिए सया ॥३२॥

શબ્દાર્થ : (૧) પ્રાપ્ત થતા (૨) કામભોગોને સેવન કરવાની (૩) ઇચ્છા (૪) ન રાખે (૫) આવી ભાવનાથી એમ જણાય (૬) સાધુમાં વિવેક બુદ્ધિ સારી છે (૭) આવા વર્તનસાથ જ્ઞાની આચાર્ય (૮) પાસે રહી (૯) સદા (૧૦) જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ આર્યકર્મની (૧૧) શિક્ષાને ગ્રહણ કરે.

ભાવાર્થ:- વિદ્વાન સાધુ પ્રાપ્ત થતા કામભોગોને ગ્રહણ કરવા ઇચ્છે નહિ, સેવન કરે નહિ, કદાચ તપના પ્રભાવથી પ્રાપ્ત થયેલ લબ્ધિથી ગમનાદિ શક્તિ પ્રાપ્ત થાય તો પણ તેનો ઉપયોગ ન કરે. તે સાધુનો વિવેક ગણાય. શુદ્ધ આચાર ગણાય, તેમ જ બ્રહ્મદત્તની માફક ભોગો માટે નિદાન ન કરે, ગુરુવાસમાં રહી આચાર્ય પાસે સદા જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ આર્ય કર્મરૂપ શિક્ષા ગ્રહણ કરતા થકા સંયમ પાલન કરે.

૧ ૨ ૩ ૪
सुस्सूसमाणो उवासेज्जा, सुप्पन्नं सुतवस्सियं ।
૫ ૬ ૭ ૮
वीरा जे अत्तपन्नेसी, धितिमन्ता जिइंदिया ॥३३॥

શબ્દાર્થ : (૧) સૂત્ર સાંભળવાનો કામી (૨) સેવા ઉપાસના કરે (૩) ગીતાર્થ (૪) સુતપસ્વીની (૫) વીર પુરુષ (૬) આત્મપ્રજ્ઞાવાન (૭) ધૈર્યવંત (૮) જિતેન્દ્રિય.

ભાવાર્થ:- શાસ્ત્રોને સાંભળવાની ઇચ્છાવાળા સાધક ગીતાર્થ તથા સુતપસ્વી ગુરુની સેવા કરતા થકાં ઉપાસના કરે, જે પુરુષ કર્મનું વિદારણ કરવામાં સમર્થ છે તથા કેવળજ્ઞાનની ગવેષણા

કરવામાં તત્પર, ધૈર્યવાન, જિતેન્દ્રિય હોય, આત્મપ્રજ્ઞાવંત વીર પુરુષો આચાર્ય મહારાજની વૈયાવચ્ચ સેવા કરવાવાળા સાધકો જ આત્મજ્ઞાન અથવા આત્મ કલ્યાણનું ગવેષણ કરવા સમર્થ બને છે. અને જ્ઞાન દર્શન ચારિત્રમાં સ્થિર થઇ જીવન પર્યંત ગુરુકુળવાસમાં રહી જ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે, પરીષહ ઉપસર્ગો ઉત્પન થતા ક્ષોભને ન પામતા સમભાવે સહન કરતા થકા સંયમ પાલન કરતા થકા મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

१ २ ३ ४ ५
गिहे दीवमपासंता, पुरिसादाणिया नरा ।
७ ६ ९ ८
ते वीरा बंधणुम्मुक्का, नावकंखंति जीवियं ॥३४॥

શબ્દાર્થ : (૧) ગૃહસ્થવાસમાં રહેનારા (૨) જ્ઞાનના લાભને (૩) પ્રાપ્ત કરી શકતા નથી (૪) જ્ઞાની પુરુષના સંત્સંગની જરૂર (૫) જ્ઞાન પ્રાપ્ત કરવા મુમુક્ષુ પુરુષને (૬) બંધનથી મુક્ત (૭) વીર પુરુષ (૮) અસંયમી જીવનની (૯) ઇચ્છા કરતા નથી.

ભાવાર્થ:– ગૃહવાસમાં જ્ઞાન પ્રાપ્તિનો લાભ મળવો દુર્લભ જાણવો, જે સાધકો પ્રવ્રજ્યા લઇ ઉત્તરોત્તર ગુણોની વૃદ્ધિ કરતા રહે છે. તેવા મોક્ષાર્થી જ્ઞાની પુરુષોનો આશ્રય કરવા યોગ્ય જાણવો, જે પુરુષો કર્મબંધનથી મુક્ત છે, તેઓ અસંયમી જીવનની ઇચ્છા કરતા નથી, ગૃહવાસ છે તે પાસલારૂપ હોઇ ગૃહસ્થાશ્રમમાં જ્ઞાન પ્રાપ્તિનો સંભવ દુર્લભ જાણવો, જેમ સમુદ્રમાં દ્વીપ છે તે બૂડતા જીવોને આધાર રૂપ છે, એ જ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ ધર્મ સંસાર સાગરમાં ડૂબતાં જીવોને સંસાર સાગર તરવામાં આધાર રૂપ છે, સંસાર સાગરમાં ભટકતા જીવોને ધર્મ, વિશ્રામ રૂપ છે, ભાવદ્વીપ છે, મોક્ષાર્થી આત્માઓનો આશ્રય જ મુમુક્ષુ જીવને

આધાર રૂપ છે, તે પ્રાપ્ત થવો દુર્લભ જાણવો આઠ કર્મોનો નાશ કરવા સમર્થ હોય તે વીર પુરુષ કહેવાય.

૧ ૨ ૩ ૪
अगिद्धे सद्फासेसु, आरंभेसु अणिस्सिए ।
૫ ૬ ૭ ૮ ૯ ૧૨ ૧૧ ૧૦
सव्वं तं समयातीतं, जमेतं लविय बहु ॥३५॥

શબ્દાર્થ : (૧) આસક્તિરહિત (૨) શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શમાં (૩) સાવદ્ય (૪) અનુષ્ઠાનોથી રહિત (૫) સર્વ (૬) હકીકત (૭) જે જિનાગમથી (૮) વિરૂદ્ધ તેનો નિષેધ કરેલ છે (૯) જે મે (૧૦) ઘણી ઘણી (૧૧) હકીકતો કહી (૧૨) તેમાં જિનાગમથી અવિરૂદ્ધનો નિષેધ નથી.

ભાવાર્થ:- સાધુ મનોહર શબ્દ રૂપ રસ ગંધ અને સ્પર્શાદિ વિષયોમાં આસક્ત ન થાય, તથા સાવદ્ય અનુષ્ઠાનો કરે નહિ, એ ઉપયોગ સાધકે સતત રાખવાની જરૂર છે, કારણ કે જીવહિંસા રૂપ જે આરંભ છે, તે જન્મ મરણાદિ રૂપ સંસાર પરિભ્રમણની વૃદ્ધિ કરાવનાર છે, એમ જાણી આરંભ પરિગ્રહથી દૂર રહેવું, આ અધ્યયનમાં જે જે વિધાનો જિનાગમથી વિરૂદ્ધ છે અને આત્માને અહિત કરે છે તેનો નિષેધ કરેલ છે તેનો ત્યાગ કરવો અને જે સંયમને પુષ્ટ કરનાર આત્માને હિતકારક છે તેનું પાલન કરવાનું કહેલ છે.

૧ ૨ ૩ ૪
अइमाणं च मायं च, तं परिण्णाय पंडिए ।
૭ ૬ ૮ ૯ ૧૦
गारवाणि य सव्वाणि, णिव्वाणं संधए मुणि ॥३६॥

શબ્દાર્થ : (૧) અતિમાન (૨) માયા આદિ (૩) સર્વ કષાયોને (૪) જાણે (૫) પંડિત (૬) સર્વ પ્રકારના (૭) વિષય ભોગોનો ત્યાગ કરી (૮) મોક્ષની (૯) પ્રાર્થના કરે (૧૦) મુનિ.

ભાવાર્થ:– વિદ્વાન મુનિએ અતિ માન માયા ક્રોધ લોભાદિ કષાયો તથા સર્વ પ્રકારના કામભોગો ઇન્દ્રિયોના વિષયો, એ બધા સંસાર પરિભ્રમણ રૂપ જન્મ, જરા, મરણ, પ્રતિકૂળતા, રોગો આદિ દુઃખના હેતુઓ છે, એમ સમજી તેનો ત્યાગ કરી મુનિ મોક્ષ–નિર્વાણ પ્રાપ્ત કરવા રૂપ સંયમનું શુદ્ધ પાલન કરતા થકા વિચરે, એ જ સત્ય મોક્ષ માર્ગ છે.

નવમું અધ્યયન સમાપ્ત.

સૂત્ર કૃતાંગ સૂત્ર

અધ્યયન ૧૦ મુ.

સમાધિ

૬ ૧ ૨ ૫ ૩ ૪ ૭ ૮
આઘં મઈમં મણુવીય ધમ્મં, અંજૂ સમાહિં તમિણં સુણેહ ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
અપડિન્ન ભિક્ખૂ ઉ સમાહિપત્તે, અણિયાણ ભૂતેસુ
૧૫
પરિવ્વએજ્જા ॥૧॥

શબ્દાર્થ : (૧) કેવળજ્ઞાની ભગવાન મહાવીર સ્વામીએ (૨) કેવલજ્ઞાન દ્વારા જાણી (૩) સરલ તથા (૪) મોક્ષ પ્રાપ્ત કરાવનાર (૫) ધર્મનું (૬) કથન કહેલ છે તે (૭) ધર્મને (૮) સાંભળો (૯) પોતાના તપના ફળની ઇચ્છા નહિ કરવાવાળા (૧૦) સાધુ (૧૧) સમાધિ (૧૨) યુક્ત (૧૩) નિદાન રહિત (૧૪) જીવઘાત રહિત (૧૫) સંયમનું પાલન કરે.

ભાવાર્થ:– કેવળજ્ઞાની ભગવાન મહાવીર સ્વામીએ સરલ તથા મોક્ષ પ્રાપ્તિ કરાવનાર ધર્મનું પ્રતિપાદન કરેલ છે. હે શિષ્યો ! તમો એ ધર્મને સાંભળો ! પોતાના તપ આદિ વ્રત નિયમોના ફળને નહિ ઇચ્છતા– નદાન રહિત બની, સમાધિયુક્ત પ્રાણીઓની હિંસાથી નિવૃત્ત થઇ સાધુ શુદ્ધ સંયમનું પાલન કરે. સમ્યક્ત્વ સહિત શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ જ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય છે અને સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણાદિ દુઃખોનો નાશ કરી, શાશ્વતા મોક્ષનાં અનંતાં સુખો પ્રાપ્ત કરાવનાર પણ એ જ સંયમરૂપ ધર્મ છે. એમ જાણી સંયમનું પાલન કરવું અને આશ્રવોના કારણરૂપ આરંભ પરિગ્રહથી અલ રહેવું એ જ સાધક આચાર છે, વળી ધર્મનું સ્વરૂપ વિશેષ જણાવે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
ઉડ્ઢું અહેયં તિરિયં દિસાસુ, તસા ય જે થાવર જે ય પાણા ।
૮ ૯ ૭ ૧૦ ૧૨ ૧૧ ૧૪ ૧૩
હત્થેહિં પાએહિં ય સંજમિત્તા, અદિન્નમન્નેસુ ય ણો ગહેજ્જા ॥૨॥

શબ્દાર્થ : (૧) ઉર્ધ્વ (૨) અધો (૩) તિર્ચ્છી (૪) દિશાઓમાં (૫) ત્રસ અને (૬) સ્થાવર (૭) પ્રાણી રહેલ છે તેને (૮) હાથ અગર (૯) પગ (૧૦) વશ રાખી પીડા આપવી નહિ (૧૧) અન્યે (૧૨) નહિ દીધેલ (૧૩) વસ્તુ ગ્રહણ (૧૪) કરવી નહિ.

ભાવાર્થ:– ઉંચી દિશામાં, અધો દિશામાં, તિરછિ દિશામાં જે ત્રસ અને સ્થાવર જીવો રહેલા છે, તેઓને સાધકે–મુનિએ પોતાના હાથ તથા પગ આદિ અંગોપાંગ વશ કરી પીડા આપવી નહિ, તેમ જ અન્યે નહિ દીધેલ કોઇ વસ્તુને ગ્રહણ કરવી નહિ, કારણ કે હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહ મમત્વ એ સર્વ કર્મબંધનનાં કારણ છે, જેથી મન, વચન તથા શરીરની ક્રિયા ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, ઉધરસ, છીંક, અધોવાયુ આદિ સમયે ઉપયોગ રાખી આરંભથી અલગ રહીને ભાવ સમાધિનું પાલન કરવું. અહીં અદત્તના ત્યાગ સાથ મૈથુન, પરિગ્રહ મમત્વનો પણ ત્યાગ સમજવો, વ્રતપાલનમાં અસત્યનો ત્યાગ પણ સમજવો, વીતરાગ દેવ કથિત માર્ગને આત્મકલ્યાણ રૂપ જાણી આચરવો શ્રેયસ્કર છે.

૧ ૨ ૩ ૪ ૧૦ ૭ ૮ ૯
સુયક્ખાયધમ્મે વિતિગિચ્છતિણ્ણે, લાઢે ચરે આયતુલે પયાસુ ।
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૫ ૬
આયં ન કુજ્જા ઇહ જીવિયટ્ઠી, ચયં ન કુજ્જા સુતવસ્સિ ભિક્ખૂ
॥૩॥

શબ્દાર્થ : (૧) શ્રુત અને ચારિત્ર (૨) ધર્મનું સુંદર રીતિથી પ્રતિપાદન કરવાવાળા ધર્મમાં (૩) શંકા નહિ કરવાવાળા (૪) પ્રાસુક

આહારવાળા (૫) તપસ્વી (૬) સાધુ (૭) આત્મા (૮) સમાન માનવાવાળા (૯) પૃથ્વી આદિ જીવોને (૧૦) સંયમ પાલન કરે (૧૧) આશ્રવનું (૧૨) સેવન ન કરે (૧૩) અસંયમી જીવન માટે ધનધાન્યાદિનો (૧૪) સંચય (૧૫) ન કરે.

ભાવાર્થ:– વ્રત અને ચારિત્રરૂપ ધર્મનું કથન કરવાવાળા અથવા ઉપદેશ દેવાવાળા અને તીર્થંકર દેવોએ ઉપદેશેલ ધર્મમાં શંકા રહિત પ્રાસુક આહારથી શરીર નિર્વાહ કરવાવાળા ઉત્તમ તપસ્વી સાધુ જગતના સર્વ જીવોને પોતાના આત્માસમાન માની સંયમનું પાલન કરે, તથા આ લોકમાં ચિરકાળપર્યંત જીવન જીવવાની ઇચ્છા રાખી આશ્રવોનું સેવન કરે નહિ, અસંયમી જીવન માટે ભવિષ્યકાળના ઉપયોગ માટે ધન ધાન્ય આદિ પરિગ્રહ સંચય કરે નહિ, તેમ જ જેમ મને દુઃખ અપ્રિય છે એ જ રીતે સર્વ જીવોને દુઃખ અપ્રિય જાણી કોઇ જીવોની હિંસા કરે નહિ અને ઉપયોગવંત રહી સર્વ દુઃખોનો નાશ કરનાર સંયમનું શુદ્ધ પાલન કરે એવો મુનિ આચાર છે.

૩ ૪ ૫ ૧ ૮ ૨ ૬ ૭
सव्विंदियाभिनिव्वुडे पयासु, चरे मुणी सव्वतो विप्पमुक्के ।
૧૫ ૧૦ ૯ ૧૧ ૧૨ ૧૩ ૧૪
पासाहि पाणे य पुढोवि सत्ते, दुक्खेण अट्टे परितप्पमाणे ॥४॥

શબ્દાર્થ : (૧) સ્ત્રીઓના વિષયમાં (૨) સાધુ પુરુષ પોતાની (૩) સર્વ (૪) ઇન્દ્રિયોને (૫) વશ રાખી જીતેન્દ્રિય બને બહાર તથા આભ્યન્તર (૬) સર્વ બંધનોથી (૭) મુકત થઇ (૮) સંયમનું પાલન કરે (૯) અલગ (૧૦) પ્રાણી વર્ગ (૧૧) જીવો (૧૨) દુઃખોથી (૧૩) આર્ત તથા (૧૪) પરિતાપ પામી રહેલા છે તેને (૧૫) દેખો.

ભાવાર્થ:– સાધુ સ્ત્રીઓના વિષયોમાં અનાસક્ત રહી, પોતાની સર્વ ઇન્દ્રિયોને વશ રાખી જીતેન્દ્રિય બની બાહ્ય તથા આભ્યન્તર, સ્વજનો, ધન, ધાન્ય આદિ બાહ્ય સંપત્તિ, તથા માન પ્રતિષ્ઠા આદિ આભ્યન્તર પરિગ્રહ, તથા સર્વ કષાયોનાં બંધનોથી મુક્ત થઇ દેહ

મમત્વને ઘટાડીને જગતના સર્વ પૃથ્વી આદિ પ્રથક્ પથક્ પ્રાણી જીવો પોતાના જ વિભાવ ભાવથી પંચેન્દ્રિયાદિ ભવોમાં પાંચ ઇન્દ્રિયોના વિષયોના ભોગોપભોગની આસક્તિથી, આરંભ પરિગ્રહ મમત્વથી તેના વિપાકરૂપ ચારગતિરૂપ સંસાર પરિભ્રમણ કરતા થકા, ઇન્દ્રિયોના અશુભ વ્યાપારોથી, આર્તધ્યાન કરતા થકા મન, વચન, કાયાથી દુઃખો ભોગવતા થકા પરિતાપ પામી રહેલા છે, તેને જોઇ તેનાં દુઃખોનો વિચાર કરી મુનિએ સંયમપાલનમાં ઉપયોગવંત રહી સંયમ પાલન કરવું અને કોઇ પણ જીવની ઘાત કરવી નહિ, એવો સાધકનો આચાર છે મુમુક્ષુ આત્માનો આચાર છે, મનુષ્યભવ સફળ બનાવવાનો અવસર છે, જાણી ધર્મ આરાધન કરવું.

२ १ ३ ५ ४ ४
एतेसु बाले य पकुव्वमाणे, आवट्टती कम्मसु पावएसु ।
६ ७ ८ ८ १० ९
अतिवायतो कीरति पावकम्मं, निउंजमाणे उ करेइ कम्मं ।.५॥

शब्दार्थ : (१) અજ્ઞાની જીવ (૨) પૃથ્વીકાય આદિ પ્રાણીઓને (૩) પીડા દેતા થકા (૪) પાપકર્મો કરીને પૃથ્વી આદિ યોનિઓમાં (૫) ભ્રમણ કરે છે (૬) સ્વયં જીવ હિંસા કરી (૭) જીવો કરે છે (૮) પાપકર્મ (૯) અન્ય પાસે હિંસા કરાવી (૯) પાપકર્મો (૧૦) કરે છે.

ભાવાર્થ:– અજ્ઞાની જીવો પાંચ ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત બની પૃથ્વીકાય આદિ પ્રાણીઓને કષ્ટ આપે છે, સ્વયંજીવોની હિંસા કરે છે, તથા અન્ય દ્વારા હિંસા કરાવી પાપ કર્મો કરે છે, તેના વિપાકરૂપ પાપનાં ફળ ભોગવવાં માટે પૃથ્વીકાય આદિ પ્રાણી જીવોમાં વારંવાર ઉત્પન્ન થઇ જન્મ લઇ દુઃખોને ભોગવે છે. આ રીતે પાપ કર્મો કરી જીવો સંસાર પરિભ્રમણ કરતા રહે છે, એમ જાણી સાધક આત્માઓએ જીવહિંસાથી અલગ રહેવું તે પોતાના જ આત્માને સમાધિ સુખનું કારણ છે.

१ ३ २ ४ ५ ६ ७
आदीणवित्तीव करेति पावं, मंता उ एगंतसमाहिमाहु ।
८ १० १२ ११ १३ १४ ९
बुद्धे समाहीय रते विवेगे, पाणातिवाता विरते ठियप्पा ॥६॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ દીનવૃતિ અથવા ભિખારીનો ધંધો કરતો હોય તે પણ (૨) પાપ (૩) કરે છે (૪) જાણી તીર્થંકરોએ (૫) એકાંત (૬) સમાધિનો ઉપદેશ (૭) આપેલ છે તેથી (૮) વિચારવાન (૯) આત્મચિત્ત પુરુષ (૧૦) સમાધિ તથા (૧૧) વિવેકમાં (૧૨) અનુરક્ત રહે (૧૩) પ્રાણાતિપાતથી (૧૪) નિવૃત્ત રહે.

ભાવાર્થ:– જે પુરુષ કંગાલ તથા ભિખારી આદિના કરુણાજનક ધંધો કરતા હોય તેઓ પણ પાપના અશુભ કર્મબંધન કરે છે, કારણ કે તેના અધ્યવસાયો શુદ્ધ હોતા નથી, ત્રણે યોગનો વેપાર અશુભ હોય છે. એમ જાણી શ્રી તીર્થંકરદેવોએ ભાવ સમાધિરૂપ અહિંસા પ્રધાન શ્રુત ચારિત્રરૂપ ધર્મનો ઉપદેશ આપેલ છે. ભિખારી આદિ કનિષ્ટ ધંધામાં આહારની અપ્રાપ્તિ થતાં ટુકડા માટે સ્થળ સ્થળ ભટકતા આર્ત રૌદ્ર ધ્યાનથી કષાય તથા દુરાચારની વૃદ્ધિને કારણે નરકાદિગતિમાં ઉત્પન્ન થઇ ત્યાં દુઃખો ભોગવે છે, જેથી સમાધિના ઇચ્છુક વિચારશીલ અને શુદ્ધ ચિત્ત પુરુષ ભાવ સમાધિરૂપ સંયમમાં તથા વિવેકમાં અનુરક્ત રહી પ્રાણાતિપાત આદિ સાવદ્ય અનુષ્ઠાનોથી નિવૃત્ત રહે.

१ २ ५ ३ ७ ८ ६ ९ १०
सव्वं जगं तू समयाणुपेही, पियमप्पियं कस्सइ णो करेज्जा ।
११ १२ १३ १४ १५ १६ १७
उट्ठाय दीणो य पुणो विसन्नो, संपूयणं चेव सिलोयकामी ॥७॥

શબ્દાર્થ : (૧) સમસ્ત (૨) જગતને (૩) સમભાવથી (૪) દેખે (૫) સાધુ (૬) કોઇનું (૭) પ્રિય (૮) અપ્રિય (૯) નહિ (૧૦) કરે (૧૧) પ્રજ્ઞાન્યા ક્ષુધ પરીષહ પ્રાપ્ત થતાં (૧૨) દીનપની (૧૩) પશ્ચાત્ (૧૪) પતિત થાય છે (૧૫) કોઇ પૂજા (૧૬) પ્રશંસાના (૧૭) અભિલાષી બને છે.

ભાવાર્થ:– સાધુ સમસ્ત જગતને સમભાવથી દેખતા થકા કોઈનું પ્રિય કે અપ્રિય કરે નહિ નિસંગ થઈ વિચરે, પરંતુ કોઇ કોઈ સાધક પ્રવ્રજ્યા ગ્રહણ કરી પરીષહ–ઉપસર્ગો પ્રાપ્ત થતાં દીન બની જાય છે અને પ્રવ્રજ્યા છોડી સંયમથી ભ્રષ્ટ થાય છે, વળી કોઇ સાધક પૂજા તથા પ્રશંસાના અભિલાષી બની જાય છે અને વિષય લોલુપ્ત બની સ્ત્રીઓમાં આસકત બની ગૃહસ્થપણાને ધારણ કરે છે, તેથી સાધકે સંયમમાં ઉપયોગવંત રહી વિચરવું.

આહાકડં[૧] ચેવ નિકામમીણે[૨], નિયામચારી[૩] ય વિસણ્ણમેસી[૪] ।
ઇત્થીસુ[૫] સત્તે[૬] ય પુઢો[૭] ય બાલે[૮], પરિગ્ગહં[૯] ચેવ પકુવ્વમાણે[૧૦] ॥ ૮ ॥[૧૧]

શબ્દાર્થ : (૧) આધાકર્મી (૨) આહારની ઇચ્છા કરનાર (૩) આધાકર્મી આહાર માટે વિચરનાર (૪) કુશીલપણાને (૫) ચાહનાર (૬) સ્ત્રીઓમાં (૭) આસકત (૮) અજ્ઞાની (૯) પૃથક્ પૃથક્ વિષયોમાં રાગી બની (૧૦) પરિગ્રહ રાખતો (૧૧) પાપકર્મ કરે છે.

ભાવાર્થ:– જે સાધક પ્રવ્રજ્યા ગ્રહણ કરી આધાકર્મી આહારની ઇચ્છા કરતો થકો આધાકર્મી આહારાદિ માટે અત્યન્ત ભ્રમણ કરતો થકો, સ્ત્રીઓમાં આસક્ત બની પૃથક્ પૃથક્ હાસ્ય, વિલાસ, ભાષણ આદિ વિષયોમાં ગૃધ બની સ્ત્રી પ્રાપ્તિ માટે, પરિગ્રહનો સંચય કરતો થકો, સંયમ ક્રિયામાં ઢીલો બની, સંસારરૂપી કીચડમાં ફસાઈને પાપકર્મોનો સંચય કરે છે. પાપ કર્મોની વૃદ્ધિ કરે છે. આવા સાધકો સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણ કરતા સંસારચક્રમાં ભ્રમણ કર્યા કરશે. એમ જાણી સાધક સંયમપાલનમાં ઉપયોગ રાખી વિચરે.

વેરાણુગિદ્ધે[૧] ણિચયં[૨] કરેતિ[૩], ઇઓ ચુતે[૪] સ ઇહમટ્ઠદુગ્ગં[૫] ।
તમ્હા[૬] ઉ મેધાવિ[૭] સમિક્ખ[૮] ધમ્મં[૯], ચરે[૧૦] મુણી[૧૧] સવ્વઉ[૧૨] વિપ્પમુક્કે[૧૩]
॥ ૯ ॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ પ્રાણીઓની સાથે વેર કરે છે (૨) પાપ-કર્મની વૃદ્ધિ કરે છે (૩) મૃત્યુ પામી (૪) નરકમાં દુઃખદાયી સ્થાનોમાં (૫) ઉત્પન્ન થાય છે (૬) તેથી બુદ્ધિમાન (૭) ધર્મને (૮) જાણી (૯) સર્વ બંધનથી (૧૦) રહિત બની (૧૧) સંયમમાં વિચરે (૧૨) મુનિ.

ભાવાર્થ:– જે પુરુષો જીવોની હિંસા કરે છે તે મરનાર જીવો સાથે વૈરને બાંધે છે અને પાપકર્મની વૃદ્ધિ કરે છે અને તે જીવ મૃત્યુ પામી દુઃખદાયી નરકસ્થાનોમાં ઉત્પન્ન થઈ દુઃખોને ભોગવે છે, એમ જાણી બુદ્ધિમાન મુનિએ ધર્મના સ્વરૂપને જાણી વિચારી સર્વ સાવદ્યકાર્યોથી નિવૃત્ત બની જાગૃત બની સંયમનું પાલન કરવું. જીવો દ્રવ્યસંગ્રહ માટે કર્મ બંધન કરી અનેક જીવોની સાથે વૈર બંધન કરતો થકો પાપકર્મોનો સંચય કરે છે. પશ્ચાત દુઃખદાયી સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પાપ કરનારાને એકલાને જ દુઃખો ભોગવવાં પડે છે.

आयं ण[૨] कुज्जा[૩] इह जीवियट्ठी[૧], असज्जमाणो[૪] य परिव्वएज्जा[૫] ।
णीसम्मभासी[૬] य विणीय[૭] गिद्धिं[૮], हिंसन्नियं वा[૯] ण कहं[૧૦] करेज्जा[૧૧]
॥ ૧૦ ॥

શબ્દાર્થ : (૧) સાધુ જીવનની (૨) ઇચ્છાથી (૩) દ્રવ્ય ઉપાર્જન ન કરે (૪) સ્ત્રી પુત્ર આદિમાં આસક્ત ન રહે (૫) સંયમમાં પ્રવૃત્તિ કરે (૬) વિચારી ભાષા બોલે (૭) વિષયોમાંથી આસક્તિને (૮) દૂર કરે (૯) હિંસા સંબંધી (૧૦) કથાઓ (૧૧) ન કરે.

ભાવાર્થ:– સાધુ આ સંસારમાં દીર્ઘકાળ સુધી જીવવાની ઇચ્છાથી તથા મમત્વથી દ્રવ્યનું ઉપાર્જન કરે નહિ, સ્ત્રી, પુત્ર આદિ પરિગ્રહમાં આસક્ત રહેનારના કડવા વિપકોને જાણી તેમાં આસક્ત રહે નહિ, સંયમમાં ઉપયોગવંત રહી સંયમનું પાલન કરે. વિચાર કરી, નિરવદ્ય, પ્રિય, સત્ય વ્યવહાર ભાષા બોલે, શબ્દાદિ વિષયો ઉપરની આસક્તિ દૂર કરી હિંસા થાય તેવી કથા વાર્તાઓ કરે નહિ.

૧ ૨ ૩ ૪
आहाकडं वा ण णिकामएज्जा, णिकामयंते य ण संथवेज्जा ।
૭ ૬ ૫ ૧૦ ૯ ૮
धुणे उरालं अणुवेहमाणे, चिच्चा ण सोयं अणवेक्खमाणो ॥११॥

શબ્દાર્થ : (૧) સાધુ પુરુષ (૨) આધાકર્મી આહારની ઇચ્છા ન કરે (૩) આધાકર્મી આહારની ઇચ્છા કરનારનો (૪) પરિચય કરે નહિ (૫) નિર્જરા પ્રાપ્તિના હેતુથી (૬) શરીરને (૭) કૃશ કરે (૮) શરીરની દરકાર નહિ કરતા થકાં (૯) શોક આદિ ચિંતાને છોડી (૧૦) સંયમ પાલન કરે.

ભાવાર્થ:– સાધુ આધાકર્મી આહારની ઇચ્છા ન કરે, સાથે આધાકર્મી આહારને ઇચ્છનાર શ્રમણનો પરિચય પણ ન કરે, સાથે રહેવાનો કે વાતચિત કરવાનો પ્રસંગ ઉત્પન્ન થવા ન દે અને નિર્જરાના હેતુએ તપદ્વારા શરીરને કૃશ કરે, શરીર ઉપરનો મમત્વ નહિ રાખતાં શોક સંતાપ આદિ સંસાર ભાવરૂપ વિષયોની ચિંતા દૂર કરી સંયમ-પાલનમાં ઉપયોગવંત રહી શરીરના મળ સમાન કર્મરૂપી રજનો ક્ષય કરે. એ જ સાધક કર્તવ્ય છે.

૧ ૨ ૩ ૪ ૬ ૫ ૭
एगत्तमेयं अभिपत्थएज्जा, एवं पमोक्खो न मुसंति पासं ।
૮ ૯ ૧૪ ૧૩ ૧૦ ૧૧ ૧૨
एसप्पमोक्खो अमुसे वरेवि, अकोहणे सच्चरते तवस्सी ॥१२॥

શબ્દાર્થ : (૧) સાધુ પુરુષ એકત્વની (૨) ભાવના કરે (૩) એકત્વ ભાવનાથી (૪) નિઃસંગતા પ્રાપ્ત થાય છે એને (૫) મિથ્યા (૬) ન (૭) માનો (૮) એકત્વ ભાવનાથી (૯) મોક્ષની પ્રાપ્તિ તથા ભાવ સમાધિએ (૧૦) ક્રોધ ન કરે (૧૧) સત્યમાં રકત (૧૨) તપસ્વી એ સર્વથી (૧૩) શ્રેષ્ઠ છે (૧૪) એ સત્ય છે એ ભાવનાથી યુકત રહી.

ભાવાર્થ:– સાધુ એકત્વની ભાવનાથી નિઃસંગતા પ્રાપ્ત થાય છે. તેને સત્ય માનો, મિથ્યા નહિ માનો, તેમ જ એકત્વની

ઉત્કૃષ્ટ ભાવનાથી સમાધિરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેમ સત્ય શ્રદ્ધા રાખી તથા એકત્વ ભાવનાથી યુક્ત રહી તપ કરનાર તપસ્વી તથા સત્યમાં રક્ત રહેનાર તથા ક્રોધથી રહિત સાધકને સર્વથી શ્રેષ્ઠ કહેલ છે. સાધુ સંસારી જીવોની સહાયતાને ઇચ્છે નહિ, કારણ કે જન્મ, જરા, મરણ, રોગ તથા શોક સંતાપથી પૂર્ણ એવા આ જગતમાં, પોતાનાં કરેલાં કર્મથી ભોગવતા દુઃખોથી જીવોનું રક્ષણ કરવા કોઇ અન્ય મનુષ્ય સ્વજન આદિ કે પરિગ્રહ સમર્થ થતા નથી. કર્મના કારણે દુઃખદ સંયોગો પ્રાપ્ત થાય છે. એમ જાણી આત્માર્થી એકત્વ ભાવનાની વૃદ્ધિ કરે અને એ જ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય સત્ય અને પ્રધાન છે અથવા ભાવ સમાધિ છે. તપસ્વી હોય તે ક્રોધ, માન, માયા, લોભને જીતી સત્યમાં રક્ત રહી સંયમ પાલન કરે એ જ સાચી તપસ્યા કહેવાય અને કષાય રહિતની તપસ્યા જ કર્મ ક્ષય કરવાનું સાચું સાધન છે.

૧ ૨ ૩ ૪ ૫
इत्थीसु या आरय मेहुणाओ, परिग्गहं चेव अकुव्वमाणे ।
૬ ૭ ૮ ૧૦ ૯ ૧૧
उच्चावएसु विसएसु ताई, निस्संसयं भिक्खू समाहिपत्ते ॥१३॥

શબ્દાર્થ : (૧) સ્ત્રીઓમાં (૨) અનાસક્ત (૩) મૈથુનથી (૪) નિવૃત્ત પરિગ્રહથી (૫) નિવૃત્ત (૬) વિવિધ પ્રકારના (૭) વિષયોમાં અનાસક્ત (૮) છકાય જીવોના રક્ષક (૯) એવા સાધુ (૧૦) સંદેહ રહિત (૧૧) સમાધિને પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ:– જે સાધુ સ્ત્રી સેવન કરતા નથી તથા પરિગ્રહ રાખતા નથી, વિવિધ પ્રકારના ઇન્દ્રિયોના વિષયોમાં અનાસક્ત બની રાગદ્વેષ રહિત થઇ, છકાય જીવોની રક્ષા કરે છે. તે સાધુ સંદેહ રહિત સમાધિને પ્રાપ્ત કરે છે. મોક્ષને પ્રાપ્ત કરે છે અને એ જ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય જાણવો.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
अरइं रइं च अभिभूय भिक्खू, तणाइफासं तह सीयफासं ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
उण्हं च दंसं चऽहियासएज्जा, सुब्भिं व दुब्भिं व तितिक्खएज्जा
॥ ૧૪ ॥

શબ્દાર્થ : (૧) સંયમમાં અરતિ અથવા ખેદ (૨) અસંયમમાં રતિ અથવા રાગને (૩) ત્યાગી (૪) સાધુ (૫) તૃણ આદિના (૬) સ્પર્શ (૭) શીત (૮) ઉષ્ણ (૯) ડાંસ મચ્છરના (૧૦) સ્પર્શોને સહન કરે તથા (૧૧) સુગંધ (૧૨) દુર્ગંધના સ્પર્શોને (૧૩) સહન કરે.

ભાવાર્થ:– સાધુ સંયમ પ્રત્યે અરુચિ અથવા ખેદ ન કરે તથા અસંયમમાં રતિ ન કરે રતિ તથા અરતિનો ત્યાગ કરી, આક્રોશ વધના તથા તૃણ સ્પર્શના, શીતના, ઉષ્ણના, ડાંસ મચ્છરનાં, સુગંધ તથા દુર્ગંધના સ્પર્શોને તથા ક્ષુધા તૃષાના પરીષહ તથા ઉપસર્ગોને સમભાવે સહન કરે, વિષયોમાં અનાસક્ત રહેનાર પુરુષ ભાવ સમાધિને પ્રાપ્ત કરી શકે છે. એમ જાણી સમભાવથી સંયમનું પાલન કરવું.

૨ ૧ ૩ ૪ ૫ ૬
गुत्तो वईए य समाहिपत्तो लेसं समाहट्टु परिवएज्जा ।
૭ ૮ ૧૦ ૯ ૧૨ ૧૩ ૧૧
गिहं न छाए णवि छायएज्जा, संमिस्सभावं पयहे पयासु
॥ ૧૫ ॥

શબ્દાર્થ : (૧) સાધુ વચનની (૨) ગુપ્તિ રાખનાર (૩) સમાધિને પ્રાપ્ત કરે છે (૪) પ્રશસ્ત લેશ્યા (૫) ગ્રહણ કરી (૬) સંયમનું પાલન કરે (૭) ઘરને (૮) બનાવે નહિ (૯) ઘર કરાવે (૧૦) ન અન્ય પાસે (૧૧) સ્ત્રીઓના (૧૨) સંસર્ગનો (૧૩) ત્યાગ કરે.

ભાવાર્થ:- જે સાધુ વચનથી ગુપ્ત રહે તે ભાવ સમાધિને પ્રાપ્ત કરે છે, એમ જાણી શુદ્ધ લેશ્યાને ગ્રહણ કરી સંયમ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહે. સાધુ સ્વયં ઘર-મકાન બનાવે નહિ, અન્ય પાસે બનાવરાવે નહિ, સાંસારિક સર્વ કાર્યોથી અલગ રહે, ગૃહસ્થનાં કાર્યો ન કરે, કરાવે નહિ, તેમ જ તેનું અનુમોદન પણ ન કરે, તથા સ્ત્રીઓથી તદ્દન અલગ રહે, તેનાં સંસર્ગને સંસાર પરિભ્રમણનું કારણ જાણી સર્વથા ત્યાગ કરે.

જે કેઇ લોગંમિ ઉ અકિરિયઆયા, અન્નેણ પુટ્ઠા ધુયમાદિસંતિ ।
આરંભસત્તા ગઢિતા ય લોએ ધમ્મં ણ જાણંતિ વિમુક્ખહેઉં
॥ ૧૬ ॥

શબ્દાર્થ : (૧) જે કોઈ (૨) આ લોકમાં (૩) આત્માને ક્રિયા રહિત માને છે (૪) અન્ય (૫) પૂછે તેને (૬) મોક્ષનો (૭) આદેશ કરે છે (૮) આરંભમાં (૯) આસકત (૧૦) વિષયોમાં મૂર્ચ્છિત છે (૧૧) તે જીવો (૧૨) ધર્મને (૧૩) જાણતા નથી (૧૪) મોક્ષના કારણ રૂપ.

ભાવાર્થ:- આ લોકમાં જે કોઇ આત્માને ક્રિયા રહિત માને છે અને અન્ય કોઇ મોક્ષ સંબંધમાં પૂછનારને અક્રિયાવાદને મોક્ષનું કારણ બતાવે છે. આરંભમાં આસકત અને વિષય ભોગોમાં મૂર્ચ્છિત જીવો મોક્ષના કારણરૂપ ધર્મના સ્વરૂપને જાણતા નથી. આ જગતમાં સાંખ્ય આદિ દર્શનવાળા આત્માને ક્રિયા રહિત માને છે. આત્મા સર્વવ્યાપી માનતા હોવાના કારણે આત્માને ક્રિયા રહિત હોવાનું માને છે, જેથી તેમની માન્યતા અનુસાર ક્રિયા રહિત આત્મામાં બંધ મોક્ષનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. છતાં અક્રિયાવાદમાં મોક્ષ હોવાનો ઉપદેશ તેઓ આપે છે અને વિષય ભોગોમાં આસક્ત

બની આરંભનાં કાર્યો ભોજન આદિના પચન પાચન તથા સ્નાન આદિ સાવદ્ય કાર્યોમાં પ્રવૃત્ત રહે છે. આવા જીવો અન્ય દર્શનીઓ પોતે ક્રિયા કરતા થકા ક્રિયાને નહિ માનનારા મીથ્યાત્વી જીવો મોક્ષના કારણરૂપ શ્રુત અને ચારિત્રરૂપ ધર્મને નહિ જાણતા હોવાથી અનંતાનંત કાળપર્યંત સંસાર પરિભ્રમણરૂપ ચક્રાવામાં ફસાઇ જન્મ મરણાદિનાં દુઃખો ભોગવતા પરિભ્રમણ કર્યા કરશે.

૩ ૪ ૧ ૨ ૫ ૬ ૭ ૮
पुढो य छंदा इह माणवा उ, किरियाकिरीयं च पुढो य वायं ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૩
जायस्स बालस्स पकुव्व देहं, पवड्ढती वेरमसंजतस्स ॥१७॥

શબ્દાર્થ : (૧) આ લોકમાં (૨) મનુષ્યોની (૩) ભિન્નભિન્ન (૪) રુચિ હોય છે (૫) ક્રિયાવાદને માનનારા (૬) કોઇ અક્રિયાવાદને માનનારા (૭) પૃથક્ પૃથક્ (૮) વાદને માનનારા (૯) જન્મેલ (૧૦) બાળકના (૧૧) કાપી-ઘાત કરી પોતાના સુખને પ્રાપ્ત કરે છે (૧૨) દેહને (૧૩) અસંયમી જીવો (૧૪) આ રીતે વૈરને (૧૫) વધારે છે.

ભાવાર્થ:- આ જગતમાં મનુષ્યોના અભિપ્રાયો-રુચિ ભિન્ન-ભિન્ન હોય છે, તેથી કોઇ ક્રિયાવાદને માને છે, તો કોઇ અક્રિયાવાદને માને છે, આવા પ્રકારની અનેક પ્રકારની રુચિવાળા જીવો આરંભ અને વિષયોમાં આસક્ત હોઇ, તરતના જન્મેલ બાળકના ટુકડા કરી પોતાના સુખને ઉત્પન્ન કરી આનંદ માને છે, આવા અસંયતિ લોકો આવાં ઘોરપાપ કરવામાં રક્ત થઇ બીજા જન્મ સુધી ચાલવાવાળા (પરસ્પર ઘાતને કારણ) પ્રાણીઓની સાથે વૈરની વૃદ્ધિ કરી સંસાર પરિભ્રમણ કરતા થકાં દુઃખોને ભોગવતા થકાં સંસાર ચક્રાવામાં ફસાઇ રહે છે. એમ જાણી આ આરંભથી અલગ થવું તે આત્માને શ્રેયનું કારણ છે.

આઉક્ખયં ચેવ અબુજ્ઝમાણે, મમાતિ સે સાહસકારિ મંદે।
અહો ય રાઓ પરિતપ્પમાણે, અટ્ટેસુ મૂઢે અજરામરેવ્વ ॥૧૮॥

શબ્દાર્થ : (૧) આરંભમાં આસક્ત પુરુષો આયુષ્યનાં ક્ષય હોવાનું (૨) જાણતા નથી (૩) મૂર્ખ જીવો વસ્તુઓ ઉપર (૪) મમતા રાખતા થકા (૫) પાપકર્મો કરે છે (૬) દિવસ રાત્રિ (૭) ધનની ચિંતામાં રહે છે અને પોતાને (૮) અજર અમરમાની (૯) આર્ત બની ધન સંપત્તિમાં આસક્ત રહે છે (૧૦) મૂર્ખ જીવો.

ભાવાર્થ:– આરંભમાં આસક્ત અજ્ઞાની જીવો પોતાના આયુષ્યનો ક્ષય થવાનો છે. તેનો તેને ઉપયોગ નથી અને પરપદાર્થમાં સ્વજન, ધન, સંપત્તિ આદિ વસ્તુઓમાં મમત્વ રાખી પાપકર્મો કરતાં ડરતા નથી અને રાત્રિ દિવસ આર્તધ્યાન વડે ધનની ચિંતામાં દતચિત્ત રહેતા થકા કલેશને ભોગવે છે તથા આયુષ્ય ક્ષયના ઉપયોગ રહિત પોતાને અજરઅમરમાની ધન સંપત્તિમાં આસક્ત બની, અમૂલ્ય માનવભવને વ્યર્થ બનાવી જીવન વ્યતીત કરે છે. એમ જાણી આત્માર્થી જીવોએ સંસારના સ્વરૂપને જાણી, આત્મકલ્યાણરૂપ ધર્મ આરાધન કરવામાં જાગૃત રહેવું.

જહાહિ વિત્તં પસવો ય સવ્વં, જે બંધવા જે ય પિયા ય મિત્તા।
લાલપ્પતી સેડવિ ય એઇ મોહં, અન્ને જણા તંસિ હરંતિ વિત્તં ॥
॥૧૯॥

શબ્દાર્થ : (૧) ત્યાગો (૨) ધન (૩) સર્વ (૪) પશુઓ આદિ (૫) બન્ધવ (૬) પિતા (૭) પ્રિય મિત્ર એ કોઇ ઉપકાર કરનાર નથી શરણભૂત નથી તથાપિ મનુષ્યો સંબંધિઓ માટે તેના (૮) વિયોગે રુવે છે ને (૯) પ્રાપ્ત કરે

છે પરંતુ પોતાના મૃત્યુબાદ (૧૦) મોહને (૧૧) અન્ય (૧૨) લોકો (૧૩) તેના (૧૪) સંપત્તિને હરી લે છે (૧૫) ધનાદિ.

ભાવાર્થ:– માતા, પિતા, બંધવ, મિત્ર આદિ સ્વજનો અગર ધન સંપત્તિ વગેરે કોઇ આત્માને શરણભૂત થતા નથી. સુખ તથા દુઃખ પોતાને એકલાને જ ભોગવવાં પડે છે, પરભવમાં જીવ એકલો જાય છે. એમ જાણી સાધકે ધન ધાન્ય પશુ તથા સ્વજનોના મમત્વને ત્યાગી સંબંધ છોડી અને આરંભ તથા પરિગ્રહથી અલગ થઇ આત્મસાધન રૂપજ્ઞાન, દર્શન ચારિત્રનું આરાધન કરવું. જીવો સ્વજન વગેરે સંબંધીના વિયોગે રૂદન કરે છે અને મોહની વૃદ્ધિ કરે છે. પરંતુ પોતાના મૃત્યુ બાદ મરનારને ભૂલી સ્વજનો આદિ તેના ધનને હરણ કરે છે, ધનને વહેંચી લઇ આનંદ ભોગવે છે એમ જાણી મમત્વને દૂર કરવો. મનુષ્યો પોતાના સ્વાર્થ માટે પ્રાણી જીવોની હિંસા કરી કષ્ટ ભોગવી ધન ઉપાર્જન કરી કર્મની ગાંસડી બાંધી ધનને છોડી પરલોકમાં એકલા ચાલ્યા જાય છે. સ્વાર્થમય સંબંધીઓ તેના જીવતાં પણ ધનાદિમાંથી ભાગ પડાવે છે અને મરણ પછી પણ તેના ધનને ગ્રહણ કરી મોજ ઉડાવે છે. મરનારને કોઇ સ્વજન યાદ કરતા નથી. એમ જાણી આત્માર્થી જીવોએ ધર્મ આરાધન કરી આત્માનું સાધન કરી લેવું જેથી ભવિષ્યકાળ સુખરૂપ બને અને શુભ ગતિ પ્રાપ્ત થાય.

૧ ૨ ૪ ૩ ૫ ૬
सीहं जहा खुड्डमिगा चरंता, दूरे चरंती परिसंकमाणा ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
एवं तु मेहावि समिक्ख धम्मं, दूरेण पावं परिवज्जएज्जा ॥२०॥

શબ્દાર્થ :- (૧) સિંહનાભયથી (૨) મૃગો સિંહના વાસથી (૩) દૂર દૂર (૪) ફરતા (૫) વિચરતા હોય છે (૬) ડરતા થકા (૭) એવી રીતે (૮) બુદ્ધિમાન પુરૂષ (૯) વિચાર કરી (૧૦) ધર્મનો (૧૧) દૂર રહી (૧૨) પાપથી (૧૩) પાપને છોડે.

ભાવાર્થ:- જેમ પૃથ્વી ઉપર વિચરતા મૃગલાઓ મૃત્યુના ભયની શંકાથી સિંહના નિવાસથી દૂર દૂર વિચરે છે, એવી રીતે બુદ્ધિમાન પુરુષે ધર્મનો વિચાર કરીને આત્માના કલ્યાણ માટે પાપકર્મથી દૂર રહી પાપ કાર્યનો ત્યાગ કરવો અને સંયમ પાલનમાં ઉપયોગવંત રહેવું, એ જ સાધકનો આચાર છે અને આત્મહિતનું કારણ છે. જાણી પાપકર્મોનો ત્યાગ કરવો.

૧ ૨ ૩ ૪ ૫ ૬
संबुज्झमाणे उ णरे मतीमं, पावाउ अप्पाण निवट्टएज्जा ।
૭ ૮ ૯ ૧૨ ૧૦ ૧૧
हिंसप्पसूयाइं दुहाइं मत्ता, वेराणुबंधीणि महब्भयाणि ॥२१॥

શબ્દાર્થ : (૧) ધર્મને સમજવાવાળા (૨) પુરુષ (૩) બુદ્ધિમાન (૪) પાપકાર્યોથી (૫) પોતાને (૬) નિવૃત્ત કરે (૭) હિંસાથી (૮) ઉત્પન્ન કર્મ (૯) દુઃખ ઉત્પન્ન કરાવે છે (૧૦) વૈર ઉત્પન્ન કરાવે છે (૧૧) મહાભય ઉત્પન્ન કરાવે છે (૧૨) એમ જાણીને હિંસા કરે નહિ.

ભાવાર્થ:- ધર્મના તત્ત્વને જાણનારા પુરુષ પાપકાર્યોથી અલગ રહે. હિંસાથી ઉત્પન્ન કર્મ, વૈર ઉત્પન્ન કરાવે છે અને વૈર છે તે મહાભયનું કારણ છે અને દુઃખ ઉત્પન્ન કરાવનાર છે. એમ જાણી આત્માર્થીએ હિંસાથી દૂર રહેવું. સમ્યક્ શ્રુત તથા ચારિત્રરૂપ ધર્મ જીવોને ભાવ સમાધિ પ્રાપ્ત કરાવનાર છે અને હિંસા તથા પરિગ્રહ મમત્વ જીવોને નરકાદિ ગતિના દુઃખ ઉત્પાદકના હેતુ છે. એમ જાણી આરંભ પરિગ્રહથી નિવૃત્ત થઈ સંયમ પાલન કરવામાં ઉપયોગવંત રહેવું એ મુમુક્ષુ જીવોને તથા સાધકને હિતનું કારણ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૭ ૬ ૮
मुसं न बूया मुणि अत्तगामी, णिव्वाणमेयं कसिणं समाहिं ।
૯ ૧૦ ૧૧ ૧૩ ૧૨ ૧૪ ૧૫
सयं न कुज्जा न य कारवेज्जा, करंतमन्नंपि य णाणुजाणे
॥२२॥

શબ્દાર્થ : (૧) અસત્ય (૨) ન (૩) બોલે અસત્ય વચનના ત્યાગથી (૪) મુનિ (૫) સર્વજ્ઞોક્ત માર્ગમાં ચાલનારા આત્માર્થી (૬) સમ્પૂર્ણ ભાવ (૭) અથવા મોક્ષ કહેલ છે (૮) સમાધિ (૯) મુનિ સ્વયં અસત્ય (૧૦) નહિ (૧૧) બોલે અન્ય પાસે પણ તે (૧૨) દોષોનું સેવન (૧૩) કરાવે નહિ (૧૪) તે દોષો સેવન કરનારને (૧૫) અનુમોદન આપે નહિ.

ભાવાર્થ:- મોક્ષગામી સાધુ અસત્ય ન બોલે. કારણ કે અસત્ય આદિ સર્વ વ્રતોના દોષથી નિવૃત્ત થવું તે જ મોક્ષરૂપ સમાધિનું સંપૂર્ણ કારણ છે. તેથી સાધુ સ્વયં મૃષા ન બોલે, અન્ય પાસે મૃષા ન બોલાવે, મૃષા બોલનારને અનુમોદન આપે નહિ અને સર્વ વ્રતોના દોષોને ત્યાગી સંયમ પાલન કરે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
सुद्धे सिया जाए न दूसएज्जा, अमुच्छिए ण य अज्झोववन्ने ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
धितिमं विमुक्के ण य पूयणट्ठी, न सिलोयगामी य परिव्वएज्जा ॥२३॥

શબ્દાર્થ : (૧) દોષ રહિત શુદ્ધ આહાર (૨) પ્રાપ્ત થયે (૩) યાચનાથી રાગદ્વેષ કરી (૪) આહારને દૂષિત ન કરે (૫) અમૂર્ચ્છિત રહે (૬) આહારમાં આસક્ત ન બને (૭) ધૈર્યવાન બની (૮) પરિગ્રહથી વિમુક્ત (૯) પૂજનો અર્થી ન બને તથા (૧૦) કીર્તિની કામના ન કરે (૧૧) સંયમ પાલન કરે.

ભાવાર્થ:- ઉદ્ગમનાદિ દોષરહિત યાચનાથી મેળવેલ શુદ્ધ આહારમાં રાગદ્વેષ કરી આહારને દૂષિત ન કરે તથા આહારમાં મૂર્ચ્છિત ન બને તેમ જ વારંવાર આહારનો અભિલાષી ન બને સાધુ. ધીરજવાન બની સંયમ નિર્વાહ માટે આહાર કરે અને બાહ્ય તથા આભ્યંતર પરિગ્રહથી મુક્ત બની પોતાની પૂજા પ્રશંસા તથા કીર્તિની અભિલાષા ન રાખે પરંતુ ઉપયોગવંત બની આત્મકલ્યાણના કારણે શુદ્ધ સંયમનું પાલન કરે.

૨ ૧ ૩ ૪ ૫ ૬
निक्खम्म गेहा उ निरावकंखी, कायं विउसेज्ज नियाणछिन्ने।
૭ ૧૦ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
णो जीवियं णो मरणाभिकंखी, चरेज्ज भिक्खू वलया विमुक्के
त्ति-बेमि ॥२४॥

શબ્દાર્થ : (૧) સાધુ ઘરનો ત્યાગ કરી (૨) પ્રવ્રજ્યા ધારણ કરી (૩) જીવનમાં નિરપેક્ષ બની રહે (૪) શરીરનો (૫) વ્યુત્સર્ગ કરે (૬) તપના ફળની ઇચ્છા ન કરે (૭) જીવન તથા (૮) મરણની (૯) ઇચ્છા (૧૦) રહિત બની (૧૦) સંયમમાં વિચરે (૧૧) સાધુ (૧૨) સંસારથી (૧૩) મુક્ત બની.

ભાવાર્થ:– સાધક ઘરનો ત્યાગ કરી પ્રવ્રજ્યા ધારણ કરી પોતાના જીવનમાં નિરપેક્ષ–આકાંક્ષા રહિત બની શરીર ઉપરના મમત્વને છોડી શરીર શુશ્રૂષાનો ત્યાગ કરી પોતાના તપ ત્યાગના ફળની ઇચ્છા નહિ કરતા થકા નિયાણાને છેદીને જીવન મરણની ઇચ્છાને દૂર કરી સંસારી પ્રપંચોથી દૂર રહેતા થકા શુદ્ધ સંયમનું પાલન કરે તે સાધુ સંસારરૂપ વલય–કર્મબંધનથી મુક્ત બની શાશ્વતા સુખરૂપ સમાધિ–મોક્ષને પ્રાપ્ત કરે.

સમાધિ નામનું દશમું અધ્યયન સમાપ્ત.

સૂત્ર કૃતાંગ સૂત્ર

અધ્યયન ૧૧ મું.

મોક્ષમાર્ગ

૧ ૨ ૩ ૪ ૫
कयरे मग्गे अक्खाए, माहणेणं मईमया ? ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
जं मग्गं उज्जु पावित्ता, ओहं तरइ दुत्तरं ॥१॥

શબ્દાર્થ : (૧) કયો (૨) માર્ગ (૩) કહેલ છે (૪) ભગવંત (૫) કેવળજ્ઞાની (૬) જે (૭) માર્ગ (૮) સરલ (૯) પામીને (૧૦) સંસાર રૂપી ઓધ (૧૧) દુસ્તર (૧૨) તરી જાય છે.

ભાવાર્થ:- અહિંસાના ઉપદેશક કેવળજ્ઞાની ભગવંત મહાવીર-સ્વામીએ મોક્ષની પ્રાપ્તિ માટે કયો સરલ માર્ગ બતાવેલ છે કે જે માર્ગને પ્રાપ્ત કરી જીવો સંસાર સમુદ્રરૂપી ઓઘને તરી પારપામીને મોક્ષને પ્રાપ્ત કરી શકે· સંસાર સમુદ્રને પાર કરવાની સામગ્રી પ્રાપ્ત કરવી કઠિન રહેલ છે, મનુષ્ય જન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, રૂપ, આરોગ્યતા, લાંબુ આયુષ્ય, બુદ્ધિ, સૂત્ર સાંભળવાનો યોગ, અને તેના ઉપરની શ્રદ્ધા, પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા તથા નિર્મળ ચારિત્ર એ બધાની પ્રાપ્તિ થવી ઘણી દુલભ છે. જાણી અમૂલ્ય માનવભવ પ્રાપ્ત થયેલ ને સફળ બનાવવા જ્ઞાન દર્શન ચારિત્ર તપરૂપ ધર્મ આરાધન કરવું એ આત્મ શ્રેયનું કારણ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
तं मग्गं णुत्तरं सुद्धं, सव्वदुक्खविमोक्खणं ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
जाणासि णं जहा भिक्खू ! तं णो बूहि महामुणी ॥२॥

શબ્દાર્થ : (૧) તે (૨) માર્ગ (૩) સર્વથી શ્રેષ્ઠ (૪) શુદ્ધ (૫) સર્વ (૬) દુઃખોથી (૭) છોડાવનાર (૮) જાણો છો (૯) જે રીતે (૧૦) હે ભિક્ષુ (૧૧) તે માર્ગ (૧૨) અમને (૧૩) કહો (૧૪) મહા મુનિ.

ભાવાર્થ:- શ્રી જંબૂસ્વામી શ્રી સુધર્માસ્વામીને પૂછે છે કે હે મહામુનિ ? સર્વ દુઃખોથી મુક્ત કરાવનાર, સર્વથી શ્રેષ્ઠ મોક્ષમાર્ગ શ્રી તીર્થંકર દેવોએ પ્રતિપાદન કરેલ માર્ગને આપ જાણો છો તે સરલ મોક્ષમાર્ગ સર્વ કર્મનો ક્ષય કરાવનાર અને મોક્ષની પ્રાપ્તિ કરાવનાર એવો માર્ગ અમોને બતાવો.

૧ ૨ ૩ ૪ ૫
जइ णो केइ पुच्छिज्जा, देवा अदुव माणुसा ।
૬ ૭ ૮ ૧૦ ૯ ૧૧
तेसिं तु कयरं मग्गं, आइक्खेज्ज ? कहाहि णो ॥३॥

શબ્દાર્થ : (૧) જે (૨) કોઈ (૩) પૂછે (૪) દેવો (૫) મનુષ્યો (૬) તેને (૭) કયો (૮) માર્ગ (૯) કહીએ (૧૦) આપ કહો (૧૧) અમોને.

ભાવાર્થ:- શ્રી જંબૂસ્વામી સુધર્માસ્વામીને પૂછે છે કે અમોને કોઇ દેવો અથવા મનુષ્યો મોક્ષના માર્ગ સંબંધમાં પૂછે તો અમો તેઓને કયો માર્ગ બતાવીએ, આપ તે માર્ગને જાણો છો, તો તે મોક્ષમાર્ગના સ્વરૂપને આપ અમોને બતાવો.

૧ ૫ ૨ ૬ ૩ ૪
जइ वो केइ पुच्छिज्जा, देवा अदुव माणुसा ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
तेसिमं पडिसाहिज्जा, मग्गसारं सुणेह मे ॥४॥

શબ્દાર્થ : (૧) કદાચિત (૨) કોઇ (૩) દેવો (૪) મનુષ્યો (૫) તમોને (૬) પૂછે (૭) તો તેને (૮) કહેવો (૯) આ માર્ગ (૧૦) સારરૂપ (૧૧) સાંભળો (૧૨) મારાથી.

ભાવાર્થ:– શ્રી સુધર્માસ્વામી પોતાના પ્રિય શિષ્ય શ્રી જંબૂસ્વામીને કહે છે કે તમોને કોઇ દેવતા અગર મનુષ્યો મોક્ષ-માર્ગ સંબંધમાં પૂછે તો તેઓને હું હવે પછી કહી બતાવું છું એ સમ્યગ્ માર્ગ કહી બતાવવો. જે સારરૂપ માર્ગને મારા વડે સાંભળો.

૧ ૨ ૩ ૪
अणुपुव्वेण महाघोरं, कासवेण पवेइयं ।
૫ ૬ ૮ ૭
जमादाय इओ पुव्वं, समुद्दं ववहारिणो ॥૫॥

શબ્દાર્થ : (૧) અનુક્રમે કહું છું (૨) અતિ કઠિન માર્ગ (૩) કાશ્યપ ગોત્રી ભગવાન મહાવીર સ્વામીએ (૪) કહેલ (૫) માર્ગને ગ્રહણ કરી (૬) પૂર્વે એટલે ભૂત કાળમાં(૭) જેમ વ્યાપારીઓ વહાણ રૂપ સાધનથી સમુદ્રને પાર કરે છે, તેમ ઘણા જીવો (૮) સંસાર સમુદ્રને તરી ગયા છે.

ભાવાર્થ:– શ્રી સુધર્માસ્વામી પોતાના પ્રિય શિષ્ય જમ્બૂ-સ્વામી આદિ શિષ્યોને કહે છે કે ભગવાન મહાવીરસ્વામીએ કહેલા મોક્ષમાર્ગને હું તમોને ક્રમશ બતાવું છું. તેને તમે સાંભળો, જેમ વ્યાપાર કરનાર વેપારી લોકો વહાણરૂપ સાધનથી સમુદ્રને પાર કરે છે એટલે સમુદ્ર તરીને પોતાના ધારેલા સ્થળને પ્રાપ્ત કરે છે. એ રીતે શ્રી તીર્થંકર દેવોએ કહેલ મોક્ષમાર્ગનો આશ્રય લઇ ભૂતકાળમાં ઘણા જીવોએ આ સંસારસાગરનો પાર કરેલ છે. તરી ગયા છે અને પોતાના ધારેલ સ્થળ સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરેલ છે. એ પાંચમી ગતિ પ્રાપ્ત કરવામાં પ્રથમ મોક્ષના બીજરૂપ સમ્યક્ત્વની જરૂર હોય છે. તેથી તેને પ્રાપ્ત કરવા સદ્ગુરુનો આશ્રય લેવો પડે છે. જ્યાંસુધી અનંતાનુબંધીના ચાર કષાયનો ઉદય હોય ત્યાંસુધી જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. તેનો ક્ષયોપશમ અથવા ક્ષય અથવા ઉપશમ કરવાથી તથા મિથ્યાત્વ મોહનીય આદિ ત્રણ પ્રકૃતિનો ક્ષય ક્ષયોપશમ કે ઉપશમ (સાત પ્રકૃતિનો મોહનીયની) કરવાથી સમ્યક્ત્વની

પ્રાપ્તિ થાય છે અને ચારિત્રની પ્રાપ્તિ તો અનંતાનું બંધી આદિ બાર કષાયના ક્ષયોપશયાદિથી થાય છે, સમ્યક્ત્વ હોય ત્યાં ચારિત્રની ભજના હોય છે- ચારિત્ર હોય ત્યાં નિયમિત સમ્યક્ત્વ તથા જ્ઞાન હોય છે, તેમ જ સમ્યક્ત્વ છે ત્યાં જ જ્ઞાન છે અને જ્ઞાન છે ત્યાં સમ્યક્ત્વ છે, મનુષ્યજન્મ, ધર્મ ઉપદેશનો યોગ, સમ્યક્ત્વરૂપ શ્રદ્ધા અને ચારિત્ર પાલનની શક્તિ એ ચારે સમ્પૂર્ણથી પ્રાપ્ત થાય ત્યારે મોક્ષ પ્રાપ્તિ થાય છે. જેથી અલ્પશક્તિવાળાને માટે આ મોક્ષમાર્ગનું આરાધન મહા કઠિન છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ ધર્મનું અથવા સંયમ આરાધન સમ્પૂર્ણ ઉપયોગવંત રહીને કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ જાણી જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપ રૂપ ધર્મ આરાધન કરવા સાધકોએ તથા મુમુક્ષુ આત્માઓએ જાગૃત રહેવું

૧ ૨ ૪ ૩
अतरिंसु तरंतेगे, तरिस्संति अणागया ।
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
तं सोच्चा पडिवक्खामि, जंतवो तं सुणेह मे ॥६॥

શબ્દાર્થ : (૧) ભૂતકાળમાં સંસાર સમુદ્રને તરી ગયા છે (૨) વર્તમાનકાળે તરે છે (૩) ભવિષ્યમાં (૪) તરશે (૫) તે હકીકતને (૬) સાંભળેલ (૭) તમોને કહું છું (૮) હે શિષ્યો (૯) તે માર્ગને (૧૦) સાંભળો (૧૧) મારા થકી.

ભાવાર્થ:- શ્રી તીર્થંકર દેવોએ બતાવેલ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ મોક્ષમાર્ગને ગ્રહણ કરી તેનું આરાધન કરી પૂર્વકાળમાં ઘણા જીવો સંસારરૂપ સમુદ્રને તરી ગયા છે. પાર કરેલ છે. વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં સંસારસમુદ્રને તરી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે, ભવિષ્યકાળમાં પણ ઘણા જીવો આ જ માર્ગના આરાધનથી સંસાર સમુદ્રને પાર કરી મોક્ષગતિને પ્રાપ્ત કરશે. એવો

આ માર્ગ શ્રી તીર્થંકરદેવ પાસેથી સાંભળીને મેં પણ ગ્રહણ કરેલ છે તે તમો સર્વ લોકોની સાંભળવાની ઇચ્છાથી હું તમોને તે મોક્ષ-માર્ગ વિશેષે કહી બતાવું છું. તેને તમે એકાગ્ર ચિત્તથી સાંભળો.

૧ ૨ ૩ ૪ ૫ ૬
પુઢવીજીવા પુઢો સત્તા, આઉજીવા તહાઽગણો ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
વાઉજીવા પુઢો સત્તા, તણારુક્ખા સબીયગા ॥૭॥

શબ્દાર્થ : (૧) પૃથ્વી સ્વયં જીવ છે (૨) પૃથક્ પૃથક્ શરીરવાળા (૩) જીવો છે (૪) પાણી સ્વયં જીવ છે (૫) તેમ જ (૬) અગ્નિ પણ સ્વયં જીવ છે (૭) વાયુ સ્વયં જીવ છે (૮) પૃથક્ પૃથક્ શરીરવાળા (૯) જીવો છે (૧૦) તૃણ (૧૧) વૃક્ષ (૧૨) બીજને જીવ જાણવા.

ભાવાર્થ:– પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ-પવન એ ચારે સ્વયં જીવ રૂપ છે અને એક બીજાને આશ્રયી રહેલાં છે તે બધા જુદા જુદા શરીરવાળા છે તે પ્રત્યેક શરીરી કહેવાય છે, એવી રીતે વનસ્પતિ તૃણ, વૃક્ષ, બીજ આદિ સર્વ વનસ્પતિ પણ સ્વયંજીવ છે અને તેમાં કેટલાએક પ્રત્યેક શરીરી છે અને કેટલાએક સાધારણ શરીરવાળા છે (એક શરીરે સંખ્યાતા અસંખ્યાતા અને અનંતા જીવો રહેલાં હોય તેને સાધારણ વનસ્પતિ કહેવાય તે કંદમૂળ આદિ કહેવાય છે) તેઓ બધા પાંચે એક જ ઇન્દ્રિયવાળા છે અને એકેન્દ્રિય કહેવાય છે તેઓ સ્થાવર કહેવાય છે તેમાં સૂક્ષ્મ અને બાદર તથા પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ભેદો રહેલા છે, મોક્ષમાર્ગમાં ચારિત્ર પાલનમાં જીવહિંસાની નિવૃત્તિ એ મુખ્ય છે, તેથી સર્વ જીવોની પીછાનની અતિ આવશ્યકતા છે અને સર્વ જીવોની દયા પાળવી તે મોક્ષમાર્ગમાં પ્રથમ અંગ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
અહાકા તત્તા પાણા, એવં છક્કાય આહિયા ।
૭ ૮ ૧૧ ૯ ૧૦ ૧૨
એતાવए जीवकाए, णावरे कोइ विज्जई ॥૮॥

શબ્દાર્થ : (૧) ઉપરોક્ત સિવાય (૨) ત્રસકાય રૂપ (૩) જીવો છે (૪) એ પ્રમાણે (૫) જીવોના ૭ ભેદ (૬) શ્રી તીર્થંકર દેવોએ બતાવેલ છે (૭) એટલે (૮) જીવકાયના ભેદ છે (૯) તથા અન્ય (૧૦) કોઇ જીવો (૧૧) નથી (૧૨) હોતા.

ભાવાર્થ:- પૂર્વોક્ત જીવના પાંચ એકેન્દ્રિયજીવોના પાંચ ભેદને છઠ્ઠો ભેદ આ ત્રસકાય જીવનો છે તે આ પ્રમાણે શ્રી તીર્થંકર દેવોએ બતાવેલ છે, તેનાથી ભિન્ન કોઇ અન્ય જીવો નથી, સમસ્ત જીવોના પાંચસોને ત્રેસઠ ભેદ કહેલા છે; પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, એ ચારમાં સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદ છે તેના બંનેના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બબે ભેદ ગણતા સોળ ભેદ થાય છે, વનસ્પતિમાં સૂક્ષ્મ સાધારણ અને પ્રત્યેક એમ ત્રણ ભેદ છે તેના પ્રર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતા ૬ ભેદ થાય સર્વમળી એકેન્દ્રિયના બાવીશ ભેદ થાય છે વિગલેન્દ્રિયના ૬ ભેદ તિર્યંચપંચેન્દ્રિયના વીશ ભેદ તેમાં સંજ્ઞી અસંજ્ઞી એવા ભેદો છે ૩ ૩ મનુષ્યના ૧૪ નારકીના ૧૯૮ પિતાના એમ સર્વના મળી પાંચસોને ત્રેસઠ ભેદને જાણી તેની દયા પાળવી એ સાધકનો આચાર છે. તેની વિસ્તારથી વિગત શ્રી પન્નવણા સૂત્ર આશ્રી એકસો એક બોલના બૃહદ થોક સંગ્રહમાં છે.

१ २ ३ ४
सव्वाहिं अणुजुत्तीहिं, मतिमं पडिलेहिया ।
५ ७ ६ ८ ९ ११ १०
सव्वे अक्कंतदुक्खा य, अतो सव्वे न हिंसया ॥९॥

શબ્દાર્થ : (૧) સર્વ પ્રજ્ઞાથી (૨) સર્વ યુક્તિથી (૩) બુદ્ધિમાન કેવળજ્ઞાની ભગવંતે (૪) પોતાના જ્ઞાનથી જાણીને (૫) સર્વ જીવોને (૬) દુઃખ (૭) અપ્રિય છે (૮) તેથી (૯) એ સર્વ જીવોને (૧૦) હણવા (૧૧) નહિ.

ભાવાર્થ:- કેવળજ્ઞાની ભગવંતોએ પોતાના કેવળજ્ઞાન કેવળદર્શનથી જાણી જોઇ છકાયજીવોના દુઃખપણાનો નિશ્ચય કરેલ

છે, તેમ જ એ સર્વ જીવમાત્રને દુઃખ અપ્રિય છે, દુઃખના દ્વેષી છે, સુખના અભિલાષી છે, તેથી કરીને પૃથ્વી, પાણી, અગ્નિ વાયુ, વનસ્પતિ અને ત્રસ જીવોને નિશ્ચયથી જીવ જાણીને શ્રદ્ધા દૃઢ કરીને છએ જીવકાયની મન, વચન, કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ, કરનારને ભલું જાણવું નહિ, અને છએ જીવકાયની દયા પાળવી એવો સાધુ આચાર છે તેમ શ્રી તીર્થંકર દેવોએ કહેલ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
एयं खु णाणिणो सारं, जं न हिंसति कंचण ।
૮ ૯ ૧૦ ૧૧
अहिंसा समयं चेव, एतावंतं विजाणिया ॥१०॥

શબ્દાર્થ : (૧) આ પ્રમાણે (૨) નિશ્ચયથી (૩) જ્ઞાનપ્રાપ્તિનો–જ્ઞાનીનો (૪) સાર એ છે કે (૫) કોઇ જીવની (૬) હિંસા (૭) કરે નહિ (૮) અહિંસાના સમર્થક (૯) શાસ્ત્રનો (૧૦) એ જ સિદ્ધાંત (૧૧) જાણવો.

ભાવાર્થ:– જ્ઞાની પુરુષનું ઉત્તમ જ્ઞાન એ છે કે કોઇપણ નાના કે મોટા જીવોની હિંસા કરે નહિ, જ્ઞાન પ્રાપ્તિનો એ જ સાર જાણવો, શાસ્ત્ર સિદ્ધાંત પણ એમ જ કહે છે, હિંસા છે તે કર્મ-બંધનનું કારણ છે, દુઃખનું, સંસાર પરિભ્રમણ રૂપ જન્મ મરણાદિનું કારણ છે, ઇષ્ટ અર્થની પ્રાપ્તિ પણ અહિંસાથી જ થાય છે, પોતાને દુઃખ અપ્રિય છે અને સુખ પ્રિય છે એ જ રીતે અન્ય જીવોનું જાણી જીવહિંસાથી અલગ રહેવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬
उड्ढं अहे य तिरियं, जे केइ तसथावरा ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
सव्वत्थ विरतिं कुज्जा, संतिनिव्वाणमाहियं ॥११॥

શબ્દાર્થ : (૧) ઉપર (૨) નીચે (૩) તિરછા (૪) જે કોઇ (૫) ત્રસ (૬) સ્થાવર છે (૭) સર્વત્ર (૮) હિંસાથી નિવૃત્ત (૯) થવું (૧૦) તેથી જીવને શાંતિમય (૧૧) મોક્ષની (૧૨) પ્રાપ્તિ કહેલ છે.

ભાવાર્થ:– ઉર્ધ્વ, અધો, તિરછા આદિ સર્વ દિશાઓમાં જે કોઇ ત્રસ અને સ્થાવર જીવો રહેલા છે તે સર્વ જીવોની હિંસાથી નિવૃત્ત થવાથી શાંતિમય સમાધિરૂપ મોક્ષની પ્રાપ્તિ કહેલ છે મોક્ષ પ્રાપ્તિમાં પ્રધાન કારણ અહિંસા છે.

પભૂ દોસે નિરાકિચ્ચા, ણ વિરુજ્ઝેજ્જ કેણઈ ।
મણસા વયસા ચેવ, કાયસા ચેવ અંતસો ॥૧૨॥

શબ્દાર્થ : (૧) સમર્થ (૨) સર્વ દોષોનો (૩) ત્યાગ કરી (૪) મન (૫) વચન (૬) કાયાથી (૭) વિરોધ (૮) કોઇ જીવો સાથે (૯) કરે નહિ (૧૦) જીવન પર્યંત.

ભાવાર્થ:– ઇન્દ્રિયોને જીતવામાં સમર્થ સાધુ મિથ્યાત્વાદિ સર્વ દોષોનો ત્યાગ કરીને મન, વચન, કાયાથી, જીવન પર્યંત કોઇનો અપકાર કરી કોઇ સાથે વિરોધ ઉત્પન્ન કરે નહિ, એ આત્માને સમાધિનું મુખ્ય કારણ છે.

સંવુડે સે મહાપન્ને, ધીરે દત્તેસણં ચરે ।
એસણાસમિએ ણિચ્ચ, વજ્જયંતે અણેસણં ॥૧૩॥

શબ્દાર્થ : (૧) જીતેન્દ્રિય (૨) તે (૩) મહાપ્રજ્ઞાવંત (૪) ધૈર્યવાન (૫) ગૃહસ્થે દીધેલ (૬) નિર્દોષ આહાર (૭) ભોગવનાર (૮) સદા (૯) એષણા (૧૦) સમિતિયુક્ત (૧૦) અનેષણીય–દોષિત આહારને (૧૨) ગ્રહણ ન કરે.

ભાવાર્થ:– આશ્રવદ્વારોને રોકનાર, જીતેન્દ્રિય સાધુ, મહા-પ્રજ્ઞાવાન, ધૈર્યતાવાન ગૃહસ્થોએ આપેલ નિર્દોષ આહારના ભોગવનાર, સદા એષણા સમિતિયુક્ત ઉપયોગવાળા, નવતત્ત્વના જાણનાર ક્ષુધા

તૃષા આદિ પરિષહોથી ચલાયમાન નહિ થનાર અલ્પઆહાર શય્યામાં ઉપયોગવંત અનેષણીય આહારાદિનો ત્યાગ કરી સંયમનું શુદ્ધ પાલન કરતા થકા વિચરે. એવો સાધુનો આચાર છે.

૧ ૨ ૫ ૩ ૪
भूयाइं च समारंभ, तमुद्दिस्सा य जं कडं ।
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
तारिसं तु ण गिण्हेज्जा अन्नपाणं सुसंजए ॥१४॥

શબ્દાર્થ : (૧) જીવોનો (૨) આરંભ કરીને (૩) સાધુને ઉદ્દેશીને (૪) તૈયાર કરેલ આહાર (૫) તેવા પ્રકારના આહારને (૬) ન કરે (૭) ગ્રહણ (૮) અન્ન (૯) પાણી (૧૦) ઉત્તમ સાધુ.

ભાવાર્થ:– પ્રાણીઓનો સમારંભ કરીને જીવોને પીડા ઉપજાવીને સાધુને દાન આપવા બનાવેલા ઉદ્દેશીક આહાર પાણી ઉપકરણ આદિ ઉત્તમ તપસ્વી સાધુ ગ્રહણ કરે નહિ, ભોગવે નહિ, આવા શુદ્ધ સંયમ પાલનથી મોક્ષમાર્ગ આરાધી શકાય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
पूईकम्मं न सेविज्जा, एस धम्मे वुसीमओ ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૩ ૧૨
जं किंचि अभिकंखेज्जा, सव्वसो तं न कप्पए ॥१५॥

શબ્દાર્થ : (૧) આધાકર્મી આહારથી મિશ્રિત (૨) ન (૩) સેવન કરે (૪) એ જ (૫) ધર્મ (૬) સાધુનો છે (૭) જે આહારમાં (૮) થોડી પણ (૯) દોષ હોવાની શંકા રહેતી હોય (૧૦) તેવા સર્વ આહાર (૧૧) સાધુ (૧૨) ગ્રહણ (૧૩) ન કરે.

ભાવાર્થ:– શુદ્ધ આહારમાં આધાકર્મી આહારના એક પણ કણનું મિશ્રિત હોય તેવા આહારનું સાધુ સેવન કરે નહિ, એવો શુદ્ધ સંયમ પાલન કરવાનો સાધુ ધર્મ છે, તેથી શુદ્ધ આહારમાં

સહેજ પણ દોષની શંકા રહેતી હોય તો તેવા સર્વ પ્રકારના આહારને સાધુ અકલ્પનીક જાણી ગ્રહણ કરે નહિ. આધાકર્મી આહારથી મિશ્રિત થયેલ આહારને પૂર્વ કર્મ કહેવાય છે.

૮ ૧૦ ૯ ૬ ૭
हणंतं णाणुजाणेज्जा, आयगुत्ते जिइंदिए ।
૪ ૫ ૧ ૨ ૩
ठाणाइं संति सड्ढीणं, गामेसु नगरेसु वा ॥१६॥

શબ્દાર્થ : (૧) ધર્મમાં શ્રદ્ધાવાન (૨) ગામ (૩) નગરમાં (૪) સાધુનો નિવાસ (૫) હોય છે (૬) આત્મ ગુપ્ત (૭) જીતેન્દ્રિય (૮) હિંસાદિક કાર્યોમાં (૯) અનુમોદન (૧૦) ન કરે.

ભાવાર્થ:– જ્યાં જ્યાં ધર્મની શ્રદ્ધાવાળા શ્રાવકો ગામ અગર નગર આદિમાં વસતા હોય તેવા સ્થાનોમાં પ્રાયઃ સાધુનો નિવાસ હોય છે. ત્યાં કોઇ ધર્મ શ્રદ્ધાળુ પુરુષ ધર્મોપદેશ સાંભળીને જીવોની ઘાત થાય તેવી ક્રિયાઓ અર્થાત્ કૂવો ખોદાવવો, પાણીના પરબો બંધાવવા, અન્નક્ષેત્ર કરાવવા, આદિ કાર્યોને ઇચ્છતા હોય, તેઓ સાધુની પાસે આવી પૂછે કે ઉપરોક્ત કાર્યમાં ધર્મ છે કે નહિ ? તો તેના ઉત્તરમાં સાધુ ભયથી કે શરમથી હિંસાદિક અનુષ્ઠાનોમાં અનુમતિ આપે નહિ; પરંતુ ત્યાં મૌન ધારણ કરે (તેમ જ નિષેધ પણ કરે નહિ) કારણ કે સંયમગ્રહણ સમયે પંચ પરમેષ્ઠીની સાક્ષીએ ચતુર્વિધ સંઘ સમક્ષ સદ્ગુરુ મુખથી છકાયજીવોની સ્વયં હિંસા નહિ કરવા તથા અન્ય પાસે નહિ કરાવવા તથા હિંસા કરનારને અનુમોદન નહિ આપવા મન, વચન, કાયાથી ત્રણ કરણને ત્રણયોગે નવ નવ કોટીએ પ્રત્યાખ્યાન લીધેલ હોય છે. તેથી સાધુઓને હિંસાદિક કાર્યોમાં અનુમતિ આપવી કલ્પતી નથી. સાધુનો વ્યવહાર માત્ર અહિંસામય જ છે. દાનાદિક વ્યવહાર ગૃહસ્થોનો છે. ગૃહસ્થોની ફરજ છે. સાધુઓને સંયમ પાલનમાં આહારાદિ તથા

ઉપકરણો આદિ જરૂરીયાતની વસ્તુઓ પણ નિર્દોષ યાચના કરી લેવાનો કલ્પ છે. તેથી સાધુ આવા પ્રસંગે મૌન ધારણ કરે.

१ २ ३ ५ ४ ७ ६
तहा गिरं समारब्भ, अत्थि पुण्णंति णो वए ।
८ १० ११ १२
अहवा णत्थि पुण्णंति, एवमेयं महब्भयं ॥१७॥

શબ્દાર્થ : (૧) ઉપરોકત (૨) વાણી સાંભળી (૩) સમારંભમાં (૪) પુણ્ય (૫) છે (૬) તેમ બોલે (૭) નહિ (૮) અથવા (૯) નથી (૧૦) પુણ્ય (૧૧) એમ બોલવું (૧૨) મહા ભયરૂપ છે.

ભાવાર્થ:– સાધુને કદાચિત કોઈ રાજા આદિ વ્યક્તિ એમ પૂછે કે કૂવો ખોદાવવામાં, અન્નક્ષેત્ર સ્થાપન કરવામાં, પાણીના પરબ બંધાવવા આદિ જે જે કાર્યોમાં છ જીવ નિકાયની હિંસા થતી હોય જે કાર્યોમાં પુણ્ય અને પાપકર્મના મિશ્ર કર્મબંધન થાય તેવા સાવદ્ય કાર્યોમાં સાધુ પુણ્ય છે અથવા નથી તેમ ઉત્તર દે નહિ, પરંતુ મૌન ધારણ કરે, હા કે ના કહેવી તે સાધુને કલ્પનીય નથી. જો હા કહે તો છકાય જીવની ઘાત થવાનો પ્રસંગ ઉત્પન્ન થાય છે અને તે તે જીવો સાથે વૈરબંધન થાય છે અને વૈરબંધન છે તે મહાભયનું કારણ છે અને ના કહે તો જીવોને આહાર પાણી આદિની અંતરાય પડવાથી સાધુને અંતરાય નામનું કર્મબંધન થાય છે જેથી આવા પ્રસંગે સાધુએ મૌન રહેવું. તે જ ઉત્તમ છે.

१ ५ ४ २ ३
दाणट्ठया य जे पाणा, हम्मंति तसथावरा ।
६ ७ ८ ९ १०
तेसिं सारक्खणट्ठाए, तम्हा अत्थित्ति णो वए ॥१८॥

શબ્દાર્થ : (૧) અન્નદાન જલદાન દેવામાં (૨) ત્રસ (૩) સ્થાવર (૪) હણાય છે (૫) જીવો (૬) તેના (૭) રક્ષણ માટે (૮) પુણ્ય છે (૯) ન (૧૦) બોલે.

ભાવાર્થ:– અન્નદાન તથા જલદાન આપવા માટે જે આરંભ થાય છે, તેમાં ત્રસ અને સ્થાવર જીવોનો નાશ થાય છે, અન્નદાનમાં યચન યાચન આદિનો આરંભ છે, જલદાનમાં પૃથ્વી ખોદતાં પણ જીવોની હિંસા થાય છે જેથી ત્રસ અને સ્થાવર જીવોના રક્ષણ માટે આવા કાર્યોમાં પુણ્ય છે તેમ પૂછનાર વ્યક્તિને કહે નહિ, મૌન ધારણ કરે, આવા કાર્યો ગૃહસ્થને યોગ્ય છે.

૧ ૪ ૩ ૫
जेसिं तं उवकप्पंति, अन्नपाणं तहाविहं ।
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
तेसिं लाभंतरायंति, तम्हा णत्थित्ति णो वए ॥१९॥

શબ્દાર્થ : (૧) જેના માટે દાન દેવા (૨) અન્ન (૩) પાન (૪) બનાવાય છે (૫) તથા પ્રકારના (૬) તેઓને (૭) અંતરાય રૂપ ન થાય (૮) તેથી આવા દાનના કાર્યોમાં (૯) પુણ્ય નથી (૧૦) તેમ સાધુ (૧૧) બોલે (૧૨) નહિ.

ભાવાર્થ:– જે જીવોને દાન આપવા માટે તથા પ્રકારના અન્ન જલ તૈયાર થતાં હોય તે તે જીવોને અન્ન પાણીના લાભનો અંતરાય ન થાય, એ કારણે આવા દાનમાં પુણ્ય નથી તેમ સાધુ હોય તે બોલે નહિ, પરંતુ મૌન રહે, કારણ કે અન્ન તથા પાણી દેવાના કાર્યોમાં છકાય જીવનો આરંભ થાય છે, જેથી સાધુએ પુણ્ય નથી તેમ પાપ નથી તેમ બોલવું નહિ, કારણ કે અન્ન જલના ઇચ્છુક જીવોના લાભમાં અંતરાય થતાં તે આહારાદિકની ઇચ્છાવાળા જીવો અન્ન જલના અભાવમાં ક્ષુધા તૃષાથી પીડિત થાય તેથી સાધુએ આવા પ્રસંગે મૌન રહેવું. તેવો સાધુ આચાર છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
जे य दाणं पसंसंति, वहमिच्छंति पाणिणं ।
૭ ૮ ૯ ૧૦
जे य णं पडिसेहंति, वित्तिच्छेयं करंति ते ॥२०॥

શબ્દાર્થ : (૧) જે અન્ન પાન આદિ (૨) દાનની (૩) પ્રશંસા કરે છે (૪) વધને (૫) ઇચ્છે છે અને જે કોઇ દાનનો (૬) તેઓ પ્રાણીઓના (૭) નિષેધ કરે છે તે (૮) જીવોની આજીવિકા વૃત્તિનો (૯) નિષેધ (૧૦) કરે છે.

ભાવાર્થ:– જે કોઇ અન્નદાન તથા પાણીદાન આદિની પ્રશંસા કરે છે તે છકાય જીવોના વધને–ઘાતને ઇચ્છે છે અને જે અન્ન તથા જલ દાનનો નિષેધ કરે છે તે જે પ્રાણીઓ આહાર પાણીના ઇચ્છુક છે તેની આજીવિકા વૃત્તિનો છેદ કરે છે (પ્રાણીઓની હિંસા વિના અન્નદાન કે જલદાન બની શકતા નથી) તથી જેઓ દાનનો નિષેધ કરે છે, તેઓ આગમના રહસ્યને જાણતા નથી, ગીતાર્થ નથી આવા પ્રસંગે મુનિએ મૌન રહેવું.

દુહઓવિ તે ણ ભાસંતિ, અત્થિ વા નત્થિ વા પુણો ।
આયં રયસ્સ હેચ્ચા ણં, નિવ્વાણં પાઉણંતિ તે ॥૨૧॥

શબ્દાર્થ : (૧) તે બન્ને અભિપ્રાય (૨) જણાવે નહિ પરંતુ આવા પ્રકારની ભાષાથી (૩) સાધુ ઉપરોકત દાનોમાં પુણ્ય છે અગર (૪) પુણ્ય નથી (૫) કર્મ રજ (૬) બંધાય છે જાણી કર્મબંધ રૂપી આશ્રવનો (૭) ત્યાગ કરી (૮) મોક્ષને (૯) પ્રાપ્ત કરે.

ભાવાર્થ:– અન્નદાનશાળા તથા પાણીદાનશાળા આદિ દાનોમાં પુણ્ય થાય છે કે પુણ્ય નથી એ બન્ને હકીકત સાધુ કહે નહિ, કોઇ એ બાબત પૂછે તો સાધુ મૌન રહે અને કર્મરૂપી આશ્રવોના આવાગમનને રોકી મોક્ષનાં સુખોને પ્રાપ્ત કરે, બન્ને બાબતોમાં હા અગર ના કહેવાથી કર્મબંધ થાય છે એમ જાણી સાધુ મૌન ધારણ કરે.

નિવ્વાણં પરમં બુદ્ધા, णक्खत्ताण व चंदिमा ।
तम्हा सया जए दंते निव्वाणं संधए मुणी ॥૨૨॥

શબ્દાર્થ : (૧) જેમ નક્ષત્રોમાં (૨) ચંદ્રમા પ્રધાન છે એવી રીતે (૩) નિર્વાણને સર્વથી ઉત્તમ (૪) માનવાવાળા (૫) પુરુષ સર્વથી શ્રેષ્ઠ છે તેથી (૬) સદા (૭) પ્રયત્નશીલ તથા (૮) જીતેન્દ્રિય બની (૯) મોક્ષ (૧૦) સાધન કરે (૧૧) મુનિ.

ભાવાર્થ:- જેમ ચંદ્રમા સર્વ નક્ષત્રોમા પ્રધાન છે, એવી રીતે નિર્વાણ-મોક્ષને સર્વથી ઉત્તમ માનવાવાળા પુરુષ સર્વથી શ્રેષ્ઠ છે, એમ માની મુનિ, સદા પ્રયત્નશીલ તથા જીતેન્દ્રિય બની મનને વશ કરી મોક્ષ પ્રાપ્તિના માટે સંયમ અનુષ્ઠાન આદિ કરે, સર્વ ધર્મોમાં નિર્વાણ ધર્મ પ્રધાન જાણી, સાધકે જાગૃત રહી આત્મહિત સાધન કરી લેવું.

૨ ૧ ૪ ૩
वुज्झमाणाण पाणाणं, किच्चंताण सकम्मुणा ।
૫ ૬ ૭ ૮ ૧૦ ૧
आघाति साहु तं दीवं, पतिट्ठेसा पहुच्चई ॥२३॥

શબ્દાર્થ : (૧) પ્રાણીઓના માટે (૨) મિથ્યાત્વ કષાય આદિ સંસાર રૂપ પ્રવાહમાં તણાઇ રહેલા (૩) સ્વયં કર્મના ઉદયે (૪) પીડા પામતા (૫) બતાવે છે (૬) ઉત્તમ (૭) તીર્થંકર આદિ (૮) આ મોક્ષમાર્ગ રૂપ દ્વીપ (૯) તેમ વિદ્વાનો કહે છે (૧૦) એ જ મોક્ષનું સાધન છે.

ભાવાર્થ:- મિથ્યાત્વ, કષાય, વિષય, પ્રમાદ, અવ્રત આદિ સંસારરૂપ પ્રવાહમાં તણાતા સંસાર તરફ ધસતા અને સ્વકર્મના ઉદયથી પીડા પામતા થકા સંસાર સમુદ્રમાં ડૂબતા જીવોને વિશ્રામ-રૂપ સમ્યગ્ દર્શન આદિનો દ્વીપ સમાન ઉપદેશ શ્રી તીર્થંકર તથા ગણધરોએ કરૂણાભાવથી દુઃખથી મુક્ત થવાને સુખની પ્રાપ્તિ માટે આપેલ છે, તેમ જ વિદ્વાન પુરુષો કહે છે કે સમ્યગ્દર્શન આદિ દ્વારા જીવોને સંસાર પરિભ્રમણમાંથી વિશ્રામ પ્રાપ્તિરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આયગુત્તે સયા દંતે, છિન્નસોए અणासवे ।
जे धम्मं सुद्धमक्खाति, पडिपुन्नमणेलिसं ॥२४॥

શબ્દાર્થ : (૧) પાપકાર્યથી આત્માને અલગ રાખનાર (૨) સદા (૩) જીતેન્દ્રિય સંસાર (૪) પ્રવાહનો છેદ કરનાર (૫) આશ્રવ રહિત પુરુષ (૬) પરિપૂર્ણ (૭) ઉપમા રહિત (૮) ધર્મનો (૯) શુદ્ધ (૧૦) ઉપદેશ કરે છે.

ભાવાર્થ:- જેનો આત્મા મન વચન કાયાથી ગુપ્ત એટલે પાપથી રહિત, ઇન્દ્રિયો તથા મનને જીતનાર જીતેન્દ્રિય, મિથ્યાત્વ આદિ સંસાર પ્રવાહનો છેદ કરેલ છે અને એવા આશ્રવ રહિત પુરુષ તથા સમસ્ત દોષોથી રહિત પરિપૂર્ણ અને ઉપમા રહિત એવા શુદ્ધ ધર્મનો ઉપદેશ આપે છે, તે ધર્મ સર્વ પાપની વિરતિરૂપ તથા અનુપમ અને મોક્ષની પ્રાપ્તિના કારણરૂપ અદ્વિતીય છે.

तमेव अविजाणंता, अबुद्धा बुद्धमाणिणो ।
बुद्धा मोत्ति य मन्नंता, अंत एते समाहिए ॥२५॥

શબ્દાર્થ : (૧) પૂર્વોક્ત પ્રતિપૂર્ણ (૨) ધર્મને નહિ જાણનાર (૩) અજ્ઞાની હોવા છતા પોતાને (૪) જ્ઞાની માનનાર (૫) જ્ઞાની છું એમ (૬) હું (૭) માનવાવાળા (૮) એ પુરુષ (૯) સમાધિથી દૂર છે.

ભાવાર્થ:- પૂર્વોક્ત શુદ્ધ અને પરિપૂર્ણ ધર્મને નહિ જાણનારા અજ્ઞાની હોવા છતા અવિવેકી હોવા છતા પોતાને જ્ઞાની, વિવેકી માનનાર પરતીર્થીઓ અન્યદર્શનીઓ સમાધિથી દૂર છે.

ते य बीओदगं चेव, तमुद्दिस्सा य जं कडं ।
भोच्चा झाणं झियायंति, अखेयन्नाऽसमाहिया ॥२६॥

શબ્દાર્થ : (૧) અન્ય તીર્થીઓ (૨) બીજ તથા (૩) સચેત્ત જલને તથા (૪) તેઓને માટે બનાવેલ (૫) આહાર (૬) ભોગવતા થકા (૭) આર્ત-ધ્યાન યુક્ત (૮) ધર્મનાજ્ઞાનથી (૯) રહિત (૧૦) સમાધિ રહિત છે.

ભાવાર્થ:– અન્યતીર્થીઓ, જીવ, અજીવ આદિ તત્ત્વોને નહિ જાણતા હોવાથી બીજ તથા સચેત્તજલ તથા તેમને માટે જ બનાવેલ આહારનો ઉપભોગ કરતા થકાં સુખ, ઋદ્ધિ, તથા માન બડાઈમાં આસક્ત તથા ધન, ધાન્ય, દાસ, દાસી આદિ ઇહલોકના સુખના અર્થે પરિગ્રહ રાખનારા, મકાન આદિનો પરિગ્રહ રાખનારા, તથા ગામ ક્ષેત્ર વગેરે પરિગ્રહને મમત્વભાવથી રાખનારા, આર્ત-ધ્યાનથી યુક્ત રહે છે, તેઓને શુભ ધ્યાન હોય જ કયાંથી ? પરિગ્રહ એ તો મોહનું ઘર છે, ધૈર્યતાનો હ્રાસ કરનાર, શાંતિનો નાશ કરનાર, ચિત્તને ચંચળ બનાવનાર, મદનું ઘર, પાપનું નિવાસ-સ્થાન, દુઃખની ઉત્પત્તિનું કારણ, સુખનો નાશ કરનાર, ધ્યાનનો રિપુ, કલેશ વધારનાર, પચન પાચન આદિ સાવદ્ય અનુષ્ઠાનની વૃદ્ધિ કરાવનાર, વિવેકથી ભ્રષ્ટ કરાવનાર, દુર્ગુણોની વૃદ્ધિ કરાવનાર એવા પરિગ્રહના મમત્વવાળા જીવો ભાવ સમાધિથી ઘણા દૂર છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
जहा ढंका य कंका य, कुलला मग्गुका मिही ।
૭ ૮ ૯
मच्छेसणं झियायंति, झाणं ते कलुसाधमं ॥२७॥
૧૦ ૧૨ ૧૧ ૧૩ ૧૪
एवं तु समणा एगे, मिच्छदिट्ठी अणारिया ।
૧૫ ૧૬ ૧૭ ૧૮
विसएसणं झियायंति, कंका वा कलुसाहमा ॥२८॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) ઢંક (૩) કંક (૪) કુરર (૫) જલમુર્ગી આદિ (૬) જલચર તથા પક્ષીઓ (૭) માછલીઓ પકડવા (૮) એક ધ્યાન રહે છે (૯) બુરા વિચારમાં જ રત્ત (૧૦) એવી રીતે (૧૧) કોઇ કોઇ (૧૨) શ્રમણો

(૧૩) મિથ્યાત્વીઓ (૧૪) અનાર્યો (૧૫) વિષય પ્રાપ્તિના (૧૬) ધ્યાન કરે છે (૧૭) તે ઉપરોકત પક્ષીની માફક તેના ધ્યાન (૧૮) પાપી અધમ છે.

ભાવાર્થ:- જેમ ઢંક, કંક કુરર, જલમુર્ગ તથા શીખી નામનું પક્ષી જલમાં રહેતા થકા સદાય માછલાને પકડવાના અશુભ વિચારોમાં રકત રહે છે, એવી જ રીતે મિથ્યાદષ્ટિ અનાર્ય શ્રમણો સદા વિષય પ્રાપ્તિના ધ્યાનમાં રકત રહે છે, તે તેમનું ધ્યાન તથા વિચાર અધમ અને પાપરૂપ છે, પૂર્વોકત અન્ય દર્શનીઓ સ્વાદ, સુખમાં આસકત રહેલા તથા અહંકારમાં આસકત બનેલાં આર્ત-ધ્યાનમાં રત રહે છે, તેઓ સર્વે, ભાવસમાધિથી દૂર જાણવા, તેમનું આચરણ પાપમય અધમ હોવાથી સંસાર પરિભ્રમણ રૂપ દુઃખનું વધારનાર જાણવું.

૪ ૫ ૬ ૧ ૨ ૩
सुद्धं मग्गं विराहित्ता, इहमेगे उ दुम्मती ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
उम्मग्गगता दुक्खं, घायमेसंति तं तहा ॥२९॥

શબ્દાર્થ : (૧) આ જગતમાં (૨) કેટલાએક (૩) દુર્બુદ્ધિ પુરુષ (૪) શુદ્ધ (૫) માર્ગને છોડીને (૬) વિરાધનાકરી (૭) ઉન્માર્ગમાં (૮) પ્રવૃત્ત રહે છે (૯) દુઃખ તથા (૧૦) નાશની (૧૧) પ્રાર્થના કરે છે (૧૨) એ બધા.

ભાવાર્થ:- આ જગતમાં કેટલાએક કુબુદ્ધિ મનુષ્યો શુદ્ધ માર્ગની વિરાધના કરીને ઉન્માર્ગમાં પ્રવૃત્ત રહી, શાકયાદિ દુઃખ તથા નાશને પ્રાપ્ત થાય છે, જે દોષ રહિત સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગ શાશ્વતા સુખને પમાડનાર દુઃખનો નાશ કરનાર એવા શુદ્ધ સત્યમાર્ગની, શાકયાદિ કુમાર્ગની પરૂપણા કરીને વિરાધના કરી, અશુભ કર્મોનો સંચય કરી જન્મ મરણરૂપ દુઃખોની પ્રાર્થના કરે છે.

૧ ૩ ૪ ૨ ૫
जहा आसाविणिं नावं, जाइअंधो दुरूहिया ।
૬ ૭ ૮ ૯
इच्छई पारमागंतुं, अंतरा य विसोयति ॥३०॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) જન્માંધ પુરુષ (૩) છિદ્રવાળી (૪) નાવપર (૫) બેસી (૬) ઇચ્છનાર (૭) નદી સમુદ્રને પાર કરવા (૮) વચમાં જ (૯) ડૂબી જાય છે.

ભાવાર્થ:– જેમ કોઇ જન્માન્ધ પુરુષ છિદ્રવાળી નાવ પર બેસી નદીને પાર કરવા ઇચ્છે છે, પરંતુ તે મધ્યમાં જ ડૂબી જાય છે, એવી રીતે અન્યતીર્થી શાકયાદિ લોકો સત્ય ધર્મ જે અહિંસા અને અપરિગ્રહરૂપ છે, તેના સ્વરૂપને નહિ સમજનાર, અને આરંભ પરિગ્રહથી ધર્મ મનાવનારા સંસાર સમુદ્રને પાર પામી શકતા નથી; પરંતુ સંસાર સમુદ્રરૂપ જન્મ મરણના ચક્રાવામાં ફસાઇ રહે છે.

૧ ૪ ૨ ૩ ૫
एवं तु समणा एगे, मिच्छदिट्ठी अणारिया ।
૭ ૬ ૮ ૧૦ ૯
सोयं कसिणमावन्ना, आगंतारो महब्भयं ॥३१॥

શબ્દાર્થ : (૧) આવી રીતે ઉપરોકત કહેવા મુજબ (૨) કેટલાએક (૩) મિથ્યાદૃષ્ટિ (૪) શ્રમણ (૫) કોઇ અનાર્ય (૬) પૂર્ણરૂપે (૭) આશ્રવ (૮) સેવન કરી (૯) મહાભયને (૧૦) પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:– ઉપરોક્ત કહેવા મુજબ કેટલાએક મિથ્યાદૃષ્ટિ અનાર્યો શ્રમણો સંપૂર્ણ આશ્રવનું સેવન કરીને સંસારમાં વારંવાર પરિભ્રમણ કરતા થકાં જન્મ મરણરૂપ નરકાદિ દુઃખોને પ્રાપ્ત કરે છે અને સંસાર સમુદ્રમાં (જેમ જન્માંધ પુરુષ છિદ્રવાળી નાવમાં બેઠા થકા મધ્યમાં જ ડૂબે છે) ડૂબતા થકાં મહાન ભયને પ્રાપ્ત કરે છે.

૩ ૪ ૧ ૨
इमं च धम्ममादाय, कासवेण पवेदितं ।
૭ ૬ ૫ ૮ ૯
तरे सोयं महाघोरं, अत्तत्ताए परिव्वए ॥३२॥

શબ્દાર્થ : (૧) કાશ્યપ ગોત્રી ભગવાન્ શ્રી મહાવીરે (૨) બતાવેલ (૩) ધર્મને (૪) પ્રાપ્ત કરી (૫) મહાઘોર (૬) સંસાર સાગરને સાધુ સંયમ ભાવથી (૭) પાર કરે (૮) એમ જાણી સાધુ આત્માના રક્ષણને માટે (૯) સંયમનું પાલન કરે.

ભાવાર્થ:- કાશ્યપગોત્રી ભગવાન્ મહાવીરસ્વામીએ બતાવેલ ધર્મને ગ્રહણ કરીને બુદ્ધિમાન પુરુષ મહાન ઘોર સંસાર સાગરના પારને પામે, તથા આત્મકલ્યાણ માટે આત્માના રક્ષણ માટે ઉપયોગવંત રહી સંયમનું પાલન કરે, શ્રુત અને ચારિત્રરૂપ અહિંસામય તથા અપરિગ્રહરૂપ ધર્મના પાલનથી જ આ જન્મ મરણરૂપ તથા એક-ગતિમાંથી બીજી ગતિમાં જવારૂપ સંસાર પરિભ્રમણનો નાશ કરી શાશ્વતાં મોક્ષના સુખો પ્રાપ્ત કરી શકાય છે એમ સમજી સંયમ પાલન કરવું એ જ શ્રેયસ્કર છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
विरए गामधम्मेहिं, जे केई जगई जगा ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
तेसिं अत्तुवमायाए, थामं कुव्वं परिव्वए ॥३३॥

શબ્દાર્થ : (૧) નિવૃત્ત થઈ (૨) સાધુ શબ્દાદિ વિષયોથી (૩) જે (૪) કોઈ (૫) જગતમાં (૬) પ્રાણી છે (૭) તેઓને (૮) પોતાના આત્મ સમાન સમજતા થકા (૯) બળ સહિત (૧૦) સંયમનું પાલન કરતા (૧૧) વિચરે.

ભાવાર્થ:- સાધુ શબ્દાદિ વિષયોમાં રાગદ્વેષને છોડી તેનાથી નિવૃત્ત થઈ જગતમાં રહેલા સર્વ નાના મોટા જીવોને સુખ પ્રિય છે દુઃખ અપ્રિય છે. એમ જાણી સર્વ જીવોને પોતાના આત્મા સમાન

માની તેઓને પીડા ન આપે અને સર્વ જીવોની રક્ષાને માટે તથા પોતાના આત્માના કલ્યાણને માટે ઉત્સાહથી બળથી સંયમનું પાલન કરતા થકા વિચરે.

१ २ ३ ४
अइमाणं च मायं च, तं परिन्नाय पंडिए ।
६ ७ ८ ९
सव्वमेयं णिराकिच्चा, णिव्वाणं संधए मुणी ॥३४॥

શબ્દાર્થ : (૧) માનને (૨) માયા તથા (૩) જાણી (૪) પંડિત (૫) તેનો (૬) ત્યાગ કરે (૭) નિર્વાણ પ્રાપ્તિની (૮) ખોજમાં રહે (૯) મુનિ.

ભાવાર્થ:– વિદ્વાન સાધુ અતિ માન, માયા, ક્રોધ, લોભનો સ્વરૂપને જાણી સંયમપાલનમાં વિઘ્ન સમાન જાણી, ચારિત્રનો નાશ કરનાર જાણીને, જે સર્વ કષાયોનો ત્યાગ કરે, કષાય સંસાર વૃદ્ધિનું કારણ છે તેને [illegible] સાધનરૂપ અનુષ્ઠાનોમાં ગવેષક રહી સંયમનું પાલન કરે.

३ १ २ ४ ५
संधए साहुधम्मं च, पावधम्मं णिराकरे ।
६ ७ ८ ९
उवहाणवीरिए भिक्खू, कोहं माणं ण पत्थए ॥३५॥

શબ્દાર્થ : (૧) સાધુ (૨) ક્ષમા આદિ (૩) ધર્મની વૃદ્ધિ કરે (૪) પાપરૂપ કાર્યનો (૫) ત્યાગ કરે (૬) સાધુ તપ કરવામાં (૭) પોતાનું પરાક્રમ પ્રગટ કરે (૮) સાધુ ક્રોધમાન આદિની (૯) પ્રાર્થના ન કરે.

ભાવાર્થ:– સાધુ પુરુષ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ દશ પ્રકારના ક્ષમા સહિતના ધર્મની વૃદ્ધિ કરતા થકા, પાપરૂપ અનુષ્ઠાનોનો ત્યાગ કરી તપ કરવામાં પોતાનું બળ વીર્ય પરાક્રમ પ્રગટ કરતા થકાં, મૂળગુણ ઉત્તર ગુણની વૃદ્ધિ કરતાં થકાં, જીવાદિ

પદાર્થોનો સ્વીકાર કરી જાણી, પ્રતિદિન નવા નવા અભિગ્રહો ધારણ કરતાં થકાં, ચારિત્રની વૃદ્ધિ કરી મોક્ષમાર્ગમાં કોઇ શંકા નહિ રાખતા, સર્વ પાપોનો ત્યાગ કરી, કષાયોનો ત્યાગ કરીને, ઉપયોગવંત રહી સંયમનું પાલન મોક્ષ પ્રાપ્તિ માટે કરે.

(૧) (૨) (૩) (૪)
जे य बुद्धा अतिक्कंता, जे य बुद्धा अणागया ।
(૭) (૬) (૯) (૧૦) (૮)
संति तेसिं पइट्ठाणं, भूयाणं जगती जहा ॥३६॥

શબ્દાર્થ : (૧) જે (૨) તીર્થંકરો (૩) ભૂતકાળમાં થઇ ગયા (૪) ભવિષ્ય કાળમાં થશે (૫) આધાર (૬) એ બધાનો (૭) શાંતિ છે (૮) જેમ (૯) જીવોને (૧૦) પૃથ્વી આધાર રૂપ છે.

ભાવાર્થ:– જે તીર્થંકરો ભૂતકાળમાં થઇ ગયા અને ભવિષ્યકાળમાં થશે અને વર્તમાને મહાવિદેહ ક્ષેત્રે બીરાજમાન છે તે સૌનો આધાર શાન્તિ છે. કષાયના ક્ષયથી ઉત્પન્ન થતી સમાધિ શ્રુત ચારિત્રરૂપ દશ પ્રકારના યતિ ધર્મના સંયમપાલનથી ઉત્પન્ન થતી આત્માની સમાધિરૂપ મોક્ષ સિદ્ધગતિની પ્રાપ્તિ અને જન્મ મરણરૂપ સંસાર પરિભ્રમણરૂપ દુઃખના ક્ષયથી પ્રાપ્ત થતી સમાધિ જ આધાર છે, જેમ જીવોને પૃથ્વીનો આધાર છે, તેમ ચારિત્રરૂપ યતિધર્મ સંયમપાલન એ જ જીવોને સમાધિરૂપ સ્થાન પ્રાપ્ત કરાવનાર છે.

(૧) (૨) (૪) (૩) (૫)
अह णं वयमावन्नं, फासा उच्चावया फुसे ।
(૬) (૭) (૮) (૯)
ण तेसु विणिहण्णेज्जा, वाएण व महागिरी ॥३७॥

શબ્દાર્થ : (૧) પશ્ચાત્ (૨) વ્રત ગ્રહણ કરેલ સાધુને (૩) અનુકૂળ પ્રતિકૂળ (૪) પરીષહ ઉપસર્ગના (૫) સ્પર્શ થાય તો (૬) સાધુ તેનાથી (૭) હણે નહિ (૮) જેમ વાયુથી (૯) મહાન્ પર્વતો હણતા નથી.

ભાવાર્થ:- પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પશ્ચાત કોઈ અનુકૂળ અથવા પ્રતિકૂળ પરીષહો ઉપસર્ગો પ્રાપ્ત થાય તો પણ મુનિ તેનાથી ચલાયમાન ન થાય સમભાવથી તે તે પરીષહોને સહન કરે, જેમ વાયુથી મેરુ પર્વત ચલાયમાન થતો નથી. એ રીતે દૃઢતા ધારણ કરી ધૈર્યવાન બની સંયમમાં સ્થિર બની સંયમનું પાલન કરે.

१ २ ३ ४ ५
संवुडे से महापन्ने, धीरे दत्तेसणं चरे ।
६ ७ ८ ९ १०
निव्वुडे कालमाकंखा, एवं (यं) केवलिणो मयं ॥
त्ति-बेमि ॥३८॥

શબ્દાર્થ : (૧) આશ્રવોનો નિરોધ કરનાર (૨) મહા બુદ્ધિમાન (૩) ધીર સાધુ (૪) ગૃહસ્થોએ દીધેલ નિર્દોષ આહારને (૫) ગ્રહણ કરે (૬) શાંતિ ચિત્તથી (૭) પંડિત મરણને ઇચ્છે (૮) એવો (૯) કેવળી ભગવંતોનો (૧૦) અભિપ્રાય છે.

ભાવાર્થ:- આશ્રવદ્વારોનો નિરોધ કરેલ મહાપ્રજ્ઞાવાન અને ધૈર્યવંત સાધુ ગૃહસ્થોએ દીધેલ આહારને ગ્રહણ કરનાર, શાંતભાવમાં સમાધિભાવમાં રાગદ્વેષ રહિત બનેલ સાધુ, પંડિતમરણને ઇચ્છતા થકા સંયમ પાલન કરે, એવો શ્રી કેવળી ભગવંતનો મત છે, ઉપદેશ છે, અભિપ્રાય છે.

અધ્યયન અગિયારમું સમાપ્ત.

સૂત્ર કૃતાંગ સૂત્ર

અધ્યયન ૧૨ મું.

સમવસરણનામ

૧ ૨ ૩ ૪ ૫ ૬
चत्तारि समोसरणाणिमाणि, पावादुया जाइं पुढो वयंति ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
किरियं अकिरियं विणियंति तइयं, अन्नाणमाहंसु चउत्थमेव ॥
॥१॥

શબ્દાર્થ : (૧) ચાર સિદ્ધાંત (૨) સમવસરણ (૩) પરતીર્થિક (૪) જેનો (૫) પૃથક્ પૃથક્ (૬) બોલે છે (૭) ક્રિયાવાદી (૮) અક્રિયાવાદી (૯) વિનયવાદી (૧૦) અજ્ઞાનવાદી (૧૧) કહેલ છે (૧૨) ચોથા.

ભાવાર્થ:- અન્ય દર્શનીઓ જે એકાંતરૂપથી માની રહેલા છે તે સિદ્ધાંત એ છે કે ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ, ચોથા અજ્ઞાનવાદ આ ચારે અલગ અલગ સિદ્ધાંતની માન્યતાવાળા છે. જે ક્રિયા અર્થાત પદાર્થને માન્ય રાખે છે તે ક્રિયાવાદી, ક્રિયા તથા પદાર્થને નહિ માનવાવાળા તે અક્રિયાવાદી, વિનયથી જ આત્મહિત માનવાવાળા તે વિનયવાદી, અજ્ઞાનથી જ આત્મહિત માનવાવાળા તે અજ્ઞાનવાદી. શાસ્ત્રકાર આ ચારે મતવાદીઓનું શું મંતવ્ય છે તે બતાવે છે કે એ ચારે મતો એકાંતવાદી હોઇ મિથ્યાત્વરૂપ અને મિથ્યા ભાષણ યુક્ત વ્યવહારવાળા હોઈ તેનું દર્શન આદરવા યોગ્ય નથી, તે હવે પછી જણાવે છે.

૧ ૨ ૩ ૫ ૪
अण्णाणिया ता कुसलावि संता, असंथुया णो वितिगिच्छतिन्ना ।
૬ ૮ ૭ ૯ ૧૦ ૧૧
अकोविया आहु अकोवियेहिं, अणाणुवीइत्तु मुसं वयंति ॥२॥

શબ્દાર્થ : (૧) અજ્ઞાનવાદીઓ (૨) પોતાને કુશળ (૩) માને છે છતા (૪) સંશયથી રહિત નથી (૫) તેઓ મિથ્યાવાદી છે (૬) સ્વયં અજ્ઞાની છે (૭) અજ્ઞાની શિષ્યોને (૮) ઉપદેશ આપે છે (૯) તેઓ વિચાર કર્યા વિના (૧૦) મિથ્યા (૧૧) ભાષણ કરે છે.

ભાવાર્થ:- અજ્ઞાનવાદી પોતાને નિપુણ માને છે, પરંતુ સંશયથી રહિત નથી, અજ્ઞાનને જ કલ્યાણનું સાધન માને છે, તેથી અસત્યભાષી છે, સ્વયં અજ્ઞાની છે અને અજ્ઞાની શિષ્યોને પણ મિથ્યા ઉપદેશ આપે છે, વસ્તુ તત્ત્વનો વિચાર નહિ હોવાથી મિથ્યા ભાષણ કરે છે, વળી કહે છે જે જગતમાં સંપૂણ જ્ઞાની-સર્વજ્ઞ છે જ નહિ, અજ્ઞાનીઓ તર્ક કરી જગતના લોકોને અવળું સવળું સમજાવી ભોળા જનોને મિથ્યાત્વમાં ઘસડી જાય છે. આ રીતે સ્વયં તથા તેના અનુસરનારાને સંસાર સમુદ્રમાં ડૂબાડે છે એમ જાણી તેના સંગથી દૂર રહેવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬
सच्चं असच्चं इति चिंतयंता, असाहु साहुत्ति उदाहरंता ।
૧૨ ૭ ૮ ૯ ૧૧ ૧૦
जेमे जणा वेणइया अणेगे, पुट्ठावि भावं विणइंसु णाम ॥३॥

શબ્દાર્થ : (૧) સત્યને (૨) અસત્ય (૩) માનનારા (૪) અસાધુને (૫) સાધુ (૬) માનનારા (૭) એ વિનયવાદી (૮) અનેક છે (૯) પૂછ્યા થકા (૧૦) વિનયથી (૧૧) મોક્ષને બતાવે છે (૧૨) મનુષ્ય.

ભાવાર્થ:- વિનયવાદીઓ સત્યને અસત્ય તથા અસાધુને સાધુ બતાવે છે તથા કોઇ પૂછે તેને વિનયથી જ મોક્ષની પ્રાપ્તિ બતાવે છે, સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર જે સત્ય મોક્ષનો માર્ગ છે તેને અસત્ય કહે છે અને વિનયથી જ મોક્ષ બતાવે છે, ખાલી વંદન માત્ર ક્રિયાથી જ સાધુપણું માને છે, ધર્મની યથાર્થ પરીક્ષા કરી શકતા નથી, તેના બત્રીસ ભેદ છે સર્વકાર્યની સિદ્ધિ માટે

વિનયની જ શિક્ષા આપે છે, સર્વ કલ્યાણનું ભાજન વિનય છે. આ રીતે એકાંત મતવાળાં વિનયવાદીઓ મિથ્યાદૃષ્ટિ છે.

અણોવસંખા ઇતિ તે ઉદાહૂ, અટ્ઠે સ ઓભાસઇ અમ્હ એવં ।
લવાવસંકી ય અણાગએહિં, ણો કિરિયમાહંસુ અકિરિયવાદી ॥
॥૪॥

શબ્દાર્થ : (૧) વિનયવાદી (૨) વસ્તુ તત્ત્વને નહિ સમજનાર (૩) એમ (૪) કહે છે (૫) અમારા પ્રયોજનની (૬) સિદ્ધિ (૭) અમો (૮) દેખીએ છીએ (૯) વિનયથી જ (૧૦) કર્મ બંધનની શંકા કરવાવાળા (૧૧) ભવિષ્યકાળ દ્વારા વર્તમાનની અસિદ્ધિ માની (૧૨) નિષેધ (૧૩) ક્રિયાનો (૧૪) કરે છે (૧૫) અક્રિયાવાદી ભૂત તથા.

ભાવાર્થ:- વિનયવાદીઓ વસ્તુ તત્ત્વના સ્વરૂપને નહિ જાણનારા પોતાના પ્રયોજનની સિદ્ધિ અમો વિનયથી જ દેખીએ છીએ અમોને છે. અહીં સુધી વિનયવાદીની માન્યતા જણાવી હવે ગા. ૪ના બીજા પદથી અક્રિયાવાદીના મંતવ્યને બતાવે છે. વિનયવાદીઓની માફક કર્મ બંધનની આશંકાવાળા અક્રિયાવાદી ભૂત તથા ભવિષ્યકાળને જ માનવાવાળા વર્તમાનકાળનો નિષેધ કરી ક્રિયાનો નિષેધ કરે છે. લોકાયતિક તથા શાકય આદિ મતમાં આત્માના અસ્તિત્વને જ માનતા નથી તો પછી તેના મતે ક્રિયા કયાંથી હોઇ શકે ? અને ક્રિયાનો નિષેધ ત્યાં કર્મબંધ કયાંથી હોય ? તેઓના મતમાં કર્મબંધને માનતા જ નથી, ખાલી આરોપ માત્ર બંધ માને છે, જેમ મુઠ્ઠી બાંધીને ખોલી નાખી વળી બૌદ્ધલોકો તો સર્વ પદાર્થોને ક્ષણિક માને છે વિશેષ ખુલાશો. મ. શ્રી જવાહરલાલજી કૃત સૂત્ર પાના ૧૦૦-૧૦૧માં જોઇ લેવો.

૧ ૨ ૭
सम्मिस्सभावं च गिरा गहीए, से मुम्मुई होइ अणाणुवाई ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
इमं दुपक्खं इममेगपक्खं, आहंसु छलायतणं च कम्मं ॥५॥

શબ્દાર્થ : (૧) મિશ્રભાવ (૨) વચનથી (૩) ગ્રહણ કરી (૪) પરવાદીઓ (૫) મૌન (૬) બની જાય છે (૭) અજ્ઞાનવાદી (૮) એમ (૯) બે પક્ષ (૧૦) એમ (૧૧) એક પક્ષ (૧૨) કહે છે (૧૩) વાકય છલનો (૧૪) પ્રયોગ કરે છે.

ભાવાર્થ:– પૂર્વોક્ત નાસ્તિકગણ પદાર્થોનો નિષેધ કરી પશ્ચાત્ પદાર્થોના અસ્તિત્વનો સ્વીકાર કરે છે, સ્યાદ્વાદીઓના વચનોનો અનુવાદ કરવામાં અસમર્થ બનતાં મૌન ધારણ કરે છે. પોતાના મતને પ્રતિપક્ષ રહિત અને પરમતને પ્રતિપક્ષ સહિત બતાવે છે, સ્યાદ્વાદીઓનાં સાધનોનો આચારનો પ્રરુપણાનો વિરોધ બતાવવા ખંડન કરવા વાકય છલનો પ્રયોગ કરે છે. પદાર્થનું અસ્તિ માન્યા વિના પરવાદીઓના સિદ્ધાંતની સિદ્ધિ ન થવાના કારણે પદાર્થ સિદ્ધ થઇ જાય છે. જેથી ફક્ત વચનથી પદાર્થોનો નિષેધ કરતા થકા નાસ્તિકગણ બંનેથી મિશ્રિત પરસ્પર વિરૂદ્ધ પક્ષનો સ્વીકાર કરે છે અને પોતાના મતનું દુરાગ્રહ વડે સ્થાપન કરે છે. આવા અજ્ઞાન મતો જગતમાં રહેલા છે તેનાથી પર રહેવા જ્ઞાનીઓએ આ દિગ્દર્શન કહેલ છે. વિશેષ વર્ણન મ. જવાહરલાલજીવાળા સૂત્ર પાના ૧૦૩–૪–૫–૬માં છે.

૩ ૧ ૨ ૪
ते एवमक्खंति अबुज्झमाणा, विरूवरूवाणि अकिरियवाई ।
૫ ૬ ૭ ૧૦ ૯ ૮
जे मायइत्ता बहवे मणूसा, भमंति संसारमणोवदग्गं ॥६॥

શબ્દાર્થ : (૧) વસ્તુના સ્વરૂપને નહિ સમજનાર (૨) નાના પ્રકારના (૩) શાસ્ત્રોનાં કથન કરે છે એ શાસ્ત્રોનો (૪) અક્રિયાવાદી (૫) આશ્રય લઇ (૬) બહુ (૭) મનુષ્યો (૮) અનંતકાળ સુધી (૯) સંસાર (૧૦) ભ્રમણ કરે છે.

ભાવાર્થ:- બુદ્ધિથી હીન વસ્તુ સ્વરૂપને નહિ જાણનારા અક્રિયાવાદી ઘણા પ્રકારનાં કુશાસ્ત્રોની પ્રરૂપણા કરે છે અને એ શાસ્ત્રોના કથનને ગ્રહણ કરી ઘણાં મનુષ્યો અનંતકાળ સુધી સંસાર સાગરમાં જન્મ મરણરૂપ પરિભ્રમણ કરતા રહે છે અને દુઃખો ભોગવે છે.

णाइच्चो उएइ ण अत्थमेति, ण चंदिमा वड्ढति हायती वा।
सलिला ण संदंति ण वंति वाया, वंझो णियतो कसिणे हु लोए ॥७॥

શબ્દાર્થ : (૧) સૂર્ય (૨) ઉગતો નથી (૩) અસ્ત (૪) થતો નથી (૫) ચંદ્રમાં (૬) વધતો નથી (૭) ઘટતો નથી (૮) નદીના પાણી (૯) વહેતાં નથી (૧૦) વાયુ (૧૧) વાતા નથી (૧૨) જૂઠા તથા અભાવ રૂપ છે (૧૩) જગત્ (૧૪) સમસ્ત (૧૫) નિશ્ચયથી.

ભાવાર્થ:- સર્વ શૂન્યતાવાદી કહે છે કે સૂર્ય ઉગતો નથી, અસ્ત થતો નથી, ચંદ્રમાની શુકલપક્ષમાં વૃદ્ધિ કે કૃષ્ણપક્ષમાં હાની થતી નથી, નદીનાં પાણી વહેતાં નથી, વાયુ વાતા નથી, સમસ્ત વિશ્વ જુઠા અથવા અભાવરૂપ છે, સમસ્ત જગત્ અર્થ શૂન્ય તથા નિશ્ચય અભાવરૂપ છે, જગતમાં જે વસ્તુઓ દેખાય છે, તે સર્વ માયારૂપ, સ્વપ્નવત તથા ઇન્દ્રજાલ સમાન મિથ્યા છે, આવી રીતે વસ્તુઓ પ્રત્યક્ષ દેખાવા છતાં શૂન્યવાદીઓ તેઓનો નિષેધ કરે છે, આવી રીતે મિથ્યાત્વ ભાવમાં રહેલા જીવો સત્ય સ્વરૂપને નહિ સમજતા અજ્ઞાનરૂપ અંધકારમાં રહી સંસાર પરિભ્રમણનાં દુઃખોને ભોગવે છે.

जहाहि अंधे सह जोतिणावि, रूवाइ णो पस्सति हीणणेत्ते।
संतंपि ते एवमकिरियवाई, किरियं ण पस्संति निरुद्धपन्ना ॥८॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) અંધ પુરુષ (૩) જ્યોતિ (૪) સાથે રહેવા છતા (૫) નેત્રહીન હોવાથી (૬) રૂપોને (૭) દેખી (૮) શકતો નથી (૯) એવી રીતે (૧૦) બુદ્ધિહીન (૧૧) અક્રિયાવાદી (૧૨) વિદ્યમાન (૧૩) ક્રિયા થતી હોવા છતાં (૧૪) દેખી (૧૫) શકતા નથી.

ભાવાર્થ:– જેમ અંધપુરુષ દીપકની સાથ રહેવા છતાં દીપકને તેમ જ અન્ય પદાર્થો વિદ્યમાન હોવા છતાં દેખી શકતો નથી, એ જ રીતે જ્ઞાનાવરણીયાદિ કર્મોના આચ્છાદનથી જેની બુદ્ધિ હીનતાને પામેલ છે, જેનું જ્ઞાન રૂંધાએલ છે, તેવા શૂન્યતાવાદવાળા પ્રત્યક્ષ પદાર્થોની બદલતી પર્યાયરૂપ થતી ક્રિયાને દેખી શકતા નથી અને જગતને તથા રહેલા પદાર્થોને જૂઠા તથા અભાવરૂપ બતાવે છે, તેથી શું ? જગતના પદાર્થોનો અભાવ થઇ શકે ? છતાં શૂન્યતા-વાદવાળા પોતાના દુરાગ્રહને છોડતા નથી અને મિથ્યાત્વ ભાવમાં જ રહી સંસાર પરિભ્રમણ કર્યા કરે છે.

સંવચ્છરં[૧] સુવિણં[૨] લક્ખણં[૩] ચ, નિમિત્તદેહં[૪] ચ[૫] ઉપ્પાઇયં[૬] ચ[૭] ।
અટ્ઠંગમેયં[૮] બહવે[૯] અહિત્તા, લોગંસિ[૧૦] જાણંતિ[૧૧] અણાગતાઇં ॥૯॥

શબ્દાર્થ : (૧) જ્યોતિષ (૨) સ્વપ્ન શાસ્ત્ર (૩) લક્ષણ શાસ્ત્ર (૪) નિમિત્ત શાસ્ત્ર તથા શરીરમાં રહેલા (૫) તલ આદિ ચિન્હોના ફળ બતાવી શકે તેવા શાસ્ત્રો તથા ઉલ્કાપાત દિગ્દાહ આદિના ફળ બતાવી શકે તેવા શાસ્ત્રો આદિ (૬) આઠઅંગવાળા શાસ્ત્રોને (૭) ઘણા પુરુષો (૮) ભણીને (૯) લોકમાં (૧૦) જાણે છે (૧૧) ભવિષ્યની વાતોને.

ભાવાર્થ:– આ જગતમાં ઘણા પુરુષો જ્યોતિશાસ્ત્ર, સ્વપ્ન-શાસ્ત્ર, લક્ષણશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર તથા શરીરમાં રહેલા તલ આદિ ચિન્હોનાં ફળ બતાવનાર શાસ્ત્રો તથા ઉલ્કાપાત તથા દિગ્દાહ આદિના ફળ બતાવનાર શાસ્ત્રો, આદિ આઠ અંગોવાળાં શાસ્ત્રો

ભણીને ભવિષ્યમાં થવાવાળી વાતોને તથા ભૂતકાળમાં બનેલી વાતોને જાણી શકે છે, તથા આકાશગર્જના, ભૂકમ્પ, આંતરિક્ષ, અંગ, સ્વર, લક્ષણ, વ્યંજન, તથા નવમા પૂર્વમાં ત્રીજી આચાર વત્થુમાંથી ઉદ્ધૃત જે સુખ, દુઃખ, જીવન, મરણ, તથા લાભ, અલાભ આદિના સૂચક જે શાસ્ત્રો છે તે ભણીને જીવ ત્રણ કાળની મર્યાદિત વાતોને જાણી શકે છે. શૂન્યવાદ માનવાથી આ વસ્તુ જાણી શકાય નહિ

१ २ ३ ४ ५ ६ ७
केई निमित्ता तहिया भवंति, केसिंचि तं विप्पडिएति णाण।
७ ८ १० ११
ते विज्जभावं अणहिज्जमाणा, आहंसु विज्जापरिमोक्खमेव ॥१०॥

शब्दार्थ : (१) કોઇ (૨) નિમિત્ત (૩) સત્ય (૪) હોય છે (૫) કોઇ કોઇ (૬) વિપરીત હોય છે (૭) નિમિત્તોના જ્ઞાન (૭) આ રીતે દેખતા થકા વિદ્યાના અધ્યયન (૮) નહિ કરનાર અક્રિયાવાદી (૯) વિદ્યાના (૧૦) કલ્યાણ કારી માને છે (૧૧) ત્યાગને.

ભાવાર્થ:- કોઇ નિમિત્ત સત્ય હોય છે અને કોઇ નિમિત્તનાં જ્ઞાન વિપરીત પણ હોય છે, એમ જાણી અક્રિયાવાદીઓ વિદ્યાના અધ્યયન કરતા નથી અને વિદ્યાના ત્યાગને કલ્યાણકારી માને છે, જ્યોતિષ શાસ્ત્રને જોવામાં પોતાના ક્ષયોપશમની હીનતાના કારણે ફેર રહી જાય છે, તેથી અસત્ય પરિણામ આવે છે, ક્ષયોપશમ સારો હોય ને ઉપયોગથી જ્યોતિષનો અભ્યાસ કરે તો પરિણામ સત્ય આવે તે હકીકતને શૂન્યવાદીઓ જાણતા નથી, જેથી શૂન્યતાવાદીઓ પોતાના દુરાગ્રહને કારણે સત્ય હકીકતને જ્ઞાનને જાણી શકતા નથી. (નિમિત્ત જોવામાં ગફલત થાય ઉપયોગ શૂન્ય થાય તો અસત્ય પરિણામ આવે) તેથી તેઓ મિથ્યાત્વભાવમાં રહી સંસારસાગરમાં પરિભ્રમણ કર્યા કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
તે એવમક્ખંતિ સમિચ્ચ લોગં, તહા તહા સમણા માહણા ય ।
૭ ૮ ૧૧ ૯ ૧૦ ૧૫ ૧૨ ૧૩ ૧૪
સયં કડં ણન્નકડં ચ દુક્ખં, આહંસુ વિજ્જાચરણં પમોક્ખં ॥૧૧॥

શબ્દાર્થ : (૧) ફળ પ્રાપ્ત થવાનું બતાવે છે (૨) જાણી (૩) લોકને (૪) કર્માનુસાર (૫) શ્રમણ અથવા શાકય ભિક્ષુ (૬) અથવા બ્રાહ્મણ આદિ પોતાના અભિપ્રાય અનુસાર (૭) પોતાના જ (૮) કાર્યથી હોય છે (૯) અન્યના (૧૦) એમ પણ કહે છે કે દુઃખ (૧૧) કરવાથી નહિ (૧૨) તીર્થંકર દેવ જ્ઞાન તથા (૧૩) ક્રિયાથી (૧૪) મોક્ષ (૧૫) બતાવે છે.

ભાવાર્થ:– શાકયભિક્ષુ અથવા બ્રાહ્મણો આદિ પોતાના અભિપ્રાય અનુસાર લોકને જાણી, ક્રિયાને–કર્મને અનુસાર ફળ પ્રાપ્ત થવાનું બતાવે છે, તથા એમ પણ કહે છે કે દુઃખ પોતાના જ કાર્યથી હોય છે, અન્યના કરવાથી દુઃખ ન હોય, શ્રી તીર્થંકરદેવ જ્ઞાન તથા ક્રિયાથી મોક્ષ પ્રાપ્તિ થવાનું કહે છે. ક્રિયાવાદીઓ જ્ઞાન રહિત એકલા ચારિત્રથી–ક્રિયાથી મોક્ષ બતાવે છે, વળી કહે છે કે જીવો જેવી જેવી ક્રિયા કરતા હોય તેને અનુસાર સ્વર્ગ, નરક આદિ ફળ પ્રાપ્ત થાય છે, એટલે ક્રિયા માત્રથી જ મોક્ષ બતાવે છે, સંસારમાં જે સુખ દુઃખ જે કાંઇ હોય છે, તે પોતાના જ શુભાશુભ કાર્યથી હોય છે, ઈશ્વરકૃત નહિ, આત્માને અક્રિય માનવાથી સુખદુઃખની પ્રાપ્તિ કયાંથી હોઈ શકે? પરંતુ તેઓનો અભિપ્રાય એકાંત છે, જ્ઞાન સહિતની ક્રિયા જ ઇષ્ટ ફળ આપનાર બને છે, ક્રિયા રહિત જ્ઞાન પંગુ સમાન અને જ્ઞાન રહિતની ક્રિયા પણ અંધ સમાન જાણવી, પરંતુ જ્ઞાન અને ક્રિયા બન્નેથી કાર્યની ઇષ્ટ સિદ્ધિ હોઇ શકે છે. છતાં પ્રથમ જ્ઞાનની પ્રધાનતા જાણવી, પ્રથમ જ્ઞાન પછી દયા, એટલે પ્રથમ જ્ઞાનથી ઇષ્ટ અનિષ્ટ શુભ અશુભ લાભ હાની જાણી શકાય છે, જ્ઞાનથી જ ચારિત્ર અને તપની જરૂર છે એમ જાણી શકાય છે. પરંતુ એકલા જ્ઞાનથી પણ મોક્ષ

પ્રાપ્તિ થતી નથી ક્રિયાવાદીઓનું મંતવ્ય એકાંત છે તે મિથ્યાત્વનું કારણ જાણવું.

૨ ૧ ૩ ૬ ૭ ૫ ૪
તે ચવખુ લોગંસિહ ણાયગા ઉ, મગ્ગાણુસાસંતિ હિતં પયાણં ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
તહા તહા સામયમાહુ લોએ, જંસી પયા માણવ ? સંપગાઢા ॥૧૨॥

શબ્દાર્થ : (૧) આ લોકમાં શ્રી તીર્થંકર દેવ વગેરે જ્ઞાનીઓ (૨) ચક્ષુ સમાન છે (૩) તથા નાયક અથવા (૪) પ્રધાન છે (૫) મનુષ્યોને કલ્યાણનો (૬) માર્ગ (૭) બતાવે છે (૮) જ્યાં જ્યાં મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે ત્યાં ત્યાં (૯) સંસાર મજબૂત થાય છે (૧૦) લોકોનો (૧૧) જેમાં (૧૨) પ્રજા (૧૩) મનુષ્યો (૧૪) નિવાસ કરે છે.

ભાવાર્થ:– તીર્થંકર આદિ જ્ઞાની પુરુષો જગતમાં ચક્ષુ સમાન છે એટલે જગતના જીવોને તીર્થંકર દેવો આદિ જ્ઞાનીઓ ચક્ષુ સમાન છે. લોકમાં સર્વથી જ્ઞાનીઓ શ્રેષ્ઠ છે. મનુષ્યાદિ જીવોને મોક્ષમાર્ગ–કલ્યાણના માર્ગની શિક્ષા આપે છે. મોક્ષમાર્ગ બતાવે છે, વળી કહે છે કે જ્યાં જ્યાં મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે, ત્યાં ત્યાં સંસાર મજબૂત થાય છે, સંસારવૃદ્ધિ થાય છે, સંસારમાં મનુષ્યો નિવાસ કરે છે તેઓને જ્ઞાનીઓ નેત્ર સમાન કહ્યાનો અર્થ એ થાય છે કે જ્ઞાનીઓ જીવોને ઉપદેશ આપી અનર્થરૂપ દુઃખો–સંસારભ્રમણ-જન્મ, મરણ, રોગો, પ્રતિકૂળતા વગેરે દુઃખોનું નિવારણ કરાવવામાં અને સદ્ગતિ પ્રાપ્ત કરાવવામાં સહાયભૂત થાય છે, મહા આરંભ મહાપરિગ્રહ આદિ ચાર કારણે જીવો નરકનું આયુષ્ય બાંધે છે, તથા ચાર કારણે જીવો તિર્યંચનું આયુષ્ય બાંધે છે, વળી કહે છે કે જ્યાં જ્યાં રાગદ્વેષની વૃદ્ધિ ત્યાં ત્યાં સંસાર શાશ્વત થાય છે જ્યાં જ્યાં કર્મનો ઉપચય થાય છે, ત્યાં ત્યાં સંસારની વૃદ્ધિ થાય છે, સદ્વિચારથી સદ્વાણીથી સદ્કાર્યથી શુભગતિ અને સુખની પ્રાપ્તિ થાય છે, તેનું જ્ઞાન પ્રાપ્ત કરાવનાર જ્ઞાનીઓ જ છે તેથી નેત્ર સમાન ઉપમાં આપેલ છે.

૧ ૨ ૩ ૪ ૫
જે રક્ખસા વા જમલોइया વા, જે વા સુરા ગંધવ્વા ય કાયા।
૬ ૭ ૮ ૯
આગાસગામી ય પુढોસિया જે, પુણો પુણો વિપ્પરિયાસુવેંતિ ॥
॥૧૩॥

શબ્દાર્થ : (૧) જે રાક્ષસ છે (૨) યમલોક–પરમાધામી (૩) વૈમાનિક દેવો તથા જ્યોતિષ દેવો (૪) ગંધર્વ–વ્યંતર દેવો (૫) પૃથ્વીકાયાદિ (૬) પક્ષી વાયુ આદિ (૭) પૃથ્વી આશ્રિત અપ–તેઉ–વાયુ વનસ્પતિ વિગલેન્દ્રિયો મનુષ્યો તિર્યંચો વગેરે (૮) વારંવાર (૯) ભિન્ન ભિન્ન ગતિઓમાં ભ્રમણ કરે છે.

ભાવાર્થ:– વ્યંતરો, અસુરકુમારો–પરમાધામી વગેરે ભવનવાસી દેવો, વૈમાનિક દેવો, જ્યોતિષી દેવો, ગંધર્વો–વ્યંતરની જાતિ, આકાશગામી પક્ષી આદિ તથા પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, નારકી, આદિ સર્વ જીવો, પોતાનાં કરેલાં કર્મોથી, કર્માનુસાર, ભિન્ન ભિન્ન ગતિઓમાં–યોનિઓમાં, અરહટ યંત્રની માફક વારંવાર ઉત્પન્ન થઇ જન્મ અને મરણરૂપી સંસાર પરિભ્રમણ કરે છે

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
જમાહु ओहं सलिलं अपारगं, जाणाहि णं भवगहणं दुमोक्खं।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
जंसी विसन्ना विसयंगणाहिं, दुहओऽवि लोयं अणुसंचरंति ॥૧૪॥

શબ્દાર્થ : (૧) કહેલ છે (૨) ઓઘ (૩) પાણી (૪) અપાર (૫) જાણો (૬) સંસાર–ભવ (૭) ગહન (૮) દુષ્કર (૯) જેમાં (૧૦) ખુંચેલા (૧૧) વિષય–કામભોગો (૧૨) સ્ત્રીઓ (૧૩) ત્રસ–સ્થાવર (૧૪) લોકમાં (૧૫) પરિભ્રમણ કરે છે.

ભાવાર્થ:– સંસારનું સ્વરૂપ જાણનાર શ્રી તીર્થંકરદેવે તથા ગણધરાદિએ સંસાર સાગરને સ્વયમ્ભૂરમણ સમુદ્રની સમાન દુસ્તર

કહેલ છે, કોઇ જલચર કે સ્થળચર આ સમુદ્રને ઉલ્લંઘન કરી શકે નહિ, એવી જ રીતે સમ્યગ્દર્શન વિના ચોરાશીલાખ યોનિના સ્થાન-રૂપ સંસાર સાગરને પાર કરવો દુર્લભ કહેલ છે, સંસારમાં જે પુરુષો સાવદ્યકર્મવાળા અનુષ્ઠાનો કરે છે, તે કુમાર્ગમાં પડેલા છે, અસત્ય દર્શનને ગ્રહણ કરનારા છે, વિષય પ્રધાન સ્ત્રીઓમાં જેઓ આસક્ત છે અને સ્ત્રીઓને વશીભૂત છે તે પામર જીવો ઉત્તમ અનુષ્ઠાનો કરી શકતા નથી. સ્ત્રીરૂપ કીચડમાં તથા અન્ય કામભોગરૂપ વિષયોમાં ફસાયેલ આસક્ત જીવો વારંવાર ચારે ગતિઓમાં, ચૌદ રાજલોકમાં વારંવાર જન્મ મરણ કર્યા કરે છે. અથવા લિંગ માત્રરૂપ પ્રવ્રજ્યા ધારી બની, પાપ વિરતિ રહિત તથા રાગદ્વેષથી યુક્ત પોતાના કર્મથી પ્રેરિત આ ગહન લોકમા વારંવાર જન્મ મરણ કરતો સંસાર પરિભ્રમણ કરે છે.

૫ ૨ ૩ ૪ ૧ ૭ ૮ ૯ ૬
न कम्मुणा कम्म खवेंति बाला, अकम्मुणा कम्म खवेंति धीरा।
૧૦ ૧૧ ૧૨ ૧૫ ૧૪ ૧૩
मेधाविणो लोभमयावतीता, संतोसिणो नो पकरेंति पावं ॥१५॥

શબ્દાર્થ : (૧) અજ્ઞાની જીવો (૨) પાપકાર્ય કરતા હોવાના કારણે (૩) પોતાના કર્મનો (૪) ક્ષય કરી (૫) શકતા નથી (૬) ધીર પુરુષો (૭) આશ્રવોને રોકી (૮) કર્મનો (૯) ક્ષય કરે છે (૧૦) બુદ્ધિમાન પુરુષ (૧૧) લોભથી દૂર રહે છે (૧૨) સંતોષી બની (૧૩) પાપકર્મ (૧૪) કરતા (૧૫) નથી.

ભાવાર્થ:- મૂર્ખજીવો અજ્ઞાની જીવો અશુભ-સાવદ્ય કાર્યો કરતા હોવાથી પોતાનાં પાપોનો-કર્મોનો ક્ષય કરી શકતા નથી, પરંતુ જે ધીરપુરુષો છે તેઓ સાવદ્ય કર્મોનો ત્યાગ કરી આશ્રવદ્વાર બંધ કરી પોતાનાં કર્મોનો ક્ષય કરે છે. તેમ જ બુદ્ધિમાન સાધક લોભનો ત્યાગ કરી સંતોષી બની પાપકર્મ કરતા નથી. મૂર્ખ જીવો અસતના આગ્રહે મિથ્યાત્વ દોષોની વૃદ્ધિથી સાવદ્ય કર્મ તથા નિરવદ્ય

કર્મના વિપાકોને નહિ જાણતા હોવાથી, સાવદ્ય કર્મોમાં આસક્ત હોવાથી કર્મનો ક્ષય કરવા સમર્થ થતા નથી. આશ્રવદ્વારને રોકયા વિના સર્વથા કર્મના ક્ષય થઇ શકતો નથી. તેમ જ લોભ કષાયને મંદ કર્યા વિના કર્મોનો ક્ષય થઈ શકતો નથી. એમ જાણી, મુમુક્ષુ-ઓએ આશ્રવોને રોકવા ઉપયોગવંત રહેવું.

૨ ૩ ૪ ૫ ૬ ૭
તે તીયઉપ્પન્નમણાગયાઇં, લોગસ્સ જાણંતિ તહાગયાઇં ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
ણેતારો અન્નેસિ અણન્નણેયા, બુદ્ધા હુ તે અંતકડા ભવંતિ ॥૧૬॥

શબ્દાર્થ : (૧) વીતરાગ પુરુષ જીવોનાં (૨) ભૂત (૩) વર્તમાન (૪) ભવિષ્યકાળના વૃત્તાન્તો–પર્યાયો (૫) લોકના સ્વરૂપને યથાર્થ (૬) રૂપે જાણે છે (૭) નેતા છે (૮) તેઓ અન્ય જીવોના (૯) તેના નેતા કોઇ નથી (૧૦) એવા જ્ઞાની (૧૧) પુરુષો જ સંસારનો (૧૨) અંત (૧૩) કરે છે.

ભાવાર્થ:– વીતરાગ પુરુષ જીવોની ભૂત, વર્તમાન, ભવિષ્ય-કાળની પર્યાયોને અવસ્થાઓને યથાર્થ રૂપે લોકના સ્વરૂપને જાણી શકે છે અને તેઓ સર્વ જીવોના નેતા છે; પરંતુ તેમના નેતા કોઇ નથી સ્વયંબુદ્ધ છે. આવા જ્ઞાની જીવો સંસારનો અંત કરે છે, કષાયોનો સર્વથા ક્ષય થવાથી વીતરાગપણું પ્રાપ્ત થાય છે. કેવળજ્ઞાની અથવા ચૌદપૂર્વ ભણેલા પરોક્ષ જ્ઞાની સંસાર પાર કરનારા ભવ્ય જીવોને સદુપદેશ આપી મોક્ષમાં પહોંચાડે છે.

૫ ૪ ૭ ૬ ૨ ૩ ૧
તે ણેવ કુવ્વંતિ ણ કારવંતિ, ભૂતાહિસંકાઇ દુગુંછમાણા ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૫ ૧૩ ૧૪
સયા જતા વિપ્પણમંતિ ધીરા, વિણ્ણત્તિ ધીરા ય હવંતિ એગે ॥૧૭॥

શબ્દાર્થ : (૧) પાપના ઘૃણા કરવાવાળા તીર્થંકર આદિ (૨) પ્રાણીઓની ઘાતના (૩) ભયથી (૪) સ્વયં પાપ કરતા (૫) નહિ (૬) અન્ય પાસે કરાવતા (૭) નહિ (૮) સદા પાપનાઅનુષ્ઠાનથી (૯) યત્નાવંત

(૧૦) સંયમ અનુષ્ઠાન કરતા હતા (૧૧) કર્મનું વિદારણ કરવામાં નિપુણ વિનયવંત પુરુષ (૧૨) નિવૃત્ત રહી (૧૩) બનતા હતા (૧૪) કેટલાએક અન્યદર્શનીઓ (૧૫) જ્ઞાન માત્રથી વીર.

ભાવાર્થ:– વીતરાગ પુરુષ તથા સમ્યગ્જ્ઞાની ગણધર આદિ, પ્રાણી જીવોની ઘાતના ભયથી પાપનો તિરસ્કાર કરતા થકાં સ્વયં હિંસા કરતા નહિ, હિંસા કરાવતા નહિ, હિંસાના કરનારને અનુમોદન આપતા નહિ; સર્વ મહાવ્રતોનું પાલન કરતા હતા, સદાકાળ યત્નાવંત રહી ધીર પુરુષ સંયમ પાલનમાં વિનયવંત કર્મનું વિદારણ કરવામાં નિપુણ પુરુષ સદા પાપકારી અનુષ્ઠાનોથી નિવૃત્ત બની ઉપયોગવંત રહી સંયમ પાલન કરતા હતા. જ્યારે કોઇ અન્ય દર્શનીઓ જ્ઞાનમાત્રથી વીર બની ક્રિયા અનુષ્ઠાનોને છોડી દેતા હતા.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
डहरे य पाणे वुड्ढे य पाणे, ते आत्तओ पासइ सव्वलोए ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
उव्वेहती लोगमिणं महंतं, बुद्धेऽपमत्तेसु परिव्वएज्जा ॥१८॥

શબ્દાર્થ : (૧) સૂક્ષ્મ કુંથુ (૨) આદિ જીવો (૩) તથા બાદર શરીરવાળા (૪) પ્રાણીઓ (૫) તે સર્વને (૬) આત્મસમાન (૭) જોવે (૮) સર્વ લોકમાં (૯) ઉપેક્ષા (૧૦) લોકમાં (૧૧) મહાન (૧૨) જ્ઞાની (૧૩) અપ્રમત (૧૪) વિચરે.

ભાવાર્થ:– આ જગતમાં નાના શરીરવાળાં અગર બાદર શરીરવાળાં જે પ્રાણીઓ છે તે સર્વેને તત્ત્વદર્શી પુરુષ પોતાના આત્મા સમાન જુએ છે. જાણે છે સમસ્ત લોકમાં જેટલા પ્રમાણુવાળો મારો જીવ છે તેટલા જ પ્રમાણુવાળો કુંથુ આદિ સૂક્ષ્મજીવોનો આત્મા છે, જેમ મને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે, એવી જ રીતે સર્વ નાના મોટા જીવોને સુખ પ્રિય ને દુઃખ અપ્રિય છે, એમ જાણી કોઇ પ્રાણીને પીડા ઉત્પન્ન ન થાય એ રીતે ઉપયોગવંત રહી સંયમ પાલન કરવું એ જ તત્ત્વદર્શીનો આચાર જાણવો.

૧ ૨ ૩ ૬ ૪ ૭ ૫
जे आयओ परओ वावि णच्चा, अलमप्पणो होति अलं परेसिं ।
૧૧ ૧૨ ૧૩ ૧૦ ૮ ૯
तं जोइभूतं च सयावसेज्जा, जे पाउकुज्जा अणुवीति धम्मं ॥
॥૧૯॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ સ્વયં અથવા (૨) અન્ય પાસેથી (૩) ધર્મને જાણીને જે ધર્મનો ઉપદેશ આપે છે (૪) એ જ પુરુષ પોતાના આત્માની તથા (૫) પરના આત્માની (૬) રક્ષા કરવા (૭) સમર્થ છે (૮) જે વિચાર કરી (૯) ધર્મને (૧૦) પ્રગટ કરે છે (૧૧) તે જ્યોતિઃસ્વરૂપ મુનિ પાસે (૧૨) સદા (૧૩) નિવાસ કરવો.

ભાવાર્થઃ– જે કોઈ સાધક આત્મા સ્વયં અથવા તો અન્ય વ્યક્તિ દ્વારા ધર્મના સ્વરૂપને જાણીને પશ્ચાત ધર્મનો ઉપદેશ આપે છે, તેઓ સંસાર સમુદ્રરૂપી ઓઘથી પોતાના આત્માની તથા પરના આત્માની રક્ષા કરવામાં સમર્થ બને છે અને જેઓ વિચારીને ધર્મને પ્રગટ કરે છે, એવા જ્યોતિઃસ્વરુપ મુનિની પાસે સદા સાધકોએ નિવાસ કરવો. સાધકે સદાને માટે ગુરુની પાસે નિવાસ કરવાથી જ્ઞાનની ઠીક ઠીક પ્રાપ્તિ થાય છે. તથા દર્શન ચારિત્રમાં દૃઢ થાય છે એમ જાણી પુણ્ય આત્માઓએ જીવનભર ગુરુ નિકટ રહેવું તે પોતાને માટે કલ્યાણકારક છે.

૧ ૩ ૨ ૪ ૫ ૭ ૬
अत्ताण जो जाणति जो य लोगं, गइं च जो जाणइ णागइं च ।
૮ ૧૦ ૯ ૧૧ ૧૨ ૧૩ ૧૪
जो सासयं जाण असासयं च, जातिं च मरणं च जणोववायं ॥
॥૨૦॥

શબ્દાર્થ : (૧) પોતાના આત્માને (૨) જાણે છે (૩) જે સાધક (૪) તથા લોકના સ્વરૂપને જે જાણે છે (૫) તે જીવોની ગતિ (૬) અનાગતિને

(૭) જાણે છે (૮) એવી જ રીતે શાશ્વત–મોક્ષ (૯) તથા અશાશ્વત–સંસાર (૧૦) ને જાણે છે (૧૧) તથા જન્મ (૧૨) મરણ આદિ (૧૩) પ્રાણીઓની ભિન્ન ભિન્ન ગતિઓના (૧૪) ઉપપાત.

ભાવાર્થ:– જે કોઇ સાધક પોતાના આત્માને, તથા લોકના સ્વરૂપને તથા જીવોની ગતિ, અનાગતિને તથા શાશ્વત મોક્ષને તથા અશાશ્વત સંસારને તથા પ્રાણીઓના જન્મ, મરણ તથા નાના પકારની ગતિઓમાં ઉત્પન્ન થવાનું તે સર્વેને જાણે છે જે પુરુષ પરલોકમાં જવાવાળા શરીરથી ભિન્ન તથા સુખ દુઃખના આધારરૂપ પોતાના આત્માને જાણે અને આત્માના કલ્યાણરૂપ સાધન જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ સાધનમાં જે પ્રવૃત્ત રહે છે એ જ પુરુષ આત્મજ્ઞ છે અને એ જ પુરુષ પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ આ સમસ્ત લોકને જાણે છે, નારક, તિર્યંચ, મનુષ્ય તથા દેવ કયાંથી આવી ઉત્પન્ન થયા છે તથા કેવાં કર્મો કરવાથી જીવો નરક આદિમાં ઉત્પન્ન થાય છે તે જે જાણતા હોય તથા કયાં ગયા પછી જીવ ફરીથી સંસારમાં આવતા નથી એ જાણવાનો ઉપાય સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર છે એ જે જાણે છે એ અષ્ટકર્મના ક્ષયરૂપ છે તથા અનાગતિ સિદ્ધિને જાણે છે દ્રવ્યાસ્તિક નય આશ્રી સમસ્ત પદાર્થો નિત્ય છે, પર્યાય આશ્રી સર્વ પદાર્થો અનિત્ય છે તથા પ્રતિક્ષણ વિનાશી છે તે સર્વ જાણે છે.

अहोऽवि[1] सत्ताण[2] विउट्टणं[3] च, जो आसवं[4] जाणति संवरं[5] च।
दुक्खं[6] च जो जाणति[7] निज्जरं[9] च, सो भासिउमरिहइ[10] किरियवादं[12]
॥२१॥

શબ્દાર્થ : (૧) અધોગતિ (૨) જીવો (૩) દુઃખો (૪) આશ્રવ (૫) સંવર (૬) જાણે છે (૭) દુઃખ (૮) જાણે છે (૯) નિર્જરા (૧૦) યોગ્ય (૧૧) કહેવા (૧૨) ક્રિયાવાદ.

ભાવાર્થ:– જે કોઇ આત્મા નરકાદિ ગતિઓમાં રહેલા દુઃખોને જાણનાર છે. પ્રાણી વર્ગ કરેલા કર્મોનાં ફળને ભોગવે છે, જેઓ પાપકર્મ કરે છે તેઓ નરક આદિ અધમગતિ સ્થાનોમાં ઉત્પન્ન થઇ જન્મ, મરણ રોગ, શોકથી ઉત્પન્ન થતા ઘણા પ્રકારની શારીરિક માનસિક પીડાને ભોગવે છે તે જાણે છે, તે દુઃખોના અભાવના ઉપાયને જાણે છે, કહેવાનો ભાવ એ છે કે નરકની સાતમી ભૂમિથી લઇ સર્વાર્થસિદ્ધ વિમાન સુધી જેટલાં પ્રાણીઓ છે તે સર્વ કર્મોથી યુક્ત છે, તેમાં જેઓ ગુરુકર્મી છે તે અપ્રતિષ્ઠાન નરકમાં જાય છે, આઠ પ્રકારના કર્મોની આવકને આશ્રવ કહે છે, તે પ્રાણાતિપાત રૂપ છે. અથવા મિથ્યાદર્શન તથા રાગદ્વેષ રૂપ છે તેને જાણે છે, આશ્રવના નિરોધરૂપ સંવરને જાણે છે, પુણ્ય પાપને જાણે છે, અસાતારૂપ દુઃખને તથા તેનાં કારણોને જાણે છે જે ક્રિયાઓ–પદાર્થો સંસાર પ્રાપ્તિનાં કારણ છે, તેનાથી વિપરીત પદાર્થો ક્રિયાઓ મોક્ષ પ્રાપ્તિના હેતુઓ છે તેને પણ જાણે છે, તેઓ જ ક્રિયાવાદના સ્વરૂપને તથા જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, પુણ્ય, પાપ, નિર્જરા, મોક્ષના સ્વરૂપને બતાવી શકે છે. વધારે ખુલાસો સૂત્ર પાના ૧૩૩ થી ૧૫૧ સુધી શ્રી જવાહરલાલજી કૃતમાં છે ત્યાંથી જાણી લેવું, વિ. એકાંતવાદીઓ બધા મિથ્યાત્વવાદી રહેલા છે તેઓના સંગથી દૂર રહેવું તે શ્રેયસ્કર છે.

સદેસુ રૂવેસુ અસજ્જમાણો, ગંધેસુ રસેસુ અદુસ્સમાણે ।
ણો જીવિતં ણો મરણાહિકંખી, આયાણગુત્તે વલયા વિમુક્કે ॥
ત્તિ-બેમિ ॥૨૨॥

શબ્દાર્થ : (૧) શબ્દમાં (૨) રૂપમાં (૩) અનાસક્ત (૪) ગંધમાં (૫) રસમાં (૬) અદ્વેષ (૭) જીવનમાં (૮) મરણમાં (૯) ઇચ્છા રહિત (૧૦) આત્મ ગુપ્ત (૧૧) માયા (૧૨) રહિત વિચરે.

ભાવાર્થ:- સાધુ પુરુષ મનોહર શબ્દોમાં, રૂપમાં આસક્ત ન બને અમનોજ્ઞ ગંધમાં તથા અમનોજ્ઞ રસો પ્રતિદ્વેષ ન કરે, એમ જીવનની કે મરણની ઇચ્છા ન કરે, પરંતુ માયા કપટ રહિત બની સંયમમાં ઉપયોગવંત રહી વિચરે. કોઇ પણ ઇન્દ્રિય વિષયોમાં સાધુ રાગદ્વેષ ન કરે, અસંયમી જીવનને ઇચ્છે નહિ. પરીષહો ઉપસર્ગો ઉત્પન્ન થતાં રાગદ્વેષ રહિત બની સમભાવે સહન કરે, પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિથી ગુપ્ત રહી માયા કપટ રહિત બની સંયમનું પાલન કરે એ જ આત્મકલ્યાણનો માર્ગ ભગવંતે બતાવેલ છે

અધ્યયન બારમું સમાપ્ત.

ત્રી કૃતાંગ સૂત્ર

અધ્યયન ૧૩ મું.

યથાતથ્યનામ

आहत्तहीयं तु पवेयइस्सं, नाणप्पकारं पुरिसस्स जातं ।
सओ अ धम्मं असओ असीलं, संतिं असंतिं करिस्सामि
पाउं ॥१॥

શબ્દાર્થ : (૧) યથા તથ્ય સત્ય તત્ત્વ (૨) બતાવીશ (૩) જ્ઞાનના પ્રકાર (૪) જીવોના (૫) ભલા બુરા ગુણો (૬) ઉત્તમ સાધુના (૭) ધર્મને (૮) બુરા સાધુઓના (૯) કુશીલ (૧૦) શાંતિ અથવા મોક્ષ (૧૧) સંસાર (૧૨) પ્રગટ (૧૩) કરીશ.

ભાવાર્થ:- શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્યવર્ગને કહે છે કે સત્યતત્ત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા જીવોના ભલા તથા બુરા ગુણો તથા સાધુઓના શીલ-ચારિત્ર તથા કુસાધુઓના કુશીલ તથા મોક્ષ અને બંધનના રહસ્યને પ્રગટ કરીશ. રાગ તથા દ્વેષ તે ભાવ વલય કહેવાય. એ રાગદ્વેષથી મુક્ત રહેનારને સત્યતત્ત્વ સમજાય છે. એ સંબંધમાં કહું છું કે સત્ય તત્ત્વને યથા તથ્ય કહેવાય છે. અથવા જે પરમાર્થ છે તે યથા તથ્ય છે અને તે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધર્મ છે. જેના આરાધનથી દુર્ગતિમાં પડતાં જીવોને બચાવે છે. તે જ શ્રુત ચારિત્રરૂપ ધર્મ છે. તેનું યથાતથ્ય પાલન ઉપયોગવંત રહીને કરનાર સમસ્ત કર્મોનો ક્ષય કરી શાંતિરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. જેમાં સમ્યગ્દર્શન એ ધર્મના પાયારૂપ છે તે ઔપશમિક, ક્ષાયિક ક્ષાયોપશમિક આદિ પાંચ પ્રકારે છે, વીતરાગદેવે પ્રતિપાદન કરેલ જે મોક્ષમાર્ગ તેની નીવડ શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન કહેવાય

છે અને જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ, નિર્જરા આદિ નવતત્ત્વરૂપ જે તત્ત્વ છે તેને યથાતથ્ય જાણે અને હિતાહિતને બતાવે તે જ્ઞાન અને વ્રત ધારણરૂપ ચારિત્ર તથા સમિતિનું પાલન અને કષાયોનો નિગ્રહ તે ચારિત્ર એ ત્રણ તત્ત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપે અનુષ્ઠાન તે મોક્ષ માર્ગ છે તથા શુભ અનુષ્ઠાન તથા અશુભ અનુષ્ઠાન, સંસાર અને મોક્ષ, ધર્મ અને અધર્મના સત્યભાવોને પ્રગટ કરીશ, તેને જાણી સાધક સંસારની માયાથી મુક્ત બની સંયમ ધર્મમાં વિચરણ કરે એ સાધુ ધર્મ છે, મોક્ષમાર્ગ છે આત્મહિત છે, કલ્યાણનો માર્ગ છે

૧ ૨ ૩ ૪ ૬ ૫
अहो य राओ य समुट्ठिएहिं, तहागएहिं पडिलब्भ धम्मं ।
૮ ૭ ૯ ૧૦ ૧૧ ૧૨
समाहिमाघातमजोसयंता, सत्थारमेवं फरुसं वयंति ॥२॥

શબ્દાર્થ : (૧) દિવસ (૨) રાત્રિ (૩) ઉત્તમ અનુષ્ઠાન કરનાર (૪) તીર્થંકરના (૫) ધર્મને (૬) પામી (૭) તીર્થંકરોક્ત (૮) સમાધિ (૯) સેવન નહિ કરનારાઓ (૧૦) જ્ઞાન દેનાર તિર્થંકર દેવની (૧૧) નિંદા (૧૨) કરે છે.

ભાવાર્થ:– દિવસ અને રાત્રિ મોક્ષસાધનના ઉત્તમ અનુષ્ઠાનો કરવામાં પ્રવૃત્ત રહેનારા શ્રી તીર્થંકર દેવના ધર્મને પામી તીર્થંકર-દેવ કથિત સમાધિ માર્ગરૂપ ચારિત્રનું સેવન નહિ કરતા થકા જમાલિ આદિ નિન્હવ શ્રી તીર્થંકરદેવની નિંદા કરે છે અને સત્ય-માર્ગનો લોપ કરી કુમાર્ગની પ્રરૂપણા કરે છે અને શ્રદ્ધાથી પતિત થાય છે. સંયમભાર ઉપાડવામાં અસમર્થ બનતા સંયમ પાલનમાં ઢીલા થઇ શિથિલ થઇ જ્ઞાન આપનાર જ્ઞાનીઓના અવર્ણવાદ બોલે છે. તેવા સાધકો ઘણા કાળસુધી જન્મ મરણરૂપ સંસારચક્રમાં પરિ-ભ્રમણ કરતા થકાં દુઃખોને ભોગવે છે. એમ જાણી વીતરાગની આજ્ઞાના વિરાધક થવું નહિ.

१ २ ३ ४
विसोहियं ते अणुकाहयंते, जे आतभावेण वियागरेज्जा ।
८ ६ ७ ५ ९ १० ११ १२
अट्ठाणिए होइ बहुगुणाणं, जे णाणसंकाइ मुसं वदेज्जा ॥३॥

શબ્દાર્થ : (૧) વિશુદ્ધ માર્ગથી (૨) વિપરીત પ્રરુપણા કરનાર (૩) પોતાની રુચિ અનુસાર (૪) સૂત્રના અર્થ કરનાર (૫) ઉત્તમ ગુણોના (૬) ભાજન (૭) થતા (૮) નથી (૯) વીતરાગ માર્ગમાં (૧૦) શંકા લાવી (૧૧) મિથ્યા (૧૨) ભાષણ કરે છે.

ભાવાર્થ:– સર્વ દોષોથી રહિત શ્રી વીતરાગ માર્ગ છે, અહંકારના કારણે જમાલિ આદિ નિન્હવ વીતરાગ માર્ગથી વિપરીત પ્રરુપણા કરતા થકા પોતાની રુચિ અનુસાર વીતરાગના કથનથી વિરૂદ્ધ સૂત્રના અર્થો કરે છે, વીતરાગ માર્ગમાં શંકા લાવી મિથ્યા ભાષણ કરે છે. આવા સાધકો ઉત્તમ ગુણોના ભાજન બની શકતા નથી અને પોતાના કદાગ્રહના કારણે સત્ય વસ્તુને સમજી શકતાં નથી અને વિવેક શુન્ય થઈ વિપરીત વર્તન કરતા થકાં સંસાર પરિભ્રમણ વધારી જન્મ મરણમાં ફસાઈ રહે છે.

१ २ ३ ४ ५ ६
जे यावि पुट्ठा पलिउंचयंति, आयाणमट्ठं खलु वंचयित्ता ।
७ ८ ९ १० ११ १२ १३
असाहुणो ते इह साहुमाणी, मायण्णि एसंति अणंतघातं ॥४॥

શબ્દાર્થ : (૧) જે (૨) કોઈ લોકો (૩) પૂછે (૪) ગુરુના નામને છૂપાવે તે (૫) મોક્ષથી (૬) વંચિત રહે છે (૭) અસાધુ હોવા છતાં (૮) સાધુ (૯) માને (૧૦) માયાવી જીવો (૧૧) પામે છે (૧૨) અનંતવાર (૧૩) ઘાતને–મરણને.

ભાવાર્થ:– જે માયાવી સાધકને તેમના ગુરુનુ નામ કોઈ પૂછે તો અભિમાની સાધક પોતાના અહંભાવના કારણે ગુરુના નામને

છૂપાવી કોઇ અન્ય વિદ્વાન આચાર્યના નામને બતાવે છે, તેવા સાધકો મોક્ષથી વંચિત રહે છે. વળી પોતામાં સાધુના ગુણો નહિ હોવા છતાં પોતે પોતાને સાધુ માને છે. આવા માયાવી સાધુઓ અનંતવાર સંસારમાં જન્મ મરણના દુઃખોને પામે છે અને દિન-પ્રતિદિન સાવદ્ય અનુષ્ઠાનોને શુભ અનુષ્ઠાન માની ભમણા પાપનો સંચય કરે છે અને સંસાર પરિભ્રમણ વધારતો રહે છે, એમ જાણી સાધક આત્માએ સંયમી સાધુઓએ માયા કપટ ત્યાગી ગુરુનો વિનય સાચવીને સંયમ પાલન કરવું અને શિથિલાચારી સાધુઓના સંગથી દૂર રહેવું.

१ २ ३ ४ ५ ६
जे कोहणे होइ जगट्ठभासी, विओसियं जे उ उदीरएज्जा ।
९ १० १२ ११ ८ १३ ७
अंधे व से दंडपहं गहाय, अविओसिए धासति पावकम्मी ॥५

શબ્દાર્થ : (૧) જે પુરુષ (૨) ક્રોધી (૩) હોય (૪) પરના દોષો પ્રગટ કરતો હોય (૫) ઉપશાંત થયેલ કલેશ (૬) ફરી ઉત્પન્ન કરે (૭) પાપકર્મ કરવાવાળા જીવો (૮) સદા કલેશમાં રહેલા (૯) અંધ પુરુષની માફક (૧૦) લાકડી (૧૧) ગ્રહણ કરી (૧૨) ટુંકા માર્ગે જતાં (૧૩) દુઃખ પામે છે.

ભાવાર્થ:– જે પુરુષ કષાયોના વિપાકોને નહિ જાણનાર સદા ક્રોધ કરનાર અને અન્ય વ્યક્તિના દોષોને પ્રગટ કરનાર પરની નિંદા કરનાર અને ઉપશમી ગયેલ કલેશને ફરી ઉત્પન્ન કરનાર સદા ઝઘડામાં રહેલા પાપી જીવો જેમ અંધ મનુષ્ય માર્ગનો અજાણ લાકડીના ટેકાથી ઉન્માર્ગને પામીને દુઃખી થાય છે, તેની માફક ક્રોધી મનુષ્યો તથા સાધકો દુઃખી થાય છે. એમ જાણી આત્માર્થી સાધકોએ ક્રોધાદિ કષાયોથી–કલેશોથી સદા દૂર રહી ઉપશાંતભાવે રહી સંયમ પાલન કરવું.

૧ ૨ ૩ ૭ ૫ ૬ ૪
જે વિગ્ગહીએ અન્નાયભાસી, ન સે સમે હોઇ અઝંઝપત્તે ।
૮ ૯ ૧૦ ૧૧
ઉવાયકારી ય હરીમણે ય, એગંતદિટ્ઠી ય અમાઇરૂવે ॥૬॥

શબ્દાર્થ : (૧) જે પુરુષ (૨) ઝઘડા કરનાર હોય (૩) ન્યાય વિરૂદ્ધ ભાષણ કરનાર (૪) કલેશ રહિત ન હોવાથી (૫) સમાધિને (૬) પ્રાપ્ત (૭) કરી શકતો નથી (૮) જે ગુરુની આજ્ઞાનું પાલન કરનાર (૯) લજ્જાવંત હોય (૧૦) જીવાદિ તત્ત્વોમાં શ્રદ્ધાવાન હોય (૧૧) અમાયી હોય.

ભાવાર્થ:– સત્ય તત્ત્વના જ્ઞાનથી રહિત પુરુષ સદા કલેશ કરનાર તથા ન્યાય વિરૂદ્ધ ભાષણ કરનારા કલેશ રહિત નહિ થવાથી તે સમાધિને પ્રાપ્ત કરી શકતો નથી. તેથી આત્માનું હિત પણ કરી શકતો નથી ધર્મને પ્રાપ્ત કરી શકાતો નથી. જેથી એવા સાધકો સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણના દુઃખો ભોગવતા હોય છે, પરંતુ જે સાધક ગુરુ આજ્ઞાએ ચાલનાર તથા પાપકર્મ કરવામાં ગુરુઆદિથી લજ્જા પામતો હોય તથા જીવાદિ તત્ત્વોમાં શ્રદ્ધાવાન હોય, અમાયી હોય, મૂળગુણ ઉત્તરગુણનું પાલન કરવામાં ઉપયોગવંત હોય તે સમાધિને પ્રાપ્ત કરી શકે છે, એમ જાણી વાણીમાં સંયમ રાખી કલેશથી દૂર રહી ન્યાય યુક્ત, નિરવદ્ય અને પ્રિય, સત્ય વચન બોલવામાં તથા સંયમ પાલનમાં ઉપયોગવંત રહેવું એ સમાધિ પ્રાપ્ત થવાનું લક્ષણ છે

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
સે પેસલે સુહુમે પુરિસજાએ, જચ્ચન્નિએ ચેવ સુઉજ્જુયારે ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૫ ૧૪
બહુંપિ અણુસાસિએ જે તહચ્ચા, સમે હુ સે હોઇ અઝંઝપત્તે ॥૭॥

શબ્દાર્થ : (૧) એ (૨) મનોહર (૩) સૂક્ષ્મદર્શી (૪) પુરુષાર્થી (૫) જાતિવંત (૬) નિશ્ચયથી (૭) સરલ આચારવંત (૮) વિશેષ (૯) શિક્ષા પ્રાપ્ત થતા (૧૦) પ્રસન્ન ચિત્ત રાખનાર (૧૧) સમભાવી (૧૨) નિશ્ચયથી (૧૩) તે સાધક (૧૪) અમાયી કલેશ રહિત (૧૫) હોય છે.

ભાવાર્થ:– સાધકના પ્રમાદ વશ કોઈ દોષ ઉત્પન્ન થયો હોય અને આચાર્ય આદિ દ્વારા શિક્ષા પ્રાપ્ત થતાં ચિત્તવૃત્તિ પવિત્ર રાખીને તે શિખામણને પ્રસન્ન ચિત્તે ગ્રહણ કરે, ક્રોધ કરે નહિ, એવા સૂક્ષ્મદર્શી તથા પુરુષાર્થી, જાતિવંત, સરલ સાધક વિનયાદિક ગુણોથી યુક્ત રહીને સંયમનું યથાતથ્ય પાલન કરતાં થકાં ગુરુના ઉપદેશ અનુસાર આચરણ કરતાં થકાં, કપટ નહિ રાખતા, પ્રશંસા તથા નિંદામાં, સમભાવ રાખનારા સાધકો વીતરાગ પુરુષોની સમાન માનવા યોગ્ય જાણવા. જે સાધકને પોતાનો દોષ સમજાય એ જ સાધક ઉચ્ચ ગુણોને પ્રાપ્ત કરી શકે. તેમ જ જે સાધકને પોતાની લીધેલ પ્રતિજ્ઞા (આરંભ પરિગ્રહથી દૂર રહેવા આદિની)નું પાલન કરવામાં સતત ઉપયોગ હોય તે જ સંયમનું શુદ્ધ પાલન કરી શકે.

૧ ૨ ૩ ૪ ૫ ૭ ૬ ૮
जे आवि अप्पं वसुमंति मत्ता, संखाय वायं अपरिक्ख कुज्जा ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
तवेण वाहं सहिउत्ति मत्ता, अण्णं जणं पस्सति बिंबभूयं ॥८॥

શબ્દાર્થ : (૧) જે કોઈ સાધક (૨) પોતાને (૩) સંયમી (૪) તથા જ્ઞાની (૫) માની (૬) પોતાની પરીક્ષા કર્યા વિના (૭) પ્રશંસા (૮) કરે છે (૯) તપસ્વી છું (૧૦) હું (૧૧) શ્રેષ્ઠ છું (૧૨) માનીને (૧૩) અન્ય (૧૪) તપસ્વીઓને (૧૫) માને છે (૧૬) નિરર્થક.

ભાવાર્થ:– પ્રાયઃ તપસ્વીઓમાં જ્ઞાનનો તથા તપનો ગર્વ હોય છે. કોઇ હલકી પ્રકૃતિવાળો સાધક પોતાને સંયમી તથા જ્ઞાનવાન તથા તપસ્વી માનતો થકો પોતાની મેળે પ્રશંસા કરતો હોય છે અને એમ માનતો હોય છે કે મૂળગુણ તથા ઉત્તરગુણ સહિત હું સંયમનું પાલન કરું છું. મારા સમાન અન્ય કોઇ સંયમી નથી. વળી જીવાદિ તત્ત્વોને પણ હું સારી રીતે જાણું છું. તેમ જ બાર પ્રકારની તપસ્યા કરવામાં પણ હું જ સર્વથી શ્રેષ્ઠ છું, મારા સમાન

અન્ય કોઇ તપસ્વી કે જ્ઞાની નથી, એમ માની પોતાની પ્રશંસા કરે અને અન્ય સંયમી તથા જ્ઞાનીઓ તથા તપસ્વીઓને ચન્દ્રમાના બિંબ સમાન નકલી માને. આ રીતે માનનારા સાધકો અભિમાની તથા અવિવેકી જાણવા, એમ જાણી સાધક આત્માએ પોતાના સંયમ-ચારિત્રનું પાલન કરતાં ચારિત્રનું કે તપનું અભિમાન કરવું નહિ. અભિમાન કરવાથી ગુણોની હાની થાય છે, માટે સમભાવપૂર્વક રહી સંયમ પાલન કરવું.

१ २ ३ ४ ५ ६ ७
एगंतकूडेण उसे पलेइ, ण विज्जती मोणपयंसि गोत्ते ।
८ ९ १० ११ १२ १३
जे माणणट्ठेण विउक्कसेज्जा, वसुमन्नतरेण अबुज्झमाणे ॥९॥

શબ્દાર્થ : (૧) એકાંત (૨) મોહપાસથી (૩) સંસાર પરિભ્રમણ કરે (૪) નથી (૫) વિદ્યમાન (૬) સાધુપણામાં (૭) ઉચ્ચ ગોત્ર (૮) માન (૯) પૂજા માટે (૧૦) મદ કરે (૧૧) સંયમી હોવા છતાં (૧૨) અન્ય પ્રકારે (૧૩) અજ્ઞાની.

ભાવાર્થ:– ઉપર કહ્યા મુજબ અહંકારી સાધક અહંકારનું સેવન કરી એકાંત મોહપાસમાં ફસાઇ સંસારમાં પરિભ્રમણ કરતા થકાં સંસારમાં લીન બની રહે છે. આવા અભિમાની સાધકો સર્વજ્ઞ પ્રણીત માર્ગના અનુગામી બની શકતાં નથી અને માનપૂજાની પ્રાપ્તિ થતાં અભિમાન કરનારા તથા સંયમ ગ્રહણ કરી જ્ઞાનાદિનો મદ કરનારા વસ્તુતઃ મૂર્ખ તથા અપંડિત જાણવા, કારણ કે તેઓ પરમાર્થને જાણતા નથી. માનપૂજામાં આસક્ત રહેવાથી તથા મદ કરવાથી કડવા વિપાક રૂપ કર્મબંધન થાય છે, તેનું તેને જ્ઞાન નથી. તેથી તેવા સાધકો સંયમથી પતિત થઇ સંસારમાં ફસાઇ સંયમરૂપ ઉંચ સ્થાનને ગુમાવી અમૂલ્ય માનવ ભવને હારી જાય છે અને સંસાર અટવીમાં વારંવાર જન્મમરણ કરતા થકાં દુઃખોને ભોગવતા થકા પરિભ્રમણ કર્યા કરે છે.

૧ ૨ ૩ ૪ ૫
જે માહણો ખત્તિયજાયએ વા, તહુગ્ગપુત્તે તહ લેચ્છઈ વા ।
૬ ૭ ૯ ૧૦ ૧૧
જે પવ્વઈએ પરદત્તભોઈ, ગોત્તે ણ જે થબ્ભતિ માણબદ્ધે ॥૧૦॥

શબ્દાર્થ : (૧) જે (૨) બ્રાહ્મણ હોય (૩) ક્ષત્રિય જાતિ હોય (૪) ઉગ્ર પુત્ર હોય (૫) મ્લેચ્છ જાતિ હોય (૬) દીક્ષા લઈ (૭) અન્યનાં દીધેલા આહાર (૮) ખાતા હોય (૯) ગોત્રાદિ (૧૦) અભિમાન ન કરતા હોય (૧૧) અભિમાન યુક્ત થઈ.

ભાવાર્થ:- બ્રાહ્મણ હોય, ક્ષત્રિય જાતિના હોય, ઉગ્ર પુત્ર હોય, મ્લેચ્છ-ક્ષત્રિય જાતિ વિશેષ હોય, જે કોઇ પ્રવ્રજ્યા ગ્રહણ કરીને, યાચના કરીને ગૃહસ્થોએ દીધેલા નિર્દોષ આહારનું ભોજન કરતા હોય અને અભિમાન યુક્ત બની પોતાના ઉંચ ગોત્રાદિનું અભિમાન કરતા ન હોય અને જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ સંયમ આરાધનમાં ઉપયોગવંત રહેતા હોય, એ જ સાધુઓ સર્વજ્ઞના માર્ગના અનુયાયી તથા સાચા સાધુ જાણવા અને એ જ સાધુઓ જગતમાં માનનીય બને છે, આત્મકલ્યાણ સાધી શકે છે. આઠકર્મોનો ક્ષય કરી જન્મમરણના દુઃખોથી છૂટી અજન્માપદ રૂપ સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
ન તસ્સ જાઈ વ કુલં વ તાણં, ણ ણત્થ વિજ્જાચરણં સુચિણ્ણં ।
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૩ ૧૪
ણિક્ખમ્મ સે સેવઇઽગારિકમ્મં, ણ સે પારએ હોઇ વિમોયણાએ ॥૧૧॥

શબ્દાર્થ : (૧) ન થાય (૨) જીવને (૩) જાતિ (૪) કુળ (૫) ત્રાણ શરણ (૬) જ્ઞાન (૭) ચારિત્ર (૮) સારી રીતે સેવન કરેલ સિવાય (૯) અન્ય કોઈ શરણ ભૂત નથી (૧૦) પ્રવ્રજ્યા લઈને (૧૧) જે સાધક (૧૨) સેવન કરે છે (૧૨) કર્મોનો ક્ષય કરવા (૧૩) ગૃહસ્થ યોગ્ય કાર્યોના (૧૩) સમર્થ (૧૪) થતા (૧૫) નથી.

ભાવાર્થ:– અભિમાન કે મદ કરવાથી કોઇ ગુણ ઉત્પન્ન થતા નથી. જાતિ અથવા કુળ મનુષ્યોને દુર્ગતિમાં પડતાં જીવોને અથવા જન્મ મરણરૂપ સંસાર પરિભ્રમણના દુઃખોથી બચાવી શકવા સમર્થ થતાં નથી, જેથી જાતિ કુળ આદિના કોઇ મદ કરવા નહિ, ઉપયોગવંત રહી સારી રીતે સેવન કરેલા જ્ઞાન દર્શન અને ચારિત્ર આરાધન સિવાય સંસારી કોઇ વસ્તુ સ્થાવર કે જંગમ દુઃખોમાંથી છોડાવવા સમર્થ થતા નથી. એમ જાણી સંયમ આરાધન કરવું. જે સાધક પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પશ્ચાત ગૃહસ્થના કાર્યના સેવન કરે છે, કરાવે છે, તે સાધક પોતાના અષ્ટ કર્મોનો ક્ષય કરવા સમર્થ થતાં નથી; પરંતુ સંસાર પરિભ્રમણની વૃદ્ધિ થાય છે. માતાના પક્ષને જાતિ કહેવાય છે. પિતા પક્ષ કુળ કહેવાય છે, તે જાતિ કે કુળ અથવા જાતિમદ કે કુળ મદ જીવોને દુઃખોથી છોડાવવા સમર્થ થતા નથી. જેથી સરલ સ્વભાવી બની સમભાવ યુક્ત રહી સંયમ પાલન કરવા સાધકે જાગૃત બની રહેવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૬
णिक्किंचणे भिक्खु सुलूहजीवी, जे गारवं होइ सिलोगगामी।
૭ ૮ ૯ ૧૦
आजीवमेयं तु अबुज्झमाणो, पुणो पुणो विप्परियासुवेंति ॥१२॥

શબ્દાર્થ : (૧) પરિગ્રહ રહિત (૨) સાધુ (૩) લુખા આહારથી (૪) જીવન નિર્વાહ કરતા હોય (૫) ગર્વ કરતા હોય (૬) માન પુજાની ઇચ્છા રાખતા હોય તો (૭) આજીવિકાના સાધન જાણવા (૮) અજ્ઞાની (૯) વારંવાર (૧૦) જન્મ મરણ કરે છે.

ભાવાર્થ:– જે સાધુ દ્રવ્યાદિ બાહ્ય પદાર્થ, ઉપરગરણ સિવાય કિંચિતમાત્ર પરિગ્રહ રાખતો ન હોય અને ભિક્ષાચર્યાથી નિર્દોષ અને લુખા તથા સુખા આહારથી જીવન નિર્વાહ કરતો હોય; પરંતુ જો માન પ્રતિષ્ઠા, પ્રશંસાની પ્રાપ્તિની ઇચ્છા રાખતો હોય અને

ઉંચકુળ આદિના અભિમાન કરતો હોય તો તેના ઉપરોક્ત ગુણો બધા આજીવિકાના સાધનરૂપ જાણવા. આવા સાધકો સંયમપાલનમાં બાહ્ય કષ્ટ વેઠવા છતાં તેઓ ઉપરોક્ત અભિમાન આદિ દોષોના કારણે વારંવાર સંસારમાં જન્મ મરણાદિના દુઃખો ભોગવતા થકાં સંસારમાં દુખીને ફસાઇ રહે છે. એમ જાણી સાધક આત્માએ અભિમાન કરવું નહિ. તેમ જ માન પ્રતિષ્ઠા પાળવાની ભાવના રાખવી નહિ; પરંતુ સંયમ પાલનમાં ઉપયોગવંત રહી લીધેલ પ્રતિજ્ઞાનું પાલન કરવા સદા જાગૃત બની રહી મનુષ્યભવને સફળ બનાવવો એજ શ્રેય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
जे भासवं भिक्खु सुसाहुवादी, पडिहाणवं होइ विसारए य ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
आगाढपण्णे सुविभावियप्पा, अन्नं जणं पन्नया परिहवेज्जा ॥१३॥

શબ્દાર્થ : (૧) જે (૨) ભાષાના જાણકાર (૩) સાધુ (૪) મધુરભાષી હોય (૫) પ્રતિભાવાળા (૬) હોય (૭) શાસ્ત્રાર્થમાં વિસારદ હોય (૮) સત્ય તત્ત્વમાં કુશળ હોય (૯) ધર્મભાવનાથી વાસિત હોય (૧૦) અન્ય (૧૧) સાધુઓનો (૧૨) જ્ઞાનના અહંભાવથી (૧૩) તિરસ્કાર કરનાર.

ભાવાર્થ:– જે સાધુ ભાષાના જાણકાર હોય, તથા મધુરભાષી હોય, પ્રતિભાવાળા હોય, જગતના જીવોને હિતકર, પરિચિત અને મીષ્ટ વચનથી ઉપદેશ આપતા હોય, બુદ્ધિમાન હોય, શાસ્ત્રોના અર્થો કરવામાં નિપુણ હોય, શ્રોતાના અભિપ્રાયને જાણનાર હોય, સત્ય તત્ત્વ જાણવામાં કુશળ હોય, ધર્મવાસનાથી હૃદય વાસિત હોય એવા ગુણવાન હોય તે ઉત્તમ સાધુ કહેવાય, પરંતુ આવા ગુણોથી યુક્ત હોવા છતાં જે તે તે ગુણોના અભિમાનથી અન્ય સાધુઓનો તિરસ્કાર–નિંદા કરતા હોય તો તે ઉપરોક્ત ગુણો હોવા છતાં તે અવિવેકી છે, તેમ જ અન્યના તિરસ્કારથી પોતાના ગુણોની હાની

થાય છે અને અશુભ કર્મબંધન થતાં ભવિષ્યના ભવમાં તેના વિપાકો ભોગવવાં પડે છે. એમ જાણી અભિમાન કરવું નહિ.

૧ ૧૪ ૧૩ ૧૧ ૧૨ ૩ ૨ ૪
एवं ण से होइ समाहिपत्ते, जे पन्नवं भिक्खु विउक्कसेज्जा ।
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
अहवाऽवि जे लाभमयावलित्ते, अन्नं जणं खिंसति बालपन्ने ॥૧૪॥

શબ્દાર્થ : (૧) એમ (૨) સાધુ (૩) બુદ્ધિમાન હોવા છતાં (૪) ગર્વ કરતા હોય (૫) પોતાના લાભના મદથી (૬) ઉન્મત્ત બની (૭) અન્ય (૮) સાધુની (૯) નિંદા કરતો હોય (૧૦) અજ્ઞાની (૧૧) સમાધિ (૧૨) પ્રાપ્ત (૧૩) કરી શકતો (૧૪) નથી.

ભાવાર્થ:– જે કોઇ સાધુ પોતે બુદ્ધિમાન હોવા છતાં પોતાની બુદ્ધિનો ગર્વ કરતો હોય અથવા તો લાભાન્તરાયના ક્ષયોપશમથી ઉપગરણો તથા આહારાદિ જોઇતાં સહેજે પ્રાપ્ત થતાં હોય તો તે લાભના મદથી ઉન્મત બની અન્ય સાધુઓની નિંદા કરતો હોય તો તે વિવેકી ન ગણાય, તેમ જ એ ગર્વ કરનાર અજ્ઞાની મુખ્ય સાધક સમાધિરૂપ મોક્ષમાર્ગ તથા ધર્મનો આરાધક થઇ શકતો નથી. સમાધિને પ્રાપ્ત કરી શકતો નથી. એમ જાણી સરલ સાધકે અભિમાન મદ કરવા નહિ અને સમભાવ યુક્ત બની સંયમનું પાલન કરવા ઉપયોગવંત બની રહેવું.

૧ ૨ ૬ ૩
पन्नामयं चेव तवोमयं च, णिन्नामए गोयमयं च भिक्खू ।
૪ ૫ ૭ ૮ ૯
आजीवगं चेव चउत्थमाहु, से पंडिए उत्तमपोग्गले से ॥૧૫॥

શબ્દાર્થ : (૧) પ્રજ્ઞામદ (૨) તપમદ (૩) ગોત્રમદ (૪) આજીવિકામદ (૫) ચારે મદ (૬) ત્યાગ કરે (૭) પંડિત (૮) સર્વથી ઉત્તમ કહેવાય (૯) તે સાધુ.

ભાવાર્થ:– જે કોઈ સાધુ બુદ્ધિમદ, તપમદ, ગોત્રમદ, આજીવિકા મદ એ ચારે મદનો ત્યાગ કરે તો તે પંડિત પદને પામે છે અને સર્વ મુનિવૃંદમાં સર્વથી ઉત્તમ ગણાય છે, મદ કરવાથી જીવો વિવેક શુન્ય બની પોતાના સ્થાનથી પતિત થાય છે. મદ છે તે કષાય છે, કષાય એ જ સંસાર છે અને સંસાર છે તે એકાંત દુઃખમય જાણી સાધકો સંસારથી છૂટવા માટે સંયમ અંગીકાર કરે છે, એમ જાણી સાધકે મદને સંસાર પરિભ્રમણનું કારણ જાણી મદનો ત્યાગ કરવો અને ઉપયોગ રાખી સંયમ પાલન કરવું. મોહનીય કર્મની પંદર પ્રકૃતિનો ક્ષય–ક્ષયોપશમ હોય ત્યાં જ મુનિપણું હોય.

૧ ૨ ૩ ૪ ૮ ૬ ૭ ૫
एयाइं मयाइं विगिंच धीरा, ण ताणि सेवंति सुधीरधम्मा ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
ते सव्वगोत्तावगया महेसी, उच्चं अगोत्तं च गतिं वयंति ॥१६॥

શબ્દાર્થ : (૧) એ પૂર્વોક્ત (૨) મદસ્થાનોથી (૩) અલગ રહે (૪) ધીર સાધક (૫) જ્ઞાન દર્શન ચારિત્ર ધર્મ યુકત સાધક (૬) મદ સ્થાનોને (૭) સેવે (૮) નહિ (૯) સર્વ (૧૦) ગોત્રાદિ મદોથી (૧૧) અલગ રહે (૧૨) મહર્ષિ (૧૩) સર્વથી ઉત્તમ (૧૪) ગોત્ર રહિત (૧૫) મોક્ષનીગતિ (૧૬) પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ:– ધીર સાધક પૂર્વોક્ત મદ સ્થાનોથી અલગ રહે, જ્ઞાન દર્શન ચારિત્ર સંપન્ન સાધુ હોય તે ગોત્ર આદિના મદ કરે નહિ, મદને સંસાર વૃદ્ધિનું કારણ જાણી જે સાધુ મદસ્થાનોનો ત્યાગ કરે છે અને વિશિષ્ટ તપસ્યા સહિત જ્ઞાન દર્શન ચારિત્રરૂપ સંયમનું આરાધન કરે છે તેઓ સર્વ કર્મોનો પાપોનો ક્ષય કરીને મોટા મહર્ષિઓ ઉંચનીચ ગોત્ર રહિતની સહિતની સર્વથી ઉત્તમ એવી મોક્ષ ગતિને પ્રાપ્ત કરે છે. એમ જાણી સાધકોએ સર્વપ્રકારના મદનો ત્યાગ કરી સંયમ પાલન કરવું.

૧ ૨ ૩ ૫ ૪ ૬ ૭ ૮
भिक्खू मुयच्चे तह दिट्ठधम्मे, गामं च णगरं च अणुप्पविस्सा।
૯ ૧૧ ૧૦ ૧૨ ૧૩ ૧૪
से एसणं जाणमणेसणं च, अन्नस्स पाणस्स अणाणुगिद्धे ॥
॥૧૭॥

શબ્દાર્થ : (૧) સાધુ (૨) ઉત્તમ લેશ્યાવાળા (૩) તેમ જ (૪) ધર્મના (૫) જાણકાર (૬) ગામ (૭) નગરમાં (૮) પ્રવેશ કરી (૯) એષણા (૧૦) અનેષણા (૧૧) જાણતા થકાં (૧૨) અન્ન (૧૩) પાનમાં (૧૪) આસક્તિ રહિત રહે.

ભાવાર્થ:– ઉત્તમ લેશ્યાવાળા, મદના સ્થાનોથી રહિત, સ્નાન વિલેપન આદિ શરીર સંસ્કાર રહિત, શ્રુત અને ચારિત્ર ધર્મને સારી રીતે જાણનાર, ગામ, નગરમાં ગયા થકા એષણા અનેષણાના જાણનાર, દોષોને ત્યાગી આસક્તિ રહિત બની નિર્દોષ આહારપાણી ગ્રહણ કરતાં થકાં સંયમ નિભાવ માટે મર્યાદિત ભોજન કરતાં સંયમનું પાલન કરે, તેવો સાધુ આચાર ભગવંતે બતાવેલ છે. સ્નાન એ જીવઘાત રૂપ સાવદ્ય અનુષ્ઠાન છે એમ જાણી સાધુએ સ્નાનનો સર્વથા ત્યાગ કરવાનો હોય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
अरतिं रतिं च अभिभूय भिक्खू, बहुजणे वा तह एगचारी।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
एगंतमोणेण वियागरेज्जा, एगस्स जंतो गतिरागती य ॥૧૮॥

શબ્દાર્થ : (૧) અરતિ (૨) રતિ (૩) સહન કરે (૪) સાધુ (૫) ઘણા સાધુ સાથે હોય (૬) તેમ જ (૭) એકાકી હોય (૮) એકાંત (૯) સંયમ (૧૦) અવિરૂદ્ધ કથા કરે (૧૧) એકાકી (૧૨) જીવ (૧૩) પરલોકમાં જાય (૧૪) આવે છે.

ભાવાર્થ:– સાધુ સંયમ પાલન કરતાં અસંયમભાવમાં રુચિ ન કરે–આનંદ ન માને, સંયમમાં અરુચિ ન કરે, ગચ્છમાં રહેવાવાળા

ઘણા સાધુઓની સાથે રહેતો હોય કે એકાકી વિચરતો હોય પરંતુ સંયમને બાધક ન થાય તેવા ભાષણ કરે, તેમ જ એકત્વ ભાવનાની વૃદ્ધિ કરવા વિચારે કે જીવો પરલોકમાં એકલા જાય છે અને એકલા જ બીજી ગતિમાંથી આવી જન્મ ધારણ કરે છે, એમ જાણીને કદાચ સંયમમાં પૂર્વ કર્મના ઉદયથી અરતિ ઉત્પન્ન થાય તો સાધુએ સંસાર પરિભ્રમણના તથા નરક તિર્યંચની ગતિના દુઃખોનો વિચાર કરી અરતિને શીઘ્ર દૂર કરી સંયમમાં જાગૃત બનીને વિચરે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૮ ૭ ૯
सयं समेच्चा अदुवाऽवि सोच्चा, भासेज्ज धम्मं हियगं पयाणं ।
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૭ ૧૫ ૧૬ ૧૪
जे गरहिया सणियाणप्पओगा, ण ताणि सेवंति सुधीरधम्मा ॥
॥૧૯॥

શબ્દાર્થ : (૧) ધર્મને સ્વયં (૨) જાણી (૩) અથવા (૪) અન્યથી (૫) સાંભળી (૬) જીવોને (૭) હિતકારક (૮) ધર્મનો ઉપદેશ (૯) આપે (૧૦) જે (૧૧) નિન્દિતકાર્યો (૧૨) ફળની પ્રાપ્તિ માટે (૧૩) કોઈ કરતા હોય (૧૪) ધર્મનો જાણકાર ધીર સાધક (૧૫) તેવા આચરણનું (૧૬) સેવન (૧૭) કરે નહિ.

ભાવાર્થ:– સાધક ધર્મના સ્વરૂપને સ્વયં જાણીને અથવા આચાર્યાદિ પાસેથી સાંભળીને જીવોના હિતને માટે હિતકારી ધર્મનો ઉપદેશ આપે; પરંતુ માન પૂજા સત્કારાદિ પ્રાપ્ત કરવાની ભાવનાથી ઉપદેશ અપાતો હોય અગર નિન્દિત કાર્યો હોય તો તેવા કાર્યોનું સેવન ધર્મનો જાણકાર ધીરસાધક કરે નહિ, એટલે સાંસારિક લાભાર્થે કોઇપણ કાર્ય કે ઉપદેશ પંડિત સાધક ન કરે તથા માન પ્રતિષ્ઠાની પ્રાપ્તિ માટેના કાર્યો કે ઇન્દ્રિય વિષયોનો કાર્યો બધા આરંભ પરિગ્રહ સહિતના છે એમ જાણી ધીર સાધક તેવા કાર્યોથી અલગ રહે, ચારિત્રને બાધક કોઇ કાર્યનું સેવન કરે નહિ, સાવદ્ય અનુષ્ઠાનોની ઉત્પતિ થાય તેવા વચનો સાધુ હોય તે બોલે નહિ.

૧ ૨ ૩ ૫ ૬ ૪
કેસિંચિ તક્કાइ અબુજ્ઝ ભાવં, ખુદ્દંપિ ગચ્છેજ્ઝ પસદ્દહાણે ।
૯ ૮ ૧૦ ૭ ૧૦ ૧૩ ૧૧ ૧૪
આઉસ્સ કાલાइયારં વધાए, લદ્ધાણુમાણે ય પરેસુ અટ્ઠ ।।૨૦।।

શબ્દાર્થ : (૧) અન્ય મનુષ્યના (૨) અભિપ્રાય (૩) જાણ્યા વિના ઉપદેશ દેતા (૪) શ્રદ્ધા નહિ કરતા (૫) ક્ષુદ્રતા (૬) ધારણ કરી (૭) ઉપદેશકની ઘાત કરે (૮) દીર્ઘ (૯) આયુષ્ય (૧૦) ટુંકું કરી નાખે ઘાત કરીને (૧૧) અન્યના ભાવો (૧૨) જાણી (૧૩) અનુમાનથી (૧૪) ધર્મ ઉપદેશ આપે.

ભાવાર્થ:– શ્રોતાના અભિપ્રાય જાણ્યા વિના ઉપદેશ આપવાથી લાભના બદલે કોઇ સમય ઉપદેશકને હાની થઇ જાય. કારણકે ઉપદેશ સાંભળનાર વ્યક્તિ રાજા અગર મંત્રી આદિ હોય તેને કદાચ પોતાના ધર્મનું અપમાન થવાનું સમજાય તો ઉપદેશકને વ્યથા પહોંચાડે, અગર આયુષ્યને હાની પહોંચાડે, ઘાત કરે તો પ્રવચનની લઘુતા થાય ને ઉપદેશકને પીડા ઉપજે એમ જાણી સાધુએ કે સાધ્વીએ ઉપદેશ દેતાં પહેલાં શ્રોતાના અભિપ્રાયને જાણવો જોઇએ. શ્રોતા કયા ધર્મને માને છે કયા દેવને નમસ્કાર કરે છે વગેરે જાણ્યા પશ્ચાત્ ઉપદેશ આપવાથી ઉભયને (ઉપદેશક સાધુને તથા શ્રોતાને) લાભનું કારણ થાય. તેમ જ ઉપદેશ આપતા શ્રોતાનો તિરસ્કાર થાય કે માનભંગ થાય તેવા સાહસિક વચનો બોલવા નહિ. સામી વ્યક્તિના અભિપ્રાયને જાણી નિડરતાથી જીવોના તત્ત્વોને બતાવી સ્વ પરના ઉપકાર માટે સત્ય ઉપદેશ દેવો.

૫ ૨ ૩ ૪ ૭ ૬ ૫
કમ્મં ચ છંદં ચ વિગિંચ ધીરે, વિણઇજ્જ ઉ સવ્વઓ આયભાવં।
૮ ૧૦ ૯ ૧૧ ૧૨ ૧૩
રૂવેહિં લુપ્પંતિ ભયાવહેહિં, વિજ્જં ગહાયા તસથાવરેહિં ।।૨૧।।

શબ્દાર્થ : (૧) શ્રોતાના કાર્યો (૨) અભિપ્રાય (૩) જાણી (૪) સાધુ (૫) શ્રોતાના મિથ્યાત્વાદિને (૬) સર્વથા (૭) દૂર કરાવે (૮) સ્ત્રીઓના રૂપ (૯) ભય ઉત્પન્ન કરાવનાર (૧૦) સ્ત્રીઓમાં લુબ્ધ નાશને પામે છે (૧૧) વિદ્વાન સાધુ (૧૨) શ્રોતાના ભાવ જાણી (૧૩) ત્રસ સ્થાવરના જીવોનું કલ્યાણ થાય તેવો ધર્મ કહે.

ભાવાર્થ:– વિષય કષાયથી ક્ષોભ નહિ પામનારા ઉત્તમ બુદ્ધિમાન સાધુ ધર્મોપદેશ સમય ધર્મકથા સાંભળનારા શ્રોતાના કાર્યો–અનુષ્ઠાનો તથા કયા દેવને ભજે છે તથા ગુરુ કર્મી છે કે લઘુ કર્મી છે વગેરે અભિપ્રાયને જાણી સભાને અનુરૂપ તિરસ્કાર રહિત સમભાવથી ધર્મનો ઉપદેશ આપે, શ્રોતાના મિથ્યાત્વાદિ ભાવોને દૂર કરાવે, તેમ જ જીવાદિ તત્ત્વોનું શ્રોતાને જ્ઞાન થાય, પ્રસન્નતા ધારણ કરે, પાપથી પાછા, હઠે, તેવો ઉપદેશ દે, તેમ જ વિષય આસક્તિ દૂર કરાવા માટે, સ્ત્રીઓના રૂપ, સ્ત્રીઓનો સંસર્ગ, વાર્તાલાપ વગેરે જીવોને મહાન ભય ઉત્પન્ન કરાવનાર તથા સદ્ગતિનો નાશ કરાવનાર, ધર્મથી ભ્રષ્ટ કરાવનાર, સંસાર પરિભ્રમણ કરાવનાર, જન્મ મરણાદિ દુઃખના હેતુરૂપ, જગતમાં નિંદાને પાત્ર થનાર, તથા કાન, નાક, હાથ, પગ છેદન ભેદન કરાવનાર અને ભવિષ્યમાં નરક તિર્યંચ-ગતિમાં ઉત્પન્ન કરાવનાર આદિ મહાદુઃખ ઉત્પન્ન કરાવનાર છે. વગેરે ઉપદેશ આપે તથા ત્રસ અને સ્થાવર જીવોનું, સ્વ પરનું, કલ્યાણ થાય તેવો ઉપદેશ આપે. સ્ત્રી સંસર્ગથી તો મહાન ગણાતા વીરો પણ પતિત થયા છે, એમ જાણી સ્ત્રી સંસર્ગથી દૂર રહેવું, તે આત્મ કલ્યાણનો માર્ગ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
न पूयणं चेव सिलोयकामी, पियमप्पियं कस्सइ णो करेज्जा ।
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
सव्वे अणट्ठे परिवज्जयंते, अणाउले या अकसाइ भिक्खू ॥२७॥

શબ્દાર્થ : (૧) ન કરે (૨) પૂજા (૩) સ્તુતિ (૪) ઇચ્છા (૫) પ્રિય (૬) અપ્રિય (૭) કોઇનું (૮) ન (૯) કરે (૧૦) સર્વ (૧૧) અનર્થો (૧૨) વર્જિત કરે (૧૩) અનાકૂળ રહે (૧૪) કષાય રહિત (૧૫) સાધુ.

ભાવાર્થ:– સાધુ પોતાની પૂજા તથા સ્તુતિની ઇચ્છા કર્યા વિના ધર્મોપદેશ આપે, તેમ જ સંસાર સંબંધની કથા શ્રોતાને પ્રિય લાગે તેવી હોય તે પણ ન કરે, તથા રાજકથા વિકથા આદિ કરે નહિ, તેમ જ શ્રોતાને અપ્રિય ભાવ ઉત્પન્ન થાય તેવા વચન ન બોલે, પરંતુ રાગદ્વેષ રહિત બની શ્રોતાના અભિપ્રાય જાણી સમ્યગ્-દર્શન આદિ ગુણોની પ્રાપ્તિ થાય, શ્રોતા તથા ઉપદેશક બંનેનું હિત થાય તેવો ઉપદેશ દે. સર્વ અનર્થોનો ત્યાગ કરીને સૂત્ર તથા અર્થો અવિશુદ્ધ ધર્મ ઉપદેશ દે. કષાય રહિત બની સંયમનું પાલન કરે.

૧ ૨ ૩ ૪ ૬ ૫
आहत्तहीयं समुपेहमाणे, सव्वेहिं पाणेहिं णिहाय दंडं ।
૧૦ ૭ ૮ ૯ ૧૩ ૧૧ ૧૨
णो जीवियं णो मरणाहिकंखी, परिव्वएज्जा वलयाविमुक्के
त्ति-बेमि ॥૨૩॥

શબ્દાર્થ : (૧) સત્ય ધર્મને (૨) જોતાં થકા (૩) સર્વ (૪) પ્રાણીઓની (૫) હિંસાનો (૬) ત્યાગ કરી (૭) જીવન (૮) મરણની (૯) ઇચ્છા (૧૦) ન રાખતા (૧૧) કર્મ રૂપી વલયથી (૧૨) મુક્ત થઈ (૧૩) સંયમમાં વિચરે.

ભાવાર્થ:– સાધુ શ્રુત ચારિત્રરૂપ સત્ય ધર્મના સ્વરૂપને યથાતથ્ય જાણી, સર્વ પ્રાણીમાત્રની હિંસાનો ત્યાગ કરી, અણારંભી તથા અપરિગ્રહી બની અસંયમી જીવનની ઇચ્છા કરે નહિ. ત્રસ સ્થાવર જીવોની હિંસા કરીને ચિરકાળ સુધી જીવવાની ઇચ્છા કરે નહિ. રોગોના દુઃખોથી દુઃખિત થતા પણ મરણને ઇચ્છે નહિ

શાસ્ત્ર મર્યાદા અનુસાર વિચરનાર સાધુ મોહનીય કર્મોથી અલગ રહી સંયમ અનુષ્ઠાન કરતા વિચરે. તત્ત્વનો વિચાર કરી સૂત્રને અનુરૂપ અભ્યાસ કરતા થકાં સૂક્ષ્મ અને બાદર પૃથ્વીકાયાદિ સ્થાવર તથા ત્રસ પ્રાણીઓના પ્રાણોનો નાશ થાય તેવા વ્યાપાર કરે નહિ. પોતાના પ્રાણ જતાં પણ ધર્મનું ઉલ્લંઘન કરે નહિ. પરીષહથી પીડિત થતાં તથા અન્ય દુઃખોથી દુઃખિત થતા વેદના સહન ન થાય તેવા પ્રસંગે ધીરજ રાખી સમભાવે દુઃખોને સહન કરે, પણ અસંયમી જીવનને ઇચ્છે નહિ. સંયમમાં ઉપયોગવંત રહી સંયમનું શુદ્ધ પાલન કરતા થકા વિચરે એવો સાધુ ધર્મ છે.

અધ્યયન તેરમું સમાપ્ત.

સૂત્ર કૃતાંગ સૂત્ર

અધ્યયન ૧૪ મું.

ગ્રન્થનામ

૨ ૩ ૧ ૪ ૫ ૬ ૭
गंथं विहाय इह सिक्खमाणो, उट्ठाय सुबंभचेरं वसेज्जा ।
૮ ૯ ૧૦ ૧૨ ૧૧ ૧૩ ૧૪
ओवायकारी विणयं सुसिक्खे, जे छेय विप्पमायं न कुज्जा ॥ १॥

શબ્દાર્થ : (૧) આ લોકમાં (૨) પરિગ્રહ (૩) છોડી (૪) શિક્ષા ગ્રહણ તથા સેવન કરતા (૫) દીક્ષા ગ્રહણ કરી (૬) બ્રહ્મચર્ય (૭) પાલન કરે (૮) આચાર્યની આજ્ઞાનું પાલન કરતા (૯) વિનય (૧૦) શીખે (૧૧) સંયમ અનુષ્ઠાનમાં નિપુણ હોય તે કદી સંયમમાં (૧૨) જે પુરુષ (૧૩) પ્રમાદ (૧૪) ન કરે.

ભાવાર્થ:– આ લોકમાં પરિગ્રહને છોડી શિક્ષા ગ્રહણ કરી દીક્ષા લઈને ઉત્સાહથી બ્રહ્મચર્યનું પાલન કરે તથા આચાર્યની આજ્ઞાનું પાલન કરતા થકા વિનયને શીખે. આ રીતે સંયમ પાલન કરવામાં કદી પણ પ્રમાદ કરે નહિ. આવા સાધકો ધન્યવાદને પાત્ર બને છે, તેમ જ સમસ્ત કર્મોનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત કરે છે. એમ જાણી સાધક આત્માઓએ સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણાદિનાં અનંતકાળનાં દુઃખોનો નાશ કરવા તથા સંસાર સ્વરૂપને એકાંત દુઃખમય જાણી, આત્મકલ્યાણ માટે ઉદ્યમવંત બની પાંચ સમિતિ ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચન માતાનું પાલન કરવામાં ઉપયોગવંત રહી. બ્રહ્મચર્યમાં દૃઢ બની શરીર મમત્વને છોડી, કષાયો મંદ બનાવી, આરંભ પરિગ્રહ જ દુઃખના હેતુઓ જાણી તેનો સર્વથા ત્યાગ કરી સંયમ પાલન કરવા સતત જાગૃત રહી. માનવભવને સફળ બનાવવો એ જ મનુષ્ય કર્તવ્ય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
जहा दियापोतमत्तजातं, सावासगा पविउं मन्नमाणं ।
૧૦ ૯ ૧૩ ૮ ૧૧ ૧૪ ૧૨
तमचाइयं तरुणमपत्तजातं, ढंकाइ अव्वत्तगमं हरेज्जा ॥२॥

શબ્દાર્થ : (૧) જેમ કોઇ (૨) પક્ષીના (૩) બચ્ચા (૪) પૂરી પાંખો આવ્યા વિના (૫) પોતાના સ્થાનથી (૬) ઉડીને અન્યત્ર જવા (૭) ઇચ્છા કરે છે (૮) પાંખો વિના ઉડવામાં (૯) સમર્થ હોતા દેખીને ઢંક (૧૦) તેઓને (૧૧) આદિ પક્ષી ઉડવામાં (૧૨) તેને હરણ કરી નાશ કરે છે (૧૩) છોટા (૧૪) અસમર્થ જાણી.

ભાવાર્થ:– પક્ષીના નાના બચ્ચાને પૂરી પાંખો આવ્યા પહેલાં પોતાના સ્થાનથી ઉડીને અન્યત્ર સ્થાને જવા ઇચ્છતા થકા બહાર જતા ઉડવામાં અસમર્થ હોવાથી પાંખો ફડફડાવતા દેખીને ઢંક આદિ માંસાહારી પક્ષીઓ તે બચ્ચાને પકડી લઇ મારી નાખે છે. એ દૃષ્ટાંતે સાધુ આચાર્યની આજ્ઞા વિના એકલા વિચરતા સંયમથી ભ્રષ્ટ બને છે. જેથી સાધુએ પોતાની પૂર્ણ શક્તિ પ્રાપ્ત થયા વિના ગચ્છથી બહાર વિચરવાની ઇચ્છા કરવી નહિ, શક્તિ પ્રાપ્ત થયા વિના એકલા વિચરનાર સાધકને ઘણી મુશ્કેલીઓ આવે છે, જેમાંથી પાર થવામાં ઘણા દુઃખો ભોગવવાં પડે છે એમ જાણી ગુરુવાસમાં રહેવું એ અપકાય સાધુને માટે શ્રેયસ્કર છે.

૧ ૩ ૪ ૫ ૬
एवं तु सेहंपि अपुट्ठधम्मं, निस्सारियं वुसिमं मन्नमाणा ।
૧૦ ૧૧ ૧૨ ૯ ૮ ૭
दियस्स छायं व अपत्तजायं, हरिंसु णं पावधम्मा अणेगे ॥३॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે (૨) ધર્મમાં અકુશલ (૩) શિષ્ય (૪) ગચ્છથી બહાર નિકળેલ દેખી (૫) પોતાને વશીભૂત (૬) સમજી (૭) ઘણા (૮) પાખંડી (૯) જેમ હરણ કરી લે છે (૧૦) પક્ષીના (૧૧) બચ્ચાની (૧૨) જેમ પૂરી પાંખો નહિ ઉત્પન્ન થયેલ.

ભાવાર્થ:– જેમ પાંખો રહિત પક્ષીના બચ્ચાને માંસાહારી પક્ષી પકડી તેનો નાશ કરે છે, એવા પ્રકારે ધર્મમાં અનિપુણ નવ-દિક્ષીત શિષ્યને ગચ્છથી છૂટા પડી ગયેલાને એકલા વિચરતા દેખી ઘણા પાખંડીઓ પ્રલોભન આપી સંયમ ધર્મથી ભ્રષ્ટ કરે છે. વયથી તથા જ્ઞાનથી પરિપક્વ થતા સુધી સાધકે ગુરુ વાસમાં રહેવું. એવો શ્રી ભગવંતનો ઉપદેશ છે, એકાકી વિચરતા સાધુઓને ઘણી બાધાઓ–પીડા ઉત્પન્ન થાય છે, જેનું નિવારણ કરવામાં સાધકને ઘણી મુશ્કેલી પડે છે. એમ જાણી સાધકે ગુરુની આજ્ઞા વિના બહાર વિચરવું નહિ.

૮ ૧૦ ૧ ૯ ૨ ૫ ૩ ૪ ૬
ओसाणमिच्छे मणुए समाहिं, अणोसिए णंतकरिंति णच्चा ।
૧૨ ૭ ૧૧ ૧૬ ૧૫ ૧૪ ૧૩
ओभासमाणे दवियस्स वित्तं, ण णिक्कसे बहिया आसुपन्नो ॥૪॥

શબ્દાર્થ : (૧) મનુષ્ય ગુરુકુલમાં (૨) નિવાસ નહિ કરવાવાળા (૩) કર્મોનો નાશ (૪) કરી શકતા (૫) નથી (૬) એમ જાણી ગુરુકુલમાં (૭) મુક્તિ ગમન યોગ્ય પુરુષના (૮) નિવાસની તથા (૯) સમાધિની (૧૦) ઇચ્છા કરે (૧૧) આચરણનો (૧૨) સ્વીકાર કરતા થકા (૧૩) બુદ્ધિમાન પુરુષ (૧૪) ગચ્છથી બહાર (૧૫) નીકળે (૧૬) ન.

ભાવાર્થ:– જે પુરુષો ગુરુકુલમાં નિવાસ કરતા નથી, તે પુરુષો પોતાના કર્મોનો નાશ કરી શકતા નથી, એમ જાણી સાધક પુરુષ સદા ગુરુકુળમાં નિવાસ કરે અને સમાધિની ઈચ્છા રાખે અને મુક્તિગમન યોગ્ય પુરુષના આચરણનો સ્વીકાર કરે, ગચ્છ બહાર ન જાય, ગુરુકુળમાં નિવાસનો અર્થ એ છે જે સદા સત્સંગનો યોગ રહે, પ્રમાદ ન થાય, કોઇ પ્રશ્ન પૂછવો હોય તો તરત તેનો પ્રત્યુત્તર મળી શકે અને આચાર્યની સમીપમાં રહેવાથી સંયમપાલન સારી રીતે થઇ શકે, સ્વચ્છંદાચારીઓથી દૂર રહી શકાય તથા જ્ઞાનની

પ્રાપ્તિ થાય, વગેરે મહાન લાભો થાય છે. એમ જાણી સાધકે ગુરુ-વાસમાં રહી ગુરુની આજ્ઞામાં રહી સંયમ પાલન કરવું. તેમાં પોતાના આત્માનું હિત છે.

૧ ૨ ૩ ૪ ૫
जे ठाणओ य सयणासणे य, परक्कमे यावि सुसाहुजुत्ते ।
૬ ૭ ૮ ૧૧ ૧૦ ૯
समितीसु गुत्तीसु य आयपन्ने, वियागरिंते य पुढो वएज्जा ॥५॥

શબ્દાર્થ : (૧) કાયોત્સર્ગ (૨) શય્યા (૩) આસન (૪) પરાક્રમ કરે (૫) ઉત્તમ સાધુની સમાન આચરણ કરનાર (૬) સમિતિ (૭) ગુપ્તિ પાલનમાં નિપુણ (૮) પ્રજ્ઞાવંત (૯) યથાર્થ સ્વરૂપને બતાવે (૧૦) અન્યને સમિતિ ગુપ્તિના (૧૧) ઉપદેશ કરે.

ભાવાર્થ:– ગુરુકુળમાં નિવાસ કરનાર સાધુ, સ્થાન, શયન, આસન વિષયમાં તથા તપમાં પરાક્રમ કરે. સંયમમાં ઉત્તમ સાધુ સમાન આચરણ કરતા થકાં, સમિતિ ગુપ્તિ વિષયમાં પુર્ણ રૂપથી નિપુણ બનીને, અન્ય સાધકોને સમિતિ ગુપ્તિરૂપ સાધક આચારનો ઉપદેશ આપે અને કાયોત્સર્ગમાં મેરુ પર્વતની સમાન કંપન રહિત સ્થિર રહી, શરીરથી નિસ્પૃહ રહી, કાયોત્સર્ગ કરે, શયન, આસનમાં સ્થિરતાં પ્રાપ્ત કરવામાં પણ ઉપયોગવંત રહે, કર્તવ્ય અકર્તવ્યમાં વિવેક યુક્ત બની રહે, એ સાધકનો આચાર છે. સાધકે સંસારીનો પરિચય નહિ રાખવો, તેમ જ સંસારભાવના સંકલ્પો વિકલ્પોને છોડવા માટે બને તેટલો સમય એકાંત સેવનની વૃદ્ધિ સાથે ધ્યાનાવસ્થામાં રહી જ્ઞાન, દર્શન ચારિત્રની આરાધના કરવામાં સતત જાગૃત રહેવું જોઇએ.

૧ ૩ ૪ ૨ ૫ ૬ ૭
सद्दाणि सोच्चा अदु भेरवाणि, अणासवे तेसु परिव्वएज्जा ।
૮ ૧૧ ૧૦ ૧૨ ૧૩ ૧૪ ૧૫
निद्दं च भिक्खू न पमाय कुज्जा, कहं कहं वा वितिगिच्छतिन्ने ॥६॥

શબ્દાર્થ : (૧) શબ્દો (૨) ભયંકર (૩) સાંભળી (૪) મધુર અથવા (૫) રાગદ્વેષ રહિત બની (૬) તેમાં (૭) સાધુ વિચરે (૮) ઉત્તમ સાધુ (૯) નિંદ્રા (૧૦) પ્રમાદ (૧૧) ન (૧૨) કરે (૧૩) કોઈ વિષયમાં (૧૪) શંકા ઉત્પન્ન થાય (૧૫) ગુરુને પૂછી શંકાને દૂર કરે.

ભાવાર્થ:– ઇર્યાસમિતિ યુક્ત સાધુ વીણા આદિના મધુર શબ્દો કાનને પ્રિય લાગે તેવા અથવા ભયંકર કાનને અપ્રિય લાગે તેવા શબ્દો સાંભળીને ઉત્તમ સાધુ તેમાં રાગ દ્વેષ કરે નહિ, મધ્યસ્થવૃત્તિ ધારણ કરે તથા નિદ્રારૂપ પ્રમાદ કરે નહિ, કોઇ વિષયમાં શંકા ઉત્પન્ન થાય તો ગુરુને પૂછી શંકાનું નિવારણ કરે, સ્થાન, શયન, આસન, સમિતિ, ગુપ્તિમાં વિવેક યુક્ત રહી પ્રમાદને દૂર કરતા થકા સંયમ પાલન કરે, આશ્રવનો નિરોધ કરવા પોતાનો મનયોગનો વ્યાપાર પ્રશસ્ત રાખવા સતત અભ્યાસી રહેવા જાગૃત રહેવું જોઇએ, અનાદિનો સંસાર ભાવનો અભ્યાસ છોડવા માટે નિઃસંગપણું તથા અપ્રમાદ ભાવે રહેવાની જરૂર ગણવી એ શ્રેષ્ઠ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
डहरेण वुड्ढेणऽणुसासिए उ, रातिणिएणावि समव्वएणं ।
૧૦ ૧૧ ૭ ૮ ૧૨ ૧૩
सम्मं तयं थिरतो णाभिगच्छे, णिज्जंतए वावि अपारए से ॥७॥

શબ્દાર્થ : (૧) કોઇ પ્રકારે પ્રમાદ થતા પોતાથી નાની વયના અગર (૨) મોટા સાધુ દ્વારા (૩) શિક્ષા પ્રાપ્ત થતા પોતાથી પ્રવ્રજ્યામાં (૪) શ્રેષ્ઠ અથવા (૫) સમાન (૬) વયવાળા દ્વારા ભૂલ સુધારવાને માટે કહેલ હોય તેનો (૭) સ્થિરતા સાથ (૮) સ્વીકાર (૯) કરે નહિ તે સાધક સંસારના પ્રવાહમાં (૧૦) સમ્યક્ પ્રકારે (૧૧) તેનો (૧૨) તણાતા રહે તે સંસાર પ્રવાહથી (૧૩) પાર થવા સમર્થ થાય નહિ.

ભાવાર્થ:– કોઇ સાધકની પ્રમાદ વશ ભૂલ થતાં સાધકની વયથી નાની વયના અગર મોટી વયના અથવા પ્રવ્રજ્યામાં શ્રેષ્ઠ, સમાન વયના સાધુઓ તરફથી આચાર પાલનમાં ભૂલ કરનાર સાધકને

તેની ભૂલ સુધારવા શિક્ષા વચનો કહેવામાં આવે તો તે શિક્ષાને સમભાવથી સ્થિરતાથી સ્વીકાર કરે નહિ અને ક્રોધને વશ થઇ શિક્ષા દેનાર ઉપર ક્રોધ કરે તો તેવા સાધકો સંયમપાલનથી ભ્રષ્ટ થઇ સંસાર પ્રવાહમાં તણાતા થકાં જન્મ મરણરૂપ સંસાર પરિભ્રમણ કરે અને દુઃખોને ભોગવે તેમ જ સંસારને પાર કરવા સમર્થ બને નહિ, એમ જાણી સાધકે પ્રમાદ વશ કોઇ સંયમપાલનમાં ક્ષતિ થઇ જાય તો તે ક્ષતિને દૂર કરવા સતત જાગૃત બની અહંભાવ ત્યાગીને શિખામણ આપનારનો ઉપકાર માની પ્રાયશ્ચિત્ત લઇ વિશુદ્ધ બની શુદ્ધ સંયમપાલન કરવું તે પોતાના જ માટે શ્રેયસ્કર છે

૨ ૩ ૪ ૫ ૬ ૭
विउट्टितेणं समयाणुसिट्ठ डहरेण वुड्ढेण उ चोइए य ।
૮ ૯ ૧ ૧૦ ૧૧
अच्चुट्टियाए घडदासिए वा, अगारिणं वा समयाणुसिट्ठे ॥८॥

શબ્દાર્થ : (૧) શાસ્ત્ર વિરૂદ્ધ આચારવાળા ગૃહસ્થ (૨) અન્યતીર્થી (૩) આચારની (૪) શિક્ષા પામતા (૫) નાની વયના (૬) મોટી વયના (૭) પ્રેરિત કર્યા થકા (૮) અત્યન્ત નિન્દનીય કાર્ય કરનાર (૯) ઘટ દાસી (૧૦) ધર્મની (૧૧) શિક્ષા આપતા.

ભાવાર્થ:– વીતરાગદેવના રચેલા શાસ્ત્ર વિરૂદ્ધ કાર્ય કરનાર અને સંસારમાં ખુતેલા, આત્માનું અહિત કરનાર ગૃહસ્થ લોકો અથવા અન્યતીર્થીઓ અથવા નિન્દનીય કાર્ય કરવાવાળી ઘટદાસી પાણી ભરવાવાળી દાસી તથા સાધકથી નાની વયના અથવા મોટી વયના આદિ કોઇ વ્યક્તિ, કોઇ પણ સાધુ આચાર વિરૂદ્ધ કાર્ય કરતા હોય તે સાધુને ઉત્તમ આચારની શિખામણ આપે અને કહે જે આપ જે કાર્ય કરી રહ્યા છો તેવા કાર્ય તો ગૃહસ્થને યોગ્ય પણ નથી, તો પછી આવા આચાર વિરૂદ્ધ કાર્ય સાધુથી કેમ થાય ? ન જ થાય, આ રીતે શુદ્ધ આચારના ધર્મનો ઉપદેશ પ્રાપ્ત થતાં તે સાધુ શિખામણ

આપનાર ઉપર ક્રોધ કરે નહિ, પરંતુ શિખામણ આપનારનો ઉપકાર માની પોતાના આત્માનું કલ્યાણનું કારણ જાણી તે શિખામણનો સ્વીકાર કરી શુદ્ધ સંયમનું પાલન કરવું એવો સાધકનો આચાર છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
ण तेसु कुज्झे णय पव्वहेज्जा, ण यावि किंची फरुसं वदेज्जा ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
तहा करिस्संति पडिस्सुणेज्जा, सेयं खु मेयं ण पमाय कुज्जा ॥९॥

શબ્દાર્થ : (૧) પૂર્વોક્ત શિખામણ દેનાર ઉપર (૨) ક્રોધ (૩) ન કરે (૪) પીડા ન આપે (૫) નહિ (૬) કિંચિત (૭) કર્કશ વચન (૮) ન કહે (૯) આપ કહો છો તે પ્રમાણે (૧૦) કરીશ (૧૧) પ્રતિજ્ઞા કરે (૧૨) કલ્યાણ સમજી (૧૩) મારૂ (૧૪) પ્રમાદ (૧૫) ન કરે.

ભાવાર્થ:- પૂર્વોક્ત પ્રકારે અન્ય વ્યક્તિ તરફથી શિખામણ પ્રાપ્ત થતાં શિક્ષા આપનાર વ્યક્તિ પ્રત્યે સાધક ક્રોધ ન કરે, કોઇ પ્રકારે તેને દુઃખ થાય તેવું વર્તન કરે નહિ, તેમ જ કર્કશ વચન પણ ન કહે, પરંતુ એમ કહે જે આપ મને જે પ્રમાણે કહો છો તે જ પ્રમાણે વર્તન કરીશ. કારણ જે તેમાં મારૂં શ્રેય છે, એમ માની પરમાર્થનો વિચાર કરી તે શિખામણનો સ્વીકાર કરે, આચારમાં લાવે, અસત્ય આચરણનો ત્યાગ કરે, પ્રમાદનો ત્યાગ કરી કરેલ અશુભ કાર્યનું પ્રાયશ્ચિત લઈ મિચ્છામિ દુક્કડં બોલી શિક્ષા આપનારનો ઉપકાર માની મધ્યસ્થ વૃત્તિ ધારણ કરી આચાર વિરૂદ્ધના કાર્યનો ત્યાગ કરી સમિતિ ગુપ્તિવંત રહી સમ્યક્ પ્રકારે સંયમનું પાલન કરવા જાગૃત બની સંયમભાવમાં વિચરે.

૩ ૪ ૧ ૨ ૭ ૮ ૬ ૫
वणंसि मूढस्स जहा अमूढा, मग्गाणुसासंति हितं पयाणं ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
तेणेव मज्झं इणमेव सेयं, जं मे बुहा समणुसासयंति ॥१०॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) માર્ગના જાણનાર (૩) વનમાં (૪) માર્ગ ભૂલેલ (૫) પ્રજ્ઞને (૬) હિતકારી (૭) માર્ગની (૮) શિક્ષા (૯) એ રીતે (૧૦) મને (૧૧) શિક્ષા (૧૨) શ્રેય છે (૧૩) જે (૧૪) મને (૧૫) વૃદ્ધ હિતકારી (૧૬) શિક્ષા દે છે.

ભાવાર્થ:- જેમ જંગલમાં-વનમાં માર્ગ ભૂલેલને, માર્ગના જાણકાર માર્ગને બતાવે, તે માર્ગ બતાવનાર ઉપર માર્ગ ભૂલનાર પુરુષ પ્રસન્ન થાય છે અને સમજે છે કે આ શિક્ષા મને કલ્યાણકારી છે, એની માફક ઉત્તમ માર્ગની શિક્ષા દેનાર પુરુષ ઉપર શિક્ષા પામનાર સાધુ પ્રસન્ન થાય છે અને માને છે કે આ ઉપદેશ મારા કલ્યાણનું કારણ છે, એમ માની શિક્ષા દેનારનો મહાન ઉપકાર માને, કારણ કે ઘોર જંગલમાં દિશામૂઢ થયેલ મનુષ્ય માર્ગ ભૂલવાથી ગભરાઇ જાય છે અને માર્ગનો પતો ન મળતાં માર્ગ દેખાડનારને જીવિતદાન આપનાર માની પ્રસન્ન થઈ તેનો મહાન ઉપકાર માને છે, એ પ્રકારે સંસારરૂપ અટવીમાં ભૂલેલાને, સંસાર અટવીમાંથી બહાર કાઢી શાન્તિના માર્ગરૂપ મોક્ષના માર્ગને બતાવનારનો મહાન ઉપકાર માની પ્રસન્ન થાય છે એમ જાણી સુસાધુએ શિક્ષા આપનારનો ઉપકાર માની સંયમમાં ઉપયોગવંત રહી સંયમ પાલન કરવું.

૧ ૨ ૩ ૪ ૭ ૫ ૬
अह तेण मूढेण अमूढगस्स, कायव्व पूया सविसेसजुत्ता ।
૮ ૧૦ ૯ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
एओवमं तत्थ उदाहु वीरे, अणुगम्म अत्थं उवणेति सम्मं ॥११॥

શબ્દાર્થ : (૧) પશ્ચાત્ (૨) એ (૩) મૂઢ પુરુષે (૪) અમૂઢ પુરુષની (૫) પૂજા (૬) વિશેષ રૂપથી (૭) કરવી જોઇએ (૮) આ ઉપમા (૯) બતાવી છે (૧૦) આ વિષયમાં (૧૧) વીર પ્રભુએ (૧૨) સમજી (૧૩) પદાર્થને (૧૪) શિક્ષાના ઉપકારને સાધુ પોતામાં સ્થાપિત કરે (૧૫) સમ્યક્ પ્રકારે.

ભાવાર્થ:– જેમ માર્ગ ભ્રષ્ટ પુરુષ માર્ગ બતાવનાર પુરુષની વિશેષ પ્રકારથી તેમનો ઉપકાર માની પૂજા સત્કાર કરે, એવી જ રીતે સંયમપાલનમાં ભૂલ કરવાવાળા સાધુને સન્માર્ગનો ઉપદેશ આપનાર પુરુષની પૂજા તથા સત્કાર કરી તે ઉપદેશ પોતાના હૃદયમાં સ્થાપિત કરી ઉપદેશકનો ઉપકાર માને, આવા પ્રકારનું કથન **શ્રી તીર્થંકર દેવોએ** તથા **શ્રી ગણધર** મહારાજે કહેલ છે, તેના ઉપર શ્રદ્ધા લાવી સદ્‌ગુરુનો અગર હરકોઇ વ્યક્તિ સાધક મોક્ષ માર્ગથી દૂર જતા સંસાર અટવીના માર્ગે ચડી જતા તે સંસાર પરિભ્રમણરૂપ માર્ગથી મોક્ષના માર્ગે દોરનાર મોક્ષમાર્ગે લઇ જનાર વ્યક્તિનો મહાન ઉપકાર સમજી તેની સેવા કરવી તે સાધકનું કર્તવ્ય છે અને સાથે કલ્યાણનું કારણ છે.

૨ ૧ ૩ ૪ ૬ ૮ ૭ ૫
णेता जहा अंधकारंसि राओ, मग्गं ण जाणाति अपस्समाणे ।
૯ ૧૦ ૧૨ ૧૩ ૧૧
से सूरिअस्स अब्भुग्गमेणं, मग्गं वियाणाइ पगासियंसि ॥१२॥

શબ્દાર્થ : (૧) જેમ (૨) માર્ગ દર્શક પુરુષ (૩) અંધારી (૪) રાત્રિમાં (૫) ન દેખતાં (૬) માર્ગને (૭) જાણતો (૮) નથી (૯) (૧૦) સૂર્યોદય થતાં (૧૧) પ્રકાશ થતાં (૧૨) માર્ગને (૧૩) જાણે છે.

ભાવાર્થ:– જેમ માર્ગદર્શક પુરુષ અંધારી રાત્રિમાં અંધકારના કારણે માર્ગ નહિ દેખાતો હોવાથી માર્ગને જાણી શકતો નથી, પરંતુ સૂર્યોદય થતાં પ્રકાશ ફેલાતાં માર્ગને જાણી લે છે, એવા પ્રકારે જિન-વિતરાગદેવના ઉપદેશથી જ્ઞાનથી જીવ સન્માર્ગને જાણી લે છે. અજ્ઞાનરૂપ અંધકારમાં ફસાઈ રહેલ આત્માઓ જિનમાર્ગને નહિ જાણનારા સદ્‌ગુરુના ઉપદેશથી સંસારના સ્વરૂપને જાણી સંસાર ભાવનો ત્યાગ કરી પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા બાદ સદ્‌ગુરુના સમાગમે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થતાં જ્ઞાનરૂપી દીપકના પ્રકાશને પ્રાપ્ત

કરી, મોક્ષમાર્ગને પ્રાપ્ત કરવાના જ્ઞાનને પ્રાપ્ત કરી લે છે, જેથી સદ્‌ગુરુના સત્સંગની જરૂર છે.

૧ ૪ ૩ ૨ ૮ ૬ ૭ ૫
एवं तु सेहेवि अपुट्ठधम्मे, धम्मं न जाणाइ अबुज्झमाणे ।
૧૦ ૯ ૧૧ ૧૨ ૧૩ ૧૫ ૧૪
से कोविए जिणवयणेण पच्छा, सूरोदए पासति चक्खुणेव॥१३॥

શબ્દાર્થ : (૧) એ પ્રકારે ઉપરોક્ત (૨) ધર્મમાં (૩) અનિપુણ (૪) શિષ્ય પણ સૂત્રાર્થને (૫) નહિ સમજવાથી (૬) નહોતો (૭) જાણતો (૮) ધર્મને (૯) વિદ્વાન બની (૧૦) એ શિષ્ય (૧૧) પરંતુ જિન વાક્યોથી (૧૨) પશ્ચાત્ ધર્મના સ્વરૂપને જાણી લે છે (૧૩) જેમ સૂર્યોદય થતાં (૧૪) નેત્ર દ્વારા (૧૫) પદાર્થોને દેખે છે.

ભાવાર્થ:– એ પ્રકારે નવીન સાધક સૂત્ર તથા અર્થને નહિ જાણનાર ધર્મમાં અનિપુણ શિષ્ય ધર્મના સ્વરૂપને જાણતો ન હોય, પરંતુ પરંપરાએ પુરુષાર્થથી જિન વચનના જ્ઞાતા બની ધર્મના સ્વરૂપને જાણી લે છે. જેમ સૂર્યોદય થતાં પ્રકાશ ફેલાતાં નેત્ર દ્વારા ઘટપટ આદિ સર્વ પદાર્થોને જોઇ શકાય છે. એ રીતે શિષ્યો સદ્‌ગુરુ દ્વારા જ્ઞાન પ્રાપ્ત થવાથી મોક્ષના સ્વરૂપને જાણી મોક્ષમાર્ગનો જ્ઞાતા બની મોક્ષને પ્રાપ્ત કરી સમાધિને પ્રાપ્ત કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
उड्ढं अहेयं तिरियं दिसासु, तसा य जे थावरा जे य पाणा ।
૮ ૧૦ ૯ ૧૧ ૧૨ ૧૩
सया जए तेसु परिव्वएज्जा, मणप्पओसं अविकंपमाणे ॥१४॥

શબ્દાર્થ : (૧) ઉપર (૨) નીચે (૩) તિરચ્છી (૪) દિશાઓમાં (૫) ત્રસ (૬) સ્થાવર (૭) પ્રાણી રહે છે (૮) સદા (૯) તેમાં (૧૦) યત્નાપૂર્વક સંયમ રાખી (૧૧) વિચરે (૧૨) મનથી થોડો પણ દ્વેષ ન કરતાં (૧૩) સંયમમાં નિશ્ચલ રહે.

ભાવાર્થ:– ઉપર, નીચે તથા તિરચ્છી દિશાઓમાં જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ નિવાસ કરે છે, તેના ઉપર થોડો પણ દ્વેષ નહિ કરતાં, તેઓની ઉપર અનુકંપા લાવી સદા યત્નાપૂર્વક તે જીવોની દયા પાલતા થકા સંયમનું પાલન કરે, સંયમ ભાવમાં વિચલિત ન થતાં આરંભ પરિગ્રહ રહિત બની સંયમમાં સ્થિરતા રાખી સંયમ પાલન કરે, એવો શ્રી વીતરાગદેવનો ઉપદેશ છે. છકાય જીવોની દયાનું પાલન કરવું તે તો સંયમનું પ્રથમ કાર્ય છે.

૧ ૪ ૩ ૨ ૫ ૬ ૭
कालेण पुच्छे समियं पयासु, आइक्खमाणो दवियस्स वित्तं ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
तं सोयकारी पुढो पवेसे, संखा इमं केवलियं समाहिं ॥१५॥

શબ્દાર્થ : (૧) સાધુ અવસર દેખી (૨) પ્રજાઓના વિષયમાં (૩) સદાચારી આચાર્યને (૪) પૂછે (૫) બતાવનાર (૬) આચાર્યની પૂજા કરે. (૭) સર્વજ્ઞના આગમને (૮) આચાર્યની (૯) આજ્ઞા માની (૧૦) તેમના પૃથક્ પૃથક્ ઉપદેશને (૧૧) હૃદયમાં ધારણ કરે (૧૨) સમજી હૃદયમાં ધારણ કરે (૧૩) કેવલીએ બતાવેલ (૧૪) સન્માર્ગને.

ભાવાર્થ:– સાધુ અવસર જોઈ સદાચારી આચાર્યને, પ્રાણીઓના વિષયમાં પ્રશ્ન કરે, પૂછે, તથા સર્વજ્ઞના આગમનના ઉપદેશ કરનાર આચાર્ય મહારાજની પૂજા તથા સત્કાર સન્માન કરે. તથા આચાર્યની આજ્ઞા અનુસાર સંયમ અનુષ્ઠાન કરતા થકા સાધુ આચાર્ય દ્વારા કથન કરેલ કેવળી સંબંધી જ્ઞાનને સાંભળી હૃદયમાં ધારણ કરે, તે સાધકને કલ્યાણનું કારણ છે. એમ જાણી સદ્ગુરુની આજ્ઞાનું પાલન કરવું પ્રભુએ આજ્ઞાએ ધર્મ કહેલ છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
अस्सिं सुठिच्चा तिविहेण तायी, एएसु या संति निरोहमाहु ।
૧૦ ૯ ૧૩ ૧૪ ૧૧ ૧૨
ते एवमक्खंति तिलोगदंसी, ण भुज्जयेयंति पमायसंगं ॥१६॥

શબ્દાર્થ : (૧) ગુરુના ઉપદેશમાં (૨) સાવધાન બની (૩) ત્રણ કરણ ત્રણ યોગે (૪) છકાય જીવ રક્ષક (૫) સમિતિ ગુપ્તિના પાલનથી (૬) શાંતિ (૭) કર્મનો ક્ષય થવાનું (૮) શ્રી સર્વજ્ઞે કહેલ છે (૯) ત્રિલોક દર્શી (૧૦) એમ કહે છે કે ક્ષણ માત્ર (૧૧) પ્રમાદનો (૧૨) સંગ (૧૩) કરવો નહિ (૧૪) ફરી.

ભાવાર્થ:- સાધુ ગુરુના ઉપદેશને હૃદયમાં સ્થાપિત કરી, મન, વચન, કાયાથી છકાય જીવોની રક્ષા કરવામાં સદા ઉપયોગવંત રહે, એ પ્રકારે સમિતિ અને ગુપ્તિના સમ્યક્ પાલનથી પોતાને તથા અન્ય જીવોને શાંતિનો લાભ અને અષ્ટકર્મનો ક્ષય થવાનું, શ્રી સર્વજ્ઞ ભગવંતે કહેલ છે. ત્રિલોકદર્શી પુરુષ કહે છે સાધુએ એક ક્ષણ પણ કદાપી પ્રમાદનો સંગ કરવો નહિ, એટલે પાંચ ઇન્દ્રિયોના વિષયોથી સદા દૂર રહેવું. તે સર્વ દુઃખોનો અંત કરવાનો મહાન ઉપાય તે સંયમપાલન છે. વિષયોથી સંસાર પરિભ્રમણ અને તેના ત્યાગથી મહાન શાંતિની પ્રાપ્તિ થાય છે. સાધકે પોતાના આત્માના રક્ષણ માટે સતત ઉપયોગ રાખવા જરૂર ગણવી, છકાય જીવોની દયા પાળવી, તે પોતાના આત્માની જ દયા પાળવા સમાન છે, તેમ જ સમિતિ ગુપ્તિ આદિ સમાધિમાર્ગમાં સ્થિત રહેવાથી સર્વ દુઃખોનો અંત લાવી શકાય છે અને મોક્ષના શાશ્વતાં સુખની પ્રાપ્તિ થાય છે. એમ જાણી સાધકે સંયમ પાલનમાં જાગૃત બની વિચરવું.

નિસમ્મ[૨] સે ભિક્ખૂ[૧] સમીહિયટ્ઠં[૩], પડિભાણવં[૪] હોઇ વિસારએય[૫]।
આયાણઅટ્ઠી[૬] વોદાણમોણં[૭], ઉવેચ્ચ[૮] સુદ્ધેણ[૯] ઉવેતિ[૧૦] મોક્ખં[૧૧]॥૧૭॥

શબ્દાર્થ : (૧) ગુરુકુળમાં નિવાસ કરનાર સાધુ (૨) સાધુના આચારને સાંભળી (૩) મોક્ષરૂપ ઇષ્ટ અર્થને જાણી (૪) બુદ્ધિમાન (૫) સિદ્ધાંતના વક્તા બને (૬) સમ્યગ્જ્ઞાન આદિ મોક્ષાભિલાષી સાધુ (૭) તપ (૮) સંયમને (૯) પ્રાપ્ત કરી (૧૦) શુદ્ધ આહાર વડે (૧૧) મોક્ષને (૧૨) પ્રાપ્ત કરે છે.

भावार्थ:– ગુરુકુળમાં નિવાસ કરનાર સાધુ ઉત્તમ સાધુના આચારને સાંભળી પોતાના આત્માના ઇષ્ટ અર્થરૂપ મોક્ષને જાણી, બુદ્ધિમાન તથા સિદ્ધાંતના વક્તા બને છે, તથા સમ્યગ્જ્ઞાન આદિથી પ્રયોજન રાખતા થકા, તપ અને સંયમને પ્રાપ્ત કરી, ઉદ્ગમાદિ દોષ રહિત શુદ્ધ આહાર પ્રાપ્ત કરી નિર્વાહ કરતા થકા આરંભ પરિગ્રહ રહિત બની સમસ્ત કર્મોના ક્ષય સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે, આવા સાધકો પ્રતિભાસંપન્ન બની સ્વપર કલ્યાણના ભાગી બની શકે છે, આવા સાધકો જે સંસારમાં પ્રાણી વર્ગ, સ્વકર્મ આધીન બની વારંવાર મરે છે અને શોકથી ભરપૂર એવા સંસારમાં રહેલા જન્મ મરણાદિનાં દુઃખોને ભોગવે છે તેવા સંસાર પરિભ્રમણનો નાશ કરી વધારેમાં વધારે સાત આઠ ભવોથી વધારે ભવો નહિ કરતા. મોક્ષની પ્રાપ્તિ કરી લે છે એમ જાણી સાધકે સંયમનું શુદ્ધ પાલન કરવા ઉપયોગવંત રહેવું જે સંયમ પાલનથી મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે.

२ १ ३ ४ ५ ६
संखाइ धम्मं च वियागरंति, बुद्धा हु ते अंतकरा भवंति ।
१० ७ ८ ९ १२ ११ १३
ते पारगा दोण्हवि मोयणाए, संशोधितं पण्हमुदाहरंति ॥१८॥

शब्दार्थ : (૧) ગુરુકુળમાં નિવાસ કરનાર સાધુ સદ્બુદ્ધિથી સ્વયં ધર્મને (૨) જાણી (૩) અન્યને ઉપદેશ આપે છે (૪) ત્રણે કાળને જાણનાર પુરુષ (૫) કર્મોનો અંત કરનાર (૬) બને છે તથા (૭) તે સ્વયં તથા (૮) અન્યને (૯) કર્મપાસથી છોડાવી (૧૦) સંસારથી પાર થઇ જાય છે (૧૧) આવા પુરુષો પ્રશ્નોના ઉત્તર (૧૨) વિચાર (૧૩) કરીને જ આપે છે.

भावार्थ:– ગુરુકુળમાં નિવાસ કરનાર સાધુ સદ્બુદ્ધિથી ધર્મના સ્વરૂપને જાણી, અન્યને ધર્મનો ઉપદેશ કરે છે. ત્રણેકાળના સ્વરૂપને જાણનાર પુરુષ પૂર્વસંચિત કર્મોનો અંત કરે છે. આવા પુરુષ સ્વયંને તથા અન્યને કર્મપાશથી મુક્ત કરાવી સંસારના પારને

પામે છે આવા સાધક પુરુષો પ્રશ્નોના ઉત્તર આગમ અનુસાર વિચાર કરીને આપે છે એમ જાણી સાધકે પ્રથમ જ્ઞાનને પ્રાપ્ત કરવાની જરૂર છે પોતાના આત્માને જ્ઞાનમાં સ્થિત કરી શુદ્ધ ચારિત્ર પાલન કરીને પોતે આચારનું પાલન કરી અન્યને ઉપદેશ આપી સ્થિર કરવાથી ઉભયને સ્નેહરૂપ બેડીથી છૂટવાનો મહાન લાભ પ્રાપ્ત થાય છે.

૨ ૧ ૪ ૩ ૫ ૬ ૭
णो छायए णोऽविय लूसएज्जा, माणं ण सेवेज्ज पगासणं च ।
૧૧ ૮ ૯ ૧૦ ૧૪ ૧૨ ૧૩
ण यावि पन्ने परिहास कुज्जा, ण याऽऽसियावाय वियागरेज्जा ॥૧૯॥

શબ્દાર્થ : (૧) સાધુ પ્રશ્નનો ઉત્તર દેતા શાસ્ત્રના અર્થને છુપાવે (૨) નહિ (૩) અપસિદ્ધાંતનો આશ્રય લઈ શાસ્ત્રની વ્યાખ્યા (૪) કરે નહિ (૫) માનને (૬) સેવે નહિ (૭) પોતાની પ્રશંસા ન કરે (૮) બુદ્ધિમાન સાધુ (૯) શ્રોતાની હાંસી (૧૦) કરે (૧૧) નહિ (૧૨) કોઇને આશીર્વાદ (૧૩) આપે (૧૪) નહિ.

ભાવાર્થ:- સાધુ પ્રશ્નોના ઉત્તર દેતા થકા શાસ્ત્રોના અર્થને છૂપાવે નહિ, અન્ય સિદ્ધાંતનો આશ્રય લઈ શાસ્ત્રની વ્યાખ્યા કરે નહિ અથવા હું મોટો વિદ્વાન છું મોટો તપસ્વી છું એવું અભિમાન કરે નહિ, તથા પોતાના ગુણોની પ્રશંસા ન કરે, તેમ જ અન્યના ગુણોને દુષિત ન કરે કોઇ કારણવશાત્ શ્રોતા પદાર્થના સ્વરૂપને તથા ઉપદેશના ભાવોને ન સમજે તો શ્રોતાની હાંસી કરે નહિ. તેમ જ કોઇ વ્યક્તિને સાધુ આશીર્વાદ આપે નહિ, તેમ જ આચાર્યને છુપાવે નહિ, હાસ્ય વચનો પણ બોલે નહિ, પરંતુ ભાષા સમિતિ સાચવીને વચન બોલે, પૂજા સત્કારને ઇચ્છે નહિ. આવા પ્રકારના સાધકના આચારને જાણી સાધકે આચાર પાલન શુદ્ધ કરવા જ્ઞાન પ્રાપ્ત કરવા તથા ઉપદેશ આપવા સમયે ઉપયોગવંત રહેવું.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
भूताभिसंकाइ दुगुंछमाणे, ण णिव्वहे मंतपदेण गोयं ।
૯ ૧૧ ૧૦ ૧૨ ૧૩ ૧૪
ण किंचि मिच्छे मणुए पयासुं, असाहुधम्माणि ण संवएज्जा
॥૨૦॥

શબ્દાર્થ : (૧) સાધુ પ્રાણીઓની વિનાશની (૨) શંકાથી (૩) પાપની ઘૃણા કરતા થકા કોઇને આશીર્વાદ આપે નહિ (૪) સાધુ મંત્ર આદિથી (૫) મૌન (૬) વાક્ સંયમને નિઃસાર (૭) ન બનાવે (૮) કોઈ વસ્તુની (૯) ઇચ્છા (૧૦) કરે નહિ સાધુને કલ્પે નહિ (૧૧) મનુષ્યોને ધર્મ ઉપદેશના બદલા તરીકે શ્રોતાજન પાસેથી (૧૩) આરંભ ઉત્પન્ન થાય તેવા અસાધુ (૧૪) ધર્મના ઉપદેશ (૧૫) ન (૧૬) આપે.

ભાવાર્થ:- પાપની તથા કર્મબંધનની ઘૃણા કરનારા સાધુ, પ્રાણીઓના વિનાશની શંકાથી કોઇ વ્યક્તિને આશીર્વાદ આપે નહિ, મંત્ર વિદ્યાનો પ્રયોગ કરી પોતાના સંયમને નિઃસાર ન બનાવે તથા મનુષ્યોને ધર્મનો ઉપદેશ આપતા શ્રોતાજન પાસેથી કોઇ વસ્તુ લેવાની તથા માનપૂજા સત્કારની ઇચ્છા રાખે નહિ, તેમ જ સાધુને કલ્પે નહિ, તેવા અસાધુઓના ધર્મનો ઉપદેશ આપે નહિ, વાણીનું રક્ષણ કરવું તેને ગોત્ર કહેવાય છે. અથવા મૌન વાક્સંયમ કહેવાય એટલે ઉપદેશથી આરંભ ઉત્પન્ન થાય તેવો ઉપદેશ સાધુ આપે નહિ, વચન બોલતાં બહુ ઉપયોગ રાખવો, વાણીથી આરંભ ઉત્પન્ન ન થાય તેમ જ કોઇના ચિત્તને દુઃખ ઉત્પન્ન ન થાય, તે ઉપયોગ રાખી ઉપદેશ આપવો.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
हासं पि णो संधति पावधम्मे, ओहं तहोयं फरुसं वियाणे ।
૮ ૯ ૧૦ ૧૨ ૧૩ ૧૪
णो तुच्छए णो य विकंथइज्जा, अणाइले या अकसाइ भिक्खू ॥
॥૨૧॥

શબ્દાર્થ : (૧) જેનાથી હાસ્ય ઉત્પન્ન થાય તેવા શબ્દ ન બોલે તથા (૨) શરીરાદિ ચેષ્ટા–વ્યાપાર (૩) સાધુ કરે નહિ (૪) પાપમય (૫) ધર્મને હાસ્યથી પણ ન કહે (૬) રાગદ્વેષ રહિત સાધુ (૭) સત્ય વચન (૮) અન્યને દુઃખ ઉત્પન્ન થાય તે ન બોલે (૯) પૂજા સત્કાર પામીને સાધુ પોતાના (૧૦) માન (૧૧) પ્રશંસા (૧૨) કરે નહિ (૧૩) અનાકુલ–લોભાદિ રહિત (૧૪) કષાયોથી રહિત (૧૫) સાધુ રહે.

ભાવાર્થ:– જે કાર્યથી કે વાણીથી હાસ્ય ઉત્પન્ન થાય તેવા શબ્દો સાધુ બોલે નહિ, તેમ જ હાસ્ય ઉત્પન્ન થાય તેવી શરીર ચેષ્ટા કરે નહિ, તથા પાપમય–આરંભ થાય, જીવઘાત થાય, તેવા પાપમય ધર્મને હાસ્યાદિ વડે પણ કહે નહિ, રાગદ્વેષ રહિત સાધુ સત્ય વચનથી પણ અન્ય વ્યક્તિના ચિત્તને દુઃખ ઉત્પન્ન થાય તેવાં વચનો બોલે નહિ, સાધુ પૂજા સત્કાર પામીને અભિમાન કરે નહિ તથા પોતાના ગુણોની પોતે પ્રશંસા કરે નહિ તથા સાધુ સદા લોભ આદિ કષાયોથી દૂર રહે. સાધુ સાવદ્ય વ્યાપારથી દૂર રહે, તેમ જ પૂજા સત્કાર પામી ગર્વ કરે નહિ, આવા પ્રકારનો સાધુનો આચાર જાણી. સંયમ પાલનમાં ઉપયોગવંત રહેવું.

૪ ૧ ૩ ૨ ૫ ૬
संकेज्ज याऽसंकित भाव भिक्खू, विभज्जवायं च वियागरेज्जा ।
૯ ૭ ૮ ૧૨ ૧૧ ૧૦
भासादुयं धम्मसमुट्ठितेहिं, वियागरेज्जा समया सुपन्ने ॥२२॥

શબ્દાર્થ : (૧) શંકા રહિત (૨) સાધુ (૩) સૂત્ર તથા અર્થ વિષયમાં (૪) ગર્વ ન કરે (૫) સ્યાદ્વાદમય વચન :(૬) બોલે (૭) ધર્માચરણમાં (૮) પ્રવૃત્ત સાધુ સત્ય તથા વ્યવહાર (૯) બે ભાષા બોલે (૧૦) બુદ્ધિ સંપન્ન સાધુ ધનવાન તથા દરિદ્રને સર્વને (૧૧) સમભાવથી (૧૨) ધર્મ કહે.

ભાવાર્થ:– સૂત્ર તથા અર્થના કઠિન વિષયમાં શંકારહિત હોય તો પણ સાધુ નિશ્ચય ભાષા ન બોલે, એટલે ગર્વ ન કરે,

તથા વ્યાખ્યાન આદિ સમયે સ્યાદ્વાદમય વચન બોલે, એ પ્રકારે ધર્માચરણ કરવામાં પ્રવૃત્ત રહેનાર સાધુઓની સાથ વિચરતા થકા સાધુ સત્ય ભાષા તથા વ્યવહાર ભાષા બોલે, જે મિથ્યા નહિ, તેમ સત્ય નહિ અને ધનવાન શ્રોતા તથા દરિદ્ર શ્રોતાને સમભાવપૂર્વક ધર્મ ઉપદેશ પક્ષપાત રાખ્યા સિવાય આપે, પોતાના અનુભવથી સિદ્ધ થયેલ હકીકતનો આશ્રય લઇ પદાર્થોને સ્પષ્ટતાથી પૃથક્ કરી શ્રોતાને સમજાવે અને સંયમ પાલનમાં પ્રવૃત્ત રહે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
अणुगच्छमाणे वितहं विजाणे, तहा तहा साहु अकक्कसेणं ।
૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧
ण कत्थई भास विहिंसइज्जा, निरुद्धगं वावि न दीहइज्जा ॥२३॥

શબ્દાર્થ : (૧) પૂર્વોક્ત બે ભાષાઓ દ્વારા પ્રવચન કરતા સાધુના કથનને કોઈ ઠીક ઠીક સમજી લે છે (૨) કોઈ મંદ બુદ્ધિવાળો વિપરીત (૩) સમજે છે (૪) જે વિપરીત સમજે છે તેને (૫) સાધુ (૬) કોમળ શબ્દોથી સમજાવવા પ્રયત્ન કરે છતાં સમજે નહિ તો તે મંદમતિ સાધકનો (૭) અનાદર કરે નહિ તેનું ચિત્ત દુઃખાવે નહિ (૮) સાધુ પ્રશ્ન કરનાર વ્યક્તિઓની ભાષાની (૯) નિંદા કરે નહિ (૧૦) લઘુ અર્થને (૧૧) શબ્દાડંબર કરી વિસ્તૃત (૧૨) ન કરે.

ભાવાર્થ:– પૂર્વોક્ત બે ભાષાનો આશ્રય લઇ ધર્મની વ્યાખ્યા કરતા સાધુના કથનને કોઇ બુદ્ધિમાન પુરુષ ઠીક ઠીક સમજી લે છે અને કોઇ મંદ બુદ્ધિ પુરુષ વિપરીત સમજે છે, તે વિપરીત સમજનાર મંદમતિવાળાને સાધુ કોમળ શબ્દોથી સમજાવવાનો પ્રયત્ન કરે; પરંતુ અનાદર કરી તેના ચિત્તને દુઃખાવે નહિ તથા પ્રશ્ન કરવાવાળાની ભાષાની નિંદા કરે નહિ અને કોઇ વાકયોના અર્થ ટુંકા હોય તો તેને શબ્દાડંબર કરી વિસ્તૃત કરે નહિ, સરલતાથી શ્રોતાઓને ઉપદેશ આપે.

૧ ૨ ૩ ૪ ૫
समालवेज्जा पडिपुन्नभासी, निसामिया समियाअट्ठदंसी ।
૬ ૭ ૮ ૯ ૧૩ ૧૧ ૧૨ ૧૦
आणाइ सुद्धं वयणं भिउंजे, अभिसंधए पावविवेग भिक्खू ॥
॥૨૪॥

શબ્દાર્થ : (૧) જે અર્થ થોડા અક્ષરોથી ન કહી શકાય (૨) તો વિસ્તૃત શબ્દોથી સાધુ પ્રતિપાદન કરે (૩) ગુરુ પાસેથી સાંભળી (૪) પદાર્થને બરાબર (૫) જાણનાર સાધુ (૬) આજ્ઞાથી (૭) શુદ્ધ (૮) વચન (૯) બોલે (૧૦) સાધુ (૧૧) પાપનો (૧૨) વિવેક રાખી (૧૩) નિર્દોષ વચન બોલે.

ભાવાર્થ:– જે અર્થ થોડા શબ્દોથી કહેવા યોગ્ય ન હોય તો તેને વિસ્તૃત શબ્દોથી કહી સમજાવે તથા સાધુ ગુરુ પાસેથી પદાર્થોની વ્યાખ્યા સાંભળી સારી રીતે સમજી આજ્ઞા મુજબ શુદ્ધ વચન બોલે. સાધુ પાપનો વિવેક રાખી નિર્દોષ વચન બોલે, સાધુ ઉત્સર્ગ સ્થાને ઉત્સર્ગ અપવાદ સ્થાનમાં અપવાદાત્મક વચન બોલે, પરંતુ લાભ સત્કારની ઇચ્છા નહિ રાખતા નિર્દોષ ભાષણ કરે, સમ્યગ્‌દર્શી સાધુ સર્વજ્ઞપ્રણીત માર્ગ અનુસાર અવિરુદ્ધ શુદ્ધ વચન બોલે, માનપૂજાને ઇચ્છે નહીં.

૧ ૨ ૩ ૪ ૭ ૫ ૬
अहाबुइयाइं सुसिक्खएज्जा, जइज्जया णातिवेलं वदेज्जा ।
૯ ૮ ૧૦ ૧૨ ૧૧ ૧૩ ૧૪ ૧૫ ૧૬
से दिट्ठिमं दिट्ठि ण लूसएज्जा, से जाणई भासिउं तं समाहिं ॥
॥૨૫॥

શબ્દાર્થ : (૧) તીર્થંકર તથા ગણધર આદિ આગમનો સમ્યક્ પ્રકારે (૨) અભ્યાસ કરે (૩) સદા તેમાં (૪) પ્રયત્ન કરે (૫) મર્યાદાનું ઉલ્લંઘન કરી (૬) બોલે (૭) અતિ ન (૮) સમ્યગ્ દૃષ્ટિ (૯) પુરુષ (૧૦) સમ્યગ્ દર્શનને (૧૧) દૂષિત (૧૨) કરે નહિ (૧૩) આવા પુરુષ (૧૪) જાણે છે (૧૫) તીર્થંકરોકત (૧૬) ભાવ સમાધિને કહી.

ભાવાર્થ:– સાધુ તીર્થંકર તથા ગણધરના વચનોમાં ઉપદેશનો સદા અભ્યાસ કરે, તેમના ઉપદેશ અનુસાર વચન બોલે, પરંતુ મર્યાદાનું ઉલ્લંઘન કરી અધિક કે ઓછું ન બોલે, સમ્યગ્‌દૃષ્ટિ સાધુ સમ્યગ્‌દર્શનને દૂષિત ન કરે, એ પ્રમાણે સાધુ ઉપદેશ કરી જાણતા હોય તો તે સાધુ સર્વજ્ઞોક્ત ભાવ સમાધિને જાણી શકે છે, સમ્યગ્‌જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ભાવ સમાધિ રૂપ છે.

૧ ૩ ૨ ૬ ૫ ૭ ૪
अलूसए णो पच्छन्नभासी, णो सुत्तमत्थं च करेज्ज ताई ।
૮ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
सत्थारभत्ती अणुवीइ वायं, सुयं च सम्मं पडिवायएंति ॥२६॥

શબ્દાર્થ : (૧) સાધુ આગમના અર્થને દૂષિત કરે નહિ (૨) સિદ્ધાંતને છુપાવે (૩) નહિ (૪) પ્રાણીઓના રક્ષક પુરુષ (૫) સૂત્ર તથા અર્થને (૬) અન્યથા ન (૭) કરે (૮) શિક્ષા દેનાર (૯) ભક્તિ (૧૦) વિચાર કરી (૧૧) વાત કરે (૧૨) સાધુ જે પ્રકારે ગુરુ પાસેથી સાંભળ્યું હોય (૧૩) એવા જ પ્રકારે (૧૪) અન્યને સૂત્રની વ્યાખ્યા કરે.

ભાવાર્થ:– સાધુ આગમનના અર્થને દૂષિત કરે નહિ તથા શાસ્ત્ર સિદ્ધાંતને ગોપવે નહિ, પ્રાણિઓની રક્ષા કરનાર સાધુ સૂત્ર તથા અર્થને અન્યથા વિપરીત ન કરે તથા શિક્ષા દેનાર ગુરુની ભક્તિ–સેવાનું ધ્યાન રાખતા થકા વિચાર કરી કોઇ પણ વાત કહે, એવા ગુરુ પાસેથી જેમ સાંભળ્યું હોય એવા જ પ્રકારે અન્ય પ્રતિ સૂત્રની વ્યાખ્યા કરે, સિદ્ધાંતની કોઇ હકીકત ગુપ્ત રાખવા યોગ્ય હોય તે અધિકારી શ્રોતા સિવાયને કહે નહિ, અપરિપક્વ શ્રોતાને રહસ્યવાળી હકીકત જણાવે નહિ.

૧ ૨ ૩ ૪ ૭ ૫ ૬
से सुद्धसुत्ते उवहाणवं च, धम्मं च जे विंदति तत्थ तत्थ ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
आदेज्जवक्के कुसले वियत्ते, स अरिहइ भासिउं तं समाहिं ॥२७॥

શબ્દાર્થ : (૧) શુદ્ધતાથી (૨) સૂત્ર ઉચ્ચારણ કરનાર (૩) શાસ્ત્રોક્ત તપ કરનાર (૪) ધર્મને (૫) જો સાધુ ઉત્સર્ગના સ્થાને (૬) ઉત્સર્ગ (૭) અંગીકાર કરતા હોય (૮) ગ્રહણ કરવા યોગ્ય (૯) વાક્યવાળા (૧૦) શાસ્ત્રના અર્થમાં કુશલ (૧૧) વિના વિચારે કાર્ય નહિ કરનાર (૧૨) યોગ્ય પુરુષ (૧૩) સર્વજ્ઞોક્ત સમાધિની (૧૪) વ્યાખ્યા કરી શકે.

ભાવાર્થ:- જે સાધુ શુદ્ધતાથી સૂત્રના ઉચ્ચારણ કરવામાં કુશળ તથા શાસ્ત્રોક્ત તપના અનુષ્ઠાન કરતા હોય એ પ્રકારે ઉત્સર્ગના સ્થાને ઉત્સર્ગરૂપ ધર્મને અને અપવાદના સ્થાનમાં અપવાદરૂપ ધર્મને સ્થાપિત કરતા હોય, તેવા પુરુષો ગ્રાહ્ય વાક્ય હોય, અથવા તેનું વચન સર્વને માન્ય હોય, એ પ્રકારે અર્થ કરવામાં નિપુણ તથા વિના વિચારે કાર્ય નહિ કરવાવાળા પુરુષ સર્વજ્ઞોક્ત ભાવ-સમાધિનું પ્રતિપાદન કરી શકે છે અને શ્રુત તથા ચારિત્ર ધર્મને યથા તથ્ય ગ્રહણ કરી શકે છે. આવા મહાન પુરુષો જ સંસાર સમુદ્રને તરી પાર પામ્યા છે. પાર પામે છે, ને પાર પામશે, એમ જાણી શ્રુત અને ચારિત્રરૂપ ધર્મનું આરાધન કરવામાં પ્રમાદ કરવો નહિ તે સાધકનું કર્તવ્ય છે. આત્મકલ્યાણનો માર્ગ છે. સાધુ સમ્યગ્-દર્શનને દૂષિત કરે નહિ અને આગમના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરે. વિચાર કરી વાક્ય બોલે, જે આગમોક્ત તપના અનુષ્ઠાનો કરે છે તથા શ્રુત ચારિત્રરૂપ ધર્મને પ્રાપ્ત કરે છે. આશય એ છે કે અર્થ શાસ્ત્રની આજ્ઞા માત્રથી ગ્રહણ કરવા યોગ્ય હોય તે અર્થોને આજ્ઞા માત્રથી ગ્રહણ કરવા જોઇએ અને અર્થ હેતુથી ગ્રહણ કરવા યોગ્ય હોય તેને હેતુ દ્વારા ગ્રહણ કરવા જોઈએ. આવી રીતે જ્યાં શ્રદ્ધાથી માનવા યોગ્યમાં શ્રદ્ધા રાખવી જોઇએ તો તે સમ્યક્ત્વની દૃઢતા ગણાય એમ જાણી સાધકે વીતરાગની આજ્ઞાનું પાલન કરવા સતત ઉપયોગ રાખવો એ સાધક આચાર છે. કર્તવ્ય છે. કલ્યાણનો માર્ગ છે.

અધ્યયન ચૌદમું સમાપ્ત.

સૂત્ર કૃતાંગ સૂત્ર

અધ્યયન ૧૫ મું.

આદાનનામ

૧ ૨ ૩ ૪
जमतीतं पडुपन्नं, आगमिस्सं च णायओ ।
૫ ૬ ૭ ૮ ૯
सव्वं मन्नति तं ताई, दंसणावरणंतए ॥१॥

શબ્દાર્થ : (૧) ભૂતકાળ (૨) વર્તમાનકાળ (૩) ભવિષ્યકાળ (૪) નાયક (૫) સર્વ (૬) જાણુતા (૭) છકાય રક્ષક (૮) દર્શનાવરણીયાદિનો (૯) ક્ષય કરનાર.

ભાવાર્થ:– જે પદાર્થો ભૂતકાળમાં જે અવસ્થામાં હતા, વર્તમાનકાળે જે અવસ્થામાં પર્યાયમાં રહેલા છે, ભવિષ્યકાળમાં જે અવસ્થામાં હશે, તે સર્વ પદાર્થોને તથા તેની ત્રણે કાળની પર્યાયને, દ્રવ્યથી અને પર્યાયથી જીવ તથા અજીવ સર્વ પદાર્થોના જાણુવાવાળા તથા છકાય જીવના રક્ષણ કરનારા, સર્વના હિતચિંતક, દર્શનાવરણીયાદિ સર્વ કર્મોના અંત કરવાવાળા એવા સર્વજ્ઞાની સર્વદર્શી કેવળજ્ઞાની ભગવાન્ જીવોના નેતા છે, તેઓશ્રી વિશિષ્ટ ઉપદેશ આપી, પ્રાણીઓને સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરનાર પાર પમાડનાર નેતા છે.

૧ ૨ ૩ ૪ ૫
अंतए वितिगिच्छाए, से जाणति अणेलिसं ।
૬ ૭ ૧૧ ૯ ૧૦ ૮
अणेलिसस्स अक्खाया, ण से होइ तहिं तहिं ॥२॥

શબ્દાર્થ : (૧) દૂર કરે (૨) સંશયને (૩) તે પુરુષ (૪) જાણનાર છે (૫) નિરૂપમ (૬) વિશેષ જ્ઞાની (૭) કહ્યા છે (૮) બૌદ્ધાદિદર્શનોમાં (૯) આવું શ્રેષ્ઠ જ્ઞાન (૧૦) હોતું (૧૧) નથી.

ભાવાર્થ:- સંશયને દૂર કરવાવાળા પુરુષ સર્વથી વધારે પદાર્થોના સ્વરૂપના જાણનાર હોય છે. એવા નિરૂપમ જ્ઞાની, કેવળજ્ઞાની જેણે ચારઘાતિ કર્મનો ક્ષય કરેલ છે, તેવા અરિહંત દેવો જ ત્રણે કાળની વસ્તુની પર્યાયના જાણનાર અને વસ્તુના તત્ત્વને બતાવનાર છે, આવુ નિરૂપમ જ્ઞાન અન્ય બૌદ્ધાદિ દર્શનોમાં હોતું નથી.

१ २ ३ ४ ५
तहिं तहिं सुयक्खायं, से य सच्चे सुआहिए ।
६ ७ ८ १० ९
सया सच्चेण संपन्ने, मित्तिं भूएहिं कप्पए ॥३॥

શબ્દાર્થ : (૧) ભિન્ન ભિન્ન સ્થાનોમાં (૨) જીવાદિ પદાર્થોનું ભલી રીતે કથન કરેલ છે (૩) તે (૪) સત્ય (૫) રૂડી રીતે કહેલ છે (૬), સદા. (૭) સત્યથી (૮) યુકત બની (૯) જીવોની સાથે (૧૦) મૈત્રીભાવ (૧૧) કરવો જોઇએ.

ભાવાર્થ:- શ્રી તીર્થંકરદેવોએ ભિન્ન ભિન્ન સ્થળોએ જે જે જીવાદિ તત્ત્વોનો ઉપદેશ રૂડી રીતે કહેલ છે, તે સત્ય તથા સુભાષિત છે, તેથી મનુષ્યોએ સદા સત્યયુક્ત રહી સર્વ જીવો સાથે મૈત્રીભાવ રાખવો જોઇએ, મૈત્રીભાવ છે તે જીવોને સમાધિ પ્રાપ્ત થવાનું કારણ છે. તેથી મૈત્રીભાવની આવશ્યકતા ગણવી, આરંભ અને પરિગ્રહ મમત્વ છૂટયા વિના સર્વજીવોની સાથે મૈત્રીભાવ પ્રાપ્ત થાય નહિ. એમ જાણી પોતાના આત્માની સમાધિ માટે આરંભ અને પરિગ્રહ મમત્વને દૂર કરવો તે આત્મકલ્યાણનો હેતુ છે.

१ २ ३ ४ ५ ६
भूएहिं न विरुज्झेज्जा, एस धम्मे वुसीमओ ।
७ ८ ९ १० ११ १२
वुसिमं जगं परिन्नाय, अस्सिं जीवितभावणा ॥४॥

શબ્દાર્થ : (૧) પ્રાણીઓ[illegible] (૨) વૈર (૩) [illegible] કરે (૪) એવો (૫) ધર્મ છે (૬) સાધુઓનો (૭) સાધુ[illegible]નો સ્વરૂપને (૯) જાણી (૧૦) એમાં (૧૧) શુદ્ધ (૧૨) ભાવના રાખે.

ભાવાર્થ:– કોઇ પણ પ્રાણીઓની સાથે વૈર વિરોધ કરે નહિ, એ સાધુનો ધર્મ છે, સાધુઓએ જગતના સ્વરૂપને જાણીને જીવોને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે અને આરંભ છે તે વૈર બંધનનું કારણ અને સંસાર પરિભ્રમણના દુઃખોનું કારણ જાણીને સર્વજીવોની સાથ મૈત્રી ભાવનારૂપ શુદ્ધ ધર્મની ભાવના રાખતા થકાં સર્વજીવોની સાથે મૈત્રીભાવ રાખીને આરંભથી દૂર રહીને સંયમનું પાલન કરવું એ જ આત્મકલ્યાણનો સાચો માર્ગ છે અને એ જ સાધુ ધર્મ છે.

૧ ૨ ૩ ૪ ૫
भावणाजोगसुद्धप्पा, जले णावा व आहिया ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
नावा व तीरसंपन्ना, सव्वदुक्खा तिउट्टइ ॥५॥

શબ્દાર્થ : (૧) ભાવના રૂપી (૨) યોગથી (૩) શુદ્ધ આત્માવાળા પુરુષને (૪) પાણીમાં (૫) નાવસમાન (૬) કહ્યા છે (૭) નાવા (૮) તીરને (૯) પ્રાપ્ત કરી સ્થિર થાય છે (૧૦) એમ શુદ્ધાત્મા પુરુષ (૧૧) સર્વ દુઃખોથી (૧૨) મુક્ત થાય છે.

ભાવાર્થ:– પચીસ પ્રકારની તથા બાર પ્રકારની ભાવના યુક્ત જેનો આત્મા શુદ્ધ થયેલ છે એવા સાધુ પુરુષોને જલમાં નાવ સમાન કહ્યા છે. એટલે સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા જીવોને આધારરૂપ કહ્યા છે જેમ નાવા તીરને પ્રાપ્ત થતા નાવા પ્રવૃત્તિથી મુક્ત થઇ સ્થિર થાય છે એવા પ્રકારે જેનો આત્મા આરંભ પરિગ્રહથી મુક્ત થઇ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ સંયમ આરાધનથી

કષાયરહિત બનીને શુદ્ધ થયેલો છે તેવા પુરુષો, સાધકો, સર્વ દુઃખોથી, ચારગતિરુપ સંસાર પરિભ્રમણથી; જન્મ મરણરૂપ ચક્રથી મુક્ત થઈને પાંચમી ગતિરુપ સિદ્ધ સ્થાનમાં સ્થિર થઈ આદિ અનંતા સુખોનો ભોક્તા બની રહે છે.

૧ ૨ ૩ ૪ ૫
तिउट्टई उ मेधावी, जाणं लोगंसि पावगं ।
૬ ૭ ૮ ૯ ૧૦
तुट्टंति पावकम्माणि, नवं कम्ममकुव्वओ ॥૬॥

શબ્દાર્થ : (૧) મુક્ત થાય છે (૨) બુદ્ધિમાન સાધક (૩) જાણકાર (૪) લોકમાં (૫) પાપકર્મ (૬) મુક્ત બને છે (૭) પાપ કર્મથી (૮) નવિન (૯) કર્મ (૧૦) કરતા નથી.

ભાવાર્થ:– લોકમાં જે પંડિતસાધક પાપકર્મના સ્વરુપને જાણનારા છે, તેઓ સર્વ પાપ બંધનથી મુક્ત થઈ શકે છે અને મુક્ત થઈ નવિન કર્મ નહિ કરતાં થકાં પૂર્વ સંચિત કર્મનો નાશ કરે છે અને સંસાર સાગરને તરી જાય છે અને શાશ્વતા સિદ્ધિ-ગતિના સાદી અનંતા સુખોને પ્રાપ્ત કરે છે.

૧ ૨ ૩ ૫ ૪ ૬
अकुव्वओ णवं णत्थि, कम्मं नाम विजाणइ ।
૭ ૮ ૧૧ ૧૦
विन्नाय से महावीरे, जेण जाई ण मिज्जई ॥૭॥

શબ્દાર્થ : (૧) કર્મ કરતા નથી (૨) નવા કર્મનો (૩૩) બંધ થતો નથી (૪) આઠ પ્રકારના (૫) કર્મને (૬) જાણે છે (૭) જાણીને (૮) એવા કાર્યો કરે (૯) સંસારમાં જન્મ લેવો ન પડે (૧૦) મરણ પણ (૧૧) ન થાય.

ભાવાર્થ:– જે સાધક કર્મબંધન થાય તેવા કાર્યો કરતો નથી, તે સાધકને નવા કર્મ બંધન થતા નથી, તેવા સાધકો આઠ કર્મોના સ્વરૂપના જાણકાર છે, જાણકાર સાધક એવા કાર્યો કરે છે કે

આ સંસારમાં ફરી જન્મ ધારણ કરવો ન પડે અને મરણ પણ ન થાય. એટલે આઠે કર્મનો ક્ષય કરી સંસારભાવથી છૂટીને સિદ્ધ-સ્થાનમાં જઇ આદિ અનંતા ભાવે ત્યાં બિરાજમાન રહેતા શાશ્વતા સુખો ભોગવે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
ण मिज्जई महावीरे, जस्स नत्थि पुरेकडं ।
૭ ૯ ૧૦ ૧૨ ૧૧ ૧૩
वाउव्व जालमच्चेति, पिया लोगंसि इत्थिओ ॥૮॥

શબ્દાર્થ : (૧) નથી (૨) જન્મ મરણ (૩) વીર પુરુષો (૪) જેને (૫) નથી (૬) પૂર્વકૃત કર્મો (૭) વાયુ (૮) જેમ (૯) અગ્નિની જ્વાળાને (૧૦) ઓળંગી જાય છે (૧૧) એ રીતે લોકમાં (૧૨) પ્રિય (૧૩) સ્ત્રીઓને મહાપુરુષો વશ થતા નથી.

ભાવાર્થ:– જેણે સમસ્ત કર્મોનો (ઘાતિ કર્મોનો) ક્ષય કર્યો છે તેમને પૂર્વકૃત કર્મ બાકી નથી સીલીકમાં નથી તેવા પુરુષો મહાવીર કહેવાય છે અને એવા પુરુષોને પુનઃ આ સંસારમાં જન્મ મરણરૂપ ભ્રમણ રહેતું નથી એટલે નવો જન્મ લેવો પડતો નથી. અને જન્મ નથી તો મરણ કયાંથી હોઇ શકે ? જેમ વાયુ અગ્નિની જ્વાળાને ઉલ્લંઘી જાય છે તેમ મહાપુરુષો આ જગતમાં અજ્ઞાની પુરુષોને પ્રિય એવી સ્ત્રીઓને વશ થતા નથી, સર્વથા તેનો ત્યાગ કરે છે, સ્ત્રી પ્રસંગ છે તે સર્વ આશ્રવોમાં પ્રધાન છે એમ જાણી વીર પુરુષો સ્ત્રી સેવનથી દૂર રહે છે. સાધક આત્માએ પ્રથમ આશ્રવના દ્વાર બંધ કરવા જોઇએ, આવક બંધ થાય તો પૂર્વસંચિત કર્મો તપશ્ચર્યાથી, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સંયમ આરાધનથી ક્ષય થઇ જાય છે.

૧ ૩ ૨ ૧ ૫ ૬ ૭
इत्थिओ जे ण सेवंति, आइमोक्खा हु ते जणा ।
૧૦ ૧૧ ૮ ૯ ૧૩ ૧૨
ते जणा बंधणुम्मुक्का, नावकंखंति जीवियं ॥૯॥

શબ્દાર્થ : (૧) સ્ત્રીનું (૨) સેવન (૩) કરતો નથી (૪) સર્વથી પહેલાં (૫) મોક્ષગામી (૬) તે (૭) મનુષ્ય (૮) બંધનથી (૯) મુક્ત (૧૦) તે (૧૧) મનુષ્ય (૧૨) અસંયમી જીવનને (૧૩) ઇચ્છતો નથી.

ભાવાર્થ:- જે પુરુષ સ્ત્રી સેવન કરતા નથી, એ પુરુષો સર્વથી પ્રથમ મોક્ષને પ્રાપ્ત કરે છે, કર્મબંધનથી યુક્ત સાધકો અસંયમી જીવનની ઇચ્છા કરતા નથી, સ્ત્રી સેવનના વિપાકો કઠિન દુઃખદાયી હોય છે તથા સ્ત્રીઓ સુગતિના માર્ગમાં અર્ગલારૂપ જાણવી, તેમ જ સંસારમાં ઉતરવાનો અથવા તો સંસાર વૃદ્ધિનો માર્ગ જાણવો. સ્ત્રીઓ અવિનયમાં પ્રધાન અને સેંકડો કપટજાળોથી યુક્ત મહા-મોહન શક્તિરૂપ જાણવી. સ્ત્રીઓના પ્રસંગથી જેઓ છૂટયા તેઓ શીઘ્ર મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી આત્માર્થી સાધકોએ સ્ત્રી સહવાસથી દૂર રહેવું એ આત્મ કલ્યાણનો માર્ગ છે.

૧ ૨ ૩ ૫ ૬ ૪
जीवितं पिट्ठओ किच्चा, अंतं पावंति कम्मुणं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
कम्मुणा संमुहीभूता, जे मग्गमणुसासई ॥१०॥

શબ્દાર્થ : (૧) અસંયમી જીવનથી (૨) નિરપેક્ષ (૩) રહેનાર (૪) કર્મોના (૫) અંતને (૬) પામે છે (૭) નિર્વદ્ય વિશિષ્ટ અનુષ્ઠાનોથી (૮) મોક્ષ સન્મુખ (૯) થાય છે (૧૦) જે મોક્ષ માર્ગનો (૧૧) ઉપદેશ આપે છે.

ભાવાર્થ:- જે સાધક અસંયમી જીવનથી દૂર રહે છે અને સંયમી જીવનમાં રક્ત છે તે જ્ઞાનાવરણીયાદિ કર્મોના અંતને પ્રાપ્ત કરે છે. જે સાધક નિરવદ્ય અને ઉત્તમ અનુષ્ઠાનો દ્વારા મોક્ષ સન્મુખ થનારાઓ જ મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. તેઓ જ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

અણુસાસણં પુઢો પાણી, વસુમં પૂયણાસુતે ।
અણાસએ જતે દંતે, દઢે આરયમેહુણે ॥૧૧॥

શબ્દાર્થ : (૧) ધર્મોપદેશ (૨) ભિન્ન ભિન્ન (૩) જીવોમાં ભિન્ન ભિન્ન પરિણમે છે (૪) સંયમધારી (૫) પૂજા સત્કારમાં આસકત (૬) પૂજામાં અનાસકત (૭) સંયમમાં યત્નાવંત (૮) જિતેન્દ્રિય (૯) સંયમ પાલનમાં દઢતાવાળા (૧૦) રહિત (૧૧) મૈથુનથી.

ભાવાર્થ:– ધર્મોપદેશ ભિન્ન ભિન્ન જીવોમાં ભિન્ન ભિન્ન રૂપે પરિણત થાય છે, પૈકી જે સાધકો દેવાદિકૃત પૂજાસત્કારમાં અનાસક્ત રહીને રુચિ ન રાખતા સંયમ પરાયણ રહી સંયમમાં દઢતા રાખી જિતેન્દ્રિય બની મૈથુન સેવનથી દૂર રહેનારા મોક્ષની સન્મુખ બની રહે છે, પરંતુ જે સાધકો સંયમધારી દેવાદિકૃત પૂજામાં આસક્ત બની પૂજાને ગ્રહણ કરે છે, તેઓ ભલે સાધુવેષમાં હોય પરંતુ તેઓ સંસાર પરિભ્રમણ વધારી રહેલ જાણવા, મોક્ષની પ્રાપ્તિ આરંભ પરિગ્રહ તથા કષાયના ત્યાગથી અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ગુણના આરાધનથી કહેલ છે. જાણીને બાહ્ય આભ્યંતર પરિગ્રહ તથા આરંભથી સાધકે દૂર રહેવું એ જ આત્મ-કલ્યાણ પ્રાપ્તિનો સાચો માર્ગ છે.

णीवारे व ण लीएज्जा, छिन्नसोए अणाविले ।
अणाइले सया दंते, संधिं पत्ते अणेलिसं ॥१२॥

શબ્દાર્થ : (૧) ચોખાના પ્રલોભનમાં સુઅર જેમ (૨) સ્ત્રી સેવનમાં (૩) આસકત ન બને (૪) આશ્રવદ્વારને છેદનાર (૫) રાગદ્વેષથી રહિત (૬) વિષયોમાં અનાસકત નિર્મળ ચિત્તવાળા (૭) સદા (૮) જિતેન્દ્રિય (૯) અનુપમ (૧૦) સંધિ–મોક્ષગતિ (૧૧) પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ:– સુઅર નામનું સ્થળચર પ્રાણી ચોખા-ચાવલ ખાવાના પ્રલોભનથી શીકારીઓના વદ્ધસ્થાન રૂપ પાસલાને પામી જીવિત્યના નાશને પ્રાપ્ત થાય છે. એવા પ્રકારે અસંયમી જીવો સ્ત્રી સેવનના પ્રલોભનથી સ્ત્રી સેવન કરી સંસાર પરિભ્રમણ રૂપ જન્મ મરણની વૃદ્ધિ કરતા વારંવાર મૃત્યુને પામે છે. તેમ જ સ્ત્રી સેવનથી ઉત્તમ ગુણોનો પણ નાશ થાય છે એમ જાણી બુદ્ધિમાન સાધક સ્ત્રી સેવન કદાપિ કરે નહિ અને ઇંદ્રિયોને વશ રાખી વિષયભોગમાં પ્રવૃત્ત થતા નથી, રાગદ્વેષને જીતી પ્રસન્ન ચિત્તથી સંયમ પાલનમાં જાગૃત રહીને સંયમનું પાલન કરે છે તેવા પુરુષો અનુપમ ભાવસંધી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે. જ્યાંથી ફરી જન્મ ધારણ કરવો પડતો જ નથી અને સાદી અનંતા શાશ્વતા સુખોને ભોગવતાં ત્યાં જ સ્થિર રહે છે.

૧ ૨ ૫ ૪ ૩
अणेलिसस्स खेयन्ने, ण विरुज्झिज्ज केणइ ।
૬ ૭ ૮ ૧૪ ૯
मणसा वयसा चेव, कायसा चेव चक्खुमं ॥१३॥

શબ્દાર્થ : (૧) સંયમ ધર્મમાં (૨) નિપુણ (૩) કોઈ પ્રાણી સાથે (૪) વિરોધ (૫) ન કરે (૬) મનથી (૭) વચનથી (૮) કાયાથી (૯) પરમાર્થદર્શી.

ભાવાર્થ:– જેના સમાન અન્ય કોઈ ઉત્તમ પદાર્થ નથી તે અનીદેશ કહેવાય તે સંયમ છે અથવા તો તીર્થંકરોક્ત ધર્મ છે, એ સંયમમાં અથવા ધર્મના પાલનમાં જે નિપુણ છે અને મન, વચન, કાયાથી કોઈ પ્રાણી સાથે વૈર વિરોધ ઉત્પન્ન કરતા નથી. એ જ સાધક પરમાર્થદર્શી–તત્ત્વદર્શી છે.

૧ ૩ ૨ ૪ ૫
से हु चक्खू मणुस्साणं, जे कंखाए य अंतए ।
૬ ૬ ૧ ૭ ૮ ૧
अंतेण खुरो वहती, चक्कं अंतेण लोट्टता ॥१४॥

શબ્દાર્થ : (૧) એ પુરુષ (૨) મનુષ્યોને (૩) નેત્ર સમાન છે (૪) જે ભોગોની ઇચ્છાથી (૫) નિવૃત્ત છે (૬) અસ્ત્રો (૭) રથના પૈડા (૮) અન્તિમ ભાગથી (૯) વહે છે.

ભાવાર્થ:– જે સાધકને ઇન્દ્રિયવિષયોના ભોગોપભોગો ભોગવવાની તૃષ્ણા-ઇચ્છા નથી, તે પુરુષ મનુષ્યોને નેત્રની સમાન મોક્ષમાર્ગ બતાવવાવાળા છે, તેમ જ જે સર્વોત્તમ સંયમ અથવા તીર્થંકરોક્ત ધર્મમાં નિપુણ છે, તે ભવ્ય જીવોના નેત્ર છે, જેમ અસ્ત્રો તથા રથના ચક્રો–પૈડા અંતિમભાગથી કાર્યના સાધક છે, એવી રીતે કષાય સ્વરૂપ મોહનીય કર્મનો અંત પણ દુઃખરૂપ સંસાર સાગરના પરિભ્રમણનો અંત જાણવો. એટલે મોહનીય કર્મનો જે ક્ષય કરે છે તે સાધક સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણાદિરૂપ દુઃખનો અંત કરે છે. ક્ષય કરે છે.

૧ ૩ ૨ ૪ ૬ ૫
अंताणि धीरा सेवंति, तेण अंतकरा इह ।
૭ ૮ ૯ ૧૧ ૧૨ ૧૦
इह माणुस्सए ठाणे, धम्म माराहिउं णरा ॥१५॥

શબ્દાર્થ : (૧) અંતપ્રાંત આહાર (૨) સેવન કરનાર (૩) ધીર પુરુષ (૪) તેઓ (૫) એ કારણે (૬) સંસારના અંત કરનાર થાય છે (૭) આ (૮) મનુષ્ય (૯) ક્ષેત્રમાં (૧૦) મનુષ્યો (૧૧) ધર્મનું (૧૨) આરાધન કરીને.

ભાવાર્થ:– વિષય સુખોની ઇચ્છા રહિત સાધુ પુરુષો અંત-પ્રાંત આહારનું સેવન કરનારા દેહમમત્વથી રહિત બની સંસારનો અંત કરે છે. તે આ મનુષ્યલોકમાં જ, મનુષ્યભવમાં, ધર્મ આરાધન કરી સંસાર સમુદ્રના પારને પામે છે. એટલે તીર્થંકરદેવ સિવાયના અન્ય મનુષ્યો પણ ધર્મ આરાધન કરીને સંસારના પારને પ્રાપ્ત કરે છે, મનુષ્યભવ સિવાય અન્યગતિમાં મોક્ષની પ્રાપ્તિ–સંસારનો અંત લાવી શકાય તેમ નથી.

૧ ૨ ૩ ૪ ૫
णिट्ठियट्ठा व देवा वा, उत्तरीए इयं सुयं ।
૭ ૬ ૮ ૯ ૧૧ ૧૦
सुयं च मेयमेगेसिं, अमणुस्सेसु णो तहा ॥१६॥

શબ્દાર્થ : (૧) સિદ્ધ થાય (૨) દેવ થાય (૩) તીર્થંકર દેવના પ્રવચનમાં (૪) એમ (૫) સાંભળ્યું છે (૬) મેં એમ (૭) સાંભળ્યું છે (૮) તીર્થંકર દેવો પાસેથી (૯) મનુષ્ય સિવાયની અન્ય ગતિમાં (૧૦) સિદ્ધ ગતિ (૧૧) પ્રાપ્ત થ નથી.

ભાવાર્થ:- શ્રી સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહે છે કે મેં લોકોત્તર ભગવાન્ મહાવીરસ્વામી પાસેથી સાંભળ્યું છે કે સમ્યક્ત્વ સામગ્રીને પામીને જ્ઞાન, દર્શન, ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના કરીને મનુષ્યો સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે. પરંતુ કોઇ સાધકને અધિકકર્મો હોવાના કારણે સમ્યક્ત્વ આદિ સામગ્રી પામીને પણ એ જ ભવમાં મોક્ષની પ્રાપ્તિ થતી નથી, પરંતુ તેઓ સૌધર્મ આદિ અનુત્તર વિમાન વાસી પર્યંત દેવગતિમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યારબાદ મનુષ્ય-ભવ પ્રાપ્ત કરી મોક્ષને પ્રાપ્ત કરે છે. એમ લોકોત્તર પ્રવચનમાં આગમનું કથન છે. પરંતુ મનુષ્યગતિથી અન્ય કોઈ ગતિમાં મોક્ષની પ્રાપ્તિ થતી નથી. મનુષ્યો જ મનુષ્ય ભવમાં સર્વકર્મોનો ક્ષય કરી મોક્ષગતિને-યુક્તિને પ્રાપ્ત કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
अंतं करंति दुक्खाणं, इहमेगेसिं आहियं ।
૮ ૭ ૧૦ ૯
आघायं पुण एगेसिं, दुल्लभेऽयं समुस्सए ॥१७॥

શબ્દાર્થ : (૧) નાશ (૨) કરી શકે છે (૩) મનુષ્યો દુઃખોનો (૪) આગમમાં (૫) તીર્થંકર દેવોએ (૬) કહેલ છે (૭) વળી તીર્થંકર દેવો (૮) કહે છે કે (૯) મનુષ્ય જન્મ (૧૦) પામવો દુર્લભ છે.

ભાવાર્થ:- શ્રી ગણધરદેવનું એવું કથન છે કે આર્હંત પ્રવચનમાં કહેલ છે કે મનુષ્યો મનુષ્યભવમાં જ સમસ્ત દુઃખોનો નાશ કરી શકે છે, અન્ય કોઇ ગતિવાળા સર્વ દુઃખોનો-કર્મનો નાશ કરવા સમર્થ નથી કારણ કે જ્ઞાનાદિ અહિત યથાતથ્ય ચારિત્રનું પાલન મનુષ્ય શરીરથી જ થઇ શકે છે, પરંતુ મનુષ્યભવની પ્રાપ્તિ અતિ દુર્લભ તથા ઘણી કઠિનતાથી પ્રાપ્ત થઇ શકે છે. ભદ્ર પ્રકૃતિ વિનય અનુકંપા અને અહંભાવ રહિતપણાના સેવન તથા દાન દયા વ્રત નિયમ આદિ ધર્મ સંચય કરેલ ન હોય તેને મનુષ્ય શરીરની પ્રાપ્તિ થતી નથી, જેમ સમુદ્રમાં પડી ગયેલ રત્ન ફરી પ્રાપ્ત થવું દુર્લભ છે તેમ મનુષ્ય શરીર પ્રાપ્ત થવું દુર્લભ છે, સમુદ્રમાં નાંખેલા યુગ અને સમોલ ભેગા થવા દુર્લભ છે તેમ મનુષ્ય શરીર પ્રાપ્ત થવું દુર્લભ છે, કેટલાક મતવાદીઓ કહે છે કે દેવતાઓ દેવના ભવમાં સર્વ દુઃખોનો નાશ કરી મોક્ષને પ્રાપ્ત કરી શકે છે, પરંતુ એ હકીકત જિનાગમમાં નથી કારણકે, યથાતથ્ય વિરતિભાવ મનુષ્યભવ સિવાય અન્યગતિમાં પ્રાપ્ત થતા નથી, તેથી સાધકે તથા આત્માર્થી-ઓએ વિચારવુ કે મનુષ્ય શરીર વિજળીના ચમકારા સમાન ચંચલ છે તેથી જો આ આત્મા અગાધ સંસાર સાગરમાં ડુબી ગયો તો ફરી મનુષ્યભવ પામવો અતિ દુલભ જાણી ધર્મ આરાધન કરવામાં પ્રમાદ કરવો નહિ, ધર્મ આરાધન કરી મનુષ્યભવને સફળ બનાવવો એ જ મનુષ્યભવનું સાચું કર્તવ્ય છે.

૧ ૩ ૨ ૪ ૫
ઇઓ વિદ્ધંસમાણસ્સ, પુણો સંબોહિ દુલ્લભા ।
૮ ૭ ૯ ૧૦
દુલ્લહાઓ તહચ્ચાઓ, જે ધમ્મટ્ઠં વિયાગરે ॥૧૮

શબ્દાર્થ : (૧) આ (૨) મનુષ્ય શરીરથી (૩) જે જીવ ભ્રષ્ટ થાય છે (૪) તેને ફરી (૫) સમ્યક્ત્વરૂપી બોધ (૬) પ્રાપ્ત થવો દુર્લભ છે (૭) સમ્યક્

દર્શનની પ્રાપ્તિ યોગ્ય હૃદયના પરિણામ થવા (૮) દુર્લભ છે (૯) ધર્મ પ્રાપ્ત કરવા યોગ્ય શુભ લેશ્યાની પ્રાપ્તિને પણ (૧૦) દુર્લભ કહેલ છે.

ભાવાર્થ:– જે જીવ ધર્મઆરાધન કર્યા વિના મનુષ્ય શરીરથી ભ્રષ્ટ થઇ જાય છે તેને ફરી સમ્યક્‌બોધ પ્રાપ્ત થવો અતિ દુર્લભ જાણવો. સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ યોગ્ય અંતઃકરણના શુદ્ધ પરિણામ થવા તે અતિ કઠિન છે. ધર્મની પ્રાપ્તિને યોગ્ય શુભ લેશ્યાની પ્રાપ્તિ થવી તે પણ દુર્લભ છે. જે જીવોએ અનુકંપા, વિનય સરલતા અમચ્છર ભાવો વડેથી મનુષ્યભવ પ્રાપ્તિને યોગ્ય પુણ્યના સંચય ન કર્યા હોય અને આ મનુષ્ય શરીરથી તથા ઉત્તમ ધર્મથી ભ્રષ્ટ થયેલ જીવ સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણ વારંવાર કરતો રહે છે. સમ્યક્‌ત્વ પામીને પતિત થયેલ કેટલાએ જીવો ઉત્કૃષ્ટ અર્ધ પુદ્‌ગલ પરાવર્તકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે, આર્યક્ષેત્ર, ઉત્તમ-કુલમાં જન્મ, સમસ્ત ઇન્દ્રિયોની પૂર્ણતા અને જૈન ધર્મ આદિ સામગ્રી પામવી અતિ દુર્લભ છે એમ જાણી ધર્મ આરાધન કરવા જાગૃત બની મનુષ્યભવને સફળ બનાવવો એ મનુષ્ય ભવનું કર્તવ્ય છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
जे धम्मं सुद्धमक्खंति, पडिपुन्नमणेलिसं ।
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
अणेलिस्स जं ठाणं, तस्स जम्मकहा कओ ॥१९॥

શબ્દાર્થ : (૧) જે મહા પુરુષ (૨) ધર્મ (૩) શુદ્ધ (૪) વ્યાખ્યા કરે છે (૫) પ્રતિપૂર્ણ (૬) સર્વોત્તમ (૭) સર્વોત્તમ પુરુષના (૮) સ્થાનને પામે છે (૯) તેને (૧૦) ફરી જન્મ લેવાની (૧૧) વાત (૧૨) કયાંથી હોઇ શકે ?

ભાવાર્થ:– જે સાધક પ્રતિપૂર્ણ સર્વોત્તમ શુદ્ધ ધર્મની વ્યાખ્યા કરે છે. એ જ પ્રમાણે સ્વયં આચરણ કરે છે, તે પુરુષ સર્વદુઃખોથી રહિત એવા સર્વોત્તમ સિદ્ધગતિરૂપ સ્થાનને પ્રાપ્ત કરે

છે, તેથી તેને ફરી સંસારમાં જન્મ લેવાની કે મૃત્યુની વાત કયાં રહી ? એટલે જન્મ લેવાનો રહેતો નથી. આવા મહાન પુરુષો રાગ-રહિત હોઇ સમસ્ત જગતને દેખવાવાળા સદા સર્વજીવોના હિતને માટે ઉપદેશ આપે છે, આવા સાધકો સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષગતિને પ્રાપ્ત કરી આદિ અનંતા શાશ્વતા સુખો ભોગવતાં થકા સિદ્ધ સ્થાનમાં બિરાજે છે.

૧ ૨ ૩ ૪ ૫
કઓ કયાઇ મેધાવો, ઉપ્પજ્જંતિ તહાગયા ।
૬ ૭ ૮ ૯ ૧૦
તહાગયા અપ્પડિન્ના, ચક્ખૂ લોગસ્સણુત્તરા ॥૨૦॥

શબ્દાર્થ : (૧) કદી પણ (૨) કયા પ્રકારે (૩) જ્ઞાની પુરુષ (૪) ઉત્પન્ન થાય તથા (૫) પ્રકારના સિદ્ધ સ્થાનમાં ગયેલા (૬) નિદાન રહિત (૭) તીર્થંકરાદિ (૮) જીવોને (૯) સર્વોત્તમ (૧૦) નેત્ર સમાન છે.

ભાવાર્થ:- આ જગતમાં ફરી નહિ આવવા માટે પાંચમી ગતિરૂપ સિદ્ધસ્થાનમાં ગયેલા જ્ઞાની પુરુષો કયા કારણે કયારે પણ જન્મ લઇ આ સંસારમાં ઉત્પન્ન થાય ? ન થાય કારણ કે એકતો નિદાન રહિત હતા અને કર્મરૂપી ભવના અંકુરને બાળી ભસ્મ કરી નાખવાથી કર્મરૂપી બીજ ન હોવાથી ફરી જન્મ ધારણ કરવાના કારણો રહ્યા ન હતા, તેથી સિદ્ધગતિને પ્રાપ્ત થયેલા ફરી સંસારમાં જન્મ ધારણ કરતાં નથી. તીર્થંકરદેવો તથા ગણધરાધિ મહર્ષિઓ જગતના સમસ્ત પ્રાણીઓને સર્વોત્તમ નેત્ર સમાન છે.

૧ ૨ ૩ ૪ ૫
અણુત્તરે ય ઠાણે સે, કાસવેણ પવેદિતે ।
૬ ૮ ૧૦ ૧૧ ૧૨ ૧૩
જં કિચ્ચા ણિવ્વુડા એગે, નિટ્ઠં પાવંતિ પંડિયા ॥૨૧॥

શબ્દાર્થ : (૧) પ્રધાન છે (૨) સંયમ સ્થાન (૩) તે સ્થાન (૪) ભગવાન મહાવીરે (૫) બતાવેલ છે (૬) સંયમનું પાલન (૮) કરનારા (૯) નિર્વાણને પ્રાપ્ત કરે છે (૧૦) કેટલાએક (૧૧) સંસારના અંતને (૧૨) પ્રાપ્ત કરે છે (૧૩) પંડિત પુરુષો.

ભાવાર્થ:– કાશ્યપગોત્રી ભગવાન્ મહાવીરસ્વામીએ પ્રતિપાદન કરેલ છે કે સર્વ કર્મોનો ક્ષય કરી સિદ્ધસ્થાન પ્રાપ્ત કરવાનું સર્વોત્તમ સંયમસ્થાન પ્રધાન છે, પંડિત પુરુષો સંયમસ્થાનનું પાલન કરી નિર્વાણને પ્રાપ્ત કરે છે. સંસારના જન્મ–મરણરૂપી ચક્રનો અંત કરે છે.

૧ ૨ ૩ ૪ ૫
पंडिए वीरियं लद्धुं, निग्घायाय पवत्तगं ।
૬ ૭ ૮ ૯ ૧૧ ૧૦
धुणे पुव्वकडं कम्मं, णवं वाऽवि ण कुव्वती ॥२२॥

શબ્દાર્થ : (૧) પંડિત પુરુષ (૨) પંડિત વીર્ય (૩) પ્રાપ્ત કરી (૪) કર્મનો ક્ષય કરવામાં (૫) સમર્થ બની (૬) નાશ કરે (૭) પૂર્વકૃત (૮) કર્મનો (૯) નવિન કર્મ (૧૦) કરે (૧૧) ન.

ભાવાર્થ:– પંડિત સાધક કર્મનો ક્ષય કરવામાં સમર્થ એવા પંડિત વીર્યને પ્રાપ્ત કરીને પૂર્વકૃત કર્મોનો નાશ કરી નવા કર્મનું બંધન કરતા નથી. નવા આયુષ્યનો બંધ કરતા નથી. તેથી એ જ ભવમાં મોક્ષની ગતિ પ્રાપ્ત કરી શાશ્વતાં સિદ્ધના અનંતા સુખોને પ્રાપ્ત કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬
ण कुव्वती महावीरे, अणुपुव्वकडं रयं ।
૭ ૧૨ ૮ ૯ ૧૦ ૧૧
रयसा संमुहीभूता, कम्मं हेच्चाण जं मयं ॥२३॥

શબ્દાર્થ : (૧) નથી (૨) કરતા (૩) સમર્થ પુરુષ (૪) ક્રમશઃ (૫) કરે છે (૬) પાપ (૭) પૂર્વ કર્મ (૮) મોક્ષ સન્મુખ થાય (૯) એકઠા કરેલા કર્મો (૧૦) ત્યાગીને (૧૧) સંયમ પાલનથી.

ભાવાર્થ:– જેમ અન્ય મનુષ્યો પૂર્વકૃત પાપના ઉદયથી તથા મિથ્યાત્વાદિ દોષોથી નવાનવા પાપ કર્મોના બંધન કરે છે. તેવા પાપકર્મો સમર્થ સાધકો કરતા નથી, કર્મોને વિદારણ કરવામાં સમર્થ સાધકો પૂર્વકૃત કર્મોનો સંયમ પાલનથી ક્ષય કરીને નવા પાપકર્મો બાંધતા નથી અને સંયમ પાલનથી મોક્ષ સન્મુખ થાય છે. નવિન કર્મને રોકવાનું કાર્ય સંયમપાલનથી થઇ શકે છે અને તપસ્યાથી પૂર્વકૃત પાપકર્મનો ક્ષય કરી શકાય છે. એમ જાણી આશ્રવદ્વારને પ્રથમ રોકવા ઉપયોગવંત રહી સંયમ પાલન કરવું.

૧ ૩ ૨ ૫ ૬ ૪
जं मयं सव्वसाहूणं, तं मयं सल्लगत्तणं ।
૭ ૮ ૯ ૧૦
साहइत्ताण तं तिन्ना, देवा वा अभविंसु ते ।।२४।।

શબ્દાર્થ : (૧) જે (૨) સર્વ સાધુઓને (૩) માન્ય છે (૪) શલ્યનું છેદન કરનાર (૫) એવા (૬) સંયમનું (૭) આરાધન કરી (૮) સંસાર સાગરને તર્યા અથવા (૯) દેવપણે (૧૦) ઉત્પન્ન થયા.

ભાવાર્થ:– જે સર્વ સાધુઓને માન્ય છે તે સંયમ જ આઠકર્મરૂપ પાપનો નાશ કરનાર છે. તે સંયમનું પાલન કરી ઘણા જીવો સંસાર સાગરને તરી ગયા છે. સિદ્ધગતિને પામ્યા છે અને શેષ કર્મ રહી જાય તો વૈમાનિક દેવતામાં ઉત્પન્ન થાય છે એટલે સંયમ છે તે જ સંસાર સાગરના પારને પમાડનાર છે એમ જાણી સંયમનું આરાધન ઉપયોગવંત રહી કરવું સંયમ પાલન કરતા કદાચ શેષ કર્મ રહી જવાના કારણે વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થનારાઓ પણ દેવોનો ભવ પૂર્ણ થતા મનુષ્યભવ પામી સંયમ આરાધન કરી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

૩ ૨ ૧ ૪ ૫
अभविंसु पुरा धीरा, आगमिस्सावि सुव्वता ।
૬ ૭ ૮ ૯ ૧૧ ૧૦
दुन्निबोहस्स मग्गस्स, अंतं पाउकरा तिन्ने ॥
त्तिबेमि ॥૨૫॥

શબ્દાર્થ : (૧) ધીર પુરુષો જે (૨) ભૂતકાળમાં (૩) થયા હતા (૪) ભવિષ્ય કાળમાં (૫) સુવ્રત પુરુષો થશે (૬) કઠિનતાથી દુઃખે પ્રાપ્ત થાય તેવા (૭) સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ (૮) માર્ગથી (૯) સંસારના અંતને (૧૦) પામ્યા અને પામશે (૧૧) આ માર્ગને પ્રગટ કરીને.

ભાવાર્થ:- ભૂતકાળમાં ઘણા વીર પુરુષો થઇ ગયા ભવિષ્યકાળમાં પણ મહાન સુવ્રત પુરુષો ઘણા થશે. વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં મહાન પુરુષો વિદ્યમાન છે તે બધા કઠિનતાથી, દુઃખથી પ્રાપ્ત થવા યોગ્ય સમ્યગ્દર્શન, ચારિત્ર તપ રૂપ નિરારંભ નિષ્પરિગ્રહી અનુષ્ઠાનો સંયમનું યથાતથ્ય આરાધન કરીને મોક્ષમાર્ગને પ્રગટ કરી (જ્ઞાન દર્શન ચારિત્ર તપરૂપ મોક્ષમાર્ગ) ઘણા મહાન પુરુષો સંસાર સાગરના પારને પામીને મોક્ષને પામ્યા. સિદ્ધગતિને પામ્યા, વર્તમાને પામે છે તે ભવિષ્યમાં પણ સંયમ આરાધનરૂપ જ્ઞાન દર્શન ચારિત્રના આરાધનથી જ ઘણા જીવો મોક્ષ ગતિને પ્રાપ્ત કરશે સર્વ દુઃખોનો અંત કરશે તેમ હું કહું છું.

અધ્યયન પંદરમું સમાપ્ત.

સૂત્ર કૃતાંગ સૂત્ર

અધ્યયન ૧૬ મું.

ગાથાનામ

પંદર અધ્યયન પુરા થયાં, સોળમાં અધ્યયનનો સંબંધ પૂર્વ અધ્યયનમાં રહેલ અધિકાર સાથે જણાવાય છે. પૂર્વોક્ત અધ્યયનોમાં વિધિ નિષેધ દ્વારા જે અર્થ કરેલ છે. તે પ્રમાણે આચરણ કરતા થકા પુરુષ સાધુ બને છે. હવે પ્રથમ અધ્યયનમાં સ્વસમય તથા પરસમયના જ્ઞાનથી જીવો સમ્યક્ત્વગુણમાં સ્થિર બને છે. બીજા અધ્યયનમાં કર્મનું વિદારણ કરવાના જ્ઞાન આદિ દ્વારા આઠ પ્રકારના કર્મોનું વિદારણ કરનાર જીવ સાધુ બને છે. ત્રીજા અધ્યયનમાં અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો સમભાવે સહન કરનાર પુરુષ સાધુ બની આત્મ કલ્યાણ સાધી શકે છે. ચોથા અધ્યયનમાં સ્ત્રી પરીષહના દુઃખને સહન કરનાર પુરુષ સાધુ આચારમાં સ્થિત થઇ સંસાર પરિભ્રમણના દુઃખોનો અંત લાવી શકે છે. પાંચમાં અધ્યયનમાં નારકીનાં જીવોનાં દુઃખોનું વર્ણન સાંભળી તે દુઃખોના ભયથી નરકની ગતિમાં ઉત્પન્ન કરાવનાર અશુભ કર્મો ઉત્પન્ન થાય તેવા કાર્યોથી દૂર રહેતા સાધુપણાને પ્રાપ્ત કરી આત્માનું કલ્યાણ સાધી શકે છે. છઠ્ઠા અધ્યયનમાં ભગવંત મહાવીર સ્વામીએ છદ્મસ્થ અવસ્થામાં કર્મોનો ક્ષય કરવા માટે સાવધાન બની સંયમ પાલન કરવામાં જાગૃત બની જ્ઞાન દર્શન ચારિત્ર અને તપના ઉત્કૃષ્ટ આરાધનથી કેવળજ્ઞાન ને કેવળ દર્શન પ્રાપ્ત કર્યા હતા. એ પ્રમાણે આત્માર્થી સાધકોએ સંયમમાં પ્રયત્ન કરવો જોઇએ. સાતમાં અધ્યયનમાં કુશીલના દોષો જાણી તેનો ત્યાગ કરવા ઉદ્યમવંત સુશીલ સાધુની પાસે રહી તેમની સેવા કરતા તેમની પાસેથી શિક્ષા ગ્રહણ કરતા કુશીલના દોષોનો ત્યાગ કરી સુશીલ બની શકાય છે માટે સાધકે સુસાધુના સહવાસમાં રહેવું. આઠમાં અધ્યયનમાં મોક્ષાર્થી પુરુષોએ બાલવીર્યનો ત્યાગ

કરી પંડિત વીર્યમાં પ્રવૃત્ત બની અપ્રમાદ ભાવે સંયમ પાલન કરવું. નવમાં અધ્યયનમાં શાસ્ત્રોક્ત ક્ષમા આદિ દશ પ્રકારના ધર્મોનું યથાવત પાલન કરતા થકાં જીવો સંસારમાંથી મુક્ત થઇ સિદ્ધગતિને પ્રાપ્ત કરી શકે છે. દશમાં અધ્યયનમાં સંપૂર્ણ સમાધિયુક્ત પુરુષ મોક્ષનું ભાજન બની શકે છે. અગિયારમાં અધ્યયનમાં સમ્યગ્ દર્શન, જ્ઞાન તથા ચારિત્ર રૂપ ઉત્તમ માર્ગને પ્રાપ્ત થયેલ સાધક સર્વ કલેશોનો નાશ કરે છે. બારમાં અધ્યયનમાં અન્ય તીર્થીઓના દર્શનોના ગુણ દોષના વિચારથી તેઓના સાવદ્ય અનુષ્ઠાનો સંસાર પરિભ્રમણની વૃદ્ધિ કરનારા જાણી તેમાં શ્રદ્ધા નહિ કરતા સ્વસમયમાં સ્થિર થઇ શકાય છે. તેરમાં અધ્યયનમાં શિષ્યોના ગુણદોષને જાણવાવાળા વર્તમાને તે સાધક સદ્ગુણનું ભાજન બની શકે છે. ચૌદમાં અધ્યયનમાં પ્રશસ્ત ભાવોથી જેનું હૃદય વાસિત થયેલ હોય છે એ સાધક અશાન્તિ રહિત બને છે. પંદરમાં અધ્યયનમાં શાસ્ત્રોક્ત ચારિત્રનું પાલન કરનાર ભિક્ષુ બને છે. જેમાં અર્થો એકત્ર કરેલ હોય તેને ગાથા કહેવાય છે. પંદર અધ્યયનોમાં બતાવેલ સર્વ અર્થોને એકત્ર કરી સોળમાં અધ્યયનમાં બતાવેલ છે તેથી ગાથા અધ્યયન કહેલ છે. સાધુ ધર્મ છે તે આરંભ અને પરિગ્રહ રહિતનો છે. સાધુ ધર્મમાં આરંભને સ્થાન નથી. પરંતુ ક્ષમા આદિ દશ પ્રકારનો ધર્મ બતાવેલ છે તેનું યથાતથ્ય પાલન કરવાનું હોય છે તે હવે બતાવે છે કે ભિક્ષુ શ્રમણ માહણ કોને કહી શકાય.

૧ ૩ ૪ ૫ ૬ ૮ ૭ ૯
अहाह भगवं एवं से दंते दविए वोसट्ठकाएत्ति वच्चे
૧૦ ૧૧ ૧૨ ૧૩
माहणेत्ति वा १ समणेत्ति वा २ भिक्खूत्ति वा ३ णिग्गंथेत्ति
૧૪ ૧૫ ૧૬
वा ४ पडिआह भंते ! कहं नु दंते दविए वोसट्ठकाएत्ति

वच्चे माहणेत्ति वा समणेत्ति वा भिक्खूत्ति वा णिग्गंथेत्ति
१७ १८ १९ २० २१ २२ २३
वा ? तं नो बूहि महामुणी ! ॥ इतिविरए सव्वपावकम्मेहिं
२४ २५ २६ २७ २८ २९
पिज्जदोसकलह० अब्भक्खाण० पेसुन्न० परपरिवाय०
३० ३१ ३२ ३३ ३४ ३५ ३६ ३७ ३९
अरतिरति० मायामोस० मिच्छादंसणसल्लविरए सहिए
३८ ४० ४१ ४२ ४३ ४५ ४४ ४६ ४७ ४८
समिए सया जए णो कुज्झे णो माणी माहणेत्ति वच्चे ॥१॥

शब्दार्थ : (१) पश्चात् (२) भगवान् (३) એ (४) તે (५) જિતેન્દ્રિય (६) મોક્ષાર્થી (७) કાયા (८) વોસરાવી દીધેલ (९) કહેલ (१०) માહણ (११) શ્રમણ (१२) સાધુ (१३) નિર્ગ્રન્થ (१४) કહ્યો (१५) ભગવાન્ (१६) કેવા (१७) અમોને (१८) કહો (१९) મહામુણિ (२०) એવા (२१) વિરક્ત (२२) સર્વ (२३) પાપકર્મ (२४) રાગ (२५) દ્વેષ (२६) કલેશ (२७) અભ્યાખ્યાન-આળ (२८) ચાડી (२९) વાદવિવાદ (३०) અરતિ (३१) રતિ (३२) માયાકપટ (३३) જુઠ (३४) મિથ્યા (३५) દર્શન (३६) શલ્ય (३७) વિરક્ત (३८) સમિતિયુક્ત (३९) જ્ઞાનયુક્ત (४०) સદા (४१) યત્નાવંત (४२) નહિ (४३) ક્રોધ (४४) માન (४५) ન કરે (४६) માહણ (४७) એવા (४८) કહ્યા.

भावार्थ:– श्री श्रमण भगवान् महावीरस्वामीએ દેવો તથા મનુષ્યોની સભામાં ઉપદેશ આપેલ છે કે જે પુરુષ ઈન્દ્રિયોનું દમન કરનાર, મોક્ષના અભિલાષી તથા શરીર મમત્વનો ત્યાગ કરનાર સાધકને માહણ, શ્રમણ, ભિક્ષુ, તથા નિર્ગ્રન્થ કહેવાય. ત્યારે શિષ્યે પ્રશ્ન કરેલ કે અહો પૂજ્ય ? એ ચારે નામવાળા સાધકોના ગુણો મને ભિન્ન ભિન્ન કહી બતાવો કૃપા કરો એ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને ફરમાવેલ છે કે રાગ, દ્વેષ, કલેશ, અભ્યાખ્યાન, પૈશુન્ય–ચાડી, પર-પરિવાદ, નિંદા (અન્યના દોષો પ્રગટ કરવા) અરતિ, રતિ, માયા, જુઠ, તથા મિથ્યાદર્શન શલ્ય આદિ દોષોથી નિવૃત્ત, સમિતિયુક્ત, જ્ઞાનાદિયુક્ત, સદાયભાવંત, અક્રોધી તથા અભિમાન રહિત સાધુને માહણ કહેવાય.

૧ ૨ ૩ ૪ ૫ ૬
एत्थवि समणे अणिस्सिए अणियाणे आदाणं च अति-
૭ ૮ ૯ ૧૦ ૧૧
वायं च मुसावायं च बहिद्धं च कोहं च माणं च मायं च
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૬ ૧૭
लोहं च पिज्जं च दोसं च इच्चेव जओ जओ आदाणं
૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૧ ૨૨ ૨૩ ૨૪
अप्पणो पद्दोसहेऊ तओ तओ आदाणातो पुव्वं पडिविरते
૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦
पाणाइवाया सिआदंते दविए वोसट्ठकाए समणेत्ति
૩૧
वच्चे ॥२॥

શબ્દાર્થ : (૧) પૂર્વોક્ત ગુણો સહિત (૨) શ્રમણ (૩) દેહમમત્વ રહિત (૪) વિષય સુખની ઇચ્છા રહિત (૫) અકષાયી (૬) પ્રાણાતિપાત (૭) મૃષાવાદ (૮) મૈથુન (૯) ક્રોધ (૧૦) માન (૧૧) માયા (૧૨) લોભ (૧૩) રાગ (૧૪) દ્વેષ (૧૫) એ બધા (૧૬) જે જે (૧૭) કર્મ બંધનના (૧૮) આત્મા (૧૯) પ્રદ્વેષ (૨૦) હેતુ (૨૧) તે તે (૨૨) કર્મ બંધથી (૨૩) પૂર્વથી (૨૪) નિવૃત્ત (૨૫) પ્રાણાતિપાત આદિથી નિવૃત્ત (૨૬) સદા (૨૭) જિતેન્દ્રિય (૨૮) મુક્તિ ગમન યોગ્ય (૨૯) શરીર મમત્વ રહિત (૩૦) શ્રમણ (૩૧) કહેવાય.

ભાવાર્થ:– ઉપરોક્ત સર્વ ગુણો સહિત, વર્તમાને શરીરના-મમત્વ રહિત, સાંસારિક સુખોની ઇચ્છારહિત, પ્રાણાતિપાત, અસત્ય, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ મમત્વ, ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ, આદિ જે જે કર્મબંધનના હેતુઓ છે, તે તે દોષોથી નિવૃત્ત હોય, અપ્રતિબંધવિહારી, નિયાણારહિત, સદા દમિતેન્દ્રિય, મુક્તિગમન યોગ્ય, શરીર સુશ્રુષાથી રહિત, આદિ ગુણોથી યુક્ત હોય, ત્યાગવા યોગ્ય દોષોનો ત્યાગ કરે, ગ્રહણ કરવા યોગ્ય ગુણોને ગ્રહણ કરે તે શ્રમણ કહેવાય.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
एत्थवि भिक्खू अणुन्नए विणीए नामए दंते दविए
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
वोसट्ठकाए संविधुणीय विरूवरूवे परीसहोवसग्गे अज्झप्प-

૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯
જોગસુદ્ધાદાણે ઉવટ્ઠિએ ઠિઅપ્પા સંખાએ પરદત્તભોઈ
૨૦ ૨૧
ભિક્ખૂત્તિ વચ્ચે ॥૩॥

શબ્દાર્થ : (૧) પૂર્વોક્ત ગુણો સહિત (૨) સાધુ (૩) અભિમાન રહિત (૪) વિનયવાન (૫) નમ્રતાવાળા (૬) જિતેન્દ્રિય (૭) મુક્તિ ગમન યોગ્ય (૮) શરીર મમત્વ રહિત (૯) સહન કરનાર (૧૦) વિવિધ પ્રકારના (૧૧) પરીષહ ઉપસર્ગ (૧૨) અધ્યાત્મયોગી (૧૩) શુદ્ધ (૧૪) ચારિત્રવાન (૧૫) ઉપયોગવંત (૧૬) મોક્ષમાર્ગમાં સ્થિત (૧૭) સંસારને અસાર જાણનાર (૧૮) અન્યનો આપેલ નિર્દોષ આહાર (૧૯) ભોગવનાર (૨૦) ભિક્ષુ (૨૧) કહેવાય.

ભાવાર્થ:– પૂર્વોકત સર્વ ગુણો સહિત માહણના શ્રમણના જે જે ગુણો કહ્યા તે સર્વ ગુણો સહિત અભિમાન રહિત, વિનયવાન, નમ્રતાવાળા, જિતેન્દ્રિય, મુક્તિગમન યોગ્ય, શરીર મમત્વ રહિત વિવિધ પ્રકારના પરીષહ–ઉપસર્ગોને સમભાવે સહન કરનાર અધ્યાત્મ યોગના પ્રભાવથી નિર્મળ શુદ્ધ ચારિત્રવાન શરીર શૃંગારથી રહિત, ચારિત્ર પાલનમાં ઉપયોગવંત, મોક્ષ માર્ગમાં સ્થિત, સંસારને અસાર જાણનાર અન્યથી પ્રાપ્ત થયેલ નિર્દોષ આહારને ભોગવનાર એવા આચારવાળા સાધુને ભિક્ષુ કહેવાય.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
એત્થવિ ણિગ્ગંથે એગે એગવિઊ બુદ્ધે સંછિન્નસાએ સુસંજતે
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
સુસમિતે સુસામાઇए આયવાયપત્તે વિઊ દુહઓવિ સોય-
૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩
પલિચ્છિન્ને ણો પૂયાસક્કારલાભટ્ઠી ધમ્મટ્ઠી ધમ્મવિઊ ણિયાગ-
૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૨
પડિવન્ને સમિયં ચરે દંતે દવિए વોસટ્ઠકાए નિગ્ગંથેત્તિ
૩૧ ૩૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭
વચ્ચે ॥૪॥ સે એવમેવ જાણહ જમહં ભયંતારો ॥ ત્તિબેમિ ॥
ઇતિ સોલસમં ગાહાનામજ્ઝયણં સમત્તં ॥ પઢમો સુઅક્ખંધો સમત્તો ॥

શબ્દાર્થ : (૧) પૂર્વોકત ગુણો સહિત (૨) નિર્ગ્રંથ (૩) રાગદ્વેષ રહિત (૪) આત્માને (૫) એકાકી જાણનાર (૬) જ્ઞાની (૭) આશ્રવ નિરોધક (૮)

સુસંયત (૯) શુદ્ધ સમિતિ યુક્ત (૧૦) સુસામાયિકવંત (૧૧) આત્મવાદી (૧૨) પંડિત (૧૩) દ્રવ્ય તથા ભાવ (૧૪) શ્રોત (૧૫) છેદન (૧૬) નહિ (૧૭) પૂજા (૧૮) સત્કાર (૧૯) લાભાર્થી (૨૦) ધર્માર્થી (૨૧) ધર્મ (૨૨) જાણનાર (૨૩) મોક્ષ (૨૪) માર્ગને પ્રાપ્ત (૨૫) સમતાવંત (૨૬) વિચરનાર (૨૭) ઇન્દ્રિયના દમનાર (૨૮) મુક્તિગમન યોગ્ય (૨૯) શરીર મમત્વ રહિત (૩૦) નિર્ગ્રંથ (૩૧) કહેવાય (૩૨) એવા (૩૩) આપલોગ (૩૪) એવી રીતે (૩૫) જાણો (૩૬) અમે કહ્યું તે (૩૭) ભયથી જીવોનું રક્ષણ કરનાર સર્વજ્ઞ.

ભાવાર્થ:– પૂર્વોક્ત માહણ, શ્રમણ, ભિક્ષુના જે જે ગુણો કહ્યા તે સર્વ ગુણો સહિત વિશેષમાં રાગદ્વેષ રહિત ગતિ અને આગતિમાં જીવને એકાકી જાણનાર, પદાર્થોના સ્વભાવને જાણનાર, આશ્રવ દ્વારોને રોકનાર, પ્રયોજન વિના શરીરની ક્રિયા નહિ કરનારા, ઇન્દ્રિયો તથા મનને વશ રાખનાર, પાંચે સમિતિ યુક્ત, શત્રુમિત્રમાં સમભાવ રાખનાર, આત્માના સ્વરૂપના જાણનાર, સમસ્ત પદાર્થોના સ્વરૂપના જાણનાર વિદ્વાન, સંસારમાં ઉતરવાના માર્ગનું દ્રવ્ય તથા ભાવથી બન્ને પ્રકારથી છેદન કરનાર, જ્ઞા તથા સત્કારના લાભની ઇચ્છારહિત, ધર્મની ભાવનાવાળા, ધર્મના તત્ત્વને જાણનાર, મોક્ષમાર્ગ સન્મુખ, અથવા મોક્ષમાર્ગને પ્રાપ્ત, સમભાવે વિચરનાર, જિતેન્દ્રિય મુક્તિગમન યોગ્ય, શરીરને વોસરાવી દીધેલ, આવા ગુણોયુક્ત સાધુને નિર્ગ્રંથ કહેવાય. શ્રી સુધર્માસ્વામી જમ્બૂસ્વામી આદિ શિષ્ય વર્ગને કહે છે મેં શ્રી તીર્થંકરદેવ પાસેથી સાંભળવા મુજબ તમોને ઉપરોક્ત હકીકત કહી છે તેને તમો સત્ય સમજો. કારણકે જગતના જીવોનું ભયથી રક્ષણ કરનાર શ્રી તીર્થંકરદેવો અન્યથા ઉપદેશ કરતા નથી. જીવ માત્ર ઉપયોગરૂપ છે, અસંખ્યાત પ્રદેશી છે. સંકોચ વિકાશના ગુણયુક્ત છે, પોતાના શુભા શુભ કરેલ કર્મને ભોગવનાર છે. દ્રવ્યથી જીવ નિત્ય છે. પર્યાયથી અનિત્ય કહેવાય છે, અનંત ધર્મયુક્ત છે; જાણી આત્માર્થી જીવોએ સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણાદિના વધારનાર અનર્થના મૂળ સમાન આરંભ અને પરિગ્રહથી દૂર રહેવું એ આત્મશ્રેયનું કારણ છે.

★